સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

કડી અને ગાંધીનગર

અને

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ

કડી

(સંક્ષિપ્ત ઇતિહાસ)

મોહનલાલ પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

સર્વ વિદ્યાલય કેમ્પસ, રેલવેસ્ટેશન સામે, કડી-૩૮૨૭૧૫, જિ. મહેસાણા

KADI SARVA VISHV
CENTRA
GAN
S
GANDHINAGAR

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર
અને
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

(સંક્ષિપ્ત ઇતિહાસ)

મોહનલાલ પટેલ

KADI SARVA VISHWAVIDYA
CENTRAL
GANDHI
Sec
GANDHINAGAR

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
સર્વ વિદ્યાલય કેમ્પસ,
રેલવેસ્ટેશન સામે, કડી-૩૮૨૭૧૫, જિ. મહેસાણા

Sarva Vidyalaya Kelavni Mandal, Kadi and Gandhinagar
and
Kadwa Patidar Kelavni Mandal, Kadi
(A Brief History of Educational Institutions)
by Mohanlal Patel
Published by Vallabhbhai M. Patel
Chairman, Sarva Vidyalaya Kelavani Mandal, Kadi

© Mohanlal Patel

કિંમત: રૂપિયા ૩૫૦/-

પહેલી આવૃત્તિ: ૨૦૧૫

પ્રત: ૫૦૦

પ્રકાશક
વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી, કડી રેલવેસ્ટેશન સામે,
કડી-૩૮૨૭૧૫, જિ. મહેસાણા

મુદ્રક
વિવેક જિતેન્દ્ર દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન: ૦૭૯-૨૭૫૪૦૬૩૫, ૨૭૫૪૨૬૩૪
E-mail: sales@navajivantrust.org
Website: www.navajivantrust.org

અર્પણ

પૂજ્ય કેશવાનંદસ્વામીને

જેમણે છગનભાને લોક-સંગ્રહાર્થે કેળવણીનો માર્ગ ચીંધ્યો

પૂજ્ય છગનભાને

જેમને માટે 'ઉત્તર ગુજરાતનો સંસ્કારશિલ્પી' શબ્દો હોંશે હોંશે પ્રયોજી શકાય

સ્વ. માણેકલાલ માધવલાલ પટેલને

જેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના શિક્ષણવિશ્વને એક દેદીપ્યમાન સૂર્યની જેમ અપરિમેય શક્તિ અને સાહસથી આલોકિત કર્યું.

ચેરમેનશ્રીનું નિવેદન

પૂજ્ય કેશવાનંદસ્વામીએ લોકસંગ્રહાર્થે કેળવણીનો માર્ગ અપનાવવાની પ્રેરણા પૂ. છગનભાને પૂરી પાડતાં, આ પ્રેરણાને પૂ. છગનભાએ જીવનધ્યેય સ્વીકારીને તેમના અને સમગ્ર કડવા પાટીદાર સમાજ દ્વારા જનસમાજના હિતાર્થે સ્થાપિત વિદ્યાર્થી આશ્રમ તથા સર્વ વિદ્યાલયને એક બીજમાંથી ઘટાદાર વટવૃક્ષમાં પલ્વવિત-પુષ્પિત કરવામાં—માધ્યમિક શાળામાંથી યુનિવર્સિટી સુધીનો ગૌરવશીલ દરજ્જો પ્રાપ્ત કરાવવામાં—મહદ્ ભૂમિકા અદા કરનાર સદ્‌ગત માણેકલાલ એમ. પટેલ 'સાહેબ' અને આ સંસ્થાના અન્ય સૌ કર્ણધારો ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકો-કર્મચારીઓ અને સમસ્ત વ્યાપક સમાજના સેવાપરાયણ ધ્યેયનિષ્ઠ પ્રયાસોના કારણે આજે સમગ્ર ગુજરાતમાં ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ સંસ્થા તરીકે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરનાર 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો સંક્ષિપ્ત ઇતિહાસ' ગ્રંથને આવકારતાં આ સંસ્થાના તમામ કર્ણધારો પ્રતિ ભાવવિભોર હૈયે ઋણસ્વીકારની ભાવના સાથે વંદન પાઠવીને ગર્વ અને ધન્યતાની લાગણી અનુભવું છું. આ ઇતિહાસના સ્રષ્ટા છે સુખ્યાત કેળવણીકાર અને પ્રતિભાસંપન્ન સર્જક શ્રી મોહનલાલ પટેલ (૧૯૨૭) સાહેબ, કે જેઓશ્રી આ સંસ્થાના વર્ષ ૧૯૫૦થી અંતરંગ દ્રષ્ટા અને આપણા શ્રદ્ધેય માર્ગદર્શક રહ્યા છે. પૂ. સાહેબ એટલે **'સર્વ વિદ્યાલયનો જ્ઞાનકોશ'**.

અહીં આપણને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપનાના સમયની અર્થાત્ વીસમી સદીના પ્રારંભકાળની પાટીદાર સમાજની સામાજિક સ્થિતિ અને કેળવણીનું અલ્પ પ્રમાણ વગેરેનું વિહંગાવલોકન રજૂ કરીને વીરમગામવાળા પુરુષોત્તમદાસ લલ્લુભાઈ, શ્રી નગીનભાઈ, શ્રી છગનભા અને સમાજના અન્ય આગેવાનોના પ્રયાસોના ફળસ્વરૂપે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના સરઢવ (કડી પ્રાંત)માં ભરાયેલ જ્ઞાતિજનોની સભામાં તા. ૮ જૂન, ૧૯૧૯ના રોજ કરવી અને આ જ સભામાં પૂ. છગનભાની કડીમાં વિદ્યાર્થી આશ્રમની સ્થાપના કરવાની પ્રતિજ્ઞાથી શરૂ કરીને સર્વ વિદ્યાલયની સ્થાપના, શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ અને મહાત્મા ગાંધી દ્વારા આ વિદ્યાલયની મુલાકાત લેતાં શાળામાં અપાતી રાષ્ટ્રીય કેળવણીથી પ્રભાવિત થઈ રાજીપો વ્યક્ત કરવો, કન્યાકેળવણી, છાત્રાવાસો અને શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ટૅક્નિકલ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના, ગાંધીનગર કૅમ્પસની સ્થાપનામાં પૂ. દાસકાકાનું અણમોલ પ્રદાન, સ્વ. માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ના કાર્યકાળ દરમ્યાન મંડળ દ્વાર કડી અને ગાંધીનગરમાં ઉચ્ચ શિક્ષણની અનેકવિધ શિક્ષણસંસ્થાઓની અને સવિશેષતઃ કડી સર્વ વિશ્વવિદ્યાલયની સ્થાપના વગેરે બહુઆયામી અને બહુમુખી પ્રવૃત્તિઓને આવરી લેવાની સાથે સાથે આ સંસ્થાના વિકાસના ઉતાર-ચઢાવ, સંચાલકોએ સંસ્થા ચલાવવા માટે વેઠેલા સંઘર્ષો વગેરે બાબતોને આવરી લેતો એક જીવંત, રસિક અને દસ્તાવેજી ઇતિહાસ રજૂ કર્યો છે. આ ગ્રંથની હસ્તપ્રત જોઈને સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી-શિક્ષક અને જાણીતા કવિ-સાક્ષર સ્વ. અનામીએ તેને **'જાગૃતિનો ઇતિહાસ'** તરીકે આલેખતાં

શ્રી મોહનભાઈ સાહેબ વિશે વ્યક્ત કરેલો તેમનો અહોભાવ "મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમ સિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી, કારણ કે એ કેવળ 'હવા તુમ ધીરે બહો'—જેવા લલિત સાહિત્યના જ સર્જક નથી પણ તેમને સર્જાઈ ગયેલા ઇતિહાસની પૂરી જાણકારી છે અને સર્જાતા સાંપ્રત ઇતિહાસના તેઓ તટસ્થ દ્રષ્ટા અને સંસ્થાનાં શુભ કાર્યોને સંકોરનાર પણ છે."—આપણા માટે ધ્યાનાર્હ બની રહે છે.

પૂ. મોહનભાઈસાહેબનું સર્વ વિદ્યાલય, કડીના એક શિક્ષક-આચાર્ય (૧૯૫૦-૧૯૮૪) તરીકે તો ઘણું મોટું ઋણ આપણા ઉપર રહ્યું છે, પણ તેમણે નિવૃત્તિકાળ પછી આ સંસ્થા સાથે જીવંત નાતો કેળવીને તેનો એક અંતરંગ હિસ્સો બનીને આપણને માર્ગદર્શન આપતા રહ્યા તેમ જ વર્તમાન અને ભાવિ પેઢી માટે 'પ્રજ્ઞાદીપ છગનભા' અને 'ધ્રુવતારકઃ શ્રી માણેકલાલ પટેલ' જેવા મૂલ્યવાન ગ્રંથોની રચના કરવા ઉપરાંત આ સંસ્થાના અણમોલ દસ્તાવેજી ઇતિહાસગ્રંથનું સર્જન કરીને આપણને સૌને તેમના ઓશિંગણ બનાવ્યા છે. હું સમગ્ર સંસ્થા-પરિવાર વતી પૂ. મોહનભાઈસાહેબને આ મૂલ્યવાન ઇતિહાસગ્રંથની રચના માટે તેમ જ તેના લેખન માટે શ્રી મોહનભાઈસાહેબને અગોતરું વિનમ્ર સૂચન પાઠવનાર આર્ષદ્રષ્ટા ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલ'સાહેબ'ને વંદન પાઠવું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ શૈક્ષણિક ઇતિહાસ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવાર ઉપરાંત શિક્ષણ-જગત સાથે સંકળાયેલા સૌ કોઈ માટે બહુવિધ રીતે ઉપકારક બની રહેશે.

કડી
તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૫

વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી-ગાંધીનગર
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

જાગર્તિનો ઇતિહાસ

ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ નબળી આંખે પણ એકાગ્રચિત્તે રસપૂર્વક વાંચી ગયો અને એના એ શ્રદ્ધેય આલેખનથી પરમ સંતોષની લાગણી થઈ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમ સિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી, કારણ કે એ કેવળ 'હવા તુમ ધીરે બહો'—જેવા લલિત સાહિત્યના જ સર્જક નથી પણ તેમને સર્જાઈ ગયેલા ઇતિહાસની પૂરી જાણકારી છે અને સર્જાતા સાંપ્રત ઇતિહાસના તેઓ તટસ્થ દ્રષ્ટા અને સંસ્થાનાં શુભ કાર્યોને સંકોરનાર પણ છે. ૮૨ સાલના આ ઇતિહાસને જૂના વિદ્યાર્થીઓમાં ૮૬ સાલનો હું હવે તો એકમાત્ર, દ્રષ્ટા-સાક્ષી છું! 'સમૂળી ક્રાન્તિ'ના સમર્થ લેખક શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ, એમના એક ચિંતનાત્મક લેખમાં ઇતિહાસના શિક્ષણનો વિરોધ કરતાં કહ્યું છે કે, ઇતિહાસ એ જોડવા કરતાં તોડવાનું કામ વિશેષરૂપે કરે છે, પણ વિધેયાત્મક દૃષ્ટિવાળા કર્મયોગી પુરુષો અને ચોક્કસ ધ્યેયને વરેલી, લોકસંગ્રહાર્થે મથતી શ્રેયાર્થી સંસ્થાઓનો ઇતિહાસ તો તોડવાનું નહીં પણ જોડવાનું નિત્યનૂતન સર્જનનું કામ કરે છે ને પ્રેરણા આપે છે:

વ્યક્તિ મટીને બનું વિશ્વ-માનવી,
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

અને સેવાર્થી-કર્મયોગી પૂ. છગનભાની જેમ, સર્વિસ-મોર સર્વિસ-ના ઉદ્‌ઘોષ સાથે, સમગ્ર સમાજને ઉદ્દેશીને સંકલ્પ જાહેર કરે છે.

'આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા' પછી સેવાના એ ભેખધારી વિજેતા કડીમાં પૂ. છગનભા હોય કે ગાંધીનગર સંકુલમાં ઉત્તર ગુજરાતના છોટે સરદાર પૂ. દાસકાકા હોય. શ્રી મોહનલાલનો આ ઇતિહાસ—આવી મંગલ ભાવનાના પ્રેરણા-સ્રોત સમાન છે.

આ ઇતિહાસ વાંચતાં મને, ગંગોત્રીમાંથી પ્રગટતી વિશાળ ગંગાનો અને કબીરવડના જટાજૂટમાંથી પ્રસ્ફુટતા અનેક સંકુલ કબીરવડોનો અહેસાસ થયો. વડના એક નાનકડા બીજમાં કેટલી બધી વિરાટ શક્તિ ભંડારાયેલી છે તેનો આ રોમહર્ષણ ઇતિહાસ છે. એ ઇતિહાસ ભૂતકાળનું તો સ્મરણ-તર્પણ કરે છે પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી, ઉજજ્વલ ભાવિ માટે ઉદ્‌બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચૅલેન્જ રિસ્પૉન્સની સ-દૃષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ.

અગસ્ત્યવૃત્તિ (Pioneers) ધરાવનારને નવીન પ્રસ્થાન કરનારને કેવા કેવા પ્રતિકૂળ પરિસ્થિતિના પડકારો ઝીલવાના હોય છે, પોતાનાં માન-અપમાનને ગૌણ ગણીને ઢેકા નમાવવા પડે છે, ક્વચિત્ કડવાંવખ ઝેર પણ પીવાં પડે છે–તેનાં જ્વલંત દૃષ્ટાંત આ ઇતિહાસમાંથી જાણવા મળે છે. આદર્શ માટે લગાવ હોય, ઇષ્ટ સાધ્ય માટે લગની હોય તો સાધનો તો મળી રહે છે તેની પાકી પ્રતીતિ પણ આ ઇતિહાસ વાંચતાં થાય છે. તે કાળના બે મહાન ગુજરાતીઓ—એક સંત ફકીર પૂ. બાપુ અને બીજા

રાજવી શ્રી સયાજીરાવની સંસ્થાની ઐતિહાસિક મુલાકાત—એ પણ આ ઇતિહાસની મોંઘામાં મોંઘી મિરાત છે. સંસ્થાના કર્ણધારોનાં તપ ને તપશ્ચર્યાનાં એ ફળ છે, બાકી મિનિટે મિનિટનો હિસાબ રાખનાર રાષ્ટ્રપિતા ગાંધીજી, આપણી સંસ્થાને પાંચ કલાક આપે એ પણ એક આશ્ચર્ય છે, ઐતિહાસિક ઘટના છે. આ લખનારે પૂ. બાપુનાં બે ભાષણ સાંભળેલાં ને એમની પ્રેરણાના પ્રતાપે 'રાષ્ટ્રપ્રણેતાને' નામે કાવ્ય પણ લખેલું. વિદ્યાર્થી ઉપરાંત સને ૧૯૩૬માં ને સને ૧૯૪૪માં, બે વાર અનુક્રમે સર્વ વિદ્યાલયમાંને પિલવાઈની જી. સી. હાઈસ્કૂલમાં હું અધ્યાપક પણ હતો. એટલે સંસ્થાના થાંભલા જેવા મોટા ભાગનાને જ નહીં પણ લગભગ દરેકને હું પિછાનું છું. સંસ્થાના ઘડતરમાં જેમણે સિંહભાગ ભજવ્યો છે તે મોટે ભાગે સંસારી હતા. એમનેય એમના રાગદ્વેષ હતા, માનવ-મર્યાદાઓ હતી પણ સંસ્થાના વ્યાપક હિતમાં, એ મર્યાદાઓથી ઉપર ઊઠીને, એ સર્વને અતિક્રમીને સંસ્થાની જે સેવા કરી છે તેનું મૂલ્ય ઘણું મોટું છે. આમ, સંસ્થાઓ સ્થાપવામાં, એનું સંગોપન કરવામાં, એને માટે દાન ને ભોગ આપવામાં, પાટીદાર સમાજે જે તિતિક્ષા, ત્યાગ ને યુયુત્સાના ગુણોનું દર્શન કરાવ્યું છે તે સાચે જ અદ્‌ભુત છે. ને જે પાયાના પથ્થર બન્યા છે તેમના તો જેટલા ગુણાનુવાદ ગાઈએ તેટલા ઓછા જ છે. આટલી બધી શિક્ષણ-સંસ્થાઓ ને વિદ્યાશાખાઓની સ્થાપના ને વિકાસથી આપણી પ્રગતિનો ગ્રાફ-નકશો પણ સ્પષ્ટ થાય છે. પહેલાં તો, 'પટેલ ભાયડા છીએ, ભણ્યા નથી પણ પૈણ્યા તો છીએ'—એમ મજાકમાં કહેવાતું તે હવે 'પાટીદાર છીએ ભણ્યા છીએ ને પરણ્યા પણ છીએ'—એમ કહેવું પડતું નથી. બાળલગ્ન કેળવણીમાં કેવું તો અવરોધક બળ હતું એના સમર્થનમાં સં. ૧૮૭૯-૮૦ના અહેવાલના નીચેના આંકડા પૂરક બની રહેશે. એ વર્ષમાં આશ્રમની સંખ્યામાં ૬૩ છાત્રમાંથી ૫૭ પરણેલા, બે વિધુર ને માત્ર ચાર જ કુંવારા હતા. સં. ૧૮૮૦-૮૧ના આંકડા પ્રમાણે કુલ ૯૭માંથી, ૨૦ કુંવારા, ૨૫ પૂંખાયેલા, ૪૮ પરણેલા, ને ચાર વિધુર હતા. આજે એ સ્થિતિ રહી નથી આજે તો ભણતરને પ્રતાપે વ્યવહાર ને વ્યવસાયનાં અનેક ક્ષેત્રમાં પાટીદારોએ જે નવ-પ્રસ્થાન કર્યું છે તેનું શ્રેય આપણી આ સંસ્થાઓને ફાળે જાય છે.

આ ઇતિહાસ વાંચતાં બીજું સત્ય એ પણ સમજાશે કે સ્વામી શ્રી કેશવાનંદસ્વામી અને પૂ. છગનભાના પુણ્યપ્રતાપે આપણી સંસ્થાઓને શુદ્ધ ચારિત્ર્યશીલ ને પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા અનેક સેવાભાવી સ્વયંસેવકો મળી રહ્યા છે. ભૌતિકવાદથી ખદબદતા આ જમાનામાં આ તો મોટામાં મોટી ચારિત્ર્યસંપદા છે.

એંસી વર્ષની જઈફ વયે, ગાંધીનગરથી કડી કે મહેસાણાની ખીચોખીચ એસ.ટી.ની બસોમાં મુશ્કેલી ભરી મુસાફરી કરતા ને ભૂખ લાગે ત્યારે નાસ્તાના ડબ્બામાંથી ભાખરીના ટુકડા ને શાક આરોગતા પૂ. દાસકાકા આ વૃદ્ધ-યુવાન માટે શું કહેવું? સંસ્થાની એક પણ પાઈ લીધા વિનાનાં આ તિતિક્ષા ને ત્યાગને તપ ન કહેવાય તો શું કહીશું? ભાવિ પેઢીના સેવકોને આ ઇતિહાસમાંથી ભરપૂર પ્રેરણા ને દૃષ્ટિ-દિશા મળશે. લેખકે આવી બધી ઘટનાઓ એવી તો રોચક ને પ્રેરક રીતે આલેખી છે કે લલિત સાહિત્યના વાચન જેવો આનંદ પ્રાપ્ત થાય છે.

આખરે તો ગીતાનું અમર શ્રદ્ધેય વચન છે:

न हि कल्याणकृत कश्चित् दुर्गतिं तात गच्छति।

એને જીવનસૂત્ર બનાવી, આપણા પુરોગામીઓના પુરુષાર્થમાંથી પ્રેરણા લઈ, લોકકલ્યાણમાં મચી પડીએ.

વડોદરા
તા. ૧૦-૩-૨૦૦૩

ડૉ. રણજિત પટેલ
(અનામી)

પ્રાક્કથન

સંસ્થાના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ મા. પટેલ તરફથી સંસ્થાનો ઇતિહાસ લખવાનું સૂચન થયું ત્યારે એક પ્રકારની મૂંઝવણ થઈ. સંસ્થા એટલે સંયુક્તપણે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (ગાંધીનગર શાખા સાથે), કડી. બંને મંડળો બંધારણની રીતે અલગ, પણ વ્યવહારમાં અને જનસમાજમાં આ બે મંડળો અલગ સંસ્થાઓ હોવાનો ખ્યાલ પ્રચલિત નથી. કડી શહેરમાં તો સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે 'બોર્ડિંગમાં ભણે છે' એવી ઓળખ ઘણાં વર્ષો સુધી પ્રચલિત હતી. બોર્ડિંગ એટલે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી દ્વારા સંચાલિત છાત્રાલય—વિદ્યાર્થી આશ્રમ.

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જુદી સંસ્થાઓ નથી એવી લોકસમજ પાછળ સબળ કારણ પણ છે. સંસ્થાના પરિચયમાં હોય એ સૌ જાણે છે કે કડીમાં આ બે મંડળોનું કૅમ્પસ એક છે, કાર્યાલય એક છે, મોટા ભાગના કાર્યકરો બંને મંડળોમાં હોદ્દેદારો કે સંચાલકમંડળના સભ્યો તરીકે સેવાઓ આપે છે.

બંને મંડળો એવી રીતે પરસ્પર અવલંબિત છે કે એમને ઇતિહાસલેખન માટે ચુસ્તપણે અલગ રાખી શકાય એમ નથી. સંસ્થાગત કેટલીક ઘટનાઓ, પ્રસંગો કે ઉત્સવોની ઉજવણીઓમાં સ્પષ્ટપણે બંને મંડળોનો સહિયારો ઉપક્રમ હોઈ આવી સંકુલતાના કારણે પ્રશ્ન એ ઉદ્ભવે કે આ બે મંડળોનો ઇતિહાસ સહિયારાધોરણે લખવો કે અલગ અલગ? તાણાવાણા ગૂંથાઈને એક ઘટ્ટ પટકુળ જેવી બની રહેલી આ બે સંસ્થાઓને અલગ તારવવી લગભગ અશક્ય છે. શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળતી થઈ એ અગાઉ મળતી ૪૦ ટકા ગ્રાન્ટમાં શાળાનો સંપૂર્ણપણે નિભાવ થવો અશક્ય હતો. પ્રતિવર્ષ ભારે ખોટ કરતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાળાઓની ખોટ પૂરવાનું કામ ક. પા. કે. ઉત્તેજક મંડળે કરવાનું રહેતું એટલે ક. પા. કે. ઉ. મંડળે તો 'માવતર'નું કામ કર્યું છે. ડગલે ને પગલે જેની જરૂર પડતી હોય એ સંસ્થાને ઇતિહાસલેખનમાં અલગ રાખીને એના વિશે શું લખી શકાય? બંને સંસ્થાઓને સાથે રાખીને ઇતિહાસ લખવામાં કેટલીક પરિસ્થિતિઓ મિશ્રિત પણ થાય. બંને પરિસ્થિતિઓનો સામયિક ક્રમ એના ક્રમિક સ્થાન-સમય પ્રમાણે ન પણ જળવાય. પણ એ બધી મર્યાદાઓ સ્વીકારીને આ બે સંસ્થાઓને સાંકળીને ઇતિહાસ લખવાનો ઉપક્રમ રાખ્યો છે.

સંસ્થાના ઇતિહાસનું અનન્ય અને ઉજ્જ્વળ પાસું તો એ છે કે સંસ્થાના ઉગમ પછીના પ્રથમ દાયકામાં એણે જે સિદ્ધિઓ મેળવી તે અસાધારણ છે. ઈ. સ. ૧૮૫૪ના વૂડ્ઝ ડિસ્પેચથી માંડીને ઈ. સ.૧૯૬૪ના કોઠારી કમિશન સુધીમાં જે જે કમિશનોએ કેળવણીક્ષેત્રે જે કંઈ કર્યું, સૂચવ્યું કે અખતરા કર્યા અથવા એમણે કેળવણીની જે વિભાવનાઓ વહેતી કરી તે બધું જ શ્રી ક. પા. કે. ઉ. મંડળના પાટીદાર વિદ્યાલયે ઈ. સ. ૧૯૨૨થી ૧૯૨૯ના સમયગાળામાં સિદ્ધ કરી બતાવ્યું હતું. આ બધું આચાર્ય શ્રી બાપુભાઈ ગામી, શ્રી ડાહ્યાભાઈ જાની (*The Romance of the Cow* ગ્રંથના કર્તા), શાંતિનિકેતનમાં શિક્ષણ અને તાલીમ પામેલા અને 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે' ના રચયિતા

સ્વ. ઉમેદભાઈ પટેલ તેમ જ ગાંધીજીના આદેશને શિરોધાર્ય કરીને મુંબઈ યુનિવર્સિટીના શિક્ષણનેજામાંથી નીકળી જઈને રાષ્ટ્રીય કેળવણી પામીને સ્નાતક થયેલા શ્રી પોપટલાલ ગુ. પટેલ અને એવા જ સ્નાતક શ્રી છગનભાઈ કા. પટેલ જેવા શિક્ષકોનાં સૂઝ અને આવડતના કારણે શક્ય બન્યું હતું.

છગનભાએ પાટીદાર વિદ્યાલયને જીવતું-જાગતું કૉમ્યુનિટી સેન્ટર બનાવ્યું હતું. વિદ્યાર્થીઓને સાથે રાખીને એ ગામડે ગામડે ફરતા. વિદ્યાર્થીઓ ગ્રામસફાઈ કરતા, નાટકો-એકાંકીઓ, સંવાદો અથવા બોધદાયક ટૂંકાં વક્તવ્યો ગ્રામજનતા વચ્ચે રજૂ કરતા. શાળા સંદર્ભે કૉમ્યુનિટી સેન્ટરની આના કરતાં વધારે ઉચ્ચ વિભાવના બીજી શી હોઈ શકે?

સંસ્થાનો ઈ. સ. ૧૯૨૦થી ૧૯૩૦નો દાયકો સંસ્થાના ઇતિહાસનું એક સુવર્ણ પ્રકરણ છે. સંસ્થાની કાર્યપ્રણાલી અને શિક્ષણપ્રથાથી પ્રસન્ન થઈને મહારાજા સયાજીરાવે શાળા માટે પોતાના પ્રીવિપર્સમાંથી સંસ્થાને પ્રતિવર્ષ મળે એ રીતનું એમણે ખાસ આર્થિક અનુદાન જાહેર કર્યું હતું. ઈ. સ. ૧૯૨૯માં ગાંધીજીએ સંસ્થાની મુલાકાત લઈને સંસ્થાના પ્રાંગણમાં જાહેર પ્રવચનમાં આ શબ્દો ઉચ્ચાર્યા હતા: 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન હતું.' સંસ્થા માટે શ્રેષ્ઠત્વનું આથી વધારે સારું બીજું શું પ્રમાણ હોઈ શકે?

સંસ્થામાં અપાતી રાષ્ટ્રીય કેળવણી મૂર્ત સ્વરૂપે જોઈ શકાતી હતી. સંસ્થાના વાતાવરણમાંથી વિદ્યાર્થીઓએ આકંઠ દેશપ્રેમ પીધો હતો. પરિણામે વિદ્યાર્થીઓ પણ શિક્ષકોની જેમ ખાદી પહેરતા હતા. સૂતર કાંતતા હતા અને વણવાનું કામ પણ શીખતા હતા. દાંડીકૂચ પછી આ સંસ્થાના પાંચ વિદ્યાર્થીઓ અમદાવાદ કૉંગ્રેસ સમિતિમાં સત્યાગ્રહી તરીકે નોંધાયા હતા અને સંસ્થા તથા કડી શહેરે એમને ભાવભરી વિદાય આપી હતી.

સંસ્થાની આ ખ્યાતિ માટે સંસ્થાના કાર્યકરોનો ફાળો નાનોસૂનો નહોતો. છગનભા, સંસ્થાના આદ્યમંત્રી શ્રી નગીનભાઈ, સંસ્થાના નિભાવ અર્થે ફંડફાળા માટે છગનભા સાથે સતત હાજર રહેતા આદરજના માધવજીભાઈ અને ધનશા ભગત (ઉત્તરવયમાં સ્વામી ધનરાજગિરિ) ઉપરાંત પ્રો. સ્વામીનારાયણ અને શ્રી રામચંદ્ર જ. અમીન જેવા દૃષ્ટિવંત પ્રમુખ અને ઉપપ્રમુખ વગેરે મહાનુભાવોની નિ:સ્વાર્થ સેવાના કારણે સંસ્થા વટવૃક્ષ બની શકી. ગણિતશાસ્ત્રમાં એક વિજ્ઞાની જેટલી ખ્યાતિ પામેલા પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ પ્રત્યેક રવિવારે શાળાના વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્ર શીખવવા આવતા હતા અને શ્રી રામચંદ્ર અમીન ક્યારેક ક્યારેક સંસ્થામાં થોડા થોડા દિવસોનો મુકામ કરીને શાળાના એસ. એસ. સી.ના વર્ગોમાં અંગ્રેજી વિષયનું અધ્યાપન કરતા હતા. એટલું જ નહીં ક્યારેક ઉત્તમ શિક્ષકના વર્ગમાં બેસીને અધ્યાપનક્ષેત્રે કંઈક નવું જાણવાની નિખાલસ જિજ્ઞાસા સેવતા હતા.

સંસ્થાની સુવર્ણજયંતી પછીનો સમયગાળો સંસ્થાના બહુમુખી અને બહુઆયામી વિકાસનો ગાળો રહ્યો છે જે આ ઇતિહાસનાં પાનાં ફેરવતાં વિના આયાસે જોઈ શકાશે. આ સમયગાળાના મુખ્ય કર્ણધારો આરંભમાં શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ અને પછી શ્રી માણેકલાલ મા. પટેલ. દાસકાકા (પુરુષોત્તમદાસ ૨. પટેલ)ના અવસાન પછી સંસ્થાએ શિક્ષણના ક્ષેત્રમાં જે વિકાસ સાધ્યો એનો જોટો જડવો મુશ્કેલ છે. આ વિકાસકૂચ મુખ્યત્વે સ્વ. માણેકલાલ મા. પટેલને આભારી છે. સહકાર્યકરોને વિશ્વાસમાં લઈને માણેકલાલભાઈએ કાર્યક્ષેત્રની તલાવગ્રાહી જાણકારી, વહીવટી કુનેહ અને દૃષ્ટિવંત

સાહસિકતાના આધારે સંસ્થાને ઊંચા યશશિખર સુધી પહોંચાડી છે. સ્વ. માણેકલાલ અંગે એમ કહી શકાય કે છગનભાએ સમાજમાં કેળવણીની ભૂખ જગાડવાનું કામ કર્યું અને માણેકલાલે આ જાગેલી ભૂખને, જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપીને સંતોષવાનું કામ કર્યું.

ઈ. સ. ૧૯૩૧ના ઑગસ્ટ માસમાં શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા પ્રગટ થયેલા બોધપત્ર (પ્રૉસ્પેક્ટસ)માં મંડળે 'કન્યા સરસ્વતી મંદિર' ખોલવાનો સંકલ્પ જાહેર કરેલો. એ વખતે એ સંકલ્પ અમલી બની શક્યો નહોતો, પણ બે વર્ષ પછી એટલે કે, તા. ૧૭-૧૨-૧૯૩૩ના રોજ ક. પા. કે. ઉ. મંડળની સાધારણ સભામાં 'કન્યાકેળવણી મંડળ' રૂપે એક સ્વતંત્ર સંસ્થા સ્થાપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો, જેના આધારે સદર મંડળની સ્થાપના થઈ હતી આ સંસ્થા અને તે અંગેની વિગત આ ગ્રંથમાં અન્યત્ર સમાવી લીધી છે.

ક. પા. કે. ઉ. મંડળના સંચાલન હેઠળ ચાલતી ગૌશાળા ક. પા. કે. ઉ. મંડળની તા. ૧૬-૫-૧૯૭૬ની સાધારણ સભામાં પસાર થયેલા ઠરાવના આધારે એક સ્વતંત્ર ટ્રસ્ટ બન્યું. આ ટ્રસ્ટને પણ આ ગ્રંથમાં ક. પા. કે. ઉ. મંડળના એકમરૂપે જ વર્ણવ્યું છે.

સંસ્થા હોય ત્યાં ક્યારેક કાર્યકર્તાઓમાં નીતિવિષયક મતભેદ હોય. ક્યારેક નાનાંમોટાં ઘર્ષણ પણ થાય. ક્યારેક એના કારણે સંસ્થાની પ્રતિષ્ઠા જોખમાય, પણ સદ્‌ભાગ્યે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના કાર્યકર્તાઓ સુમેળથી ચાલ્યા છે અને એ સૌ જુદા જુદા રાજકીય પક્ષોના સભ્યો હોવા છતાં એમણે સંસ્થાના કાર્યમાં રાજકારણને પ્રવેશવા દીધું નથી. સંસ્થા માટે સ્વેચ્છાએ સ્વીકારેલી આ એક વિસ્મયકારક શિસ્ત છે.

એમ પણ નહીં કહી શકાય કે સંસ્થા ઉપર કદીયે આપત્તિનાં વાદળ ઘેરાયાં નથી. મનદુઃખ થયાની નાનીમોટી ઘટનાઓ ક્યારેક બની છે, પણ સંસ્થાના સ્થૈર્યને આંચ આવી નથી. આ ઘટનાઓને આ ઇતિહાસમાં નજરઅંદાજ કરી છે એવું ન લાગે એટલે એ ઘટનાઓને પણ આ ગ્રંથમાં યથાતથ સમાવી છે.

ભૂમિનો પ્રતાપ કહો કે સંસ્થાના આરંભના કાર્યકર્તાઓએ સ્થાપેલી પરંપરા કહો, સંસ્થા નવ દાયકા કરતાં વધારે સમયથી એકધારો વિકાસ કરતાં રહીને શતાબ્દી ઉત્સવની નજીક પહોંચી છે. રાષ્ટ્રની માગ પ્રમાણે શિક્ષણની સર્વ પ્રકારની શાખાઓ સ્થાપીને પ્રગતિ કરતી રહી છે. વિકાસનાં સોપાનો પર આરોહણ કરતાં કરતાં એ વિશ્વવિદ્યાલયના બિરુદને પામી શકી છે. હજુ સુધી એના ચહેરા પર વાર્ધક્યની કરચલીઓ પડી નથી.

સંસ્થાના ૯૨ વર્ષના દીર્ઘ ફલકવાળા ઇતિહાસને તપાસતાં એક હકીકત સ્પષ્ટપણે જોઈ શકાશે કે સંસ્થાના વિકાસમાં સેંકડો કાર્યકરોનો ફાળો રહ્યો છે. એક અથવા બીજા સ્વરૂપે એ કાર્યકરો કે હોદ્દેદારો સંસ્થાની પ્રગતિમાં ઉપયોગી થયેલા છે. સંસ્થાની સમગ્ર છાપ ઉપસાવવામાં એમનું યોગદાન મૂક અથવા મુખરરૂપે ઘણું મહત્ત્વનું રહ્યું છે. આ અંગે એમની સમુચિત નોંધ લેવાવી ઘટે. પણ આ સેંકડો કાર્યકર્તાઓ વિશે વાત કરતાં પહેલાં ઇતિહાસલેખકે એક વિવેકનો આશ્રય લેવો જરૂરી બને છે. ઇતિહાસ એટલે વહેતા સમય સાથે બનતી ઘટનાઓની પરંપરાનું તટસ્થ આલેખન. ઇતિહાસલેખકને ઘટનાઓ સાથે નિસબત હોય. એ ઘટનાઓ સાથે સંકળાયેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓ વિશે વાત કરવાનો એનો અધિકાર બને. આ ઇતિહાસમાં, સંસ્થા સાથે ઘણાં વર્ષોથી સંકળાયેલી હોય, સંસ્થાના

વિકાસના પ્રત્યેક સોપાનની સાક્ષી હોય પણ ઇતિહાસની ઘટનાઓ સાથે સીધેસીધી જોડાયેલી ન હોય એવી કેટલીક માનાર્હ વ્યક્તિઓની અલગ રૂપે વાત થઈ શકી નથી એનું દુઃખ છે. ઇતિહાસની સાચી વિભાવના જળવાઈ રહે એ હેતુથી આ માર્ગ અપનાવવો પડ્યો છે. સંસ્થાના માનાર્હ સેવકો આ લેખનરીતિને ખેલદિલીપૂર્વક આવકારશે એવી આશા રાખું છું. એમની સંસ્થાભક્તિના મૂલ્યને સહેજ પણ ઓછું આંકવાની આ શૈલીનો રજમાત્ર હેતુ નથી એવું ભારપૂર્વક કહેવાની અત્રે રજા લઉં છું.

સંસ્થાએ મને એનો ઇતિહાસ લખવાની તક આપી તેથી સંસ્થા સાથેનો છ દાયકા કરતાં વધારે સમયનો મારો સંબંધ તાજો થયાનો આનંદ મને મળ્યો છે. સંસ્થાના અતીતને હું ફરીથી માણી શક્યો છું. આ અનુભવમાં મને જે આનંદ પ્રાપ્ત થયો એની પ્રાપ્તિ માટે હું સંસ્થા અને તેના કાર્યકર્તાઓનો ઋણી છું. ખાસ કરીને આ ઇતિહાસ લખવા માટે પ્રેમપૂર્વક આગ્રહ કરનાર સંસ્થાના તત્કાલીન ચેરમૅન સ્વ. માણેકલાલભાઈ તેમ જ આ ઇતિહાસના લેખન બાબતે અવારનવાર મને પ્રોત્સાહિત કરનાર સંસ્થાના મંત્રીઓ ડૉ. રામભાઈ પટેલ (હવે પ્રમુખ, સ. વિ. કે. મંડળ, કડી) અને શ્રી મનુભાઈ જે. પટેલ (મંત્રી, સ. વિ. કે. મંડળ, કડી)નો પણ આભારી છું.

શ્રી મણિભાઈ પ્રજાપતિએ આ ગ્રંથની હસ્તપ્રત ઝીણવટપૂર્વક તપાસી જઈને કેટલાંક સૂચનો દ્વારા ઉપયોગી સહાય કરી છે તે માટે એમનો પણ આભારી છું.

અમદાવાદ-૧૫
તા. ૯-૧૧-૨૦૧૧

મોહનલાલ પટેલ

અનુક્રમ

ચેરમેનશ્રીનું નિવેદન ૫
જાગર્તિનો ઇતિહાસ ૭
પ્રાક્કથન ૯

૧. ઊહાપોહ અને સંકલ્પ ૩
૨. ક. પા. કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના અને છગનલાલની પ્રતિજ્ઞા ૯
૩. ક. પા. વિદ્યાર્થી આશ્રમ ૧૧
૪. પાટીદાર વિદ્યાલય ૧૬
૫. ખાતમહોત્સવ ૨૧
૬. નગીનભાઈ છૂટા થયા ૨૪
૭. વિદ્યાલયમાં ઉદ્યોગશિક્ષણ ૨૭
૮. દાસ પુસ્તકાલય ૨૯
૯. સંસ્થાનો સુવર્ણકાળ ૩૨
૧૦. શ્રીમંત સયાજીરાવ સંસ્થાની મુલાકાતે ૩૭
૧૧. ગુજરાત ગૌશાળા ૩૯
૧૨. પાટીદાર મુદ્રણાલય ૪૪
૧૩. મહાત્મા ગાંધી સંસ્થાની મુલાકાતે ૪૬
૧૪. બાર વાર્ષિક ઉત્સવ અને સ્નેહમિલન ૫૦
૧૫. કન્યાકેળવણી મંડળ ૫૩
૧૬. છગનભાનું અધૂરું સ્વપ્ન ૫૬
૧૭. છગનભા સ્મારકનિધિ ૫૮
૧૮. પાટીદાર વિદ્યાલય હવે સર્વ વિદ્યાલય ૬૦
૧૯. રા.૨. શેઠ શ્રી પ્રા.મ. સરસ્વતી સદનમાં સર્વ વિદ્યાલય
૨૦. રૂ. ૧૧૧ની મકાનયોજના ૬૩
૨૧. છાત્રાલયો ૬૫
૨૨. વિદ્યાર્થી નિવાસ, વીસનગર ૮૨
૨૩. વિદ્યાર્થીસહાયક મંડળી ૮૩
૨૪. છગનભાના સ્મરણાર્થે ૮૪
૨૫. કડવા પાટીદાર પરિષદનું ૧૭મું અધિવેશન; છગનભાની અર્ધપ્રતિમાનું અનાવરણ;
ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું પાંચમું સ્નેહ-સંમેલન ૮૫
૨૬. સર્વ વિદ્યાલય વિવિધલક્ષી શાળા બન્યું ૮૬

૨૭. સર્વ વિદ્યાલય અધ્યાપનમંદિર ૮૮
૨૮. ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું છઠ્ઠું સ્નેહસંમેલન ૯૧
૨૯. પૂર્વવ્યવસાયી તાલીમ કેન્દ્ર (પ્રી. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર) ૯૩
૩૦. જુનિયર ટેક્નિકલ સ્કૂલ ૯૫
૩૧. ટેક્નિકલ હાઈસ્કૂલ ડી. એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ ૯૭
૩૨. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ—એસ. કે. પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ૯૯
૩૩. સાયન્સ કૉલેજ—પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ ૧૦૨
૩૫. અમૃતમહોત્સવ: ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થી સ્નેહસંમેલન ૧૦૯
૩૬. શેઠ ગિરધરલાલ ચૂનીલાલ હાઈસ્કૂલ, પિલવાઈ
શેઠ મંગળદાસ રણછોડદાસ છાત્રાલય, પિલવાઈ ૧૧૫
૩૭. નૂતન સર્વ વિદ્યાલય, વીસનગર ૧૧૭
૩૮. શ્રી મિત્રમંડળ સર્વ વિદ્યાલય, બલોલ; આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલ ૧૧૯
૩૯. નવીન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, વડનગર ૧૨૧
૪૦. પ્રગતિ વિદ્યાલય, શેરથા ૧૨૨
૪૧. શૈક્ષણિક એકમો ૧૨૩
૧. શ્રી નાથાલાલ ના. દેસાઈ પ્રાથમિક શાળા ૧૨૩
૨. શિશુશાળા: પ્રાથમિક શાળા ૧૨૩
૩. શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા ૧૨૩
૪. શાંતાબહેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળા ૧૨૪
૫. સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન ૧૨૪
૬. શ્રીમતી એમ. પી. પટેલ મહિલા પી. ટી. સી. કૉલેજ ૧૨૫
૭. મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર ૧૨૫
૮. શારદાબહેન ધર્માભાઈ પટેલ ભટાસણ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ ૧૨૫
૪૨. આંધી અને ઝંઝાવાત ૧૨૬
૪૩. ગાંધીનગર શાખાનો ઉદ્ભવ, વિકાસ અને
શેઠ સી. એમ. હાઈસ્કૂલનો ખાતવિધિ ૧૩૨
૪૪. કન્યાકેળવણી સંકુલ ૧૪૭
૪૫. ફાર્મસી કૉલેજ ૧૫૧
૪૬. એમ. બી. એ., એમ. સી. એ. અને અન્ય ૧૫૫
૪૭. સખાવતની હેલી ૧૬૦
૪૮. લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી એન્ડ રિસર્ચ
અને વિષ્ણુભાઈ પૂંજાભાઈ મોહનભાઈ પટેલ પૉલિટેક્નિક ૧૬૨
૪૯. ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ ૧૬૫
૫૦. કડી સર્વ વિશ્વવિદ્યાલય ૧૬૮
૫૧. સંસ્થાના પદાધિકારી સેવકો, નાયકો અને અધિનાયકો ૧૭૩

પરિશિષ્ટો:

૧. વિવિધ ટ્રસ્ટ ફંડ અને સહકારી મંડળી ૧૯૦

૨. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને
ગાંધીનગરનાં પરિસરોમાં શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયો..... ૧૯૩

૩. સર્વ વિદ્યાલયનો વિકાસ: ઘટનાક્રમ ૧૯૯

૧. કડી કેમ્પસ..... ૧૯૯

૨. ગાંધીનગર કેમ્પસ ૨૦૨

૩. પિલવાઈ ૨૦૭

૪. વીસનગર..... ૨૦૭

૫. વડનગર..... ૨૦૭

૬. બલોલ..... ૨૦૭

૭. શેરથા..... ૨૦૭

૪. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી ૨૦૮

૧. પ્રમુખ-ઉપપ્રમુખ તથા ચેરમેનની વર્ષવાર યાદી ૨૦૮

૨. મંત્રી-સહમંત્રીની વર્ષવાર યાદી ૨૧૨

૫. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી ૨૧૭

૧. પ્રમુખ-ઉપપ્રમુખની યાદી ૨૧૭

૨. ચેરમેન તથા હાયર એજ્યુ. ચેરમેનની યાદી..... ૨૨૦

૩. મંત્રીઓ/મદદનીશ મંત્રીઓની યાદી..... ૨૨૧

૬. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા ૨૨૫

૧. પ્રમુખ-ઉપપ્રમુખની યાદી ૨૨૫

૨. ચેરમેન, વાઇસ ચેરમેન, હાયર એજ્યુકેશન ચેરમેનની યાદી ૨૨૮

૩. મંત્રીઓની યાદી ૨૩૦

૭. સંસ્થાનાં પ્રશસ્તિનાં કાવ્યો/ગીતો ૨૩૩

આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.

ગાંધીજી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
અને
કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ
(સંક્ષિપ્ત ઇતિહાસ)

~ ૧ ~

ઊહાપોહ અને સંકલ્પ

વિક્રમસંવતની વીસમી સદીના લગભગ અંત સુધી પાટીદાર સમાજ અજ્ઞાનના ઘોર અંધકારમાં અટવાતો હતો. બાળલગ્ન કે બારમા જેવી અનેક કુરૂઢિઓની ચૂડમાં એ બરાબર જકડાયો હતો. ગરીબી તો એક અસાધ્ય રોગની જેમ એને વળગી હતી. ખેતીમાં કાળી મજૂરી કરતો હોવા છતાં આર્થિક રીતે એ નિરાંતની સ્થિતિ સુધી પહોંચી શકતો ન હતો. મોટા ભાગના ખેડૂતો દેવામાં ડૂબેલા હતા. ઘર અને ખેતર ગીરો મૂકવાની કોઈ નવાઈ ન હતી. ગામમાં ધીરધાર કરનાર શાહુકારો ખેડૂતની નિરક્ષરતા અને ગરજનો લાભ લઈને એને ચૂસતા હતા. બારમા જેવા પ્રસંગો કોઈ ખેડૂત પ્રસંગ ઉકેલવા ખાતર જ ખેતર વેચીને પાયમાલી વહોરતો અને વારસદારોને પણ નિરાધાર કરી મૂકતો.

સંવતની એ સદીના છઠ્ઠા દાયકામાં કેટલાક સમાજાભિમુખ અને બુદ્ધિમાન પુરુષો સમાજને આવી સ્થિતિમાંથી ઉગારી લેવા બાબતે વિચારતા થયા હતા. એમાંના એક મેધાવી પુરુષ વીરમગામના પુરુષોત્તમદાસ લલ્લુભાઈ હતા. એમના પુરુષાર્થથી કડવા પાટીદાર પરિષદની સ્થાપના થઈ હતી. પુરુષોત્તમદાસના સમાજસુધારણા માટેના અથાગ પુરુષાર્થમાંથી પ્રેરણા લઈને સમાજના લગભગ બધા વિભાગોમાં કેટલાક ઉત્સાહી યુવકો પણ સમાજસુધારણાના કાર્યમાં જોડાયા હતા. આવા યુવકોનું નેતૃત્વ કરે એવા, પ્રૌઢત્વ તરફ ઢળવા લાગેલા વીરમગામના નગીનભાઈ વૃજલાલ પટેલ પણ સમાજસુધારણાની પ્રવૃત્તિમાં પૂરો સમય આપીને જોડાયા હતા.

યુવાનો સુધારક મંડળો રચીને સમાજસુધારણા માટે શક્ય એટલો પુરુષાર્થ તો કરતા હતા, પણ ધાર્યું પરિણામ આવતું ન હતું. ક્યારેક નિરાશાવશ પ્રવૃત્તિનો વેગ પણ મંદ પડી જતો હતો.

બીજા લોકો ભલે નિરાશ થાય અને એમના કાર્યનો વેગ મંદ પડે, પણ પુરુષોત્તમદાસ એ કક્ષાના પુરુષ ન હતા. એમણે પોતાના પુરુષાર્થની દિશામાં થોડો ફેરફાર કરવાનું વિચાર્યું. એમને લાગતું હતું કે કોઈક એવો માર્ગ વિચારવો જોઈએ કે જે ઓછા સમયમાં સમાજને અસર કરે અને ધાર્યું લક્ષ્ય સિદ્ધ થાય. વિચારમંથનના પરિણામે એમને કેળવણી એ જ શ્રેષ્ઠ માર્ગ જણાયો. અનુભવે એમને એ સમજાયું હતું કે ઠરાવો અને ભાષણો માણસના ચિત્ત ઉપર ક્ષણિક અસર કરે પણ મોટે ભાગે તો એ રેતી પરનું લીંપણ જ નીવડે. જ્યારે કેળવણી એ એવું તત્ત્વ છે જે વ્યક્તિના સારાયે વિચારતંત્રને થોડાં જ વર્ષોમાં આમૂલ પરિવર્તિત કરે. ચિત્તમાં આ માર્ગ દૃઢ થતાં એમણે કેળવણીની એક સંસ્થા સ્થાપવાનું વિચાર્યું. પુરુષોત્તમદાસ જ્યારે સમાજપરિવર્તનના આ વિચારોમાં વ્યસ્ત હતા ત્યારે નગીનભાઈ એમના સતત સંપર્કમાં હતા. નગીનભાઈના વિચારો પાકટ અને પરિણામલક્ષી હતા. તેમ જ રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાયેલા હતા, એટલે કેળવણીમાં એમની શ્રદ્ધાનાં મૂળ ઊંડે સુધી નંખાયાં હતાં. કેળવણીની સંસ્થા સ્થાપવાના પુરુષોત્તમદાસના વિચાર પછી નગીનભાઈ એમની વધારે નિકટ આવ્યા હતા. અને ચર્ચાવિચારણામાં પોતાના વિચારોનું યોગદાન પણ આપતા હતા. પુરુષોત્તમદાસ સાથેની ચર્ચામાં એવો નિષ્કર્ષ નીકળ્યો કે કેળવણીની સંસ્થા

એવા સ્થળે સ્થાપવી જ્યાં પાટીદારની વસ્તીનાં ઝાઝાં ગામ નજીક નજીક હોય. આ દૃષ્ટિએ એમને કડી અને મહેસાણા ઉચિત સ્થળ જણાયાં. પણ કડી એ ગાયકવાડી રાજ્યના કડી પ્રાંતનું મુખ્ય શહેર હતું એટલે આખરી પસંદગી કડી ઉપર ઊતરી.

પણ પુરુષોત્તમદાસ પોતાનો સંસ્થા સ્થાપવાનો સંકલ્પ પૂર્ણ કરે એ પહેલાં એમનું અવસાન થયું. અને નગીનભાઈએ પુરુષોત્તમદાસના અધૂરા રહેલા સ્વપ્નને આકાર આપવાનું કાર્ય ઉત્સાહથી ઉપાડી લીધું.

જે જ્ઞાતિ માટે કાર્ય કરવાનું હતું એ જ્ઞાતિનું ચિત્ર એમની નજર સમક્ષ સ્પષ્ટ હતું અને જે કાર્ય થયું હતું એનો આલેખ પણ એમની નજર આગળ હતો. અને હવે જે કાર્ય કરવાનું હતું એની રૂપરેખા પણ એમના ચિત્તમાં સ્પષ્ટ હતી. સમગ્ર હકીકત એમના જ શબ્દોમાં જોઈએ:

> હજી બહુ કરવાનું છે. આખા દેશ ઉપર પથરાયેલી બહોળી કોમમાં આટલી જૂજ સંખ્યામાં આવેલી જાગૃતિ લેખામાં ન ગણાય. લાખોની સંખ્યામાં આપણાં ભાઈબહેનો હજી તદ્દન અંધારામાં પડ્યાં છે. જેઓને દિન કે દિશાનું ભાન જ નથી. અને અનેક પીડા ભોગવી રહ્યાં છે. પટેલ કોમ એક ઉદાર, મહેનતુ, સ્વાશ્રયી અને અપલક્ષણરહિત કોમ છે. તેનામાં હરામ વગર મહેનતે ખાવાની દાનત જ નથી હોતી. તે ઈશ્વર-કુદરત ઉપર શ્રદ્ધાવાળી હોય છે. ટૂંકામાં પટેલ કોમ એ સામાન્યતઃ કોરા કાગળ જેવી છે. તેમાં કોઈ સુંદર મનોરંજન ચિત્રો કે આદર્શ સિદ્ધાંતો નથી આલેખેલા, તો તેમાં ગ્લાનિ પમાડે એવા ડાઘાડૂઘી કે અપશબ્દો પણ નથી. આલેખનારની જેવી ચાતુરી અને આદર્શ હોય તેવી ભાત તેમાં આલેખી શકે છે. પાટીદારોનો ધંધો સ્વાશ્રયી અને ઉત્તમ છે, તેમની રહેણીકરણીમાં બહુ જ ઓછો ફેરફાર કરવાની જરૂર છે, અથવા લગભગ કાંઈ જ ફેરફાર કરવાની જરૂર નથી એમ કહીએ તોપણ ચાલે. તેમનામાં કંઈ પણ ખામી હોય, તેમને કોઈ પણ આવશ્યકતા હોય તો તે માત્ર એક જ—કેળવણીની છે. પોતાની આસપાસ કયે સમયે કઈ પ્રવૃત્તિ શા માટે ચાલે છે તેનો તેમને પૂરો ખ્યાલ રહે એવા અને એટલા જ્ઞાનની તેમને જરૂર છે, જગતને ઉપયોગી સર્વ વસ્તુઓ પોતે જાતે પોતાના ઘેર ઉત્પન્ન કરતો હોવા છતાં અજ્ઞાન અંધકારે લમણે હાથ દઈ પરવશ થઈ બેઠેલા આ ખેડૂતને જ્ઞાનદીપક પ્રગટાવી આપી પોતાની માલિકીની ચીજો ઓળખાવી આપવાની જ માત્ર જરૂર છે. આટલાથી તે પરવશ—રાંક મટી તે સ્વતંત્ર અને આબાદ થશે.
>
> લક્ષ્ય નિશ્ચિત હતું. જેમના માર્ગદર્શન હેઠળ અને સહારે મંજિલ તરફ આગળ વધવાનું હતું એ પુરુષોત્તમદાસ દિવંગત થયા હતા એટલે નગીનભાઈએ પોતે જ પોતાની સૂઝ પ્રમાણે અને સ્વબળથી આગળ વધવાનું હતું. અલબત્ત, આ કાર્યમાં સહપુરુષાર્થ કરે અને લક્ષ્ય તરફ આગળ વધી શકાય એવી સૂઝ ધરાવનાર સહકાર્યકરની શોધમાં તો એ હતા જ. એક વર્ષ સુધી એ આ શોધમાં રહ્યા. એમના જ શબ્દોમાં કહીએ તો, "કાર્ય તો ધાર્યું તે કરવું જ એવો નિશ્ચય હોવાને લીધે ધારેલા કાર્યમાં અનુકૂળતા અને સહાય મેળવવા તે સમયના જ્ઞાતિસુધારા અર્થે કાંઈક કરવાને દાવો ધરાવનાર દરેક પાછળ ફરવા માંડ્યું. એક વર્ષ આમ ને આમ જતું રહ્યું. છતાં કોઈ તલમાં તેલ ન દીઠું."
>
> નગીનભાઈમાં હાથમાં લીધેલા કાર્ય માટે કેટલો લગાવ હતો એ આ ઉપરથી જોઈ શકાશે. એ ઉપરાંત કાર્યનિષ્ઠા પણ કેટલી પ્રબળ હતી એ પણ એમના એક વર્ષના આ ભ્રમણ પરથી જોઈ શકાશે. 'કોઈ તલમાં તેલ ન દીઠું' કહી એ હતાશ થઈને લીધેલું કાર્ય છોડી દેતા નથી. એ બીજો

માર્ગ વિચારે છે. બીજા માર્ગની વાત પણ એમના જ શબ્દોમાં જોઈએ: "અંતે નિશ્ચય કર્યો કે કોઈની રાહ જોયા સિવાય સંવત ૧૯૭૫ની અક્ષયતૃતીયાને દિવસે આ માટે કંઈક કરવા કડી પ્રાંતનાં ગામોમાં નીકળી પડવું. અને તે પ્રમાણે કર્યું. પ્રથમ મુકામ શેરથા કર્યો. જ્યાંથી ઘણો ઉત્સાહ અને ટેકો મળ્યો. એક ગામથી બીજે ગામ દસેક દિવસ ફરતાં કંઈક આશા બંધાઈ. અને વૈશાખ સુદિ પૂર્ણિમાના ઊંઝા મુકામે ઉમિયાજીના ભરાતા મેળામાં જઈ આ બાબતનો વધુ ઊહાપોહ કરવા ધાર્યો. ત્યાં આવવા કેટલાક મિત્રો અને જાણીતા પુરુષોને જણાવ્યું. જ્ઞાતિ સભાઓ વખતના તથા કેટલાક અન્ય પ્રસંગોને લઈને જ્ઞાતિ તરફની તેમની લાગણી અને બુદ્ધિમાં મને કાંઈક ભરોસો હતો એવા વયોવૃદ્ધ જ્ઞાતિશુભેચ્છક પટેલ છગનલાલ પીતાંબરદાસને તેમને ગામ કાગળ લખી પૂર્ણિમા ઉપર ઊંઝા આવવા જણાવ્યું.

સરઢવ મુકામે છનગલાલને નગીનભાઈનો આ પત્ર મળ્યો ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો. એમને માટે આ પત્ર એક ઈશ્વરી સંકેત જેવો હતો. આ ઈશ્વરી સંકેત પાછળ છગનલાલના જીવનના ઇતિહાસનો એક ઘણો જ મહત્ત્વનો વળાંક રહેલો છે. છગનલાલ એક ઉત્સાહી સમાજસુધારક તો હતા જ, પણ એમના જીવનનું આધ્યાત્મિક પાસું અત્યંત પ્રબળ અને ઉજ્જ્વળ હતું. એમનું ચિત્ત ઘણે અંશે આત્મકલ્યાણના માર્ગ તરફ પ્રયાસ કરવા વ્યાકુળ રહેતું હતું. અંધકાર અને ક્લેશમય આ સંસારનો ત્યાગ કરીને બ્રહ્મૈક્ય સાધીને કોઈ સનાતન આનંદમાં નિમજ્જિત થવા એમનો આત્મા ઝંખી રહ્યો હતો. એટલે એક દિવસ આત્માના અવાજને અનુસરવાનો નિર્ણય કરીને કાશી તરફ પ્રયાણ કર્યું. કાશીમાં એમણે સ્વામી કેશવાનંદ પાસે વૃત્તિ પ્રભાકરનો વધારે ઊંડાણથી અભ્યાસ આદર્યો. છગનલાલે સ્વામી કેશવાનંદને પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા. અને એમની પાસેથી એ સંન્યસ્તની દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છતા હતા. છગનલાલ સ્વામીજી આગળ સંન્યસ્ત દીક્ષા માટેનો પ્રસ્તાવ મૂકે એ પહેલાં એક મહત્ત્વની ઘટના બની. એક દિવસ છગનલાલ સ્વામીજીના આશ્રમનાં પગથિયાં ચડી રહ્યા હતા ત્યારે એમણે પગથિયા ઉપર પગ રાખીને ઓટલા ઉપર એક જુવાનને બેઠેલો જોયો. યુવાન અત્યંત ઉદાસ વદને બેઠો હતો. છગનલાલ એની પાસે પહોંચ્યા ત્યારે એમણે જોયું કે એની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. આ જોઈને છગનલાલના હૈયામાં કરુણા ઊભરાઈ આવી. એમણે પેલા યુવાનને સાંત્વના આપવાના હેતુથી પૂછવા માંડ્યું: "ભાઈ, ક્યાંથી આવો છો?"

"કાનપુરથી આવું છું."

"કોણ છો?"

"એક ગરીબ ખેડૂતનો દીકરો છું."

"તમારી આંખમાં આંસુ કેમ છે? તમે કેમ રડો છો, ભાઈ?"

આ વાતચીત શરૂ થતાં જ સ્વામીજીનું ધ્યાન ખેંચાયું. એ બહાર આવ્યા. યુવાન કદાચ સ્વામી કેશવાનંદજીની જ હૂંફ શોધતો શોધતો આવ્યો હતો. સ્વામીજીને જોતાં જ એ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

સ્વામીજીએ એને પ્રેમભર્યું સાંત્વન આપીને શાંત કર્યો. એની હકીકત સાંભળી. કાનપુરની અશાંતિમાં એ ઘરબાર અને રાચરચીલું ગુમાવી બેઠો હતો. કોઈ આધાર રહ્યો ન હતો. એવી કોઈ કેળવણી પણ લીધી નહોતી કે નોકરીધંધો કરી શકે.

સ્વામીજી ગામડાં અને ખેડૂતોની દુર્દશાથી પરિચિત હતા જ. વળી ઉત્તર પ્રદેશની ગરીબી અને ત્યાંની પ્રજાનું અજ્ઞાન જોઈને એમનું હૈયું વારંવાર દ્રવી ઊઠતું હતું. આજ આ યુવાનની વીતકકથા થોડી નિરાળી હોવા છતાં એ સાંભળીને એમની પેલી અનુકંપા ફરી એક વાર તીવ્રપણે હાલી ઊઠી.

યુવાનને હૈયાધારણ આપ્યા પછી સહેજ અવકાશ મળતાં સ્વામીજીએ છગનલાલને કહ્યું: "જોયું છગનભાઈ, પેલો કેવો જુવાનજોધ છે, છતાં પરિસ્થિતિએ એને કેવો કંગાલ બનાવી મૂક્યો છે! ભણ્યોગણ્યો અને કેળવાયો હોત તો એની આ સ્થિતિ હોત?"

છગનલાલ નિરુત્તર રહ્યા. પણ સ્વામીજીના પ્રશ્નનો જવાબ એમની આંખોમાં વરતાતો હતો. સ્વામીજી થોડી ક્ષણો સુધી વિચારમગ્ન રહ્યા. પછી એમણે છગનલાલની આંખોમાં પોતાની નજર પરોવીને કહ્યું: "છગનભાઈ, તમે ઘણી વાર તમારા પ્રદેશની વાત કરો છો."

છગનલાલે હકારદર્શક ભાવ મુખ ઉપર આણ્યો અને સહેજ ડોકું હલાવ્યું.

બીજી જ વાત કરતા હોય એમ સ્વામીજીએ કહ્યું: "અને તમે સંન્યસ્ત લેવા ઝંખી રહ્યા છો, ખરું?"

"હા, સ્વામીજી, વર્ષોની એ કામના છે."

ક્ષિતિજ ઉપર નજર માંડીને સ્વામીજી કંઈક લખેલું વાંચતા હોય એમ બોલ્યા: "મારી સલાહ માનતા હો તો સંન્યાસી થવાની ઇચ્છા જતી કરો."

"કેમ, બાપજી?" એક સ્વાભાવિક ઉદ્‌ગાર છગનલાલના મુખમાંથી નીકળી ગયો.

"તમારા જ પ્રદેશમાં જઈને તમારા લોકોની સ્થિતિ સુધરે એવું કંઈક કરો."

"શું કરું?"

"એ લોકોને ઘોર અંધકારમાંથી બહાર કાઢો. એમનું અજ્ઞાન દૂર થાય એવો કોઈ માર્ગ લો. એમાં જ એમનું કલ્યાણ છે. આ માટે કેળવણી જ શ્રેષ્ઠ માર્ગ છે."

છગનલાલ સ્વામીજીના મુખ તરફ શ્રદ્ધાથી તાકી રહ્યા હતા.

સ્વામીજીએ કહ્યું: "તમારું કલ્યાણ પણ એમાં છે." અને પછી ઉમેર્યું: "ઈશ્વરની સેવા, ભક્તિ, મોક્ષ બધું જ એમાં રહ્યું છે. પ્રજા કેળવણી લેશે, સુખી થશે અને તમારો આત્મા પણ પ્રસન્નતાથી મહોરી ઊઠશે."

છગનલાલના ચિત્તમાં એકસામટા અનેક ભાવ ઊભરાઈ આવ્યા. સંસારની જંજાળમાંથી વિરક્ત થઈને ઈશ્વર સાથે સંધાન કરીને મોક્ષનો માર્ગ લેવાની વૃત્તિ તો હૈયામાં વર્ષોથી ઘોળાયા કરતી હતી. અત્યાર સુધી સાધુ, સંત, મહાત્મા અને જ્ઞાનીઓની સેવા કર્યા પછી એ ફળપ્રાપ્તિ હાથવેંતમાં હોય એવું ભાસતું હતું. પણ બીજી બાજુ ઘણાં વર્ષોથી જે પુરુષાર્થ પોતે કરી રહ્યા હતા એ પુરુષાર્થની લક્ષ્યસિદ્ધિનો માર્ગ સ્વામીજી બતાવી રહ્યા હતા. એટલું જ નહીં બંને ધ્યેય (સમાજ-સુધારણા અને આત્મકલ્યાણ) એ માર્ગે સિદ્ધ થશે એવું એ ભાખી રહ્યા હતા! કેળવણીની વાતનો ઉદય તો છગનલાલના હૈયામાં ઊગી ચૂક્યો હતો. સ્વામીજી કદાચ એ જાણતા હતા. એટલે જ છગનલાલના હાથે એક તપશ્ચર્યાનાં બળ અને શુદ્ધિથી એ કાર્ય થશે એ પણ સ્વામીજી જોઈ શક્યા હશે. માનવકલ્યાણનો પુરુષાર્થ એ પણ મહાન યજ્ઞ છે એ કંઈ સ્વામીજીએ છગનલાલને સમજાવવું પડે એવું ન હતું.

છગનલાલને કશાક વિચારમાં પડી ગયેલા જોઈ સ્વામીજીએ કહ્યું: "છગનભાઈ, તમારી શી મૂંઝવણ છે એની મને સમજ પડી ગઈ છે."

અને છગનલાલે મૂંઝવણ અભિવ્યક્ત કરતાં કહ્યું: "આપે સૂચવ્યો એ માર્ગ શ્રેષ્ઠ છે એ ખરું, પણ એનો આરંભ હું કેમ કરીને કરીશ?"

"શી અડચણ છે?"

"મેં સમાજસુધારણાની પ્રવૃત્તિઓમાં ઘણો ભાગ લીધો છે. પણ કેળવણીના કામનો મને અનુભવ નથી."

"આવી વાણી ન ઉચ્ચારો, છનગભાઈ. તમારી પાસે બધું છે." કહી સ્વામીજીએ એક પાત્રમાંથી પાંચ રૂપિયા લઈ છગનલાલને આપતાં કહ્યું: "હવે કશો વિલંબ કરવાની જરૂર નથી. બધું સિદ્ધ થશે. સૂઝ અને તપ ભેગાં મળશે એટલે કામને આગળ ધપાવનારા અને દીપાવનારા મળી રહેશે."

છગનલાલે એ પાંચ રૂપિયા પોતાના હાથમાં ધારણ કર્યા. જાણે કોઈ નવી ચેતનાનો સંચાર પોતાની રગરગમાં થતો હોય એવો અનુભવ એમને થયો. એમને લાગ્યું કે કોઈ દૈવી પળ આશીર્વાદ બનીને એમની સામે આવી હતી.

સ્વામીજીની સલાહને આજ્ઞારૂપે શિરોધાર્ય કરીને છગનલાલ યથા સમયે સરઢવ આવ્યા.

કાશીથી સરઢવ પાછા ફર્યા પછી છગનલાલનું ધ્યેય તો નક્કી થઈ ગયું હતું. પણ સામે એક પડકાર આવીને ઊભો હતો. કેળવણી અંગેનું કામ કેમ શરૂ કરવું, ક્યાંથી શરૂ કરવું એટલું જ નહીં શું કરવું એ પણ એક મૂંઝવણનો વિષય હતો. રાતદિવસ ચિત્તમાં એ જ ચિંતન હતું. કોઈ સાથીદાર ન હતો. વળી, કેળવણી એ જમાનામાં કોઈના રસનો વિષય ન હતો. એ વાત પણ કોની સાથે કરવી? સુધારાની હવા જેમને સ્પર્શી ચૂકી હતી એવા કેલાક નવલોહિયા યુવાનોને લાંબા ગાળાની અને ગોકળગાય જેવી મંથર ગતિની કેળવણીની યોજના આકર્ષી શકતી નહોતી.

સમય વીતતો જતો હતો અને છગનલાલની અકળામણ વધતી જતી હતી.

આ અકળામણ વચ્ચે નગીનભાઈનો પત્ર છગનલાલને ઈશ્વરી સંકેત સમાન જણાયો. અને જાણે સર્વ ચિંતાઓનું શમન આ પત્રથી થતું હોય એવી લાગણી એમને થઈ. એમણે એ પત્ર ફરી એક વાર વાંચ્યો. અંધકારમાં અટવાતી જ્ઞાતિનો ઉદ્ધાર કેળવણી દ્વારા જ થઈ શકે એ વાત એમાં ભારપૂર્વક લખવામાં આવી હતી. પત્રને અંતે લખ્યું હતું: "તમારા સાથ અને ટેકાની સારી આશા જણાયાથી કેટલાક અન્ય આગેવાનોની સાથે તમને પણ પત્ર લખીએ છીએ. આ કાર્યમાં અમારી શ્રદ્ધા પાર પડે એ રીતે તમે ઊંઝા જરૂર પધારશો."

પત્ર વાંચ્યા પછી છગનલાલને એક નૈસર્ગિક આનંદનો અનુભવ થયો. એમને આશ્ચર્ય એ વાતનું હતું કે જે વાત પોતે વિચારતા હતા એ જ વાત 'રજેરજ' એમાં હતી. એથી સામે ચાલીને યારી આપતા નસીબનો સંજોગ થયાનો એમને આનંદ થયો.

એમણે ઊંઝાના મેળામાં જવાનો નિર્ણય કરી લીધો. અને વિક્રમસંવત ૧૯૭૫ના વૈશાખ સુદ પૂનમને દિવસે એ ઊંઝા પહોંચી ગયા. બીજા કેટલાક આગેવાનો પણ આવ્યા હતા. શેરથા ગામના આગેવાનોની સંખ્યા મોટી હતી.

ઊંઝાના મેળામાં છગનલાલ અને નગીનભાઈનું મિલન થયું, પ્રથમ વારનું મિલન હોય એમ. અગાઉ પરિષદના અધિવેશનમાં કે અન્ય સ્થળે મળવાનું થયું હશે પણ અરસપરસ કશો વિચાર-વિનિમયનો વ્યવહાર થયેલો નહીં. નગીનભાઈના ચહેરા ઉપર ઉત્સાહ તરવરતો હતો. આંખમાં ચમક

હતી. પ્રૌઢાવસ્થા તરફ ઢળી ચૂક્યા હતા. પણ હજુ પચીસ વર્ષના જુવાનમાં હોય એવી ચંચળતા એમનાં અંગોમાં હતી. ગાંધીવિચારસરણીનો પ્રભાવ એમના ઉપર હતો. કોઈ પણ પ્રશ્નને સમજીને એની સાથે કામ પાડવાની એમની સૂઝ સારી હતી. અને વ્યક્તિને પળમાં પારખી લેવાની દૃષ્ટિ પણ એમને મળેલી હતી.

છગનલાલને એ મળ્યા. સાડા પાંચ ફૂટ કરતાં થોડી વધારે ઊંચાઈ. પાંચ ઇંચની દીવાલની ખાદીની ટોપી. અને પગમાં દેશી જોડાને લીધે કદ પૂરું છ ફૂટનું જણાય. શરીરનો પાતળો અને સુદૃઢ બાંધો. કપાળમાં લાંબું શિવપંથી તિલક. વાર્ધક્યને લીધે શરીર ઉપર કરચળીઓ ઉપસેલી પણ આંખોની ચમક જુવાનને પણ શરમાવે એવી. નગીનભાઈ છગનલાલને આજ જાણે પ્રથમ વાર જોતા હોય એમ પ્રભાવિત થયા.

થોડી ઔપચારિક વાત થઈ ન થઈ અને બંને જણ વિષયની વિચારણા કરતા હોય એમ અત્યાર સુધીના પુરુષાર્થને મૂલવવા મંડી ગયા. બંને એક વાતમાં સહમત હતા કે અત્યાર સુધી કરેલો પુરુષાર્થ એળે નથી ગયો. લોકોમાં સુધારાના સંસ્કારનાં બી રોપાયાં છે. એના અંકુર ફૂટવા લાગ્યા છે. અને પ્રજા કંઈક વિચારતી થઈ છે. એ કાર્ય મૂળગામી, વ્યાપક, ઝડપી અને સ્થાયી બને એ જરૂરી છે. અને એનો એકમાત્ર ઉપાય કેળવણી છે. કેળવણી દ્વારા બાળકોમાં રેડાયેલા સંસ્કાર વધારે દૃઢ અને ફળદાયી નીવડી શકે. અત્યાર સુધી આપણે પુખ્ત વયના લોકો સાથે કામ પાડ્યું. હવે બાળકોમાં કામ કરવાનું છે.

બીજા આગેવાનો નજરે પડતા હતા. આવતા હતા. આવકાર, ખબરઅંતર વગેરે ચાલતું હતું. વાર્તાલાપ તૂટતો હતો અને ફરી સંધાતો હતો. મેળો હતો એટલે મંદિરના ચોગાનમાં અને આસપાસ માનવીઓની ભીડ પણ સારી એવી જામી હતી. આ લોકસમુદાયમાંથી આજના હેતુને સંબંધકર્તા વ્યક્તિઓની ખોજ કરી લેવાની હતી. અને એટલે શરૂના કલાકોમાં તો ક્યાંય એક જ સ્થળે સ્થાયી બેઠક હોય એવું જણાતું ન હતું. ઘડીકમાં મંદિરની પાછળની પડાળી, ઘડીકમાં મંદિરનો ચોક કે પછી મુખ્ય દરવાજાની આગળ કે અંદરની બાજુ ચર્ચાવિચારણાઓ—સમાજની, વ્યવહારની, સુધારણાની અને કેળવણીની મિશ્ર ચર્ચાઓ થયા કરતી હતી. પણ એક વાત સ્પષ્ટ હતી કે કોઈ વ્યવસ્થિત સભા કે સભામાં થતા ઠરાવોનું રૂપ અહીં દેખાતું ન હોવા છતાં નગીનભાઈ અને છગનલાલ જે જે મહાનુભાવોને જે કંઈ કહેવા જેવું હોય તે કહી છૂટતા અને કેળવણીના કાર્યમાં સહકારની ખાતરી મેળવી લેતા.

આ રીતે ઊંઝાના મેળામાં આગેવાનો સાથેની ચર્ચા-વિચારણા સાથે જનસંપર્ક ઘણો સફળ રહ્યો. કેળવણી માટે કંઈક કરી છૂટવાની એક સારી આબોહવા સર્જાઈ. અને ફલશ્રુતિરૂપે જુદા જુદા વિસ્તારના આગેવાનોએ કંઈક વિશેષ અને નક્કર વિચારણા કરવા માટે ફરી મળવાનું વિચાર્યું. અને વધેલી આશા અને શ્રદ્ધા સાથે સૌ વીખરાયા.

~ ૨ ~

ક. પા. કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના અને છગનલાલની પ્રતિજ્ઞા

ઊંઝાના મેળામાં નક્કી થયા પ્રમાણે જુદાં જુદાં ગામના આગેવાનોની એક સભા સંવત ૧૯૭૫ના જેઠ સુદ અગિયારસના દિવસે સરઢવ ગામે મળી. આ સભાનો વિશેષ લાભ એ હતો કે અહીં મળેલા ભાઈઓ કેળવણીના કામ માટે જ મળવાના હતા એટલે એ સૌ કેળવણીપ્રેમી તો હતા જ, એટલે કોઈ પણ જાતના અવરોધ કે મતમતાંતર વગર સભાનું કામ ચાલવા લાગ્યું. કેળવણીની સંસ્થા સ્થાપવી તો હતી જ, પણ શાળા સ્થાપવી કે વિદ્યાર્થીઓને રહેવાની બોર્ડિંગ? લગભગ સૌનો એવો મત હતો કે શાળા સ્થાપવાની ઉતાવળ ન કરતાં પ્રથમ તબક્કે બોર્ડિંગ સ્થાપવી. આ નિર્ણય ઉપર આવવા પાછળ આગેવાનોની નજર આગળ બે કારણો હતાં. પહેલું અને મુખ્ય કારણ તો એ હતું કે નાનાં ગામમાંથી અંગ્રેજી ભણતરની શાળાવાળા શહેર કે કસબામાં ભણવા માટે જતા વિદ્યાર્થીઓ માટે ક્યાંય રહેવાની સગવડ હતી નહીં. આવા વિદ્યાર્થીઓએ સગાંવહાલાંને ત્યાં રહેવું પડતું. અને આવી વ્યવસ્થા પણ ઘણી વાર અભ્યાસ પૂરો થાય ત્યાં સુધી પાર પડતી નહીં અને વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દેવો પડતો. આ પરિસ્થિતિ નિવારવાના ઉપાય તરીકે જ્યાં મૅટ્રિક સુધીના વર્ગો ચાલતા હોય એવા શહેરમાં એક બોર્ડિંગ સ્થાપવાની જરૂર હતી.

સમાજના આ આગેવાનોની દૃષ્ટિએ બોર્ડિંગ સ્થાપવા માટેનું બીજું કારણ બાળકના ચારિત્ર્યઘડતરનું હતું. એ માનતા હતા કે બાળકને સારું ભોજન મળે, તેની તંદુરસ્તી જળવાઈ રહે, એ પોતાના કાર્યમાં નિયમિત અને ચોક્કસ બને એટલું પૂરતું નથી. બાળકમાં શુભ સંસ્કારોનાં બી રોપાય, તેનામાં સેવાવૃત્તિ ખીલે, તેનામાં સાચું જ્ઞાન મેળવવાની તાલાવેલી જાગે; સંપ, સહકાર અને સહિષ્ણુતાથી કામ કરવાની તેનામાં આવડત આવે તે જરૂરી છે. વળી, શાળાના અભ્યાસ પાછળ વપરાતા સમય ઉપરાંત બોર્ડિંગ પાસે એટલો બધો સમય ફાજલ રહી શકે જેમાં બાળકની આ બધીયે શક્તિઓ ખીલવવાનો વ્યવસ્થિત પ્રયાસ થઈ શકે.

આ પ્રકારના હેતુ અને ખ્યાલના કારણે સૌએ એકી અવાજે બોર્ડિંગ સ્થાપવાની વાતને વધાવી લીધી.

હવે ચર્ચાની એરણ ઉપર પ્રશ્ન આવ્યો સ્થળનો. સૌની નજર આગળ બે સ્થળ હતાં—એક મહેસાણા અને બીજું કડી. નગીનભાઈએ આ બે સ્થળોની ઉપયોગિતા વિશે ચર્ચા કરતાં પુરુષોત્તમદાસ લલ્લુભાઈના વિચારો પણ સભા આગળ મૂક્યા. પુરુષોત્તમદાસને સૌ સારી રીતે જાણતા હતા. એમના અભિપ્રાયનું મૂલ્ય પણ મોટું હતું. ખરી રીતે તો સ્થળની પસંદગી માટે ઝાઝી ચર્ચાનો અવકાશ જ ન હતો. કડી એ ગાયકવાડી કડી પ્રાન્તનું મુખ્ય સ્થળ હતું એ રીતે એ પસંદગીને પાત્ર હતું. વળી જ્ઞાતિનાં ગામોની ગૂંથણીની દૃષ્ટિએ જોતાં પણ કડી વધારે અનુકૂળ સ્થળ હતું. આમ સ્થળની પસંદગી પણ કોઈ જાતની ખેંચતાણ કે અવરોધ સિવાય થઈ.

અને એ પછી આ સભામાં સૌથી મહત્ત્વનું કાર્ય આ બધા સંકલ્પોને આકાર આપીને પાર પાડવા અને

તેની કાયમી વ્યવસ્થા માટે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપનાનું થયું. આમ સંવત ૧૯૭૫ના જેઠ સુદ અગિયારસના દિવસે કડી પ્રાંતના સરઢવ ગામે શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના થઈ. એ દિવસે ઈ. સ. ૧૯૧૯ના જૂન મહિનાની ૮મી તારીખ અને રવિવાર હતાં

મંડળની સ્થાપના સાથે એનો વહીવટ કરવા મંત્રી તરીકેની સેવાઓ આપવાની જવાબદારી નગીનભાઈને સોંપવામાં આવી. આ વખતે હાજર સૌ આગેવાનોએ પોતાના થકી જરૂરી સેવાઓ આપવાની તેમ જ પોતાના વિસ્તારની જનતાનો પૂરો સહકાર મળી રહે એની ખાતરી આપી. વળી, પ્રાથમિક ખર્ચ માટે એ સભામાં જ એક નાની સરખી રકમ એકઠી કરવામાં આવી. આમાં શેરથાના આગેવાનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો.

આ સભામાં એક ધ્યાનાર્હ ઘટના બની. છગનલાલે ઊભા થઈને સભા સન્મુખ એક પ્રતિજ્ઞા જાહેર કરતાં કહ્યું. 'જ્યાં સુધી કડી પ્રાંતમાં વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ન થાય ત્યાં સુધી હું મિષ્ટાન્ન લઈશ નહીં.'

ઉપલક દૃષ્ટિએ તો આ પ્રતિજ્ઞા એક સામાન્ય બાબત જણાય. એ જમાનામાં મિષ્ટાન્ન લેવાના પ્રસંગો જવલ્લે જ આવતા. મહત્ત્વના ધાર્મિક તહેવારો અથવા ઘર કે કુટુંબમાં આવતા શુભ પ્રસંગો કે પછી અતિથિ તરીકે ક્યાંક બહારગામ જવાનું થાય ત્યારે ભોજનમાં મીઠાઈ આરોગવાનું બનતું. મીઠાઈ એટલે—શીરો, કંસાર કે લાડુ! જવલ્લે માણવામાં આવતા આ સ્વાદનો ત્યાગ એ આમ તો કોઈ મોટી વાત ન ગણાય. પણ અહીં આ ત્યાગ પાછળ રહેલી ભાવનાનું ઘણું મોટું મહત્ત્વ છે. આ પ્રતિજ્ઞા એ તો છગનલાલે સમાજને આપેલો એક કોલ હતો. જે કાર્ય પોતે ઉપાડવા માગતા હતા એ પોતાના મનમાંથી જરા સરખું અળગું ન થાય એ માટે સતત સ્મૃતિ કરાવનાર આ એક ચાનક હતી. એથીય વિશેષ તો આ પ્રતિજ્ઞા દ્વારા છગનલાલે આ કાર્ય સાથે; એટલે કે, વિદ્યાર્થી આશ્રમની સ્થાપનાની ઘટના સાથે પોતાની નિસ્બત જાહેર કરી. બીજા શબ્દોમાં કહીએ તો એમણે આડકતરી રીતે એ જાહેર કર્યું કે સૌનો ઉત્સાહ ભલે ઓસરે, મારો ઉત્સાહ ઓસરવાનો નથી. સાથમાં કોઈ નહીં હોય તો હું એકલો પણ એ કાર્યસિદ્ધિ માટે ઝઝૂમતો રહીશ. આ કાર્ય ભલે કોઈનું ન રહે, મારું તો રહેવાનું છે જ. આ પ્રતિજ્ઞા દ્વારા સમાજની નજર મારા ઉપર નોંધાયેલી રહેવાની છે. મારા કાર્યમાં શિથિલ બનીને અથવા પ્રમાદ સેવીને કે પાછાં પગલાં કરીને સમાજની એ નજરમાં હું હાંસીપાત્ર બનવા માગતો નથી.

આ સભામાં બે બાબતો સ્પષ્ટપણે ઊભરી આવી—મંડળના કાર્યને સારી રીતે આગળ ધપાવવા માટે નગીનભાઈ જેવો સક્ષમ અને દૃષ્ટિવંત મંત્રી મળ્યો તે, અને સમગ્ર પ્રવૃત્તિનો સમગ્ર ભાર પોતાના ખભા ઉપર ઝીલીને, પોતાની કોઠાસૂઝ અને અનુભવના બળથી નેતાગીરી પૂરી પાડી શકે એવો છગનલાલ પીતાંબરદાસના રૂપમાં નેતા સાંપડ્યો તે.

એ જમાનામાં કેળવણી માટેની કોઈ પણ યોજના વાયવ્ય જણાય અને વાતોનાં વડાં જેવી લાગે. પણ એ દિવસની સરઢવની સભામાં સૌને કોઈ જુદો જ અહેસાસ થયો. નગીનભાઈ અને છગનલાલને પડછે જ્ઞાતિના ઉત્કર્ષની ઉષાની લાલિમા પ્રગટતી જણાઈ. આખો સમાજ છગનલાલની શક્તિઓથી પરિચિત હતો. આશ્રમની સ્થાપના હજુ ક્ષિતિજમાં હતી છતાં જાણે આજે જ એની સ્થાપના થઈ ચૂકી હોય એવી એક મીઠી હૈયાધારણ સાથે સરઢવની એ સભા પૂરી થઈ.

~ ૩ ~

ક. પા. વિદ્યાર્થી આશ્રમ

સરઢવની સભા અને વિદ્યાર્થી આશ્રમની સ્થાપના વચ્ચે બરાબર નવ મહિના અને એકવીસ દિવસનો ગાળો રહ્યો હતો. સરઢવની સભા જેઠ સુદ ૧૧ને દિવસે થઈ હતી અને વિદ્યાર્થી આશ્રમની સ્થાપના ચૈત્ર સુદ બીજને દિવસે થઈ. આ સમયગાળો છગનલાલ અને નગીનભાઈ માટે ભારે પરિશ્રમ અને કસોટીનો કાળ હતો. વધારે વાસ્તવિક રીતે કહીએ તો એ ગાળો છગનલાલના જ્ઞાતિના એક વગદાર આગેવાન તરીકેના પ્રભાવનો પૂરેપૂરો ઉપયોગ કરવાનો હતો. જે સ્થળે આશ્રમની સ્થાપના કરવાની હતી એ સ્થળ છગનલાલના પ્રદેશનું હતું. એ વિસ્તારનાં કડવા પાટીદારોનાં ગામડાંની આમજનતા છગનલાલને જાણતી હતી. સમાજસુધારણા માટે એમણે કરેલી પ્રવૃત્તિઓને કારણે પણ એ વિસ્તારમાં એક શક્તિશાળી કાર્યકર તરીકે એ જાણીતા હતા એટલે એ વિસ્તારની પ્રજા સાથે સંસ્થાની સ્થાપના સંબંધી જે કંઈ વિચારવિનિમય કરવાનો હતો કે જે કંઈ વ્યવહાર કરવાનો હતો એ સઘળો છગનલાલ સાથે અને એમના પ્રભાવ હેઠળ થવાનો હતો. આના કારણે સરઢવના છગનલાલ પીતાંબરદાસ પટેલ કડીમાં નિશાળિયાંને રહેવા માટેની 'બોર્ડિંગ' ઊભી કરી રહ્યા છે એવી એક હવા ઊભી થઈ. જુદાં જુદાં ગામના આગેવાનોનો સાથ મળી રહેતો હતો. કાર્યમાં એમની મદદ પણ મળી રહેતી હતી. પણ ચિત્રમાં છગનલાલ એક અને એકલા હતા. આનો અર્થ એવો નથી કે આ સમયગાળામાં નગીનભાઈ નિષ્ક્રિય હતા કે એમનું પ્રદાન કશું ન હતું. છગનલાલના સહાયક બનીને, પોતે વાક્‌પટુ હોવાના કારણે અને શિક્ષણ વિશે ઘણું વિચારેલું હોવાના કારણે લોકો આગળ એ અસરકારક રીતે કેળવણીની વાત કરતા અને જે લોકો કેળવણી બાબતે પરાઙ્મુખ હોય એમને અભિમુખ કરવામાં સારું એવું કામ કરી શકતા.

આ નવ મહિના અને એકવીસ દિવસનો સમયગાળો છગનલાલ અને નગીનભાઈ માટે ભારે પ્રવૃત્તિનો રહ્યો. અથાગ પરિશ્રમ, ગામગામનો રઝળપાટ, આશ્રમના આરંભ માટે અને એની નિભાવણી માટે ફંડ પ્રવૃત્તિનું કષ્ટભર્યું કામ. આ બધું કરવામાં કોઈ કોઈ સ્થળે અને કોઈ કોઈ પ્રસંગે લોકોના વલણમાં અનુભવવા મળતાં ઔદાસીન્ય, ઉપેક્ષા અને ક્યારેક તો અપમાન પણ ભળેલાં હોય. પણ હવે નાસીપાસ થવાનો કે પાછાં પગલાં કરવાનો કોઈ પ્રશ્ન ન હતો. છગનલાલના ઉત્સાહમાં કોઈ ઓટ આવતી ન હતી અને ૫૮ વર્ષની ઉંમરે પહોંચ્યા હોવા છતાં શારીરિક થકાવટની એમની કોઈ ફરિયાદ ન હતી.

છૂટાછવાયા કટુ અનુભવો કંઈ ધારણાબહારના ન હતા. કામનો વેગ અને સિદ્ધિ ધાર્યા કરતાં વધારે જોવા મળતાં હતાં. સરઢવની સભામાં જે ઉપસ્થિત હતા તે આગેવાનો અને એમના ગામ તરફથી ઉત્સાહભર્યો સહકાર મળતો હતો. અને શેરથા, આદરજ જેવાં ગામોમાંથી સેવાભાવી મહાનુભાવોની સેવાઓ પણ પ્રાપ્ત કરી શકાશે એવાં ચિહ્નો પણ જણાતાં હતાં.

કડીમાં સંસ્થા સ્થાપવાની હોવાથી વારંવાર કડીની મુલાકાત પણ લેવાનું થતું હતું. અને ક્યારેક

રાત રોકાઈ જવાનું પણ થતું. સાથે બે-ચાર આગેવાનો પણ હોય. આવા સંજોગોમાં કડીમાં શ્રી વિઠ્ઠલભાઈ અને એમના ભાઈ શ્રી પુરુષોત્તમભાઈ (દાસકાકા)ને ત્યાં રાત્રિરોકાણ થતું. વિઠ્ઠલભાઈ અને દાસકાકાનાં માતુશ્રી કાશીબા એ સૌની પ્રેમપૂર્વક સેવા અને સરભરા કરતાં. આ રીતે આગેવાનોનું કાર્ય ઘણું સગવડભર્યું બની રહેતું.

નવ મહિના અને એકવીસ દિવસના અત્યંત પ્રવૃત્તિસભર સમયગાળા પછી સંવત ૧૯૭૬ના ચૈત્ર સુદ બીજ અને સોમવારના દિવસે કશા દબદબા કે મોટા સમારંભ વગર વિદ્યાર્થી આશ્રમની સ્થાપના થઈ. આશ્રમને પોતાનું મકાન ન હતું. કાર્યાલય ન હતું. કોઈ ગૃહપતિ ન હતો કે કોઈ સેવક ન હતો. ભવિષ્યમાં જે આશ્રમમાં સેંકડોની સંખ્યામાં એકસાથે છાત્રો નિવાસ કરવાના હતા એ આશ્રમની શરૂઆત કડી શહેરની વાયવ્યમાં આવેલા ભાડાના એક જીર્ણ મકાનમાં છ છાત્રોની સંખ્યા સાથે થઈ. આ જીર્ણ મકાન 'અમીનનું ડહેલું' તરીકે જાણીતું હતું.

જે દિવસે આશ્રમનો આરંભ થયો એ દિવસે સંસ્થા પાસે શેરથા ગામથી મળેલા રૂ. ૮૫નું ભંડોળ હતું. નવો સ્થપાયેલો આશ્રમ કઈ રીતે ચાલતો હતો એ છગનલાલના શબ્દોમાં જોઈએ:

> વિના પગારે આશ્રમની દેખરેખનું કામ શ્રી વિઠ્ઠલભાઈ રણછોડદાસે માથે લીધું. ફંડનો હિસાબ પા. ખોડાભાઈ ઝવેરદાસને ત્યાં રહેતો.
>
> કડીની આજુબાજુનાં ગામોમાંથી અનાજ તથા નાણાં આવે અને આશ્રમનું ખર્ચ નભે. સાત માસ પછી વિદ્યાર્થીઓની સંખ્યા વધી. તેમનાં ચારિત્ર્ય, અભ્યાસ વગેરે પર દેખરેખ રાખવાની જરૂર લાગવાથી અને આશ્રમના વહીવટ અંગે એકાદ વ્યવસ્થાપકની નિમણૂક કરવા જેટલી ફંડ-સ્થિતિ થવાથી શ્રી કુબેરભાઈ છોટાલાલ પટેલને ગૃહપતિ તરીકે સં. ૧૯૭૭ના કારતક વદ ૩ તા. ૨૮-૧૦-૨૦થી નીમવામાં આવ્યા. કડી પરગણાનાં ગામો અને ડંડાવ્યના મોટા બાર ગામનું પંચ તથા કડી રૂ મહાજન લાગણીથી આશ્રમના નિભાવ અર્થે મદદ કરી રહ્યાં હતાં. પ્રસંગે નાણાભીડ ઊભી થતી. એકબે પ્રસંગોએ આવી રીતે નભતી સંસ્થાઓનો વહીવટ કેટલો વિકટ અને મુશ્કેલ છે તેનો પ્રત્યક્ષ અનુભવ કાર્યકર્તાઓને બરાબર થયો હતો.

વિદ્યાર્થી આશ્રમની આરંભની સ્થિતિ અંગે સંસ્થાના સં ૧૯૭૬-૭૭-૭૮ના એકત્ર રિપોર્ટમાં આ પ્રમાણે નોંધ છે:

> સંવત ૧૯૭૬ની સાલ સુધી, આશરે પ્રથમ છ માસ સુધી આ આશ્રમ એક સામાન્ય વીશી કરતાં વિશેષ હતો એમ ન કહી શકાય, કારણ કે ઉત્પાદકો જ્ઞાતિવિષયક બીજાં અનેક કાર્યમાં રોકાયેલા હોઈ તથા આ આશ્રમના ખર્ચ માટેના બંદોબસ્તમાં પણ બહુ ફરવું પડતું હોવાથી સ્થાનિક દેખરેખ બિલકુલ રાખી શકાતી નહોતી. માત્ર પૈસા એકઠા કરી કડીના પા.ખોડીદાસ ઝવેરદાસની દુકાને મૂકતા જ્યાંથી જોઈએ તેમ લઈ કડીના પા. વિઠ્ઠલદાસ રણછોડદાસ આશ્રમ માટે જોઈતો સામાન લાવી આપતા. વિદ્યાર્થીઓ ઉપર કોઈ પ્રકારની દેખરેખ રાખી શકાતી નહીં. સંવત ૧૯૭૭ની શરૂઆતથી આશ્રમના સામાન્ય વહીવટ માટે ખાસ માણસની નિમણૂક કરવામાં આવી અને દિવસ જતાં બીજાં કાર્યો આટોપી કે ઓછાં કરી ઉત્પાદકો તથા વ્યવસ્થાપકો પણ આ તરફ વિશેષ નજર

રાખવા લાગ્યા. આ આશ્રમને એક પ્રાચીન ગુરુકુળ જેવો બનાવવા ઉત્પાદકોની ઇચ્છાઓ અને આશય છે. પરંતુ જેઓના મનમાં આવી ઉત્કંઠાઓ ભરી છે તેઓ નાણાં એકત્ર કરવાના કાર્યમાં સતત રોકાયેલા રહેલા હોવાથી ધારેલી ધારણા પાર પાડી શક્યા નથી. સ્થાયી દેખરેખ રાખનાર જેટલા પ્રમાણમાં આ વિચાર અને ભાવને ઝીલી શકે તેટલું કાર્ય હજી થઈ શક્યું છે. પરંતુ બીજા કાર્યમાંથી ફારગત થઈ હવે આંતરવ્યવસ્થા પર ખાસ લક્ષ રાખવા વિચાર છે. અને ધારેલાં ધ્યેય જલદી પાર પડશે એવી ધારણા છે.

આશ્રમમાં હાલ સાંજ-સવાર પ્રાર્થના થાય છે. જેમાં સાંજની પ્રાર્થના વખતે ભજનકીર્તન કે બીજાં પ્રવચન પણ થાય છે. હજી આમાં વિશેષ સુધારો કરવાની ઇચ્છા છે. હંમેશ સાંજના રામાયણ-મહાભારત જેવો કોઈ ધાર્મિક ગ્રંથ વાંચી તેનું વિવેચન વિદ્યાર્થીઓ સમક્ષ કરવા ધારીએ છીએ. હાલ સવાર-સાંજ જમતી વેળા વિદ્યાર્થીઓ શ્રીમદ્ ભગવદ્ગીતાનો શ્રી પુરુષોત્તમયોગ નામના પંદરમા અધ્યાયનો મુખપાઠ કરે છે. જે પીરસાઈ રહે ત્યાં સુધીમાં પૂરો થઈ રહે છે. આ પાઠમાં રોકાયેલા રહેવાથી બીજી ગડબડ ન થતાં પૂર્ણ શાંતિ જળવાઈ રહે છે અને તેમનામાં કાંઈક ગંભીર ધાર્મિક ભાવ ઉત્પન્ન થાય છે.

સંવત ૧૯૭૬ આખરે આશ્રમમાં ૨૪ વિદ્યાર્થીઓ હતા. વાર્ષિક પરીક્ષામાં જેમાંના ૨૧ પાસ થયા હતા અને ત્રણ નાપાસ થયા હતા. જેમાંના બેને ઉપરના ધોરણમાં ચડાવવામાં આવ્યા હતા. બાકીનો એક જે પરીક્ષા અગાઉ એક માસ પહેલાં જ દાખલ થયો હતો તે આગળ જઈ શક્યો નહોતો.

નવા વર્ષે સંવત ૧૯૭૭માં ૪૦ વિદ્યાર્થી નવા આવ્યા અને ૧૮ ઊઠી ગયા. પરિણામે વર્ષ દરમિયાન કુલ ૪૬ વિદ્યાર્થીઓની સંખ્યા રહી હતી.

સંવત ૧૯૭૮ની સાલમાં પહેલા ધોરણ (હાલનું પાંચમું ધોરણ)થી મૅટ્રિક ક્લાસ સુધીમાં કુલ મળી ૫૨ વિદ્યાર્થીઓ આશ્રમમાં હતા.

આશ્રમની સ્થાપના તો થઈ. પણ પૂરતાં નાણાંનો અભાવ, નાણાંના અભાવના કારણે આશ્રમના છાત્ર ઉપર પૂરા સમય માટે ધ્યાન આપી શકે એવા ગૃહપતિ કે કાર્યકરનો અભાવ, છાત્રાલયને અનુરૂપ મકાનનો અભાવ, સંસ્થામાં કારકુન, કોઠારી કે હિસાબનીસનો અભાવ વગેરે અનેક પ્રકારના અભાવ વચ્ચે આશ્રમનું કામ ચાલ્યા કરતું હતું. પારદર્શક નિષ્ઠા એ સંસ્થાનું સૌથી મોટું જમાપાસું હતું. સંસ્થાને નિભાવવા અને ટકાવી રાખવામાં કાર્યકર્તાઓની શક્તિ ખર્ચાતી હતી એ સૌ જોઈ શકતું હતું એટલે સંસ્થા પ્રત્યે સૌની સદ્ભાવની લાગણી ઉત્તરોત્તર વધતી જતી હતી. શ્રી કુબેરભાઈ છોટાલાલની ગૃહપતિ તરીકેની નિમણૂક પછી છાત્રો પરની દેખરેખ બાબતે છગનલાલ અને નગીનભાઈ એક પ્રકારની રાહત અનુભવવા લાગ્યા હતા.

સંવત ૧૯૭૬-૭૭-૭૮ના એકત્ર રિપોર્ટમાં છાત્રાલયમાં દાખલ થતા છાત્રો વિશેની સામાન્ય છાપ વિગતે આપવામાં આવી છે જેમાંથી થોડી નોંધ અહીં આપવામાં આવી છે જેથી સંસ્થાના કાર્યકર્તાઓ તેમ જ ગૃહપતિનું શું ઉત્તરદાયિત્વ ઊભું થાય છે એ સમજી શકાશે. રિપોર્ટમાંની કેટલીક વિગતો આ પ્રમાણેની છે:

વિદ્યાર્થીઓ સામાન્ય રીતે સાદા અને સરળ સ્વભાવના હોય છે. ગામડાની તેમની બહુ જ ટૂંકી

દુનિયામાંથી આવતા હોઈ બહારનું બધું જ તેમને નવું અને અજાયબી ભરેલું લાગે છે. અમુક કાર્ય થાય કે અમુક ન થાય એવા એવા સંસ્કાર જ તેમના મગજ ઉપર કદી નાખવામાં આવેલા હોતા નથી. કેમ બેસવું, કેમ ઊઠવું, કેમ ખાવું કે પીવું, કેવી રીતે બોલવું, કેમ સૂઈ રહેવું, કેમ ચાલવું, કેમ કપડાં પહેરવાં વગેરે નાના બાળકની માફક તેમને શીખવવું પડે છે, એટલું જ નહીં પણ પ્રથમથી રૂઢ થયેલી અવ્યવસ્થિત ટેવો દૂર કરતાં બહુ જ લક્ષ આપવું પડે છે. જેને પરિણામે અહીં રહ્યા બાદ જરૂર દરેક વિદ્યાર્થીની રીતભાત તેમ જ બોલી-ભાષામાં ફેરફાર થાય છે.

હોકો તમાકુ પીવાં તે પાટીદારોનું ભૂષણ ગણાતું હોઈ છોકરા તે પીતા હોય તે જાણવા છતાં માબાપો તરફથી તેમને ટોકવામાં આવતા નથી. ઉપરાંત કેટલીક વખત 'લે ભાઈ, સળગાવી આપ' કહી તેમને પીતાં શીખવવામાં આવતું હોઈ નવા આવતા ઘણા વિદ્યાર્થીઓને બીડી, તમાકુ પીવાની ટેવ હોય છે. જેમને તે ટેવ ભુલાવવી મુશ્કેલ પડે છે. જતે કાળે ભૂલે છે છતાં કોઈ વખતે અવકાશ કે લાગ મળતાં ચોરીચૂપકીથી પી પણ લે.

બાળક સ્વભાવ જરાયે અગવડ કે અન્યાય વેઠી શકતો નથી જેને લઈને તેમની તકરારો કે ફરિયાદો હોય તે કુદરતી છે છતાં મોટા ઉંમરલાયક વિદ્યાર્થીઓમાં પણ એકબીજાનું સહન કરવાની કે ગમ ખાવાની, દીઠી ન દીઠી કે થયું ન થયું કરવાની તથા એકબીજાને મદદ કરવાની ટેવ જ નથી હોતી. આ તેમના ગૃહજીવનની અસર છે. અન્ય સ્થળના વિદ્યાર્થીઓ કરતાં આ તરફના વિદ્યાર્થીઓમાં આ ન્યૂનતા વિશેષ જોવામાં આવે છે. તે આ તરફના જનસમૂહની રીતભાતનો ઓળંભો છે એમ કહી શકાય. પાટીદાર વિદ્યાર્થીઓ કસાયેલી કોમના હોઈ ગમે તેવું મહેનતનું કાર્ય ઝપાટામાં કરી નાખે છે. છતાં સામાન્ય રીતે તેમનામાં ચાલાકી કે સ્ફૂર્તિ ઓછી જોવામાં આવે છે. જેથી તેમના રૂઢ થયેલા સંસ્કારને એક રસ્તેથી બીજે રસ્તે વાળતાં પ્રમાણમાં મહેનત અને મુશ્કેલી વધારે પડે છે.

આ સઘળાં કાર્ય અને આશાઓને ધૂળ ભેગાં મેળવતી એક મોટી મુશ્કેલી એ છે કે વધારે તો રહ્યું, પણ ચારપાંચ વર્ષ સુધી પણ કોઈ છોકરો લાગલાગટ અભ્યાસ કરી શકતો નથી કે અમારા સહવાસમાં રહી શકતો નથી. વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષ થતાં થતાં તો દરેકને વહુ તેડવાનું મુહૂર્ત આવવાથી કે વહુ મોટી થઈ ગયાના કારણે અભ્યાસ છોડી ઘેર આવવા એમનાં માબાપ તરફથી દબાણ થાય છે. કેટલીક વખત તો વિદ્યાર્થીની નામરજી છતાં ઘરનું દબાણ થવાથી અને ન માને તો ખર્ચ રોકવાથી વહુના કારણે અભ્યાસ મૂકવા ફરજ પડે છે. આ રીતે અમારી માગેલી ભીખ, વેળા-કવેળા ભોગવેલી અથડામણ તથા વિદ્યાર્થીઓ પાછળ લીધેલી મહેનત સર્વ ઉપર પાણી ફરી વળે છે. ઈશ્વર આથી બચાવો.

બાળલગ્ન કેળવણીમાં કેવું અવરોધક બળ હતું એ ઉપરની હકીકતના આધારે સમજી શકાય એવું છે. એના સમર્થનમાં સં. ૧૮૭૯-૮૦ના અહેવાલના નીચેના આંકડા પૂરક બની રહેશે. એ વર્ષમાં આશ્રમની સંખ્યામાં કુલ ૬૩ છાત્રોમાંથી ૫૭ પરણેલા હતા ૨ વિધુર થયેલા હતા અને ૪ કુંવારા હતા.

એવી જ રીતે પછીના વર્ષના (સં. ૧૯૮૦-૮૧) આંકડા પણ જાણવા રસપ્રદ બની રહેશે. આશ્રમમાં

અન્ય જ્ઞાતિઓના છાત્રોની સંખ્યાના આંકડા અહીં જુદા પાડીને આપ્યા છે જેથી પાટીદાર જ્ઞાતિની સ્થિતિની અન્ય જ્ઞાતિઓની સ્થિતિ સાથે તુલના કરી શકાય:

જ્ઞાતિવાર કુંવારા, પરણેલા અને પૂંખાયેલાની સંખ્યા

જ્ઞાતિ	સંખ્યા	કુંવારા	પૂંખાયેલા	પરણેલા	વિધુર	સગપણ કરેલા	કુલ
પાટીદાર	૯૭	૨૦	૨૫	૪૮	૪	–	૯૭
બ્રાહ્મણ	૭	૭	–	–	–	–	૭
વાણિયા	૧૧	૬	–	૩	–	૨	૧૧
ઇતર કોમ	૯	૨	–	૪	૩	૨	૯

આશ્રમ માટે જે મકાનનો ઉપયોગ થતો હતો તે જીર્ણ હાલતમાં હતું. ચોમાસામાં છતમાંથી પાણી ગળતું. કેટલીક વાર તો સતત વરસતા વરસાદના દિવસોમાં છાત્રો ભારે અગવડમાં મુકાઈ જતા હતા. પથારીઓ સતત ખસેડ્યા કરવી પડતી હતી અને કેટલીક વખત તો એવો સમય આવી રહેતો કે વિદ્યાર્થીઓ ટાઢમાં આખી રાત ઠૂંઠવાતા બેસી રહેતા. છાત્રોની આ મુસીબત જોઈ છગનલાલનું હૈયું દ્રવી ઊઠતું. વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી હતી એટલે મુસીબતોનું પ્રમાણ પણ વધ્યું હતું. આ પરિસ્થિતિઓમાં આશ્રમ માટે સગવડભર્યા મકાનનો પ્રશ્ન છગનલાલના ચિત્તમાં સતત ઘોળાવા લાગ્યો. કામચલાઉ ઉપાય તરીકે નજીકમાંના ખાખચોકના મંદિરનો એક ભાગ બીજા ભાડાના મકાન તરીકે ઉપયોગમાં લેવાવા લાગ્યો. આથી થોડી મોકળાશ તો થઈ પણ એથી કંઈ પ્રશ્ન હલ થયો હોય એવું જણાયું નહીં.

કેટલાક મનોમંથન પછી છગનલાલે સંસ્થાના કાર્યકરોને એકઠા કર્યા. વિદ્યાર્થીઓની હાલાકી વિશે સૌને વાકેફ કરીને છાત્રોને અગવડ ન પડે એ માટે એક અલગ, સ્વતંત્ર અને સંસ્થાની પોતાની માલિકીના મકાનની જરૂરિયાત વિશે વાત કરી. એ દિવસોમાં અને જ્યારે આશ્રમને નિભાવવામાં જ આર્થિક ભીંસ સતત રહેતી હતી ત્યારે નવું મકાન ઊભું કરવાની વાત સહેલી ન હતી.

મકાનની અનિવાર્યતા છગનલાલને બરાબર સમજાયેલી હતી જ. દૃઢ સંકલ્પ કરીને એને પાર પાડ્યા વિના છૂટકો ન હતો. છગનલાલે પોતાના મનમાં આત્મવિશ્વાસથી ઘૂંટેલો નિર્ણય જાહેર કર્યો: 'આશ્રમનું મકાન કરવું જ છે; આપણે એ કરીશું જ.' અને આ નિર્ણયની જાહેરાત સાથે છગનલાલે ફરી એક પ્રતિજ્ઞા કરી: 'જ્યાં સુધી આ છાત્રો સંસ્થાના પોતાના મકાનમાં રહેતા ન થાય ત્યાં સુધી હું એકટાણાં કરીશ—દિવસમાં એક જ વાર જમીશ!'

અને આ પ્રતિજ્ઞા સાથે જ છગનલાલ પીતાંબરદાસ પટેલ છગનલાલ મટીને છગનભા બન્યા! ઉંમરને કારણે એમના માટે આ અગાઉ પણ 'ભા' શબ્દથી સંબોધન તો થતું હતું, પણ આ પ્રતિજ્ઞા પછી એ સાચા અર્થમાં 'ભા' બનીને છાત્રોના હૈયામાં વસ્યા. સંબોધન ભલે 'ભા'નું હોય પણ એમના હૈયામાં છાત્રો માટે વાત્સલ્ય તો માતાનું જ ઊભરાતું હતું!

~ ૪ ~

પાટીદાર વિદ્યાલય

અમીનના ડહેલામાં તથા ખાખચોકના મંદિરમાં વિદ્યાર્થી આશ્રમનું કામ, મકાન સંબંધી ઘણી અગવડો હોવા છતાં સારી રીતે ચાલતું હતું. ઉત્તરોત્તર છાત્રસંખ્યા પણ વધતી જતી હતી. ગૃહપતિની નજર હેઠળ છાત્રોની દિનચર્યા પણ વ્યવસ્થિત રીતે ચાલતી હતી.

આમ છતાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સરકારી નિશાળમાં જવું પડતું હતું. સંસ્થાના કાર્યકરોએ કેળવણીનું જે ધ્યેય નજર સમક્ષ રાખ્યું હતું અને સરકારી શાળાઓમાં જે માળખામાં અને જે અભ્યાસક્રમ હેઠળ અધ્યાપનકાર્ય થતું હતું એમાં ઘણું મોટું અંતર હતું. જે કેળવણી સરકારી શાળાઓમાં કે અન્ય ખાનગી શાળાઓમાં અપાતી હતી તે વિશે કડવા પાટીદાર કેળવણી ઉત્તજેક મંડળના કાર્યકર્તાઓનો અભિપ્રાય આવો હતોઃ 'હાલ સરકારી કે તે પદ્ધતિ પર ચાલતી બીજી ખાનગી શાળાઓમાં અપાતા શિક્ષણથી વિદ્યાર્થીઓ ફક્ત પુસ્તકોના કીડા બની જાય છે. નૈસર્ગિક શક્તિ જરાયે કેળવાતી નથી. તેઓ વ્યાવહારિક નીતિરીતિ જાણી શકતા નથી. ધર્મભાવનાઓનો તો નાશ જ થતો ચાલે છે એવો કચવાટ આપણે આસપાસ સાંભળીએ છીએ. જે શિક્ષણ પોતાના પૂર્વજોનો ઇતિહાસ ન શીખવે, અસલના આર્યોનાં પરાક્રમો ન ભણાવે, જ્યાં રામાયણ અને મહાભારત જેવાં વીરરસથી ભરપૂર ગ્રંથોનું ઓળખાણ પણ ન થાય તે શિક્ષણ શા કામનું? શાસ્ત્રોને તો ઉધેઈ જ ખાય છે. મોટેરાંઓ પ્રત્યેનો ભાવ તથા માન આ પદ્ધતિથી ઓછાં થતાં ગયાં છે એ આપણો અનુભવ છે. આપણામાં સંતોષને બદલે અસંતોષ ઘર કરી રહ્યો છે. આધ્યાત્મિકને બદલે આર્થિક વિષયો પર જ વિવાદ ચાલે, એટલે લોકો ધનનો જાપ જપતા થયા છે. પૈસો જ પરમેશ્વર છે એમ માનતા થયા છે. ક્યાં પહેલાંની સાદી, સંતોષી, સુખી જિંદગી અને ક્યાં હાલની વિલાસી, હડકવાઈ દુઃખી જિંદગી...! આ બધું અવળું જ ચાલે છે એવું ભાન હવે સર્વને થવા લાગ્યું છે...'

કેળવણીની પદ્ધતિનો કાર્યકર્તાઓને આવો અસંતોષ તો હતો જ. પણ સાથે સાથે સરકારી નિશાળનાં કેટલાંક દૂષણો પણ આશ્રમના છાત્રોને વળગવા માંડ્યાં હતાં તેથી કાર્યકર્તાઓ ચોંકી ઊઠ્યા હતા. એ દૂષણો પૈકી સૌથી મોટું અને ચિંતાજનક દૂષણ હતું વિદ્યાર્થીઓમાં પ્રસરવા લાગેલી ટ્યૂશનની ઘેલછા! શાળાના બીજા વિદ્યાર્થીઓની દેખાદેખીથી આશ્રમના વિદ્યાર્થીઓ પણ ટ્યૂશન રાખવાના મોહમાં ફસાતા હતા. આશ્રમમાં રહીને છાત્રોને આશ્રમના નિયમમાં આવતી રોજિંદી પ્રવૃત્તિ જેવી કે પોતાની ઓરડીની સાફસૂફી, સવાર-સાંજની પ્રાર્થના, થોડોક વ્યાયામ એ સિવાય કંઈ કરવાનું ન હતું. એટલે અભ્યાસ-સ્વાધ્યાય માટે એમને ઘણો સમય મળતો હતો. વળી, જરૂર પડે ત્યારે ગૃહપતિ તરફથી અભ્યાસમાં માર્ગદર્શન મળી રહેતું હતું. આમ છતાં ગૃહપતિના આદેશને લક્ષમાં લીધા સિવાય અને જાણબહાર કેટલાક છાત્રો ખાનગી ટ્યૂશન માટે જવા લાગ્યા હતા. પરિણામે એમના આશ્રમજીવનમાં અનિયમિતતા આવતી હતી. અને અભ્યાસમાં જે ખરેખરી નિષ્ઠા જોઈએ એ ઘટતી જતી હતી.

છગનભાને ટ્યૂશનપ્રથા માટે કેટલો અણગમો હતો એ એમણે સંસ્થાના એક સમારંભમાં ઉચ્ચારેલા આ શબ્દો પરથી જાણી શકાશે. "ખાનગી ટ્યૂશનોનો વ્યાધિ દરેકેદરેક અંગ્રેજી શાળાને લાગેલો જ હોય છે. આશ્રમના વિદ્યાર્થીઓ પણ તે વ્યાધિમાં સપડાયેલા જ્યારે જોવામાં આવ્યા ત્યારે કમકમાટી ઊપજી. પરિણામે કાર્યકર્તાઓને લાગ્યું કે આશ્રમની સાથે સાથે જ શાળા પણ શરૂ કરવામાં આવે તો જ સંસ્થાનું કાર્ય દીપે અને મા-બાપના સંસ્થાના ખર્ચનું સંપૂર્ણ ફળ મળે."

આવા સંજોગોમાં સંસ્થાની પોતાની શાળા શરૂ કરવા બાબતની વિચારણા કરવા એક રાત્રે સંસ્થાના કાર્યકરો ખાખચોકવાળા વિભાગના મકાનમાં એકઠા મળ્યા. અમદાવાદથી પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ આવ્યા હતા. અને અન્ય કાર્યકર્તાઓમાં છગનભા, નગીનભાઈ, ચતુરભાઈ અમીન, ગૃહપતિ કુબેરભાઈ વગેરે હતા.

ચર્ચા દરમિયાન છગનભાએ સંસ્થાનું પોતાનું જ વિદ્યાલય હોય એ જરૂરી છે એટલું જ નહીં પણ અનિવાર્ય છે એવો ભારપૂર્વક પોતાનો મત દર્શાવ્યો. બધા કાર્યકર્તાઓ છગનભાના મત અને વિચારો સાથે સહમત હતા જ. સૌ આ નિષ્કર્ષ ઉપર આવ્યા કે:

> આપણા આશ્રમના વિદ્યાર્થીઓને સરકારી શાળામાં મોકલવાથી માણસમાં માણસાઈ લાવવાનો, આર્યોમાં અસલના આર્યોનું આર્યત્વ પ્રગટાવવાનો, મનની તથા તનની શુદ્ધિ ટકાવી પ્રભુમય જીવન ગાળતા થવાનો પ્રયત્ન કરવાનો, સ્વાવલંબી થતાં શીખવવાનો વગેરે ઉદ્દેશો પાર પડી શકે એમ નથી એ બે વર્ષના અનુભવ ઉપરથી સમજાઈ ગયું છે. પોતાની સ્વતંત્ર શાળા સિવાય ખર્ચના પૈસા ઊગી નીકળવાના નથી. વિદ્યાર્થીઓની સદ્‌ભાવના ખીલવાની નથી, માનસિક, નૈતિક, શારીરિક અને ધાર્મિક શિક્ષણ અપાઈ શકવાનું નથી. પોતાની શાળા વિના ધારેલું ધ્યેય પૂર્ણ રીતે પાર પડી શકવાનું નથી...

શાળા શરૂ કરવા વિશે હવે કોઈને સંદેહ રહ્યો ન હતો પણ હાલ એ મનોરથ પાર પાડવા બાબતે ઠીક ઠીક મુશ્કેલીઓ નજર સામે હતી. કોઈકે કહ્યું પણ ખરું: "પણ હમણાં શાળા શરૂ કરવાનું શી રીતે બની શકશે?"

"કેમ ન બની શકે?" છગનભાએ પ્રશ્ન કર્યો.

"આપણી પાસે એ માટે શી જોગવાઈ છે?"

"શી જોગવાઈ જોઈએ?"

"પહેલું તો મકાન. વર્ગો બેસાડવા માટે મકાન તો જોઈએ ને?"

"તે તો આપણી પાસે છે."

"આ મકાનની વાત કરો છો?"

"હા. છાત્રો થોડી અગવડ વેઠી લેશે."

"આ મકાનમાં શાળા ચલાવવા માટે જરૂરી કશી સગવડો નથી." બીજા કોઈએ કહ્યું.

"સગવડ નહીં હોય તો બીજું મકાન ભાડે રાખીશું; એમાં મૂંઝાવાનું શું?"

"મકાનનું તો જાણે થશે, પણ બીજા ખર્ચ પણ ક્યાં ઓછા છે?" આવો અભિપ્રાય આપતાં કોઈએ ઉમેર્યું: "શિક્ષકોનો પગાર જ એક તો મોટા ખર્ચનો વિષય."

અત્યાર સુધી તો છગનભા કોઈ સાધારણ વાતચીતમાં ઉત્તર આપતા હોય એમ બોલતા હતા. પણ હવે એમના ચહેરા ઉપરના ભાવ એકાએક પલટાયા. એમણે હુક્કાની નેહ ઉપર હોઠ દાબી એક લાંબો દમ ખેંચી હુક્કાના પાણીને બરાબર ગડગડાવ્યું. ચારછ ધુમાડાના ગોટ હવામાં ફેંક્યા અને ઘેરા દઢ અવાજે કહ્યું: "ખર્ચની ચિંતા તમે શું કામ કરો છો? આવો મોટો યજ્ઞ આદરીશું અને પૈસા માટે ઊભું રહેશે? પૈસા હું મેળવી આપીશ. એના વિના અટકી પડવાનું નથી. તમ તમારે નિશાળ શરૂ કરવા કેડ બાંધો."

સૌ છનગભા તરફ જોઈ રહ્યા. આર્થિક સંકડામણ હોય ત્યારે કેટલી મુશ્કેલી પડતી હતી એ સૌ જાણતા હતા. અને પૈસાનો પ્રશ્ન કોઈ હિસાબમાં જ ન હોય એ રીતે છગનભા બોલતા હતા. એમના મનમાં આ વિશે કોઈ ખાસ યોજના હતી? કોઈ શ્રીમંતે હૈયાધારણ આપી હતી? એકલા હાથે આ બધું પાર પડી શકવાનું હતું?

એક કાર્યકર્તાએ કહ્યું પણ ખરું: "ઉત્સાહમાં આવી જઈને નિશાળ શરૂ તો કરી દઈએ. અને પછી પહોંચી ન વળાય અને નિશાળ બંધ કરવા જેવી સ્થિતિ થાય તો હાંસીને પાત્ર ઠરીએ. અને વધારામાં આશ્રમની સ્થિરતા ઉપર અસર થાય એ જુદી."

છગનભાની આંખમાં એક ચમક આવી. આ સૌના મનની વાત સમજી જઈને એમનો સંદેહ ટાળવા એ બોલ્યા: "આપણે એકલા જ છીએ એવું ન સમજતા. થોડાક લોકો આપણી આકરી ટીકા કરે છે એથી બધો સમાજ એમની સાથે છે એવું પણ ન સમજતા. કેટલાક પુણ્યાત્માઓ આપણી સાથે છે. તમે ન જોયું? દંડાવ્યના પંચે એમની કોથળીની પાઈએ પાઈ આપણી ઝોળીમાં ઠાલવી દીધી. એટલા ઉપરથીય તમે લોકલાગણી નથી સમજી શકતા? એક માણસની કોથળી ખાલી કરાવવી એ સહેલી વાત છે. પણ આટલા મોટા સમૂહની સહિયારી મિલકત—પાઈએ પાઈ સુધીની મળવી એ કોઈ સાધારણ વાત છે? અને તેય સમાજના પંચની! હું તો તમને સૌને કહું છું, આપણે ગાંડા હોઈએ તો લોકલાગણીનો લાભ લેવાની તક જતી કરીએ. અને મારી નજરમાં બે-ચાર બાહોશ પુરુષો છે. એ આપણી પડખે રહેવાના છે. એમની સાથે મારે વાત પણ થઈ છે."

"કોણ છે એ?"

"આદરજના ધનશા ભગત અને માધવજી."

કોઈ મોટી ચિંતા ટળી જતી હોય એમ સૌ છગનભા તરફ અહોભાવથી જોઈ રહ્યા. સૌએ એક અવાજે ઉદ્‌ગાર કાઢ્યો: "તો પછી બોલાવીએ વ્યવસ્થાપકમંડળની મિટિંગ અને કરીએ ઠરાવ."

વ્યવસ્થાપકમંડળની સભા મળી અને ત્રણ ધોરણ સુધીની અંગ્રેજી શાળા માર્ચ ૧૯૨૨થી શરૂ કરવા ઠરાવ કર્યો. (એ વર્ષોમાં નવું શૈક્ષણિક વર્ષ માર્ચમાં શરૂ થતું. જે-તે ધોરણમાં દોઢ મહિનો અભ્યાસક્રમ ચાલ્યા પછી મે વેકેશન શરૂ થતું.)

સં ૧૯૭૮ના ફાગણ સુદ-૩ તારીખ ૧-૩-૨૨ને બુધવારના રોજ વડોદરા રાજ્યના કેળવણી ખાતાની મંજૂરીથી અંગ્રેજી ત્રણ ધોરણ એટલે હાલનાં ધોરણ ૫, ૬ અને ૭ સુધીનું 'શ્રી કડવા પાટીદાર વિદ્યાલય' શરૂ થયું. અને પહેલા ધોરણમાં ૧૭ વિદ્યાર્થીઓ દાખલ થયા. ફેબ્રુઆરી માસની આખરે શાળાનાં ત્રણે ધોરણના મળી વિદ્યાર્થીઓની સંખ્યા ૭૯ હતી.

રાષ્ટ્રીય રંગથી રંગાયેલા અને ગાંધીવિચારસરણીથી પ્રભાવિત નિષ્ઠાવાન શિક્ષકો સંસ્થાને મળી

રહ્યા એ પણ સંસ્થાનું એક સદ્‌નસીબ હતું. શ્રી કુબેરભાઈ પટેલ કમળાશંકર ત્રિવેદીના વિદ્યાર્થી, સિનિયર થયેલા અને આશ્રમમાં ગૃહપતિ તરીકે સેવાઓ આપવા માટે સરકારી નોકરી છોડી હતી. એમણે શાળામાં પણ સેવા આપવાનું સ્વીકાર્યું. શ્રી પોપટભાઈ ગુલાબદાસ પટેલ એમણે ગાંધીજીનાં શાળા-કૉલેજ-શિક્ષણના બહિષ્કારના આદેશને અનુસરીને કૉલેજના છેલ્લા વર્ષની પરીક્ષા નહીં આપેલી. પછીથી ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા હતા. એમને શાળાના આચાર્ય તરીકેનું સુકાન સોંપાયું. અન્ય શિક્ષકોમાં શ્રી છગનભાઈ કાળિદાસ પટેલ જેમણે શિક્ષણ બહિષ્કારમાં ઇન્ટરમાંથી અભ્યાસ છોડ્યો હતો અને પછીથી વિદ્યાપીઠના સ્નાતક થયા હતા એ, અને શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ પટેલ જે પછીની કારકિર્દીમાં દાસકાકા તરીકે ઓળખાયા, એ હતા.

શાળા શરૂ થયા પછી ધારણા કરતાં પણ વધારે સારી સફળતા મળી રહી હતી. શાળા શરૂ થયા પછી છ મહિનાને અંતે વડોદરા રાજ્યના શિક્ષણાધિકારી શ્રી નન્દનાથ કે. દીક્ષિતે સંસ્થાની મુલાકાત લઈ નીચે પ્રમાણે અભિપ્રાય લખ્યો હતો એના ઉપરથી શાળાનું કામ પ્રથમ તબક્કાથી જ કેવા સંગીન પાયા ઉપર ચાલી રહ્યું હતું એનો ખ્યાલ આવી શકશે. શ્રી દીક્ષિતે લખ્યું હતું:

> આ વિદ્યાલયનું ભેટ લઈ ચાલતું કામ જોયું. થોડા પ્રશ્નો કરી થયેલો અભ્યાસ પણ તપાસ્યો. અંગ્રેજી ધોરણ ત્રીજા સુધીનો અભ્યાસ થયો છે. એકંદરે ચાર શિક્ષકો કામ કરે છે, જેમાંના એક પદવીધર છે. અને બીજા એક શિક્ષણપદ્ધતિ પાઠશાળાની તાલીમ લઈ ઉત્તીર્ણ થયેલા છે. એ પૈકી જ એક ગૃહસ્થ આશ્રમ ઉપર દેખરેખ રાખે છે. આ સૌ પાટીદાર કોમની સેવા કરવાના હેતુથી કંઈક સ્વાર્થત્યાગ કરીને સંસ્થામાં જોડાયા છે એટલે તેમનું કામ સંતોષકારક હોય એ નવાઈ જેવું નથી. જ્યાં કર્તવ્યની ભાવનાથી પ્રેરાઈ માણસો કામ કરે છે ત્યાં તેમની મહેનતનું ફળ સારું અને વહેલું આવે છે. બેસવા માટે કરવામાં આવેલી વ્યવસ્થા બીજે સ્થળે નકલ કરવા જેવી છે. પાટલીઓનો નકામો ખર્ચ ન કરતાં થોડા ખર્ચે આંખ ન બગડે ને ઘરમાં બેસીને ભણતા હોય એવી ગોઠવણ આ સંસ્થાના ચાલકોએ કરી છે. તે જોઈ હું પ્રસન્ન થયો. કડવા પાટીદાર કોમના ખર્ચે જ સંસ્થા ચાલે છે. તથાપિ તેના ચાલકો બીજી નાતનાં બાળકોને પણ છૂટથી દાખલ કરી પોતાની સંસ્થામાં શિક્ષણનો લાભ આપે છે એ પણ સંતોષની વાત છે. હમણાં પાટીદાર કોમમાં સારી જાગૃતિ આવેલી લાગે છે. દેશસેવા તથા સમાજસેવા કરવાને માટે એ કોમમાંથી ઘણા યુવકો ઉત્સુક જણાય છે. તેમની આ હોંશનો લાભ જેટલો સમાજથી લેવાય તેટલો લેવો જોઈએ.
>
> આ વિદ્યાલયનું કામ સર્વ રીતે યશસ્વી નીવડેલું સાંભળી મને બહુ આનંદ થશે.

વિદ્યાલયની સંખ્યા વધતી જતી હતી. નવાં ધોરણો શરૂ કરવાની યોજના તો હતી જ. એટલે હવે ખાખચોકનું મકાન પર્યાપ્ત થઈ શકે એમ ન હતું. મોટા મકાનની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી. એટલે મલ્હારરાવના મહેલની સામેના વિસ્તારમાં બંદૂકવાલાની હવેલી વિદ્યાલય માટે ભાડે રાખી. અને નવા વર્ષના માર્ચથી ચોથું ધોરણ શરૂ કરવામાં આવ્યું. ચાર ધોરણની કુલ સંખ્યા ૧૦૧ થઈ હતી. અને ઈ. સ. ૧૯૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષથી સંચાલકોએ પાંચમું ધોરણ પણ શરૂ કર્યું. પાંચમું ધોરણ એટલે હાલનું નવમું ધોરણ.

શાળા શરૂ કરવાના સાહસ અગાઉ છગનભાએ આ સાહસમાં પડખે રહેવા બાબતમાં માધવજીભાઈ

અને ધનશા ભગતમાં જે શ્રદ્ધા દાખવી હતી તે સંપૂર્ણપણે ખરી નીવડી. શાળા માટે ફંડપ્રવૃત્તિ બાબતમાં આ બે મહાનુભાવો અંગે છગનભા લખે છે:

> ફંડપ્રવૃત્તિમાં શ્રી માધવજી ત્રિભુવનદાસ, ધનશા ભગત અને હું મુખ્યત્વે જોડાયા હતા. શ્રી ધનશા ભગતના જીવનની ટૂંક હકીકત અહીં નોંધવી આવશ્યક છે. તેઓ ગૃહસ્થ સંન્યાસી છે. એમનું જીવન ભલભલા ઉત્સાહી યુવાનને પણ શરમાવે એવું છે. ખેતી કરવી–કરાવવી, પોતાના દીકરાને ભણાવવો અને મા વિનાના બાળક-દીકરાને ઉછેરવો વગેરે પોતાના ઘરની સર્વ વ્યવસ્થા કરવી અને જરા નવરાશ મળે કે તુરત જ સંસ્થાના ફંડ માટે નીકળી પડવું. આવો એમનો અવિરત કાર્યક્રમ હતો. અને હજુ પણ છે. શ્રી માધવજી તો ઘરના ગૃહસ્થ અને વસ્તારી એટલે એમને સેવા માટે અનુકૂળ સંજોગો હતા જ.

શ્રી માધવજીભાઈના આ અનુકૂળ સંજોગો વિશે શ્રી પોપટભાઈ લખે છે:

> માધવજીભઈનો ધંધો ખેતીનો. તેમની ખેતી વિસ્તૃત. બેત્રણ હળ જેટલી. બે દીકરા મદદમાં એટલે ચોમાસાની ખેતી માટે ચીવટથી ધ્યાન આપી વાવેતર વ્યવસ્થિત રીતે કરાવવાનું તેમનું કામ. પછી આખું વર્ષ સંસ્થાની ફંડ પ્રવૃત્તિ માટે હાજર થઈ જ જાય. આમ સતત પંદર વર્ષ સુધી એકધારો તેમણે સંસ્થા માટે ભોગ આપ્યો.

~ ૫ ~

ખાતમહોત્સવ

બંદૂકસાહેબની હવેલી (જે અત્યારે મામલતદાર કચેરીની બાજુમાં બકરાવાલા બિલ્ડિંગ તરીકે ઓળખાય છે.)માં શાળાનું કામકાજ સારી રીતે ચાલતું હતું. શૈક્ષણિક અભ્યાસક્રમની સાથે સાથે નૈતિક, આધ્યાત્મિક, ધાર્મિક વગેરે ઉચ્ચ પ્રકારના સંસ્કારોનું સિંચન વિદ્યાર્થીઓમાં થતું હતું. નિષ્ઠાવાન શિક્ષકો કાળજીપૂર્વક વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરની ફરજમાં વ્યસ્ત હતા. રાજ્યના શિક્ષણખાતામાં વિદ્યાલયની એક ઉત્કૃષ્ટ છાપ ઊપસી હતી. સંસ્થામાં આવનાર મુલાકાતીઓ શાળા અને આશ્રમની પ્રવૃત્તિઓ જોઈ પ્રસન્ન થતા હતા.

પણ છગનભાના મનમાં એક ઊંડો અજંપો રહ્યા કરતો હતો. એમને સતત લાગ્યા કરતું હતું કે જ્યાં સુધી સંસ્થાનું પોતાનું મકાન ન હોય ત્યાં સુધી પોતાના સ્વપ્નની એક શૈક્ષણિક દુનિયા ઊભી કરવાનું કામ મુશ્કેલ હતું, બલ્કે અશક્ય હતું. એટલા માટે તો એમણે આશ્રમનું પોતાનું મકાન ન હોય ત્યાં સુધી એકટાણાં અન્ન લેવાની પ્રતિજ્ઞા લીધી હતી. એમનો સઘળો પુરુષાર્થ આ દિશામાં હતો. પોતાના આ કાર્યમાં સહભાગી બની શકે એવા સાથીદારો ધનશા ભગત અને માધવજી ત્રિભોવનદાસને મેળવી લીધા હતા. દંડાવ્ય મોટા બારના પંચ તરફથી આર્થિક પ્રોત્સાહન મળ્યું હતું. આ બધા શુભ યોગ દ્વારા સં. ૧૯૭૯ના ચૈત્ર સુદ ૨ તા. ૧૯-૩-૧૯૨૩ ને સોમવારે કડી રેલવેસ્ટેશન સામેની લગભગ નવ વીઘા જમીન ખરીદીનો દસ્તાવેજ થયો.

હવે છગનભાને વિલંબ કરવાનું કોઈ કારણ જણાતું નહોતું. એક જ મહિના પછી એટલે કે સં. ૧૯૭૯ના વૈશાખ સુદ પના રોજ શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના હસ્તે મકાનનો ખાતવિધિ કરવાનું નક્કી થયું. નિર્ધારિત દિવસે મકાનનો ખાતવિધિ થયો. એનો શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સં. ૧૯૭૯ના વૃત્તાંતમાં પ્રગટ થયેલા અહેવાલમાંથી કેટલાક અંશ નીચે પ્રમાણે આપ્યા છે:

સુવિદ્વાન સુશીલ શાસ્ત્રી મણિશંકર આ શુભ કાર્ય કરાવવા તૈયાર થઈ રહ્યા હતા. તેમણે મુહૂર્તસ્થાન નક્કી કરી આપતાં જણાવ્યું કે આ કાર્યમાં પૂર્ણ ખંત, ઉત્સાહ તેમ જ પ્રેમ ધરાવનાર કોઈ સશક્ત પુરુષ પાસે આ ખોદાવો. તદનુસાર આદરજના પટેલ રણછોડલાલ કાળિદાસને સૂચના કરતાં પવિત્ર ગંગાજળથી પ્રોક્ષિત, કુમકુમ અક્ષતથી પૂજા પામેલી ભૂમિ ઉપર તેવી જ પૂજા પામેલો ત્રિકમ હાથ ધરી—

सहनाऽवतु सहनौभुनक्तु सहवीर्यंकरवावहै
तेजस्वीनावधीतमस्तु माविद्विषावहै।
संगच्छध्वं संवदध्वं संवोमनासि जीनताम्
समानो मंत्र स्समिति स्समानी समान मनस्सह चित्त मैषाम्॥

ऋग्वेद

આદિ વેદ મંત્રોચ્ચારણ સહિત સૂર્ય સન્મુખ ઊભા રહી પૂર્ણ ઉલ્લાસથી તેમણે કાર્ય શરૂ કર્યું.

સ્વશક્તિમદથી ગર્વાંકિત ગૌર ભાલપ્રદેશનું ત્રિપુંડ, કાર્ય પરત્વેની અંતર ઊર્મિઓનો સાક્ષાત્કાર કરતા મુખમુદ્રા પર છવાયેલા આનંદ સાથે આધેડ વયના ઠરેલપણાની છાપ તથા પરિશ્રમને લઈને વળતાં ઝીણાં ઝીણાં પ્રસ્વેદબિન્દુઓ પર બાલસૂર્યનાં સોનેરી કિરણો પડતાં તેમની જે સુંદર મનોહર ભાવનાયુક્ત મૂર્તિ દેખાતી તે આ આશ્રમમાં રહી કેળવણી પામનાર ગુર્જર બાળકો ભવિષ્યમાં કેવાં થવાનાં છે તેના નમૂનારૂપ જાણે ન હોય! તેવો ભાસ થયા સિવાય રહેતો નહોતો. ખોદવાનું કાર્ય પૂરું થતાં પૂજાનું કાર્ય શરૂ થયું.

મનોમય માત્ર ભાવનાત્મક સૃષ્ટિથી અજાણ તેમ જ તેટલું ઝીલવા માટે કાચા બાળકોના મનમાં પોતે જે માર્ગે જાય છે તે શું અને કેવો છે તેનો ખ્યાલ આણી ઉચ્ચ ભાવનાને દોરવાની સીડીરૂપ, આદર કરવા માંડેલા આશ્રમમાં હંમેશ માટે સ્થૂળરૂપે સ્થાપન કરવા ધારેલાં સરસ્વતીદેવીનું સુંદર મનોહર છબીમાં આહ્વાન કરી પૂજા કરી શ્રી મહાગણાધિપતિનું, મુહૂર્તના ખાતનું તેમ જ બિરાજમાન સ્વામીશ્રીનું પણ શુભ ભાવનાથી પરિપૂર્ણ શુદ્ધ અંતઃકરણની ઊંડાઈથી પૂજન થયું.

ઘડિયાળમાં આઠ થવા આવ્યા. પાસે રચેલા સુંદર, સુઘડ ભભકારહિત છતાં મનને આહ્લાદ આપનારી સામગ્રીથી સજ્જિત મંડપમાં, નિમંત્રેલા ગામ-પરગામના ગૃહસ્થોની ઠઠ જામી હતી. વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુસરતું 'સુખદાયિની સરસ્વતીમાતા તું' નામની સ્તુતિથી મંગળાચરણ કર્યું. તે પૂરુ થતાં તથા અહીં મુહૂર્તનો સમય થતાં શ્રીમાન શેઠ દુર્ગાપ્રસાદભાઈને મુહૂર્તસ્થાન પર નિમંત્ર્યા. સર્વ મંડળ સહ તેઓશ્રી ત્યાં પધાર્યા. સઘળા નિયંત્રિત દેવતાઓનું પૂજન કરી બરાબર સવા આઠ થતાં વિધિયુક્ત ખાતક્રિયા કરી આનંદમગ્ન થઈ નિમંત્રેલા દેવોની પ્રસાદીરૂપ ગોળ-ધાણાથી સર્વેએ મોં મીઠાં કર્યાં. આ ક્રિયા પૂરી થતાં સરસ્વતીદેવીસહિત સર્વે મંડપમાં ગયાં. અગ્રસ્થાને મૂર્ત દેવી બિરાજ્યાં. તેમના દક્ષિણ હસ્તે તે ભારતીના પરમ ઉપાસક નારાયણ સ્વરૂપ સ્વામી શ્રી વિદ્યાનંદજી તથા સ્વામીશ્રી દયાનંદજી બિરાજ્યા. તથા વામ ભાગની જગ્યા દેવીના ઉપાસકોને અનુમોદન અને પ્રોત્સાહન આપવા હંમેશાં તૈયાર શેઠ શ્રી દુર્ગાપ્રસાદભાઈ તથા શેઠ શ્રી સોમનાથ રૂપજીભાઈએ લીધા બાદ વૃન્દ પોતપોતાની યોગ્યતા પ્રમાણે સર્વ આસપાસ ગોઠવાઈ ગયું. દેવીના સ્તવન-સ્તુતિનું કાર્ય શરૂ કરતાં પ્રથમ કડી શહેરના કહો કે કડી પ્રાંતના કહો, અગ્રગણ્ય અમીન કુટુંબના મુખ્ય અમીન ચતુરભાઈ રાધાભાઈએ પધારેલા સર્વે પ્રાહુણાઓને આવકાર આપતાં જણાવ્યું કે આજનો માંગલિક સમારંભ સર્વને સુવિદિત છે. શ્રીમંત મહારાજાસાહેબના કેળવણીના ઉચ્ચ આશય અને સબળ પ્રયત્ને આપણામાં કંઈક જાગૃતિ આવી છે. કેટલાંક વર્ષથી જ્ઞાતિસુધારાની હિલચાલ તરફ આપણાં ધ્યાન દોરાયાં છે. અને તે માટે અત્યાર સુધીમાં ઘણા પ્રયત્નો પણ કર્યા છે. જેમાંના દરેકે સમાજ ઉપર જરૂર કાંઈ ને કાંઈ અસર કરી છે જ. પ્રથમ પ્રયત્નમાં આપણે સંવત ૧૯૬૩-૬૪માં કડીમાં ખેડૂત સમાજ સ્થાપી થોડો વખત કેટલુંક કામ કર્યું. જોકે 'ખેડૂત-સમાજ' અદૃશ્ય થવા છતાં એણે સમાજ પર કાંઈક છાપ તો પાડી જ. અને સંસ્કારમાં કેટલાંક બી વેર્યાં.

*

આનંદ, ઉલ્લાસ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સમારંભ પૂરો થયો. સભામંડપમાં જ સંસ્થાને સહાયરૂપ થવાની લાગણી ભરપૂર દેખાઈ. જે એ વખતે જ જાહેર થયેલા દાન ઉપરથી સહેજે જોઈ શકાશે. એ વખતે એક સંન્યાસી ઉપરાંત અન્ય ગૃહસ્થો તરફથી આશ્રમના મકાનની ૧૪ ઓરડીઓ

બંધાવી આપવાની જાહેરાત થઈ. સભામાં રૂ. ૧૭૧ની રોકડ રકમ દાનમાં મળી અને રૂ. ૧૧૩૧ના દાનનાં વચનો અપાયાં.

સભાના સમાપનમાં મંત્રીશ્રી નગીનભાઈ વૃજલાલ પટેલે આ પ્રમાણે કહ્યું:

આપણા માટે ભવિષ્યમાં ઘણા પ્રસંગો અનુભવવામાં આવશે. તેમાંનો આ પહેલો અને અનેરો પ્રસંગ છે. ધારેલા ધ્યેય અને કરેલાં કાર્યોના પરિણામરૂપ મહોરની જે ઝાંખી આજે થાય છે તે હૃદયને ઉત્સાહ અને લાગણીથી હલમલાવી રહ્યું છે તે વચનથી વ્યક્ત કરી શકાય એમ નથી. કામ કરતાં સાંભળવા પડેલા મન-કમનના ઊંચાનીચા ભારે હલકા શબ્દોની જો ક્યાંય અસર રહી હશે તો તે આજની અખંડ ધારે વહેતી અમીથી ધોવાઈ જાય છે. કામ કરતાં વેઠવી પડતી ઘરની, બહારની, મનની કે શરીરની અગવડ કે કષ્ટ આજના જ્ઞાતિસ્વરૂપનું દર્શન થતાં સુખ અને આનંદમાં ફેરવાઈ જાય છે. આવાં કાર્ય કરતાં આસપાસથી ઘણું સાંભળવું પડે છે કે આમ કરવાથી પોતાનું શું વળ્યું? ઘેર શાં કારેલાં વઘારાયાં? આવાં વચનોનો જવાબ આજે સભા જ આપી રહી છે. આજે જે પ્રમાણે અને જે રંગે કાર્ય ચાલે છે તે પ્રમાણે ચાલ્યું જાય છે તો ઘેર ઘેર ઉત્તમ પ્રકારે કારેલાં વઘારાય, જેની સુવાણ લેતાં જેનું પોતાનું સ્વત્વ બહોળું છે તેઓ જ્ઞાતિનો દિવસ વળ્યો જાણી સ્વસ્થાને બેઠા બેઠા આનંદમગ્ન રહે. આ શું થોડી લહાણ છે? આથી વિશેષ શું વળે? આથી વિશેષ શું મળે?

ચાલુ ગતિએ કાર્ય થયે જાય તો થોડે સમયે આ જ્ઞાતિ તથા તેના આધારે રહેલા ગુજરાતનો ઉદ્ધાર ટૂંક સમયમાં થયેલો જ સમજવો. અકેકા હળ ઉપર જીવનાર પાટીદારો, તમે આજ બતાવેલી ઉદારતા જેવીતેવી નથી. આજે તમે પૈસાનો જે વરસાદ વરસાવ્યો છે તે બીજી કોઈ ધનાઢ્ય કોમ પણ ન કરી શકે. જે માણસ પોતાનો જીવ જોડી આ કાર્ય કર્યા કરે છે તેઓ તમારી આ ઉદારતાના વિશ્વાસ અને આધારે જ, અધઃપતન પામેલી આ જ્ઞાતિમાં જન્મવામાં જો કોઈ મગરૂરી અને આશા રાખી શકીએ તો તે એટલી જ કે તે જૂની છે. જૂના શક્તિશાળી, પ્રભાવશાળી પુરુષોમાંથી ઊતરી આવી છે. જેનું મહત્ત્વ હજી નાશ નથી પામ્યું. જો પ્રયત્નથી સદ્‌ભાવસિંચન થાય તો સંસ્કૃતિનો ઉદ્ધાર થઈ મૂળ સ્થાન મેળવી શકાય.

~ ૬ ~

નગીનભાઈ છૂટા થયા

ખાતવિધિનો મહોત્સવ પૂરા ઉમંગ અને ઉત્સાહ વચ્ચે પૂરો થયો એ પછી સાંજે ચાર વાગ્યે મંડળની સાધારણ સભા મળવાની હતી. આ સભા સંસ્થાના ઇતિહાસમાં એક મોટા વળાંક અને સંઘર્ષનું કારણ બનશે એવી કદાચ કોઈએ કલ્પના કરી નહીં હોય. સંસ્થાના બંધારણ અંગે એ સભામાં વિચારણા થવાની હતી. બંધારણ માટેનો મુસદ્દો શ્રી નગીનભાઈએ તૈયાર કરી રાખ્યો હતો.

ચાર વાગ્યે મંડળના સભ્યો બંદૂકસાહેબની હવેલીમાં મળ્યા. નગીનભાઈએ સભાના પ્રમુખસ્થાન માટે શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીના નામની દરખાસ્ત મૂકી. એ દરખાસ્તને શ્રી ચતુરભાઈ રાધાભાઈ અમીને ટેકો આપ્યો અને શેઠ શ્રી દુર્ગાપ્રસાદે એ સ્થાન લીધું.

બંધારણ સંબંધી કામ શરૂ થતાં શ્રી નગીનભાઈએ પોતે તૈયાર કરેલો ખરડો વાંચી સંભળાવ્યો. જે સભ્યો બરાબર વિશ્લેષણ કરી શકતા હતા એ વિચારમાં પડી ગયા અને એમને આશ્ચર્ય થયું. ખરડાની રચના એવી રીતે થઈ હતી કે એમાં પ્રમુખ, મંત્રી, ગૃહમાતા વગેરે સ્થાનો ઉપર એ કાયમ રહી શકે. આમાં શ્રી નગીનભાઈ પોતાનું મંત્રીપદ અને એમનાં બહેન નર્મદાબહેનનું ગૃહમાતાપદ કાયમ જાળવી રાખવા માગતા હોય એવી ગંધ કેટલાક સભ્યોને આવી.

સભામાં ચર્ચા થઈ. અર્થઘટન બાબતે સભ્યોમાં થોડી ઉગ્રતા પણ જણાઈ. થોડી ગરમાગરમી પણ થઈ.

આખરે બંધારણનો ખરડો નવેસરથી તૈયાર કરવાનું વિચારાયું. અને એ માટે એક કમિટી નીમવામાં આવી જેના સભ્યો નીચે પ્રમાણે હતા:

૧.	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	અમદાવાદ
૨.	શ્રી ચતુરભાઈ હીરદાસ પટેલ	ચાણસ્મા
૩.	શ્રી ચતુરભાઈ રાધાભાઈ અમીન	કડી
૪.	શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન	વિજાપુર
૫.	શ્રી ડાહ્યાભાઈ બાલકૃષ્ણ	અમદાવાદ
૬.	શ્રી ગોકળદાસ હાંસજીભાઈ એન્જિનિયર	અમદાવાદ
૭.	શ્રી મગનલાલ ગોવિંદજી એન્જિનિયર	અમદાવાદ
૮.	શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ	સરઢવ
૯.	શ્રી વૃજલાલ જમનાદાસ પટેલ	અમદાવાદ
૧૦.	શ્રી જેઠાલાલ લાલદાસ પટેલ	મહેસાણા
૧૧.	શ્રી નગીનભાઈ વૃજલાલ પટેલ	કડી

બંધારણસમિતિની નિમણૂક પછી, બંધારણ નક્કી થાય એ પછી એના પ્રમાણે વ્યવસ્થાપકમંડળ તથા

બીજી કાર્યકારિણી સમિતિઓ નિમાય ત્યાં સુધી મંડળનું કામકાજ ચલાવવા કામચલાઉ વ્યવસ્થાપકમંડળ નીમવામાં આવ્યું.

મંત્રી તરીકે નગીનભાઈ વૃજલાલ પટેલ અને સહમંત્રી તરીકે શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલને નીમવામાં આવ્યા. અત્યાર સુધી શ્રી નગીનભાઈનો મંત્રી તરીકેનો વહીવટ સંસ્થાને પ્રતિષ્ઠા આપનારો અને કુશળ હતો આમ છતાં આ કામચલાઉ વ્યવસ્થાપકમંડળમાં સહમંત્રીને જોડવાની શી જરૂર પડી એ સમજાય એવું નહોતું. આ પગલું શ્રી નગીનભાઈને પોતાના સ્વમાન પર ઘા જેવું લાગ્યું હોય તો નવાઈ નહીં.

બંધારણ નિમિત્તે સંસ્થામાં ઊભી થયેલી પરિસ્થિતિ વિશે સંસ્થાના અમૃતમહોત્સવ પ્રસંગે શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ–દાસકાકાએ આ પ્રમાણે વિગત આપી હતી:

> શ્રી નગીનભાઈએ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું બંધારણ તૈયાર કર્યું. તેમાં કાયમના પ્રમુખ, મંત્રી અને ગૃહમાતા રહે તેવું નક્કી કર્યું. આ બંધારણનો અમે—શ્રી પોપટભાઈ, શ્રી છગનભાઈ, શ્રી કુબેરભાઈ અને મેં વિરોધ કર્યો. એ વખતે સ્કૂલની શરૂઆત, અમે ચાર શિક્ષકો. અમે નિર્ણય કર્યો કે આ બંધારણના વિરોધમાં રાજીનામાં આપી છૂટા થવું. આ બંધારણ અમલી બન્યું હોત તો સંસ્થા આજે ખીલી છે તે ખીલત નહીં. ગાંધીજી દેશમાં લોકશાહી માટે લડે અને અમે સરમુખત્યારશાહી બંધારણ સ્વીકારીએ? અને એ વખતે શિક્ષકને રૂ. ૪૦ પગાર મળે. ટ્યૂશન કે અન્ય આવક નહીં.
>
> શ્રી નગીનભાઈએ એ સમયના એમની કારોબારીના સભ્યોને બોલાવ્યા. એ બધા એમની આંખે જુએ. રાત્રે બાર વાગ્યે મને ઘેરથી બોલાવી મંગાવ્યો. અમીનના મકાનના દરવાજાના ઓટલે એ બધા ભેગા થયા અને મને બરતરફ કર્યાનું ફરમાન મોઢેથી સંભળાવ્યું. હું બેકાર બન્યો પણ સંસ્થા સરમુખત્યારશાહીમાંથી બચી ગઈ.

બંધારણસમિતિએ પૂરા વેગથી પોતાનું કામ આરંભ્યું. શ્રી નગીનભાઈએ બંધારણનો ખરડો બંધારણસમિતિના બધા સભ્યોને મોકલી આપ્યો. સમિતિની રચના પછી એ સભ્યો પંદર દિવસે એટલે કે વૈશાખ વદ ૬ ને રવિવારે બપોર બે વાગ્યે અમદાવાદમાં શેઠ દુર્ગાપ્રસાદ લશ્કરીના દિલ્હી દરવાજાના બંગલે મળ્યા. પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ રાષ્ટ્રીય કામકાજ અંગે સુરત ગયા હતા એટલે એ ઉપસ્થિત રહી શક્યા નહોતા. બાકીના બધા સભ્યો હાજર હતા. સભ્યોએ રવિવાર અને સોમવાર એ બે દિવસોએ છ-છ કલાકની બેઠકો યોજી ખૂબ ઊંડાણથી ચર્ચા અને છણાવટ કરી બંધારણનો નવો ખરડો તૈયાર કર્યો.

આ ખરડાને તા. ૧-૭-૧૯૨૩ના રોજ વ્યવસ્થાપકમંડળની મિટિંગ અને તા. ૬-૪-૧૯૨૪ની સાધારણ સભાએ થોડાક ફેરફાર સાથે મંજૂરી આપી અને એને બંધારણના રૂપમાં અમલમાં મૂક્યો.

વ્યવસ્થાપકમંડળે તા. ૧-૭-૧૯૨૩ના રોજ આ બંધારણના ખરડાને પોતાની મહોર મારી આપી ત્યારથી જ નગીનભાઈને પોતાની સ્થિતિ સમજાઈ જતાં એમણે પોતાના સ્થાન ઉપરથી રાજીનામું આપી દીધું અને સંવત ૧૯૭૯ના અષાઢ વદ આઠમ એટલે તા. ૫-૮-૧૯૨૩થી સંસ્થામાંથી છૂટા થયા અને નાગપુરના સત્યાગ્રહમાં જોડાઈ ગયા.

બંધારણ બાબતના સંઘર્ષ પછી નગીનભાઈનું મન જાણે સર્વ પ્રવૃત્તિમાંથી ઊઠી ગયું હોય એવું થયું. સંસ્થાના આંતરિક અને બાહ્ય, બધા સંચાલનનો બોજ છગનભાના માથે આવી પડ્યો. સંસ્થાને ટકાવી રાખવી હોય તો ફંડપ્રવૃત્તિ એક દિવસ પણ અટકાવી શકાય એમ નહોતું. એ અટકે એટલે સ્થાનિક પ્રવૃત્તિ ઠપ થયા વિના કેમ રહે? પરિણામે ખાતમુહૂર્ત પછી શ્રાવણ વદ ૧૦ સુધી; એટલે કે, લગભગ પૂરા બે મહિના સુધી મકાન બાંધકામ શરૂ થઈ શક્યું નહીં. પ્રોફેસર સ્વામીનારાયણના શબ્દોમાં કહીએ તો 'એક પણ ઈંટ મુકાઈ નથી.'

અષાઢ વદ ૮થી શ્રી નગીનભાઈ છૂટા થયા એ પછી સંસ્થાના વહીવટમાં વળી ઓર ગૂંચ વધી. એ દિવસોની પરિસ્થિતિ વિશે ૧૯૨૩-૨૪ના વર્ષની વાર્ષિક સાધારણ સભામાં પ્રમુખસ્થાનેથી પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણે આ પ્રમાણે પોતાની અકળામણ રજૂ કરી હતી:

> ગઈ સાલ ખાતમુહૂર્ત થયું ત્યારે ઘણાકને હસવું આવ્યું હશે કે આવડી મોટી જળોજથા ક્યારે અને કેવી રીતે પૂરી પડવાની? ખાતમુહૂર્ત પછી અહીં પણ એકાદ નાનાશા બળવાની જરૂર પડી. છ મહિના સુધી અહીં એક ઈંટ પણ મુકાઈ નહીં. હા, નગીનભાઈએ રાજીનામું આપી અહીંથી રજા લીધી.

આવી રીતે રાજીનામું—છૂટું પડવું વગેરે જગતવ્યવહાર છે તેથી તેના માટે દિલગીરી કરવી નકામી છે. ઝાઝા માણસોની મરજી પ્રમાણે તંત્ર ચાલે ત્યાં આવા ફેરફારો થવાના જ, શ્રાવણ પહેલાં એવી સ્થિતિ થઈ કે વખતે આ સંસ્થા બંધ પડે કે કાંઈક નવો ફેરફાર થાય. પણ આદરજના બહાદુર ગૃહસ્થો મળી આવ્યા અને કાર્તિકમાં તો વિદ્યાર્થીઓ અહીં રહેવા પણ આવ્યા. (અહીં વિગતદોષ છે. વિદ્યાર્થીઓ વિજયાદશમી [આસો સુદ ૧૦] એ રહેવા આવી ગયા હતા. અલબત્ત, મકાનનું બાંધકામ પૂરું થયું નહોતું.)

શ્રી નગીનભાઈ સંસ્થામાંથી છૂટા થયા એ ઘટના અને નગીનભાઈ સંબંધમાં છગનભાએ વાર્ષિક નિવેદનમાં જે નોંધ કરી હતી એમાં એમણે લખ્યું હતું:

> ...આ કેળવણી મંડળની સ્થાપના સં. ૧૯૭૫ના જેઠ સુદ ૧૧ને રોજ ભાઈશ્રી નગીનભાઈના ખંતપૂર્ણ પ્રયત્નથી થઈ. બીજે જ વર્ષે તેમના જ પ્રયત્ને સં. ૧૯૭૬ના ચૈત્ર સુદ ૨ને રોજ પાટીદાર આશ્રમની સ્થાપના થઈ. પછી બે વર્ષે એટલે ૧૯૭૮ના ચૈત્ર માસ અરસામાં શ્રી પાટીદાર વિદ્યાલયની શરૂઆત થઈ. આ પ્રમાણે પાંચ વર્ષના પ્રયત્ને મંડળ અંગે આશ્રમ અને વિદ્યાલય એ બે સંસ્થાઓ હાલ ચાલે છે.
>
> આ સ્થળે જણાવતાં દિલગીરી ઉત્પન્ન થાય છે કે આ સંસ્થાઓની ઉત્પત્તિ જેને આભારી છે તે ભાઈશ્રી નગીનભાઈ અષાઢ વદ ૮ને રોજથી આ સંસ્થામાંથી છૂટા થયા છે. મતભેદ કે અન્ય નજીવા કારણે જો સંસ્થાના નસીબમાં કાર્યકર્તાઓને આવી રીતે ગુમાવવાનું લખ્યું હશે તો તે જ્ઞાતિના દુર્ભાગ્યની પરિસીમા છે. હે પ્રભુ! કાર્યકર્તાઓને મતભેદ સહન કરવાની શક્તિ આપો! ને જ્ઞાતિહિતના આ શુભ કાર્યને મદદ કરો!

~ ૭ ~

વિદ્યાલયમાં ઉદ્યોગશિક્ષણ

કડવા પાટીદાર કેળવણી મંડળે પોતાના સંચાલન હેઠળ પાટીદાર વિદ્યાલયની સ્થાપના કરી ત્યારે અગાઉ જણાવ્યું તેમ નજર સમક્ષ કેળવણીવિષયક કેટલાંક ઉચ્ચ ધ્યેય રાખ્યાં હતાં. એમાંનું એક ધ્યેય ઉદ્યોગશિક્ષણનું પણ હતું. આ ધ્યેય અંગેની ભૂમિકા આચાર્યશ્રી બાપુભાઈ ગામીના સંપાદન હેઠળ પ્રકાશિત થયેલા ઈ.સ. ૧૯૩૪ના જાન્યુઆરીના સર્વ વિદ્યાલય 'સમાચાર'માં વિસ્તૃતપણે આપી છે. જેમાંના કેટલાક અંશો નીચે આપ્યા છે: "વિદ્યાલયની શરૂઆતને પૂરાં બે વર્ષ થયાં ન હતાં. માધ્યમિક કેળવણીના પાંગળાપણાનો અનુભવ હિન્દને પૂરેપૂરો થઈ ગયો હતો. ઔદ્યોગિક કેળવણીની આવશ્યકતા સ્વીકારાઈ હતી. પણ ગુજરાતની કોઈ પણ સાર્વજનિક સંસ્થાએ એ દિશામાં પહેલ કરી હતી નહીં. દરેક અખતરો હંમેશાં મોંઘો જ હોય છે. તે સાહસ માગે છે. અખતરામાં રહેલા જોખમથી દરેક સંસ્થા જાણકાર હોય છે. ઇચ્છા છતાં ઔદ્યોગિક શિક્ષણની શરૂઆત ગુજરાતમાં કોઈ પણ ખાનગી સંસ્થાએ કરી ન હતી. આ સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શો ધંધો કરશે? વડોદરા રાજ્યમાં સરકારી નોકરીઓ મળવાની આશા ઓછી હતી. બ્રિટિશ હિન્દમાં પાટીદાર કોમની પછાત કોમમાં ગણના નહોતી તેથી ત્યાં પણ નોકરી માટેનાં દ્વાર લગભગ બંધ જેવાં જ હતાં. વેપારી લાઇન કે બીજી ખાનગી નોકરીમાં બિનવ્યવહારુ મૅટ્રિક્યુલેટોનો કોઈ ભાવ પૂછતું નથી એવી કિંવદંતિ જોશભેર સંભળાતી હતી જે ખરી હતી. સંસ્થામાં આવતા વિદ્યાર્થીઓમાંના અડધા જણા નાણાંના અભાવે કે નહીં ગમવાને કારણે કે બૌદ્ધિક અભ્યાસમાં નહીં નભવાને કારણે અધવચમાંથી અભ્યાસ છોડી દેતા વિદ્યાર્થીઓમાંથી જેમને બાપુકી જમીન ખેતી માટે પૂરતી ન હોય તેવાઓ માટે તેમ જ બૌદ્ધિક અભ્યાસ કરનારાઓ માટે હુન્નર-ઉદ્યોગનું પ્રાવેશિક જ્ઞાન ભવિષ્યમાં ધંધે વળગતાં કે જીવન-વ્યવહારમાં ઘણું ઉપયોગી થઈ પડે. આવા વિચારોથી પ્રેરાઈ સંવત ૧૯૮૦-૮૧ (ઈ.સ. ૧૯૨૪-૨૫)થી ઉદ્યોગાલય શરૂ કરવામાં આવ્યું. ખેડૂતના બાળકોને ખેતીવાડીનું શિક્ષણ સૌથી અગત્યની વસ્તુ છે છતાં સુથારી, વણાટ અને છાપખાનામાં વિદ્યાર્થીઓ જેટલો રસ લઈ રહ્યા છે તેટલો રસ ખેતીકામમાં નથી લેતા એવો અનુભવ થયો છે. ખેતીમાંથી મળતી ઓછી પ્રાપ્તિ, ખેતીના શિક્ષણને રસમય બનાવે તેવા કૃષિશિક્ષકોનો અભાવ, ખેતી તરફનો સમાજનો વધતો જતો અણગમો, ખેડૂતનાં બાળકોને નવીનતા તરફનો મોહ અને ખેતીનું શાસ્ત્રીય શિક્ષણ આપવા માટે થતું પુષ્કળ ખર્ચ એટલાં કારણો કૃષિશિક્ષણમાં નાસીપાસ થયાનાં ગણાવી શકાય."

આટલા ટૂંકા સમીક્ષાત્મક નિવેદનમાં આચાર્યશ્રી બાપુભાઈએ ઘણી બાબતો પર પ્રકાશ પાડ્યો છે. એમણે તત્કાલીન કેળવણીમાં પાંગળાપણું જોયું છે જેને કારણે ભણ્યા પછી પણ આર્થિક ઉપાર્જન માટે વિદ્યાર્થી સક્ષમ બની શકતો નથી. આના કારણે એમણે ઔદ્યોગિક કેળવણીની આવશ્યકતા જોઈ છે. પણ ઔદ્યોગિક કેળવણી, ખાસ કરીને કૃષિશિક્ષણ પ્રત્યે સમાજની ઉદાસીનતાને એમણે

એક બાધક તત્ત્વ ગણ્યું છે. અને ઔદ્યોગિક કેળવણી ખર્ચાળ હોવાને કારણે ખાનગી સંસ્થાઓ એના શિક્ષણની વ્યવસ્થા કરવાનું સાહસ કરતી નથી. આ તારણો ઉપરાંત શ્રી બાપુભાઈએ જે બાળકોનો અભ્યાસ અધવચે છૂટી ગયો હોય એમના માટે હુન્નર-ઉદ્યોગના પ્રાવેશિક જ્ઞાનની મહત્ત્વની વાત કરી છે. આ જ વાત લગભગ છ દાયકા પછી વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ ત્રીજી પંચવર્ષીય યોજના અગાઉ પૂર્વવ્યવસાયી તાલીમના નામે કરી હતી. જે બાળકોનો અભ્યાસ છૂટી ગયો હોય એમને આ પ્રકારની તાલીમ આપવાની વાત એ યોજનામાં કરી હતી. 'હુન્નર-ઉદ્યોગનું પ્રાવેશિક જ્ઞાન' અને 'પૂર્વવ્યવસાયી તાલીમ' બંનેનું નામાભિધાન પણ કેટલું સામ્ય ધરાવે છે! આ બંને પ્રકારની શિક્ષણયોજનાઓ પાટીદાર વિદ્યાલયમાં સંસ્થા અખત્યાર કરી ચૂકી છે એ એક સહર્ષ નોંધવા જેવી બાબત છે. સંસ્થામાં ઈ.સ. ૧૯૨૪-૨૫માં હુન્નરઉદ્યોગનું પ્રાવેશિક જ્ઞાન આપવાનું શરૂ કરવામાં આવ્યું અને ૧૯૬૫માં પૂર્વવ્યવસાયી તાલીમ આપવાની વ્યવસ્થા થઈ જેની વીગતો આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે.

૧૯૨૪-૨૫માં પાટીદાર વિદ્યાલયમાં આરંભાયેલા ઉદ્યોગશિક્ષણની જોગવાઈ ૧થી ૪ ધોરણો (હાલનાં ધોરણ પાંચથી આઠ)માં રાખવામાં આવી હતી. ઉદ્યોગોમાં ખેતી, સુથારી, સીવણ, છાપકામ અને વણાટનું શિક્ષણ આપવામાં આવતું હતું. આ વિષયોનો ધોરણવાર વિસ્તૃત અભ્યાસક્રમ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. સુથારી, વણાટ અને સીવણનો અભ્યાસક્રમ પૂરાં ચાર વર્ષનો હતો.

સંસ્થામાં ઉદ્યોગશિક્ષણ માટે બીજી એક ખાસ વ્યવસ્થા 'ઉદ્યોગવર્ગ'ની હતી. જે વિદ્યાર્થીઓ શાળાના નિયમિત વિદ્યાર્થીઓ ન હોય એવા વિદ્યાર્થીઓ ફક્ત આ ઉદ્યોગોની તાલીમ માટે જ દાખલ થઈ શકતા. આવા વિદ્યાર્થીઓ માટે સુથારી, વણાટ, સીવણ તેમ જ છાપકામની તાલીમ આપવામાં આવતી. આ ઉદ્યોગોનો અભ્યાસક્રમ સુથારી અને વણાટ માટે બે વર્ષ, સીવણ માટે ત્રણ માસનો હતો. અને છાપકામ માટે કોઈ સમયમર્યાદા ન હતી. આ ઉદ્યોગ વર્ગોમાં મોટી ઉંમરના ઉમેદવારો પણ દાખલ થઈ શકતા. આ વર્ગોમાં દાખલ થનારને પ્રોત્સાહનરૂપે શિષ્યવૃત્તિ આપવામાં આવતી. છાપકામની તાલીમ લેનારને એના કામના પ્રમાણમાં મહેનતાણું આપવામાં આવતું.

~ ૮ ~

દાસ પુસ્તકાલય

ઈ.સ. ૧૯૧૯માં શ્રી કડવા પાટીદાસ કેળવણી ઉત્તેજક મંડળ અને તે પછી ૧૯૨૨માં પાટીદાર વિદ્યાલયની સ્થાપના પાછળની ભૂમિકામાં પુરુષોત્તમદાસ લલ્લુભાઈના યોગદાન વિશે આ ગ્રંથના પ્રથમ પ્રકરણ—'ઊહાપોહ અને સંકલ્પ'માં કહેવાઈ ગયું છે. મંડળના સંચાલકોએ એમના કાર્યને સમુચિત રીતે બિરદાવવા પાટીદાર વિદ્યાલયના પુસ્તકાલય સાથે એમનું નામ જોડવા ઠરાવ કર્યો અને 'દાસ પુસ્તકાલય' અસ્તિત્વમાં આવ્યું.

ગુજરાતમાં એ સમયના કેળવણીક્ષેત્રે પાટીદાર વિદ્યાલય અનેક રીતે અનન્ય હતું. એના અનન્યત્વનું એક ક્ષેત્ર તે એનું પુસ્તકાલય. એ વર્ષોમાં કોઈ માધ્યમિક શાળાને પોતાનું સ્વતંત્ર પુસ્તકાલય હોય એવું જાણવામાં આવ્યું નથી. પાટીદાર વિદ્યાલયમાં આ માટે અલગ વ્યવસ્થા હતી એટલું જ નહીં, પણ એની વ્યવસ્થા માટે એક સ્વતંત્ર ગ્રંથપાલની જોગવાઈ પણ હતી.

જ્ઞાનની લગભગ બધી જ શાખાઓનાં અને ચાર ભાષાઓમાં લખાયેલાં ઉપયોગી પુસ્તકો આ પુસ્તકાલયમાં હતાં. સાહિત્યનાં બધાં સ્વરૂપો, ઇતિહાસ, ફિલસૂફી, ધર્મ, વિજ્ઞાન, કેળવણી, ભૂગોળ, ખગોળ વગેરે વિષયોનાં પુસ્તકો અહીં હતાં. શાળાને એક દાયકો પણ પૂરો નહોતો થયો ત્યાં સુધીમાં, એટલે કે, ઈ.સ. ૧૯૩૧ના વર્ષમાં આ પુસ્તકાલયમાં ૩,૮૬૬ પુસ્તકો હતાં. અને વાચનાલય માટે આવતાં સામયિકો પણ આશ્ચર્ય પમાડે એટલી સંખ્યામાં આવતાં હતાં. કદાચ એની વિગત જાણવાનું રસપ્રદ થશે એવી સમજથી એ સામયિકોનાં નામ અહીં આપ્યાં છે:

દૈનિક — **ગુજરાતી**: મુંબઈ સમાચાર, હિન્દુસ્તાન પ્રજામિત્ર
અંગ્રેજી: ફ્રી પ્રેસ જર્નલ, બૉમ્બે ક્રૉનિકલ

અઠવાડિક — નવજીવન, હરિજનબંધુ, પ્રજાબંધુ, નવગુજરાત, સયાજી વિજય, આર્ય પ્રકાશ, યંગ ઇન્ડિયા

માસિક — **ગુજરાતી**: વસન્ત, પ્રસ્થાન, કૌમુદી, કુમાર, માનસી, નવચેતન, ગુજરાત, યુવક, લોકોદય, પુસ્તકાલય, કિશોર, પદ્મિની, પાટીદાર, ચરોતર, ચેતન, ચિત્રમય જગત, બાળક, બાલજીવન, બાલમિત્ર, ખેતીવાડી વિજ્ઞાન, સમાજજીવન, દક્ષિણામૂર્તિ, છાત્રાલય, શિક્ષણપત્રિકા
અંગ્રેજી: મૉડર્ન રિવ્યૂ, ન્યૂ ઈરા, ટ્રેઝર ચેસ્ટ, ન્યૂ આઉટ લૂક, ચિલ્ડ્રન્સ ન્યૂઝ, ફિઝિકલ કલ્ચર, એજ્યુકેશન રિવ્યૂ, હેલ્થ
હિન્દી: કલ્પતરુ, કલ્યાણ, બાલસખા

૧૯૩૫માં પાટીદાર વિદ્યાલય 'સર્વ વિદ્યાલય' બન્યું, પણ દાસ પુસ્તકાલય તો એ જ રહ્યું. પછીનાં વર્ષોમાં જે જે ઉત્તમ કહી શકાય એવાં તેમ જ નવાં સામયિકો પ્રગટ થતાં ગયાં તે તે દાસ

પુસ્તકાલયમાં સ્થાન પામતાં ગયાં. જેમ કે, ગુજરાતીમાં *'અખંડ આનંદ'*, *'સંસ્કૃતિ'*, *'મિલાપ'*, *'મનીષા'*, *'ક્ષિતિજ'*, *'એતદ'*, *'વિશ્વમાનવ'* વગેરે. અંગ્રેજીમાં *'રીડર્સ ડાયજેસ્ટ'*, *'પોપ્યુલર સાયન્સ'*, *'લાઇફ'* *'સ્કાલાં'*, *'એન્કાઉન્ટર'*, *'આરગોસી'*; *'ઇલસ્ટ્રેટેડ વીકલી'*, *'ઇમ્પ્રિન્ટ'*, *'અમેરિકન રિપોર્ટર'* વગેરે.

એ રીતે ગ્રંથાલયમાં પણ પુસ્તકોનો વધારો થતો રહ્યો. ઈ.સ. ૧૯૬૧માં પુસ્તકોની સંખ્યા ૨૦,૦૦૦નો આંકડો વટાવી ગઈ હતી.

આ સંસ્થાના વિદ્યાર્થી અને ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વપ્રમુખ ડૉ. ભોળાભાઈ પટેલે તા. ૨૮-૭-૯૧ના સંદેશ દૈનિકમાં એમની કટારમાં લખ્યું હતું:

> અમારી લાઇબ્રેરીમાં માસિકો કૉલેજની લાઇબ્રેરી કરતાં પણ વધારે અને કહું તો આજે ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલયમાં આવે છે, તેનાથી સાહિત્યનાં માસિકો તો વધારે.

સંસ્થાના ગ્રંથાલય ઉપરાંત શાળાના દરેક વર્ગમાં પણ વર્ગના વિદ્યાર્થીઓ માટે કબાટમાં પુસ્તકોનો સંગ્રહ રહેતો. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરી શકતા. આ પુસ્તકો વર્ગના નક્કી કરેલા વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીઓને ઈશ્યૂ કરવામાં આવતાં. એનું અલગ રજિસ્ટર રાખવામાં આવતું. અને અવારનવાર વર્ગશિક્ષક અથવા શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓના વાચન સંબંધમાં ચકાસણી કરવામાં આવતી.

વર્ગ પુસ્તકાલયનો વધુમાં વધુ ઉપયોગ કરવાની પ્રેરણા મળી રહે એ હેતુથી વર્ગવાર હસ્તલિખિત અંક પ્રગટ કરવામાં આવતા. આ પ્રવૃત્તિમાં વર્ગોમાં એક તંદુરસ્ત સ્પર્ધા થતી અને એક એકથી ચઢિયાતો અંક તૈયાર કરવા વિદ્યાર્થીઓ મહેનત કરતા.

આ હેતુથી ગ્રંથાલયનો પણ ખૂબ ઉપયોગ થતો. વિદ્યાર્થીઓ પુસ્તકાલયનો છૂટથી ઉપયોગ કરી શકે એ માટે અગાઉ કહ્યું તેમ પુસ્તકાલયમાં એક ગ્રંથપાલની ખાસ જોગવાઈ સંસ્થા તરફથી કરવામાં આવી હતી. પુસ્તકાલય શાળાના સમય કરતાં એક કલાક અગાઉ અને શાળા છૂટ્યા પછી પણ ઓછામાં ઓછો એક કલાક ખુલ્લું રહેતું. શનિવારે બપોરે ત્રણ વાગ્યે આ સુવિધા શરૂ થઈ જતી અને ઠીક ઠીક સમય સુધી ચાલુ રહેતી.

શાળાનું મુખ્ય ગ્રંથાલય, વર્ગ પુસ્તકાલય ઉપરાંત બીજી કેટલીક પુસ્તકાલયને આનુષંગિક પ્રવૃત્તિઓ પણ શાળાના આશ્રયે ચાલતી હતી જેમાંનું એક ફરતું પુસ્તકાલય હતું. મહેસાણા પ્રાંત (હાલની પરિભાષા પ્રમાણે જિલ્લો)માં શ્રી મોતીભાઈ અમીનની યોજનાના આધારે સસ્તા સાહિત્ય મારફત સર્વ વિદ્યાલયને ફરતા પુસ્તકાલય માટે ૮૯ પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં. આ પુસ્તકોને આઠ પેટીઓમાં વહેંચવામાં આવ્યાં હતાં અને એ આઠ પેટીઓ કડી વિસ્તારના ૮ વિભાગોમાં વાચનસામગ્રી તરીકે સંસ્થા તરફથી પહોંચતી કરવામાં આવતી હતી. એક વિભાગમાં એક પેટીનો ઉપયોગ પૂરો થાય ત્યારે એ પેટી વિભાગ તરફથી સર્વ વિદ્યાલયમાં પહોંચતી કરવામાં આવતી હતી. અને અન્ય વિભાગમાંથી પરત આવેલી પેટી એ વિભાગને મોકલવામાં આવતી હતી. આ રીતે આ પુસ્તકોની સદર આઠ વિભાગોમાં ફેરબદલી થયા કરતી હતી.

બીજી પ્રવૃત્તિ નાનજીભાઈ પુસ્તકાલય અંગેની હતી. નાનજીભાઈ વિદ્યાર્થી આશ્રમનો એક છાત્ર હતો. એનું અકાળે અવસાન થતાં એની સ્મૃતિમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ ફંડ એકઠું કર્યું હતું અને એ ફંડમાંથી નાનજીભાઈ પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકાલયમાં વિદ્યાર્થીઓને

અભ્યાસમાં ઉપયોગી પુસ્તકો વસાવવામાં આવ્યાં હતાં અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને એ આપવામાં આવ્યાં હતાં.

સમગ્રપણે જોતાં શાળાના પુસ્તકાલય અને વાચનાલય શાળાના વિદ્યાર્થીઓ અને આશ્રમના છાત્રોના ઘડતરમાં અત્યંત ઉપયોગી સાબિત થયાં હતાં. કેળવાયેલી વાચનટેવને લીધે આ વિદ્યાર્થીઓ એમની રુચિ પ્રમાણેની એમની કારકિર્દીમાં અત્યંત તેજસ્વી અને સફળ નીવડ્યા હતા. સાહિત્યના ક્ષેત્રમાં પણ કેટલાક વિદ્યાર્થીઓ સારા સર્જકો તરીકે ખ્યાતિ પામ્યા છે. ઉપર ડૉ. ભોળાભાઈ પટેલનો ઉલ્લેખ થયો છે. એ ઉપરાંત અનામી, પીતાંબર પટેલ, રતિલાલ નાયક, પ્રકાશ ગજજર, રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ઉપેન્દ્ર રાવલ, દિલીપ રોય, ડૉ. એન. જી. પટેલ, પી.સી.પટેલ, શ્યામલ વગેરે સાહિત્યક્ષેત્રે ઝળકતાં નામ છે.

શાળાના આ પુસ્તકાલયનો વ્યાપ વધતો રહ્યો અને એના માટે શાળાના જ મકાનમાં ફાળવવામાં આવેલી જગ્યા અપર્યાપ્ત બની રહી. એટલે એના માટે એક સ્વતંત્ર મકાન જરૂરી બન્યું. આ ઉત્તમ કાર્ય માટે શ્રી અંબિકા મિલ્સના શેઠ શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસ તરફથી પુસ્તકાલયના મકાન માટે રૂ. ૫૧,૦૦૦ના દાનની દરખાસ્ત આવી. અને એ વ્યવસ્થાપકમંડળના ઠરાવ નં. ૩૬ તા. ૧૬-૧૨-૧૯૭૩થી આભાર સાથે સ્વીકારવામાં આવી. ઠરાવમાં એ પણ દર્શાવવામાં આવ્યું કે પુસ્તકાલયના મકાનને શેઠ શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ અગર દાતા જે નામ સૂચવે તે આપવું અને દાનની રકમ જેટલી બીજી રકમ એ કામે મંડળે ખર્ચવી. મકાન બે વર્ષમાં પૂરું કરવું એવું પણ ઠરાવમાં સૂચન હતું. અલબત્ત, ધારણા કરતાં સંસ્થાએ પોતાના થકું વધારે ખર્ચ કરીને એ સમયમાં લગભગ ત્રણ લાખ રૂપિયાના ખર્ચે પુસ્તકાલય માટેનું સગવડવાળું મકાન તૈયાર કરાવ્યું.

અને હવે ગ્રંથાલયના એ મકાન ઉપર જ સંસ્થાની નવી બંધાયેલી કેન્દ્રવર્તી ઇમારતનાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર 'દાસ પુસ્તકાલય' સ્થાન પામ્યું છે.

~ ૯ ~

સંસ્થાનો સુવર્ણકાળ

પાટીદાર વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમ માટે જુદાં મકાનો નહોતાં. શરૂઆત અમીનના જર્જરિત ડહેલાથી થઈ. ત્યાં સંકડાશનો અનુભવ થતાં ખાખચોકના મંદિરનો એક ભાગ ભાડે લીધો. એ સ્થળ પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં સાંકડું પડવા લાગ્યું. હવે સ્થળાંતર કરવાની જરૂરિયાત અનિવાર્ય બની રહી. આ સ્થળાંતર બાબતમાં એ વખતના પાટીદાર વિદ્યાલયના શિક્ષક શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (પછીથી જે દાસકાકા તરીકે પ્રસિદ્ધ થયા)ના શબ્દોમાં જોઈએ: "મકાનો તો ભાડાનાં જ શોધવાનાં હતાં. શરૂઆતમાં ખાખચોક, અમીનનું ડહેલું અને રામજી મંદિરનાં જુદાં જુદાં મકાનોમાં બોર્ડિંગ અને શાળાનો જેમતેમ કરીને સમાવેશ કર્યો."

શાળા તરફ વિદ્યાર્થીઓનું આકર્ષણ વધ્યું. બોર્ડિંગની સંખ્યા પણ વધતી જતી હતી એટલે શાળા માટે મોટા મકાનની જરૂર પડી.

કડીની મધ્યમાં આવેલ મામલતદાર કચેરી પાસેનું બંદૂકસાહેબની હવેલીના નામે પ્રખ્યાત (હાલનું બકરાવાળા બિલ્ડિંગ) તે વખતે બંધ હાલતમાં અવાવરું પડ્યું હતું તેના ઉપર નજર ગઈ. એ મકાનનો મેડો ભાડે રાખ્યો. પછીથી નીચેનો પણ કેટલોક ભાગ રાખેલો. આ મકાન વર્ષો થયાનું બંધ અને અવાવરું તેની સાફસૂફીનું કામ પણ એક મહાભારતકામ. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મળીને તેની સાફસૂફી કરી. તેમાંથી ટોપલાબંધ નહીં પણ ગાડાબંધ કચરો ઉથામી બહાર કાઢ્યો અને મકાનને શાળાને બેસવાલાયક બનાવ્યું. થોડા દિવસ રસોડું પણ એમાં ચલાવેલું.

બકરાવાળા બિલ્ડિંગ અને મામલતદાર કચેરી વચ્ચેના ચોકમાં શાળા વાર્ષિક ઉત્સવો ઠાઠથી ઊજવતી અને લોકો હકડેઠઠ જમા થઈ જતાં બંદૂકસાહેબની હવેલીમાં શાળા અને આશ્રમનું કામ સારી રીતે ચાલતું હતું એ ખરું; પણ છગનભાના મનમાં મકાન સંબંધમાં જે ઊંડો અજંપો રહ્યા કરતો હતો તેની વિગત અને એમના પુરુષાર્થના પરિણામે વિદ્યાર્થી આશ્રમના મકાનનો ખાતવિધિ થયો તે અંગેની વિગત અગાઉ આવી ગઈ છે. તે પછીની વિગત હવે જોઈએ.

છગનભાની સીધી દેખરેખ નીચે મકાનનું બાંધકામ શરૂ થયું. આ કામનો આરંભ થયો એ દિવસે મંડળ પાસે ફક્ત રૂ. ૧૬-૦૦ની મૂડી હતી. કામ ચાલતું રહ્યું અને આર્થિક મદદ મળતી હતી. ઉત્સાહ અને ખંતથી કામ આગળ વધતું હતું. થોડા જ સમયમાં તો એક મોટો ખંડ બંધાઈ પણ ગયો. મકાનનું બાંધકામ ચાલુ હતું છતાં દશેરાના દિવસે આશ્રમે ભાડાનું મકાન ખાલી કરી પોતાની માલિકીના મકાનમાં આનંદપૂર્વક વાસ્તુ પણ કર્યું. એ દિવસના આનંદનું વર્ણન કરતાં છગનભા લખે છે: "નિર્દોષ બાળકોનો એ આનંદ દેવોને પણ દુર્લભ હશે એમ અમને લાગ્યું. અનુપમ અવર્ણનીય સ્વર્ગીય આનંદ!"

આ બધા કામ ઉપર છગનભા એકલપંડે મકાનના બાંધકામ ઉપર સીધી દેખરેખ રાખતા. પતરાં ઊભાં કરીને એક છાપરી જેવું બનાવેલું એમાં એમણે રહેવાનું રાખ્યું હતું. રાત્રે પણ એ છાપરીમાં જ રહેતા. એ વખતે તો એ બધો વિસ્તાર વગડો જ હતો. સામે સ્ટેશન ખરું, પણ દિવસમાં બે વાર ગાડીની અવરજવર થાય એ પછી બધું સૂમસામ. સ્ટેશનથી ગામ પણ ઠીક ઠીક દૂર. સાંજ પડી ગયા પછી ગામમાંથી સ્ટેશન ઉપર કોઈ એકલદોકલ આવવાની હિંમત ન કરે. સ્ટેશન રોડની બંને બાજુએ સળંગ ખાઈ. આખા માર્ગ પર સરકારી રેસ્ટહાઉસ અને રહેણાકના એક મોટા મકાન સિવાય માનવીનો કશો કાયમી વસવાટ નહીં. રાત્રે આખું વાતાવરણ બિહામણું લાગે. દક્ષિણ બાજુના વગડામાં રાતભર શિયાળનાં ટોળાંની લાળી સંભળાયાં કરે. આવામાં એક ધ્યેયની ખાતર વાયરા-વરસાદને ન રોકી શકે અને ઉનાળામાં પોતે જ ગરમ થઈને લૂ નોતરતી હોય એવી ઓરડીમાં રહેનાર પુરુષની એ ઘોર તપશ્ચર્યા નહીં તો બીજું શું?

મકાનનું કામ ચાલ્યા કરતું હતું પણ એના બાંધકામનો જે ખર્ચ થતો એના પ્રમાણમાં મકાન ફંડની આવક ઓછી હતી. ઘણી વાર તો નાણાંના અભાવે કામ અટકી પડે એવી પરિસ્થિતિ ઊભી થતી હતી, પણ ગમે તેવી નાણાભીડ હોય તોપણ છગનભા બાંધકામને મંદ પડવા દેતા નહીં. આશ્ચર્યની વાત તો એ હતી કે આર્થિક કટોકટીની પળોમાં ક્યાંક ને ક્યાંકથી નાણાં આવી મળતાં અને મકાન બાંધકામનું કાર્ય અટક્યા વિના ચાલ્યા કરતું.

આમ ને આમ ધારણા પ્રમાણે મકાન પૂરું થયું. ચારે તરફ ઓરડીઓ અને વચ્ચે ખુલ્લા મેદાન જેવો વિશાળ ચોક. દક્ષિણ તરફની ઓરડીઓની હારમાં વચ્ચે દસેક ફૂટની જગ્યા ખાલી. એ જગ્યા પાછળ રહેલા રસોડામાં જવાનો માર્ગ. દક્ષિણની આ ઓરડીઓ અને રસોડામાં ભોજન માટેના ઢાંકેલા શેડ વચ્ચે પણ ખુલ્લી જગ્યા. રોડની એક તરફ કોઠાર અને બીજી તરફ મુદ્રણાલય. દક્ષિણ તરફની ઓરડીઓના અંદરના ચોક બાજુ એક વિશાળ પ્લેટફૉર્મ જેવો ચોતરો. એના ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ થાય. સામે ખુલ્લા મેદાનમાં વિદ્યાર્થીઓ બેસે. આ મેદાન અને ચોતરો રોજ પ્રાર્થનાના સ્થળ તરીકે વપરાય.

આશ્રમના મકાનની નાનીમોટી થઈને કુલ ૫૦ ઓરડીઓ, એમાં પાંચનો ઉપયોગ ગૃહપતિનું કાર્યાલય, હિસાબનીસની ઑફિસ, મંડળ કાર્યાલય, મહેમાનગૃહ અને વિદ્યાર્થી વસ્તુભંડાર તરીકે થતો.

મકાનની ઉત્તર તરફની વિંગ માળવાળી. ઉપરના માળે શાળાના વર્ગો બેસે. લૅબોરેટરી માટે મોટો રૂમ જોઈએ એટલે એનું સ્થાન દક્ષિણની ઓરડીઓની પૂર્વ બાજુના બે મોટા હૉલ પૈકી એકમાં (બીજામાં રસોડા માટેનો કોઠાર).

૧૯૪૨માં શાળા માટે પ્રાણસુખલાલ મફતલાલ સરસ્વતી સદન તૈયાર થયું ત્યાં સુધી શાળા અને આશ્રમ અગાઉની જેમ આશ્રમના મકાનનો ઉપયોગ કરતાં.

સંસ્થાનો આ સુવર્ણકાળ.

છગનભાએ કેળવણીવિષયક જે આદર્શો સેવ્યા હતા એ આ આશ્રમના બાળકોમાં પ્રત્યક્ષ થવા લાગ્યા હતા. છગનભાએ સેવેલું સ્વપ્ન કેટલા પ્રમાણમાં સાકાર થઈ રહ્યું હતું એ તો ખુદ આ આશ્રમ જીવનમાં ઘડતર પામનાર જ એનો સાચો આલેખ આંકી શકે. એના કથનમાં અનુભવની સચ્ચાઈનો રણકાર હોય. આવો રણકાર શ્રી સોમાભાઈ લ. પટેલ, એક વખતના મંત્રી, મજૂરમહાજન,

સિદ્ધપુરના નીચેના કથનમાં માણી શકાશે.

> સને ૧૯૨૪ની સાલમાં તેર વર્ષની ઉંમરે પાટીદાર આશ્રમ અને પાટીદાર વિદ્યાલયમાં પહેલા ધોરણમાં દાખલ થયેલો. તે સમયે વિદ્યાલયમાં અંગ્રેજી ધોરણ એકથી અંગ્રેજી ધોરણ છ સુધીનો અભ્યાસ ચાલતો હતો. આથી અંગ્રેજી છ ધોરણ સુધી અભ્યાસ કરી સને ૧૯૩૦ના એપ્રિલ માસમાં મેં આશ્રમ અને વિદ્યાલય છોડ્યાં. મારા અભ્યાસનાં આ છ વર્ષ મારા જીવન-ઘડતરમાં મહત્ત્વનાં છે. આજે જે કંઈ પ્રવૃત્તિ હું વર્ષોથી કરું છું તેની માનસિક અને નૈતિક ભૂમિકા આ વર્ષોમાં નંખાઈ.

સંસ્થાનું વાતાવરણ સંપૂર્ણ રાષ્ટ્રીય અને નવીન દૃષ્ટિવાળું હતું. સવારના પાંચ વાગ્યે ઊઠતાં જ આશ્રમમાં સમૂહપ્રાર્થના થતી. પ્રાર્થનામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેતા. પ્રાર્થના પછી સંસ્થાકીય બાબત કે રાષ્ટ્ર અંગે કંઈ મહત્ત્વની વાત હોય તો તે વિશે ટૂંકાં પ્રવચનો શિક્ષકો કે ગૃહપતિ તરફથી થતાં. પ્રાર્થના પછી વ્યાયામ અને સ્નાનનો કાર્યક્રમ રહેતો. બારેય માસ ઠંડા પાણીએ વિદ્યાર્થીઓ સ્નાન કરતા. કડકડતી ઠંડીમાં પણ ઠંડા પાણીએ સ્નાન કરવા વિદ્યાર્થીઓ ટેવાયેલા અને આવા સ્નાનથી શરીરમાં સ્ફૂર્તિ અને જોમ રહેતાં તેવો અનુભવ થતો. તે સમયે સ્નાન માટે જુદું બંધાયેલું સ્નાનગૃહ કે સ્નાનના ઓરડા નહોતા. ખુલ્લામાં જ અમે સ્નાન કરતા. અને છતાં તે વખતે ઠંડીમાં ઠંડા પાણીએ સ્નાન કરવું એ અમારે વિદ્યાર્થીઓ માટે સ્વાભાવિક ક્રમ બની ગયો હતો. સવારે અને સાંજના આશ્રમના સમૂહભોજન વખતે ગીતાના બીજા, બારમા કે પંદરમા અધ્યાયનો સામુદાયિક પાઠ થતો. તે દરમિયાન ભોજન પીરસાતું. બપોરના અગિયારથી પાંચ સુધી વિદ્યાલય ચાલતું. વિદ્યાલયમાંથી છૂટ્યા પછી સાંજના વ્યાયામશાળામાં વ્યાયામ કે બહાર ફરવા જવામાં સૌ ગોઠવાઈ જતા. સાંજના પણ પ્રાર્થના થતી. પ્રાર્થના પછી સૌ પોતપોતાના ઓરડાઓમાં વાંચવામાં ગૂંથાઈ જતા.

આ વખતે કડી સ્ટેશન સામે નવા ચણાતા અધૂરા મકાનમાં આશ્રમ અને વિદ્યાલય બંને ચાલુ કરવામાં આવ્યાં હતાં. બારી-બારણાંનાં કમાડ તે વખતે નંખાયેલાં નહીં. મકાન ચણતરમાં તથા સંસ્થાના ચોગાનના સફાઈકાર્યમાં શ્રમયજ્ઞરૂપી ફાળો દર રવિવારે કે રજાના દિવસે અમે વિદ્યાર્થીઓ આપતા. રહેવાના ઓરડાની હંમેશાં સફાઈ કરવી. તે વખતે વીજળી નહીં હોવાથી હમેશાં ફાનસ સાફ કરવું અને ગ્યાસતેલ ભરવું, જમવાના બંને સમયે પોતાનાં થાળી-વાડકો અને લોટો માંજવાં, ભોજન સમયે ટુકડી વાર પીરસવું, પોતાનાં કપડાં જાતે ધોવાં વગેરે કામ અમે વિદ્યાર્થીઓ જાતે ઉમંગથી કરતા. ધોબી પાસે કપડાં ધોવડાવવાનો ખ્યાલ તો એ જમાનામાં અમારા મગજમાં કોઈને આવતો નહીં.

રાષ્ટ્રીય તહેવારો અને મહત્ત્વના ધાર્મિક તહેવારો ખૂબ જ ઉમંગથી અને ધામધમથી અમે ઊજવતા. રેંટિયાબારસ અને લોકમાન્ય ટિળક સંવત્સરી એ બે મોટા રાષ્ટ્રીય ઉત્સવો સારી રીતે ઊજવાતા. તમામ શિક્ષકો શુદ્ધ ખાદી પહેરતા અને દરેક શિક્ષકમાં કંઈ ને કંઈ આગવું વ્યક્તિત્વ અમને વિદ્યાર્થીઓને જોવા મળતું. કાંતણ અને પીંજણ બંને કામો સંસ્થામાં થતાં. ગૂજરાત વિદ્યાપીઠ અને સત્યાગ્રહ આશ્રમમાંથી ગાંધીજીના સાન્નિધ્યમાંથી આવેલા નરોડાવાળા શ્રી માધવલાલ છ. પટેલ વણાટશિક્ષક હતા. વણાટમાં પાટી અને આસનો વણવાનું કામ શીખવાતું. રેંટિયાબારસના દિવસે ચોવીસ કલાક અખંડ કાંતણ ચાલવા ઉપરાંત એક અઠવાડિયા અગાઉથી અખંડ કાંતણ શરૂ થઈ જતું. આ દિવસોમાં રેંટિયા કાંતવા માટે વિદ્યાર્થીઓ પડાપડી કરતા. ખાદીપ્રચાર માટે ખાદી લઈને ગામમાં ફેરી કરવા અમે વિદ્યાર્થી જતા.

શાસ્ત્રીય પદ્ધતિએ સંગીત શીખવાનો વર્ગ પણ ચાલતો. સંગીત-શિક્ષક તરીકે સંગીતસમ્રાટ અને સંગીતના શાસ્ત્રી એવા પંડિત વિષ્ણુ દિગંબરના એક જાણીતા શિષ્ય હતા જેઓ સિતાર અને નરઘાંના ઉસ્તાદ હતા. સુથારીવર્ગ પણ ચાલતો હતો. વિદ્યાર્થીના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય એ માટે પુસ્તકાલય અને વાચનાલય શરૂ કરેલાં. વાચનાલયમાં દૈનિક છાપાં અને તે સમયનાં ઉત્તમ માસિકો આવતાં. વિદ્યાર્થીઓ રસપૂર્વક પુસ્તકાલય અને વાચનાલયનો લાભ લેતા. પૂજ્ય બાપુભાઈની પ્રેરણાથી વિદ્યાર્થી-મંડળ શરૂ કરેલું જેના ચૂંટાયેલા મંત્રી તરીકેની કામગીરી કરવાનો મને પણ મોકો મળેલો. હસ્તલિખિત માસિક અને હસ્તલિખિત અઠવાડિક પત્રિકા પણ પ્રસિદ્ધ થતી જેમાં અમે વિદ્યાર્થીઓ લેખો લખતા. વિવિધ વિષયો પર ચર્ચા-સભા, ડિબેટિંગ સોસાયટી પણ ચાલતી. પૂજ્ય બાપુભાઈ વિદ્યાલયના સમય ઉપરાંત સાંજે ગીતાના ખાસ વર્ગો ચલાવતા. આ વર્ગના અભ્યાસના કારણે અમને વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયમાં વિશેષ જ્ઞાન અને વિશેષ રસ પેદા થયેલો. આના કારણે કેટલાય સંસ્કૃત સુભાષિતો-શ્લોકો અને ભર્તૃહરિના ચાર શતકોમાંથી નીતિશતક અને વૈરાગ્યશતકના બસો શ્લોકો મારા જેવા કેટલાક વિદ્યાર્થીઓએ મોઢે કરેલા.

સને ૧૯૨૪થી સને ૧૯૩૦ના છ વર્ષના મારા સંસ્થાના વસવાટ દરમિયાન કેટલાક વિશિષ્ટ પ્રસંગો નિહાળવાનો લાભ અમને મળેલો. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સંસ્થાની મુલાકાત વખતે તેઓ રાજવી હોવા છતાં તેમના પ્રવચનમાં અમને રાષ્ટ્રના ચાહક એવા નેતાનાં અને રાષ્ટ્રીય શિક્ષક એવા રાજવીના દિલનાં દર્શન થયેલાં. વિદ્યાર્થીઓ સમક્ષ તેઓએ કરેલા રાષ્ટ્રીય પ્રેરણાત્મક પ્રવચનની જાણ અંગ્રેજ રાજકર્તાઓ પાસે ન જાય તે માટે તેમના પ્રવચનની નોંધ નહીં લેવા છાપાંના ખબરપત્રીઓને તે વખતે તેમણે સૂચના આપેલી. પૂજ્ય મહાત્માજીની સંસ્થાની મુલાકાત એ પણ સંસ્થા માટે અતિ મૂલ્યવાન પ્રસંગ હતો. ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવ્યા અને સાંજે પાછા ગયા ત્યાં સુધી આશ્રમમાં આખો દિવસ આજુબાજનાં ગામડાંની પ્રજાના કારણે મેળા જેવો દેખાવ થયેલો. સંસ્થાના ચોગાનમાં એક વિરાટ સભા થઈ હતી અને તેમાં ગાંધીજીનું પ્રવચન સાંભળવાનો લાભ અમને સૌને મળ્યો હતો. વળી આ પહેલાં પણ ગાંધીજીનાં દર્શનનો લાભ એક વાર અમને મળેલો. આશ્રમમાંથી અમે પ્રવાસે ગયેલા ત્યારે સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં પૂજ્ય ગાંધીજીની મુલાકાતનો લાભ અમને મળેલો તે વખતે અમારી સાથે ગાંધીજીએ થોડી વાતચીત કરેલી તેમાં અમારામાંથી એક વિદ્યાર્થીએ વાતચીતમાં 'ટાઇમ' શબ્દ વાપરેલો. આથી સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવાના આગ્રહી બાપુએ અંગ્રેજી 'ટાઇમ' શબ્દ ગુજરાતી વાતચીતમાં વપરાયો તે માટે ટકોર કરેલી. જે કોઈ ભાષા બોલીએ તે સંપૂર્ણ શુદ્ધ બોલવી જોઈએ. કાં તો સંપૂર્ણ શુદ્ધ અંગ્રેજી કે સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવું જોઈએ. વળી આશ્રમમાં ગાંધીજીની મુલાકાત પહેલાં તેમના જ અંતેવાસી એવા ડૉ. શ્રી હરિપ્રસાદ વૃ. દેસાઈની મુલાકાતનો લાભ આશ્રમમાં અમને મળેલો અને તેઓશ્રીના આગ્રહના કારણે જ પૂજ્ય ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવેલા. તે વખતના ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે વિદ્યાર્થી સ્નેહસંમેલન પણ સંસ્થામાં યોજાયું હતું. આ સ્નેહસંમેલનની કાર્યવાહીની સંપૂર્ણ જવાબદારી અમે વિદ્યાર્થીઓએ ઉપાડી લીધી હતી. આ દિવસે રાત્રે મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવેલો જેમાં કાકાસાહેબે હાજરી આપેલી. આ કાર્યક્રમમાં કાકાસાહેબનું લખેલું 'બે કેરી' નામનું નાટક અમે ભજવેલું. આ નાટકમાં મુખ્ય પાત્ર મેં જ ભજવેલું. તે વખતે કડવા પાટીદાર સમાજમાં સુધારાની પ્રચંડ ઝુંબેશ ચલાવનાર કડવા પાટીદાર પરિષદનું અધિવેશન

પણ સંસ્થામાં મળ્યું હતું. તેમાં મહેમાન તરીકે દરબાર શ્રી ગોપાળદાસ દેસાઈનો લાભ અમને મળ્યો હતો.

સંસ્થામાંથી છૂટા થવાનો પ્રસંગ મારા માટે અનેરો હતો. સને ૧૯૩૦ના માર્ચની તા. ૧૨મીએ પૂજ્ય ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમમાંથી દાંડીકૂચની યાત્રા આરંભી. તે વખતે તેઓએ પ્રતિજ્ઞા કરેલી કે સ્વરાજ્ય લીધા સિવાય તેઓ આશ્રમમાં પાછા ફરશે નહીં. દાંડીયાત્રા પૂરી કરી દાંડીના દરિયાકાંઠે મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો. આથી દેશભરમાં મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો. આ વખતે અમે સંસ્થામાં ભણતા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા શિક્ષકોની જાણબહાર અમદાવાદમાં કૉંગ્રેસ સમિતિની ઑફિસમાં 'સત્યાગ્રહી' તરીકે નામ નોંધાવ્યાં. સંસ્થામાં રાષ્ટ્રીય વાતાવરણ હતું અને બધા શિક્ષકો તો તે રંગે રંગાયેલા હતા છતાં સંસ્થાને વડોદરા રાજ્યની ગ્રાન્ટ મળતી હતી અને તેથી સંસ્થાને હાનિ ન થાય તે દૃષ્ટિથી શિક્ષકોની સત્યાગ્રહની લડત પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ હોવા છતાં મર્યાદા તરીકે સત્યાગ્રહની લડતની સીધી દોરવણી કે ભાગ લેવામાંથી તેઓ તટસ્થવૃત્તિ રાખતા. અમારાં નામો સત્યાગ્રહીઓ તરીકે છાપાંમાં પ્રસિદ્ધ થતાં અને સત્યાગહમાં જોડાવા માટે અમને અમદાવાદ કૉંગ્રેસ સમિતિ તરફથી આદેશ મળતાં આશ્રમમાં આ વાત જાહેર થઈ ગઈ. જીવનભર જે આદર્શ સંસ્થાના શિક્ષકોએ સેવ્યો અને તે મુજબ સંસ્થામાં આચરણ પણ કર્યું અને તેમના આવા જીવનમાંથી જ અમને આ પ્રેરણા મળેલી અને તેથી જ અમે સત્યાગ્રહમાં જોડાવા તત્પર થયેલા. આથી સંસ્થામાંથી વિદાય લેવાના છેલ્લા દિવસે અમને હાર્દિક અને ભવ્ય વિદાયમાન સંસ્થા તરફથી આપવામાં આવ્યું. આ વિદાય-સભામાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ અને શિક્ષકોએ હાજર રહી અમને શુભાશિષ આપેલી. વિદાય વખતે પૂજ્ય છગનભાએ અમને આશિષ આપેલી. અમે વિદ્યાર્થીઓ ઉપરાંત કડી શહેરના મળી કુલ નવ સત્યાગ્રહીઓ સત્યાગ્રહમાં જોડાતા હોવાથી નવનો આંકડો કેવો અખંડ અને શુભ છે ને નવનો ઘડિયો વિદાયસભામાં બોલીને પૂજ્ય છગનભાએ સમજણ આપેલી. નવના આખા ઘડિયામાં જે આંક આવે છે તે તમામનો સરવાળો નવ જ થાય છે અને નવના અખંડ આંકડાનું મહત્ત્વ અમે નવેય જણ નવ અખંડ આંકડાની માફક અખંડ રહીને ભારતમાતાની સેવા કરીએ તેવી આશિષ આપેલી.

આ વખતે અમારી વાર્ષિક પરીક્ષા નજીક આવી હોવા છતાં તેને તિલાંજલિ આપી જુલમનો ડર રાખ્યા સિવાય સત્યાગ્રહમાં અમે નાની ઉંમરે જોડાયા તેનો બધો યશ સંસ્થાના તે વખતના શિક્ષકોના ચારિત્ર્યબળ, સંસ્થાનું અને રાષ્ટ્રનું રાષ્ટ્રીય વાતાવરણ હતું તેને આભારી છે. અમે સત્યાગ્રહીઓ તરીકે આશ્રમમાંથી વિદાય લીધી ત્યારે ગામના બીજા સત્યાગ્રહીઓ હોવાથી ગામમાં પણ મોટો વિદાયસમારંભ યોજાયો હતો. આ વિદાયસમારંભમાં પણ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ ઉપરાંત સમગ્ર કડી શહેરની પ્રજા હાજર હોય તેવી વિરાટ મેદની સભામાં થઈ હતી. વિદાયસમારંભનો શહેરનો કાર્યક્રમ પતાવતાં અને શહેરમાંથી વિદાય લેતાં જ લગભગ બપોરના અગિયાર વાગી ગયેલા, એટલે શહેરમાંથી વિદાય લઈને અમારો પ્રથમ પડાવ અને પ્રથમ ભોજન પાછું આશ્રમમાં જ ગોઠવાયેલું હતું. આશ્રમમાંથી બપોરનું ભોજન લઈ અમે સંસ્થામાંથી સત્યાગ્રહીઓ તરીકે વિદાય લીધી હતી. અમે વિદ્યાર્થીઓ તરીકે જોડાયા હતા તેમાં મને ખ્યાલ છે ત્યાં સુધી શ્રી નરસિંહભાઈ ચેલદાસ – કોઈન્તિયા, શ્રી ગોવિંદભાઈ નથુભાઈ – સાણંદ, શ્રી ત્રિભોવનદાસ હીરદાસ – દેણપ અને હું હતા. આ ઉપરાંત શહેરમાંથી જે સત્યાગ્રહીઓ જોડાયા હતા તેમાં શ્રી અંબાલાલ તુલસીદાસ પેટલ, શ્રી છોટુભાઈ પટેલ, શ્રી કુબેરદાસ નાયક તથા તે વખતની કડીની મિલના માલિકના પુત્ર શ્રી ગમાનભાઈ વગેરે હતા.

~ ૧૦ ~

શ્રીમંત સયાજીરાવ સંસ્થાની મુલાકાતે

શ્રીમંત સયાજીરાવ મહારાજાની સંસ્થાની મુલાકાત એ સંસ્થાના ઇતિહાસનું એક જ્વલંત પ્રકરણ છે. સયાજીરાવ જેવા દૂરદર્શી અને લોકકલ્યાણને અગ્રિમ સ્થાન આપી વહીવટ કરનાર ઉદાત્ત રાજવીએ સંસ્થાની મુલાકાત લીધી એટલા માટે નહીં પણ એ મુલાકાતની ઘટનામાં સંસ્થાનું એક આગવું અને ખુમારીભર્યું વ્યક્તિત્વ પ્રગટ થયું એ માટે એ મુલાકાતની મહત્તા છે. એક સાધારણ અમલદારની મુલાકાતમાં પણ હાંફળી-ફાંફળી બની જનાર સંસ્થાઓ અત્યારે આઝાદ ભારતમાંય છે. એ સમય જુદો હતો. સંસ્થાને અમલદારોની મીઠી નજર કંઈ નુકસાનકારક નહોતી. પણ સંસ્થા પોતાનાં ગૌરવ અને વ્યક્તિત્વને ઝાંખપ લાગે એવું કરવા હરગિજ તૈયાર નહોતી. મહારાજાની મુલાકાતની પૂર્વભૂમિકામાં એક એવું નાટક ભજવાયું, જેમાં સંસ્થાના વ્યક્તિત્વનો એક અનન્ય નિખાર છતો થતો.

એ ઘટનાના સાક્ષી શ્રી દાસકાકાના શબ્દોમાં જ આપણે એને જોઈએ:

> વડોદરાનરેશ મહર્ષિ સયાજીરાવ તા. ૩-૧-૧૯૨૬ના દિવસે કડી પધાર્યા. વડોદરા રાજ્યની પ્રણાલિકા કે મહારાજાસાહેબ જ્યાં જાય ત્યાં તેની આગળ પડતી સંસ્થાઓની મુલાકાત લે. તેમની મુલાકાતનો પ્રોગ્રામ તે પધારે તે પહેલાં સંસ્થાઓને જણાવવામાં આવે. મહારાજાસાહેબ તા. ૪-૧-૧૯૨૬ના દિવસે સવારે આઠ વાગ્યે કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત લેશે એવું જણાવવામાં આવ્યું. સંસ્થાના પ્રાણ સમા શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી અને પ્રો. સ્વામીનારાયણ અમદાવાદથી આવી ગયા. મહારાજાસાહેબના સ્વાગતની તૈયારીઓ થવા લાગી.
>
> તા. ૪-૧-૨૬ની આગલી રાત્રે વડોદરા રાજ્ય સ્કાઉટ કમિશનર બોર્ડિંગમાં આવ્યા અને આશ્રમના વિદ્યાર્થીઓની સ્કાઉટ ટ્રૂપ રચવા આગ્રહ કર્યો. અને મહારાજા સાહેબના શુભ હસ્તે સ્કાઉટનો વાવટો ટ્રૂપને આપવાનું કહ્યું. તે વખતે સ્કાઉટે For God, King and Country ને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી પડતી. કમિશનર સાથે વાટાઘાટ કરવામાં શ્રી પોપટભાઈ, કુબેરભાઈ, છગનભાઈ વગેરે તેમ જ હું હતા. ચર્ચા બે કલાક ચાલી. ઉગ્ર ચર્ચા થઈ. અમારું કહેવું હતું કે ભારતમાં રાજાઓ આવ્યા અને ગયા. વડોદરાની ગાદી ઉપર પણ રાજાઓ આવ્યા અને ગયા. આથી રાજાની વફાદારીના સોગન લેવામાં અમે માનતા નથી. સ્કાઉટની પ્રતિજ્ઞામાં રાજા શબ્દ એ ઇંગ્લેન્ડના રાજા માટે છે. ભારત ઉપર અંગ્રેજો તેમના નામથી રાજ્ય કરે છે. ભારત આઝાદ થવા માગે છે. રાજા પ્રત્યે વફાદારીના સોગન એટલે ભારતને કાયમ માટે અંગ્રેજોના હાથ નીચે આવવાનું, ભારતની આઝાદીનો દ્રોહ કરવાનું, આ અમારાથી કે અમારા વિદ્યાર્થીથી નહીં થાય. અમે તો માત્ર દેશને વફાદાર રહેવા સોગન લઈએ.
>
> કમિશનર નારાજ થઈ કડી રેસ્ટહાઉસ ગયા. દીવાનસાહેબને વાત કરી. આ સંસ્થા તો બંડખોર

છે. દીવાનસાહેબે મહારાજાને વાત કરી. અને તેમની સંમતિ લઈ મહારાજાસાહેબની કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમની મુલાકાત રદ કરતો ફતવો અમને રાત્રે એક વાગ્યે પહોંચાડવામાં આવ્યો.

રાત્રે છગનભા, પ્રો. સ્વામીનારાયણ તેમ જ શેઠ શ્રી લશ્કરીને મહારાજાસાહેબની મુલાકાત રદ થયાની ખબર આપવામાં આવી. સૌ નારાજ થયા. પ્રો. સ્વામીનારાયણ સવારની પાંચની ગાડીમાં દેત્રોજ ગયા. શેઠ શ્રી લશ્કરી એમની મોટરમાં અમદાવાદ ગયા. વિદ્યાર્થીઓને ખબર આપવામાં આવેલ નહીં અને તેમણે તો સવારના બેન્ડ તૈયાર કર્યું. અને એમની ડ્રિલ-કવાયતનો પોશાક પહેરી તૈયાર થયા.

મહારાજાસાહેબ સવારે આઠ વાગ્યે એમની સાથે એમના એ. ડી. સી.ને રાખીને સ્ટેશન ઉપર આંટા મારવા નીકળ્યા. સામે વિદ્યાર્થી આશ્રમ. એમના મનમાં થયું કે આ બંડખોર સંસ્થાને મારે જોવી. તેમનું બંડનું જે કંઈ જોવા મળે તે જોવું. અને રેલવેના પાટા ઓળંગી આશ્રમ તરફ આગળ વધ્યા. તેમને જોતાં જ સંસ્થાના પ્રવેશે તેમનું સ્વાગત કરવા સૌ તૈયાર થઈ ગયા. બેન્ડે સ્વાગતગીત શરૂ કર્યું. મહારાજાસાહેબ આશ્રમમાં બેન્ડની પાછળ પાછળ પ્રવેશ્યા. વિદ્યાર્થીઓની તથા શિક્ષકોની પલટણ પાછળ.

રેસ્ટહાઉસ સ્ટેશનની નજીક જ છે. દીવાનસાહેબ વગેરે મહારાજાસાહેબ પાટીદાર આશ્રમમાં ગયા છે તે જાણી દોડતા આવ્યા.

મહારાજાસાહેબ વિદ્યાર્થીઓની રૂમોમાં-ઓરડીઓમાં ગયા. વિદ્યાર્થીઓનાં દફ્તરો જોયાં. એમનાં પુસ્તકો જોયાં. ચક્કર ચક્કર ફરતી તકલીઓ વિદ્યાર્થીઓ પાસે જોઈ. બધા વિદ્યાર્થીઓને શુદ્ધ ખાદીમાં જોયા. સ્કૂલના શિક્ષણ કાર્યક્રમમાં રેંટિયા અને સાળો જોઈ. વણાયેલી ખાદી અને પાટી જોઈ. કાંતેલું સૂતર જોયું. લાઇબ્રેરીમાં ગયા તો ઘણાં પુસ્તકો ઊંચાંનીચાં કરી જોયાં. પ્રિન્ટિંગ પ્રેસમાં છપાતું અને છાપેલું સાહિત્ય જોયું. અને અંતે રસોડાની દક્ષિણ તરફની પડાળીમાં ગાદી બિછાવવામાં આવેલી ત્યાં આવીને બેઠા.

છગનભાએ સ્વાગતપ્રવચન કર્યું. મહારાજાસાહેબ તેમના તરફ જોઈ રહ્યા. અંતે મહારાજા-સાહેબે પ્રવચન કરતાં જણાવ્યું: 'ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં, પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.'

મહારાજાસાહેબ સંસ્થાની પ્રવૃત્તિઓથી સંતોષ પામીને હાઉસમાં પરત ગયા.

ત્રણ વાગ્યે તેમનું ફરમાન આવ્યું. વિદ્યાર્થીઓ વગેરેને તેમના તરફથી સાત વાગ્યા પહેલાં જમાડવા. મેનુ એમણે નક્કી કર્યું. રજવાડી શાકાહારી ભોજન વિદ્યાર્થીઓ જમવા બેસે તેની ખબર આપવાની, પછી મહારાજાસાહેબ જમવા બેસે.

~ ૧૧ ~

ગુજરાત ગૌશાળા

વિદ્યાર્થી આશ્રમમાં છાત્રસંખ્યા ઉત્તરોત્તર વધતી જતી હતી. ઈ.સ. ૧૯૨૮ સુધીમાં છાત્રસંખ્યા ૧૫૦નો આંક વટાવી ગઈ હતી. વળી, છાત્રો ઉપરાંત સંસ્થાના પરિસરમાં ગૃહપતિઓ, કોઠારી વગેરે કાર્યકરવર્ગ અને તેમનાં કુટુંબો પણ હતાં. આટલી મોટી સંખ્યાને સવાર-સાંજ ચોખ્ખું દૂધ પૂરું પાડવાની બાબત એક મોટી મૂંઝવણભરી સમસ્યા હતી. સંસ્થાના એ સમયના મંત્રીઓએ એમની આ મૂંઝવણ 'અવલોકન' નામની પુસ્તિકામાં આ શબ્દોમાં વ્યક્ત કરી હતી: "વિદ્યાર્થી આશ્રમમાં રહેતા બાળકો માટે દૂધનો પ્રશ્ન અમને હરહંમેશ મૂંઝવતો રહ્યો હતો. રબારીઓના ભેળસેળ દૂધથી કંટાળ્યા હતા. તે ઉપરાંત આખાય આશ્રમ માટે ગાયોનું દૂધ મેળવવું મુશ્કેલ હતું. ગાયના દૂધના સાત્ત્વિક ગુણોનું અમને ભાન થયેલું હતું. અને સાથે સાથે ગોમાતાની અધમ થતી સ્થિતિ અને ખેડૂત સમાજની તે તરફની અવગણનાભરી વૃત્તિ અમને હરહંમેશાં સાલ્યા કરતી હતી. જ્યાં સુધી ખેડૂત ગોમાતાને તરછોડી રહ્યો છે અને જ્યાં સુધી ગાયને ખેતીમાં યોગ્ય સ્થાન આપવામાં નથી આવ્યું ત્યાં સુધી ખેડૂતની કે તેની ખેતીની આબાદી થવાની નથી એવી અમારી ખાતરીભરી માન્યતા છે."

છગનભાના મનમાં સતત ઘોળાયા કરતી આ મૂંઝવણની વાત એક દિવસ એમણે સાથી કાર્યકરો આગળ વ્યક્ત કરી અને આશ્રમ માટે ગૌશાળા સ્થાપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ગૌશાળા સ્થાપવાનો વિચાર તો છગનભાની ઉત્તમ સૂઝનું પરિણામ હતું. પણ એને પાર પાડવાનું કામ તો હેબતાઈ જવાય એવું હતું. ઓછામાં ઓછું સવામણ (૨૫ કિલો જેટલું) દૂધ સવારે અને એથી વધારે સાંજે જોઈએ. વચગાળાના સમય માટે થોડું ગૌશાળાનું અને થોડું બહારનું એમ કરી શકાય. પણ વચગાળાનો સમય કેટલો? કશું અધકચરું રાખવામાં છગનભા સમજતા નહોતા. એ તો એક કદમ માંડ્યું કે સતત મજલ કરીને વહેલામાં વહેલી તકે મંજિલ ઉપર પહોંચવામાં માનતા હતા. વચ્ચે ક્યાંય થોભ નહીં કે રુકાવટ નહીં!

સૌને છગનભાની શક્તિમાં વિશ્વાસ હતો. એમનો હાથ અડક્યો કે ગમે તેવું કઠિન કામ પણ પાર પડવાનું જ. આખરે ગૌશાળા ઊભી કરવાનો નિર્ણય લેવાયો. અને છગનભાએ લોકસંપર્ક શરૂ કરી દીધો. તે વખતે સંસ્થા તરફથી પ્રગટ થતા ત્રૈમાસિક 'કેળવણી'ના અષાઢ ૧૯૮૩ના અંકમાં નીચે પ્રમાણે ખબર છાપવામાં આવી:

ગૌશાળા માટે વિજ્ઞપ્તિ

> આ સંસ્થાના વિદ્યાલય અને આશ્રમમાં પોણા બસો વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. અમારા માનવા મુજબ કસરત વગેરે કામોમાં વિદ્યાર્થીઓ ઘણી જ સારી પ્રગતિ કરી રહ્યા છે. શારીરિક કસરત બેવડો ફાયદો આપે તે દૃષ્ટિએ સવારમાં પણ વિદ્યાર્થીઓને કસરત પછી દૂધ આપવાની જરૂર છે.

આટલા બધા વિદ્યાર્થીઓ માટે જોઈતું દૂધ વેચાતું લાવવામાં જોઈતી સગવડ ન મળે એમ અનુભવથી જણાય છે. છતાં દૂધ મેળવવું અત્યંત આવશ્યક સમજી ખપ પૂરતું દૂધ અહીં સંસ્થામાં જ મળી રહે તે હેતુથી કેટલીક ગાયો સંસ્થામાં રાખવાની યોજના કરવા નિશ્ચય કર્યો છે. જેમાં શેઠ શ્રી ચંદુલાલ મણિલાલ દેસાઈ વીરમગામવાળાએ સંપૂર્ણ સહાનુભૂતિ આપી છે. ગૌશાળા માટે તથા બાંધવાના મકાનના ખર્ચ પેટે તેઓશ્રીએ રૂ. ૫૦૦ની સખાવત કરી છે. તેમ જ વીરમગામવાળા શેઠ શ્રી ગોરધનભાઈ મોહનલાલે પચીસ દૂઝણી ગાયો આપવા વચન આપ્યું છે. ગૌશાળાના મકાન માટે હજુ ઓછામાં ઓછા પાંચ હજાર રૂપિયાની જરૂર છે.

આ પવિત્ર કાર્યને આગળ ધપાવવામાં ગાયો તથા નાણાંનાં દાન આપવા ઉદાર ગૃહસ્થોને વિનંતી છે.

છગનલાલ પી. પટેલ
મંત્રી,
ક.પા.કે.ઉ.મંડળ, કડી

ઈ.સ. ૧૯૨૮માં ગૌશાળાનો આરંભ થતાં જ મુંબઈથી શેઠ શ્રી ચંદુલાલ મણિલાલે ઘાટકોપરની જીવદયા મંડળની ૬ ગાયો સંસ્થાને ભેટ મોકલી. અને પછી તો ગોદાનનો એક પ્રવાહ શરૂ થયો. લગભગ ૧૮ દાતાઓ તરફથી ૨૮ ગાયો, ૬ વાછડીઓ, ૫ વાછડા એમ કુલ ૩૯ જાનવર સંસ્થાને દાનમાં મળ્યાં. બીજી પરચૂરણ મદદો પણ મળવા લાગી. ગૌશાળાના મકાન માટે શેઠ શ્રી ચંદુલાલ તરફથી રૂ. ૪૦૩-૦૦ તથા સ્વ. પાટડી દરબાર તરફથી રૂ. ૫૦૦-૦૦ની મદદ મળી.

ગાયોની સંખ્યા વધવા લાગી એટલે એમના માટે ગોચર અને મકાનની તાત્કાલિક આવશ્યકતા ઊભી થઈ. સંસ્થાની પશ્ચિમે ત્રણેક માઈલ દૂર આવેલી શ્રી રતિલાલ સીતવાળાની ૪૦ વીઘા જમીન ભેટ મળી અને દક્ષિણમાં નાની કડીની પાસે ૧૫ વીઘાની જમીન નાની કડીના ભાઈઓની સહાનુભૂતિથી જૂજ કિંમતે સંસ્થાએ ખરીદી. પરંતુ ગૌશાળા માટે આ જમીન પૂરતી અને અનુકૂળ નહોતી. પણ સંસ્થાની ઉત્તરે બે માઈલ ઉપર ૧૫૦ વીઘા જમીન કૂવા સાથે રૂ. ૧૦૦૦-૦૦માં સંસ્થાને મળી જે ગૌશાળા માટે આશીર્વાદરૂપ નીવડી.

દોઢસો વીઘા જમીન ખરીદાઈ તે અરસામાં તે જમીન ઉપર પાંચ વર્ષના ૮૦ આંબા હતા અને એક વર્ષ અગાઉ વાવેતર કર્યું હોય એવા ૩૫૦ આંબા હતા. આ આંબાને નિયમિત પાણી આપીને એની કાળજીપૂર્વકની સંભાળ લેવાનું સંસ્થાએ ચાલુ રાખ્યું હતું.

દોઢસો વીઘા જમીનની અડોઅડ ૨૨-૧૮ વીઘા જમીન રૂ. ૧૭૩૩-૧૧-૬ (રૂપિયા એક હજાર સાતસો તેત્રીસ અગિયાર આના અને છ પાઈ)માં ખરીદવામાં આવી. એમાં એક કૂવો, વીસપચીસ વરસના ૧૬ ફળાઉ આંબા, ૩ ફળાઉ મહુડા અને કેટલીક રાયણોનાં ઝાડ હતાં.

દોઢસો વીઘાની જમીન ઉપરાંત સંસ્થાએ ૨૮૮ વીઘા જમીન દેઉસણાની સીમમાં હરાજીમાં રૂ. ૭૩૦-૧૪-૦ (રૂપિયા સાતસો ત્રીસ ચૌદ આના અને શૂન્ય પાઈ)માં ખરીદી હતીઃ દેહસણાની જમીન ઉપર આશરે ત્રણ હજાર બાવળનાં તેમ જ ખીજડાનાં ઝાડ હતાં જે ત્રણત્રણ કે ચારચાર વર્ષનાં હતાં.

ગૌશાળાની સ્થાપનાથી આશ્રમના છાત્રોને ચોખ્ખું દૂધ આપવાની અત્યંત મહત્ત્વની સુવિધા થઈ એ

તો ખરું, પણ સાથે સાથે છાત્રાલયના રસોડા માટે બળતણનો પણ એક મોટો લાભ થયો. સંસ્થાને બાર મહિને લગભગ ત્રણ હજાર મણ કાઠીની જરૂર પડતી હતી જે બહારથી ખરીદવી પડતી હતી. હવે ૫૦૦ મણ કાઠી દોઢસો વીઘામાંથી, ૧,૦૦૦ મણ કાઠી ૪૦ વીઘામાંથી અને ૩,૦૦૦ મણ કાઠી દેઉસણાની જમીનમાંથી મળવા લાગી.

આ જમીન જૂથમાં જે નબળી જમીન હતી એમાં ગાયો માટે ઘાસ ઉગાડવામાં આવતું હતું. કેટલીક જમીન કાઠી માટે રોકાયેલી હતી. કેટલીકમાં ફળાઉ ઝાડ હતાં જેમાં લીંબુ અને બોરડીનાં ઝાડ ઉમેરવામાં આવ્યાં અને બાકીની જમીન ખેતીના ઉપયોગમાં લેવામાં આવી.

ગૌશાળા સ્થપાયા પછી છગનભાએ માત્ર દૂધનો જ પ્રશ્ન નજર આગળ ન રાખ્યો. ખેડૂતના હિતના કેટલાક પ્રશ્નો એમના મનમાં સતત રમતા હતા. ગૌશાળાને આનુષંગિક એક પ્રશ્ન એમના ચિત્તમાં વધારે ઘોળાવા લાગ્યો. એ પ્રશ્ન હતો બળદ અંગેનો. ખેડૂતને ખેતીકામ માટે સૌથી મહત્ત્વની જરૂરિયાત બળદની. એ જમાનામાં કૂવા ઉપર એન્જિન કે ખેડ માટે ટ્રેક્ટર નહોતાં. સિંચાઈ માટે કૂવામાંથી પાણી ખેંચવાનું, ખેડ કરવાનું, ખેતરની ઊપજ ખેંચવા માટે કે ખાતર નાખવા માટે ગાડું ખેંચવા બળદનો જ ઉપયોગ થતો. એટલે ખેતી માટે બળદ અનિવાર્ય. ઓછામાં ઓછા બે. અને જમીન વધારે હોય તો બેથી વધારે બળદની જરૂર પડે. બળદ ખરીદવા માટે સારી એવી રકમની જરૂર પડે. ખેડૂત ગાય રાખે તો એના વાછરડા થાય. પણ એ મોટા થાય ત્યારે તો આખલા બને. ખેતીના કામના નહીં. એટલે ખેડૂતે એ વાછરડાને વેચી દેવા પડે અથવા મહાજનમાં મૂકવા પડે. કશી કિંમત ઊપજે નહીં. પણ ખેડૂત પોતે જ એ વાછરડાને ખસી કરાવે તો કશો ખર્ચ કર્યા વગર બળદ મળી રહે. પણ ખસીની ક્રિયા તો જાણે ખેડૂતના ક્ષેત્રબહારની જ! એનો વિચાર સુધ્ધાં ન કરી શકાય. આ માટે હિમાયત કરવી કે પ્રચાર કરવો એ તો સમાજના કુરિવાજો સામે મોરચો માંડવા કરતાંય વધારે કપરું. કોઈ સાધારણ માણસનું એ ગજું નહીં.

છગનભાએ આ વિચાર અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. સામે સમાજ તરફથી કેટલા મોટા સંઘર્ષનું જોખમ હતું એની એમને ખબર હતી. પણ છગનભા એક વીર પુરુષ હતા. લોકહિતના કાર્યમાં એમને કશાની ભીતિ નહોતી. આ પણ એક એવું કાર્ય હતું કે જો ખેડૂત સમજે અને એને અપનાવે તો લાંબે ગાળે ખેડૂતસમાજને લાખ્ખો રૂપિયાનો ફાયદો થાય.

હવે તો ગૌશાળા ઘરઆંગણે હતી. ગૌશાળામાં વાછરડીઓની જેમ વાછરડા પણ જન્મતા હતા. દાખલો બેસાડવા માટે આના કરતાં બીજો વધારે સુયોગ શો હોઈ શકે?

અને એમણે પોતાનો આ ક્રાન્તિકારી વિચાર અમલમાં મૂક્યો.

અને સમાજ ખળભળી ઊઠ્યો!

આ તે કેવું કામ?

સંસ્થામાં આ ધંધો?!

એક દિવસ ન ચલાવી લેવાય.

આવું કામ કરનાર એ ડોસાને એક દિવસ પણ જીવતો કેમ રહેવા દેવાય?

અને એક રાત્રે રોષે ભરાયેલું ટોળું લાકડીઓ, ધારિયાં વગેરે હથિયાર લઈને આશ્રમ ઉપર ધસી આવ્યું. હોંકારા, પડકારા અને અપશબ્દોનો વરસાદ વરસતો હતો. ટોળાનો મિજાજ પ્રાકૃત અને ખૂની હતો.

એકાએક ઊભા થયેલા હુમલાના ભયથી આશ્રમના છાત્રો ગભરાઈ ગયા. આશ્રમવાસીઓ-ગૃહપતિઓ, કૅમ્પસમાં રહેતા હતા એ શિક્ષકો પણ કર્તવ્યમૂઢ થઈને મૂંઝાયા. ઓરડીઓનાં બારણાં ધડાધડ બંધ થવા લાગ્યાં. આશ્રમનો તોતિંગ દરવાજો ભિડાઈ ગયો.

પણ છગનભા સ્વસ્થ હતા. એમને આ ગભરાટ પસંદ નહોતો. એ કાર્યાલયની ઓરડીમાંથી બહાર આવ્યા. ગભરાટથી ભય પામેલા સૌને મીઠો ઠપકો આપીને હૈયાધારણના બે શબ્દો કહ્યા; અને ગૃહપતિ તેમ જ શિક્ષકોને સ્વસ્થ રહેવા અને કશી ચિંતા ન કરવા જણાવ્યું.

વાતાવરણથી જરા પણ ચલિત થયા સિવાય એ દરવાજાની બાજુના દ્વારમાંથી બહાર આવીને ઓટલાના પગથિયા ઉપર ઊભા રહ્યા.

નીડરતાનો એક આગવો પ્રભાવ હોય છે. થોડી ક્ષણો સુધી તો છગનભા ટોળાનું સર્વેક્ષણ કરતા હોય એમ ઊભા રહ્યા. અને એ પાંચ-સાત પળોએ જાદુ કર્યો હોય એમ ટોળું શાંત થઈને ઊભું રહ્યું. ટોળાનો રોષ ઓછો થયો નહોતો. કુતૂહલવશ એ શાંત થયું એટલું જ.

છગનભાને એ જ જોઈતું હતું. વધારે નહીં તો માત્ર બે શબ્દો જ ટોળાના કાને સંભળાશે તો બસ છે. એમણે કહ્યું: "તમે મને મારી નાખવા આવ્યા છો ને?"

'હકાર'નો હેતુ દર્શાવવા ટોળામાંથી એક સામટા કેટલાય અવાજ આવ્યા.

"તો હું તમારી સામે જ ઊભો છું." છગનભા સ્વસ્થતાથી ગંભીર સ્વરે બોલ્યા.

ટોળાનો જુસ્સો ભાગનાર ઉપર હોય છે. ખડકની જેમ અડગ ઊભા રહેનાર ઉપર એ રોષનો ઊભરો ઘડીક છાલકો મારે છે ખરો, પણ એટલો જ ઝડપથી વેરવિખેર થઈ જાય છે. અને આ ટોળાના સભ્યો તો સદ્‌ગૃહસ્થો જ હતા એ કંઈ ધંધાદારી અસામાજિક તત્ત્વો નહોતાં. એમને ઠંડા પડતાં શી વાર?

ટોળાનો શોર થોડો મંદ પડ્યો એટલે છગનભાને કંઈક કહેવાનું વધારે ફાવ્યું. એમણે ખેડૂતના હિતની વાત કરી અને પોતાની વાતને બરાબર સમજવા અને એ વાત ગળે ન ઊતરે તો આશ્રમમાં આવીને ખુલ્લી ચર્ચા કરવા કેટલાક પરિચિત આગેવાનોને આહ્વાન આપ્યું.

આગેવાનોને પણ કદાચ લાગ્યું હશે કે વાતને વધુ પડતું ઉગ્ર સ્વરૂપ અપાઈ ગયું છે. અને હવે બાજી સુધારી લેવા માટે વચલો અને સારો માર્ગ એ જ છે કે ચાર-પાંચ આગેવાનોએ આશ્રમમાં રોકાઈ જવું. અને છગનભાની સાથે ચર્ચા કરીને એમની વાત સાંભળવી.

ચારપાંચ આગેવાનો રોકાઈ ગયા.

ટોળું વીખરાવા લાગ્યું.

કેટલાક હજુય બબડતા હતા. ગુસ્સાને વાણીમાં ઢોળતા હતા. પણ ઘર તરફ પાછા ફરવા સિવાય એમને બીજો કોઈ માર્ગ દેખાતો નહોતો.

ગૌશાળા માટે દોઢસો વીઘા જમીન ઉપર કર્મચારી-ગોપાલક માટે જ ઓરડીઓ, વાછડાં માટે એક ઢાળિયું, ગાયોને દોહવા માટે એક શેડ અને ઘાસના સંગ્રહ માટે એક છાપરું હતાં. પછી અનુકૂળતા ઊભી થતાં ગાયો માટે વિસ્તૃત શેડ, પાણીના હવાડા, સાધનો રાખવાનો સ્ટોરરૂમ, ગૌશાળા માટેનું કાર્યાલય, ગૌશાળાના વ્યવસ્થાપક માટે આવાસ વગેરે સુવિધાઓ ઉમેરવામાં આવી.

ઈ.સ. ૧૯૫૬-૫૭ના વર્ષથી ગૌશાળાને મુંબઈ રાજ્યની કાઉન્સિલ ઑફ ગોસંવર્ધનની ગૌશાળા

અને પાંજરાપોળ ડેવલપમેન્ટ સ્કીમ અન્વયે મદદ માટે પસંદ કરવામાં આવી. આ યોજના હેઠળ સરકાર તરફથી સારી ઓલાદની ૧૦ ગાયો અને ૧ સાંઢ જે-તે ગૌશાળાને આપવામાં આવતાં હતાં. આ લાભ લેનાર ગૌશાળાએ પણ એટલા જ પ્રમાણમાં ગાયો અને સાંઢ ઉમેરીને ધણ બનાવવાનું જરૂરી હતું. આ યોજનાનો મૂળભૂત હેતુ ગાયોની ઓલાદ સુધારવાનો હતો. આ માટે સરકાર તરફથી નિભાવણી ખર્ચ માટે પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂપિયા ૨,૦૦૦ની ગ્રાન્ટની જોગવાઈ હતી. ગુજરાત ગૌશાળાએ સરકારની આ યોજનાનો લાભ લીધો અને ગૌશાળાનો વિકાસ સાધ્યો.

તા. ૧૬-૫-૭૬ની સાધારણ સભાના ઠરાવ ૧૧થી કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા ચાલતી આ ગૌશાળાનું અલગ ટ્રસ્ટ રચવાનું અને તેને સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ નીચે નોંધાવવાનું અને તે અંગેની સ્થાવર જંગમ મિલકત નવીન ટ્રસ્ટને સોંપવાનું ઠરાવવામાં આવ્યું હતું તે પ્રમાણે 'ગુજરાત ગૌશાળા ટ્રસ્ટ' નામનું નવીન ટ્રસ્ટ તા. ૩-૧૨-૭૬ના રોજ નોંધાવવામાં આવ્યું. અને તેને ગૌશાળા અંગેની સ્થાવર જંગમ મિલકત તથા ઢોરઢાંખર વગેરે તા. ૧-૧-૭૭થી સોંપી દેવામાં આવ્યાં અને તે તારીખથી 'ગુજરાત ગૌશાળા' ના ક.પા. કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા વહીવટની જવાબદારી પૂરી થઈ.

નવીન ટ્રસ્ટને સોંપવામાં આવેલી સ્થાવર જંગમ અને ઢોરઢાંખરની અંદાજે બજારકિંમત રૂ. ૫,૬૯,૫૦૦-૦૦ અંદાજવામાં આવી હતી.

ગૌશાળાને ક.પા. કેળવણી ઉત્તેજક મંડળનું દેવું રૂ. ૧,૩૭,૭૪૭-૨૭ હતું તેની જવાબદારી નવીન ટ્રસ્ટે સ્વીકારી. ગૌશાળા અંગે જમીન, મકાનો, ઢોરઢાંખર, કૂવા બોરિંગ, પંપો, મોટરો તેમ જ ઇતર સાધનો વસાવવા માટે મંડળ પાસેથી નાણાં લીધેલાં તેનું આ દેવું હતું.

નવીન ટ્રસ્ટમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના બે પ્રતિનિધિઓ હોય એવી જોગવાઈ રાખવામાં આવી છે. નવીન ટ્રસ્ટનું પ્રથમ ટ્રસ્ટીમંડળ નીચે દર્શાવેલા મહાનુભાવોનું રચવામાં આવ્યું:

૧.	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ	મહેસાણા
૨.	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	સિદ્ધપુર
૩.	શ્રી નટવરલાલ મગનલાલ પટેલ	કડી
૪.	શ્રી વિઠ્ઠલદાસ બહેચરદાસ પટેલ	કડી
૫.	શ્રી ધનાભાઈ હરગોવિંદભાઈ પટેલ	ગણેશપુરા
૬.	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ	કડી
૭.	શ્રી છગનલાલ કાળિદાસ પટેલ	કલોલ
૮.	ડૉ. રામભાઈ મનોરદાસ પટેલ	કડી
૯.	શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ	કડી

ટ્રસ્ટની નોંધણી અંગેની અરજી, બંધારણ, નિવેદન વગેરે દસ્તાવેજોનો મંડળની વ્યવસ્થાપકમંડળની તા. ૨૯-૧-'૭૭ની સભાએ મંજૂર કર્યા હતા.

~ ૧૨ ~

પાટીદાર મુદ્રણાલય

સં. ૧૯૮૦-૮૧ (ઈ.સ. ૧૯૨૪-૨૫)ની વાર્ષિક સાધારણ સભામાં આ પ્રમાણે એક ઠરાવ કરવામાં આવ્યો:

> વિદ્યાલયને અંગે એક છાપખાનું ઉઘાડવું, જેનું નામ પાટીદાર મુદ્રણાલય રાખવું. તેના ખર્ચ માટે રૂ. ૨,૦૦૦ મંજૂર કરવામાં આવે છે.

અલબત્ત, આ ઠરાવ થયો એના બે મહિના અગાઉ મુદ્રણાલયનું કામ શરૂ પણ થઈ ગયું હતું.

મુદ્રણાલયમાં શાળાને લગતું બધું સાહિત્ય છપાવા લાગ્યું. ઉપરાંત સંસ્થાના વાર્ષિક અહેવાલ, સંસ્થામાં થતી પ્રવૃત્તિઓની પ્રચાર પુસ્તિકાઓ, 'કેળવણી' સામયિકનું છાપકામ અને અન્ય જૉબવર્ક પણ મુદ્રિત થવા લાગ્યું.

ઈ.સ. ૧૯૩૬માં મહેસાણા જિલ્લા શાળા સંઘની સ્થાપના થઈ અને તેનું કાર્યાલય કડીમાં સર્વ વિદ્યાલયમાં હતું. શાળા સંઘમાં સભ્ય તરીકે જોડાયેલી શાળાઓનાં પ્રશ્નપત્રો પાટીદાર મુદ્રણાલયમાં છાપવાનું શરૂ થયું. આના કારણે મુદ્રણાલયને સારા પ્રમાણમાં કામ મળવા લાગ્યું. વળી, શાળા સંઘમાં જેમ જેમ સભ્યસંખ્યા વધતી ગઈ તેમ તેમ કામના પ્રમાણમાં પણ વધારો થતો રહ્યો. ઈ.સ. ૧૯૭૦ સુધીમાં તો સંઘની સભ્યસંખ્યા ૪૦૦નો આંક વટાવી ગઈ. (આ સંઘમાં મહેસાણા જિલ્લા ઉપરાંત બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, અમદાવાદ જિલ્લાઓ ઉપરાંત અમદાવાદ શહેર અને સૌરાષ્ટ્રની પણ કેટલીક શાળાઓ જોડાયેલી હતી) સંઘની શાળાઓ માટે પરીક્ષાનાં પ્રશ્નપત્રો ઉપરાંત સંઘની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે કાર્યશિબિર, અભ્યાસક્રમ આયોજન, ઍસાઇનમેન્ટ વગેરેને લગતું છાપકામ પણ વધ્યું. પરીક્ષાનાં પ્રશ્નપત્રોના છાપકામ વખતે તો પ્રેસનું કામ રાતદિવસ ચાલુ રહેતું. કામમાં થયેલા વધારાના કારણે ટ્રેડલ મશીનો ઉપરાંત એક મોટું સિલિન્ડર મશીન તેમ જ અન્ય યાંત્રિક સામગ્રી અને સ્ટાફ વધારવામાં આવ્યાં.

આ વિકાસના કારણે આર્થિક ઉપાર્જન બાબતે મુદ્રણાલય સંસ્થા માટે એક મજબૂત ટેકારૂપ બની રહ્યું.

મુદ્રણાલયની આ ધંધાકીય પ્રવૃત્તિની સાથે સાથે શૈક્ષણિક પ્રવૃત્તિ તો ચાલુ હતી જ. છાપખાનાનું કામ શીખવા ઇચ્છનાર માટે તાલીમ આપવાની જોગવાઈ સંસ્થાએ રાખી જ હતી. પ્રતિવર્ષ પાંચથી સાત તાલીમાર્થીઓની ભરતી મુદ્રણાલયમાં કરવામાં આવતી. ઓછામાં ઓછાં પાંચથી સાત ધોરણ જેમણે પાસ કર્યાં હોય એમને તાલીમ માટે પ્રવેશ આપવામાં આવતો. તાલીમાર્થીઓને એમના કામના પુરસ્કારરૂપે માસિક રૂપિયા પચીસ આપવામાં આવતા. તાલીમાર્થી મુદ્રણાલયમાં જેમ જેમ વધારે ઉપયોગી થતો જાય તેમ તેમ એના પુરસ્કારમાં પણ વધારો કરવામાં આવતો.

સમય જતાં કમ્પ્યૂટર, લેસર વગેરે વૈજ્ઞાનિક શોધોના કારણે પ્રિન્ટિંગ ટૅક્નૉલૉજીમાં હેરત પમાડે

એવું પરિવર્તન આવ્યું. મોટા જથ્થાના પ્રિન્ટિંગ કામ માટે બીબાંમાં અક્ષરો ગોઠવવાનું અને ટ્રેડલ ઉપર છાપવાનું કામ લગભગ નામશેષ થવા લાગ્યું. પાટીદાર મુદ્રણાલયે નવી ટેક્નૉલૉજીને પૂરેપૂરી અપનાવી. મુદ્રણાલયને એક નવા અને વિશાળ મકાનમાં ખસેડવામાં આવ્યું. ચાર રંગો મિશ્રિત સુંદર છાપકામ થઈ શકે એ માટે ઑફસેટ મશીન ખરીદવામાં આવ્યું. આ ઉપરાંત કમ્પ્યૂટર, પ્રિન્ટર, પ્લેટ મેકિંગ વગેરે તમામ સુવિધાઓ કરવામાં આવી. મુદ્રણાલયમાં હવે પ્રિન્ટિંગ ઉપરાંત બાઇન્ડિંગનું કામ પણ ઘણી ઊંચી ગુણવત્તાવાળું થાય છે.

પાટીદાર મુદ્રણાલય એ માત્ર આર્થિક લાભ માટેનું કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનું વ્યાવસાયિક એકમ નથી. સંસ્થાની પ્રતિષ્ઠા અને એણે સ્થાપેલી આદર્શ પરંપરાને નજર સમક્ષ રાખીને એના કર્મચારીઓ અને મૅનેજર પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી કાર્ય કરે છે. મહેસાણા જિલ્લા શાળા સંઘની ૪૦૦ કરતાં વધારે સભ્ય શાળાઓની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો અહીં છપાય છે. આ કાર્યમાં જળવાતી ગોપનીયતા કહેવતરૂપ બની રહી છે. એસ.એસ.સી. પરીક્ષા બોર્ડે પોતાની આગવી વ્યવસ્થા કરી તે અગાઉ એની માર્ચ અને ઑક્ટોબરની પરીક્ષાઓનાં પ્રશ્નપત્રો આ મુદ્રણાલયમાં છપાતાં હતાં. મુદ્રણાલય સાથે જ જોડાયેલા છાત્રાલયના મકાનમાં જુદાં જુદાં ગામની શાળાઓના પરીક્ષાર્થીઓનો ઉતારો આ છાત્રાલયમાં થતો. પરિવેશ જોખમી કહેવાય, છતાં કોઈ પણ પ્રકારની આડખીલી વગર સારી રાત પ્રશ્નપત્રો છપાતાં. બધું શાંતિથી ચાલ્યા કરતું.

~ ૧૩ ~

મહાત્મા ગાંધી સંસ્થાની મુલાકાતે

જાણીતા સમાજસેવક ડૉ. હરિપ્રસાદ દેસાઈને છગનભા અવારનવાર મળતા. ડૉ. હરિપ્રસાદ છગનભાના વિચારો અને એમની પ્રવૃત્તિઓથી વાકેફ હતા. સંસ્થા વિશે પણ એમની પૂરી જાણકારી હતી. રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલી આ સંસ્થાની મુલાકાત ગાંધીજી લે એવી છગનભાની ઇચ્છા ખરી અને ડૉ. હરિપ્રસાદ પણ એવું ઇચ્છતા હતા. એમણે સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે ગાંધીજીને જાણ કરી હતી. રાષ્ટ્રનું કાર્ય જ્યાં થતું હોય તેને નિહાળવા અને તેને પ્રોત્સાહન આપવા ગાંધીજીની ઉત્સુકતા હોય એ સ્વાભાવિક છે. અવકાશે સંસ્થાની મુલાકાત લેવાની વાતનો ગાંધીજીએ સ્વીકાર પણ કર્યો હતો. એના આધારે ઈ.સ. ૧૯૨૯ના જુલાઈ માસની ૨૩મી તારીખે ગાંધીજીની મુલાકાત ગોઠવાઈ.

ગાંધીજી સવારે અગિયારની ગાડીમાં સંસ્થામાં આવ્યા. એમની સાથે કસ્તૂરબા, પ્યારેલાલ અને ડૉ. હરિપ્રસાદ દેસાઈ પણ હતા. મહાત્માજીએ સંસ્થાની પ્રવૃત્તિઓ ઝીણવટપૂર્વક જોઈ અને પ્રસન્નતા વ્યક્ત કરી. સાંજે ચારની ગાડીમાં એ પરત ગયા ત્યાં સુધીમાં એમણે સંસ્થામાં બે પ્રવચનો આપ્યાં. એક સંસ્થાના કાર્યકરો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે હતું. અને બીજું જાહેર પ્રવચન હતું. (આ બંને પ્રવચનો 'ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથ-૪૧'માં અક્ષરશઃ પ્રગટ થયાં છે.)

વિદ્યાર્થીઓ અને કાર્યકરોની સભામાં ગાંધીજીએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ ઉદ્યોગ શીખે છે તે આવશ્યક છે. પણ દેશમાં ઉદ્યોગ પર પ્રેમ જાગ્યો નથી. અહીં ૧૦૦ ટકામાંથી ૮૫ ટકા લોકો ખેતી કરતા હોય છે. તેથી બાકીના ૧૫ ટકાએ ખેડૂતોને મદદ મળે એવા ધંધામાં રોકાવું જોઈએ. આમાંના ૫ ટકાની મારફત અંગ્રેજ સરકાર આપણા ઉપર રાજ્ય ચલાવે છે. તે વિચિત્ર અને શરમ ભરેલું છે. તમારે અંગ્રેજની ઑફિસ જોઈ તાળો કાઢવો જોઈએ કે તે ના હોત તો તે કેવી રીતે રાજ્ય ચલાવી શકત? અદાલતમાં છેક પોલીસથી ન્યાયાધીશ સુધી આપણા માણસો ન હોય, ને દુભાષિયા કે વકીલો ન મળે તો સરકાર શું કરે? અલમોડામાં વેઠ કરનાર ગળિયા બળદ જેવા બનીને બેસી ગયા તેથી વેઠ ચાલી ગઈ. તેવી રીતે જો પાંચ ટકા બેસી જાય તો રાજ્ય ચાલી ન શકે. આ પાંચ ટકામાં ઉદ્યોગ નથી. તેઓ તો ફક્ત લહિયા છે. તેઓ જીભ કે કલમ ચલાવે છે, પણ અંગ કે પગ ચલાવતા નથી. હળને બદલે આપણા હાથમાં કલમ આવી જાય તો સારું એ ભ્રમણાથી જ તમે ઉદ્યોગ છોડી બેઠા છો.

એ પછી એમણે વિદ્યાર્થીઓને અસ્પૃશ્યતા છોડવા, સુથારીકામ માટે ચીવટ રાખવા, રેંટિયાને વળગી રહેવા અને પોતાનું કાપડ પોતાની મેળે વણવા બોધ આપ્યો હતો. તેમ જ આશ્રમની સુંદર વ્યવસ્થા જાળવવા માટે છગનભાને ધન્યવાદ આપ્યા હતા.

વિદ્યાર્થીઓની સભાને સંબોધ્યા પછી ગાંધીજી જાહેરસભાને સંબોધવા આવ્યા. આશ્રમની ઓરડીઓ વચ્ચેનો વિશાળ ચોક અને ઓરડીઓ આગળની પડાળીઓ માણસોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી.

આ સભામાં ગાંધીજીએ આ પ્રમાણે કહ્યું:

આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.

આ સંસ્થાના નિવદેનની સરળતા અને શુદ્ધતાને સારુ હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઇચ્છું છું તેની સાથે મારું દુઃખ પણ વ્યક્ત કરવું જોઈએ કે તેઓ સહુ અસ્પૃશ્યતાનો કોયડો ઉકેલી શક્યા નથી તે બરાબર નથી. અસ્પૃશ્યતાનિવારણ વિના હિન્દુ ધર્મ કલ્પી શકાતો નથી. જો તેનો નાશ થાય તો આ જ્ઞાનયુગના અવસરે અહીં જ્યારે એકબીજા ધર્મનું ઘર્ષણ અને મુકાબલા થાય છે તેવે સમયે કોઈ પણ ધર્મ કે જેમાં મહાદૂષણ હોય કે મૂળ ખરાબ હોય તો મેં તેનો ત્યાગ કર્યો હોત. હિન્દુ કુળમાં જન્મેલો હું તેથી સંતોષ નથી, બાપના કૂવામાં તરી શકવામાં પુરુષાર્થ હોય પણ ડૂબી જવામાં નથી. હિન્દુ ધર્મ સારો છે, પણ તેની અસ્પૃશ્યતા કલંકરૂપ છે.

...આ સંસ્થાની સાથે છગનભાઈનો સંબંધ હોય છતાં તેમાં સમાજના દાબને લીધે અસ્પૃશ્યતાના પ્રશ્નને સહન કરવું પડતું હોય. કડવા પાટીદાર કોમનું શ્રેય છે તેની મારફત હિન્દુ ધર્મ અને બધાનું એ શ્રેય છે. એક કોમના ભલામાં બધાનું ભલું છે. ...કોઈ પણ મનુષ્ય અસ્પૃશ્ય છે, એમ માનવું કડવા પાટીદાર કોમની સેવા નથી. ...બાળલગ્ન અને અસ્પૃશ્યતાનો મુકાબલો કરું તો બાળલગ્નની વાત છોડી દઉં. બાળલગ્ન તો મોટા કહેવાઈ ગયેલા પાટીદારોમાં ચાલે. આખા હિન્દુસ્તાનમાં બાળલગ્ન નથી. જો એમ હોત તો સમાજનો નાશ થઈ ગયો હોત. તેના માટે ધીરજ રાખી શકાય. પણ અસ્પૃશ્યતા તો એક ક્ષણને સારુ પણ સહન ન જ કરી શકાય...સાથે સાથે કાંતવાની પણ સલાહ આપવી જોઈએ. ...તમારાં છોકરાં પાસેથી ઘરેણાં શણગાર કઢાવી લો અને કાંતવાનું શીખવો. ...

રાષ્ટ્રીય ભાવના પોષવા ઇચ્છો તો તમારે હિન્દીને સ્થાન આપવું જોઈએ. તે ભાષા શીખી શકાય એવી છે. તે ભાષા કામ નભાવી શકે છે. તે ચલાવી શકે પણ છે. મહાસભાનો કાર્યક્રમ હળવો અને સુંદર પણ વ્યાપક છે. ...તેનો કાર્યક્રમ તે ખાદીપ્રચાર અને વિદેશીનો બહિષ્કાર. પરદેશી ધાગો પણ કાઢી નાખી ખાદી રાખવી જોઈએ.

આ સ્ટેટમાં શરાબ-મદ્યપાનની ઊપજ મોટી છે. તે ઊપજમાંથી સુખી નથી થવું. ગમે તે કારણ હોય પણ પીઠાવાળા, પીનારને પ્રેમપૂર્વક તમે, છોડી દેવાને કહી શકો છો. પીઠું ચલાવનારને સમજાવી શકો છો. પીનારા જીવન બરબાદ કરે છે. તે સ્ત્રી અને બહેન વચ્ચેનો ભેદ ભૂલી જાય છે.

આજકાલ આપણે ગાયનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરીએ છીએ. હિન્દુસ્તાનમાંથી આપણા હિન્દુને પ્રતાપે ઘણી ગાયો ઑસ્ટ્રેલિયા જાય છે. તેનું કારણ એ છે કે ત્યાં કરોડો રૂપિયાનું ગોમાંસ પેદા થાય છે. તેમાંથી તેનું સત્ત્વ કાઢે છે. જો તે વર્ણન કરું તો તમને રડાવી શકું એમ છું. ત્યાં ગાયોનો સંહાર થયા કરે છે. તેટલો સંહાર મુસલમાન ભાઈઓ બકરીઈદને દહાડે પણ નથી કરતા.

ગુજરાતમાંથી કાઠિયાવાડમાંથી ગાયોનો મોટો ભાગ જાય છે. તે પાપ સીધી રીતે કરીએ છીએ. પૂજવાને ઘર આગળ ગાય બાંધી એનું નામ ગોપાલન નહીં. ગાયમાતાને જિવાડવી હોય તો ભેંસનો ત્યાગ કરવો જોઈએ. ...ભેંસને દૂધ માટે શોધી કાઢી તેણે ગાયોને વધ કરાવ્યો. ...ગાયનો અને તેના વાછરડાનો ઉપયોગ થઈ શકે છે. ગાયનાં બધાં તત્ત્વોનો ઉપયોગ થાય છે તેટલો ભેંસનો થતો નથી, એ વેદશાસ્ત્ર પણ બતાવી શકે છે. હું એટલું જ કહેવા ઇચ્છું છું કે ગોરક્ષા કરવી એ પરમ ધર્મ છે. ...આપણે સ્વાર્થમાં ડૂબેલા છીએ. આખલાને ખસી ના કરીએ ત્યાં સુધી ગાય બચાવી શકવાના નથી. ...હાડકાંનું ખાતર ખોઈ બેઠા. મફત આપે તો બધાય ખેડૂતો વાપરે. હિંદમાં ક્યાંયે એક પણ ચર્માલય ચાલતું નથી કે જ્યાં કેવળ મૃત ગાયનું જ ચામડું વપરાતું હોય. તે તો હું જ ચલાવી રહ્યો છું. આ ધંધાને હાથ કરવામાં ખાસ એક માણસ રોકી ધંધો હાથ કરી રહ્યો છું. ગાયને બચાવવી હોય તો (આખલા) ખસી કરી તેનો વંશ વધારવો જોઈએ. ગાયની પાસેથી જો ઓલાદ સારી હોય તો ઓછામાં ઓછું ૨૦ શેર દૂધ મેળવી શકીએ. આખલા આણી તેનો પ્રચાર કરવો જોઈએ તે તો સ્ટેટનું પણ કાર્ય છે.

મહાત્મા ગાંધી સંસ્થામાં પધાર્યા ત્યારે આશ્રમનો કાર્યભાર શ્રી પોપટભાઈ ગુ. પટેલ સંભાળતા હતા. એ મુલાકાતને સંભારતાં એ લખે છે:

સંસ્થાની તેમની મુલાકાત તદ્દન સાદી અને સરળ હતી. બોર્ડિંગના મકાનના વચ્ચેના ચોકમાં પ્લિન્થ સુધી ચણેલા ભાગ ઉપર મહાત્માજીની બેઠક રાખી હતી. છાયા માટે થોડાક ભાગ પૂરતો મંડપ બાંધ્યો હતો. વિદ્યાર્થીઓ કાર્યકર્તાઓ કડી શહેર અને કડી તાલુકાનો જનસમુદાય તડકામાં ખુલ્લામાં બેસી મહાત્માજીનાં શાંતિથી દર્શન કરી શક્યા હતા અને તેમનું ટૂંકું પ્રવચન ખૂબ જ શાંતિથી સાંભળ્યું હતું. તે વખતે માઇકની કોઈ વ્યવસ્થા નહોતી.

મહાત્માજી બપોરની સાડા અગિયારની ગાડીથી ઊતર્યા અને પાછા ચારની ગાડીએ વિદાય થયા હતા ત્યાં સુધીનો તેમનો કાર્યક્રમ ભરચક હતો. ઉપરનો મુખ્ય કાર્યક્રમ શરૂ થવાને વીસેક મિનિટની વાર હતી, તે વીસ મિનિટમાં નિદ્રા ખેંચી કાઢવાનું તેમણે જણાવ્યું. એ વીસ મિનિટ ઘસઘસાટ ઊંઘી ગયા. અને બરાબર વીસમી મિનિટે પોતાની મેળે જ જાગી ગયા. જાહેરસભા, કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ, વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એકાદ કલાક સંસ્થાની પ્રવૃત્તિઓ નજરે જોવાનો કાર્યક્રમ હતો.

મહાત્માજીની સંસ્થાની મુલાકાત એ સંસ્થા માટે મોટી ઘટના હતી. ગાંધીજી જેવી એક મહાન વિભૂતિ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની પ્રવૃત્તિઓ જોવા પ્રેરાય એ એક અસાધારણ બાબત ગણાય. આ સંસ્થાની મુલાકાત લેવા માટે ગાંધીજીએ ઓછામાં ઓછા સાત કલાક ફાજલ પાડવા પડે. ૧૯૨૦ પછીનો ગાંધીજીનો સમય પળેપળની ગણતરી કરવી પડે એટલો મહત્ત્વનો હતો. ગાંધીજીએ આ સાત કલાક આ સંસ્થા માટે કેમ ફાળવ્યા? સંસ્થા હજુ તો એની બાલ્યાવસ્થામાં હતી. એને સ્થપાયે પૂરો દાયકો પણ થયો નહોતો. હજુ એ એક જ મકાન બાંધી શકી હતી. એમાં કેળવણી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા પૂરી દોઢસો પણ નહોતી. અને છતાં ગાંધીજીએ આ સંસ્થાની

મુલાકાત કેમ લીધી? મહાપુરુષોની આ જ તો ખૂબી છે. ઊગતા વૃક્ષના અંકુરને એ બરાબર પામી જાય છે. માણસને આરપાર ઓળખી લઈ શકે છે. માત્ર ચાર ચોપડી જેટલું શિક્ષણ પામેલા એક માણસે જે દૃષ્ટિ અને ભાવનાથી કામ ઉપાડ્યું હતું, એનું અનન્યત્વ ગાંધીજીએ પારખી લીધું હતું. અને એ માણસે રોપેલા બીના અંકુર વિશે માત્ર સાંભળીને જ ગાંધીજીને એના ફાલ વિશે સમજાઈ ગયું હતું. એ વૃક્ષના બીને રોપનાર વિશે ડૉ. હરિપ્રસાદ દેસાઈ પાસેથી જાણ્યા પછી ગાંધીજીને એનું કામ નજરોનજર જોવું હતું. દેશને જેની તાતી જરૂર હતી એ કામ અહીં થઈ રહ્યું હતું. દેશનું આ કાર્ય ગાંધીજીની ગણતરીએ, ભલે નાના એકમમાં, પણ વિરાટ હતું. અહીં આવવા માટે સાત કલાકનો સમય યોગ્ય દિશામાં અને યોગ્ય રીતે વપરાતો હતો. મુલાકાતમાં કશી ઔપચારિકતા નહોતી, પણ એક જબરજસ્ત ગણતરી હતી. અને એ બધું માત્ર છગનભાના કાર્યને લીધે હતું. મહાત્મા ગાંધીની સંસ્થાની મુલાકાત એ જ છગનભાના કાર્યની સો સો પ્રબંધ જેટલી એક અલિખિત પણ મૂલ્યવાન પ્રશિસ્ત હતી.

~ ૧૪ ~

બાર વાર્ષિક ઉત્સવ અને સ્નેહમિલન

સંસ્થામાં વાર્ષિક ઉત્સવ તો પ્રતિવર્ષ યોજાતો હતો, પણ સંસ્થાને બાર વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે એક મોટા ઉત્સવનું આયોજન થયું. એ ઉત્સવ બાર વાર્ષિક ઉત્સવ તરીકે ઓળખાયો. અર્ધશૌખ્ય મહોત્સવ કહેવાને બદલે સૌએ એને બાર વાર્ષિક મહોત્સવ નામથી જ વધાવી લીધો. આ ઉત્સવનું આયોજન ૧૯૩૩ના ડિસેમ્બર માસની ૧૬ અને ૧૭ એ બે તારીખોએ થયું હતું.

આ ઉત્સવમાં પ્રથમ દિવસે સામાન્ય ઉજવણી અને પ્રદર્શનનું આયોજન હતું અને બીજા દિવસે ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન હતું. પ્રદર્શનને તત્કાલીન વિભાગ વિદ્યાધિકારી શ્રી ઉમેદભાઈ લાખાભાઈએ ખુલ્લું મૂક્યું હતું અને બીજે દિવસે યોજાયેલા સ્નેહસંમેલનમાં શ્રી બળવંતરાય પ્રમોદરાય ઠાકોર પ્રમુખપદે હતા. પ્રથમ દિવસના ઉત્સવમાં મુખ્ય વક્તા સંસ્થાના સહમંત્રી શ્રી બાપુભાઈ ગામી હતા.

ઉત્સવમાં ગીત અને સંગીતનું આયોજન શાળાના શિક્ષક શ્રી ઉમેદભાઈ પટેલે કર્યું હતું. ઉમેદભાઈએ શાંતિનિકેતનમાં શિક્ષણ અને તાલીમ લીધાં હતાં. એ 'પરિમલ' તખલ્લુસથી કાવ્યો લખતા. આ ઉત્સવ નિમિત્તે એમણે બે ગીત રચ્યાં હતાં. એક ઉત્સવના આરંભે ગાવા માટેનું સ્વાગતગીત અહીં આપેલા એના એક અંશ પરથી એનું રવમાધુર્ય કેવું છે એ જોઈ શકાય છે.

અમારી શારદ કુંજે ઉત્સવ આજે
શારદનાં સન્માન
ભરી ઉપર લલિત ઉરોના ભાવ
વહાવો રસસરિતાનાં વાણ,
પરસ્પર સ્નેહસુધા વરસાવી
ઊજવો જીવન લઈ રસલ્હાણ.
પધારે પુનિત પદે મહેમાન
સ્વીકારો અમ ઉર અંતરભાવ.
અમારાં એ અંતરનાં માન
અમારે આંગણે ઉત્સવ આજે
એને ઉજાળજો મહેમાન.

બીજા દિવસના સ્નેહસંમેલન વખતે આરંભમાં ગાવા માટે શ્રી ઉમેદભાઈએ 'પ્રિય સર્વ વિદ્યાલય' શીર્ષક હેઠળ મધુર પદાવલિવાળું ગીત રચ્યું હતું જેનો આ પુસ્તકના પરિશિષ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે શ્રી બાપુભાઈ ગામીએ ઊંચા વિચારોથી યુક્ત મનનીય વક્તવ્ય આપ્યું હતું. એમણે એમના વક્તવ્યમાં દાયકાપૂર્વેની પાટીદાર કોમની સ્થિતિ, ક.પા.કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના,

વિદ્યાલયની શરૂઆત, ઉદ્યોગશિક્ષણની જરૂરિયાત, વ્યાયામનું મહત્ત્વ, સામાજિક પ્રવૃત્તિ વગેરે મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો. આ સંસ્થા બિનકોમી છે એ મુદ્દાની છણાવટ કરતાં એમણે આ પ્રમાણે કહ્યું હતું:

> જે સમયે આ કોમ સાવ નિદ્રામાં હતી તે વખતે જ્ઞાતિહિતેચ્છુઓ સંરક્ષણના સિદ્ધાંત અનુસાર પોતા પૂરતા જ વિચાર કરે એ અયોગ્ય ન ગણાય. મંડળનું નામ પણ કોમી રાખવામાં આવ્યું છે પરંતુ સંસ્થાને શરૂ થયે પાંચ વર્ષ પૂરાં નહોતાં થયાં તે વખતે જગતભરમાં કોમવાદને નાબૂદ કરવાની પ્રવૃત્તિને અનુસરી સંસ્થાનાં દ્વાર હરકોઈ કોમના વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મૂકવાનો ઠરાવ થયો. વિદ્યાલયમાં તો પ્રથમથી જ હરકોઈને દાખલ કરવામાં આવતા. અત્યાર સુધી આ સંસ્થામાં અન્ય કોમના ૨૭૫ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે.

અહીં એ નોંધવું ઉચિત ગણાશે કે જ્યારે શાળાના આરંભનાં વર્ષની બહુ મોટી ન કહી શકાય એ સંખ્યામાં ૨૭૫ની સંખ્યા ઓછી ન ગણાય.

વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા પ્રદર્શનને ખુલ્લું મૂકતાં વિભાગ વિદ્યાધિકારી શ્રી ઉમેદભાઈએ જે કહ્યું તેમાંનું કેટલુંક આ રહ્યું:

> ...મારે જ્યારે જ્યારે આવવાનું થાય છે ત્યારે હું અહીં જ રહું છું અને તેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંસર્ગમાં આવ્યો છું. આ સંસ્થાનું કેળવણીના ક્ષેત્રમાં અનેરું સ્થાન છે. આર્યસમાજની સંસ્થાઓ બાદ કરતાં સારી સંસ્થાઓ જૂજ છે તેમાંની આ એક છે.
>
> અહીં માત્ર બુદ્ધિનું જ્ઞાન નથી આપવામાં આવતું, ઉદ્યોગનું જ્ઞાન પણ આપવામાં આવે છે એ આજનું પ્રદર્શન દેખાડે છે.
>
> આ સંસ્થા પાસે સ્થાયી ફંડ નથી. તે બાર વર્ષથી પોતાનું ખર્ચ મેળવી લે છે. સ્થાયી ફંડવાળી સંસ્થાઓ કરતાં આવી સંસ્થાઓ સારી છે. સ્થાયી ફંડવાળી સંસ્થાઓ સમાજની ઇચ્છાવિરુદ્ધ પણ ચાલી શકે છે. જ્યારે આવી સંસ્થાઓ સમાજની ઇચ્છાથી અને જરૂરિયાતથી જ ચાલે છે. સંસ્થાનું ચાલુ કામ જોવાનું ઘણા ઓછાને સાંપડતું હશે, પણ મને તેનું ચાલુ કામ જોવાનું મળ્યું છે એટલે હું કહું છું કે સંસ્થા સારું કામ કરી રહી છે.

ઉત્સવના બીજા દિવસે ભૂતપૂર્વ અને ચાલુ વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન હતું. એ સંમેલનના પ્રમુખપદેથી તત્કાલીન અમદાવાદની શ્રેષ્ઠ કહી શકાય એવી શાળા દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળાના બે સંચાલકો-આચાર્યો પૈકીના એક શ્રી બળવંતરાય પ્રમોદરાય ઠાકોરે પ્રેરક પ્રવચન આપ્યું હતું જેમાંના કેટલાક અંશ અહીં આપ્યા છે:

> તમારી સંસ્થા વિશે હિંદની સર્વશ્રેષ્ઠ વિભૂતિ મહાત્મા ગાંધીજીનો અભિપ્રાય વાંચ્યા પછી સ્વાભાવિક રીતે તમારી સંસ્થા વિશે વધુ જાણવાની મને જિજ્ઞાસા થઈ. મહાત્માજીએ જણાવ્યું છે કે તમારા છોકરાને અહીં ભણવા મોકલો. તેઓ અહીં સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં જે વધારે પામી શકે તે આચાર અને વિચારની શુદ્ધિ. તમે આ સંસ્થાને જેમ પોષતા જશો તેમ સંચાલકોનું બળ વધશે.

અમદાવાદથી આટલી નજીક પડેલી આ આશાભરી સંસ્થા વિશે હું અત્યાર સુધી થોડાક વિદ્યાર્થીઓ અને મિત્રો દ્વારા મળેલી થોડી માહિતી સિવાય પૂરી માહિતી નહોતો ધરાવતો એ જાહેર કરતાં મને દુઃખ અને શરમ લાગે છે.

આ સંસ્થાના બાળકો કર્તવ્યશીલ, નીડર અને સ્વતંત્ર નીવડશે એ વિશે મને કંઈ જ શંકા નથી.

પ્રસંગ મળ્યો હોવાથી સંસ્થાના સૂત્રધારોને પણ એક સૂચના કરવા ઇચ્છા થઈ આવે છે. જે વસ્તુ હું કહેવા ઇચ્છું છું તે ટીકારૂપે જ નહીં, પણ સૂચનારૂપે લેખાશે એવી મને શ્રદ્ધા છે. આટલી મોટી અને સુંદર સંસ્થામાં કન્યા-કેળવણી માટે સગવડ નથી એ જોઈને મને ખેદ થાય છે. સમાજનાં બંને અંગોની એકસરખી ગતિ વિના આપણી પ્રગતિ નથી થઈ શકવાની એ વાત લગભગ કહેવત જેવી થઈ ગઈ છે.

પાટીદાર કોમમાં કન્યા-કેળવણીની જેટલી મને અગત્ય લાગે છે તેથી વધુ બીજી કોમમાં તેની અગત્ય નથી એમ સહેજ પણ અતિશયોક્તિ વિના હું કહી શકું. કેળવણીની વ્યવસ્થા વગર આ સંસ્થા સુંદર છતાં અધૂરી છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓનું સંમેલન સદર વિદ્યાર્થીઓ માટે એક મોટા આનંદનો અવસર બની રહ્યું હતું. એમાં સર્વાનુમતે નીચેના ઠરાવો પ્રસાર થયા હતા:

૧. સંસ્થાના જૂના વિદ્યાર્થીઓમાંથી જેમણે ઉચ્ચ શિક્ષણ લીધું હોય તેમને જ્યારે સંસ્થાને જરૂર હોય ત્યારે આજીવિકા જેટલું વેતન સ્વીકારી સંસ્થાને સેવા આપવા વિનંતી કરવામાં આવે છે.

૨. સંસ્થામાં અભ્યાસ કરી આગળ વધેલા વિદ્યાર્થીઓ ઉપર સંસ્થાનું ઋણ સવિશેષ રહેલું છે એ બાબત ધ્યાનમાં લઈ આ સભા ખાસ કરીને સંસ્થાના જૂના વિદ્યાર્થીભાઈઓને આગ્રહ કરે છે કે તેમણે દરેકે દર વર્ષે સંસ્થાને રૂ. ૧૦-૦૦ ની મદદ મેળવી આપવા પ્રયત્ન કરવો.

૩. શાળા અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને પુસ્તકોના ખર્ચમાં મદદરૂપ થઈ પડે એ હેતુથી શાળા અને કૉલેજોમાં ચાલતાં પાઠ્યપુસ્તકોનું એક વિદ્યાર્થી સહાયક પુસ્તકાલય ઉઘાડવાની ખાસ જરૂર છે. આ હેતુથી સર્વ વિદ્યાલયમાં 'સ્વ. નાનજીભાઈ વિદ્યાર્થી સહાયક પુસ્તકાલય' ખોલવામાં આવ્યું છે. આ પુસ્તકાલયને આ સંસ્થાના જૂના તેમ જ નવા વિદ્યાર્થીઓને શાળા અને કૉલેજોમાં ચાલતાં અને ચાલે તેવાં પુસ્તકો અને નાણાંની મદદ કરવા વિનંતી કરવામાં આવે છે.

~ ૧૫ ~

કન્યાકેળવણી મંડળ

જે સંસ્થામાં મહાત્મા ગાંધી જેવી વિભૂતિએ પધારીને એની કાર્યપદ્ધતિને બિરદાવી હોય ત્યાં કન્યાકેળવણી તરફ ઉદાસીનતા જોવા મળે તો સંસ્થાની પ્રતિષ્ઠાને સહેજ ઝાંખપ લાગ્યા વિના કેમ રહે? સંસ્થાના અર્ધશૌપ્ય મહોત્સવ વખતે વિદ્યાર્થીઓના સ્નેહસંમેલન (તા. ૧૬-૧૭ ડિસેમ્બર ૧૯૩૩)ના પ્રમુખસ્થાનેથી શ્રી બળવંતરાય પ્રમોદરાય ઠાકોરે 'સ્ત્રીકેળવણીની વ્યવસ્થા વગર આ સંસ્થા સુંદર છતાં અધૂરી છે.' એવી નિખાલસભાવે અને માત્ર રચનાત્મક સૂચનરૂપે ટકોર પછી એમણે એમ પણ કહ્યું હતું કે:

> સ્ત્રીકેળવણીનો ઉપાય વિશાળ દૃષ્ટિવાળા સંચાલકોની દૃષ્ટિમર્યાદા બહાર નહીં હોય એ હું જાણું છું. પરંતુ તે માટે જેટલો વિલંબ કરવામાં આવે છે તે પ્રગતિનો રોધક છે. જોખમ અને શ્રમથી નહીં ખચકાતાં આ દિશામાં ચોક્કસ પગલું લેવાશે તો સામાજિક સુધારણાના સંસ્થાના ધ્યેયની સિદ્ધિ હાથવેંતમાં આવીને ઊભી રહેશે. સંસ્થાનો વિકાસક્રમ જોતાં ક્રમિક પદ્ધતિ તેને વધુ પસંદ આવી જણાય છે. પરંતુ હિંમતથી પગલું ભર્યે જ છૂટકો થવાનો છે. એ જાણી લેવું જરૂરી છે.

યોગાનુયોગ કે શ્રી બળવંતરાય ઠાકોરના પ્રવચનમાં રહેલો સંકેત કે જે ગણીએ તે, પણ અર્ધશૌપ્ય મહોત્સવની પૂર્ણાહુતિ વેળાએ જે ઠરાવો થયા તેમાં પાંચમો ઠરાવ 'કન્યાકેળવણી મંડળ'નો હતો. જે આ પ્રમાણે હતો:

> કન્યાકેળવણીના પ્રશ્નને વ્યાવહારિક સ્વરૂપ આપવા કડીમાં 'કન્યાકેળવણી મંડળ' એ નામની સંસ્થા ખોલવામાં આવે છે. અને તેના ફંડ, બંધારણ, કાર્યપ્રદેશ વગેરે સંબંધી વિચાર કરવા નીચેના સભ્યોની એક કામચલાઉ સમિતિ બીજા સભાસદો વધારવાની સત્તા સાથે નીમવામાં આવે છે:

૧. શેઠ શ્રી મફતલાલ ગગલદાસ
૨. શ્રીમતી શારદાબહેન મહેતા
૩. શ્રીમતી વિજયાબહેન લશ્કરી
૪. શ્રીમતી પાર્વતીબહેન પુરુષોત્તમદાસ
૫. પ્રો. સ્વામીનારાયણસાહેબ
૬. શ્રી છગનલાલ પીતાંબરદાસ
૭. શ્રી તુલસીદાસ ગોપાળદાસ
૮. શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન
૯. શ્રી અંબાલાલ શિવલાલ પટેલ
૧૦. શ્રી પુરુષોત્તમદાસ રણછોડદાસ વકીલ
૧૧. શ્રી હરજીવનદાસ ભગવાનદાસ

૧૨. શ્રી ધનશાભાઈ જેકરણદાસ
૧૩. શ્રી પુરુષોત્તમભાઈ લલ્લુભાઈ
૧૪. શ્રી પ્રાણજીવન વૃજલાલ
૧૫. શ્રી બહેચરભાઈ રાયજીભાઈ
૧૬. શ્રી શકરાભાઈ બહેચરભાઈ
૧૭. શ્રી ચતુરભાઈ હીરદાસ વકીલ
૧૮. શ્રી પ્રભુદાસ ભાવસંગદાસ
૧૯. શ્રી જેઠાલાલ લાલદાસ
૨૦. શ્રી બાપુભાઈ વિ. ગામી
૨૧. શ્રી પોપટલાલ ગુ. પટેલ

અહીં એક હકીકત નોંધવી જરૂરી છે કે કન્યાકેળવણી મંડળની એક સ્વતંત્ર સંસ્થા તરીકે ૧૭ ડિસેમ્બર, ૧૯૩૩ના રોજ સ્થાપના થઈ. પણ તા. ૧૧-૮-૧૯૩૧ના રોજ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તરફથી પ્રગટ કરવામાં આવેલા સંસ્થાના બોધપત્ર (પ્રોસ્પેક્ટ્સ)માં એ જ વર્ષે ક.પા.કે.ઉ. મંડળ તરફથી 'કન્યા સરસ્વતી મંદિર' ખોલવાનો સંકલ્પ પ્રગટ કરવામાં આવેલો હતો. અને બોધપત્રમાં નવી શરૂ થનાર સંસ્થા (સરસ્વતી મંદિર)ના ઉદ્દેશ, નિયમો, અભ્યાસક્રમ અને પ્રવેશપત્રનો નમૂનો છાપેલાં હતાં. જેમાંની કેટલીક વિગતો આ પ્રમાણે છે:

૧. ઉદ્દેશ:

કડવા પાટીદાર જ્ઞાતિની કન્યાઓને વ્યવહારુ સ્ત્રી ઉપયોગી સુશિક્ષણ આપવું એ આ 'કન્યા સરસ્વતી મંદિર'નો ઉદ્દેશ છે.

૨. નિયમો:

૧. આ મંદિરનું સ્થળ, જ્યાં સુધી ઇલાયદી ગોઠવણ ન થાય ત્યાં સુધી પાટીદાર આશ્રમમાં જ રહેશે.
૨. આ મંદિરમાં કડવા પાટીદાર જ્ઞાતિની ૭થી ૧૨ વર્ષની ઉંમર સુધીની કન્યાઓને દાખલ કરવામાં આવશે.
૩. આ મંદિરમાં બનતાં સુધી કુંવારી કન્યાઓને જ રાખવામાં આવશે.
૪. દરેક કન્યાએ, દાખલ થયા પછી નિદાન ૧૨ વર્ષની ઉંમર થતાં સુધી આ 'કન્યા સરસ્વતી મંદિર'માં રહેવું પડશે.
૫. દરેક કન્યાએ ભોજનખર્ચ પેટે રૂ. ૫ (માસિક) અને દાખલ ફી રૂ. ૧ આપવાનો રહેશે. આ ઉપરાંત શિક્ષણની ફી લેવામાં આવશે નહીં.
૬. કપડાંલત્તાં તથા પુસ્તકો વગેરેનું ખર્ચ કન્યાના વાલીએ આપવાનું રહેશે.
૭. ચાલાક અને ગરીબ કન્યાઓ માટે અન્ય ગૃહસ્થો પાસેથી શિષ્યવૃત્તિ મેળવવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૮. કન્યા દાખલ થાય ત્યારથી તે મંદિરમાં રહે તે સમય દરમિયાન તેને તેના વાલીને ઘેર વર્ષ દરમ્યાન એક અઠવાડિયાથી વધારે મોકલવામાં આવશે નહીં.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળે શરૂ કરવા ધારેલું 'સરસ્વતી કન્યા મંદિર' અસ્તિત્વમાં આવી શક્યું નહીં એની પાછળ સંસ્થાની નિષ્ઠામાં તો કોઈ ઊણપ ન હતી. પણ યોજના સફળ ન થવામાં તત્કાલીન સમાજ અને સમયને જવાબદાર ગણી શકાય. એ સમયમાં સમાજ કેળવણીમાત્ર પ્રત્યે ઉદાસીન હતો. વળી, બોધપત્રમાં દર્શાવેલા નિયમ ૩, ૪ અને ૮ એ સમયના વાલીઓને માફક આવે એવા જણાતા ન હતા. અને અભ્યાસક્રમ પણ અન્ય શાળાઓમાં ચાલતા અભ્યાસક્રમથી અલગ હોઈ, એક વાર 'કન્યા સરસ્વતી મંદિર'માં દાખલ થનાર કન્યાને મંદિર છોડીને બીજી શાળામાં દાખલ થવાનું મુશ્કેલ બને. આવાં કારણોને લીધે જ કદાચ, અભ્યાસ કરનારની પૂરતી સંખ્યા ન મળવાને કારણે 'સરસ્વતી કન્યા મંદિર'ની યોજના અમલમાં નહીં મૂકી શકાઈ હોય.

પણ કન્યાકેળવણી મંડળની સ્થાપના ભારે ઉત્સાહ, દબદબા અને જાહેર સમારંભના સાન્નિધ્યમાં કરવામાં આવી હતી.

એના કાર્યને આગળ ધપાવવા સક્ષમ અને વગદાર મહાનુભાવોની સમિતિ રચવામાં આવી હતી. એટલે મંડળની રચનાના બીજા જ વર્ષથી કન્યાકેળવણીનો આરંભ થયો.

ફંડનું કામ પણ ઠીક ઠીક વેગથી ચાલતું હતું. કન્યાઓની શિક્ષણસંસ્થા માટે સ્વતંત્ર મકાનની આવશ્યકતા પૂરી કરવા માટે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળે તા. ૧૫-૫-૩૫ની વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ નં. ૩થી કન્યાકેળવણી મંડળને મકાન બાંધવા સંસ્થાની માલિકીની જમીન સર્વે નં. ૯૩૩/૧ તેમ જ ૯૩૩/૨ વીઘા ૧-૬ અને ૦-૧૩ ખરીદની સવાઈ કિંમતે વેચાણ આપવાનું ઠરાવ્યું.

આ પછી જરૂર પડ્યે ક.પા.કે.ઉ. મંડળ કન્યાકેળવણી મંડળને આર્થિક સહાય કરતું હતું.

સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમના મકાનની ઉત્તરે કન્યાઓની શિક્ષણસંસ્થા માટે મકાન તૈયાર કરવામાં આવ્યું હતું. આ મકાન 'કન્યાકુંજ'ના નામથી ઓળખાતું હતું. સ્વતંત્ર મકાન હતું, અન્ય સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં હતાં, દૃષ્ટિવંત અને કુશળ સંચાલકો હતા, જરૂર પડ્યે ક.પા.કે.ઉ. મંડળના પૂરા સાથ અને સહકાર હતા આમ છતાં પાટીદાર સમાજ માટે કન્યાકેળવણી શાપિત હોય એમ અણધાર્યા અવરોધો ઊભા થયા. સંસ્થાના કાર્યને સમાજ તરફથી ઘટતો યશ ન મળ્યો. પ્રગતિને બદલે પીછેહઠ કરવી પડે એવા સંજોગો ઊભા થયા અને સંસ્થા એનાં પાંચ વર્ષ પૂરાં કરે એ પહેલાં એને સમેટી લેવાનો દિવસ જોવો પડ્યો. ૧૯૩૭માં એને બંધ કરવામાં આવી.

અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની તા. ૧૧-૬-૩૯ની સાધારણ સભામાં કન્યાકેળવણી મંડળની જમીન તથા મકાન મૂળ કિંમતે ખરીદવાનું ઠરાવવામાં આવ્યું.

~ ૧૬ ~

છગનભાનું અધૂરું સ્વપ્ન

કન્યાકેળવણી બાબતમાં છગનભાનું સ્વપ્ન અધૂરું રહ્યું હતું એવો એકધારો સૂર આપણે વિવિધ પ્રસંગે છગનભાના લગભગ બધા જ પ્રશંસકો પાસેથી સાંભળતા રહ્યા છીએ. છગનભાનું એ સ્વપ્ન કેળવણીક્ષેત્રે એમણે પ્રથમ કદમ માંડ્યું ત્યારથી જ એમના ચિત્તમાં રમમાણ હતું.

એક દિવસ છગનભા સાથેની વિચારગોષ્ઠીમાં શ્રી પુરુષોત્તમદાસ પટેલે માત્ર છોકરાઓને કેળવણી મળતાં સર્જાતાં કજોડાં વિશે વાત કરી ત્યારે છગનભાએ કહ્યું હતું: "મને પણ એમ લાગે છે. આ છોકરાને ભણાવીને દેખતા કરીશ, ભણીને મોટા થશે અને ઘરમાં બૈરી સંતાકૂકડી રમતી હશે. એ બેની વચ્ચે હિમાલય ખડો થશે. કદાચ બેનું જીવતર ધૂળધાણી પણ થાય. એ પાપ મને લાગશે! મારો વિચાર છે કે જે છોકરા ભણવા આવે, ભણે અને આગળ જાય તેમનાં બૈરાંને એમના બાપની પાસેથી લઈ આવું. એમને દેખતાં કરું. છોકરીઓ નહીં ભણે ત્યાં સુધી સમાજના રોગો તદ્દન નાબૂદ નહીં થાય. હું ભગવાનને રોજ કહું છું, મને જુવાન બનાવે, મારું શરીર ઠીક રાખે અને એ કામ પણ કરતો જાઉં."

છગનભાના આ શબ્દોમાં કેટલી તીવ્ર સંવેદના રહેલી છે એ એકદમ સ્પષ્ટરૂપે દેખાય છે, તે એટલે સુધી કે પોતે કન્યાઓને ભણાતી નહીં કરી શકે તો ભણેલા પતિ અને સાથે સાથે પત્ની એમ બંનેનાં જીવન ધૂળધાણી કર્યાનું પાપ પોતાને લાગશે એમ એ માને છે. એટલે તો એ કામ (કન્યાકેળવણીનું) પૂરું કરીને એક આવશ્યક વર્તુળ પૂરું કરવા માટે આયુષ્ય અને સ્વાસ્થ્યની ભગવાન પાસે એ માગણી કરે છે! એટલે કન્યાકેળવણીની મહેચ્છા છગનભાના દિલમાં પાછળથી જન્મેલી નહીં પણ કેળવણીના વિચારના પહેલા અંકુર સાથે જ જન્મેલી છે. અને જેમ જેમ દિવસો અને વર્ષો વીતતાં ગયાં તેમ તેમ એ મહેચ્છાએ એમના હૈયામાં એક વલવલાટનું રૂપ પકડેલું છે. આ તીવ્ર અને ઉત્કટ લાગણી એમના અવસાનનાં પાંચ વર્ષ પૂર્વે જાણીતા સાહિત્યકાર અને સંસ્થાના એક વખતના છાત્ર શ્રી પીતાંબર પટેલ છગનભા સાથેના એમના છેલ્લા મેળાપમાં જોઈ શક્યા હતા. શ્રી પીતાંબર પટેલે એ ક્ષણોને એમના લખાણમાં આ રીતે રજૂ કરી છે:

"ભા, તમે તો ઘણું કર્યું છે?"

"થાય એટલું કર્યું, પણ મારી આશાઓ તો આશાઓ જ રહી ગઈ."

"માણસના આયુષ્યની અને શક્તિઓની મર્યાદા તો હોય જ ને. તોયે આથી વધારે થઈ પણ શું શકે?"

"બેટા! તારા જેવા ભણેલા છોકરા જોઉં છું ને મને પોર પોર લોહી ચઢે છે. પણ પાછું એટલું જ દુઃખ થાય છે. બે સરખાં પૈડાં હોય તો જ ગાડી ચાલી શકે. આ પૈડાની સાથે સાચે બીજું પૈડું ક્યાં?"

"હું..."

"મારી મોટામાં મોટી પહેલી આશા એ હતી કે જેમ છોકરાઓને ભણવાની વ્યવસ્થા થઈ એમ છોકરીઓ માટે થવી જોઈએ. એ વગર સંસારગાડી બરાબર નહીં દોડે. બીજી આશા એ હતી કે

કડવા કોમને બીજી ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓની હરોળમાં મૂકતો જાઉં. ખેર! હું કંઈ જ ન કરી શક્યો."

અને ઊંડી ઊતરી ગયેલી બે વૃદ્ધ આંખોમાંથી વિષાદ ઝરવા લાગ્યો.

"ભા, તમે આ શું બોલો છો? તમે જે કર્યું છે તે તો બીજાથી થાય એમ નથી. તમે તો તમારી જાત નિચોવીને જ્ઞાનનું કોડિયું જલતું રાખ્યું. અને ગામેગામ એ જ્યોત પહોંચાડી. તમે તો મારા જેવા કેટલાયને દેખતા અને બોલતા કર્યા છે."

"એ તો પ્રભુના પ્રતાપ. પણ પેલા બેનું શું?"

"એય થશે. તમે તમારી પાછળ એવી ચેતના મૂકી જાઓ છો કે હવે એ પ્રગતિનું પૂર ખાળ્યું ખાળી શકાય એમ નથી."

"મને એ તો વિશ્વાસ છે, બેટા." અને વૃદ્ધનો હાથ આશીર્વાદ આપતો હોય તેમ માથા ઉપર મૂક્યો. "તમે જ મારી આશા છો. મારે આટલા બધા દીકરા છે તે મારું અધૂરું કામ પૂરું નહીં કરે? બોલ બેટા, મારી અધૂરી આશાઓ પૂરી કરીશ ને?"

ક.પા. કેળવણી ઉત્તેજક મંડળનું બંધારણ તૈયાર કરનાર સમિતિએ બે દિવસ સુધી છ-છ કલાકની બેઠકોમાં ખૂબ ચર્ચાવિચારણા કરીને મુસદ્દાને આખરી રૂપ આપ્યું હતું અને એને ઘટતા સુધારા સાથે તા. ૬-૪-૧૯૨૪ના રોજ સાધારણ સભાએ મંજૂર રાખ્યું હતું. એ બંધારણમાં ઉદ્દેશની નીચે પાંચ ખુલાસા આપ્યા છે. એમાં ચોથો ખુલાસો આ પ્રમાણે છે: "આ ઉદ્દેશ બર લાવવામાં જેટલું પુરુષ-વર્ગ તરફ લક્ષ આપવામાં આવે તેટલું જ લક્ષ સ્ત્રી-વર્ગ તરફ રાખવામાં આવશે."

અને પાંચમો ખુલાસો ઉદ્દેશનાં સાધન અંગે છે. એમાં બંધારણના ઉદ્દેશને પાર પાડવા માટેની પ્રવૃત્તિઓમાં 'વિદ્યાર્થી આશ્રમ' પછી તરત બીજા નંબરે 'કન્યાલય'નો નિર્દેશ છે.

એટલે એ તો સ્પષ્ટ છે જ કે સંસ્થાનો કન્યાકેળવણીના પ્રચાર અંગેનો હેતુ જુદો તારવીને સ્પષ્ટ કરી આપ્યો છે. આ પ્રશ્ન બંધારણસમિતિમાં બરાબર ચર્ચાયો હશે જ. છગનભા પણ એ કમિટીના સભ્ય હતા. એમણે આ તારવણીમાં મહત્ત્વનો ભાગ ભજવીને એમના લક્ષ્યની વાત ભારપૂર્વક કરી હશે. છગનભાનો કન્યાકેળવણીનો ખ્યાલ માત્ર શાળામાંના અભ્યાસક્રમનું ભણતર એટલો જ નહોતો. એ માટે તો કોઈ પણ કન્યા સર્વ વિદ્યાલયમાં દાખલ થઈ શકે એમ હતી. પણ એટલાથી એમનો હેતુ પૂર્ણ થાય એમ નહોતું. સર્વ વિદ્યાલય (એ વખતે એનું નામ પાટીદાર વિદ્યાલય હતું)માં તો કડીની સ્થાનિક કન્યાઓ જ લાભ લઈ શકે. વધારે મોટા વિસ્તારમાં ગામડે ગામડે ફેલાયેલી કન્યાઓનું શું? આ કારણને લીધે જ છગનભાના મનમાં કન્યાલયનો વિચાર દૃઢ થયો હતો. કન્યાલયમાં દૂરદૂરનાં ગામડાંઓમાંથી આવીને અહીં રહીને કન્યાઓ કેળવણી પામે. એમનો ખ્યાલ વિદ્યાર્થી આશ્રમ જેવું કન્યાઓનું એક સંકુલ ઊભું કરવાનો હતો જ્યાં કન્યાઓ માટેનું વિદ્યાલય પણ હોય અને ઉત્તમ ગૃહિણી બનવા માટે જરૂરી બધા પ્રકારની કેળવણી એ સંકુલમાં કન્યાઓને મળતી હોય.

પોતાના સ્વપ્ન સાથે કેટલીક બાંધછોડ અને મન સાથે સમાધાન કરીને છગનભાએ ઈ.સ. ૧૯૩૪માં કન્યાકુંજ (છાત્રાલય) શરૂ કરાવ્યું. વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયના મકાન વચ્ચે હાલ જે કન્યાઓ માટેની હૉસ્ટેલ બની છે. તે અને કેટલાક સમય અગાઉ 'કિશોરકુંજ' હતું તે મકાન આ કન્યાકુંજ હતું.

કન્યાકુંજ ચલાવવામાં ધારી સફળતા ન મળી અને તે ઈ.સ. ૧૯૩૭માં બંધ કરવામાં આવ્યું. છગનભાના મનમાં જે કન્યાલય સતત રમતું રહેતું હતું એવું એ ઊભું ન કરી શકાયું.

~ ૧૭ ~

છગનભા સ્મારકનિધિ

તા. ૨૨-૧૨-૧૯૪૦ના રોજ છગનભાનું અવસાન થયું એ પછી છગનભાનું સ્મારક રચવા માટે અનેક સૂચનો આવ્યાં. સંસ્થાના વ્યવસ્થાપકમંડળે છગનભાનું સ્મારક રચવા માટે ઠરાવ કર્યો અને એ અંગે વિશેષ ચર્ચાવિચારણા કરવા મંડળે જ્ઞાતિના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થોની એક સભા તા. ૯-૨-૪૧ના રોજ બોલાવી. આ સભાએ મંડળે સ્મારક સંબંધમાં કરેલા ઠરાવને ઉમળકાપૂર્વક અનુમોદન આપ્યું. અને સ્મારક માટે છગનભા સ્મારકનિધિ મધ્યવર્તી સમિતિનું ગઠન કરવામાં આવ્યું. એ સમિતિમાં તત્કાળ ૮૫ સભ્યોનાં નામ નોંધવામાં આવ્યાં અને એ સમિતિને સભાસદો વધારવાની સત્તા પણ આપવામાં આવી. આ સભામાં એ વખતે જ સ્મારકનિધિમાં રૂ. ૭૮૩નું ફંડ થયું હતું.

સ્મારકનિધિમાં એકત્રિત થનાર ફંડનો ઉપયોગ નીચેની બાબતોમાં કરવાનું ઠરાવવામાં આવ્યું હતું:

૧. ગ્રામકેળવણી
૨. છાત્રાલયો
૩. શિષ્યવૃત્તિ અને લોનો
૪. લોક-કેળવણી
૫. છગનભાની પ્રતિમા
૬. અતિથિગૃહ

સ્મારકનિધિમાં ભંડોળ સારા પ્રમાણમાં એકઠું થતું રહ્યું અને એનો ઉપયોગ મૂળભૂત હેતુઓને લક્ષમાં રાખીને થવા લાગ્યો.

આશ્રમના વિદ્યાર્થીઓએ સ્મારકનિધિમાં એ વખતે રૂ. ૨૫૦ ફંડ એકઠું કર્યું. વેકેશનમાં ગામડે જઈને ભંડોળ એકઠું કરવાનો નિર્ણય જાહેર કર્યો.

છગનભા સ્મારકનિધિ અંગે તા. ૨૭-૪-૪૧ની સાધારણ સભામાં બે મહત્ત્વના ઠરાવ પસાર થયા. એક, છગનભા સ્મારકનિધિની પ્રવૃત્તિ ક.પા.કે.ઉ. મંડળના એક અંગ તરીકે ચલાવવાનું ઠરાવવામાં આવ્યું. અર્થાત્ એનું સઘળું આયોજન અને એનો વહીવટ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ હસ્તક રાખવામાં આવ્યો. બીજો ઠરાવ મહેસાણામાં એક છાત્રાલય શરૂ કરવા અંગે કરવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૪૩ની વાર્ષિક સાધારણ સભામાં છગનભા સ્મારકનિધિ સંબંધમાં ત્રણ મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા: (૧) રૂ. ૫,૦૦૧ના ખર્ચે એક અતિથિગૃહ બાંધવું (૨) રૂ. ૨,૦૦૧ના ખર્ચ સુધીમાં છગનભાની અર્ધપ્રતિમા તૈયાર કરાવવી (૩) છગનભાનું જીવનચરિત્ર તૈયાર કરાવવું. જીવનચરિત્ર લખવાનું કામ શ્રી છગનભાઈ કાળિદાસ પટેલને સોંપવામાં આવ્યું.

ઊંઝા કેળવણી મંડળની અરજી ઉપર વિચારણા કરીને સદર મંડળ સંચાલિત કન્યાવિદ્યાલયના મકાન માટે સહાયરૂપે ક.પા. કેળવણી ઉત્તેજક મંડળ કડીના વ્યવસ્થાપકમંડળની તા. ૪-૩-૧૯૬૧ની સભામાં રૂ. ૪,૫૦૦ની સહાયનો ઠરાવ કર્યો અને તા. ૮-૫-૬૧ની વાર્ષિક સાધારણ સભામાં બહાલી મેળવીને રકમ મોકલી આપવામાં આવી. ઉપરાંત ૪ ટકાના વ્યાજે અને એક વર્ષમાં પરત કરવાની શરતે રૂ. ૫,૦૦૦ની લોન પણ છગનભા સ્મારકનિધિમાંથી મોકલી આપી:

જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ મોંઘવારી પણ અસાધારણ પ્રમાણમાં અને અસાધારણ ગતિથી વધવા લાગી. પૂ. છગનભાના તર્પણરૂપે અથવા એમના સ્વપ્નને સાકાર કરવા માટે, જે રકમ ભંડોળરૂપે હતી તે ઘણી ઓછી ગણાય. એટલે એ ભંડોળમાં સંગીન ઉમેરો કરવાની જરૂર જણાતાં ઈ.સ.૧૯૮૮-૮૯ની સાધારણ સભામાં આ અંગે વિશદતાથી વિચારણા કરવામાં આવી. અને છગનભા સ્મારકનિધિમાં રૂ. ૫૧ લાખ એકત્ર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું. આ નિધિમાં ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરવામાં આવી.

એકત્ર થનાર ભંડોળનો ઉપયોગ અગાઉની પદ્ધતિએ કરવા ઉપરાંત કેટલીક નવી પ્રવૃત્તિઓ પાછળ પણ એ ભંડોળના વ્યાજની રકમ ખર્ચાય એની વિચારણા કરવા માટે તા. ૧૮-૯-૮૮ના રોજ મંડળના મંત્રીશ્રીઓના સાન્નિધ્યમાં મંડળ સંચાલિત શાળાઓના આચાર્યશ્રીઓની એક સભા મળી. ચર્ચાવિચારણાના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે પ્રતિવર્ષ પૂ. છગનભાની પુણ્યતિથિ (તા. ૨૨, ડિસેમ્બર) ના દિવસે છગનભાની યાદ તાજી કરવા એમની સ્મૃતિમાં સ્પર્ધાઓ યોજવી અને જે-તે વિભાગોમાં સફળ થયેલા સ્પર્ધકોને નીચે પ્રમાણેના શિલ્ડ એનાયત કરવા:

૧. પૂજ્ય છગનભા વિજયપદ્મ-યુવક મહોત્સવ

૨. પૂજ્ય છગનભા વિજયપદ્મ-રમતોત્સવ

આ પ્રવૃત્તિઓનું આયોજન ગાંધીનગર, બલોલ, વડનગર અને કડીની શાળાઓના ઉપક્રમે વારાફરતી કરવાનું એ સભામાં નક્કી કરવામાં આવ્યું.

અહીં એક હકીકતનો નિર્દેશ પણ જરૂરી છે કે સર્વવિદ્યાલય કેળવણી મંડળની ઈ.સ. ૧૯૮૮-૮૯ની વાર્ષિક સાધારણ સભામાં થયેલી વિચારણાના આધારે પૂ. છગનભા સ્મારક-નિધિના વ્યાજમાંથી ઉપરોક્ત પ્રવૃત્તિઓ અને વિજયપદ્મોના નિર્ણય લેવાયા હતા અને એ પ્રમાણે પ્રવૃત્તિઓનો આરંભ થયો હતો. સાથે સાથે એ જ વર્ષ એટલે કે ઈ.સ. ૧૯૮૮-૮૯ની ક.પા. કેળવણી ઉત્તેજક મંડળની સાધારણ સભામાં અગાઉના છગનભા સ્મારકનિધિના આધારે થતી પ્રવૃત્તિઓ બાબતે જે ઠરાવ કરવામાં આવ્યો હતો તેના આધારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી સંચાલિત શિક્ષણ સંસ્થાઓનાં ધોરણ ૧૦ અને ધો. ૧૨ અને કૉલેજના છેલ્લા વર્ષની યુનિવર્સિટીની પરીક્ષામાં જે બહેનો જે-તે વિભાગમાં વધુ ગુણથી પાસ થાય તેમને નીચે પ્રમાણે રોકડ ઇનામો આપવાની જોગવાઈ કરવામાં આવી હતી:

ધોરણ ૧૦ પ્રથમ ઇનામ રૂ. ૨૫૧

ધોરણ ૧૨ (દરેક પ્રવાહ માટે) પ્રથમ ઇનામ રૂ. ૩૦૧

ટી.વાય. બી.એસસી. (કૉલેજનું છેલ્લું વર્ષ) રૂ. ૫૦૧

પાછળથી કૉલેજના છેલ્લા વર્ષમાં અન્ય ફૅકલ્ટીઓ પણ સામેલ કરવામાં આવી હતી. તેમ જ ઇનામનો વ્યાપ માત્ર બહેનો પૂરતો ન રાખતાં ભાઈઓ માટે પણ ઇનામની અલગ જોગવાઈ કરવામાં આવી છે.

ઈ.સ. ૧૯૮૮-૮૯માં છગનભા સ્મારકનિધિમાં ફાળા માટેની ટહેલ નાખ્યા પછી એમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો તરફથી ઉત્સાહપૂર્વક ફાળો આવી રહ્યો છે. ઈ.સ. ૨૦૦૦-૦૧માં ફાળાની આ રકમ રૂ. ૫,૬૭,૪૭૦ સુધી પહોંચી હતી.

~ ૧૮ ~

પાટીદાર વિદ્યાલય હવે સર્વ વિદ્યાલય

પાટીદાર વિદ્યાલયમાં પ્રતિવર્ષ સંખ્યા વધતી જતી હતી. હવે (૧૯૩૫થી) એ મૅટ્રિકના વર્ગ સાથે પૂરી હાઈસ્કૂલનું રૂપ પામ્યું હતું. આ વિકાસ સાથે વિદ્યાલય પાછળનો ખર્ચ પણ વધતો જતો હતો. આ ખર્ચને પહોંચી વળવાનું કામ મુશ્કેલ હતું. છગનભા, માધવજીભાઈ અને ધનશા ભગત ફંડ પ્રવૃત્તિમાં સતત ભ્રમણમાં રહેતા હતા. શેઠ મફતલાલ ગગલદાસ તરફથી પ્રતિવર્ષ રૂ. ૨૪૦૦નું દાન નિયમિત રીતે મળતું હતું. મહારાજા સયાજીરાવ તરફથી એમના પ્રિવી પર્સ (અંગત ભંડોળ)માંથી મળતી રકમ નિશ્ચિત મુદત માટેની હતી. સંસ્થાના શુભેચ્છકો તરફથી પણ થોડુંઘણું દાન મળ્યા કરતું હતું. પણ આ બધી આર્થિક સહાય શાળાના નિભાવ માટે પૂરતી નહોતી. અભ્યાસક્રમના એકેડેમિક વિષયોના શિક્ષકો ઉપરાંત કાંતણ, વણાટ, સુથારી ઉદ્યોગો અને સંગીતશિક્ષકના પગાર ઉપરાંત અન્ય રિકરિંગ ખર્ચ પણ ઘણો હતો. પુસ્તકાલય માટે પુસ્તકો, વાચનાલય માટે દૈનિક પત્રો અને સામયિકો, પુસ્તકાલય માટે ગ્રંથપાલ, શાળામાં યોજાતા નાનામોટા પ્રવાસો અને પર્યટનો, વ્યાયામ સંમેલનોમાં તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની હરીફાઈઓમાં ભાગ લેવા જતી ટુકડીઓ — આ બધાં કારણ પાછળ પણ સંસ્થાએ ખર્ચનો ઘણો મોટો બોજ ઉઠાવવો પડતો હતો.

મળતી સહાય કરતાં ભોગવવા પડતા વધારે ખર્ચના ભારમાંથી ઊગરવાનો એક જ માર્ગ હતો — રાજ્ય તરફથી ગ્રાન્ટના રૂપમાં મદદ મેળવવી તે. કોઈ ખાસ કોમના નામે સ્થપાયેલી સંસ્થાને આવી ગ્રાન્ટ ન મળે. પાટીદાર વિદ્યાલય આ પ્રકારની સંસ્થા હતી. એનું સંચાલકમંડળ શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ હતું. નામમાં શુદ્ધ કોમી હેતુ. વાસ્તવિકતા સાવ ભિન્ન હતી. શાળામાં કોઈ પણ પ્રકારના કોમી ભેદભાવ વગર બાળકોને દાખલ કરવામાં આવતા હતા. શાળાની મુલાકાતે આવનાર રાજ્યના અધિકારીઓ આ જાણતા હતા. ખુદ રાજવીના ધ્યાનબહાર આ વાત નહોતી. પણ નિયમ કે કાયદો પોતાની આંખે જ જુએ. જડતા એને પૂરી અધીન. કડવા પાટીદાર ઉત્તેજક મંડળ કે પાટીદાર વિદ્યાલય એ નિયમને વશ. નામ કોમી એટલે ગ્રાન્ટ ન મળે.

હેતુ શુદ્ધ છે. જે કાર્ય હાથ પર લીધું છે એમાં ફેરફાર થવાનો નથી પછી નામ બદલવામાં શી હરકત? થનાર હરકત તો અનુભવ પછી જાણી શકાય. આ લેખને અંતે કદાચ એ જોઈ શકાશે.

ઉપર દર્શાવેલા સંજોગોના કારણે ઈ.સ. ૧૯૩૫માં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ની સ્થાપના થઈ. અને એને વડોદરા રાજ્યના લોકોપકારક મંડળ નિબંધ અન્વયે રજિસ્ટર કરાવ્યું. આ રજિસ્ટ્રેશન પછી પાટીદાર વિદ્યાલય 'સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ' બન્યું.

આ ફેરફારના કારણે પાટીદાર વિદ્યાલયમાં ચાલતી શૈક્ષણિક કાર્યપદ્ધતિ અને એના પ્રવૃત્તિ-વિસ્તારમાં કેટલોક બદલાવ આવ્યો. હવે સર્વ વિદ્યાલયે અભ્યાસક્રમ અને શિક્ષણપદ્ધતિ બાબતમાં રાજ્યની અન્ય શાળાઓ પ્રમાણે ચાલવાનું રહ્યું. પરિણામે પાટીદાર વિદ્યાલયમાં ચાલતા ઝાઝા ઉદ્યોગો જતા કરવા પડ્યા અને માત્ર એક ઉદ્યોગ પર પસંદગી ઉતારવી પડી. સર્વ વિદ્યાલયે ખેતીનો ઉદ્યોગ પસંદ કર્યો.

~ ૧૯ ~

રા. ર. શેઠ શ્રી પ્રા. મ. સરસ્વતી સદનમાં સર્વ વિદ્યાલય રૌપ્યમહોત્સવ અને ત્રીજું સ્નેહમિલન

શાળાના નિભાવખર્ચને પહોંચી વળવા સંસ્થાએ 'પાટીદાર વિદ્યાલય'ને નામરૂપાંતરે 'સર્વ વિદ્યાલય' કરીને માર્ગ શોધ્યો. આમ કરવાથી કેટલી રાહત થઈ એના ચોક્કસ આંકડા આપણી પાસે નથી પણ શાળાનું સંચાલન રૂડી રીતે ચાલતું રહ્યું એ આપણે જાણીએ છીએ.

ઉપરોક્ત રાહત તો શાળાના સંચાલન પૂરતી હતી પણ બીજી એક સમસ્યા સંસ્થાના સંચાલકોને દિવસે દિવસે વધારે ને વધારે અકળાવનારી બનતી જતી હતી. સમસ્યા હતી શાળા માટે સ્વતંત્ર મકાનની. આશ્રમમાં છાત્રોની વધતી જતી સંખ્યાના કારણે હવે વિદ્યાર્થી આશ્રમના મકાનમાં શાળા અને છાત્રાલય બંનેનો સમાવેશ થઈ શકે એમ નહોતો એટલે હવે શાળા માટે સ્વતંત્ર મકાન હોવાનું અનિવાર્ય બન્યું હતું. શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ સારા એવા પ્રમાણમાં વધતી જતી હતી. વર્ગો વધારવા પડે એવી સ્થિતિ નિર્માયા કરતી હતી એટલે ભવિષ્યને નજર સમક્ષ રાખીને શાળાના સંચાલકો મકાનનો વિચાર કરી રહ્યા હતા.

ફંડ બાબતમાં છગનભા ભારે આશાવાદી હતા. ફંડપ્રવૃત્તિ દરમિયાન એમણે કદી નિરાશાનો સૂર કાઢ્યો નહોતો. આ હકીકત એમના જ શબ્દોથી વધારે સ્પષ્ટ થશે: "સંસ્થામાં કામ કરતાં અમને અનુભવ થયો છે કે પુરુષાર્થ અને નિઃસ્વાર્થ સેવાને કંઈ પણ અસાધ્ય નથી. સામાન્ય જનતા હંમેશાં સત્કાર્યને મદદ આપવા તૈયાર જ હોય છે. ખોટ ફક્ત કાર્યકર્તાઓની છે. જો પૂરતા કાર્યકર્તાઓ હોય અને દર વર્ષે ગામેગામ ઉઘરાણાના કાર્ય માટે પ્રયત્ન કરવામાં આવે તો સંસ્થાને કોઈ પણ દિવસ નાણાં માટે ચિંતા કરવી ન પડે અને તેની પ્રવૃત્તિઓ આખા ગુજરાતમાં વિસ્તરે."

વાત સાચી હતી. ફંડ માટે ગામેગામ ફરવામાં આવે તો નાણાંની તૂટ ન પડે. આપણે જોઈ શક્યા છીએ કે આ સંસ્થા માટે ફંડકાર્ય સતત પ્રવૃત્તિ તરીકે મુખ્યત્વે તો છગનભા, માધવજીભાઈ અને ધનશા ભગતે ઉપાડી લીધું હતું. ત્રણ વ્યક્તિઓ કેટલાં ગામની ખેપ કરી શકે? બર્મા (હાલનું મ્યાનમાર) જેવા દૂરના પ્રદેશોમાં પ્રો. સ્વામીનારાયણ અને પોપટભાઈએ ફંડ માટે સફર કરી હતી. પણ બંને પોતાના વ્યવસાયમાંથી આ માટે કેટલા દિવસ ફાજલ પાડી શકે? પ્રો. સ્વામીનારાયણ ગુજરાત કૉલેજમાં ગણિતશાસ્ત્રના અધ્યાપક હતા અને પોપટભાઈ પાટીદાર વિદ્યાલયમાં આચાર્ય અને પછી સર્વ વિદ્યાલયમાં શિક્ષક હતા. વિદ્યાર્થીઓના અભ્યાસના ભોગે એ ફંડનું કામ કેટલું કરી શકે?

છાત્રાલયનું મકાન જે રીતે થઈ શક્યું એ રીતે શાળાનું મકાન થવું અશક્ય હતું. છાત્રાલય માટે જે પ્રદેશોમાંથી ફંડ એકઠું કર્યું ત્યાં વારંવાર પહોંચીને ઝાઝું મેળવી ન શકાય. વળી, શાળાના મકાન માટે ઘણી મોટી રકમની જરૂર પડવાની હતી અને એ મકાન ટુકડે ટુકડે નહીં પણ એક સામટું બાંધી લેવું પડે એટલે ખર્ચની જોગવાઈ પણ અગાઉથી તૈયાર રાખવી પડે.

આવો બધો વિચાર કરીને સંસ્થાના કાર્યવાહકોએ ગુજરાત બહાર ઝાઝા ઉદ્યોગ જમાવીને સ્થિર થયેલા આપણા જ્ઞાતિબંધુઓ પાસે સંસ્થા માટે હાથ લાંબો કરવાનું વિચાર્યું.

ઈ.સ. ૧૯૪૧-૪૨માં મકાન ફંડ માટે સંસ્થાના કાર્યકરો મધ્યપ્રાન્તમાં જબલપુર, ભંડારા વગેરે સ્થળોએ પ્રવાસે ગયા હતા. ત્યાં વસતા સંસ્થાના શુભેચ્છકો સમક્ષ એમણે મકાનની જરૂરિયાત રજૂ કરી હતી. જબલપુરમાં શેઠ મોહનલાલ હરગોવિંદદાસની પેઢી સમક્ષ આ માગણી મૂકતાં પેઢી તરફથી રૂ. ૧૫૦૦ અને પેઢીના સ્ટાફ તરફથી રૂ. ૩૦૦૦ એમ કુલ રૂ. ૪૫૦૦ની રકમ શાળાના ત્રણ ઓરડા બાંધવા નિમિત્તે મળી, ભંડારા, ગોંદિયા, તીરોડા વગેરે સ્થળોએથી રૂ. ૨૦૦૦ જેટલી રકમ મળી હતી. આ પછી તા. ૧૬-૧-૪૨ના રોજ સંસ્થાના પ્રમુખ, મંત્રી તથા વ્યવસ્થાપકમંડળના સભ્યો ડેપ્યુટેશનરૂપે શેઠ શ્રી મફતલાલને મળ્યા અને એમની સમક્ષ વિદ્યાલયના મકાનની જરૂરિયાત રજૂ કરી મકાન બાંધી આપવા માટે વિનંતી કરી. શેઠ શ્રીએ ઘટતું કરવા વચન આપ્યું અને તા. ૧૬-૨-૪૨ના રોજ એમના પુત્ર શ્રી નવીનચંદ્રને સંસ્થાની મુલાકાતે મોકલ્યા. એમણે જમીનની પસંદગી કરી એ પછી જરૂરિયાત અને મકાનના પ્લાન જોઈને શેઠ શ્રી તરફથી રૂ. ૬૫ હજારનું મકાન બાંધી આપવાની ઉદાર સખાવત જાહેર કરી. મકાનના ખાતવિધિ માટે શેઠ શ્રી નવીનચંદ્રના પુત્ર શ્રી અરવિંદપ્રસાદ આવ્યા. ખાતવિધિ તા. ૨૩-૪-૪૨ના રોજ થયો હતો.

આખું મકાન શેઠ શ્રી મફતલાલ તરફથી બંધાવાનું હતું એટલે મધ્યપ્રદેશમાંથી શેઠ શ્રી મોહનલાલ હરગોવિંદદાસની પેઢી તેમ જ અન્ય શુભેચ્છકો તરફથી મળેલા દાનનો પ્રશ્ન ઊભો રહ્યો. આ દાનની રકમ વિદ્યાર્થી આશ્રમના મકાનના બાંધકામ માટે વાપરવાની સંમતિ મેળવી લેવાઈ.

વિદ્યાલય માટેનું નવું મકાન એક લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયું એનું નામ 'શેઠ શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદન' રાખવામાં આવ્યું. અને તે શેઠ શ્રી તરફથી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળને સોંપવામાં આવ્યું. અને એના ઉદ્‌ઘાટનનો વિધિ તા. ૧૨-૩-૪૫ના રોજ શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરીના વરદ હસ્તે કરવામાં આવ્યો.

રૌપ્યમહોત્સવ અને ત્રીજું સ્નેહસંમેલન

શેઠ શ્રી પ્રા.મ. સરસ્વતી સદનના ઉદ્‌ઘાટનના મંગલ અવસર સાથે સંસ્થામાં તા. ૧૧ અને ૧૨ માર્ચ ૧૯૪૫ના બે દિવસો દરમિયાન સંસ્થાના રૌપ્યમહોત્સવની ઉજવણીનું આયોજન થયું હતું. આ મહોત્સવના પ્રમુખપદે પાટડીના દરબારસાહેબ પ્રતાપસિંહજી હતા. મહોત્સવના બંને દિવસો દરમિયાન સંસ્કાર કાર્યક્રમમાં નાટ્યપ્રયોગો, ગીતો અને વિદ્યાર્થીભાઈઓનાં પ્રવચનો વગેરેનું આયોજન હતું. ઉપરાંત એક ખાસ ઉત્સવ તરીકે ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહમિલન હતું. આ સ્નેહમિલનના પ્રમુખપદે શેઠ શ્રી જયકૃષ્ણભાઈ હતા. આ સંમેલનમાં બે મહત્ત્વના ઠરાવો થયા હતા:

૧. વધુ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને જુદાં જુદાં ક્ષેત્રોના અભ્યાસક્રમોની માહિતી આપવા માટે એક ઇન્ફર્મેશન બ્યૂરો સ્થાપવો.

૨. અભ્યાસ પૂરો કરી રહેલા સંસ્થાના વિદ્યાર્થીઓને ધંધે લગાડવામાં સહાયરૂપ થવા ઉદ્યોગપતિઓની એક સમિતિ રચવી.

ઠરાવ પછી સમિતિની રચના કરવામાં આવી હતી.

~ ૨૦ ~

રૂ. ૧૧૧ની મકાનયોજના

શેઠ શ્રી પ્રાણસુખલાલ સરસ્વતી સદન તૈયાર થયું એ પછી લગભગ એક દાયકે શાળાના (મુખ્યત્વે વિદ્યાર્થી આશ્રમના) ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ચોથું સ્નેહમિલન થયું. હવે સર્વ વિદ્યાલયમાં પ્રવેશ માટે ભારે ધસારો રહેતો હતો એ એમની જાણમાં હતું. કોઈક પ્રાસ્તાવિક પ્રવચનમાં એક વિચાર વ્યક્ત થયો કે શાળાના ધોરણ ૬ના બે વર્ગો કિશોરકુંજની રૂમ નં ૨ અને રૂમ નં ૩માં બેસે છે. હજુ શાળાને વધારે વર્ગોની ખેંચ પડવા સંભવ છે. એટલે સંસ્થા સમક્ષ કોઈ નવા મકાનની યોજના હોય તો આપણે ફૂલપાંખડી ધરીને સંસ્થા પ્રત્યેનું થોડુંઘણું ઋણ અદા કરવું જોઈએ. સૌ મિત્રોએ ઉમળકાથી વાત વધાવી લીધી અને રૂ. ૧૧૧ની મકાનયોજના વિચારવામાં આવી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ઈ.સ.૧૯૫૫ની વાર્ષિક સાધારણ સભામાં, સંસ્થાના વિદ્યાર્થીમિત્રોએ રૂ. ૧૧૧ની વિચારેલી મકાનયોજના ચર્ચામાં લીધી. અને સભાએ ખુશી દર્શાવતાં વિદ્યાર્થીભાઈઓને એમના સંકલ્પમાં આગળ વધવા જાણ કરવાનું ઠરાવ્યું.

સાધારણ સભામાં વિદ્યાર્થીમિત્રો દ્વારા રજૂ કરવામાં આવેલી રૂ. ૧૧૧ની મકાનયોજનાની વિગતો આ પ્રમાણે હતી:

- અભ્યાસ કરી ગયેલ અને ધંધે લાગેલ દરેક વિદ્યાર્થી રૂ. ૧૧૧ સંસ્થાને આપે. આ રકમમાંથી રૂ. ૧૦૦ ઓરડો બાંધવાના ખર્ચમાં વપરાશે.
- રૂ. ૧૧૧ આપનાર દરેક વિદ્યાર્થી સંસ્થાનો આજીવન સભ્ય ગણાશે.
- રૂ. ૧૧૧ આપનાર દરેક વિદ્યાર્થીનો કાર્ડ સાઇઝનો ફોટો ૪ કે ૬ ના જૂથમાં ફ્રેમમાં મઢીને સદર ઓરડામાં મૂકવામાં આવશે.
- આ બધા ફોટાઓનું આલબમ છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવશે. દરેક ફોટાની નીચે વિદ્યાર્થીનો ટૂંકો પરિચય આપવામાં આવશે.

આ મકાનયોજના માટે એક સમિતિ નીમવામાં આવી હતી, જેમાં નીચેના સભ્યો હતા:

૧. શ્રી છગનભાઈ રા. પટેલ (કડી)
૨. શ્રી છગનભાઈ કા. પટેલ (કલોલ)
૩. શ્રી ખોડાભાઈ શિ. પટેલ (અમદાવાદ)
૪. શ્રી મગનભાઈ એ. પટેલ (મહેસાણા)
૫. શ્રી પ્રહ્લાદભાઈ વિ. કસ્વેકર
૬. શ્રી કલ્યાણભાઈ ગો. પટેલ (વીસનગર)
૭. શ્રી પ્રભાતકુમાર ૨. દેસાઈ (અમદાવાદ)
૮. શ્રી પદ્મકાન્ત ૨. દેસાઈ (અમદાવાદ)

૯. શ્રી ભોળાભાઈ ચ. પટેલ (વીસનગર)

૧૦. શ્રી હરગોવિંદભાઈ ધ. પટેલ (મહેસાણા)

૧૧. શ્રી રણજિતભાઈ મો. પટેલ–અનામી (વડોદરા)

૧૨. શ્રી ચીમનલાલ ધ. પટેલ (મુંબઈ)

વ્યક્તિગત દાનની રકમ માત્ર રૂ. ૧૧૧ હતી અને આ યોજનામાં જોડાનાર વિદ્યાર્થીઓમાં ઘણા વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, વકીલો, આર્કિટેક્ટ વગેરે આર્થિક રીતે ઘણી સારી સ્થિતિમાં હતા. એ ઘણું આપી શકે એમ હતા પણ યોજનાએ સ્વીકારેલી રેખા હતી. એક ભાવનામૂલક ભ્રાતૃત્વ અને સરખાપણાનો એમાં ભાવ હતો. સંસ્થાએ એમની અપેક્ષાઓ (આપણે 'શરતો' જેવો શબ્દ અહીં નહીં યોજીએ) પ્રેમ અને હર્ષથી સ્વીકારી લીધી.

પણ સરવાળે આ બધી ભૌતિક ગણતરીઓ હતી. અહીં એને લક્ષમાં લેવાની નહોતી. આ ઉભયપક્ષે પ્રેમનો વ્યવહાર હતો. સંસ્થા માટેની લાગણી એ મહત્ત્વની બાબત છે.

આ યોજનામાં ૧૮૫ નામ નોંધાયાં હતાં.

આલબમ માટે ફોટોગ્રાફ્સ અને ચરિત્રનોંધ મેળવવામાં ઠીક ઠીક સમય પસાર થયો. ફોટોગ્રાફ નીચે તો મિતાક્ષરી પરિચય જ આપી શકાય. લાંબાં લાંબાં લખાણમાંથી ફોટા નીચે મૂકવાનો પરિચય તૈયાર કરવાનું કામ ઠીક ઠીક શ્રમભર્યું બની રહ્યું.

સંજોગોએ પણ થોડું મોડું કર્યું.

આખરે ફોટોગ્રાફ્સનું સૂચિત આલબમ 'મને સાંભરે રે!' શીર્ષકથી સંસ્થા દ્વારા તા. ૨૯-૪-૭૦ના રોજ પ્રગટ કરવામાં આવ્યું.

~ ૨૧ ~

છાત્રાલયો

છાત્રાલય એટલે સિલસિલાબંધ ઘટનાઓ દ્વારા કિશોર અને તરુણ વયના છાત્રોના ઘડતરનું સ્થાન. માનવસ્વભાવના આછા-ઘેરા બધા રંગ આ ઘડતરકથામાં જોવા મળે. કિશોર કે તરુણ છાત્ર અહીં વિવિધ પ્રકારના અનુભવવિશ્વમાં પસાર થતાં થતાં ઘડાતો રહે. આ અનુભવવિશ્વ એટલે છાત્રાલયના વાતાવરણમાં બનતી વિવિધ ઘટનાઓ. કિશોર અથવા તરુણને ઘડનારું છાત્રાલયનું વાતાવરણ છાત્રાલયના યશ કે અપયશનું કારણ બને. કસોટીના પથ્થર ઉપરની લકીર સોનાની છે કે કથીરની એ જોયા પછી સમાજ છાત્રાલયના કાર્યને મૂલવે.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીગરનાં છાત્રાલયોએ છાત્રઘડતરનું કેવું કામ કર્યું છે અને એ દ્વારા કેવો ઇતિહાસ રચાયો છે એ જોવાનો ઉપક્રમ અહીં છે.

કેવી કેવી અને કેટકેટલી ઘટનાઓ દ્વારા આ છાત્રોનું ઘડતર થયું છે! અને કેવાં કેવાં સ્વરૂપે એ પ્રગટ થતું રહે છે!

જૂની ભોજનશાળાના પાછળના ભાગે એક વ્યાયામશાળાનું અસ્તિત્વ હમણાં સુધી હતું. અંદર વિશાળ જગ્યા અને મોકળાશ હતાં. કુસ્તી માટે અખાડો, મલ્લસ્તંભ બધું અંદર. પાવડા, લાઠી, લેઝીમ, હર્ડલ્સ, ડંબેલ્સ, ડબલબાર વગેરે કેટકેટલો સામાન અંદર રહેતો હતો!

આ વ્યાયામશાળાનું નિર્માણ થયું એની પાછળ વિદ્યાર્થી આશ્રમમાં રહી ગયેલા એક વિદ્યાર્થીની સંસ્થાભક્તિ વ્યાપ્ત છે. ભરયુવાનીમાં આ છાત્ર એક અસાધ્ય રોગનો ભોગ બન્યો. જીવનની છેલ્લી ઘડીઓ પસાર થઈ રહી હતી ત્યારે એણે એના પિતાને જીવનની અંતિમ ઇચ્છારૂપે કહ્યું:

> હું ભણતો હતો એ બોર્ડિંગમાં વ્યાયામની ખૂબ પ્રવૃત્તિઓ ચાલે છે. સાધનસામગ્રી પણ પુષ્કળ છે. પણ એને મૂકવા કશું વ્યવસ્થિત ઠેકાણું નથી. તમે એ કરી આપો.

કાળની કારમી થપાટ વાગે એ પહેલાં દીકરાની ઇચ્છા સંતોષાઈ જાય તો દીકરો સુખિયો થઈને જાય એવું ડીસા ગામના પ્રેમાળ પિતાના હૈયે વસી ગયું. પિતાએ દીકરાની ઇચ્છાની વિગત સાથે બારસો રૂપિયાની રકમ તાબડતોબ અને જરૂર પડે તો બીજી રકમ મંગાવજો એવા સંદેશા સાથે સંસ્થા ઉપર મોકલી આપી. એ જમાનામાં તો પાંચસો રૂપિયામાં રહેણાકનાં મકાનો બનતાં હતાં.

*

છાત્રાલયની એક ઓરડીમાં રાત્રિ દરમિયાન એક છાત્રનું કોઈને કશી જાણકારી વગર અવસાન થયેલું. નાનજીભાઈ નામનો સૌરાષ્ટ્રનો આ વિદ્યાર્થી જાણીતા સાહિત્યકાર અને કવિ અનામીનો મિત્ર. બંને એકબીજાની પડખેની રૂમમાં રહેતા હતા. તરુણાવસ્થામાં બનેલી આ ઘટના અનામી ૯૨ વર્ષની

વયે અવસાન પામ્યા ત્યાં સુધી આ ઘટનાનો હૈયે લાગેલો ઘા એ ભૂલી શક્યા નહોતા. એમણે આખી ઘટનાનું વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે. એક સ્મરણમાં એમણે લખ્યું છે: "આ નાનજીભાઈ ચિત્રો પણ દોરતો હતો. એણે એવું ચિત્ર દોરેલું જેમાં આશ્રમની ઓરડીના પલંગમાં એક વિદ્યાર્થી સૂતો છે. અને એક નાગ ઓરડીનાં પગથિયાં ચઢીને ઓરડી તરફ સરકી રહ્યો છે. આ ચિત્ર નાનજીએ એની ઓરડીની જાળી ઉપર ટાંગેલું." પછીની વિગતમાં અનામી લખે છે: "આ ચિત્ર દોરાયા બાદ ચાર-પાંચ દિવસ પછી રજાના દિવસે, ભોજનશાળાની પડખે આવેલા વ્યાયામશાળાની બાજુના આંબાની તળાવડીમાં અમે કેટલાક મિત્રો નાહવા ગયા. તળાવના તીરે આવેલ આંબાના ઝાડની ડાળીએથી ઠીક ઠીક ભૂસકા મારી નહાયા. સાંજે ફીસ્ટ ઝાપટી. રાત્રે થોડુંક વાંચીને સવારે ચાર વાગ્યે એક ભયંકર સ્વપ્નથી છળીને હું જાગી ગયો. 'નાનજીભાઈ મરી ગયો જાણે' એવું સ્વપ્ન હતું. હું જાગ્યો ત્યારે પડખેની રૂમમાં મોતીભાઈ વાંચે. મોતીભાઈને મેં સ્વપ્નની વાત કરી. તરત જ અમોએ નાનજીભાઈની ઓરડીમાં તપાસ કરી તો એનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આજુબાજુથી વિદ્યાર્થીઓ ભેગા થઈ ગયા. ગૃહપતિને વાત કરી. શહેરમાંથી ડૉક્ટરને બોલાવ્યા. પણ વ્યર્થ. મૃત્યુનું ચોક્કસ કારણ ડૉક્ટરસાહેબ આપી શક્યા નહીં. તળાવમાં સ્નાન કરતાં કોઈ ઝેરી જંતુ આભડ્યું હોય એવું અનુમાન કાઢ્યું. બહારથી આવીને સર્પ ડંખ્યો હોય એવી ભીતિ વિદ્યાર્થીઓએ સેવી. ચાર-પાંચ દિવસ અગાઉ દોરેલા નાનજીભાઈના નાગચિત્રે આ ભીતિને દૃઢાવી..."

આટલી વિગત પછી અનામીએ આ ઘટના અને પેલા ચિત્રને આનુષંગિક કેટલાક તર્કનો આશ્રય લઈને કેટલુંક લખાણ કર્યું છે, પણ અહીં એ અપ્રસ્તુત છે એટલે એની નોંધ અહીં કરી નથી. પણ પ્રસ્તુત છે એ વાત જુદી છે અને આ લેખના મૂળભૂત હેતુને ઉજાગર કરનારી છે.

નાનજીના અવસાન પછી છાત્રોએ પોતાના સાથીછાત્રના સ્મરણમાં આશ્રમના મુખ્ય દરવાજાથી થોડાં કદમને અંતરે રસ્તા પરના એક જંગી વૃક્ષના થડને ફરતો ચોતરો જાતે ચણ્યો. એકસરખો ગોળાકાર મજાનો ચોતરો! ચોતરાની એક બાજુએ મધ્યમાં સ્વર્ગસ્થ નાનજીભાઈનું નામ સુંદર, મોટા અને કાળા રંગના અક્ષરે આલેખ્યું હતું.

ચોતરાનું ચણતર કોઈ કડિયાને સોંપી શકાયું હોત. સંસ્થા પણ આ કાર્યમાં સહાયભૂત થઈ હોત...પણ છાત્રોનાં હૈયાંને એ કબૂલ નહોતું. ચોતરાની એકેએક ઈંટ એ સ્વહસ્તે જ મૂકવા ઇચ્છતા હશે.

આ ચોતરાની રચના પછી લગભગ વીસ વર્ષે ઈ.સ. ૧૯૫૦માં મેં આ કૅમ્પસમાં પગ મૂક્યો ત્યારે એ ચોતરો અકબંધ હતો.

છાત્રો આટલા સ્મૃતિકાર્યથી અટક્યા નહીં. એમણે નાનજીભાઈની સ્મૃતિમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવાં પુસ્તકોનો સંગ્રહ કર્યો—નાનજી પુસ્તકાલય જ કહો. અભ્યાસમાં ઉપયોગી આ પુસ્તકો છાત્રાલયના જરૂરતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવતાં. ઉપયોગ પછી એ પુસ્તકો પાછાં આવતાં. નવાં પણ ઉમેરાતાં.

છાત્રાલયનું—એના વાતવરણનું આ એક સંગીન કાર્ય પરિવારભાવનાનો છાત્રના હૈયે વિકાસ.

સાપની વાત નીકળી જ છે તો એને લગતી એક વાત અહીં કરી લઈએ. ઈ.સ. ૧૯૫૧માં હું કિશોરકુંજના છાત્રોનો ગૃહપતિ થયો. કિશોરકુંજનું મકાન પણ આશ્રમના મુખ્ય મકાનની જેમ ચારે તરફ ઓરડીઓ અને વચ્ચે ખુલ્લો અવકાશ. (અહીં ત્રણ બાજુ ઓરડીઓ અને આગળની બાજુએ દીવાલ હતી.) વચ્ચેના ચોકનો ભાગ વર્ષોના વહેવા સાથે ધીરે ધીરે પુરાતો રહ્યો હશે અને ૧૯૫૧માં

તો એની પ્લીન્થ માંડ એક વેંતની રહી હતી. સાપ બહુ સહેલાઈથી લૉબીમાં પ્રવેશીને ઓરડીમાં દાખલ થઈ શકે. અહીં મારું આશ્ચર્ય તો એ વાતનું હતું કે જૂન-જુલાઈના ઘામ-બફારાના દિવસોમાં નાગ નજરે પડતા. સાપ, ચીતળિયાં કે એવી કોઈ જાત નહીં, ફક્ત કાળા નાગ! સંખ્યાની કોઈ મર્યાદા નહીં. મોસમ વખતે ફક્ત એક જ એવું નહીં એક કરતાં વધારે પણ નીકળે. જ્યારે કુંજ વિસ્તારમાં આવો કોઈ નાગ નજરે પડે કે છાત્રો ઝાલ્યા ન રહે. આ છાત્રો તો પાંચથી આઠ ધોરણના—માત્ર કિશોરો, કોઈ તરુણાવસ્થાએ પહોંચ્યા હોય. નાગને પકડવા કોઈ લોખંડનો ચીપિયો ન મળે કે એને મુખ પર દબાણ કરીને આગળ વધતો અટકાવવા ડાંગ પણ ન મળે. છાત્રો પાસે માત્ર હથિયાર ઈંટાળા! નાગને જોઈને ડરના માર્યા ભાગંભાગ ન કરે કે રાડારાડ કરી ન મૂકે. કોઈની મદદની રાહ ન જુએ. મચી પડે ઈંટાળાના પ્રહાર કરવા. અને નાગને પૂરો કર્યા વગર ન જંપે. આવી જીવહિંસા કોઈ રીતે વખાણવા જેવી ન ગણાય. પણ નાગને છાત્રાલયના ચોગાનમાં ફરતો રાખીને વિદ્યાર્થીઓ જોખમને જીવતું કેમ રાખે? બીજી વાત બાજુએ રાખીએ તો એક વાત તો નિશ્ચિત કે ડરપોક વિદ્યાર્થી પણ આવા અભિયાનમાં સાહસિક બન્યા વગર ન રહે. છાત્રાલયની આ એક દેન—સાહસની કેળવણી.

ઈ.સ. ૧૯૫૬ના જુલાઈ માસની બાવીસમી તારીખની રાત્રે લગભગ સાડા નવ વાગ્યા પછીના સમયે ગૃહપતિ કાર્યાલયમાં હું તથા ગૃહપતિ સોમભાઈ બેઠા હતા. સોમભાઈ ખુરશીમાં હતા અને હું બાંકડા પર હતો. એ સમયે સોમભાઈએ ખુરશીમાં બેઠાં બેઠાં એક આંચકાનો અનુભવ કર્યો. એમનાથી શીઘ્ર પ્રતિક્રિયા (રિફ્લેક્સ ઍક્શન) રૂપે બોલી જવાયું: "ખુરશી કોણ હલાવે છે?"

હલાવનાર કોઈની ઉપસ્થિતિ નહોતી. સમજાઈ ગયું: ધરતીકંપનો આંચકો!

ક્ષણ પછી આ કેવું સ્વરૂપ પકડશે એ શી રીતે સમજાય? સૌથી ખરાબ સ્થિતિની ધારણા કરી લેવી પડે. કિશોરકુંજ અધ્યાપન મંદિરને સોંપ્યું હતું એટલે પથી ૮ ધોરણના વિદ્યાર્થીઓને પણ આ મુખ્ય મકાનમાં સમાવેલ હતા. અત્યારે કેટલાક ઊંઘી પણ ગયા હોય. હું અને સોમભાઈ એસ.એસ. સી.ના વિદ્યાર્થીઓની રૂમો તરફ ધસી ગયા. જોરશોરથી સંભળાવ્યું: "સૌ રૂમમાંથી બહાર નીકળી આવો. ધરતીકંપની ધ્રુજારી થઈ છે. સામેની રૂમોમાંથી નાના છોકરાઓને પણ બહાર કાઢો."

કામ ઝડપથી થાય એટલે મોટા છોકરાઓને પ્રથમ જાણ કરી.

હવે કશું સમજાવવું પડે એમ નહોતું. મેડા પરના છાત્રો નીચે ઊતરી આવ્યા અને નાના છોકરાઓ (૩૨થી ૩૮ નંબરની રૂમો) જે ઊંઘી ગયેલા હતા એમને ખેંચીને કે ઉઠાવીને મોટા છોકરાઓ મેદાનમાં લાવવા માંડ્યા.

આશ્ચર્ય થાય એટલી ઝડપ અને ચાંચલ્યથી આ કામ થયું. મોટા છોકરાઓની તાકાત અને સૂઝનો ખાસ્સો પરચો અમને એ વખતે થયો.

કડીમાં તો નવો આંચકો ન આવ્યો. પણ આ ધરતીકંપમાં અંજાર ખૂબ અસર પામ્યું હતું. આ ધરતીકંપ અંજારના ધરતીકંપ તરીકે ઓળખાયો.

ક્યારેક કોઈ કુદરતી આફત છાત્રાલયના ગૃહપતિ માટે કેવી જબરદસ્ત ચિંતાનો વિષય બની રહે છે એવી એક ઘટનાની અહીં વાત કરવી છે. ઈ.સ. ૧૯૫૮ના એપ્રિલ માસની ૧૦મી તારીખે જમ્યા પછી રોજની ટેવ પ્રમાણે છાત્રો ફરવા નીકળ્યા હતા. કોઈ રેલવેટ્રેક પર, કોઈ ખેતરો તરફ તો કોઈ સંસ્થાના મેદાનમાં ટોળે મળીને વાતો કરતા બેઠા હતા.

અમે છાત્રાલયના ગૃહપતિઓમાંથી ત્રણ, એક શિક્ષક અને શાળાના હેડક્લાર્ક નાની કડીના રસ્તે ફરવા નીકળ્યા હતા અને રોજની આદત પ્રમાણે એક સૂકા ખેતરની ડાંગરની ક્યારીમાં વાતો કરતા બેઠા હતા. દિવસનો આ એવો સમય હતો કે પક્ષીઓ પણ પોતપોતાના માળામાં ગોઠવાઈ ગયાં હોય. અર્થાત્ આકાશ સૂનું હોય પણ અત્યારે અમે આકાશમાં પંખીઓનાં ટોળેટોળાં અસાધારણ ગતિએ ઉત્તર દિશામાં ગતિ કરતાં જોયાં. આ પછી એકાએક અમારી નજર નૈર્ઋત્ય તરફ ગઈ અને અમે લગભગ ચોંકી જ ઊઠ્યા. નૈર્ઋત્યનું આખું આકાશ ડામર જેવા કાળા રંગથી છવાઈ ગયું હતું. થોડી ક્ષણોમાં અમને સમજાઈ ગયું કે એ વાદળ નહોતાં. આંધી? આંધીનો આવો રંગ ન હોય. ત્યારે શું હતું એ? અમે ઊઠીને ચાલવા માંડીએ ત્યાં સુધીમાં તો એક વિચિત્ર પ્રકારની આંધીમાં ઘેરાઈ ગયા. નાક સામે ધરેલી આંગળી પણ ન દેખાય એવું ઘોર અંધારું છવાઈ ગયું હતું. અંધારાના કોશેટામાં ભરાઈ ગયા હોઈએ એવી ગૂંગળામણ થવા માંડી. આંધી રુદ્રરૂપ ધારણ કરતી હોય એવું જણાયું. થોડી જ પળોમાં ઝંઝાવાતી પવનનો અનુભવ થવા લાગ્યો. હવે અંધકારના આ સાગરમાં આગળ વધી શકાય એવું નહોતું. મનમાં એક ભીતિનો પ્રવેશ થયો—હમણાં વૃક્ષો કડડ કરતાં તૂટી પડવા લાગશે, છાપરાં ઊડશે. ...અને ફરવા નીકળેલા છાત્રોનું શું? અમારો ૩૫૦ છાત્રોનો પરિવાર અત્યારે વેરવિખેર હતો. એને ઉગારી લેવાની અમારી ફરજ હતી. પણ અહીં અમે એક મીટર પણ આગળ વધી શકીએ એવી સ્થિતિમાં નહોતા.

નિઃસહાય બનીને આંધીનું અંધારું ઓછું થવાની રાહ જોતા અમે ડાંગરની ક્યારીમાં જ રોકાયેલા રહ્યા.

આંધીનું અંધારું ધીરે ધીરે આછરતું થયું પણ કુદરતી અંધારું આકાશમાંથી ઊતરવા લાગ્યું. પવનની ગતિ પણ જરા મંદ પડી. હવે જરા પણ થોભ્યા વગર અમે છાત્રાલય તરફ બની શકે એટલી ઝડપે ચાલવા માંડ્યું. મન ઉપર અમંગળ શંકાઓનો અસહ્ય ભાર લદાયેલો હતો. બધા છાત્રો હેમખેમ છાત્રાલયમાં પાછા ફરી ગયા હોય એ જોવાની અમારી અધીરાઈ હતી.

છાત્રાલયના કૅમ્પસમાં અમે પ્રવેશ કર્યો ત્યારે અમે હળવું વાતાવરણ પારખી લીધું. અને અમને સમજાઈ ગયું કે કશું આપત્તિજનક બન્યું નથી. બધા છાત્રો હેમખેમ છાત્રાલયમાં પાછા આવી ગયા છે એની જાણ અમને કરવામાં આવી. આ ક્ષણે અમને જે આનંદ થયો એવા આનંદનો અનુભવ શોધ્યો જડે એમ નહોતો.

ગૃહપતિના માથે જવાબદારીનો ભાર ૨૪ કલાકનો હોય છે. માંદગી, અકસ્માત, છાત્રોમાં નાનીનાની વાત પર થઈ જતી તકરાર અને ક્યારેક એ મોટું સ્વરૂપ પણ પામે. ગામવાર ગ્રૂપ થઈ જાય અને તકરાર મારામારીમાં પરિણમે, રસોડાના પ્રશ્નોના કારણે ક્યારેક થતી ભૂખહડતાળ, બહારના દૂષિત વાતાવરણની અસર, બહાર વિવિધ પ્રકારનાં આંદોલનોના કારણે પળાતા બંધ એની શાળા અને છાત્રાલય સુધી પહોંચતી અસર, કોમી અશાંતિ વખતે છાત્રાલયના વિદ્યાર્થીઓ સંસ્થાના પરિસરમાં જ રહે એ માટેની તકેદારી, કોઈ વિદ્યાર્થી કશી લાલચમાં આવીને ગામ કે શહેરનાં અસામાજિક તત્ત્વોનો ભોગ ન બને તે માટે રાખવી પડતી જાગરૂકતા, કુદરતી આફતના સમયે દાખવવી પડતી સમયસૂચકતા... આ બધી માયાજાળ નાનીસૂની નથી. પાંચ-સાત માણસના કુટુંબનો ભાર વહન કરવામાં કુટુંબનો મોભી જાણે જવાબદારીઓના કોશેટોમાં ગૂંગળાતો હોવાની ફરિયાદ કરતો હોય છે ત્યારે છાત્રાલય તો ઘણી મોટી સંખ્યાનો પરિવાર હોય છે, એના ગૃહપતિની માનસિકતા માટે શું કહેવું?

૧૯૫૬માં મહાગુજરાતની ચળવળે ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. ચારે તરફ હિંસક તોફાનો થતાં હતાં. કરફ્યુ અને ગોળીબાર સહજ બની ગયાં હતાં એમાં ૧૦૦ ઉપરાંત નવલોહિયા યુવાનો ભોગ બની ચૂક્યા હતા. ચારે તરફ અશાંતિનો માહોલ હતો. હડતાળના કારણે શાળા-કૉલેજો બંધ હતાં. એવામાં અમે છાત્રાલયના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં જ સાચવી રહ્યા હતા. શહેરમાં એક હવા ચાલી હશે કે આખા ગુજરાતની શાળા-કૉલેજો બંધ છે અને સર્વ વિદ્યાલયનું કામ ચાલુ છે. અને વિદ્યાર્થીઓ હજુ છાત્રાલયમાં છે. આ ખ્યાલના કારણે એક રાત્રે શહેરમાંથી મશાલ સરઘસ નીકળીને છાત્રાલય તરફ આવવા નીકળ્યું. આ વખતે રાત્રિના લગભગ દસેક વાગ્યા હતા. એ સમયે છાત્રાલયના કાર્યાલયમાં હું, ગૃહપતિ શ્રી રામભાઈ અને શાળાના શિક્ષક જે છાત્રાલયમાં રહેતા હતા તે શ્રી રાજન બેઠા હતા. રેલવેસ્ટેશનથી છાત્રાલય વચ્ચેના રેલવેના પાટાઓના વિસ્તારમાં ભારે શોરબકોર થતો અમે સાંભળ્યો. બારીમાંથી નજર કરી તો સળગતી અસંખ્ય મશાલો અમારી નજરે પડી. સરઘસ છાત્રાલય તરફ આવી રહ્યું છે એ અમને સમજાઈ ગયું. સરઘસ છેક છાત્રાલયના મકાન સુધી આવી પહોંચે તો ભારે અનર્થ સર્જાતાં વાર ન લાગે. એટલે સરઘસ કેમ્પસના મુખ્ય દરવાજામાં પ્રવેશે એ પહેલાં એ દરવાજા સુધી પહોંચી જવાનો મેં નિર્ણય કરી લીધો. રાજન કહે: "ચાલો, હું પણ તમારી સાથે આવું છું" રામભાઈએ એવી કોઈ તૈયારી બતાવી નહીં. હું અને રાજન ઝટ ઝટ દરવાજે પહોંચી ગયા.

સરઘસ છેક દરવાજા સુધી આવી પહોંચ્યું.

સરઘસને આવકારતો હોઉં એમ મેં રાજનની સહાયથી દરવાજો ખોલી નાખ્યો. અમને દરવાજો ઉઘાડતા જોઈ થોડા વિસ્મયના કારણે અથવા અન્ય કોઈ કારણથી સરઘસ દરવાજા આગળ ટોળાના રૂપમાં ફેરવાઈ ગયું અને શાંત પણ થઈ ગયું. મેં જોયું કે ટોળાની આગલી હરોળમાં નગરના કેટલાક જાણીતા ગૃહસ્થો હતા. ઝીણી નજરે હું જોઈ શક્યો કે ટોળામાં કેટલાક વિદ્યાર્થીઓ પણ હતા.

પથરાયેલી શાંતિનો આધાર લઈને મેં કહ્યું: "લક્ષ્ય તો આપણા સૌનું એક છે – જુદું નથી. આપણું આંદોલન મહાગુજરાત માટે છે. અત્યારે મારી એક-બે વાત સાંભળી લો પછી તમે મને જે કંઈ સૂચવવું હોય તે સૂચવજો. તમારામાં અત્યારે કેટલાક વિદ્યાર્થીઓ પણ ઊભા છે. એમાંના કેટલાક સર્વ વિદ્યાલયના પણ છે એ સૌ જાણે છે કે સર્વ વિદ્યાલયમાં પણ શિક્ષણ બંધ છે. ફક્ત છાત્રાલયના વિદ્યાર્થીઓને વર્ગમાં બેસાડીને નિશાળ ચલાવવામાં આવતી હોવાનો ભ્રમ હોય તો જુદી વાત. એવો ભ્રમ હોય તો તે કાઢી નાખજો. નિશાળમાં શિક્ષણ સદંતર બંધ છે. હવે વાત રહી છાત્રાલયની. નિશાળો બંધ રહેતાં એના આચાર્યો તો નિશ્ચિંત થઈ ગયા. એ સૌ નિરાંતની ઊંઘ લઈ શકે છે. ઊંઘ તો અમારા જેવા છાત્રાલયના ગૃહપતિઓની ઊડી ગઈ છે. ખાસ કરીને મુખ્ય ગૃહપતિની. હું મુખ્ય ગૃહપતિ છું. છાત્રાલયમાં સાડા ત્રણસો કરતાં વધારે વિદ્યાર્થીઓ છે. એમાં ૫૦ કરતાં વધારે સૌરાષ્ટ્રના છે. અમદાવાદ જિલ્લાનાં ગામડાંના છાત્રોની સંખ્યા પણ ઘણી છે. મહેસાણા જિલ્લાના છેક ખેરાળુ અને હારીજ સમી અને ચાણસ્મા તાલુકાઓના વિદ્યાર્થીઓ પણ સારી એવી સંખ્યામાં છે. ગૃહસ્થો તરીકે આપણા સૌનો અનુભવ છે કે બહાર તોફાનો ચાલતાં હોય ત્યારે આપણે આપણાં સંતાનોને ઘરબહાર જવા દેતા નથી. અને આપણી જાણબહાર એ ચાલ્યાં ગયાં હોય તો આપણા મનની શી સ્થિતિ થાય એ તમે સમજી શકો છો. વાલીઓ પોતાનાં બાળકોને અહીં મૂકવા આવે છે ત્યારે, એ વાલીઓમાંથી કેટલાક લાગણીવશ થઈને ગદ્‌ગદ સ્વરે અમને કહે છે, 'દીકરો તમને સોંપ્યો. હવે તમે જ એનાં માબાપ એને સાચવજો...'

છાત્રોમાં દૂર દૂર અને અંતરિયાળ ગામડાંના ઘણા છે. વતન પહોંચતાં પહેલાં એમને કોઈ શહેર કે તાલુકામથકે બસમાં પહોંચવું પડે. અમદાવાદ, રાજકોટ, ભાવનગર, કલોલ, વીરમગામ, મહેસાણા, વડનગર...આવાં અનેક શહેરો આવે. અત્યારે આ બધાં સ્થળોની અશાંતિથી આપણે અજાણ નથી. હવે તમે જ કહો, આ છોકરાઓને ઘેર મોકલી દેવા અમે શી રીતે છૂટા મૂકી દઈએ? વાલીઓએ તો અમને કહ્યું છે, 'તમે જ એનાં માબાપ!' અને અમે એ જવાબદારી સ્વીકારીને એમને નિશ્ચિંત કર્યા છે. અમે સ્વીકારેલી જવાબદારી શી રીતે ખંખેરી દઈએ? તમે જ કહો, અમારે શું કરવું?"

મને ભરોસો નહોતો કે ટોળામાં આવેલા આ ભાઈઓ મારી આટલી લાંબી વાત શાંત રહીને સાંભળશે. કદાચ આ એટલે બની શક્યું કે એમણે મારી વાતમાં સચ્ચાઈનો રણકો પારખ્યો હોય.

ટોળામાંથી કોઈ ઠરેલ ભાઈનો ટોળાને સંબોધતો અવાજ સંભળાયો: "ચાલો ભાઈઓ, સાહેબની વાત સાચી છે."

અને છવાયેલા ગંભીર મૌનના માહોલના ભાર નીચે સૌએ પાછા જવા માટે પીઠ ફેરવી.

*

છાત્રનાં માતાપિતાએ ગૃહપતિને પોતાના બાળકની શ્રદ્ધાપૂર્વક કરેલી સોંપણી ક્યારેક ગૃહપતિને કેવા ધર્મસંકટમાં મૂકી દે છે એવા કેટલાક કિસ્સા અનુભવમાં છે. એમાંથી એક કિસ્સો ઉદાહરણ તરીકે અહીં મૂકવાનું પસંદ કરું છું:

એક દિવસ લાંબી મુસાફરી કરીને આવતો હોય એવો એક માણસ ઑફિસમાં મારી સામે આવીને ઊભો રહ્યો. એણે પ્રથમ તો પોતાની ઓળખાણ આપતાં કહ્યું: "હું બ્રાહ્મણ છું. દ્વારકાથી આવું છું. પંડાનું કામ કરું છું અને સાથે સાથે ત્યાંની એક પેઢીમાં નોકરી કરું છું. પેઢીના માલિક રઘુનાથભાઈએ આપનાજોગ લખેલા પત્રથી હું કેમ આવ્યો છું એ બધી વાત આપને સમજાઈ જશે." આમ કહી એ માણસે એક પત્ર મારા હાથમાં મૂક્યો.

પત્ર આ પ્રમાણે હતો:

છાત્રાલયના ગૃહપતિ સાહેબની સેવામાં

મુ. કડી

શ્રી દ્વારકાથી લિ. રઘુનાથ કામેશ્વર તરવાડીના નમસ્તે.

આપના છાત્રાલયમાં અમારી પુત્રીના ચિ. જગદીશકુમાર યજ્ઞેશ્વર રહે છે.

ખાસ વિગત એ છે કે જગદીશનાં માતુશ્રીનું ખાસ રોગના કારણે હૉસ્પિટલમાં અવસાન થયું છે ત્યાં અમારા પૈકી કોઈ હાજર ન હોવાના કારણે અંતિમ વિધિ ન થઈ શકી હોય તે સ્વાભાવિક છે. તેથી તેમની પાછળ હિન્દુ સમાજના ધાર્મિક રિવાજ મુજબ તેમની માતાજીની ઇચ્છા તેમના આત્માની શાંતિ માટે શ્રીમદ્ ભાગવતસપ્તાહ બેસાડવાની છે અને તેમની વાર્ષિકમિતિ કારતક વદ આઠમ સોમવાર આવે છે તેથી કારતક વદ ૧ સોમવારે ભાગવત પધરાવી માહાત્મ્ય વાંચે. વદ ૨ મંગળવારથી પ્રારંભ કરી વદ ૮ સમાપ્તિ થાય એ નક્કી કરેલ છે. આ શુભ કાર્યમાં તેમનાં બચ્ચાં હાજર હોય તો સારું. તેમના હાથે જ આ કામ થાય. પરંતુ જગદીશ તમારી પાસે છે. ટાઇમ જૂજ છે. આપ કૃપા કરો અને ઉપરની મિતિની અંદર જેટલા દિવસની રજા આપી શકો તેટલી આપો

તો ઉપકાર. તેમાં મારા માનવા મુજબ અભ્યાસને જરૂર હરકત તો આવશે પરંતુ આ કામ પણ ખરેખર ધાર્મિક છે, તેમની માતાનું છે તેમાં પુત્રની હાજરીથી સ્વર્ગમાં પણ તેનો આત્મા ખુશ થઈ આશીર્વાદ આપશે અને તેમ થવાથી અત્રે તેમની નાની પણ બહુ ખુશ થશે. બીજું આ બાબત તેમના પિતાશ્રી યજ્ઞેશ્વરને જણાવી છે તેની હાલત હાલ તો અહીંતહીં બદલીમાં જ છે. પંદર દિવસ ઉપર પત્ર હતો કે હું થોડા દિવસની રજા લઈને આવીશ. પણ પાછળથી પત્ર મળ્યો કે મને નવી જગ્યા ઉપર ચાર્જ લેવા બોલાવ્યો છે. ત્યાં શું થાય છે તે હું પત્ર લખીશ. તેમના પત્રની રાહ જોઉં છું પણ કંઈ જવાબ નથી. એ આવી જાય તો સારું. પણ હાલ કશો ભરોસો પડતો નથી. મુખ્ય વાત જેના નિમિત્તે કાર્ય કરવાનું છે તેમના જ ઘરનું કોઈ હોય તો સારું. આ ભાવના છે. પછી તો ઈશ્વરની મરજી હશે તેમ થશે. જગદીશની એક બહેન છે તે કલકત્તા રહે છે. તે દૂર ગણાય માટે તમારા ઉપર નજર ગઈ છે. કૃપા કરીને આપ દસ દિવસ રજા આપો. આપને વખતે એમ થાય કે જગદીશના પિતાશ્રીની રજા નથી તો તે વાજબી છે. પણ હાલ તે ક્યાં છે તે નક્કી નથી તેમ છતાં આ કાર્ય યજ્ઞેશ્વરની પત્નીનું છે અને ચિ. જગદીશની માતાનું છે. માતાના કાર્ય માટે છોકરું જાય તેમાં પિતા નારાજ ન હોય તેમ માની આપ જ માવતર છો આપને અમારી વિનંતી વાજબી જણાય તો આવેલ અમારા માણસ સાથે ચિ. જગદીશને જરૂર મોકલશો.

લિ.

રઘુનાથ કામેશ્વર તરવાડીના પ્રણામ.

એક પેચીદો પ્રશ્ન સામે આવીને ઊભો હતો. રઘુનાથના પત્રમાં કશી બનાવટ ન હોવાથી પ્રતીતિ તો થઈ જ પણ આવા પ્રસંગે છાત્રના પિતાની સંમતિ વગર કોઈ ત્રીજી જ વ્યક્તિ સાથે છોકરાને કેમ મોકલી દેવાય?

મને વિચારમાં પડી ગયેલો જોઈ દ્વારકાથી આવનાર ભાઈ બોલ્યો: "હું બ્રાહ્મણ છું. તમે મારામાં વિશ્વાસ રાખો સાહેબ. આ ધર્મનું કાર્ય છે. કોઈના આત્માની સદ્‌ગતિનો સવાલ છે. આપ કૃપા કરીને જગદીશને મારી સાથે મોકલો. કાર્ય પ્રત્યે હું જાતે જ અહીં આવીને મૂકી જઈશ..."

આ માણસનો ચહેરો મેં વાંચ્યો અને કહી દીધું: "ભલે, જગદીશને લઈ જાઓ અને કાર્ય સંપન્ન થાય એટલે મૂકી જજો."

ક્યારેક છાત્ર કે છાત્રો ગૃહપતિ માટે કેવી ચિંતાનું કારણ બની રહે છે એનું એક ઉદાહરણ જાણવા જેવું છે. શાળામાં એસ. એસ. સી.ની પ્રિલિમિનરી પરીક્ષા ચાલતી હતી. બે પેપર ગયાં હતાં. એ રાત્રે પ્રાર્થના પછી ઠીક ઠીક સમય પસાર થયા બાદ એક વિદ્યાર્થીએ આવીને મને જાણ કરી: "સાહેબ, બબાભાઈ રૂમમાં નથી."

બબાભાઈ એસ. એસ. સી.ના વર્ગનો વિદ્યાર્થી. અત્યંત નમ્ર અને છાત્રાલયના પ્રત્યેક નિયમને ચોકસાઈથી પાળનારો છાત્ર. એ અત્યારે નવ વાગ્યા સુધી રૂમમાં ન હોય એ કેવું? પરીક્ષા ચાલુ છે એટલે અત્યારે તો રૂમમાં રહીને એ અભ્યાસમાં તલ્લીન હોય. આમ ન થવાનું શું કારણ હોઈ શકે?

પરીક્ષા નજીક આવે ત્યારે છાત્રાલયના કેટલાક વિદ્યાર્થીઓ એકાન્તમાં જઈને વાંચવાના હેતુથી નાની કડીના રસ્તે કોઈ ખેતરના ઝાડ પર ચઢીને વાંચવા ટેવાયા હતા. બબાભાઈ એવી રીતે વાંચવા ગયો હોય, પણ પાછો કેમ ન ફર્યો?

નજીકના વિસ્તારમાં બબાભાઈની શોધમાં અમે બે ગૃહપતિઓ અને કેટલાક વિદ્યાર્થીઓ ટૉર્ચનાં સાધન લઈને નીકળ્યા. અમે નાની કડીના રસ્તે ખેતરોમાં અને બાલાપીર જિનના વિસ્તારમાં ફરી વળ્યા. ક્યાંય બબાભાઈનો પત્તો નહોતો.

આ બધી શોધખોળ અને એ અંગેની ચર્ચાઓ ચાલતી હતી ત્યારે એક વિદ્યાર્થીએ આવીને અમને વીંટી બતાવતાં કહ્યું: "બબાભાઈએ આ વીંટી મને સાચવવા આપી છે."

"તને કેમ આપી?"

"એ તો ખબર નથી."

"એ આપતી વખતે બબાભાઈએ તને કંઈ કહ્યું હતું?"

"ના, એટલું જ કહ્યું હતું કે અત્યારે આ વીંટી તારી પાસે રાખ, હું માગું ત્યારે પાછી આપજે."

આ વીંટીના કારણે એક રહસ્યમય ગૂંચવાડો ઊભો થયો. અમે એટલું તો તારવી શક્યા કે બબાભાઈ સલામત છે અને એ ક્યાંક ચાલ્યો ગયો છે. એણે આમ કેમ કર્યું એ એક રહસ્ય જ રહ્યું.

ચાણસ્મા તાલુકાનું દાંતકોરડી બબાભાઈનું ગામ. ગામમાં ટેલિફોન નહીં. માબાપને ખબર પણ કઈ રીતે આપવી? જાણવા મળ્યું કે બબાભાઈના મોટા ભાઈ સિદ્ધપુરમાં ટેલિફોન એક્સ્ચેન્જમાં નોકરી કરે છે. આ મોટા ભાઈનું નામ સોમભાઈ. જે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી. રાત્રે અગિયાર વાગ્યા પછી આ સોમભાઈનો સંપર્ક થઈ શક્યો. સોમભાઈને સઘળી વાતથી વાકેફ કર્યા. મનમાં ઉચાટ તો એટલો ને એટલો જ રહ્યો, પણ વાલીને જાણ કર્યાનો સંતોષ થયો.

શોધખોળ ચાલુ રહી. પંદરેક દિવસ પછી એક બપોરના સમયે મેલાંઘેલાં કપડાંમાં બબાભાઈ આશ્રમમાં પરત આવ્યો. બીજું બધું તો બાજુએ, પણ બબાભાઈના પરત આવ્યાનો અમને ખૂબ આનંદ થયો.

બબાભાઈના મુખે જ રહસ્યનો સ્ફોટ થયો કે એ વિનોબાની પદયાત્રામાં ભળી ગયો હતો અને હવે પાછો આવ્યો હતો!

છાત્રાલયના વિદ્યાર્થીઓ ક્યારેક ચિંતાનું કારણ બને, પણ એ તો પારિવારિક અનુભવ છે. પરિવારમાં ક્યારેક સંતાનના કારણે મૂંઝવણમાં મુકાવું પડે તેથી આપણે નારાજ નથી થતા તેમ જ સંતાન પ્રત્યે ઉદાસીનતા નથી દાખવતા. પ્રેમનું બંધન હંમેશાં સૌને સંલગ્ન રાખે છે.

આ જ છાત્રો સમય આવ્યે સંસ્થાને વિવિધ રીતે કેટલા બધા ઉપયોગી થાય છે! સંસ્થાના ૯૨ વર્ષના ઇતિહાસફલકમાં આ છાત્રોએ સંસ્થા પ્રત્યે દાખવેલાં પ્રેમ અને કરેલી સેવાની નોંધ કરવા બેસીએ તો મોટો ગ્રંથ રચવો પડે.

ઈ.સ. ૧૯૬૫માં ગુજરાતના સાત જિલ્લાઓની ફૂટબૉલની સ્પર્ધા સર્વ વિદ્યાલના મેદાન પર યોજાઈ હતી. આપણી પાસે એકાધિક છાત્રાલયોના કારણે રહેવા-જમવાની તો ઉત્તમ વ્યવસ્થા હતી જ પણ મેદાનની બાબતમાં એક મૂંઝવણ હતી. આમ તો, આપણી પાસે ત્રણ મેદાન હતાં. એકનો ઉપયોગ આપણી શાળા ફૂટબૉલના મેદાન તરીકે આપણા પોતાના માટે તો કરતી જ હતી. પણ નિયમ પ્રમાણે એનું માપ થોડું ઊણું હતું. બીજું એક મેદાન ખોખો, કબડ્ડી, વૉલીબૉલ વગેરે રમતો પૂરતું હતું. ત્રીજું આશ્રમની બાજુનું (પૂર્વ તરફનું) ઘણું મોટું મેદાન હતું. ફૂટબૉલ તો રમી શકાય પણ ચારે બાજુ સેંકડો પ્રેક્ષકો આરામથી રમત નિહાળી શકે. પણ તકલીફ એ હતી કે શાળાના બે શિક્ષકોએ

સમજણ વગર અને બેજવાબદારીપૂર્વક કોઈને પૂછ્યા વગર મેદાનની વચ્ચે એક વડ રોપીને એને ઉછેર્યો હતો. મેદાનની જરૂર નહોતી પડી ત્યાં સુધી અમે એના તરફ લક્ષ આપ્યું નહોતું. હવે તો આ વડ વીસેક ફૂટ પહોળાઈ અને પંદરેક ફૂટ ઊંચાઈ ધારણ કરી ચૂક્યો હતો. એક સાંજે હું અને બેત્રણ ગૃહપતિઓ આ વડ આગળ, મેદાનનો ઉપયોગ ન કરી શકવાનો અફસોસ કરતા ઊભા હતા. વિદ્યાર્થી આશ્રમના છાત્રો સાંજના ભોજન પછી સૌ સૌના ગ્રૂપમાં આમતેમ ફરતા હતા એમાંના કેટલાક અમને વડ આગળ ઊભેલા જોઈ માત્ર કુતૂહલથી અમે ઊભા હતા ત્યાં આવ્યા. અમારી થોડી વાતચીત પરથી પરિસ્થિતિ સમજી લઈને એક છાત્ર બોલ્યો: "સાહેબ, આ વડને આખો ને આખો ખસેડી લઈએ તો?"

અશક્ય જેવી વાત કરતા વિદ્યાર્થી તરફ મેં જોયું. "ખસેડી લઈએ?"

"હા, અહીંથી એને ખસેડીને વ્યાયામશાળા આગળ ફરી રોપીએ."

"એ કંઈ શક્ય છે, ભાઈ?"

બીજો એક વિદ્યાર્થી બોલ્યો: "સાહેબ, રજા આપો અમે બધું કામ પાર પાડી દઈશું." જાણે ઊંડી ચર્ચા-વિચારણા પછી બોલતો હોય એવી કોઈ દૃઢ શ્રદ્ધાનો સૂર આ વિદ્યાર્થીની વાણીમાં હતો.

ભલે નિષ્ફળ જવાય, પણ આ વિદ્યાર્થીઓના ઉત્સાહ પર ઠંડું પાણી ન રેડવાની એક સમજપૂર્વકની ગણતરીએ મેં આ વિદ્યાર્થીઓને એ સાહસ આદરવાની છૂટ આપી.

મોટા ભાગના છાત્રો ગામડાના અને ખેડૂતના દીકરા હતા. કસાયેલા શરીરવાળા અને મહેનતમાં પાછા ન પડે એવા. શાળામાં અગાઉ ખેતીનો ઉદ્યોગ હતો એટલે કોદાળી, પાવડા, તબડકાં, ટોપલાં, વગેરે નાનાંમોટાં ઘણાં સાધનો સ્ટોરરૂમમાં સંઘરાયેલાં હતાં.

આ વિદ્યાર્થીઓએ ચારેક ફૂટની ત્રિજ્યામાં વડને ફરતી ત્રણેક ફૂટ ઊંડી ખાઈ ખોદી એવી જ રીતે વડને મૂળસોતો (અલબત્ત, કેટલાંક તૂટેલાં મૂળ સાથે) રોપવા માટે ઘણો મોટો ખાડો તૈયાર કર્યો. મશીન રૂમમાંથી દોરડાં-વરેડાં લઈ આવ્યા. કાળજીથી દોરડાંના છેડા ડાળીઓ સાથે બાંધ્યા. દોરડાંથી ખેંચીને રોપવા માટેના ખાડા સુધી લઈ ગયા. થડ સુધી વડને ખાડામાં ઉતાર્યા પછી દોરડાખેંચથી જ એને ઊભો કર્યો. ધોરણ ૪થી ૮ (તેમ જ અન્ય પણ) ના વિદ્યાર્થીઓએ ખાડામાં માટી ધરબી. કેટલાક વિદ્યાર્થીઓએ રસોડાની ટાંકીથી આ ખાડા સુધી છાત્રસાંકળ રચીને હાથોહાથ પાણીની બાલદીઓ આગળ જતી કરીને ખાડામાં પાણી સીંચ્યું. વહેલી સવાર સુધીમાં (સદ્‌ભાગ્યે અજવાળી રાત હતી) વિદ્યાર્થીઓએ કાર્યને સફળ બનાવીને પાર પાડ્યું.

આ સાહસ દ્વારા વિદ્યાર્થીઓએ શું મેળવ્યું, સંસ્થાએ શું મેળવ્યું અને સમાજે શું મેળવ્યું એનું વિશ્લેષણ કરવાની જરૂર ખરી? સંસ્થાના ઈ.સ. ૧૯૭૦ અને ઈ.સ. ૧૯૮૪માં બે મોટા ઉત્સવો યોજાઈ ગયા. ૧૯૭૦માં પરિવાર સંમેલન અને ૧૯૮૪માં અમૃતમહોત્સવ બંને વિશે આ પુસ્તકમાં અન્યત્ર વિગતે વાત થયેલી છે. પણ અહીં છાત્રાલયના વિદ્યાર્થીઓને અનુલક્ષીને થોડી વાત કરવાની છે. પ્રથમ ઉત્સવમાં લગભગ ૩૦૦૦ વ્યક્તિઓએ અને દ્વિતીય ઉત્સવમાં લગભગ ૪૦૦૦ વ્યક્તિઓએ ભોજન લીધું હતું. આટલી હકીકત પરથી એ ઉત્સવોની ઊંચાઈ અને ગહેરાઈ વિશે ખ્યાલ આવી શકશે. આટલા મોટા ઉત્સવો માટે કેટલી બધી તૈયારીઓ કરવી પડે? બહારગામથી આવતા અતિથિઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરેની સંખ્યા પણ નાની સરખી ન હોય. બબ્બે દિવસના કાર્યક્રમ એટલે અતિથિઓના ઉતારા અને

આતિથ્યમાં જે જે સગવડો કરવાની હોય તે પણ ઘણું કામ માગી લે છે. કાર્યક્રમ વખતની તેમ જ ભોજન સમયની વ્યવસ્થા પણ ઘણી સૂઝ અને ખૂબ કાર્ય માગી લે છે. ધજા-તોરણથી મંચ, શમિયાણો અને સમગ્ર કેમ્પસ શણગારવાનું અને આસોપાલવનાં તાજાં પાનનાં તોરણ ઠેર ઠેર બાંધવાનાં...આ બધું કોણ કરે? આપણી સંસ્થામાં ભાડૂતી માણસો કે મજૂરો રોકીને કામ કરાવવાની પદ્ધતિ નથી. આ બધું કામ ફક્ત છાત્રાલયના વિદ્યાર્થીઓ જ ઉપાડી લે. માર્ગદર્શન શિક્ષકોનું ખરું, પણ એ ડગલે ને પગલે શક્ય બને ખરું? એ તો છાત્રોએ જ પોતાની આવડતથી અથવા અરસપરસ ચર્ચા કરીને કાર્ય દીપાવવાનું. આ અનુભવમાં વિદ્યાર્થી કેટલું બધું પામે અને કેટલો બધો ઘડાય એ તો એ જ કહી શકે.

આપણાં છાત્રાલયોએ સંસ્થાને શું આપ્યું? સંસ્થા એટલે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ. આલંકારિક ભાષામાં કહેવું હોય તો કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ એ માતૃસંસ્થા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એની છાયામાં ઊછરીને એક મહાન વિસ્તારવાળું બની રહેલું વટવૃક્ષ. ક.પા.કે.ઉ.મંડળના વિદ્યાર્થી આશ્રમમાં નર્યોનીતર્યો પ્રેમ આકંઠ પીને એના છાત્રોએ આંખો મીંચીને પવિત્ર ફરજરૂપે ધનનો પ્રવાહ સંસ્થા તરફ વહેતો કર્યો છે. એ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણસંસ્થાઓની સોળે કળાએ ખિલવણી થઈ છે અને સંસ્થાને અઢળક પ્રતિષ્ઠા રળી આપી છે. આજે સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શાખાઓ જે છે તે મોટેભાગે વિદ્યાર્થી આશ્રમના ઉછંગે રમીને જીવનનો સુવર્ણકાળ પસાર કરનાર એના છાત્રોને આભારી છે. સંસ્થાના અન્ય શુભેચ્છકોએ પણ સંસ્થાને અઢળક દાન આપ્યું છે, પણ એ માટે સંસ્થાના કાર્યકરોએ હાથ લાંબો કરવો પડ્યો છે. જ્યારે સંસ્થાના પનોતા છાત્રોએ સામે ચાલીને, આમંત્રણ આપીને, આગ્રહ કરીને, સંસ્થાનો નાણાભંડાર ખાલી થાય એ પહેલાં તો એને ઊભરાતો કરી દીધો છે.

વિદ્યાર્થી આશ્રમના છાત્રોએ સંસ્થા પ્રત્યેનો પ્રેમ રૂબરૂ કે પત્ર દ્વારા ખૂબ પ્રકાશિત કર્યો છે. એમનો શબ્દેશબ્દ પ્રેમના પ્રકાશથી આલોકિત છે. છાત્રોના બધા પત્રોનો તો અહીં સમાવેશ થઈ શકે એમ નથી પણ મર્યાદિત સંખ્યામાં કેટલાક પત્રો અહીં આપ્યા છે, જેના આધારે જોઈ શકાશે કે છગનભાએ સ્થાપેલા વિદ્યાર્થી આશ્રમ અને પછી એ જ ધોરણે સ્થપાયેલાં સંસ્થાનાં છાત્રાલયોમાં ઘડતર પામેલા છાત્રોએ જીવનમાં શું મેળવ્યું છે.

(ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંસ્થાપ્રીતિની એક ઝલક દર્શાવવાના હેતુથી એમના તરફથી મળેલા અનેક પત્રોમાંથી કેટલાક અહીં પ્રસ્તુત છે.)

૧

નરોત્તમભાઈ ટી. પટેલ
કસબાપાર
તા. નવસારી, જિ. વલસાડ
તા. ૧૨-૧૨-૬૯

પૂજ્ય ગુરુવર્ય શ્રી મોહનભાઈસાહેબ, સ્નેહાળ શ્રી રામભાઈસાહેબ, શ્રી અંબાલાલસાહેબ અને અન્ય ગુરુવર્ય,

સંસ્થાની સુવર્ણજયંતી ઊજવાશે તે એક ગૌરવ છે. સંસ્થા તરફથી પ્રગટ થતું 'સુવર્ણજયંતી' અમારે ત્યાં આવે છે.

આજે આપના ભાણાભાઈ શ્રી નરોત્તમભાઈ અને હું મળ્યા હતા. અહીં સુરત ખાતે આપણી સંસ્થાના થોડાક વિદ્યાર્થીઓ છીએ. સંસ્થા માટે સુવર્ણજયંતીમાં ફાળો આપવા અંગે અમે ગૌરવરૂપ જ ગણીશું. એમ છતાંયે કંઈ સંસ્થાનું ઋણ ઓછું થવાનું નથી. આ નિમિત્તે હું આપને સમય હોય તો સુરત, નવસારી તરફ આવવાનું આમંત્રણ આપું છું. કદાચ આપને શ્રી નરોત્તમભાઈ (કંબોઈવાળા)નો પણ પત્ર આમંત્રણનો મળશે. આપ આવો તો સુવર્ણજયંતી માટેનો ફાળો આપના આવ્યા પછી કરીએ! આ નિમિત્તે આપ અમારે ત્યાં પધારો એ મોટી આશા છે. પત્રથી જવાબ મળશે તો આનંદ થશે.

'સુવર્ણજયંતી' ક્યારે ઊજવાશે? ટૂંકમાં જાણીએ તો સારું. આપના પત્ર પછી ફાળા માટે અમે નક્કી કરી શકીશું.

આભારસહ
આપનો આજ્ઞાંકિત,
નરોત્તમભાઈ ટી. પટેલના પ્રણામ

૨

Tele : NIPCA Phone: 0-24742 R.27924
M/C N.I. Patel & Co
5/359 Bhajiwali Pole,
Buranpuri Bhagal, Surat-1
તા. ૨૬-૧૨-૬૯

પૂજ્ય મામાશ્રી,

મામીશ્રી, બાળકો તથા સ્નેહીજનો સૌ કુશળ હશો. આમ તો મેં ત્રિકમલાલ ન. પટેલને રૂબરૂ કહેલું કે તમે કડી જાઓ છો તો પૂજ્ય મામાશ્રીને જણાવશો કે સુરત 'સુવર્ણજયંતી'ના ફાળા અંગે જો રૂબરૂ આવો તો ઘણું સારું. હાલમાં નાતાલ વેકેશન ચાલુ છે. વળી અહીં પોંકની સિઝન પણ ચાલુ છે. અહીંની વિશિષ્ટતા એ પોંકનો અનુભવ પણ એકાદ વખત કરવા જેવો ખરો. જો અનુકૂળ હોય તો અવશ્ય આવી જશો. ફાળો પણ વ્યવસ્થિત રીતે થઈ શકશે. માટે જરૂરથી આવશો. ... અમારા આમંત્રણનો સ્વીકાર જરૂરથી કરશો એવી આશા રાખીએ છીએ.

આપના ભાણેજ નરોત્તમભાઈના પ્રણામ

૩

નારણભાઈ છગનલાલ શાહ
ક્વાર્ટર નં. સી. એન.૨/૪
નેશનલ રેયૉન કૉ.લિ.
મોહોને: જિ. થાણા (સે. રેલવે)

શ્રી મંત્રીશ્રી,
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી (ઉ.ગુ.)

શ્રી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલનો હું ભૂતકાળનો એક વિદ્યાર્થી છું. સને ૧૯૪૩થી ૧૯૪૬ સુધી આશ્રમ તથા શાળા બંનેનો લાભ મને મળેલો. મુ. શ્રી પોપટભાઈ, છગનભાઈ તથા શ્રી નાથાલાલભાઈ સાહેબના હાથ નીચે અભ્યાસ કરવાની મને તક મળેલી.

આપશ્રી મને 'સુવર્ણજયંતી' પણ હમણાંથી નિયમિત મોકલો છો. મને ખબર નથી કે મારું સરનામું તમારી પાસે કઈ રીતે આવ્યું. ગમે તે પણ મારી જૂની શાળા મને યાદ કરે છે જાણી ભૂતકાળનાં અનેક ખાટાંમીઠાં સંસ્મરણ જાગ્રત થાય છે.

મારે લાયક કામકાજ લખશો.

એ જ લિ.
નારણભાઈ શાહનાં વંદન

૪

ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ
એમ. એન. કૉલેજ,
વીસનગર

માનનીય સાહેબશ્રી,
સાદર પ્રણામ

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીનું નામસ્મરણ કરતાં જ અંતરમાં આનંદ ઊભરાય છે. જે માતૃગોદથી ઉચ્ચ પ્રકારના સંસ્કાર લાધ્યા છે તેને કેમ વીસરાય? શાળા પોતાનાં ભૂતપૂર્વ બાળકોને આ રીતે યાદ કરે છે, એ ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક પગલું છે. કોઈ પણ પ્રસંગે શાળામાં આવવાનું થશે તો ખૂબ જ ઉલ્લાસથી આવીશ.

આપનો વિદ્યાર્થી
પાનાભાઈ શિ. વણકર

૫

એ/૫, હૉસ્પિટલ સ્ટાફ ક્વાર્ટર્સ
કીર્તિમંદિર નજીક
વડોદરા

પૂજ્યશ્રી,

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાંથી સંસ્કારસિંચન પામી ૧૯૪૭માં કડી છોડ્યા પછી ન કડીનો સંપર્ક સાધી શક્યો કે ન સર્વ વિદ્યાલયનો અને માતૃસંસ્થાની યાદ આજ વીસ વર્ષે પણ એવી ને એવી જ છે. જ્યારે સંસ્થાની પ્રગતિ, ઉજવણી કે ચડતીના પ્રસંગો વિશે કંઈ પેપરમાં વાચવા મળે છે ત્યારે કે કોઈ તે બાજુના અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી, ધંધાર્થી કે નોકરિયાત મળે છે ત્યારે પુરાણી પુણ્ય સ્મૃતિઓ સજીવન થાય છે અને વીસ વર્ષ પહેલાંનું મનોરમ રમ્ય દૃશ્ય નજર સમક્ષ તરે છે. વિનંતી કરવાની કે શુભ પ્રસંગે મને સંસ્થાની પ્રગતિ જણાવવા અને તેની ચઢતીમાં સોપાન તરીકે ઉપયોગી થવાની તક આપવા કૃપા કરશો.

લિ. આપનો,
ચંદ્રકાન્ત મગનલાલ શાહ

૬

પ્રો. રતિલાલ એમ. પટેલ
શામળદાસ કૉલેજ, ભાવનગર-૨
તા. ૧૩-૧-૭૦

પૂજ્યપાદ ગુરુવર્ય શ્રી મોહનભાઈસાહેબ, શ્રી અંબાલાલસાહેબ અને શ્રી રામભાઈસાહેબ વગેરેની પવિત્ર સેવામાં,

મારા અત્યલ્પ પરિચયરૂપે હું સીતાપુર તા. વીરમગામનો વતની છું. મારા જીવનના ઉષઃકાળનાં સાત વર્ષ (ઈ.સ. ૧૯૪૫થી ૧૯૫૨) મને માતૃસંસ્થા 'સર્વ વિદ્યાલય' અને 'કડવા પાટીદાર બોર્ડિંગ'ની સુંવાળી ગોદમાં ગાળવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું હતું.

સંસ્કૃતમાં સૂક્તિ છે કે 'નિવાત્યાં નષ્ટ ચન્દ્રાયાં દુર્લભો માર્ગદર્શકઃ' (ચંદ્રવિહોણી ગાઢ રાત્રિએ માર્ગદર્શક દુર્લભ હોય છે) તેમ ઉત્તર ગુજરાતના જ્ઞાનવિરહિત ભૂતકાળમાં આ સંસ્થા મમ સદશ અગણિત વિદ્યા-અર્થીઓના ઉજ્જ્વળ ભાવિ માટેની માર્ગદર્શક બની છે. દેવોને દૂધ દોહ્યલાં છે તેવી જનનીતુલ્ય અલભ્ય જ્ઞાનનાં પયઃપાન કરાવનાર આ સંસ્થા સાચે જ દેવો માટે પણ દુર્લભ છે. એણે અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અ-ભૂતપૂર્વ બનાવ્યા છે. ગૌરવવંતી ગાથાયુક્ત જ્ઞાનદાત્રીના 'સુવર્ણજયંતી' મહોત્સવ પ્રસંગે તેના સર્વ વિદ્યાર્થી યત્કિંચિત્ સેવાથી ઋણમુક્ત થવાનો સાદર પ્રયત્ન કરે તે તેની પવિત્ર ફરજ જ છે. 'સર્વ વિદ્યાલય' અને 'સરસ્વતી સદન' સાચ્ચે જ સર્વનું વિદ્યા-આલય અને સરસ્વતીનું ધામ છે. આપણે પરાપૂર્વથી સૂત્રોચ્ચાર કરીએ છીએ કે—

માતૃદેવો ભવા પિતૃદેવો ભવા આચાર્યદેવો ભવા

તેમાં મને એક સૂત્રનો ઉમેરો કરવાનો સમય પાકી ગયો છે તેમ લાગે છે અને તે માતૃસંસ્થા દેવો ભવા

આવી માતૃસંસ્થાનો વિદ્યાર્થી હોવાનો સાદર ગૌરવ અનુભવતો,

આપનો વિદ્યાર્થી,
રતિલાલ પટેલ

૭

ભાવનગર

તા. ૧૪-૧-૭૦

માનનીય સાહેબશ્રી,

સાદર પ્રણામ...

હાઈસ્કૂલનું નામસ્મરણ થતાં કે કોઈના મુખમાંથી સાંભળતાં મનને અનેરો આનંદ થાય છે અને શિશ ગર્વથી ઊંચું થઈ જાય છે. જે જગ્યાએ તેના ખોળામાં આ જીવન પર્યંત ન વીસરાય તેવા સંસ્કારો મળ્યા છે અને જેના પરિપાકરૂપે આજે ગર્વથી કહી શકું છું કે હું પણ તે માતૃમયીનો ભાગ્યશાળી વિદ્યાર્થી હતો.

હાલ હું જેના પ્રતાપે સેલ્સટૅક્સખાતામાં ઇન્સ્પેક્ટર તરીકે સેવા બજાવી રહ્યો છું તે માતૃમયીનું ઋણ કેમે કર્યું ચૂકવ્યું જાય એવું નથી. અને શાળાએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આ અનેરી રીતે જે યાદ કર્યા છે તે પ્રશંસનીય છે.

પ્રસંગોપાત્ત તે પવિત્ર ભૂમિમાં ચરણ મૂકવા ભાગ્યશાળી હોઈશ તો હું અવશ્ય આવીશ.

લિ. આપનો વિદ્યાર્થી,

જી. કે. ઈરાનીઆ

૮

વિનોદભાઈ આર. પટેલ, B.A., M.Com., LL.B.

આસિ. સેક્રેટરી, સેલ્યુલોઝ પ્રોડક્ટ્સ ઑફ ઇન્ડિયા લિ.

કઠવાડા (ડિ. અમદાવાદ) તા. ૨૯-૧-૭૦

પૂ. આચાર્યશ્રી મોહનભાઈસાહેબ તથા અન્ય ગુરુગણ,

દર અઠવાડિયે 'સુવર્ણજયંતી' હાથમાં આવતાં જ સંસ્થાના સમાચાર જાણવાની ઉત્કંઠા રહે છે. અને માતૃસંસ્થાની મીઠી-મધુરી યાદ તાજી થાય છે. 'સર્વ વિદ્યાલય' અને 'વિદ્યાર્થી આશ્રમ'માં ગાળેલાં એ સાત વર્ષ એની કેટલીયે મીઠી-મધુરી યાદોમાં સભર છે. અને ચારિત્ર્યઘડતરના એ કાળમાં આપના જેવા ગુરુગણ તરફથી શિક્ષણની સાથોસાથ જ જે પ્રેમ મેળવેલ છે તે ચિરસ્મરણીય બની રહેશે. કેટલાંક વર્ષોથી સંસ્થામાં આવવાનું બન્યું નથી, પરંતુ 'સુવર્ણજયંતી' જોતાં જણાય છે કે ત્યાંથી વિદાય લીધી ત્યાર પછી અત્યાર સુધીના સમયમાં માતૃસંસ્થાએ ઘણી જ પ્રગતિ કરી છે. અને એની પ્રવૃત્તિઓનું ક્ષેત્ર વધતું જ રહ્યું છે. આના માટે પૂ. દાસકાકા જેવી વ્યક્તિઓની નિર્ભેળ સેવાવૃત્તિની સાથોસાથ જ આપના જેવા વ્યવસ્થાપક અને શિક્ષકગણનું પીઠબળ અભિનંદનને પાત્ર છે...

'સુવર્ણજયંતી' સાપ્તાહિક વિશાળ સમૂહ ધરાવતા જૂના વિદ્યાર્થીઓને સંસ્થા સાથેની તૂટેલી કડીઓને સાંધવામાં અને એકબીજાના પરિચયમાં આપવામાં ઘણું જ ઉપયોગી થશે. આવું સાપ્તાહિક કાઢવાનો વિચાર ખરેખર પ્રશંસનીય છે.

એ જ લિ.

વિનોદભાઈ આર. પટેલના સાદર પ્રણામ

૯

પ્રદ્યુમ્ન આર. મહેતા
સેનાનાયક
મણિયારી ગ્રામરક્ષક દળ:
તા. ચાણસ્મા

હું મારા ઘેરથી બજારમાં જતો હતો. રસ્તામાં હાથમાં છાપું લઈ અમારા ગામના ગ્રા.ર.દળના ઉપનાયક શ્રી છગનભાઈ ઉર્ફે અમૃતભાઈ ગણેશભાઈ મને સામા મળ્યા. તેમના હાથમાં પેપર જોઈ મેં આતુરતાથી પૂછ્યું: "છગનભાઈ, હાથમાં કયું પેપર છે?" તેમણે તુરત જુસ્સાથી જવાબ આપ્યો: "મારી સ્કૂલમાંથી પ્રસિદ્ધ થતું સાપ્તાહિક છે." હું વિચારમાં પડ્યો કે છગનભાઈ તો ખેતી કરે છે ને 'મારી સ્કૂલ'ની વાત ક્યાંથી લાવ્યા? મને વિચારમાં પડેલો જોઈ તેમણે ચોખવટ કરી કે "ઘણાં જ વર્ષો પહેલાં હું કડી સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો તેથી ત્યાંથી મારા પર આવે છે."

હું જાણું છું કે, સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ આજે ધારાસભ્યો, વકીલો, બૅરિસ્ટરો, ઇજનેરો, ડૉક્ટરો છે. તેનો જીવતોજાગતો દાખલો અમારા ગામમાં અને બીજાં અન્ય ગામોમાં છે. આ વિદ્યાર્થીઓએ આપણા દેશમાં નહીં પણ પરદેશમાં પણ ઉચ્ચ અભ્યાસ કરી વિદ્યાલયનું નામ રોશન કરી ઉચ્ચ પદવીઓ મેળવી છે. આવી પદવીઓમાં અમારા ઉપનાયક છગનભાઈ કાંઈ ઊતરતા નથી. આપણા સ્વર્ગસ્થ લોકલાડીલા વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ આપણને આપેલા સૂત્ર 'જય જવાન જય કિસાન'નું પાલન અમારા છગનભાઈએ કરેલું છે. તેથી આ પત્ર લખવાનો ગર્વ લઉં છું. છગનભાઈએ અંગત કારણોને લીધે શાળા છોડી ઘેર આવી ખેતી શરૂ કરી. સારા શિક્ષણને કારણે ખેતી કેળવી ઉત્પાદન કેમ વધારવું તે માટે પ્રયત્ન કર્યા. રાત-દિવસ જાગ્રત રહી દેશની અનાજની મુશ્કેલી છે તેમાંથી મુક્ત થાય તે માટે 'જય કિસાન'ના સૂત્રનું પૂરું પાલન કરી રહ્યા છે.

આજે અમારા ગામમાં ચોરી નથી, ભેલાણ નથી, ગામમાં સારાં કાર્યો કરી તાલુકા તથા જિલ્લામાં મોખરે રહેતું અમારું ગ્રામ ર. દળ મોખરે છે. અમારું મુખ્ય ધ્યેય ખેડૂતના જાન-માલનું-રક્ષણ કરવું. ખેડૂત આબાદ તો ગામડાં આબાદ અને ગામડાં આબાદ તો દેશ આબાદ. આવાં સૂત્રો દિલમાં રાખી એમણે વિદ્યાલયનું નામ રોશન કર્યું છે. આ સંસ્થાના આ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગામડામાં વસતા હોય તેઓ આવાં કાર્યો કરી પોતાની શાળાનું નામ રોશન કરે છે. અને વધુ કરશે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

લિ. પ્રદ્યુમ્ન આર. મહેતા

૧૦

એ. જે. પટેલ
બી. ઈ. (સિવિલ)
એક્ઝિક્યુટિવ એન્જિનિયર (સર્વે)
ગાંધીધામ (કચ્છ)
તા. ૧૨-૭-૭૦

માનનીય મુરબ્બીઓ,

'પ્રિય સર્વ વિદ્યાલય સોહે'નો મધુર નાદ આ પંક્તિ વાંચતાં જ જ્યારે ભણતા હતા, ગાતા હતા અને સાંભળતા હતા તેવો જ મધુર અને સોહામણો આજે કાનમાં ગુંજે છે.

મૅટ્રિક થયા પછી બી. એસસી. થઈ શિક્ષક તરીકે વિદ્યાલયમાં જીવન ગુજારવાના કોડ હતા. વિદ્યાર્થીજીવનમાં જે કંઈ પ્રગતિ થઈ તે હોશિયાર વિદ્યાર્થીઓ અને ઉત્સાહી અધ્યાપકવર્ગ ઉપરાંત આચાર્યશ્રીની દોરવણીને આભારી છે.

નાની ખોખોની ટીમના કૅપ્ટન તરીકે વ્યાયામશિક્ષકની દોરવણી નીચે પ્રથમ વડોદરા જોયેલું. ૧૯૪૯ની સાલમાં જે અમારું તેજસ્વી ગ્રૂપ કડીમાંથી નીકળ્યું તે બધા જ મિત્રોની એકબીજા પ્રત્યેની ભાવના, વંદનીય આચાર્યશ્રી અને શિક્ષકવર્ગ માટે જે માન હતું તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. કેવું સરસ એક મોટું કુટુંબ હતું! તેનું મીઠું સ્મરણ અત્યારે પણ જીવનને તાજગીસભર બનાવે છે.

ભણતા હતા ત્યારથી જ વિદ્યાલયે સીંચેલા ગુણોએ કુટુંબને, ગામને, સમાજને અને રાષ્ટ્રને કેવી રીતે ઉપયોગી થઈએ તેની તાલાવેલી લાગેલી જ.

*

છગનભાએ તેમની કેળવણી પ્રત્યેની ધગશ અને નિઃસ્વાર્થ સેવાવૃત્તિએ એક નાના ઝાડ નીચે શાળા શરૂ કરેલી તે આજે એક મોટું વટવૃક્ષ બન્યું છે. તે વટવૃક્ષની છાયા નીચે જે કોઈ રમ્યું છે તેને કંઈક પણ ઉપયોગી થવાની તમન્ના હોય જ છે. પૂજ્ય ગાંધીજી અને સરદારની જેમ દરેક વ્યક્તિ આખું જીવન રાષ્ટ્રસેવામાં અર્પણ ન કરી શકે પણ નિઃસ્વાર્થવૃત્તિથી કંઈક પણ કાર્ય રાષ્ટ્રોપયોગી કરે તો જ પૂજ્ય વડીલોને સાચી અંજલિ આપી શકાય.

લિ. અંબાલાલ પટેલના
હાર્દિક પ્રણામ

~ ૨૨ ~

વિદ્યાર્થી નિવાસ, વીસનગર

ઈ.સ. ૧૯૪૨માં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના વહીવટ હેઠળ નૂતન સર્વ વિદ્યાલય, વીસનગરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે 'વિદ્યાર્થી નિવાસ' નામથી છાત્રાલય શરૂ કરવામાં આવ્યું હતું. શાળાની ઉત્તરોત્તર સંગીન પ્રગતિ થતાં આ છાત્રાલયનો પણ સારો એવો વિકાસ થતો રહ્યો હતો. ઈ.સ. ના છઠ્ઠા દાયકામાં તો 'વિદ્યાર્થી નિવાસ'ની છાત્રસંખ્યા ૫૦૦નો આંક વટાવી ગઈ હતી. ક.પા. કેળવણી ઉત્તેજક મંડળ, કડીનો આ શૈક્ષણિક એકમ હવે સ્વતંત્રપણે પોતાની રીતે વિકાસ સાધી શકે એ હેતુથી એને એક અલગ સંસ્થાકીય ટ્રસ્ટ તરીકે નોંધાવવાનો મંડળે વિચાર કર્યો. આ હેતુને બર લાવવા માટે મંડળે તા. ૧૮-૫-૮૦ની સાધારણ સભામાં એ મતલબનો ઠરાવ કર્યો. અને એ અંગે ઘટતી કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું. આ ઠરાવના આધારે મંડળના કાર્યાલય તરફથી નવા તૈયાર કરેલા બંધારણ અને અન્ય જરૂરી વિગતો સાથે ૧૯૫૦ના મુંબઈના સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ નીચે નવા ટ્રસ્ટની નોંધણી માટે તા. ૫-૧૦-૧૯૮૦ના રોજ અરજી કરવામાં આવી. અરજી કરી એ વખતે ક.પા. કેળવણી મંડળ, કડીના વીસનગરના આ અંગની જમીન, મકાનો વગેરેની સ્થાવર મિલકત રૂ. ૬૭૩૯૩૦=૨૫ અને સિલકી સામાન, સાધન વગેરે જંગમ મિલકત રૂ. ૨૮૯૮૫=૫૩ની હતી.

આ નવા થનાર મંડળના પ્રથમ ટ્રસ્ટીઓ તરીકે નીચે પ્રમાણેના સદ્‌ગૃહસ્થોની નિમણૂક કરવામાં આવી હતી:

૧. શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
૨. શ્રી ગોપાળભાઈ પ્રભુદાસ વકીલ, વીસનગર
૩. શ્રી પીતાંબરદાસ ચતુરદાસ પટેલ, વીસનગર
૪. શ્રી ભોળાભાઈ ચતુરદાસ પટેલ, વીસનગર
૫. શ્રી રામજીભાઈ અમથાભાઈ પટેલ, વીસનગર

આ ટ્રસ્ટીઓની નિમણૂક, નવા રચાયેલા ટ્રસ્ટની સાધારણ સભામાં નવા ટ્રસ્ટીઓની નિમણૂક થાય ત્યાં સુધીની હતી.

નવા ટ્રસ્ટની રચનાથી, ક.પા. કેળવણી મંડળ, કડીની વીસનગરની આ શાખાની તમામ સ્થાવર જંગમ મિલકત તથા અસ્કયામતો, દેવું લેણું તથા બીજી તમામ જવાબદારીઓ નવા રચાયેલા મંડળને પ્રાપ્ત થતી હતી.

મંડળની અરજીના આધારે નવું મંડળ શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ–વીસનગર નામે રજિસ્ટર નંબર ઈ ૨૨૦૧ મહેસાણા તા. ૭-૧૧-૧૯૮૧થી નોંધાયું. અને ૩૨ વર્ષના સહયોગ પછી આ નવું મંડળ એક સ્વતંત્ર સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવ્યું.

~ ૨૩ ~

વિદ્યાર્થીસહાયક મંડળી

ઈ.સ. ૧૯૫૪ની સાધારણ સભામાં વિદ્યાર્થીસહાયક મંડળી સ્થાપવા બાબતમાં ચર્ચાવિચારણા કરવામાં આવી. મંડળી સ્થાપવાનો નિર્ણય લેવાતાં એનું બંધારણ ઘડવા માટે એક સમિતિ નીમવામાં આવી. સમિતિએ તા. ૧-૮-૫૪ના રોજ બંધારણ મંડળને સુપરત કર્યું. એ પછી સહાયક મંડળીના રજિસ્ટ્રેશન માટે અરજી કરવામાં આવી. પરિણામે મંડળીને રજિ. નં. ૧૯૬૩૨/૧૯૫૫ તા. ૧૫-૨-૧૯૫૨ પ્રાપ્ત થયો.

આ મંડળી કડવા પાટીદાર જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ જેમનો અભ્યાસ માત્ર આર્થિક કારણસર અટકી પડે એમ હોય અથવા જે વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે પરદેશ જવા ઇચ્છુક હોય પણ નબળી આર્થિક સ્થિતિને લીધે પરદેશ ન જઈ શકતા હોય એવા વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવા આ મંડળીની સ્થાપના કરવામાં આવી છે. આ મંડળી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની એક પ્રવૃત્તિ અને અંગ તરીકે સહકારી ધોરણે ચાલે છે. હાલ સ્વદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦૦-૦૦ સુધી અને પરદેશ અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીને રૂ. ૨૦૦૦૦=૦૦ (વીસ હજાર) સુધી મદદ કરવાનું ધોરણ સ્વીકાર્યું છે. મંડળીનું આર્થિક ભંડોળ વધતાં મદદના ધોરણમાં પણ સુધારો કરવાનો મંડળીનો હેતુ છે.

આ મંડળી પાસેથી આર્થિક સહાય મેળવનાર વિદ્યાર્થીએ એનો અભ્યાસ પૂરો કર્યા પછી એક વર્ષ સુધી લીધેલી રકમ ઉપર ૬ ટકા અને એક વર્ષ પછી ૯ ટકા પ્રમાણે વ્યાજ ભરવાનું ઠરાવવામાં આવ્યું છે.

~ ૨૪ ~

છગનભાના સ્મરણાર્થે...

ઘરના આધ્યાત્મિક અને ધાર્મિક વાતાવરણમાં ઊછરેલા છગનભાનું મુખ્ય જીવનધ્યેય તો હતું આત્મકલ્યાણ અને ધર્માચરણનું. એ હેતુ માટે એ સંન્યસ્તગ્રહણ કરવા કાશી મુકામે સ્વામી કેશવાનંદજી પાસે ગયેલા, પણ સ્વામીજીએ અજ્ઞાન અને કુરૂઢિઓમાં જકડાયેલા સમાજને કેળવણી દ્વારા અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢીને એનો ઉદ્ધાર કરવા સલાહ આપી. ૫૬ વર્ષની જઈફ વયે પહોંચેલા છગનભાએ સ્વામીજીની સલાહ શિરોધાર્ય કરી કેળવણીનું કાર્ય ઉપાડી લીધું. આ યજ્ઞકાર્યમાં છગનભાએ શા શા સંઘર્ષ કરવા પડ્યા તેનું ઝીણવટભર્યું ચિત્ર 'પ્રજ્ઞાદીપ છગનભા' (૧૯૮૯) પુસ્તકમાં આલેખાયું છે. પુસ્તકના લેખક આ લખનાર છે અને તેનું પ્રકાશન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા થયું છે.

છગનભા વ્યાખ્યાનમાળા

પ્રત્યેક વર્ષે સંસ્થાના સ્થાપનાદિવસે છગનભાની સ્મૃતિમાં કોઈ ચિંતક, કેળવણીકાર, વિદ્વાન, સાહિત્યકાર કે સમાજસેવક દ્વારા છગનભાના જીવનના આદર્શ અને કાર્યને અનુલક્ષીને પ્રવચન આપવામાં આવે એ હેતુથી સંસ્થા દ્વારા 'છગનભા વ્યાખ્યાનમાળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના ખૂબ સફળ થઈ છે. આ કાર્ય માટે અધિકારી વક્તાઓ સંસ્થાનું આમંત્રણ પ્રેમથી સ્વીકારે છે અને જનસમાજ એનો સમુચિત લાભ લે છે.

છગનભાની પુણ્યતિથિ નિમિત્તે પ્રત્યેક વર્ષે મંડળ સંચાલિત સર્વ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બાળકોનો યુવક મહોત્સવ/રમતોત્સવ યોજવામાં આવે છે. આ ઉત્સવોમાં જે-તે વિભાગમાં પ્રથમ આવનાર શાળાને કાયમી ધોરણે વિજયપદ્મશિલ્ડ આપવામાં આવે છે. જ્યારે પ્રત્યેક રમત/પ્રવૃત્તિમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને તથા વ્યાયામવીર અને વ્યાયામબાળા બનનારને પણ પ્રેરક ટ્રૉફીઓ આપવામાં આવે છે.

~ ૨૫ ~

કડવા પાટીદાર પરિષદનું ૧૭મું અધિવેશન; છગનભાની અર્ધપ્રતિમાનું અનાવરણ; ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું પાંચમું સ્નેહ-સંમેલન

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ સામાજિક ઉત્કર્ષના હેતુને વરેલું હોઈ કડવા પાટીદાર પરિષદની પ્રવૃત્તિઓ સાથે સમાન હેતુઓના કારણે સક્રિય રસ લેતું હતું. છેલ્લાં કેટલાંક અધિવેશનોને વ્યવસ્થાની દૃષ્ટિએ સફળ બનાવવામાં ક. પા. કે. ઉ. મંડળ અગ્રેસર હતું. ડરણ અધિવેશન એનું જ્વલંત ઉદાહરણ ગણી શકાય. કડવા પાટીદાર પરિષદનું સત્તરમું અધિવેશન શ્રી મણિલાલ હરજીવનદાસના પ્રમુખપદે સંસ્થાના પ્રાંગણમાં ઈ. સ. ૧૯૫૧ના એપ્રિલ માસની ૨૯ અને ૩૦ તારીખોએ યોજાયું. પરિષદમાં સહભાગી થવા દૂર દૂરથી મહાનુભાવો પધાર્યા હતા. બે દિવસ ચર્ચાઓ, વિચારણાઓ અને ઠરાવો નિમિત્તે ભરચક પ્રવૃત્તિમય રહ્યા.

આવા મોટા માનવસમુદાયની હાજરી હોય અને જ્ઞાતિના મૂર્ધન્ય નેતાઓની હાજરી હોય એવો સુયોગ જોઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ—એ બંને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦મી એપ્રિલના રોજ સવારના સમયે પૂજ્ય છગનભાની અર્ધપ્રતિમાના અનાવરણવિધિનો ઉત્સવ પણ યોજવામાં આવ્યો હતો. પ્રભાત પછીના પવિત્ર માહોલમાં સંસ્થાની આદ્ય ઇમારત (વિદ્યાર્થી આશ્રમ)ની સામે સ્થાપવામાં આવેલી પૂજ્ય છગનભાની અર્ધપ્રતિમાનું અનાવરણ પૂજ્ય સ્વામીશ્રી પ્રજ્ઞાન ચૈતન્યપુરીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું. સંસ્થાના ઇતિહાસની એક મહત્ત્વની ઘટનારૂપ આ અનાવરણ પ્રસંગમાં હાજરી આપવા પૂ. સ્વામીશ્રી ધનરાજગિરિજી-પૂર્વાશ્રમના શ્રી ધનશા જેકરણદાસ (ધનશા ભગત) જે પૂર્વાશ્રમનાં વર્ષોમાં છગનભાના નિકટના સાથીદાર રહ્યા હતા, આવ્યા હતા પણ નાદુરસ્ત તબિયતના કારણે અર્ધપ્રતિમાના અનાવરણના બે દિવસ અગાઉ એટલે કે તા. ૨૮ એપ્રિલના રોજ બ્રહ્મલીન થયા. પૂ. છગનભાની પ્રતિમાના અનાવરણ સમયે પૂ. સ્વામી શ્રી ધનરાજગિરિજીની ઉપસ્થિતિ હોત તો એમની હાજરી એક મહત્ત્વનું સંવેદનશીલ સંભારણું બની રહે:, એમ ન થતાં એમનું અવસાન ખુદ એક સંવેદનાનું કારણ બની રહ્યું!

આ બે દિવસો દરમિયાન ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન સાચા અર્થમાં સ્નેહસંમેલન બની રહ્યું. જૂના-નવા વિદ્યાર્થીઓનું આ પાંચમું સ્નેહસંમેલન હતું. એના પ્રમુખ તરીકે શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ (લાડોલ) વરાયા હતા. અને સંમેલનના સ્વાગતપ્રમુખ શ્રી નવીનચંદ્ર સી દેસાઈ (કડી) હતા. સ્નેહસંમેલનનું ઉદ્‌ઘાટન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રામચંદ્રભાઈ જે. અમીને કર્યું હતું અને મંગળાચરણરૂપે ધ્વજવંદન શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલના હસ્તે થયું હતું. આ સ્નેહસંમેલનમાં જૂના અને ચાલુ વિદ્યાર્થીઓની ઘણી મોટી હાજરી હતી. રસપ્રદ ચર્ચાઓ થઈ ખાટાં-મીઠાં સ્મરણો વાગોળાયાં, સ્થાન, મોભો, હોદ્દા, વ્યવસાય ભૂલીને સૌ ભાવાત્મક એકતામાં ઓળઘોળ બનીને અતીતની એક પ્રેમમય દુનિયામાં વિહરી રહ્યા.

પરિષદનું અધિવેશન અને ભૂતપૂર્વ તથા વર્તમાન વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન એ બે ઉત્સવો અને પૂજ્ય છગનભાની અર્ધપ્રતિમાના અનાવરણનો અવસર સંસ્થાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે આલેખી શકાય એવા મંગલમય બની રહ્યા.

~ ૨૬ ~

સર્વ વિદ્યાલય વિવિધલક્ષી શાળા બન્યું

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સમયની ગતિને બરાબર પિછાણીને એની શિક્ષણનીતિ અને તરાહોમાં હંમેશાં જરૂરી ફેરફાર કે ઉમેરણ કરતું રહ્યું છે. એમાં ખાસ કરીને ટેક્નિકલ શિક્ષણ તરફ એનો એક વિશેષપણે રહ્યો છે. એ હેતુથી એ સમયે સમયે એ દિશામાં પ્રગતિ કરવા માટે પુરુષાર્થ કરતું રહ્યું છે. વર્ષ ૩૧ (ઈ.સ. ૧૯૫૨-૫૩)ના મંત્રીશ્રીઓના વાર્ષિક નિવેદનમાં મંત્રીઓએ રજૂ કરેલી નીચેની હકીકતથી આ વાતને સમર્થન મળી રહેશે:

> આપણી શાળાઓને સમાજને વધુ ઉપયોગી શિક્ષણ આપતી બનાવવાના હેતુથી ચાલુ સમયને અનુકૂળ વિષયોનું શિક્ષણ આપવાની વિચારણા કરવામાં આવી છે. સર્વ વિદ્યાલય-કડીમાં ટેક્નિકલ, ઔદ્યોગિક, ખેતીવાડી, કૉમર્શિયલ વગેરે અંગેનું શિક્ષણ દાખલ કરવાનું ઠરાવવામાં આવ્યું છે. આ માટે આ મંડળના ઠરાવ નં. ૧. તા. ૮-૨-૫૩થી નીચેની એક સમિતિ નીમવામાં આવી છે. આ સમિતિએ ઉપર દર્શાવેલ શિક્ષણ પૈકી કયા કયા વિષયોનું શિક્ષણ દાખલ કરી શકાય એમ છે તેની તપાસ કરીને અંદાજી ખર્ચ સાથેનો હેવાલ રજૂ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

સમિતિ

૧. શ્રી પોપટલાલ ગુ. પટેલ
૨. શ્રી છોટાલાલ મ. પટેલ
૩. શ્રી છગનલાલ કા. પટેલ
૪. શ્રી નાથાલાલ ના. દેસાઈ
૫. શ્રી છગનલાલ રા. પટેલ
૬. શ્રી અંબાલાલ એમ. પટેલ
૭. શ્રી ભાઈલાલ જી. પટેલ

સમિતિની રચના પછી સંજોગો અનુકૂળ ન જણાતાં ઝાઝી પ્રગતિ ન થઈ શકી એ હકીકત મંત્રીઓના ૩૨મા વર્ષ (૧૯૫૩-૫૪)ના નીચેના નિવેદન પરથી જાણી શકાય છે:

> આપણી શાળાઓને સમાજને વધુ ઉપયોગી શિક્ષણ આપતી બનાવવાના હેતુથી કડી સર્વ વિદ્યાલયમાં ટેક્નિકલ વિષયોનું શિક્ષણ આપવાની યોજના તૈયાર કરવા સારુ તા. ૮-૨-૫૩ના રોજ એક કમિટી નીમવામાં આવી હતી. તેને માટે મુંબઈ રાજ્યના ડાયરેક્ટર ઑફ ટેક્નિકલ સ્કૂલ્સ પાસેથી માહિતી મંગાવવામાં આવી હતી. આવી શાળા કે શાખાની શરૂ કરવામાં ખાતાના અંદાજ પ્રમાણે મોટી રકમની જરૂર પડે તેમ હોવાથી અને તેટલી મોટી રકમ તાત્કાલિક મેળવી શકાય તેવા સંજોગો નહીં જણાતાં હાલ તુરત તે વિચાર ઢીલમાં પડ્યો છે. એટલે તે સમિતિએ કંઈ પ્રગતિ કરી નથી. તેમ છતાં, સરકારે મહેસાણા જિલ્લામાં એક ટેક્નિકલ સ્કૂલ ખોલવાનો નિર્ણય કર્યો છે તે મંડળના

જાણવામાં આવતાં તેવી સ્કૂલ કડીમાં ખોલવા માટે સરકારને વિનંતી કરવાનો ઠરાવ કરી આ અંગે જરૂરી સહકાર અને બની શકે તેટલી સહાય માટે લાગતાવળગતા અમલદારો તથા મુંબઈ સરકારને લખવામાં આવ્યું છે.

મંડળના નિષ્ઠાભર્યા સતત પ્રયાસ પછી છેક ૧૯૬૦માં પુરુષાર્થ સફળ થયો. મંડળે ૧૯૫૯માં ટેક્નિકલ વિષયોનું શિક્ષણ દાખલ કરવાની મંજૂરી આપવા અને તે માટે મદદ મંજૂર કરવા સરકારમાં અરજી કરી હતી. આ અરજીના આધારે સરકારે તેના G.R.No. SSN 5858 T તા. ૧૮-૨-૬૦થી શાળામાં ટેક્નિકલ અભ્યાસક્રમ દાખલ કરવાની મંજૂરી આપી. અને તે માટે જરૂરી મકાનો, સાધનો વગેરે નૉનરિકરીંગ ખર્ચ માટે ૬૦ ટકા પ્રમાણે એડ્વાન્સ ગ્રાન્ટ તરીકે રૂ. ૧,૦૨,૦૦૦ મંજૂર કર્યા અને તે રકમ સંસ્થાને તા. ૨૭-૩-૬૦ના રોજ મળી પણ ગઈ.

હવે સંસ્થા માટે બાકીની રકમનો પ્રશ્ન ઊભો રહ્યો. અંદાજ પ્રમાણે કુલ ખર્ચ ૨,૬૧,૦૦૦ થવાનું હતું. ખૂટતી રકમની સહાય માટે સંચાલકમંડળે સંસ્થાના કાયમી દાતા શેઠ શ્રી અરવિંદભાઈને મળવાનું ગોઠવ્યું. શેઠ શ્રી તરફથી ઘણો સારો પ્રતિભાવ સાંપડ્યો અને એમણે આ કાર્ય માટે રૂપિયા એક લાખનું દાન સંસ્થાને આપવાનું જાહેર કર્યું.

સંસ્થાના ઉગમકાળથી જ શેઠ શ્રી મફતલાલ ગગલદાસ અને તેમના કુટુંબે સંસ્થાને જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ઉદાર સખાવત કરીને મદદ કરી છે. વળી પ્રતિવર્ષ રૂ ૨૪૦૦ના દાનનો સ્રોત તો અતૂટ વહ્યા કર્યો છે.

શેઠ શ્રી મફતલાલ ગગલદાસના કુટુંબના આ પરંપરિત અનુગ્રહને અનુલક્ષીને વ્યવસ્થાપક મંડળે તા. ૧૭-૪-૬૦ની સભામાં ઠરાવ નં. ૪થી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના નામ સાથે રાજરત્ન શેઠ શ્રી પ્રાણસુખલાલ મફતલાલનું નામ જોડવાનું ઠરાવ્યું. આ ઠરાવને સાધારણ સભાની બહાલી મળી અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ રાજરત્ન શેઠ શ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ બની.

ટેક્નિકલ અભ્યાસક્રમ ધોરણ ૮થી ૧૧ સુધીનો હતો અને એમાં એલિમેન્ટ્સ ઑફ ઇલેક્ટ્રિકલ ઍન્ડ મિકેનિકલ એન્જિનિયરિંગ, મશીન ડ્રૉઇંગ અને વર્કશૉપ ટેક્નૉલૉજી એમ ત્રણ વિષયો શીખવવાની જોગવાઈ હતી. વર્કશૉપ ટેક્નૉલૉજીમાં સુથારી, લુહારી, ટર્નિંગ, ફિટિંગ, અને મોલ્ડિંગનો સમાવેશ થતો હતો.

~ ૨૭ ~

સર્વ વિદ્યાલય અધ્યાપનમંદિર

વડોદરા રાજ્યમાં પ્રાથમિક કેળવણી ફરજિયાત હોવાને લીધે ગામડેગામડે પ્રાથમિક શાળાઓ હતી. રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોને તાલીમ માટે બે સ્થળ હતાં—વડોદરા અને પાટણ. પાટણની પુરુષ અધ્યાપન શાળા બંધ થયા પછી રાજ્યનાં શિક્ષક-શિક્ષિકાઓ તાલીમ માટે વડોદરા જતાં. વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયા પછી સંજોગ અને સ્થિતિ બદલાયાં. વડોદરાનો લગાવ બંધ થયો. મહેસાણા જિલ્લામાં એક પણ અધ્યાપનમંદિર ન હતું. તાલીમાર્થીઓને અમદાવાદ, કઠલાલ, ડબકા, રાજપીપળા સ્થળોએ તાલીમ માટે જવું પડતું. સામાન્ય આર્થિક સ્થિતિનાં શિક્ષક-શિક્ષિકાઓ માટે તાલીમ એક દુરારાધ્ય પ્રવૃત્તિ બની રહેતી. ગામડે ગામડે પ્રાથમિક શાળાઓ એટલે શિક્ષકોની સંખ્યા પણ વધારે હોય આથી, જિલ્લામાં એકાદ તાલીમશાળાની તાતી જરૂરિયાત હતી. પણ આવી સંસ્થા ચલાવવી એ આર્થિક રીતે ભારે બોજારૂપ હોઈ કોઈ સંચાલકમંડળ અધ્યાપનમંદિર શરૂ કરવાનું સાહસ કરતું ન હતું. જિલ્લાના પ્રાથમિક શિક્ષકો, તેમનું મંડળ, તેના હોદ્દેદારો, સ્કૂલ બોર્ડ અને કેળવણી ખાતાના અધિકારી તાલીમી સંસ્થાની સ્થાપના માટે ખાતામાં અને સરકારમાં વારંવાર રજૂઆત કરતા હતા. પણ કશો સાનુકૂળ પ્રતિભાવ સાંપડતો નહોતો.

આથી, ઉપરોક્ત મહાનુભાવોની નજર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ઉપર ઠરી. એમની અવારનવારની વિનંતીને લક્ષમાં લઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે ઈ.સ. ૧૯૫૪ની સાધારણ સભામાં પ્રાથમિક શિક્ષકો માટે તાલીમી સંસ્થા શરૂ કરવા માટે ઘટતી કાર્યવાહી કરવા અંગેનો ઠરાવ કર્યો. અને ઈ.સ. ૧૯૫૫ના જૂનથી 'સર્વ વિદ્યાલય અધ્યાપનમંદિર'નો આરંભ થયો.

તાલીમી સંસ્થાના અભ્યાસક્રમનું મુખ્ય ધ્યેય બુનિયાદી તાલીમ માટે શિક્ષકો તૈયાર કરવાનું હતું એટલે એમાં ઉદ્યોગો અને સમૂહજીવનને મહત્ત્વનું સ્થાન હતું. સંસ્થાએ ઉદ્યોગોમાં મુખ્ય ખેતી અને ગૌણમાં કાંતણ તથા પૂંઠાકામ પસંદ કર્યું. ખાતા તરફથી નક્કી થયેલા અન્ય વિષયોમાં શિક્ષણશાસ્ત્ર, ભાષા, ગણિત, સમાજવિદ્યા, વિજ્ઞાન, હિન્દી, ચિત્રકળા, સંગીત અને વ્યાયામ હતાં.

જિલ્લાની જરૂરિયાતને લક્ષમાં રાખીને અધ્યાપનમંદિરના આરંભે પ્રથમ વર્ષના બે વર્ગ શરૂ કરવામાં આવ્યા. એ બે વર્ગોમાં ૮૮ તાલીમાર્થીઓને પ્રવેશ અપાયો.

અધ્યાપનમંદિરની સાથે બીજી ઘણી જરૂરિયાતો સંકળાયેલી હતી. નિયમાનુસાર દરેક તાલીમાર્થીએ છાત્રાલયમાં રહેવાનું ફરજિયાત હતું એટલે છાત્રાલયનું મકાન, છાત્રાલય માટે અલગ રસોડું, છાત્રાલયના ગૃહપતિ માટે નિવાસ, અધ્યાપનમંદિરના આચાર્ય માટે નિવાસ, અધ્યાપનમંદિરના વર્ગો માટે મકાન, ઉદ્યોગ ખેતી હોવાના કારણે ખેતી માટે જમીન વગેરે વ્યવસ્થાઓ મંડળે ઊભી કરવાની હતી. વળી અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ માટે પ્રૅક્ટિસિંગ સ્કૂલ પણ ઊભી કરવાની જરૂરિયાત ખરી.

કામચલાઉ ધોરણે સંચાલક મંડળે, ધોરણ પથી ૮ ના વિદ્યાર્થીઓ રહેતા હતા એ છાત્રાલય — કિશોરકુંજને અધ્યાપનમંદિરના વર્ગો અને તાલીમાર્થીઓને રહેવા માટે છાત્રાલય તરીકે ફાળવ્યું. મુદ્રણાલય અને વિદ્યાર્થી આશ્રમના રસોડાને સંલગ્ન કેટલાક રૂમ અને વિશાળ શેડમાં અધ્યાપનમંદિરના છાત્રાલયના રસોડાની વ્યવસ્થા ગોઠવી. તાલીમાર્થીઓના પ્રેક્ટિસિંગ પાઠો માટે સરકારી પ્રાથમિક શાળાના કેટલાક વર્ગોને સંસ્થાના મકાનમાં બેસવા માટેની સગવડ આપી. ખેતીઉદ્યોગ માટે સંસ્થાના વિશાળ કેમ્પસમાં જમીન હતી તેમાંથી એક એકર અને છ ગૂંઠા શરૂઆત માટે આપી. આમ અધ્યાપનમંદિરના કોઈ કાર્યમાં કશી ઊણપ ન રહે એની કાળજી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળે રાખી.

આમ, સર્વ પ્રકારની જરૂરિયાતો સંતોષાય એ રીતે તા. ૨૦-૬-૧૯૫૫ના રોજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી રામચંદ્ર અમીનના શુભ હસ્તે સર્વ વિદ્યાલય અધ્યાપનમંદિરનું ઉદ્‌ઘાટન થયું.

અધ્યાપનમંદિરનો આરંભ તો દબદબાપૂર્વક થયો. પણ એક હકીકત સમાજના સભ્યોના ઉત્સાહને થોડો મોળો પાડતી હતી. અધ્યાપનમંદિર સ્થાપવાનો નિર્ણય થયો ત્યારે સામાન્ય ખ્યાલ એવો હતો કે મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે અધ્યાપનમંદિરની સગવડ ઊભી થઈ રહી છે. પણ વાસ્તવિક ચિત્ર થોડું જુદું હતું. તાલીમાર્થીઓના પ્રવેશનો મોટા ભાગનો દોર સરકારી તંત્રના હાથમાં હતો અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળને હસ્તક પ્રવેશ આપવાની સત્તા મર્યાદિત હતી. પ્રથમ વર્ષના પ્રવેશના આંકડાઓ પરથી આ હકીકત સ્પષ્ટ થશે. પ્રથમ વર્ષમાં જે ૮૮ તાલીમાર્થીઓને પ્રવેશ અપાયો એમાં સરકાર તરફથી ૬૨ તાલીમાર્થીઓને પ્રવેશ અપાયો અને સંચાલકમંડળ તરફથી માત્ર ૨૬ જગ્યાઓ ભરી શકાઈ. વળી, સરકાર તરફથી જે પ્રવેશ અપાયો એમાં ૩૨ તાલીમાર્થીઓ બનાસકાંઠાના એટલે કે, જિલ્લાબહારના હતા.

સંસ્થાએ બીજે વર્ષે આર્થિક જવાબદારીઓને લક્ષમાં રાખીને અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષના વર્ગની સંખ્યા એક રાખી. આ નવા વર્ગની ભરતીમાં સરકાર તરફથી ૨૬ અને સંસ્થા તરફથી ૧૧ તાલીમાર્થીઓને પ્રવેશ અપાયો. જે પૈકી ૩૫ મહેસાણા જિલ્લાના, ૧ બનાસકાંઠા જિલ્લાના અને ૧ અમદાવાદ જિલ્લાના હતા.

અધ્યાપનમંદિર ચલાવવાનો ખર્ચ ઉત્તરોત્તર વધતો જતો હતો. ખર્ચના પ્રમાણમાં સરકારી ગ્રાન્ટ નહીંવત્ હતી જે નીચેના ગ્રાન્ટના વર્ષવાર આંકડા પરથી જોઈ શકાશે.

૧૯૫૫-૫૬	રૂ.	૨,૦૦૦
૧૯૫૬-૫૭	રૂ.	૬,૧૦૫
૧૯૫૭-૫૮	રૂ.	૮,૮૬૨
૧૯૫૮-૫૯	રૂ.	૧૨,૫૧૬
	કુલ	**૧૮૪૮૨**

ખેતીઉદ્યોગ હતો. પણ એની ઊપજ હાસ્યાસ્પદ હતી. આ રહ્યા એના પણ વર્ષવાર આંકડા:

૧૯૫૫-૫૬	રૂ.	૪૪૬-૫૦
૧૯૫૬-૫૭	રૂ.	૧,૦૧૩-૦૬
૧૯૫૭-૫૮	રૂ.	૨૦૯-૩૬
૧૯૫૮-૫૯	રૂ.	૨૬૩-૮૨
	કુલ	**૧,૯૩૨-૭૪**

ઉપર જણાવ્યું તેમ અધ્યાપનમંદિર ચલાવવાની પ્રવૃત્તિ બહુ ઉત્સાહપ્રેરક ન હતી. વળી કાયમી વ્યવસ્થાઓ માટે જંગી ખર્ચ વેઠીને અસ્કયામતો ઊભી કરવી પડે એમ હતી. વળી, વધતી જતી મોંઘવારીના કારણે નિભાવખર્ચ વધવાની શક્યતાઓ હતી તેથી પ્રતિવર્ષ સંસ્થાએ વેઠવી પડતી ખોટમાં ઉમેરો થયા કરવાનો હતો. આ બધા સંજોગોને લક્ષમાં લઈને સંસ્થાએ નછૂટકે અધ્યાપનમંદિર બંધ કરવાનો નિર્ણય લેવો પડ્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીઓએ એમના ઈ.સ. ૧૯૫૮-૫૯ના વાર્ષિક અહેવાલમાં આ સંદર્ભે નીચે પ્રમાણેની નોંધ કરી હતી:

> હવે આ વર્ષના અંતથી (જૂનની ૭મીથી) અધ્યાપનમંદિર બંધ થશે. અધ્યાપનમંદિરની સ્થાપના ૧૯૫૫માં થઈ હતી અને ૧૯૫૯માં બંધ થાય છે તે દરમિયાન ૧૪૩ તાલીમાર્થીઓ આ અધ્યાપન મંદિરમાંથી ઉત્તીર્ણ થઈને ગયા છે. ચાર વર્ષ દરમિયાન મંડળે અધ્યાપનમંદિર અને તેના છાત્રાલય અંગે રૂ. ૨૫,૧૧૫=૦૦ની ખોટ સહન કરી છે. અધ્યાપનમંદિરના ઓછામાં ઓછા ચાર વર્ગો કર્યા સિવાય આ ખોટ આવવાનું ચાલુ રહે એમ હતું. ચાર વર્ગો કરવામાં તેના છાત્રાલય, પ્રેક્ટિસિંગ સ્કૂલ વગેરે માટે મોટા ખર્ચે મકાનો ઊભાં કરવાં પડે તેમ હતું. ખોટનાં અને નવીન મકાનો, સાધનો વગેરે માટે જરૂરી નાણાંની સગવડ મંડળ કરી શકે તેમ નહીં હોવાથી અને સરકાર તરફથી આ દિશામાં આર્થિક સહાય મળે તેમ નહીં હોવાથી મંડળને ભારે હૃદયે આ નિર્ણય લેવો પડ્યો છે.

~ ૨૮ ~

ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું છઠ્ઠું સ્નેહસંમેલન

તા. ૨૮-૨-૧૯૬૦ના રોજ એલેમ્બિક અને જ્યોતિ લિ., વડોદરાના માલિક શ્રી નાનુભાઈ બી. અમીનના પ્રમુખપદે અને શેઠ શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસના વરદ હસ્તે સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ઑડિટોરિયમ (હાલનું ડૉ. રામભાઈ પટેલ સંસ્કાર ભવન)ના ઉદ્‌ઘાટનનો સમારંભ યોજવામાં આવ્યો હતો. તેની સાથે સાથે વિદ્યાર્થી આશ્રમના ભૂતપૂર્વ અને ચાલુ વિદ્યાર્થીઓનું છઠ્ઠું સ્નેહસંમેલન પણ યોજવામાં આવ્યું હતું. આ સંમેલનના પ્રમુખપદે જાણીતા સાહિત્યકાર શ્રી પીતાંબર પટેલ હતા અને મંગળ પ્રવચન જાણીતા કવિ અને મ. સ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના રીડર ડૉ. રણજિતભાઈ પટેલ (અનામી)નું હતું. આ સંમેલનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરી મોટી સંખ્યામાં હતી. સંમેલનમાં નીચેના ત્રણ ઠરાવો પસાર થયા હતા:

૧. આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંસ્થા સાથેનો અને વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચેનો પરસ્પર સંબંધ ચાલુ રહે અને સંસ્થાના વિદ્યાર્થીઓ તરફથી આર્થિક મદદનું નાનકડું ઝરણું પણ સંસ્થા તરફ હરહંમેશ વહ્યા કરે એ હેતુથી શરૂ કરવામાં આવેલી રૂ. ૧૧૧.૦૦ વાળી વિદ્યાર્થી મકાનયોજનાને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આ છઠ્ઠું સંમેલન વધાવી લે છે. અને તેમાં સર્વ ભાઈઓને રૂ. ૧૧૧.૦૦ આપી પોતાનું નામ જેમ બને તેમ જલદી નોંધાવી દેવા આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

વળી, આ સંસ્થા દશ વર્ષ પછી એટલે સને ૧૯૭૦માં પોતાની સુવર્ણજયંતી ઊજવશે તે પ્રસંગે આ યોજનામાં એક હજાર નામ નોંધીને એક લાખ રૂપિયા સંસ્થાને ચરણે ધરવાનું ઠરાવે છે.

૨. દેશમાં તેમ જ પરદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતા આર્થિક મદદની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને લોનની મદદ કરવા માટે શ્રી વિદ્યાર્થીસહાયક સહકારી મંડળ લિ. કડીની સ્થાપના આ સંસ્થામાં કરવામાં આવી છે, તે મંડળના કાર્યને આગળ ધપાવવા માટે સહકાર આપવાની અને તેના શૅર ભરવા માટે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તથા સમાજને આ સંમેલન આગ્રહપૂવક ભલામણ કરે છે.

૩. આ સંસ્થા સાથે તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કાયમ રહે અને તેમનો સંસ્થાની પ્રવૃત્તિઓ અને વિકાસમાં સક્રિય સહકાર મળતો રહે તેવી પ્રવૃત્તિઓ સંસ્થાના વ્ય. મંડળના સહકારમાં રહી કરવા માટે, જીવનનાં વિવિધ ક્ષેત્રોમાંના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી ૨૫ સભાસદોની નીચે પ્રમાણેની એક સમિતિ નીમવામાં આવે છે. આ સમિતિએ

   ૧. વિદ્યાર્થીઓને અભ્યાસ સંબંધી તથા ધંધાકીય માર્ગદર્શન આપવું.

   ૨. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન વધુમાં વધુ દર ત્રણ વર્ષની મુદત દરમિયાન એક વખત યોજવાની તજવીજ કરવી.

૩. આ સમિતિએ દર વર્ષે ઓછામાં ઓછું એક વખત સંસ્થામાં મળવું.

૪. આ સમિતિ બીજું સ્નેહસંમેલન મળે ત્યાં સુધી અમલમાં રહેશે.

પ્રમુખ

શ્રી કેશવલાલ વી. પટેલ

મંત્રીઓ

શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ

શ્રી નટવરલાલ મ. પટેલ

શ્રી અંબાલાલ શિ. પટેલ

સભાસદ

ડૉ. અનામી

શ્રી પીતાંબરભાઈ ન. પટેલ

શ્રી નરસિંહભાઈ કે. પટેલ

શ્રી રામભાઈ ના. પટેલ

શ્રી ગોરધનભાઈ બે. પટેલ

શ્રી હૃષીકેશ એમ. ઠાકર

શ્રી ચીમનલાલ ધ. પટેલ

શ્રી છગનભાઈ રા. પટેલ

શ્રી ધનાભાઈ હ. પટેલ

શ્રી અશ્વિનભાઈ ડી. પટેલ

શ્રી ખોડાભાઈ શિ. પટેલ

શ્રી માણેકલાલ એમ. પટેલ

શ્રી હસમુખભાઈ મા. પટેલ

શ્રી પ્રહ્લાદભાઈ ઈ. પટેલ

શ્રી પ્રહ્લાદભાઈ કસ્વેકર

શ્રી અમૃતલાલ શિ. પટેલ

શ્રી છનાભાઈ એ. પટેલ

શ્રી ચીમનલાલ પુ. પટેલ

શ્રી વિઠ્ઠલભાઈ એ. મિસ્ત્રી

શ્રી ભીખાભાઈ ગો. પટેલ

શ્રી પોપટલાલ ર. પટેલ

શ્રી પદ્મકાન્ત ર. દેસાઈ

શ્રી હીરાલાલ મ. પટેલ

શ્રી છગનભાઈ કા. પટેલ વકીલ

શ્રી હિંમતભાઈ ડી. પટેલ

~ ૨૯ ~

પૂર્વવ્યવસાયી તાલીમ કેન્દ્ર (પ્રી. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર)

૧૧થી ૧૬ વર્ષનાં બાળકો કે જેમનો અભ્યાસ એક અથવા બીજા કારણે છૂટી ગયો હોય અને એ બાળકો સંભવતઃ કશી પ્રવૃત્તિ વગર રખડતાં થઈ ગયાં હોય અથવા માઠી સોબતની અસર નીચે કુછંદે ચડી ગયાં હોય કે પછી એમને બાળમજૂર તરીકે ક્યાંક જોતરવામાં આવ્યાં હોય એવાં બાળકોનો અભ્યાસ પુનઃ આરંભાય અને એમને ધંધાકીય તાલીમ મળે એ વાત ઉપર ઈ.સ. ૧૯૬૦માં તત્કાલીન વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ ભાર મૂક્યો હતો. આના આધારે એ બાબતને ખાસ વિચારણામાં લઈને સરકારે ત્રીજી પંચવર્ષીય યોજનામાં આવાં બાળકોને એકેડેમિક શિક્ષણ તેમ જ ધંધાકીય (ટેક્નિકલ) તાલીમ મળે એવી એક યોજનાનું આયોજન કર્યું હતું. આ યોજના તે પૂર્વવ્યવસાયી તાલીમ કેન્દ્રોની સ્થાપના. આ યોજનામાં યુનિસેફનો પણ ઘણો મોટો સહકાર મળ્યો.

આ યોજના હેઠળ ભારતભરમાં ૬૫ તાલીમ કેન્દ્રો સ્થપાનાર હતાં જે પૈકી ગુજરાતમાં ચાર કેન્દ્રો ફાળવાયાં હતાં. ઉચિત કાર્યવાહી પછી ગુજરાતનાં ચાર કેન્દ્રોમાંનું એક કડીમાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ માટે મંજૂર કરવામાં આવ્યું.

આ યોજના હેઠળ કેન્દ્ર સરકારે તાલીમ કેન્દ્રના મકાન બાંધકામનો પૂરો ખર્ચ તેમ જ પાંચ વર્ષ માટે કેન્દ્રનું રિકરિંગ ખર્ચ ભોગવવાનાં હતાં. રાજ્ય સરકારે સ્ટાફ પૂરો પાડવાનો હતો અને યુનિસેફે તાલીમ માટેનાં સઘળાં સાધન, બાળકોના અભ્યાસ માટેની સઘળી સામગ્રીનો, કરિયર માસ્ટરની તાલીમનો તેમ જ બાળકોના મધ્યાહ્ન ભોજનનો ખર્ચ ભોગવવાનો હતો. (કેટલાક સમય પછી મધ્યાહ્ન ભોજનની યોજના પડતી મૂકવામાં આવી હતી અને એને બદલે બાળકોને માસિક રૂપિયા દસનું સ્ટાઇપેન્ડ આપવાનું ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું.)

આ તાલીમ કેન્દ્રો ઈ.સ. ૧૯૬૫ના જૂન માસથી શરૂ કરવામાં આવ્યાં. બાળકો માટે ત્રણ વર્ષની તાલીમ હતી. આ ત્રણ વર્ષના કોર્સમાં એકેડેમિક અને ટેક્નિકલ એમ બે પ્રકારનો અભ્યાસક્રમ હતો. એકેડેમિક અભ્યાસક્રમમાં ગુજરાતી, હિન્દી, ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યા એ વિષયો શીખવવાના હતા અને ટેક્નિકલ અભ્યાસક્રમમાં ટર્નિંગ, ફિટિંગ, લુહારી, સુથારી, વેલ્ડિંગ, મોલ્ડિંગ અને શીટ મેટલ વર્ક એમ સાત ટ્રેડ (ઉદ્યોગો) હતા.

યુનિસેફ તરફથી ઇંગ્લેન્ડ, અમેરિકા, જાપાન વગેરે દેશોમાંથી આયાત કરેલાં ઉત્તમ સાધનો કેન્દ્રોને આપવામાં આવ્યાં હતાં.

કેન્દ્રના સ્ટાફમાં યુનિસેફના ખર્ચે સિકન્દરાબાદના નહેરુ ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ પામેલા એક કેરિયર માસ્ટર અને ચાર ઇન્સ્ટ્રક્ટરની ભરતી યુનિસેફ તરફથી કરવામાં આવી હતી. બે શિક્ષક, એક કારકુન, એક વર્કશૉપ ઍટેન્ડન્ટ અને એક પટાવાળાને રાજ્યના કેળવણીખાતા તરફથી ફરજ ઉપર મોકલવામાં આવ્યા હતા. કેન્દ્રમાં ૧૧થી ૧૬ વર્ષની ઉંમરનાં ૩૦ બાળકોને પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આરંભનાં વર્ષોમાં કેન્દ્રનું કામ ઉત્તમ રીતે ચાલવા લાગ્યું. કરિયર માસ્ટર બહુ ઉત્સાહી હતા, શિક્ષકો તાલીમ પામેલા સ્નાતકો હતા, ઇન્સ્ટ્રક્ટરો જરૂરી તાલીમ પામેલા અને નિષ્ઠાવાન હતા. બાળકોને ભણવાનો ઉમંગ હતો.

યુનિસેફ તરફથી સિકન્દરાબાદ, બેંગલોર, કલકત્તા (હાલનું કોલકાતા) વગેરે સ્થળોએ સંસ્થાના વિકાસ અર્થે સેમિનાર પણ યોજાતા હતા.

પણ સમય જતાં ગુજરાત સરકારની ઉદાસીનતા અથવા યોજના સાથે નિસબતનો અભાવ અને શિક્ષણખાતાનું જડસુ વલણ કેન્દ્રના વિકાસ અને કાર્યમાં ભારે બાધક બની રહ્યાં! સરકારી રસમ પ્રમાણે ખાતાએ શિક્ષકો, કારકુન અને કરિયર માસ્ટરની પણ વારંવાર બદલી કરવા માંડી. તાલીમ પામેલા શિક્ષકોને બદલે સૌરાષ્ટ્રમાં નોકરી કરતા નિવૃત્તિના આરે પહોંચવા આવેલા જૂના મૅટ્રિક્યુલેટ શિક્ષકોને મૂક્યા જે પોતાની ફરજમાં અસાધારણપણે બેદરકાર હતા. એક વહીવટી અમલદાર (શાસનાધિકારી)ને આ કેન્દ્રમાં કરિયર માસ્ટર તરીકે મૂકવામાં આવ્યા હતા. આ વ્યક્તિને કરિયર માસ્ટરની ફરજોનું કશું જ્ઞાન ન હતું. વળી એ કાને બહેરા હતા. કારકુનની બદલી થાય એ પછી લાંબા સમય માટે એ જગ્યા ખાલી રહેતી હતી. કેન્દ્રમાં કારકુનની વિવિધ ફરજો હતી. છેલ્લાં ત્રણ વર્ષ તો કેન્દ્ર કારકુન વિના જ રહ્યું.

પૂર્વવ્યવસાયી તાલીમ કેન્દ્રની સ્થાપના પછી પાંચ વર્ષ બાદ સઘળો રિકરિંગ ખર્ચ રાજ્ય સરકારે ઉપાડવાનો હતો. ગુજરાત સરકારને આ ઉત્તમ પ્રોજેક્ટમાં પહેલેથી જ રસ નહોતો. કેટલાંક વર્ષ સરકારે ઉપેક્ષા અને દુર્લક્ષ સાથે એ વેઠ્યો ખરો પણ આખરે ૧૯૭૭માં એણે ઠરાવ કરીને ગુજરાતનાં બધાં કેન્દ્રોને બંધ કર્યાં.

આમ સરકારની જડ અને રેઢિયાળ નીતિને કારણે જેની ઉત્તમ આદર્શો સાથે સ્થાપના થઈ હતી એ કેન્દ્રનો હતાશાપ્રેરક અંત આવ્યો.

~ ૩૦ ~

જુનિયર ટેક્નિકલ સ્કૂલ

દેશમાં બેકારી ઘટે અને સ્વરોજગારીને પ્રોત્સાહન મળે એ હેતુથી ભારત સરકારે જુનિયર ટેક્નિકલ સ્કૂલની મહત્ત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકી. આ યોજના કુશળ કારીગરો તૈયાર કરવા માટેની હતી. આના કારણે ભારતના ઉદ્યોગોને કુશળ-તાલીમ પામેલા કારીગરો મળે, ઉત્પાદનમાં લાભ થાય, ઘણા યુવાનોને રોજગારી મળે અને જો એ સાહસિક યુવાન હોય તો સરકારી લોન મેળવીને પોતે પોતાનો ધંધો શરૂ કરી શકે.

આ યોજના હેઠળ શરૂ કરવામાં આવેલી સ્કૂલમાં ધોરણ ૮ પાસ કરેલું હોય એવો વિદ્યાર્થી દાખલ થઈ શકતો. ૩ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યા પછી આ વિદ્યાર્થીની રાજ્યના ટેક્નિકલ શિક્ષણ ખાતા તરફથી પરીક્ષા લેવાતી અને એમાં ઉત્તીર્ણ થતાં એને ખાતા તરફથી સર્ટિફિકેટ મળતું. આ અભ્યાસક્રમ પૂરો કરનાર વિદ્યાર્થી વધારે અભ્યાસ કરવા ઇચ્છે તો ટેક્નિકલ શિક્ષણના ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકતો.

જુનિયર ટેક્નિકલ સ્કૂલમાં દાખલ થનાર વિદ્યાર્થીને એકેડેમિક વિષયોમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, ભૌતિકશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન, એલ્જિબ્રા, અને જોમેટ્રી, અંકગણિત, ઇતિહાસ, ભૂગોળ તેમ જ નાગરિકશાસ્ત્ર ફરજિયાતપણે ભણવાના હતા. જ્યારે ટેક્નિકલ વિષયોમાં મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, એન્જિનિયરિંગ ડ્રૉઇંગ તેમજ વર્કશૉપ ટેક્નૉલૉજીના વિવિધ ઉદ્યોગો (ટર્નિંગ, ફિટિંગ, સ્મીધી, મોલ્ડિંગ, સુથારી વગેરે) ભણવા પડતા.

પ્રથમ બે વર્ષમાં વર્ગના ૫૦ ટકા વિદ્યાર્થીઓને માસિક રૂપિયા ૨૦ અને ત્રીજા વર્ષમાં ૫૦ ટકા વિદ્યાર્થીઓને માસિક રૂપિયા ૪૦ સ્ટાઇપેન્ડ તરીકે ચૂકવવાની જોગવાઈ હતી. દરેક વર્ગની સંખ્યામર્યાદા ૬૦ની રાખવામાં આવી હતી.

આરંભમાં પ્રત્યકે જુનિયર ટેક્નિકલ સ્કૂલ માટેનો મકાન, સાધન, યંત્રસામગ્રી માટે અંદાજ રૂપિયા ૮ લાખનો હતો. જે પૈકી ૪ લાખ કેન્દ્ર સરકાર તરફથી અને ૨ લાખ રાજ્ય સરકાર તરફથી મળવાની જોગવાઈ હતી. જ્યારે ૨ લાખ રૂપિયા સંસ્થાએ જોડવાના હતા. પાછળથી આ અંદાજ સુધારીને કુલ ૧૧ લાખનો કરવામાં આવ્યો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આ યોજનાનો લાભ લેવા વ્યવસ્થાપકમંડળની તા. ૨-૧૧-૬૩ની સભામાં ઠરાવ કર્યો. એ માટેની કાર્યવાહી શરૂ કરી. અને ભારત સરકારના F.૪-૬ / ૬૫ T ૪ તા. ૨૯-૧૨-૬૫ના પત્રથી ૧૯૬૬ના જૂનથી જુનિયર ટેક્નિકલ સ્કૂલ શરૂ કરવાની મંજૂરી મળી. જેના આધારે જૂન, ૧૯૬૬થી સંસ્થામાં જુનિયર ટેક્નિકલ સ્કૂલ શરૂ કરી. સ્કૂલ શરૂ થાય એ અગાઉ ભારત સરકાર તરફથી એમના પત્ર નં. F.૪-૬/૬૫ T તા. ૨૦-૧-૬૬થી

નીચે પ્રમાણે ગ્રાન્ટ મંજૂર થઈ:

સ્કૂલનું મુખ્ય મકાન ૧૫,૪૦૦ ચો.ફૂટ દર રૂ. ૧૬ પ્રમાણે	રૂ. ૨,૪૬,૪૦૦
વર્કશૉપ ૧૨,૫૦૦ ચો.ફૂટ દર રૂ. ૧૨ પ્રમાણે	રૂ. ૧,૫૦,૦૦૦
સાધનો, યંત્રો, ફર્નિચર વગેરે	૪,૫૮,૦૦૦
છાત્રાલયોમાં ૧૦૦ વિદ્યાર્થીઓ: ફર્નિચર માટે	૨,૨૫,૦૦૦
	કુલ ૧૦,૭૯,૪૦૦

સંસ્થા પોતાનો હિસ્સો ભરી શકે એ માટે શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ તરફથી રૂપિયા બે લાખનું દાન જાહેર કરવામાં આવ્યું હતું. જેની રકમ સંસ્થાને બે હપ્તામાં સમયસર મળી ગઈ હતી.

યોજના મહત્ત્વાકાંક્ષી હતી. આરંભમાં સંખ્યા પણ સારા પ્રમાણમાં રહેતી હતી. કામ સારી રીતે અને ઉત્સાહપૂર્વક યોજના પ્રમાણે ચાલતું હતું. આ સ્કૂલમાં ભણેલા વિદ્યાર્થીઓ, કુશળ કારીગર તૈયાર કરવાની યોજના હેઠળ ભણેલા હોઈ એમને ટૅક્નિકલ શિક્ષણખાતા તરફથી સર્ટિફિકેટ મળતું હતું. અને એ વિદ્યાર્થીઓ ડિપ્લોમા કોર્સમાં સીધા બીજા વર્ષમાં દાખલ થઈ શકતા હતા. પણ આ વિદ્યાર્થીઓ કૉલેજમાં દાખલ થઈને ડિગ્રી કોર્સમાં દાખલ થઈ શકતા ન હતા. આના કારણે જુનિયર ટૅક્નિકલ સ્કૂલના અભ્યાસ માટે દિવસે દિવસે વાલીઓમાં ઉદાસીનતા વધવા લાગી. અને જુનિયર ટૅક્નિકલ સ્કૂલમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા લાગી.

વળી સર્વ વિદ્યાલય વિવિધલક્ષી શાળા હતી. એના ટૅક્નિકલ વિભાગમાં આ જ વિષયો અને ઉદ્યોગો શીખવવામાં આવતા હતા. એના વિદ્યાર્થીઓ ટૅક્નિકલ વિષયો સાથે એસ.એચ.સી. પાસ કરીને કૉલેજની મનગમતી ફૅકલ્ટીમાં દાખલ થઈ શકતા હતા. વળી ટૅક્નિકલ વિષયોના કારણે એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં ગુણાંકમાં ઇજાફો પણ મળતો હતો. આ સ્થિતિના કારણે પણ જુનિયર ટૅક્નિકલ સ્કૂલનું આકર્ષણ ઘટવા લાગ્યું હતું.

આકર્ષણ ભલે ઘટ્યું હોય પણ સ્કૂલ ચાલતી જ હતી. આની સર્વ વિદ્યાલયના ટૅક્નિકલ વિભાગની સંખ્યા પર પણ અસર તો પડતી જ હતી. ડિગ્રી અભ્યાસક્રમમાં જવાનો જેમને મોહ ન હોય એ જુનિયર ટૅક્નિકલ સ્કૂલમાં દાખલ થતા જ હતા. સરવાળે બંને સંસ્થાઓને સંખ્યાની બાબતમાં સહન કરવાનું થતું જ હતું. સ્ટાફ અને ભારે રિકરિંગ ખર્ચના કારણે બંને સંસ્થાઓને સારી એવી ખોટ સહન કરવાની થતી હતી.

આથી સંસ્થાએ (સર્વ વિદ્યાલય કેળવણી મંડળે) જુનિયર ટૅક્નિકલ સ્કૂલ અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ટૅક્નિકલ વિભાગને એકમેક સાથે ભેળવી દઈને એક અલગ ટૅક્નિકલ સ્કૂલ ઊભી કરવાનો નિર્ણય લીધો.

આ માટે સરકારમાં જરૂરી રજૂઆત કરીને ઉપરોક્ત બંને એકમો (જુનિયર ટૅક્નિકલ સ્કૂલ અને સર્વ વિદ્યાલયનો ટૅક્નિકલ વિભાગ)નું સંયોજન કરવા અંગેની મંજૂરી મેળવી લીધી.

આ રીતે જુનિયર ટૅક્નિકલ સ્કૂલ બંધ થઈ અને ૩૦ જૂન ૧૯૭૦થી ટૅક્નિકલ હાઈસ્કૂલ અસ્તિત્વમાં આવી.

~ ૩૧ ~

ટેક્‌નિકલ હાઈસ્કૂલ ડી. એ. પટેલ ટેક્‌નિકલ હાઈસ્કૂલ

જુનિયર ટેક્‌નિકલ સ્કૂલ અને સર્વ વિદ્યાલયના ટેક્‌નિકલ વિભાગને સંમિલિત કરીને ઈ.સ. ૧૯૭૦ના જૂનથી ટેક્‌નિકલ હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી એ હકીકત અગાઉના પ્રકરણમાં જણાવવામાં આવી છે.

ભરપૂર સાધનસંપન્ન તેમ જ એક કરતાં વધારે અને વિશાળ વર્કશૉપવાળી ટેક્‌નિકલ હાઈસ્કૂલ ગુજરાતભરમાં આ એક જ હતી.

ટેક્‌નિકલ હાઈસ્કૂલ સરકારની મંજૂરીથી શરૂ થઈ હોઈ સરકારી ગ્રાન્ટ ઇન એઇડ કૉડ પ્રમાણે ૧૦૦ ટકા ગ્રાન્ટ મેળવતી થઈ અને એને પ્રતિવર્ષ વેઠવી પડતી ખોટમાંથી મુક્તિ મળી.

ટેક્‌નિકલ હાઈસ્કૂલમાં આરંભે ધોરણ ૮થી ૧૧નો એક એક વર્ગ શરૂ કરવામાં આવ્યો. અને અભ્યાસક્રમમાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ટેક્‌નિકલ વિભાગમાં જે વિષયો શીખવવામાં આવતા હતા તે રહ્યા.

આ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ ૧૧ને અંતે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી એસ.એસ.સી. પરીક્ષામાં બેસવાને લાયક બન્યા. અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને કૉલેજની કોઈ પણ ફૅકલ્ટીમાં પ્રવેશ મેળવવા માટે હકદાર બન્યા. ટેક્‌નિકલ ડિપ્લોમા કોર્સમાં દાખલ થવા ઇચ્છતા આ વિદ્યાર્થીઓને સીધો બીજા વર્ષમાં પ્રવેશ મળતો થયો. અને એન્જિનિયરિંગ કૉલેજમાં ડિગ્રી કોર્સમાં દાખલ થનારને નિશ્ચિત વધારાના ગુણનો પ્રવેશ માટે લાભ મળવા લાગ્યો.

શાળાના આરંભનાં વર્ષોમાં સંખ્યા બાબતે મુશ્કેલી હતી પણ ધીરે ધીરે ટેક્‌નિકલ અભ્યાસક્રમ તરફનું આકર્ષણ વધતાં ઈ.સ. ૧૯૭૫-૭૬ના વર્ષથી બધાં ધોરણોમાં ક્રમશઃ એક એક વર્ગ વધારવામાં આવ્યો.

પણ પછીના વર્ષથી એટલે કે, ૧૯૭૬થી શિક્ષણસંસ્થાઓમાં ૧૦+૨ તરેહનો અમલ થતાં ધોરણ ૧૧નો વર્ગ બંધ થયો. શાળા ૮થી ૧૦ ધોરણની બનીને રહી. અલબત્ત, આ ધોરણોમાં બબ્બે વર્ગ ચાલુ રહ્યા અને પછીનાં વર્ષોમાં જરૂર પડતાં વર્ગો વધારવામાં પણ આવ્યા.

જૂન, ૮૨થી ટેક્‌નિકલ હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિકની તરેહનું વ્યવસાયલક્ષી પ્રવાહ (તાંત્રિક જૂથ)નું ધોરણ ૧૧ શરૂ કરવાનો નિર્ણય લેવાયો. એ વર્ષથી ધોરણ ૧૧ શરૂ થયું અને ટેક્‌નિકલ હાઈસ્કૂલ ઉચ્ચતર માધ્યમિક શાળા બની. ઉચ્ચતર અભ્યાસક્રમમાં અંગ્રેજી, પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર, ગણિત અને ટેક્‌નિકલ ત્રણ વિષયો–મિકેનિકલ ટેક્નૉલૉજી એન્જિનિયરિંગ ડ્રૉઇંગ અને ઇલેક્ટ્રિકલ મિકેનિકલ ટેક્નૉલૉજી વિષયો શીખવવામાં આવતા હતા. ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરનારને ડિપ્લોમા એન્જિનિયરિંગ સિવિલ, મિકેનિકલ કે ઇલેક્ટ્રિકલ અભ્યાસક્રમમાં ત્રીજા સેમેસ્ટરમાં સીધો પ્રવેશ મળતો હતો.

ઈ.સ. ૧૯૯૫-૯૬ થી ટેક્‌નિકલ હાઈસ્કૂલમાં ઉચ્ચતર માધ્યમિકમાં વ્યવસાયલક્ષી (તાંત્રિક) પ્રવાહના વર્ગો બંધ થતાં ટેક્‌નિકલ હાઈસ્કૂલ ફરીથી એક વાર ધો ૮થી ૧૦ ધોરણની હાઈસ્કૂલ બની રહી.

અહીં ટેક્નિકલ વિષયો સાથે એસ.એસ.સી. પાસ થનાર વિદ્યાર્થીને પછીના અભ્યાસક્રમોમાં મળતા વિશેષ લાભની નોંધ કરવી ઉચિત ગણાશે.

૧. ટેક્નિકલ વિષયો સાથે એસ.એસ.સી.પાસ થનારને ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ માટે ૩૦ ગુણના ઉમેરણનો લાભ મળે છે.

૨. આવો વિદ્યાર્થી ગમે તે શાળામાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ સાથે પાસ થઈને ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માગતો હોય તો તે વિદ્યાર્થીએ પ્રવેશ માટે મેળવેલા ગુણ (ગણિત અને વિજ્ઞાનના ગુણ)માં ૨૫ ગુણના ઉમેરણનો લાભ મળે છે.

૩. ટેક્નિકલ વિષયો સાથે એસ.એસ.સી પાસ થઈ ડિપ્લોમામાં પ્રવેશ મેળવનારને નવી પદ્ધતિ મલ્ટી પૉઇન્ટ એન્ટ્રી સિસ્ટમ પ્રમાણે ટેક્નિકલના વિષયોના ક્રેડિટ ગુણ મળે છે.

અહીં એ પણ નોંધવું ઉચિત લેખાશે કે ઉપરોક્ત લાભોના કારણે તેજસ્વી (અને અન્ય પણ) વિદ્યાર્થીઓ ટેક્નિકલ હાઈસ્કૂલમાં પ્રવેશ માટે આકર્ષાય છે. ઈ.સ. ૧૯૯૪-૯૫ના શૈક્ષણિક વર્ષમાં ટેક્નિકલ હાઈસ્કૂલમાં ધોરણ ૮થી ૧૦ના ૧૪ વર્ગોમાં કુલ ૮૦૨ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓની સંખ્યા હતી. અને ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં કુલ સંખ્યા ૯૪૭ હતી. ઈ.સ. ૧૯૭૦માં ટેક્નિકલ હાઈસ્કૂલ શરૂ થઈ ત્યારે અને પછીનાં કેટલાંક વર્ષ સુધી ધો. ૮થી ૧૧ની કુલ સંખ્યા ૧૫૦નો આંક વટાવી શકી નહોતી.

ઈ.સ. ૧૯૯૬-૯૭માં શ્રી અંબાલાલ સોમનાથ વનમાળીદાસ પટેલ (વામજ) તરફથી ટેક્નિકલ હાઈસ્કૂલ માટે શાળાને દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ નામ આપવાની શરતે રૂપિયા ૭,૫૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું. એ જ વર્ષે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજૂરી મેળવી લઈને શાળાનું નામ દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ રાખવામાં આવ્યું જે વ્યવહારમાં ડી.એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ તરીકે ઓળખાય છે.

~ ૩૨ ~

ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ—એસ. કે. પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર

ઈ.સ. ૧૯૭૦થી ટેક્નિકલ હાઈસ્કૂલને સંલગ્ન અને ટેક્નિકલ હાઈસ્કૂલના સંચાલન હેઠળ ગુજરાત સરકારની શિક્ષિત બેકારો માટેની યોજના હેઠળ છ માસની મુદતના ફાર્મ મિકેનિક અભ્યાસક્રમ તેમ જ છ માસની મુદતના વાયરમેન ઍપ્રેન્ટિસ કોર્સ શરૂ કરવામાં આવ્યા હતા. પણ ઈ.સ. ૧૯૭૮-૭૯ના વર્ષથી કડી અને તેની આજુબાજુના વિસ્તારના શિક્ષિત બેકારોને વધારે સંખ્યામાં લાભ આપી શકાય અને તેમને વધારે ઉદ્યોગોનો લાભ મળે એ હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ તરીકે એક સ્વતંત્ર એકમનો આરંભ કરી તાલીમક્ષેત્રનો વ્યાપ વધાર્યો અને નીચે પ્રમાણેની યોજનાઓ હેઠળ નીચે પ્રમાણેના વર્ગો શરૂ કર્યા:

મંજૂરી આપનાર એજન્સી	અભ્યાસક્રમનો પ્રકાર	અભ્યાસક્રમની મુદત	અભ્યાસક્રમ માટે મંજૂર જગ્યાઓ	પ્રવેશ લાયકાત
ટેક્નિકલ શિક્ષણ નિયામક	મિકેનિકલ ડ્રાફ્ટસમેન	૨ વર્ષ	૨૨	એસ. એસ. સી.
	ટર્નર	૨ વર્ષ	૧૧	એસ. એસ. સી.
	ફિટર	૨ વર્ષ	૨૨	એસ. એસ. સી.
	વાયરમેન ઍપ્રિન્ટિસ	૬ માસ	૩૫	ધો. ૪ પાસ
	ઇલેક્ટ્રિશિયન	૬ માસ	૧૦	ધો. ૭ અને વાયરમેન અભ્યાસમાં ઉત્તીર્ણ
રોજગાર અને તાલીમ કચેરી ગુજરાત રાજ્ય	ફાર્મ મિકેનિક તાલીમ	૬ માસ	૧૫	ધો. ૮ પાસ
ડી.પી.એ.પી. એજન્સી		સ્ટીલ ફર્નિચર	૬ માસ	૨૫
ટ્રાયસેલ યોજના	વાયરમેન મોટર વાઇન્ડિંગ	૬ માસ	૨૫	
	કૃષિયંત્ર તાલીમ	૬ માસ	૧૫	

ઇ.સ. ૧૯૮૫-૮૬ થી સંસ્થામાં આઈ.ટી.આઈ પેટર્નના નીચેના અભ્યાસક્રમો શરૂ કર્યા.

ક્રમ	અભ્યાસક્રમ	મુદત	પ્રવેશ લાયકાત
૧.	ડ્રાફ્ટ્સમેન સિવિલ	૨ વર્ષ	એસ.એસ.સી. ગણિત વિજ્ઞાન સાથે
૨.	ડ્રાફ્ટ્સમેન મિકેનિકલ	૨ વર્ષ	એસ.એસ.સી. ગણિત વિજ્ઞાન સાથે
૩.	ફિટર	૨ વર્ષ	એસ.એસ.સી
૪	વાયરમેન	૨ વર્ષ	ધોરણ ૫ પાસ

આ અભ્યાસક્રમો માટે સરકાર તરફથી પગારના ૯૦ ટકા, સાધનખર્ચના ૫૦ ટકા તથા કાચા માલના ખર્ચના ૯૦ ટકા પ્રમાણે અથવા વિદ્યાર્થી દીઠ રૂ. ૧૬૫ ગણતાં બેમાંથી જે ઓછું થાય તે પ્રમાણે ગ્રાન્ટનું ધોરણ ઠરાવવામાં આવ્યું હતું.

વિદ્યાર્થી પાસેથી રૂ. ૩૦ લેવાનું સરકારી ધોરણ હતું.

આઈ.ટી.આઈ.પેટર્નના ૧૪ વર્ગ થયા. આ ઉપરાંત ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટના ત્રણ વર્ગો તો ચાલુ હતા જ. આમ વર્ગોમાં તાલીમ લેનારની સંખ્યા અને સ્ટાફની સંખ્યા ઘણી મોટી થઈ હોવાના કારણે વહીવટી સરળતા રહે એ હેતુથી આ વહીવટ ટેક્નિકલ હાઈસ્કૂલથી અલગ કરવામાં આવ્યો અને એના સફળ સંચાલન માટે અલગ સુપરિન્ટેન્ડેન્ટની (ઈ.સ.૧૯૮૫-૮૬ના વર્ષમાં) નિમણૂક કરવામાં આવી. સુપરિન્ટેન્ડેન્ટના વહીવટ નીચે એ વર્ષમાં એમના ઉપરાંત સુપરવાઇઝર, ફોરમેન, ઇન્સ્ટ્રક્ટર (૧૪), વર્કશૉપ ઍટેન્ડન્ટ (૨), સ્ટોર ઍટેન્ડન્ટ, સિનિયર ક્લાર્ક (૩), જુનિયર ક્લાર્ક, પટાવાળા (૩), ચોકીદાર (૨) એમ કુલ મળીને ૨૯નો સ્ટાફ હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણ સંસ્થાઓના સક્રિય કર્ણધારો પૈકી એક સ્વ. સાંકળચંદ કાળિદાસ પટેલ હતા. આવા કર્મયોગી અને શિક્ષણપ્રેમીની સ્મૃતિમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વ્યવસ્થાપકમંડળે એની તા. ૬-૧૨-૮૭ની સભામાં ઠરાવ નં.૨થી આઈ.ટી.આઈ.ના પૅટર્નના અભ્યાસક્રમોનું (મકાનસહિત) નામ શ્રી સાંકળચંદ કાળિદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

આ તાલીમ કેન્દ્રના નવા મકાનનું ખાતમુહૂર્ત તા. ૬-૧-૮૮ના રોજ રાખવામાં આવ્યું. અને મકાન માટે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જનકલ્યાણ ટ્રસ્ટ, વીસનગર તરફથી રૂપિયા પાંચ લાખનું દાન જાહેર કરવામાં આવ્યું એ જ પ્રસંગે શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, શ્રી અમૃતભાઈ બી. પટેલ અને શ્રી ડાહ્યાભાઈ પી. પટેલ તરફથી અનુક્રમે બે લાખ, એક લાખ અને એક લાખનાં દાન જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ તાલીમ કેન્દ્રમાં ઈ.સ. ૧૯૯૨થી પ્લાસ્ટિક ઉદ્યોગને લગતો એક મહત્ત્વનો અભ્યાસક્રમ–પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઑપરેટર (P.P.O.) કરવામાં આવ્યો. આ અભ્યાસક્રમ શ્રી નરસિંહભાઈ કે. પટેલ દ્વારા ક્લોકનર ઍન્ડ વિન્ડસર, ઇન્ડિયા લિ. તરફથી મળેલા રૂપિયા પાંચ લાખના દાનના આધારે થઈ શક્યો. વળી, શ્રી નરસિંહભાઈના પ્રયાસથી સંસ્થાને આઈ.પી.સી.એલ. વડોદરા અને આઈ.પી.આઈ. મુંબઈ દ્વારા ચલાવવામાં આવતી પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઑપરેટર ટ્રેઇનિંગ સ્કીમ (PPOT)નું સભ્યપદ પ્રાપ્ત થયું. પરિણામે સંસ્થાને પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ બનાવવાની લગભગ વીસ લાખ રૂપિયાની મશીનરી—(૧) એસ.ટી. ૧૫ ઇંજેક્શન મોલ્ડિંગ મશીન (૨) બ્લો મોલ્ડિંગ મશીન (૩) કૉમ્પ્રેશન

મોલ્ડિંગ મશીન (૪) એચએમ–૩૦૦ એકસ્ટ્રુઝન પ્લાન્ટ વગેરે માત્ર પાંચ લાખ રૂપિયાના ફાળા સામે મળ્યાં. આ ઉપરાંત ઈ.સ. ૧૯૯૪-૯૫ના વર્ષ સુધી તાલીમ માટેનો ૫૦૦ કિલોગ્રામ જેટલો માલ સંસ્થાને વિના મૂલ્યે મળે એવો પ્રબંધ થયો. સંસ્થામાં ચાલતા પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઑપરેટર ટ્રેડની કાયમી માન્યતા અને જોડાણ માટે ભારત સરકારની પાંચ સભ્યોની એક કમિટી તા. ૧૮-૨-૯૫ના રોજ સંસ્થાની મુલાકાતે આવી હતી અને સંસ્થામાં ઉપલબ્ધ સાધનો અને અન્ય તાલીમી સુવિધાઓ તથા અપાતી તાલીમના સ્તરનું નિરીક્ષણ કર્યું હતું. આ પછી સદર કમિટીની ભલામણના આધારે સંસ્થામાં ચાલતા પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઑપરેટર ટ્રેડને ભારત સરકારની નૅશનલ કાઉન્સિલ ફૉર વૉકેશનલ ટ્રેડઝ, (N.C.V.T.) ન્યૂ દિલ્હી તરફથી કાયમી માન્યતા તેમ જ કાયમી જોડાણ મળી ગયાં.

અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થામાં ઈ.સ. ૧૯૯૪થી ચાલતા ઇલેક્ટ્રિશિયન (૧૬ બેઠકો) અને ડેટા પ્રોસેસિંગ ઍન્ડ કમ્પ્યૂટર સૉફ્ટવેર (૨૦ બેઠકો) અભ્યાસક્રમોને પણ ભારત સરકારની પાંચ સભ્યોની કમિટીએ સંસ્થામાં ચાલતા આ અભ્યાસક્રમોનું નિરીક્ષણ કરીને કરેલી ભલામણના આધારે એન. સી. વી. ટી. (ન્યૂ દિલ્હી) તરફથી માન્યતા અને કાયમી જોડાણ મળેલાં છે.

~ ૩૩ ~

સાયન્સ કૉલેજ—પ્રમુખસ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ

સમાજની જરૂરિયાતને લક્ષમાં રાખીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો હેતુ નજર સમક્ષ રાખ્યો હતો. એન્જિનિયરિંગ કે મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન કૉલેજમાં ઓછામાં ઓછાં બે વર્ષ (અગાઉ ઇન્ટર સાયન્સ અને પછીનાં વર્ષોમાં એફ. વાય. સાયન્સ સુધી)નો અભ્યાસ કરવો જરૂરી હતો. વિજ્ઞાન કૉલેજો મર્યાદિત સંખ્યામાં હોવાના કારણે વિદ્યાર્થીઓને એ કૉલેજોમાં પ્રવેશ મેળવવો દિવસે દિવસે દુષ્કર બનતો જતો હતો. મહેસાણા જિલ્લાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે વીસનગર અથવા અમદાવાદ કે તેથી દૂરના કોઈ શહેરની કૉલેજમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરવો પડતો. આ પ્રયત્નમાં ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જતા અને નિરાશ થવું પડતું. કેળવણીક્ષેત્રની આ સમસ્યા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલકોના ધ્યાનબહાર ન હતી. આથી એમણે તા. ૧૫-૫-૧૯૬૪ની વાર્ષિક સાધારણ સભામાં વિજ્ઞાન કૉલેજ સ્થાપવાનો નિર્ણય લઈને તે અંગેનો ઠરાવ કર્યો.

ફક્ત એક જ ફેકલ્ટી, અને તે પણ સાયન્સ, એ કેવું મોટું સાહસ હતું એ કંઈ મંડળના ધ્યાનબહાર ન હતું. મોટી આર્થિક ખોટ નજર સમક્ષ હતી જ. પણ કડી શહેરમાં એક આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ તો ચાલતી હતી એટલે આર્ટ્સ અથવા કૉમર્સની ફેકલ્ટીની માગણી કરીને શહેરમાં ચાલતી પેલી સંસ્થાને સંખ્યાની દૃષ્ટિએ મુશ્કેલીમાં મૂકવાની સર્વ વિદ્યાલય કેળવણી મંડળની કોઈ ગણતરી નહોતી. વળી, આવા સંજોગોમાં યુનિવર્સિટી તરફથી બીજી ફેકલ્ટીનું ઍફિલિયેશન મળવાનો સંભવ પણ ઓછો હતો. આમ મંડળે વ્યવહારુ માર્ગ અપનાવીને વિજ્ઞાન કૉલેજ સ્થાપવાનો ઠરાવ કર્યો.

મંડળે ઈ.સ. ૧૯૬૪ના વર્ષ દરમિયાન સાયન્સ કૉલેજ અંગેની યુનિવર્સિટીની મંજૂરી અને જોડાણ બાબતની બધી કાર્યવાહી પૂરી કરી લીધી. તેમ જ પ્રિન્સિપાલ અને સ્ટાફની નિમણૂક કરીને ત્રણે પ્રયોગશાળાઓ માટેનાં સાધનો અને ફર્નિચર પણ વસાવી લેવામાં આવ્યાં. અને જૂન, ૧૯૬૫થી કૉલેજ શરૂ કરવા માટેનો પ્રચાર પણ શરૂ થઈ ગયો. કૉલેજનું મકાન તૈયાર થાય ત્યાં સુધી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના મુખ્ય મકાન (સરસ્વતી સદન)ની સામેના મકાનમાં (જ્યાં સર્વ વિદ્યાલયના પ્રાથમિક ધોરણોના વર્ગો બેસતા હતા) કૉલેજના વર્ગો અને પ્રયોગશાળાઓ ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. અને આ સગવડ માટે સર્વ વિદ્યાલયને બે પાળીમાં ચલાવવાનું ઠરાવ્યું.

આરંભમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ તરફથી સાયન્સ કૉલેજ માટે રૂ. ૨૫,૦૦૦નું દાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળને આપવામાં આવ્યું. આરંભના આ તબક્કે બીજાં બે મોટાં દાનની જોગવાઈ થઈ. કડી મ્યુનિસિપાસિટી તરફથી કૉલેજની રસાયણ પ્રયોગશાળા સાથે નામ જોડવાની શરતે રૂપિયા એક લાખનું દાન મળ્યું. આ સાથે કડી મ્યુનિસિપાલિટીના એક સભ્યને સાયન્સ કૉલેજની ગવર્નિંગ બૉડીમાં લેવાનું તેમ જ કડી મ્યુનિસિપાલિટી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા

જગ્યાઓ અનામત રાખવા મંડળે સ્વીકાર્યું. બીજું, તાલુકા પંચાયત તરફથી કૉલેજના છાત્રાલય માટે રૂ. ૫૦,૦૦૦ના દાનનું વચન મળ્યું અને તે માટે પંચાયતે સરકારની મંજૂરી માટે ત્વરિત કાર્યવાહી શરૂ કરી. આ દાનો ઉપરાંત બીજાં ઉત્સાહપ્રેરક દાન પણ મળવા શરૂ થઈ ગયાં હતાં.

તા. ૨૪-૫-૧૯૬૫ના રોજ કૉલેજના ઉદ્‌ઘાટનનો સમારંભ યોજવામાં આવ્યો. સવારથી જ તાલુકાના ગૃહસ્થો કૉલેજના આ ઉદ્‌ઘાટન સમારંભમાં હાજરી આપવા માટે ઉત્સાહપૂર્વક આવવા લાગ્યા. ઉદ્‌ઘાટન કેન્દ્રના રેલવેપ્રધાન શ્રી એસ. કે. પાટીલના હસ્તે થનાર હતું અને સમારંભનું પ્રમુખસ્થાન ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી શ્રી ઇન્દુમતીબહેન ચીમનલાલ શેઠ શોભાવવાનાં હતાં. સમારંભનું સ્થાન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ઑડિટોરિયમમાં હતું. નવ વાગતાં સુધીમાં તો ઑડિટોરિયમ અતિથિઓ અને શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. સંસ્થાના સેવકો અને સ્વયંસેવકો આગંતુકોનું ઉષ્માભર્યું સ્વાગત કરી રહ્યા હતા. સમારંભનો આરંભ થવાના સમયે શ્રી પાટીલ જે પ્લેનમાં આવવાના હતા તે ત્રણ કલાક મોડું હોવાના સમાચાર આવ્યા. આશ્ચર્યની વાત તો એ હતી કે આ ભારે વિલંબના સમાચાર હોવા છતાં હૉલમાંના શ્રોતાગણના ઉત્સાહમાં કશી જ ઓટ ન આવી. ગમે તેટલો વિલંબ સહી લેવાની તૈયારી હોય એમ મેદનીની શિસ્ત અદ્‌ભુત રીતે જળવાઈ રહી. ઉદ્‌ઘાટક અને પ્રમુખના આવ્યા પછી સમારંભ ઠીક ઠીક લાંબો ચાલ્યો પણ શ્રોતાઓમાં શિસ્ત અને ધીરજ એવાં ને એવાં જળવાઈ રહ્યાં. મે મહિનો, ઉનાળાનો સખત તાપ, હૉલની બંધિયાર જગ્યા... સર્વ વિદ્યાલયના ઇતિહાસમાં, સમારંભ એક ઉજ્જ્વળ પ્રકરણ બની રહે એવી ક્ષમતા ધરાવનારો બની રહ્યો હતો.

તા. ૧૫-૬-૬૫ના રોજ કૉલેજ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણની સભા યોજીને મંડળના મંત્રી અને કૉલેજ ગવર્નિંગ બૉડીના ચેરમૅન શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા)ના વરદ હસ્તે દીપ પ્રગટાવીને કૉલેજના કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો.

કૉલેજકાર્ય માટે અગાઉથી સંપૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી હતી એટલે કૉલેજમાં પ્રથમ દિવસથી જ શિક્ષણકાર્યનો આરંભ થઈ શક્યો.

કૉલેજમાં પ્રી. યુનિ. સાયન્સ અને એફ. વાય. બી. એસસી એમ બે વર્ષનો એક એક વર્ગ શરૂ કરવામાં આવ્યો હતો. પ્રી. યુનિ. સાયન્સમાં ૯૩ અને એફ. વાય. બી. એસસી.માં ૨૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

પ્રી. યુનિ સાયન્સ પરીક્ષાનું કેન્દ્ર પહેલા વર્ષથી જ મળી ગયું હતું એ એક નોંધપાત્ર બાબત ગણી શકાય.

કૉલેજ અંગે હૉસ્ટેલ તથા રસોડું પણ કૉલેજની શરૂઆતથી જ શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ૭૭ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

પણ કૉલેજની મજલનો માર્ગ કાંટાળો હતો. કૉલેજના આરંભનાં લગભગ બાર વર્ષ સુધી કૉલેજમાં સંખ્યા જરૂર કરતાં ઓછી રહ્યા કરતી હતી. બારમા વર્ષમાં કૉલેજમાં ૧૮૩ વિદ્યાર્થીઓની સંખ્યા હતી. અત્યાર સુધી એસ. એસ. સી.માં પ્રાથમિક ગણિતશાસ્ત્ર લઈને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પણ દાખલ થતા હતા પણ ૧૯૭૬ પછી ૧૦+૨ની તરાહ શરૂ થતાં પરિસ્થિતિમાં ભારે પલટો આવ્યો. એસ. એસ. સી (ધોરણ ૧૦) પછી હાયર સેકન્ડરી અભ્યાસક્રમનો અલગ પ્રવાહ બન્યો. હાયર સેકન્ડરીમાં જનરલ (સાયન્સ) અને વિજ્ઞાન એમ બે પ્રવાહ હતા. બહુ ઓછી શાળાઓમાં

વિજ્ઞાનપ્રવાહની વ્યવસ્થા હતી. કડી તાલુકામાં ફક્ત બે શાળાઓમાં વિજ્ઞાનપ્રવાહની જોગવાઈ હતી (પાછળથી તો ફક્ત સર્વ વિદ્યાલયમાં જ આ શિક્ષણની વ્યવસ્થા રહી હતી) આ પરિસ્થિતિના કારણે વિજ્ઞાન કૉલેજમાં પ્રવેશ મેળવનારાની સંખ્યા ઉપર એક ભારે ફટકો પડ્યો.

સાયન્સ કૉલેજના ઈ.સ. ૧૯૭૬-૭૭ના વાર્ષિક અહેવાલમાં કૉલેજના આચાર્યશ્રીએ પલટાયેલી પરિસ્થિતિનું આ પ્રમાણે વર્ણન કર્યું હતું:

> આજે આપણે ૧૦+૨+૩ ની નવી તરાહના અમલના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ. જૂન ૧૯૭૭થી કૉલેજોમાં પ્રી. યુનિ.નું વર્ષ બંધ થશે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૨મું ધોરણ શરૂ થશે પરિણામે આપણી કૉલેજમાં પ્રી. યુનિ.નો વર્ગ બંધ થવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં લગભગ ૪૦ ટકા ઘટાડો થશે... વિજ્ઞાન કૉલેજોની ઓછામાં ઓછી સંખ્યા ત્રણ વર્ષ સુધીમાં ૨૫૦ જેટલી નહીં થાય તો ત્યાર પછી સરકાર ગ્રાન્ટ આપવાનું બંધ કરશે...

એ જ અહેવાલમાં વિશેષપણે જણાવાયું છે કે, "સાયન્સ કૉલેજનું મોટું ભારણ આપણા ઉપર છે તેનો ઉકેલ કેવી રીતે લાવવો તે આપણા માટે એક મોટો પ્રશ્ન છે. છેલ્લે પોલ સમિતિનો અહેવાલ બહાર પડ્યો અને સરકારે સ્વીકાર્યો તેનો વર્તમાનપત્રમાં રિપોર્ટ જોતાં પણ આપણી સાયન્સ કૉલેજ માટે બહુ સરળતા લાગતી નથી. પ્રી.-નો વર્ગ બંધ થતાં સાયન્સ કૉલેજની સંખ્યા ઘણી ઘટી જશે. અને તેની ફીની આવકમાં ૫૦ ટકા જેટલી ખાધ પડશે. જ્યારે ખર્ચના પ્રમાણમાં બહુ ફેર નહીં પડે. પરિસ્થિતિ પ્રવાહી છે, પરંતુ મંડળે સ્વસ્થતાપૂર્વક આ બાબતમાં નિર્ણય લેવો જોઈએ કે જેથી મંડળને નિરર્થક જવાબદારી વહન કરવી પડે નહીં.

ઉપરની વિગતના સંદર્ભમાં થોડાં વર્ષોની સંખ્યા અને ખોટના આંકડા જાણવા રસપ્રદ થઈ પડશે.

વર્ષ	૧૯૭૮/૭૯	૭૯/૮૦	૮૦/૮૧	૮૧/૮૨	૮૨/૮૩	૮૩/૮૪	૮૪/૮૫	૮૫/૮૬
F.Y.B.Sc.	૧૬	૨૩	૨૩	૧૭	૨૩	૩૯	૩૦	૧૪
S.Y.	૩૮	૭	૮	૧૪	૧૨	૧૫	૧૦	૨૭
T.Y.	૨૬	૩૨	૯	૮	૧૮	૧૦	૧૬	૧૨
કુલ	૮૦	૬૨	૪૦	૩૯	૫૩	૬૪	૫૬	૫૩
ખોટ રૂપિયા	૨૨,૦૮૭	૨૬,૫૩૮	૨૭,૨૭૩	૧૯,૩૧૩	૨૦,૨૭૦	૩૭,૮૧૫	૪,૪૬૮	૮,૨૩૭

ઉપરના આંકડા પરથી જોઈ શકાશે કે આખી કૉલેજની સંખ્યા હાઈસ્કૂલના એક વર્ગ જેટલી પણ ન હોય એ સંજોગોમાં કૉલેજ ચલાવવી એ કોઈ પણ સંચાલકમંડળ માટે દુષ્કર ગણાય.

કૉલેજના સંચાલનમાં પ્રતિવર્ષ આટલી મોટી ખોટ રહેતી હોવા છતાં સંચાલકમંડળે શિક્ષણના કાર્યને એક ઉમદા ફરજ તરીકે નજર સમક્ષ રાખીને કૉલેજ ચાલુ રાખી અને એના ડોલતા નાવને સ્થિર રાખવા પુરુષાર્થ ચાલુ રાખ્યો. એ પુરુષાર્થના એક ભાગરૂપે કૉલેજમાં મુખ્ય વિષય તરીકે રસાયણશાસ્ત્ર અને ગૌણ વિષય તરીકે ભૌતિકશાસ્ત્રનું જ અધ્યાપન થતું હતું તેમાં બીજા મુખ્ય અને ગૌણ વિષયો ઉમેરવાનું વિચાર્યું જેથી કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે અને ગ્રાન્ટની સંખ્યાકીય આંટ ટળી જાય. બીજો પુરુષાર્થ કૉલેજ માટે માતબર દાન મેળવવાનો હતો.

સંચાલકોની નિષ્ઠા ફળી અને અક્ષરપુરુષોત્તમ સંસ્થા તરફથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

દ્વારા કૉલેજના મકાન માટે રૂપિયા અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયારનું દાન મળ્યું. કૉલેજના મકાનનો ખાતવિધિ પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે થયો. સમારંભમાં 'સાયન્સ કૉલેજ' નામના સ્થાને 'પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ' નામાભિધાન થયેલું જાહેર કરવામાં આવ્યું. આ જ સમારંભમાં સંસ્થાને સાયન્સ કૉલેજ માટે બીજાં માતબર દાન પણ મળ્યાં. કૉલેજનું નવું મકાન થતાં પૂરતી મોકળાશ મળી અને અધ્યાપન માટે બીજા વિષયો ઉમેરવામાં આવ્યા. આ સમય તબક્કો સાયન્ય કૉલેજ માટે એક મહત્ત્વના વળાંક શો બની રહ્યો અને સાયન્સ કૉલેજનું ડોલતું નાવ સ્થિર થયું. પ્રથમ તબક્કે ભૌતિકશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે ભણાવવાની મંજૂરી સરકાર અને યુનિવર્સિટી પાસેથી મેળવી લીધી. પછીનાં વર્ષે ગણિતશાસ્ત્રને પણ મુખ્ય વિષય તરીકે ભણાવવાની મંજૂરી પણ મેળવી લીધી. વનસ્પતિશાસ્ત્ર ગૌણ વિષય તરીકે શીખવવામાં આવતું હતું. ઈ.સ. ૧૯૯૧-૯૨નાં વર્ષોમાં કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૧૨૪ સુધી પહોંચી હતી.

આ પછી કૉલેજ અંગે એક નવો વળાંક આવ્યો. શ્રી હરગોવનદાસ ધનાભાઈ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી કૉલેજને આર્ટ્સ ફેકલ્ટી શરૂ કરવા માટે રૂપિયા પાંચ લાખનું દાન મળ્યું. કૉલેજના નવા નામ 'પ્રમુખસ્વામી સાયન્સ અને એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ'થી તા. ૨૩-૭-૯૨ને રોજ આર્ટ્સ ફેકલ્ટીનો આરંભ થયો. નવા નામ સાથેની કૉલેજના ઉદ્‌ઘાટક ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી કરસનદાસ સોનેરી હતા.

કૉલેજના નવા મકાન માટે ડૉ. પ્રતાપભાઈ હંસરાજ મીરાણીના પરિવાર તરફથી રૂ. ૭,૫૧,૦૦૦=૦૦નું દાન મળ્યું અને મકાનનું નામ 'શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સરસ્વતી સદન' રાખવામાં આવ્યું. તા. ૫-૧૨-૯૨ના રોજ નવા મકાનનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય પ્રમુખસ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. એ જ સમારંભમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રતિમાનું અનાવરણ મુંબઈ નિવાસી શેઠ શ્રી ડૉ. પ્રતાપભાઈ હંસરાજ મીરાણીના હસ્તે થયું હતું.

~ ૩૪ ~

સુવર્ણજયંતી: પરિવાર સંમેલન

સંસ્થાના ઇતિહાસનું એક અત્યંત આકર્ષક અને રસદાયક પ્રકરણ તે સંસ્થાની સુવર્ણજયંતીનો એક અંશ—'પરિવાર સંમેલન.' આ ભવ્ય સમારંભ અંગેની તૈયારીઓ અભૂતપૂર્વ હતી. સંમેલન યોજાયું તા. ૧/૨-૫-૭૦ના દિવસોમાં પણ એની તૈયારી શરૂ થઈ લગભગ નવ મહિના અગાઉથી. એ તૈયારીરૂપે એક મહત્ત્વનું કદમ હતું સુવર્ણજયંતી મહોત્સવ નિમિત્તે 'સુવર્ણજયંતી' સાપ્તાહિકનું પ્રકાશન. એનો પ્રથમ અંક પ્રગટ થયો. ૧૧-૯-'૬૯ના રોજ. 'સુવર્ણજયંતી'ના તંત્રી હતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ અને સંપાદકો હતા. શ્રી મોહનભાઈ બા. પટેલ, શ્રી ભાઈલાલભાઈ જી. પટેલ અને શ્રી દિલીપ રૉય. મોટી સાઇઝનાં આઠ પાનાંમાં ભરપૂર વૈવિધ્યવાળી સામગ્રી આપવામાં આવતી હતી જેમાં સંસ્થા સમાચાર, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સંભારણાં, એમના પત્રો, સંસ્થાને સ્પર્શતા લેખો, સંસ્થાના દાતાઓ, સંસ્થાસંદર્ભે અતીતની મહત્ત્વની ઘટનાઓ ઉપરાંત સાહિત્યનાં વિવિધ સ્વરૂપો (વાર્તાઓ, કાવ્યો, નિબંધ, પ્રવાસ વગેરે)ને પણ સ્થાન હતું. સુવર્ણજયંતીની તૈયારીરૂપ વિગતો પણ મોખરાના સ્થાને રહેતી. 'સુવર્ણજયંતી' શાળાના ચાલુ વિદ્યાર્થીઓ, વાલીઓ, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સુધી પહોંચે એ પણ એક નેમ રાખવામાં આવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અંકો મળે એ હેતુથી એમનાં વર્તમાન સરનામાં મેળવવાની પણ એક ખાસ ઝુંબેશ ઉપાડવામાં આવી. શાળાના જનરલ રજિસ્ટરમાં નોંધાયેલાં સરનામાં એકત્ર કરીને પ્રથમ તો એ સરનામે જવાબી પત્રો લખવામાં આવ્યા. આ જવાબી પત્રોમાં કેટલાંક તૈયાર ખાનાં છાપીને હાલનું સરનામું, વ્યવસાય વગેરે માહિતી મેળવવાનું રાખ્યું હતું. અને પત્રમાં એક વિનંતી એવી પણ કરવામાં આવી હતી કે ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ હાલ જ્યાં હોય તે સરનામે આ પત્ર પહોંચાડવામાં આવે. ૧૯૩૫ પછીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સરનામે (જ.૨.પ્રમાણે) આ પત્રો લખવામાં આવ્યા હતા. પ્રતિભાવ ધારણા કરતાં ઘણો સારો મળ્યો. 'સુવર્ણજયંતી' મળતું થયું એ પછી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ઘણા લાગણીભર્યા પત્રો પણ મળવા લાગ્યા. એમાંના કેટલાક 'છાત્રાલયો' પ્રકરણમાં આવ્યા છે. 'સુવર્ણજયંતી' સાપ્તાહિકને કારણે ધારણા કરતાં અનેકગણો સાનુકૂળ પ્રતિભાવ સાંપડ્યો. એને કારણે પરિવાર સંમેલનમાં આવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અતિથિઓની ઉતારા અને જમવાની મોટા પાયે વ્યવસ્થા કરવામાં આવી. સંમેલનના પ્રથમ દિવસે સાંજે પહેલી પંગતમાં જ લગભગ ત્રણ હજાર અતિથિઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ આમંત્રિત મહાનુભાવોએ ભોજન લીધું. સ્વયંસેવકો સિવાયનાં ચાલુ વિદ્યાર્થી ભાઈબહેનોને પણ પહેલી પંગતમાં જ ભોજન લેવાની વ્યવસ્થા હતી. આ વ્યવસ્થામાં સ્ટાફના સભ્યો, આશ્રમના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સ્વયંસેવકોનું સેવાકાર્ય અત્યંત પ્રશંસાપાત્ર હતું. સર્વ વિદ્યાલયના ટૅક્નિકલ વર્કશૉપના મકાનથી માંડીને સંસ્કાર ભવનની પછીત વચ્ચેના વિશાળ મેદાનમાં અનેક પંક્તિઓમાં ભોજનાર્થીઓ ગોઠવાયા હતા. (એ વર્ષોમાં બુફે ડિનરનો ચાલ પ્રચલિત થયો ન હતો.)

પરિવાર સંમેલનનો કાર્યક્રમ આ પ્રમાણે હતો:

તા. ૨-૫-૭૦ શનિવાર

સવારે આગમન

બપોરે ૨-૦૦થી ૬-૦૦ પરિવાર સંમેલન

સાંજે ૬-૦૦થી ૮-૦૦ ભોજન વગેરે

રાત્રે ૮-૦૦થી ૧૦-૩૦ સંમેલન

તા. ૩-૫-૭૦ રવિવાર

સવારે ૯-૦૦ સાયન્સ કૉલેજનું ઉદ્‌ઘાટન

બપોરે જમ્યા પછી ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું અનૌપચારિક મિલન જે અત્યંત મીઠા અનુભવરૂપ સિદ્ધ થયું.

સંમેલનમાં નીચે પ્રમાણે કાર્યવાહી થઈ હતી

* સમારંભનું પ્રમુખસ્થાન સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય શ્રી પોપટલાલ ગુ. પટેલે સંભાળ્યું.
* મંગલ પ્રાર્થના અને સંસ્થાગીતના સમૂહગાનથી સંમેલનનો પ્રારંભ થયો.
* ડૉ. રણજિતભાઈ પટેલ (અનામી)ના મંગલ પ્રવચનથી પ્રવચનોનો આરંભ થયો.
* શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલે સ્વાગત પ્રવચન કરતાં કહ્યું, "આપણો પરિવાર ખૂબ ફેલાયેલો છે. આપણી સંસ્થા રાષ્ટ્રીય સંસ્થા છે. ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક અને સામાજિક ક્રાન્તિ લાવવામાં આપણી સંસ્થાનું પ્રદાન સૌથી મોટું અને સર્વ પ્રથમ છે. આવી શિક્ષણ સંસ્થામાં આપ સૌનું સ્વાગત કરતાં હું હર્ષ અનુભવું છું."

પ્રાસંગિક પ્રવચન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી મોટા પ્રમાણમાં થયાં હતાં. જેમાંના કેટલાક વક્તાઓ આ પ્રમાણે હતા:

અમદાવાદના જાણીતા ઍડ્‌વોકેટ અને માજી ધારાસભ્ય શ્રી ખોડાભાઈ શિ. પટેલ, વડોદરા જિલ્લાના અગ્રગણ્ય રાજકીય અને સામાજિક આગેવાન શ્રી ગોરધનભાઈ બહેચરભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લામાંથી પાર્લમેન્ટમાં ચૂંટાયેલા લોકસભાના સભાસદ શ્રી સોમચંદભાઈ સોલંકી, મુંબઈની આર. એચ. વિંડસર (ઇન્ડિયા) લિ. ના ડાયરેક્ટર શ્રી નરસિંહભાઈ કે. પટેલ, વડોદરા કલાભવન (એન્જિનિયરિંગ કૉલેજ)ના પ્રો. આર. સી. પટેલ, નૂતન સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી કલ્યાણભાઈ ગો. પટેલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના હિન્દી અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી પુરુષોત્તમભાઈ એ. પટેલ, જાણીતા સર્જન ડૉ. ત્રિભુવનભાઈ એન. પટેલ, ધારાસભ્ય શ્રી ચૂનીભાઈ, જિલ્લા સહકારી બૅન્કના પ્રમુખ શ્રી નટવરલાલ અમૃતલાલ પટેલ, પ્રો. ભોળાભાઈ પટેલ, પ્રા. ભગવત સુથાર, પ્રા. મફતલાલ, સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ વકીલ, અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનના એસ્ટેટ ઑફિસર શ્રી માણેકલાલ પટેલ, સુરતથી આવેલા શ્રી નરોત્તમભાઈ આઈ. પટેલ અને શ્રી નારણભાઈ પટેલ, શ્રી અંબાલાલ, શ્રી ગોવિંદભાઈ તથા શ્રી શરદભાઈ વગેરે.

અન્ય વક્તાઓમાં જિલ્લાના પીઢ આગેવાન શ્રી સાંકળચંદભાઈએ પરિવાર સંમેલનના કાર્યને સફળતા ઇચ્છી હતી. ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ વિદ્યાશાખાના રીડર શ્રી રમણલાલ ભટ્ટે પણ પ્રાસંગિક પ્રવચન કરી પોતાનાં સંસ્થા સાથેનાં સંસ્મરણો તાજાં કરી સફળતા ઇચ્છી હતી.

અધ્યક્ષસ્થાનેથી બોલતાં ભૂતપૂર્વ આચાર્ય શ્રી પોપટભાઈએ કહ્યું: "આ સંસ્થાના કણકણ સાથે મારો આત્મા જોડાયેલો છે. ભારતીય સંસ્કૃતિમાં 'પરિવાર' શબ્દનો વિશેષ અર્થ થાય છે. તેમાં સામીપ્ય અને સાયુજ્યની, એકાત્મતાની ભાવના છુપાયેલી ઇંગિત થાય છે. આપણે સૌ સાથે મળી એવી વ્યવસ્થા કરીએ કે આપણી સંસ્થામાં ભણેલો કોઈ પણ વિદ્યાર્થી બેકાર ન રહે... આપણી સંસ્થા પહેલથી જ એક ઉત્તમ કોટિની રાષ્ટ્રીય સંસ્થા છે. ગૂજરાત વિદ્યાપીઠ સાથે આ સંસ્થાને ખૂબ જ ગાઢ સંબંધ હતો ને આજે પણ તેની પ્રવૃત્તિઓ એની પ્રતીતિ કરાવે છે."

અંતમાં શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલે (દાસકાકા) આભાર માનતાં કહ્યું: "આપ સૌ અગવડો વેઠીને પણ અહીં પધાર્યા છો તે બદલ આપનો આભાર માનું છું. જૂની પેઢી હવે આથમતી જાય છે. આપ સૌ સભ્યો સાથે મળી આપણી સંસ્થાનું સંચાલન કરો. સંસ્થાના વિકાસમાં આપ સૌનો સાથ-સહકાર મળી રહેશે એ જ ઈશ્વરને પ્રાર્થના!"

પરિવાર સંમેલન એ ખરી રીતે તો હવે પછી ઊજવાનાર સુવર્ણજયંતીનો એક ભાગ હતું. પણ એની ઉજવણી એવી તો ભવ્ય અને દબદબાપૂર્વકની થઈ કે એણે જાણે સુવર્ણજયંતીની ઉજવણીનું જ રૂપ લઈ લીધું. અને થયું પણ એમ જ. આ સંમેલન પછી સુવર્ણજયંતી મહોત્સવનું કોઈ સ્વતંત્ર આયોજન ન થયું.

'સુવર્ણજયંતી' સાપ્તાહિકના પ્રથમ વર્ષમાં ૨૭ અંક પ્રગટ થયા (૧૯૬૯માં). ઈ.સ. ૧૯૭૦માં ૨૩ અને ઈ.સ. ૧૯૭૧માં ૧૪ પ્રગટ થયા. ત્યાર પછી તેના તંત્રી શ્રી પુરુષોત્તમદાસ પટેલની ગુજરાત રાજ્યના પ્રધાનમંડળમાં નિયુક્તિ થતાં તેનું ડેકલેરેશન બંધ પડતાં અને બીજી કોઈ વ્યવસ્થા ન થઈ શકતાં તેનું પ્રકાશન બંધ કરવામાં આવ્યું. સાપ્તાહિકની સરાસરી ૨,૦૦૦ પ્રત પ્રસિદ્ધ કરવામાં આવતી હતી અને તેના પ્રચારથી સુવર્ણજયંતી અંગે સારું વાતાવરણ જામ્યું હતું. 'સુવર્ણજયંતી'માં પ્રગટ થતી સાહિત્યસામગ્રીમાં લેખો અને કાવ્યોનું શ્રી અનામીનું પ્રદાન ઘણું મોટું હતું.

~ ૩૫ ~

અમૃતમહોત્સવ: ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થી સ્નેહસંમેલન

સંસ્થાએ ૬૦ વર્ષ પૂરાં કર્યાં એ નિમિત્તે, તા. ૩૧-૫-૮૧ના રોજ મળેલી સાધારણ સભામાં સંસ્થાનો અમૃતમહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું. આ ઉત્સવની ઉજવણી અને એ માટેની તૈયારીઓ કરવા માટે શ્રી ધનાભાઈ હ. પટેલના અધ્યક્ષપદે અમૃતમહોત્સવ સમિતિની રચના કરવામાં આવી હતી. અમૃતમહોત્સવ નિમિત્તે સંસ્થામાં નવાં મકાનો બાંધવાની, સાધનો અને સુવિધાઓમાં વધારો કરવાની યોજના હતી. નવાં મકાનોમાં ૧૦૦ વિદ્યાર્થીઓ માટેનું નવું છાત્રાલય, પુસ્તકાલય માટે સ્વતંત્ર મકાન, પ્રાથમિક શાળા માટે નવું મકાન, ગૃહપતિઓ અને અન્ય કર્મચારીઓ માટેનાં મકાન વગેરે મકાનો બાંધવાની યોજના હતી. આ સઘળાં કાર્યો માટે રૂપિયા ૨૫ લાખનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. ધારણા એવી રાખવામાં આવી હતી કે આ લક્ષ્યાંક પૂરો થાય એ પછી અમૃતમહોત્સવ ઊજવવાનું આયોજન કરવું. લક્ષ્યાંક પૂરો થાય ત્યાં સુધીનાં વર્ષોમાં અમૃતમહોત્સવના નામે ફંડપ્રવૃત્તિ કરવી. એ સમયે આ લક્ષ્યાંક મોટો જણાતો હતો અને એ પૂરો કરવામાં સહેજે સાત-આઠ અથવા એથી વધારે પણ વર્ષો પસાર થઈ જાય એવું પણ બને, આથી ઉત્સવનું નામ હીરકમહોત્સવ ન રાખતાં અમૃતમહોત્સવ રાખવામાં આવેલું. અલબત્ત, ૭૫ વર્ષ કરતાં એની ઉજવણી વહેલી થવાની હતી. પણ ૬૦ કરતાં ૭૫મું વર્ષ ઉત્સવની વધારે નજીક હશે એટલે અમૃતમહોત્સવ નામ રાખવામાં હરકત નથી એવા એક ખ્યાલથી આ ઉત્સવના શ્રીગણેશ મંડાયા હતા.

સુવર્ણજયંતી સમયે ઊજવાયેલા પરિવાર સંમેલનની સ્મૃતિ સૌને હજુ તાજી હતી એટલે એ ઉત્સવ કરતાં આ ઉત્સવ અદકેરો હોય એવી મંડળના સર્વ સભ્યોની ભાવના ખરી.

ઉત્સવ નિમિત્તે ફાળાનો આરંભ કડીથી કરવામાં આવ્યો. શરૂઆતમાં એકાદ લાખ રૂપિયાની રકમ નોંધાતાં કામમાં વેગ આવ્યો હતો. આમાં શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ, શ્રી માણેકલાલ મા. પટેલ, શ્રી રતિભાઈ મ. પટેલ, ડૉ. રામભાઈ તથા શ્રી ડાહ્યાભાઈ વગેરે મહાનુભાવોએ આગેવાની લીધી હતી.

ત્યાર બાદ અમદાવાદ અને કલોલમાં ફાળાનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું હતું. અમદાવાદના ફાળા માટે સમિતિના અધ્યક્ષ શ્રી ધનાભાઈએ આગેવાની લીધી હતી.

સુરત-વડોદરાના ફાળા માટે પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ત્યાં સંસ્થાના પ્રતિનિધિ મંડળ સ્વરૂપે સમિતિના અધ્યક્ષ શ્રી ધનાભાઈ, ક.પા.કે.ઉ. મંડળના મંત્રી શ્રી છગનભાઈ કા. પટેલ વકીલ અને સંસ્થાના ત્રણે આચાર્યો શ્રી મોહનભાઈ, શ્રી નરોત્તમભાઈ અને શ્રી ત્રિભોવનભાઈ સુથાર ગયા હતા. વડોદરામાં ત્યાં વસતા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સમાજના અગ્રણીઓ તેમ જ શિક્ષણપ્રેમી સદ્‌ગૃહસ્થો તરફથી ઉમંગભર્યો સહકાર મળ્યો હતો. એવી જ રીતે સુરતમાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી એન.આઈ.પટેલ (કંબોઈ) અને શ્રી એન.ટી.પટેલ (ગંગેટ)ના ઉત્સાહના પરિણામે ઘણું સારું કામ થઈ શક્યું.

એ પછી ફાળા માટે, અમેરિકામાં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આમંત્રણથી અમેરિકાનો પ્રવાસ યોજવામાં આવ્યો. આ માટે સંસ્થાના મંત્રી અને ઉત્સવસમિતિના અધ્યક્ષ શ્રી ધનાભાઈ અને સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી મોહનભાઈ અમેરિકા ગયા. ત્યાં સંસ્થાના ભૂતૂપર્વ વિદ્યાર્થીઓનાં અભૂતપૂર્વ પ્રેમ, સત્કાર અને સહકાર મળતાં ફાળાનું ઘણું સારું કામ થયું. આ કાર્યમાં શ્રી આર.કે.પટેલ, શ્રી કાલિદાસ મં. પટેલ, શ્રી છગનભાઈ પટેલ, શ્રી ભરતભાઈ એલ. પટેલ, શ્રીમતી પ્રભાબહેન, શ્રી જયંતીભાઈ, શ્રી નારણભાઈ ભગત, શ્રી અજિત મા. પટેલ, શ્રી સાંકળચંદ, શ્રી બાબુભાઈ, કેનેડામાં શ્રી ભોગીભાઈ, શ્રી વિષ્ણુભાઈ વગેરેએ ફંડકાર્ય માટે સંસ્થા વતી ઘણો પુરુષાર્થ કર્યો હતો. અર્ધા લક્ષ્યાંક જેટલી રકમ અમેરિકામાં આ મિત્રોના સહકારથી પ્રાપ્ત થઈ શકી.

અમૃતમહોત્સવની મજલના ત્રીજા વર્ષે લક્ષ્યાંક કરતાં આંકડો આગળ વધીને ૩૦ લાખની નોંધ સુધી પહોંચ્યો.

આ દરમ્યાન મકાનોનાં બાંધકામ આરંભાઈ ગયાં હતાં. પ્રાથમિક શાળા, મહેમાનગૃહ અને મધ્યસ્થ કાર્યાલય, દાસ પુસ્તકાલય માટેનું મકાન વગેરે કાં તો પૂરાં થઈ ગયાં હતાં અથવા પૂરાં થવામાં હતાં.

અને—

અમૃતમહોત્સવ તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી, ૧૯૮૪ના બે દિવસો દરમ્યાન, ભવ્ય દબદબાથી ઊજવાયો જેની આછી ઝલક અહીં આપી છે.

તા. ૨૫-૨-૮૪ની સવારથી જ સર્વ વિદ્યાલય કેમ્પસમાં ઉમંગ, ઉત્સાહ અને પ્રવૃત્તિનું એક અનોખું વાયુમંડળ રચાઈ ગયું હતું. સંસ્થાના મુખ્ય દરવાજેથી માંડીને કેમ્પસના છેડા સુધી ધજાપતાકાઓ અને આસોપાલવનાં તોરણ આ મહોત્સવના ઉમંગને હવામાં લહેરાવી રહ્યાં હતાં. કેમ્પસની વીથીઓનાં વૃક્ષો પણ શ્વેતકિનાર યુક્ત ગેરુઆ રંગથી વિભૂષિત હતાં. સંસ્કાર ભવનની પાછળ ટેક્નિકલ હાઈસ્કૂલ, શ્રી ના.ના.દેસાઈ પ્રાથમિક શાળા અને સર્વ વિદ્યાલયની પ્રયોગશાળાઓ વચ્ચેના મેદાનમાં બંધાયેલા પચીસ હજાર ચોરસ ફૂટના વિશાળ શમિયાણા સુધી પહોંચવા માટે રસ્તા પર બાંધેલું ખાસ પ્રવેશદ્વાર નજરને જકડી રાખે એવી રીતે કલાત્મક ઢબે શણગારાયેલું હતું. વિશાળ શમિયાણાની લાલ છત રાતા રંગની ઝાંય પ્રગટાવીને સમગ્ર બેઠક વિસ્તારમાં એક રંગભરી આભા સર્જાવતી હતી. જેટલી ભવ્યતા બેઠકવિસ્તારની હતી એટલો જ પ્રભાવક સામે મંચ હતો. સુસજ્જ, સુગઠિત અને સુડોળ.

ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થી સ્નેહસંમેલન

પહેલી બેઠક (તા. ૨૫-૨-૮૪) છાત્રસંમેલનની હતી. બપોરે ૨-૦૦થી ૬-૦૦ વાગ્યા સુધીની આ બેઠકમાં ભૂતપૂર્વ તથા ચાલુ વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન હતું.

દોઢ વાગ્યાથી સ્વયંસેવકોએ પોતપોતનું સ્થાન લઈ લીધું અને મંચ પરથી કર્ણપ્રિય અને શાંત મધુર સંગીતની સૂરાવલિઓ રેલાવા લાગી.

થોડી જ પળોમાં સભામંડપ મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ચાલુ વિદ્યાર્થીઓથી એક વિશિષ્ટ શોભા ધારણ કરી રહ્યો. સંસારનાં ગણાવી શકાય એટલાં બધાં ક્ષેત્રોના પ્રતિનિધિઓ એમાં મળ્યા હતા—ઇજનેરો, વકીલો, ડૉક્ટરો, શિક્ષકો, વેપારીઓ, સ્થપતિઓ, કૉન્ટ્રાક્ટરો, કલાકારો, સાહિત્યકારો, રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ, ખેડૂતો, શ્રમજીવીઓ અને ધર્મધુરંધરોથી પણ એ સભા વંચિત નહોતી. ક્ષેત્રો જુદાં હતાં પણ એના આ પ્રતિનિધિઓ સૌ એક સૂક્ષ્મ પ્રેમતંતુથી જોડાયેલા હતા. એ તંતુ

ખેંચાયો હતો સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થી આશ્રમમાંથી. ખૂબી તો એ હતી કે આ સમૂહમાં તરવરિયા યુવાનો હતા અને શ્વેતકેશી બુઝર્ગો પણ હતા. એમના અભ્યાસકાળ પૃથક્ પૃથક્ હતા છતાં એ સૌ પેલા સૂક્ષ્મ તંતુથી જોડાયેલા હતા અને અત્યારે એકસમાન ભૂમિકા ઉપર હતા. કોઈ ઉદ્યોગપતિ નહોતો કે કોઈ શ્રમજીવી નહોતો. સૌ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી આશ્રમના છાત્રો હતા. સૌ પોતપોતાનાં કિશોરાવસ્થાનાં સ્વપ્નો લઈને આવ્યા હતા અને ઉડાઉપણે એની લહાણ કરવા માગતા હતા.

કાર્યક્રમનો આરંભ સમયસર થયો.

સર્વ વિદ્યાલયનાં બાળકોએ શ્લોકો તથા સ્તવન સાથે પ્રાર્થના કરી. એ પછી એ જ વૃન્દે સંસ્થાગીત-'સુંદર સર્વ વિદ્યાલય રાજે' રજૂ કર્યું.

એ પછી અમૃતમહોત્સવ સમિતિના મંત્રી શ્રી ભાઈલાલભાઈ પટેલે પ્રમુખશ્રી અને અતિથિઓનું ફૂલહારથી સ્વાગત કર્યું. એ જ પ્રમાણે કેમ્પસની સંસ્થાઓ–સર્વ વિદ્યાલય, ટેક્નિકલ હાઈસ્કૂલ અને સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓએ પણ પ્રમુખશ્રી અને અતિથિઓનું જે-તે સંસ્થા વતી ફૂલહારથી સ્વાગત કર્યું.

ત્યાર બાદ સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી મોહનભાઈ પટેલે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અતિથિઓનું ઉમળકાભર્યું સ્વાગતપ્રવચન કર્યું. એ પછી અમૃતમહોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી ધનાભાઈ હ. પટેલે સંસ્થાની પ્રગતિ, અમૃતમહોત્સવ, સંસ્થાનાં હવે પછીનાં લક્ષ્યો, અમૃતમહોત્સવ ફાળો અને તેને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ તરફથી મળેલા અભૂતપૂર્વ સહકાર વગેરેની વિસ્તૃત માહિતી આપી.

એ નિવેદન પછી છાત્રસંમેલનના ઉદ્‌ઘાટક શ્રી હરગોવિંદદાસ ધ. પટેલે દીપ પ્રગટાવીને છાત્ર સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં સંસ્મરણોથી સભર અને મનનીય પ્રવચન કર્યું. ઉદ્‌ઘાટન પ્રવચન બાદ સંમેલનના મુખ્ય મહેમાન ડૉ. ત્રિભુવનભાઈ એન. પટેલે પોતાનું ભાવસભર વ્યાખ્યાન આપ્યું. અને પછી પ્રાસંગિક પ્રવચનો થયાં. આ પ્રવચનો દરમિયાન સંસ્થાનો, પ્રથમ ચરણથી માંડીને છ દાયકા ઉપરાંતનો ઉજ્જ્વળ ઇતિહાસ ફરીથી તાદૃશ થતો હોય એવો જીવંત અનુભવ શ્રોતાઓને થયો. હૈયાની કેવી કેવી અને કેટકેટલી ગહરાઈઓમાંથી ભૂતકાળની ઘટનાઓ સ્મરણરૂપે વહી આવતી હતી! આ પ્રવચનો ડૉ. અશ્વિનભાઈ પટેલ, વકીલ શ્રી છગનભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પરમાર, સ્વામી શ્રી ભક્તિપ્રિય દાસજી (મુંબઈ), શ્રી રામભાઈ પટેલ (મુંબઈ), કર્નલ હસમુખભાઈ, ડૉ. પ્રહ્‌લાદભાઈ કસ્વેકર, શ્રી નાનુભાઈ, શ્રી નરોત્તમભાઈ આઈ. પટેલ (સુરત), શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ (સુરત), ડૉ. રામભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ (મુંબઈ), શ્રી મધુભાઈ પટેલ, શ્રી સોમભાઈ સોલંકી (માજી સંસદસભ્ય), શ્રી શંકરલાલ ગુરુ (માજી ધારાસભ્ય), શ્રી માણેકલાલ મા. પટેલ, એડ્‌વોકેટ સૂર્યકાન્ત પટેલ, પ્રો. મંગુભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ એ. પટેલ વગેરેએ કર્યાં હતાં. સમયની ખેંચ ન હોત તો હજુય કદાચ ઓછામાં ઓછા વીસેક વક્તાઓની લાગણીના શ્રવણનો લાભ શ્રોતાઓને મળ્યો હોત.

પ્રાસંગિક પ્રવચનો પછી સંમેલનના પ્રમુખ શ્રી જી.આઈ.પટેલે એમની જોશીલી શૈલીમાં પ્રવચન કર્યું હતું.

અંતે સંસ્થાના મંત્રી શ્રી છગનભાઈ કા. પટેલે આભારવિધિ કર્યો હતો.

સારોયે કાર્યક્રમ પાંચ કલાક જેટલા દીર્ઘ સમય સુધી ચાલ્યો છતાં એક ઊર્મિકાવ્ય શો ભાવનાસભર, હૃદયંગમ અને સંપૂર્ણ શિસ્તયુક્ત બની રહ્યો.

તા. ૨૫-૨-૮૪ની રાત્રે સંસ્કાર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આઠ વાગતાં અગાઉ પ્રેક્ષકોનું આગમન શરૂ થઈ ગયું હતું. સાડાઆઠ વાગતાં સુધીમાં તો સ્ટેજ સામેનું મેદાન માનવમેદનીથી ભરચક થઈ ગયું. કડી શહેર અને આસપાસનાં ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં સ્ત્રીપુરુષો અને બાળકો આવ્યાં હતાં.

સંસ્કાર કાર્યક્રમમાં પ્રમુખ તરીકે પોપ્યુલર કન્સ્ટ્રક્શનવાળા અમૃતભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે પ્રવીણ કૉર્પોરેશનવાળા નારણભાઈ પટેલ હતા. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલ મા. પટેલે મહેમાનોનો પરિચય આપીને ફૂલહારથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાના મંત્રી શ્રી કાલિદાસ ઝીણાભાઈએ આભારવિધિ કર્યો હતો.

સંસ્કાર કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ—સર્વ વિદ્યાલય, સાયન્સ કૉલેજ, ટૅક્નિકલ હાઈસ્કૂલ, શેઠ સી.એમ. હાઈસ્કૂલ—ગાંધીનગર તરફથી સામૂહિક રીતે રજૂ થયો હતો જેમાં ગરબા, નૃત્ય, નૃત્યનાટિકા, એકાંકી, સમૂહગીત વગેરે અને મર્ચન્ટ ઑફ વેનિસ વગેરે મનભર વાનગીઓ રજૂ થઈ હતી.

અમૃતમહોત્સવ

તા. ૨૬-૨-૮૪નો દિવસ સંસ્થાના ઇતિહાસમાં મહત્ત્વનો દિવસ બની રહેનાર હતો. પ્રભાતનાં તેજકિરણો પૂર્વાકાશમાં ફૂટતાંની સાથે જ સારાયે કૅમ્પસમાં નવી ચેતના પ્રગટી હોય એવું ઉત્સાહભર્યું વાતાવરણ બની રહ્યું હતું. સ્વયંસેવકો અને શિક્ષકો સઘળા વિસ્તારને પુનઃસજ્જ કરવામાં લાગી ગયા હતા. સાફસૂફી, તાજાં તોરણો, છગનભાની પ્રતિમાને તાજાં ફૂલોનો હાર અને પ્રતિમાના પ્રાંગણમાં જલછંટકાવ વગેરે પ્રવૃત્તિઓ થવા લાગી. શમિયાણામાં સંગીતની સૂરાવલિઓ બજવા લાગી.

નવ વાગતાં સુધીમાં તો સંસ્થાના કાર્યકરો, શિક્ષકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મહેમાનો વગેરે અત્યારે પધારનારા પ્રમુખશ્રી, અતિથિવિશેષ, મુખ્ય મહેમાન અને અન્ય અતિથિઓના સ્વાગત માટે સંસ્થાના મુખ્ય દરવાજે પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા. બૅન્ડ સાથે એન.સી.સી. કૅડેટ્સ પણ પ્રવેશ દ્વાર આગળ કતારબદ્ધ તૈયાર હતા. અને આખાયે માર્ગની બંને ધાર ઉપર ગણવેશમાં વિદ્યાર્થીઓ થોડો થોડો અવકાશ રાખીને ઊભા રહી ગયા હતા.

સમય થતાં મહેમાનોની ગાડીઓનો કાફલો આવી પહોંચ્યો. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી, શેઠ શ્રી જયકૃષ્ણભાઈ, શેઠ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ વગેરે મહેમાનો પ્રવેશદ્વાર આગળ ઊતર્યા ત્યાં એમનું ઉમળકાપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. અને સંસ્થાના કાર્યકરો વગેરે તેમ જ વિશિષ્ટ મહેમાનોનો પરિચય કરાવવામાં આવ્યો.

બૅન્ડની સૂરાવલિઓ સાથે વિદ્યાર્થીગણના વંદન ઝીલતા અતિથિઓ પૂ. છગનભાની અર્ધપ્રતિમા આગળ આવ્યા. શ્રી માધવસિંહે છગનભાની પ્રતિમાને હારનું આરોપણ કર્યું. સારુંયે વાતાવરણ ભાવની ભરતીથી છલકાઈ રહ્યું. અનન્ય પળો હતી એ.

સમારંભનો આરંભ પ્રાર્થનાથી થયો. શ્રી રતિલાલ મ. પટેલે અતિથિઓનું ફૂલહારથી સ્વાગત કર્યું. સમારંભના ઉદ્‌ઘાટક ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી હતા, અતિથિવિશેષપદે શેઠ

શ્રી બળદેવભાઈ ડોસાભાઈ હતા અને સમારંભના પ્રમુખ શેઠ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ હતા.

આ પછી વયોવૃદ્ધ નેતા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ સમારંભમાં ઉપસ્થિત હતા પણ અત્યંત નાદુરસ્ત તબિયતને કારણે સભા સમક્ષ ઉપસ્થિત થઈને એમનાથી સ્વાગતપ્રવચન થઈ શકે એમ નહોતું. એમણે અગાઉથી લિખિત પ્રવચન મોકલ્યું તો હતું જ, પણ કશીક ચૂક અથવા સમજફેરના કારણે સભા સમક્ષ એ ન વંચાયું. એમના સ્થાને ક.પા. કેળવણી મંડળના પ્રમુખ શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસે સ્વાગતપ્રવચન કર્યું. ત્યાર બાદ સાયન્સ કૉલેજ ગવર્નિંગ બૉડીના ચેરમૅન શ્રી નટવરલાલ અ. પટેલે મહેમાનોનો પરિચય આપ્યો.

અને સભાનું કામ શરૂ થયું

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ધનાભાઈ હ. પટેલે સંસ્થા અને સંસ્થાની પ્રવૃત્તિઓ સંબંધી વિસ્તૃત નિવેદન કર્યું અને નવાં તૈયાર થયેલાં ચાર મકાનો—શ્રી નાથાલાલ નારણદાસ દેસાઈ પ્રાથમિક શાળા, દાસ પુસ્તકાલય માટેનું શેઠ શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ નામક મકાન, શ્રી બી.એમ.પટેલ વિદ્યાર્થીભવન અને શ્રીમતી મેનાબહેન મંગળદાસ પટેલ અતિથિગૃહ અને મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન માટે સમારંભના ઉદ્‌ઘાટક શ્રી માધવસિંહ સોલંકીને સમારંભનું ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરી.

અતિથિઓનાં મનનીય પ્રવચનો થયાં.

અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી માણેકલાલ મા. પટેલે કરેલા આભારવિધિ સાથે અમૃતમહોત્સવનો સમારંભ સંપન્ન થયો.

હીરકમહોત્સવ: સંકલ્પ

તા. ૨૦-૬-૯૩ની સંસ્થાની સાધારણ સભામાં સંસ્થાના સમય તબક્કાનો મહોત્સવ ઊજવવાની વિચારણા કરવામાં આવી. આ મહોત્સવને શું નામ આપવું એ ચર્ચાનો વિષય બન્યો. સંસ્થાને ૭૩ વર્ષ થયાં હતાં. ૭૫મા વર્ષે જે ઊજવાય તે અમૃતમહોત્સવ પણ તે તો લાંબા ગાળાની યોજના તરીકે એ નામને સંસ્થાએ ૬૫મા વર્ષે સ્વીકારી લીધું હતું. થોડું વહેલું, પણ ૭૦ મા વર્ષે ઊજવાશે એ ખ્યાલથી હવે ઊજવાનાર મહોત્સવ માટે હીરકમહોત્સવ નામ રહ્યું હતું. ઘણાખરા હીરકમહોત્સવો ૬૦ વર્ષે ઊજવાય છે. અહીં વાત ૭૫મા વર્ષની હતી. એની સાર્થકતા માટે ઑક્સફર્ડ ડિક્શનરીનો આધાર લીધો. એ ડિક્શનરીમાં હીરકમહોત્સવ (Diamond-Jubilee)નો અર્થ આ પ્રમાણે આપ્યો છે: 60th (or 75th) anniversary of soverreign's accession or other event. આ અર્થમાં રહેલો ૭૫મા વર્ષનો સંકેત સ્વીકાર્યો. અને હીરકમહોત્સવ નામ હેઠળ ઉજવણી અર્થે આગળ વધવાનું વિચાર્યું. એ જ સભામાં સંસ્થાની ભાવિ વિકાસયોજનાઓ પરિપૂર્ણ કરવા માટે હીરકમહોત્સવ નિમિત્તે રૂપિયા પાંચ કરોડ સુધીનું ફંડ એકઠું કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો અને હીરકમહોત્સવ ફંડના આયોજન અંગેની એક કેન્દ્રીય સમિતિ રચવામાં આવી જેના અધ્યક્ષ તરીકે શેઠ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ અને શેઠ શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલને નિયુક્ત કરવામાં આવ્યા.

હીરકમહોત્સવ અંગે ઘણો સારો પ્રતિસાદ મળતાં ત્રણ વર્ષમાં ૩,૭૬,૩૯,૯૮૩ અર્થાત્ પોણા ચાર કરોડ કરતાં વધારે ફાળો નોંધાયો. આ ઉત્સાહપ્રેરક સ્થિતિને લીધે સંસ્થાએ ત્રીજા વર્ષને અંતે સાધારણ સભામાં રૂપિયા પાંચ કરોડનો લક્ષ્યાંક સુધારીને અગિયાર કરોડનો કર્યો.

હીરકમહોત્સવની યોજના લાંબા ગાળાની હતી એટલે એ યોજનાના સમયગાળા દરમિયાન તબક્કાવાર સમારંભો પણ યોજાતા રહે એવો એક ખ્યાલ હતો. એટલે એના આધારે તા. ૧૫-૧૦-૯૭ના રોજ 'સપ્તરંગી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. એ કાર્યક્રમના અધ્યક્ષ હતા શ્રી જયરામભાઈ પટેલ અને અતિથિવિશેષ શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલ, શ્રી એન. કે. પટેલ, શ્રી ઓધવજીભાઈ આર. પટેલ, શ્રી નીતિનભાઈ આર. પટેલ અને શ્રી વિવેક પટેલ હતા.

આ સપ્તરંગી કાર્યક્રમમાં મેઘના શિશુ વિદ્યાવિહાર અને શાંતાબહેન કે. પટેલ વિદ્યાર્થી આશ્રમનો ખાતવિધિ; શ્રી અરુણ એચ. પટેલ ભોજનાલય અને રેવાબહેન વિશ્રામભાઈ ભોજનાલયનું ઉદ્‌ઘાટન; ઊર્મિલાબહેન સાંકળચંદ પટેલ ઔદ્યોગિક તાલીમ ભવન અને દશુભાઈ એ. પટેલ ટૅક્નિકલ સ્કૂલના નામકરણવિધિનું આયોજન હતું. ઉપરાંત દિવાળીબા માધવલાલ પટેલ મેમોરિયલ ટ્રસ્ટમાં રૂપિયા પાંચ લાખના ટ્રસ્ટનો અર્પણવિધિ પણ આ સપ્તરંગી કાર્યક્રમમાં રાખવામાં આવ્યો હતો.

હીરકમહોત્સવ ફંડ યોજના હેઠળ સંસ્થાએ ફંડપ્રાપ્તિ અર્થે સંસ્થાના મંત્રી શ્રી માણેકલાલ મા. પટેલના નેતૃત્વ નીચે ડૉ. કનુભાઈ ડી. પટેલ, સર્વ વિદ્યાલયના પૂર્વ આચાર્ય શ્રી મોહનભાઈ પટેલ અને શ્રી એન. કે. પટેલનું પ્રતિનિધિમંડળ મોકલ્યું જેનો અમેરિકાસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રો અને સંસ્થાના શુભેચ્છકો દ્વારા અભૂતપૂર્વ સત્કાર સાથે રૂપિયા પાંચ કરોડ કરતાં વધારે ફાળો મેળવી આપવામાં સહાય થઈ, જેનું વર્ણન આ પુસ્તકમાં અન્યત્ર કરવામાં આવ્યું છે.

અમેરિકામાં મળેલા ફંડના આધારે ૧૧ કરોડ રૂપિયા એકત્ર કરવાનો સંકલ્પ સારી રીતે અને વહેલો પૂરો થયો. હીરકમહોત્સવના સાતમા વર્ષ દરમિયાન આ ફાળો રૂ. ૧૩,૮૩,૨૪,૩૪૩ સુધી પહોંચી ગયો હતો.

સંસ્થાનાં નવાં કાર્યો અને અવિરત પ્રગતિના કારણે હજુ મોટા ધનરાશિની આવશ્યકતા ઊભી થયેલી હોવાના કારણે સંસ્થાએ ફરી એક વાર ફાળાના રૂ. ૧૧ કરોડના લક્ષ્યાંકને સુધારીને ૨૧ કરોડનો શુભ સંકલ્પ કર્યો. ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧ અને તે પછીના સમયગાળામાં પણ ઉત્સાહપૂર્વક ફંડપ્રવૃત્તિ ચાલતી રહી. હીરકમહોત્સવ નિમિત્તે નાનામોટા ઉત્સવ થતા રહ્યા. સંભવ છે કે સુવર્ણજયંતી મહોત્સવની પ્રક્રિયા આ હીરકમહોત્સવમાં પણ પુનરાવર્તિત થાય. અર્થાત્ મુખ્ય મહોત્સવ નિમિત્તે ઊજવાનારા કાર્યક્રમો પણ પ્રભાવક બની રહે.

~ ૩૬ ~

શેઠ ગિરધરલાલ ચૂનીલાલ હાઈસ્કૂલ, પિલવાઈ
શેઠ મંગળદાસ રણછોડદાસ છાત્રાલય, પિલવાઈ

ઈ.સ.૧૯૨૭માં આ શાળાનો આરંભ ફક્ત છ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે પહેલા ધોરણ (હાલનું પાંચમું)થી કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૩૯ સુધી ચાર ધોરણ (હાલનું આઠમું ધોરણ) સુધીના વર્ગો ચાલતા હતા. અને શાળાનું નામ શેઠ જી.સી.એ.વી. સ્કૂલ હતું. શાળાના સંચાલનની જવાબદારી શાળાના ટ્રસ્ટીઓ શેઠ શ્રી વાડીલાલ ચૂનીલાલ, શેઠ શ્રી મંગળદાસ રણછોડદાસ, શેઠ શ્રી વૃજલાલ લલ્લુભાઈ અને શેઠ શ્રી મોહનલાલ કેવળદાસના હસ્તક હતી. પરંતુ એ પછી શાળાના વિકાસની દૃષ્ટિએ અન્ય કોઈ સંસ્થા કે વ્યક્તિને તેનો વહીવટ સોંપવાનો વિચાર આ ટ્રસ્ટીઓએ કર્યો. આ હેતુથી એમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીનો સંપર્ક સાધ્યો. મંડળે આ ટ્રસ્ટીઓની દરખાસ્ત સ્વીકારી અને શેઠ જી.સી. હાઈસ્કૂલનો વહીવટ ૧૯૩૯ના જૂનથી પોતાના હસ્તક લીધો.

શાળાનો વહીવટ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને સોંપાયા પછી શાળા સ્થિર પગલે પ્રગતિ કરતી રહી. અને શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી તેમ જ ધોરણો પણ એક પછી એક ઉમેરાતાં ગયાં. ઈ.સ. ૧૯૪૪માં જૂન માસથી ટ્રસ્ટીઓની ઇચ્છાને માન આપીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે જૂન, ૧૯૪૪થી મૅટ્રિક (ધોરણ ૧૧)નો વર્ગ શરૂ કર્યો.

શાળામાં વધતી જતી સંખ્યાને જૂના મકાનમાં સમાવી શકાય તેમ નહીં હોવાથી અને શાળાનો વિકાસ સાધવાના હેતુથી ટ્રસ્ટીઓએ શાળાને માટે પોણા બે લાખ રૂપિયાના ખર્ચે ઈ.સ. ૧૯૫૦-૫૧માં નવું મકાન બાંધી આપ્યું.

શેઠ જી.સી.હાઈસ્કૂલમાં દાખલ થતા ગામડાના વિદ્યાર્થીઓ માટે ઈ.સ.૧૯૩૦-૩૧થી એક છાત્રાલય પણ ચલાવવામાં આવતું હતું. આ છાત્રાલયની સ્થાપના શેઠ ગિરધરલાલ નહાલચંદે કરી હતી. આ છાત્રાલયના સંચાલનની જવાબદારી શેઠ ગિરધરલાલના અવસાન પછી શેઠ શ્રી મંગળદાસ રણછોડદાસે ઉપાડી લીધી હતી. એમણે છાત્રાલયનો વહીવટ પોતાને હસ્તક લીધો એ પછી આ છાત્રાલયનું નામ જે 'પિલવાઈ છાત્રાલય' હતું તે 'શેઠ મંગળદાસ રણછોડદાસ છાત્રાલય' થયું. આ છાત્રાલયનો વહીવટ જૂન ૧૯૪૪થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપવામાં આવ્યો.

ઈ.સ. ૧૯૫૧માં શેઠ જી.સી.હાઈસ્કૂલ નવા મકાનમાં બેસવા લાગી એ પછી શાળાનું અગાઉનું મકાન છાત્રાલયના ઉપયોગમાં લેવાવા લાગ્યું.

શેઠ જી.સી.હાઈસ્કૂલના ટ્રસ્ટીઓની માગણી થયે શાળાનો વહીવટ ૧-૧-૧૯૬૫થી તેમણે સુપરત કરવાનું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ એના વ્યવસ્થાપક મંડળના તા. ૨૩-૮-૧૯૬૪ના ઠરાવ નં ૩૪થી નક્કી કર્યું. તે ઠરાવના આધારે શેઠ જી.સી.હાઈસ્કૂલનો વહીવટ એના ટ્રસ્ટીઓને

સોંપી દેવામાં આવ્યો. આ સાથે શેઠ મંગળદાસ રણછોડદાસ છાત્રાલય, પિલવાઈનો વહીવટ પણ મંડળે ત્યાંના ટ્રસ્ટીઓને સોંપ્યો.

સોંપણીના વર્ષના વાર્ષિક નિવેદનમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીઓએ આ પ્રમાણે નોંધ કરી હતી:

> સદર હાઈસ્કૂલના ટ્રસ્ટીઓ તરફથી સને ૧૯૩૯માં ચાર ધોરણની શાળાનો વહીવટ આ મંડળને સોંપવામાં આવ્યો હતો. આ મંડળના વહીવટના ૨૫ વર્ષ દરમિયાન આ શાળા ગુજરાતની અગ્રગણ્ય શાળાઓની હરોળમાં આવીને ઊભી છે. અને સાથે સાથે પિલવાઈ ગામનો પણ કૉલેજો વગેરેના કારણે કેળવણીના સારા કેન્દ્ર તરીકે વિકાસ થયો છે. તેથી મંડળને સુપરત થયેલી જવાબદારી સારી રીતે પાર પાડ્યાનો મંડળ સંતોષ અનુભવે છે. ...

~ ૩૭ ~

નૂતન સર્વ વિદ્યાલય, વીસનગર

ઈ.સ. ૧૯૪૧માં વીસનગરમાં ચાલતી ધી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના માલિક શ્રી ગોવિંદરાવ ઉત્રાણકરે પોતાની સ્કૂલ સાધનસામગ્રી સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ભેટરૂપે સોંપવા ઇચ્છા દર્શાવી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે એનો સ્વીકાર કરીને તા. ૨૦-૧૧-૧૯૪૧ના રોજ એ શાળાને પોતાના હસ્તક લીધી. માર્ચ, ૧૯૪૨થી એ શાળાનું નામ 'નૂતન સર્વ વિદ્યાલય' રાખવામાં આવ્યું. વર્ષ આખરે આ શાળામાં ધોરણ છ (હાલનાં ધોરણ ૧૦) હતાં. જૂન ૧૯૪૫થી એમાં મૅટ્રિક (ધો.૧૧)નો વર્ગ શરૂ કરવામાં આવ્યો.

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી હતી એટલે શાળા માટે એક સ્વતંત્ર અને મોટા મકાનની જરૂર ઊભી થઈ. વીસનગરની સ્થાનિક સમિતિએ આ માટે સરકારમાં રૂ. ૭૫,૦૦૦ની મકાન ગ્રાન્ટ મંજૂર કરાવી પણ સંસ્થાએ એટલા જ રૂપિયા; એટલે કે, રૂ. ૭૫,૦૦૦ ઉમેરવા એવી શરત હતી. સ્થાનિક સમિતિના પ્રયત્નથી વીસનગરના શેઠ શ્રી ચીનુભાઈ નારણભાઈએ એટલી રકમનું દાન આપવાની ઇચ્છા વ્યક્ત કરી. આના આધારે સ્થાનિક સમિતિએ તા. ૮-૧-૧૯૫૦ના રોજ ઠરાવ કરીને નૂતન સર્વ વિદ્યાલયને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વહીવટમાંથી મુક્ત કરવા અને નૂતન સર્વ વિદ્યાલય સાથે દાતા શ્રી ચીનુભાઈના પિતા શ્રી નારણભાઈ મોતીભાઈનું નામ જોડવા માટે મંજૂરી આપવાની માગણી કરી.

આ માગણી આવ્યા પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની વ્યવસ્થાપકમંડળની એકાધિક સભાઓમાં અને સાધારણ સભામાં વિસ્તૃત ચર્ચા-વિચારણા પછી સાધારણ સભાએ આપેલા અધિકારના આધારે તા. ૨૪-૧૨-૧૯૫૦ના રોજ વ્યવસ્થાપકમંડળે આ અંગેનો છેવટનો નિર્ણય કરવાનો અધિકાર વીસનગરની સ્થાનિક સમિતિને આપ્યો. આના આધારે વીસનગરની સ્થાનિક સમિતિએ એની તા. ૮-૧-૧૯૫૧ની બેઠકમાં નીચેના ઠરાવો કર્યા:

૧. વીસનગર નૂતન સર્વ વિદ્યાલયને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીની સંસ્થાથી અલગ પાડવાનું અને તેને સ્વતંત્ર સંસ્થા 'નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વીસનગર' એ નામે રચવાનું ઠરાવવામાં આવે છે.

૨. નૂતન સર્વ વિદ્યાલયના મકાન માટે શેઠ શ્રી ચીનુભાઈ નારણભાઈ તરફથી તેમના પિતાશ્રી નારાયણભાઈ મણિભાઈનું નામ વિદ્યાલય સાથે જોડવાની શરતે રૂ. ૭૫,૦૦૦ અંકે રૂપિયા પંચોતેર હજારની દેણગી આપવામાં આવે છે તે સ્વીકારવામાં આવે છે.

૩. નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વીસનગરનું નવેસર બંધારણ ઘડી કાઢવાનું ઠરાવવામાં આવે છે. તે બંધારણ પ્રમાણે રચાતા વ્યવસ્થાપકમંડળમાં દેણગી આપનાર તરફથી બે સભ્યો કાયમને માટે લેવાનું ઠરાવવામાં આવે છે.

૪. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ નૂતન સર્વ વિદ્યાલય વીસનગર માટે શરૂથી રસ લીધો હોવાથી અને તેમની શાખા તરીકે કામ કરેલું હોવાથી આ સંસ્થાના નવા રચાતા બંધારણ મુજબના વ્યવસ્થાપકમંડળમાં તેમના તરફથી સૂચવવામાં આવતા ત્રણ સભ્યોને કાયમને માટે વ્યવસ્થાપક સમિતિના સભ્યો તરીકે લેવાનું ઠરાવવામાં આવે છે.

૫. નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વીસનગરનું નવીન બંધારણ તથા ટ્રસ્ટ ડીડનો મુસદ્દો તૈયાર કરી રજૂ કરવા રા. શિવાભાઈ પ્રભુદાસ તથા રા. પ્રભુદાસ ગોબરદાસ તથા રા. મોતીભાઈ નથુભાઈની કમિટી રચવામાં આવે છે. તેમણે જેમ બને તેમ જલદીથી મુસદ્દો તૈયાર કરી રજૂ કરવો.

~ ૩૮ ~

શ્રી મિત્રમંડળ સર્વ વિદ્યાલય, બલોલ
આઈ. એમ. જે. સર્વ વિદ્યાલય, બલોલ

ઈ.સ. ૧૯૫૧માં બલોલના મિત્રમંડળ, અમદાવાદ તરફથી બલોલ મુકામે માધ્યમિક શાળા ખોલવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી પાસે માગણી આવી એ અગાઉ એ ગામમાં ત્રણ વાર શાળા ખોલવામાં આવેલી અને સફળ સંચાલનના અભાવે ત્રણ વાર બંધ પડેલી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આ માગણી ગંભીરતાપૂર્વક લક્ષમાં લીધી અને તા. ૨૨-૭-૧૯૫૧ના રોજ વ્યવસ્થાપક મંડળની મિટિંગમાં ૧-૭-૧૯૫૨થી બલોલ મુકામે 'મિત્રમંડળ સર્વ વિદ્યાલય' નામથી માધ્યમિક શાળા શરૂ કરવાનો ઠરાવ કર્યો.

તા. ૨૯-૨-૧૯૫૨ના રોજ શાળાના ઉદ્‌ઘાટનસમારંભમાં મિત્રમંડળ, અમદાવાદના મુખ્યમંત્રી શ્રી જોઈતારામે આ પ્રમાણે નિવેદન કર્યું હતું: "બલોલ ગામમાં માધ્યમિક શાળા ચલાવવામાં જે ખોટ આવશે તે પૂરી કરવાની જવાબદારી અમારા મંડળે ઉપાડી લીધી છે. અમારા આ પગલાને ગામના નાગરિકો સહર્ષ અપનાવશે એવી આશા રાખવામાં આવી છે."

આ સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ઉપપ્રમુખ અને સમારંભના અધ્યક્ષ શ્રી રામચંદ્ર જ. અમીને એમના વક્તવ્યમાં આ વાત કરી હતી: "આ કાર્યમાં મને ઈશ્વરી સંકેત જણાય છે. ગામમાં અંગ્રેજી શાળા ખોલવાનો આ ચોથો પ્રયત્ન છે. અગાઉના ત્રણ પ્રયત્નો પૈસા અને વ્યવસ્થાને અભાવે ફળીભૂત થવા પામ્યા નથી. આ વખતે પૈસાની જવાબદારી બલોલ મિત્રમંડળ, અમદાવાદે ઉપાડી લીધી છે અને શાળાના સંચાલનની જવાબદારી શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ ઉપાડી લીધી છે. એટલે ગામના નાગરિકોએ તો ફક્ત ભણનાર વિદ્યાર્થીઓ જ પૂરા પાડવાના જ રહે છે. હું આશા રાખું છું કે મંડળે જે ભાવનાથી પૈસાની જવાબદારી ઉપાડી છે તે ભાવના રાખીને ગામના નાગરિકો આ કાર્યને સહર્ષ અપનાવી સફળતાની ટોચે પહોંચાડી બલોલને કડી જેવું બીજું વિદ્યાધામ બનાવે એવી મારી અંતઃકરણની ભાવના છે."

આરંભે શાળામાં ધોરણ ૭નો વર્ગ ખોલવામાં આવ્યો. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા ૨૨ની હતી અને વર્ષ આખરે એ સંખ્યા ૧૮ હતી.

સ્વતંત્ર મકાનના અભાવે ઈ.સ. ૧૯૫૫-૫૬ના વર્ષમાં પણ ફક્ત બે જ ધોરણ હતાં. (૭ અને ૮) પણ અભ્યાસ કરનારની કુલ સંખ્યા માંડ ૬૨ હતી. આ ૬૨માં કન્યા તો ફક્ત એક જ હતી. પછીના વર્ષે ધોરણ ૯નો વર્ગ શરૂ કર્યો ત્યારે શાળાની કુલ સંખ્યા ૧૦૩ની થઈ. શાળાના નવા મકાનમાં ૧૦ ઓરડાની સગવડ પ્રાપ્ત થતાં વર્ગો વધારી શકાયા. શાળાના મકાનની સાથે સાથે છાત્રાલયનું મકાન પણ બાંધવામાં આવ્યું જે શાળાની સંખ્યાની વૃદ્ધિ બાબતમાં મહત્ત્વનું અંગ બની રહ્યું.

ઈ.સ. ૧૯૬૭-૬૮ના વર્ષમાં શાળાને મિત્રમંડળ સર્વ વિદ્યાલયને તે સ્થાને નવું નામ આઈ.એમ. જે.સર્વ વિદ્યાલય મળ્યું. શાળાને સ્થાપનાથી માંડીને નવા નામના વર્ષ સુધી તેના વિકાસમાં રસ દાખવી સહાયરૂપ થઈ બલોલના અમદાવાદ નિવાસી સો.ત્રિ. ચોકસી બ્રધર્સ પેઢીના ભાગીદારોએ પાયાનું કાર્ય કર્યું અને તેમણે તેમના પિતૃઓ (ઈશ્વરભાઈ, મગનભાઈ અને જીવણભાઈના સ્મરણાર્થે આપેલી દાનની રકમને કારણે શાળાએ આ નામ ધારણ કર્યું અને ઈ.સ. ૧૯૭૬-૭૭થી શાળામાં વિજ્ઞાનપ્રવાહ સાથે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શરૂ થયું.

~ ૩૯ ~

નવીન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, વડનગર

ઈ.સ.૧૯૪૨માં વડનગરના બે કેળવણીપ્રેમી શ્રેષ્ઠીઓ શ્રી માનચંદભાઈ કુબેરદાસ પટેલ અને શ્રી શિવલાલભાઈ કુબેરદાસ પટેલ વડનગર તેમ જ તેની આજુબાજુના પ્રદેશોનાં બાળકોને સારી કેળવણી મળી શકે એવા શુભ આશયથી વડનગરમાં એક અંગ્રેજી શાળા શરૂ કરવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને વિનંતી કરી. ઉત્તર ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ વધે એ તો સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રમુખ નીતિ હતી. મંડળે આ દરખાસ્તને વધાવી લીધી અને ઉપરોક્ત બે શ્રીમંતોની આર્થિક સહાયથી આરંભે પ્રથમ બે ધોરણ (હાલનું પાંચમું અને છઠ્ઠું ધોરણ) શરૂ કર્યાં. શાળાનાં ધોરણોને બેસવા માટે શ્રી માનચંદભાઈ અને શ્રી શિવલાલભાઈએ શર્મિષ્ઠા તળાવના કાંઠે આવેલી એમની કુબેરવાડીના મકાનમાં વ્યવસ્થા આપી. ઈ.સ. ૧૯૪૮ સુધીમાં શાળામાં ધોરણ ૫ (હાલનું ૯મું) સુધીનું શિક્ષણ અપાવા લાગ્યું અને ૧-૩-૧૯૫૧થી છઠ્ઠા ધોરણનો વર્ગ ખોલવામાં આવ્યો અને એ પછીના શૈક્ષણિક વર્ષે ૧-૩-૧૯૫૨થી ધો ૭ (એ વખતનું ધો. ૧૧) શરૂ કરી શાળાને સંપૂર્ણ હાઈસ્કૂલ બનાવવામાં આવી.

શાળામાં મેટ્રિકનો વર્ગ (ધો.૧૧) શરૂ થાય અને ખર્ચને પહોંચી વળાય એ હેતુથી શ્રી માનચંદભાઈ અને શ્રી શિવલાલભાઈએ રૂ. ૧૦,૦૦૦ અને ચાલુ નિભાવ માટે પ્રતિ વર્ષ રૂ. ૧,૦૦૦ સહાય આપવાનું જાહેર કરીને એ પ્રમાણે સંસ્થાને મદદ કરી હતી.

શાળાના મકાન બાબતમાં પણ આ બંને દાતાઓએ ઘણી ઉદાર નીતિ દાખવી હતી. 'કુબેરવાડી'નું વિશાળ મકાન શેઠ શ્રી માનચંદભાઈના કુટુંબની માલિકીનું હતું. સદર મકાનનું ટ્રસ્ટ બનાવીને એમણે શાળાને માટે ઉપયોગી થાય તેવી એમાં યોજના કરી. આ ટ્રસ્ટ ૮ જૂન, ૧૯૫૩ના રોજ ખેરાલુની કચેરીમાં નોંધાયું હતું. અને ટ્રસ્ટીમંડળમાં સર્વ વિદ્યાલયમાં કેળવણી મંડળના પ્રતિનિધિઓ તરીકે શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ અને શ્રી કલ્યાણભાઈ ગો. પટેલ (શાળાના આચાર્ય જે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી નિમાયેલા હતા.) ને લેવામાં આવ્યા હતા. તેમના અનુગામી તરીકે ટ્રસ્ટીઓ નીમવાનો અધિકાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળને આપવામાં આવ્યો હતો.

શાળાના વહીવટ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની વાર્ષિક સાધારણ સભામાં સ્થાનિક સમિતિની રચના પ્રતિવર્ષ કરવામાં આવતી હતી એ નોંધવું ઉચિત ગણાશે કે આ સમિતિમાં નિર્વિવાદપણે અને સર્વાનુમતે પ્રમુખ તરીકે શેઠ શ્રી માનચંદભાઈ કુબેરદાસ (મુંબઈ) અને ઉપપ્રમુખ તરીકે શ્રી સુખાભાઈ બહેચરદાસ નિમાતા હતા.

શાળામાં અભ્યાસ માટે આવતા બહારગામના વિદ્યાર્થીઓ માટે ઈ.સ. ૧૯૫૦થી છાત્રાલય શરૂ કરવામાં આવ્યું હતું. આરંભમાં છાત્રાલય ઓછી સંખ્યામાં નાના પાયા પર ચાલતું હતું. પણ ઉત્તરોત્તર છાત્રાલયમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં મકાન બાબતે ઘણી અગવડ પડવા લાગી. શેઠ શ્રી માનચંદભાઈએ છાત્રાલય માટે નવું મકાન ખરીદીને એને માત્ર પ્રતીક ભાડાથી છાત્રાલયને ઉપયોગ માટે આપીને આ અગવડ દૂર કરી

~ ૪૦ ~

પ્રગતિ વિદ્યાલય, શેરથા

શેરથા કેળવણી મંડળ, શેરથા તરફથી શેરથા મુકામે માધ્યમિક શાળા શરૂ કરવાની વિનંતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને કરવામાં આવી હતી. આ વિનંતીના આધારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વ્યવસ્થાપક મંડળે એની તા. ૩-૫-૧૯૫૩ની બેઠકમાં શેરથા કેળવણી મંડળની વિનંતી સ્વીકારીને જૂન ૧૯૫૩થી સાતમા ધોરણનો વર્ગ શરૂ કરવાનો ઠરાવ કર્યો. આ શાળાના સંચાલનમાં થનાર ખર્ચની જવાબદારી શેરથા કેળવણી મંડળે સ્વીકારી હતી. શાળાની માલિકી શેરથા કેળવણી મંડળે રાખી હતી. એટલે શાળાના વહીવટ પૂરતી જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની જવાબદારી હતી.

શેરથા મુકામે શાળા શરૂ કરી એ વર્ષના વાર્ષિક નિવેદમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીઓએ મંડળની શૈક્ષણિક સેવાની અભિમુખતા વિશે આ પ્રમાણે નોંધ કરી હતી: "મંડળની પ્રવૃત્તિઓમાં શાળાઓ અને છાત્રાલયોનો દિનપ્રતિદિન સંતોષકારક વિકાસ થતો જાય છે. આપણા સંચાલનના વ્યવસ્થિતપણાને લીધે અને કાર્યની સંગીનતાને કારણે બીજી શાળાઓનો વહીવટ અને સંચાલન આપણા મંડળને સોંપવાની અવારનવાર માગણી મંડળ પાસે આવે છે. આવી સંસ્થાઓનો અને શાળાઓનો વહીવટ પોતાને હસ્તક લેવા માટે મંડળે તૈયાર રહેવું જોઈએ. તેમ કરવાથી આ પ્રદેશની કેળવણીની પ્રવૃત્તિઓને ઘણો લાભ થવાની શક્યતા છે."

અહીં એ નોંધવું જોઈએ કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે નજર સમક્ષ કેળવણીનો હેતુ જ રાખ્યો છે. ઉત્તર ગુજરાતમાં કેળવણીનો વ્યાપ વધે, પ્રજા સુખી અને આબાદ થાય એ માટે મંડળે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે. સંસ્થાઓની સંખ્યા કે એમની માલિકીનો મોહ એણે કદી રાખ્યો નથી. જે સંસ્થાનો વહીવટ હાથમાં લીધો હોય અને એ સંસ્થા પગભર થાય અથવા સ્વતંત્ર બનીને સંચાલન પોતાના હાથમાં લેવા ઇચ્છે એને તેમ કરવા દેવા મંડળે હંમેશાં ખુશી દર્શાવી છે એટલું જ નહીં, એને વહીવટ માટે મુક્ત કરીને જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરાં પાડ્યાં છે.

પ્રગતિ વિદ્યાલય, શેરથાનું સંચાલન સર્વ વિદ્યાલય કેળવણી મંડળે ૧૯૫૩-૫૪ના શૈક્ષણિક વર્ષથી હાથ પર લીધું અને ૧૯૫૬-૫૭ના શૈક્ષણિક વર્ષ સુધી એનું સંચાલન કર્યું.

ઈ.સ. ૧૯૫૭-૫૮ના વર્ષથી શેરથા કેળવણી મંડળે 'પ્રગતિ વિદ્યાલય'નું સંચાલન પોતાના હસ્તક લીધું.

~૪૧~

શૈક્ષણિક એકમો

૧. શ્રી નાથાલાલ ના. દેસાઈ પ્રાથમિક શાળા

ઈ.સ. ૧૯૬૧ના જૂનથી આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ સર્વ વિદ્યાલયમાંથી રાજીનામું આપીને છૂટા થયા એ પછી એમના કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓએ એકઠા મળીને શ્રી નાથાભાઈની સેવાઓને બિરદાવવા માટે કશીક રચના કરવાનું વિચાર્યું અને એ નિમિત્તે આર્થિક ફંડ એકઠું કરવા માંડ્યું. આ ફંડપ્રવૃત્તિ લગભગ બે-અઢી વર્ષ ચાલી અને ફંડમાં લગભગ બે લાખ રૂપિયા જેટલી રકમ એકત્રિત થઈ શકી. આટલી રકમમાં કોઈ મોટું સ્મારક ન થઈ શકે. વિદ્યાર્થીમિત્રો સ્મારકના હેતુને અનુલક્ષીને સંસ્થાના કાર્યકરોને મળ્યા. સંસ્થાના કાર્યકરોને શ્રી નાથાભાઈ માટે અપાર આદર હતો. વિદ્યાર્થીઓનો સંકલ્પ પ્રશંસનીય હતો. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા) અને મંત્રીવર્ગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીને એમનું કાર્ય ઉપાડી લીધું. વિદ્યાર્થીઓએ એકઠી કરેલી રકમમાં ઘટતો ઉમેરો કરીને શ્રી નાથાભાઈના નામે પ્રાથમિક શાળા શરૂ કરવાનું વિચાર્યું. મંડળની સભામાં તે અંગેનો ઠરાવ કરીને પ્રાથમિક શાળા શરૂ કરી. વિદ્યાર્થીઓએ એકત્ર કરેલા ફંડમાં સંસ્થાએ લગભગ સાડા સાત લાખ રૂપિયા ઉમેરીને શાળા માટે શ્રી નાથાલાલ નારણદાસ દેસાઈ નામાભિધાન સાથે મકાન બાંધ્યું.

સ્ટાફસંદર્ભે ખાતા સાથે કેટલીક પ્રતિકૂળતાઓ ઊભી થતાં અને એક શિક્ષકને ગેરશિસ્ત માટે છૂટા કરવા બાબતમાં પ્રશ્ન ન ઊકલી શકે એટલી હદ સુધી ગૂંચાવતાં મંડળ માટે શરૂ કરેલી આ પ્રાથમિક શાળા બંધ કરવા સિવાય બીજો માર્ગ ન હતો એટલે મંડળે ઠરાવ કરીને શાળા બંધ કરી.

૨-૩. શિશુશાળા: શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંચાલન હેઠળ શિશુશાળા: પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી. આ શરૂ કરવામાં મંડળની ધારણા ધોરણ ૧થી ૭ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને માધ્યમોના વર્ગ ચલાવવાની હતી. પહેલા વર્ષે અખતરારૂપે અંગ્રેજી માધ્યમનું પહેલું ધોરણ શરૂ કર્યું. અને ગુજરાતી માધ્યમનાં ૧થી ૪ ધોરણ શરૂ કર્યાં. આરંભે દરેક ધોરણનો એક એક વર્ગ રાખ્યો.

અંગ્રેજી માધ્યમના વર્ગમાં સંખ્યા બાબતમાં સાવ નબળો પ્રતિસાદ મળ્યો. એ વર્ગમાં ૯ છોકરા અને ૪ છોકરીઓ એમ કુલ ફક્ત ૧૩ની સંખ્યા થઈ. જ્યારે ગુજરાતી માધ્યમનાં ચારે ધોરણોમાં સંખ્યા અનુક્રમે ૬૦, ૫૧, ૫૮ અને ૫૬ થઈ.

અંગ્રેજી માધ્યમના વર્ગની સંખ્યા અંગે વાલીઓ તરફનો નબળો પ્રતિસાદ જોતાં બીજે વર્ષે એ માધ્યમના વર્ગો ચલાવવાનું માંડી વાળવામાં આવ્યું.

પણ ગુજરાતી માધ્યમમાં પ્રવેશ માટે ઘણો ધસારો રહેવા લાગ્યો. ૧૯૯૧-૯૨ના વર્ષ માટે ધો. ૫-૬-૭ની મંજૂરી પણ ખાતા તરફથી મળી ગઈ. એટલે શાળા શરૂ થયાના બીજા જ વર્ષે વર્ગોની

સંખ્યા ૧૧ અને વિદ્યાર્થીસંખ્યા ૫૩૮ થઈ. ઈ.સ. ૧૯૯૭-૯૮ના વર્ષમાં તો ૨૧ વર્ગો થયા અને વિદ્યાર્થીસંખ્યા ૧,૨૭૨ સુધી પહોંચી.

ઈ.સ. ૧૯૯૮-૯૯ના વર્ષે, શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક તરફથી શાળા માટે ઉદાર દાન મળતાં શાળા શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા બની.

૪. શાંતાબહેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળા

સર્વ વિદ્યાલયનું કેળવણી સંકુલ રેલવેસ્ટેશનની સામેની બાજુએ એટલે શહેરનાં બાળકોને રેલવેના પાટા ઓળંગીને આવવું પડે. બહુ નાનાં બાળકો માટે આ ભારે અગવડભર્યું બની રહે. આ હકીકત સંસ્થાના કાર્યકરોના મનમાં સતત રહ્યા કરતી હતી. એટલે બાલમંદિર શરૂ કરવાનો વિચાર આ કારણે ઘણી વાર પડતો મૂકવામાં આવેલો. પણ જ્યારે ૧થી ૪ ધોરણની શિશુશાળા સંસ્થાના કૅમ્પસમાં શરૂ કરી ત્યારે સુખદ અનુભવ થયો.

આમ છતાં ગામના નાગરિકો અને ખાસ કરીને ભાઉપુરા વિસ્તારના રહીશોનો આગ્રહ રહ્યા કરતો હતો કે સંસ્થાની પ્રાથમિક ધોરણની એક શાખા શહેરમાં હોય.

સખાવત અને સ્થાન દાનરૂપે મળી રહ્યાં એટલે ઈ.સ. ૨૦૦૦ના જૂન માસથી ભાઉપુરા વિસ્તારમાં પ્રાથમિક શાળા શરૂ કરવાનો સંસ્થાએ નિર્ણય લીધો. શ્રી નારણભાઈ માણેકલાલ કેશવલાલ પરિવાર તરફથી રૂપિયા ૧૫ લાખનું દાન મળ્યું અને શ્રી ગુણવંતભાઈ ના. પટેલ અને શ્રી જયંતીભાઈ ના. પટેલ તરફથી ૩૦૯૨ ચો. વાર જમીન દાનમાં મળી. પરિણામે શ્રી કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળાની શાખા તરીકે શાંતાબહેન માણેકલાલ કેશવલાલ પ્રાથમિક શાળાનો આરંભ થયો.

શાળાના આરંભે (ઈ.સ. ૨૦૦૦-૨૦૦૧) જ ૧૪ વર્ગો અને ૯૮૬ વિદ્યાર્થીસંખ્યાથી શુભ શરૂઆત થઈ.

૫. સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન

સંસ્થાએ એના ઉગમકાળથી કન્યાકેળવણીના હેતુને નજર સમક્ષ રાખ્યો છે. એને મૂર્તિમંત કરવા અને સ્વતંત્ર કેળવણી મંડળની સ્થાપના (ડિસે. ૧૯૩૩) પણ કરી હતી. આજે પણ કન્યાકેળવણી તરફ સંસ્થા પ્રાધાન્યપણે લક્ષ આપે છે. બી.એડ્. કૉલેજોમાં પ્રવેશ માટે અસાધારણ ધસારો જોતાં બહેનોને પ્રવેશ માટે પૂરતી તક મળી રહે એ માટે સંસ્થાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ ચાલતી બી.એડ્. કૉલેજો ઉપરાંત બહેનો માટે એક સ્વતંત્ર બી.એડ્. કૉલેજ સ્થાપવાનું વિચાર્યું. આ સંકલ્પના આધારે સંસ્થાએ શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સંચાલન હેઠળ એસ.એન.ડી.ટી. વીમેન્સ યુનિવર્સિટી, મુંબઈ સંલગ્ન બી.એડ્. કૉલેજની સ્થાપના માટે મંજૂરી મેળવી. પરિણામે ઈ.સ. ૨૦૦૪-૨૦૦૫ના શૈક્ષણિક વર્ષથી કે.પી.કે.યુ.એમ. કૉલેજ ઑફ એજ્યુકેશનનો આરંભ થયો એ પછી દાતાની ઉદાર આર્થિક સખાવત મળતાં એ કૉલેજનું સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન એવું નામાભિધાન થયું.

સંસ્થા જ્યારે જ્યારે કોઈ પણ શૈક્ષણિક એકમ શરૂ કરે છે ત્યારે એના આરંભ પૂર્વે ખાતાકીય જરૂરિયાતોમાં કોઈ પણ ખામી ન રહે એનું ધ્યાન રાખે છે. સંસ્થાની એ પ્રણાલીના આધારે આ કૉલેજ પણ સર્વ સુવિધાયુક્ત મકાન, બહેનો માટેની હૉસ્ટેલ, ઉત્તમ ગ્રંથાલય સાથે આરંભથી જ સજ્જ છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ઍક્ટમાં વર્ષ ૨૦૧૨માં સુધારો થતાં આ કૉલેજ કડી પૂર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંલગ્ન છે.

૬. શ્રીમતી એમ.પી. પટેલ મહિલા પી.ટી.સી. કૉલેજ

છેલ્લાં કેટલાંક વર્ષોથી પી.ટી.સી. ધરાવતા ઉમેદવારોને નોકરી સુલભ બની રહેતી હોઈ આ લાયકાત મેળવી લેવા જનસમાજમાં વિશેષ જાગૃતિ આવી છે. પરિણામે છેલ્લા એક દાયકા કરતાં વધારે સમયથી પ્રવેશ માટે પી.ટી.સી. કૉલેજો પર વધારે ધસારો રહેતો જોવા મળ્યો છે. આ પરિસ્થિતિને લક્ષમાં લઈને શ્રી ક.પા.કેળવણી ઉત્તેજક મંડળે કડી ખાતે એક પી.ટી.સી. કૉલેજ સ્થાપવાનો નિર્ણય કર્યો. પરિણામે ઈ.સ. ૨૦૦૫-૨૦૦૬ના શૈક્ષણિક વર્ષથી શ્રીમતી એમ.પી.પટેલ મહિલા પી.ટી.સી. કૉલેજ અસ્તિત્વમાં આવી.

આ કૉલેજ અદ્યતન સુવિધાઓ સાથેની હૉસ્ટેલ, કૉન્ફરન્સ હૉલ, વાચનાલય અને સમૃદ્ધ ગ્રંથાલય સાથે સુસજ્જ છે.

૭. મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર

ઈ.સ. ૧૯૯૫માં ક.પા.કે.ઉત્તેજક મંડળના સંચાલન હેઠળ સ્થપાયેલા બાલમંદિર માટે રાજા ઇન્ડસ્ટ્રીઝ, કડી તરફથી દાન મળતાં આ બાલમંદિર 'મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર' નામમાં પરિવર્તિત થયું.

ખુલ્લા અને રમણીય પ્રાકૃતિક વાતાવરણમાં નિર્માયેલું આ બાલમંદિર જુનિયર અને સિનિયર કે.જી.ના વર્ગો ચલાવે છે.

૮. શારદાબહેન ધર્માભાઈ પટેલ ભટાસણ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ

કડી શહેરના નાગરિકોની માગણીને સંતોષવા ઈ.સ.૨૦૦૧ના જૂન માસથી સર્વ વિદ્યાલય ઇંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળાનો આરંભ થયો. આરંભમાં આ શાળા શાંતાબહેન માણેકલાલ પ્રાથમિક શાળાના મકાનમાં બેસતી હતી. પ્રથમ વર્ષે આરંભ કે.જી. અને પ્રથમ વર્ષમાં ૭૪ બાળકોથી થયો હતો. દાતાની ઉદાર સખાવતથી શાળાનું નામ શારદાબહેન ધર્માભાઈ પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ થયું અને શાળા પોતાના સ્વતંત્ર મકાનમાં બેસવા લાગી.

~ ૪૨ ~

આંધી અને ઝંઝાવાત

લોકશાહી સિદ્ધાંતો પર ચાલતી સંસ્થાઓમાં ક્યારેક એના કાર્યકર્તાઓમાં નીતિવિષયક મતમતાંતરો હોઈ શકે, એ અંગે ચર્ચાઓ થાય. ક્યારેક અન્યના મત પરત્વેની અસહિષ્ણુતા ચર્ચામાં ઉગ્રતા આણે પણ આ ચર્ચા કે એના કારણે ઉદ્‌ભવેલી ઉગ્રતામાં અહમ્ કે તેજોવધનું આળાપણું પ્રવેશે ત્યારે સંઘર્ષનો જન્મ થાય છે જે સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે. આવાં ક્યારેય ક્ષુલ્લક તો ક્યારેક ધ્યાનાર્હ કારણસર કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અથવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં અશાંતિનાં વાદળ ઘેરાયાં છે, જરા ઉગ્રતા વ્યાપી છે. સંસ્થાની પ્રતિષ્ઠાને ક્ષણિક આંચકો આવ્યો છે પણ એની મૂળ આબરૂ અકબંધ જળવાઈ રહી છે. સંસ્થાના વાતાવરણમાં ધૂપછાંવરૂપ કેટલીક પરિસ્થિતિઓ અહીં આપવા ધારી છે.

ઈ.સ. ૧૯૫૧ના એપ્રિલ માસની ૨૯ અને ૩૦મી તારીખો દરમિયાન સર્વ વિદ્યાલય કેમ્પસમાં એક સામટા ત્રણ ઉત્સવોના સમારંભો હતા. તા. ૨૯મીએ પાટીદારપરિષદનું ૧૭મું અધિવેશન ભરાવાનું હતું. તા ૩૦ મીએ સવારે છગનભાની અર્ધપ્રતિમાનું સ્વામી પ્રજ્ઞાનચૈતન્યપુરીના હસ્તે અનાવરણ થવાનું હતું અને પછી એ દિવસનો બધો સમય વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહસંમેલન માટે ફાળવવામાં આવ્યો હતો.

છગનભાની અર્ધપ્રતિમાના અનાવરણના ઉત્સવ નિમિત્તે પંદર-પંદર વર્ષ સુધી ફંડ નિમિત્તે છગનભાનો અવિરત સાથ નિભાવનાર સ્વામી ધનરાજગિરિ ધનશા ભગત (હવે સ્વામી ધનરાજગિરિ તબિયત ઘણી અસ્વસ્થ હોવા છતાં થોડા દિવસ અગાઉ આશ્રમમાં આવ્યા હતા. અગાઉ સ્વસ્થ તબિયત વખતે આવતા ત્યારે રસોડા તરફના મેડાની રૂમમાં એમનો ઉતારો રહેતો. આ વખતે આશ્રમના મુખ્ય મકાનના આગળના (ફ્રન્ટ એલિવેશન) ભાગના પશ્ચિમ તરફના છેડે ગૃહપતિ માટેના ખાલી નિવાસમાં એમનો ઉતારો હતો જે હેતુથી હૈયાની લાગણી અને ઉમળકાથી પ્રસંગમાં હાજરી આપવા આવ્યા હતા તે પ્રસંગનો સુયોગ નહીં નિર્માયો હોય એટલે દુર્ભાગ્યવશ તા. ૨૮મીના રોજ સ્વામીજીનું અવસાન થયું.

નિર્માયું હશે તે થયું. દુઃખદ હતું.

પણ પછી જે પરિસ્થિતિ સર્જાઈ એ સંસ્થાના વાતાવરણને થોડા સમય માટે ક્ષુબ્ધ કરનારી નીવડી.

ધનશા ભગત અને માધવજીભાઈ મેર્ડા આદરજના એ કહેવાઈ ગયું છે અને માધવજીભાઈ, ધનશા ભગત અને છગનભાએ સાથે મળીને સંસ્થાના નિભાવ માટે કેટલી તનતોડ મહેનતનું કાર્ય કર્યું છે એ પણ કહેવાઈ ગયું છે.

ધનરાજગિરિના અવસાનના સમાચાર આદરજ પહોંચ્યા એટલે એ ગામના કેટલાક આગેવાનો જોઈતાભાઈ દેવકરણદાસના નેતૃત્વ નીચે કડી વિદ્યાર્થી આશ્રમમાં આવી પહોંચ્યા. ધનરાજગિરિની ઉત્તરક્રિયા સાથે આશ્રમના જ પરિસરમાં એમની સમાધિ રચાય એવી દરખાસ્ત લઈને આ સભ્યો આવ્યા હતા. આ સભ્યોમાં ઈશ્વરભાઈ હરજીવનદાસ તેમ જ શિક્ષક માધવલાલ પણ હતા.

ધનશા ભગતનું સંસ્થા અંગેના ફંડનું છગનભા સાથેનું કાર્ય ૧૯૪૦માં છગનભાના અવસાન પહેલાં પૂરું થયું હતું. ૧૯૫૧ સુધીમાં સંસ્થાનો ગંજાવર વિકાસ થયો હતો–વીસનગર, પિલવાઈ, વડનગર, બલોલ વગેરેમાં સારો વિકાસ પામી ચૂકેલી એની શાખાઓ હતી. ગૌશાળા, પ્રેસ વગેરે પણ સંસ્થાના મહત્ત્વના એકમો એટલે કોઈ સેન્ટિમેન્ટ (પાણી-પોચા સંવેદન)માં તણાયા સિવાય વિવેક-તર્કનો આશ્રય લઈને વિચારવામાં આવે તો સંસ્થામાં માત્ર ફંડકાર્ય અવસાન પછી કૅમ્પસમાં સમાધિ રચવાનો અધિકાર અપાવે એવું મોટું કાર્ય ન ગણાય. ફંડકાર્ય પણ એમના એકલાના હાથે થયું નહોતું. એમાં માધવજીભાઈનો, એમના પંચનાં તેમ જ અન્ય વિસ્તારનાં ગામો ઉપર જબરો પ્રભાવ હતો. પણ છગનભાની વાત ન્યારી હતી.

આમ, ધનરાજગિરિની સમાધિ રચવા માટે સંસ્થાના કાર્યકરો દુઃખ સાથે તૈયાર નહોતા. આદરજના આગેવાનો પોતાની માગણીમાં મક્કમ હતા.

જાણે એક કટોકટીની સ્થિતિ સર્જાઈ.

સમાધિની રચના માટે કદાચ ઇન્કાર થઈ શકે, પણ આદરજનો ઇન્કાર લગભગ અશક્ય જેવો હતો. છગનભાના શબ્દોમાં જ આદરજ વિશે થોડી વાત જાણીએ:

ધનશા ભગત અને માધવજી બંને આદરજના વતની. એમણે અને આદરજ ગામે સંસ્થાના બાલ્યકાળમાં સંસ્થાના ઉછેર અને એને પગભર થવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એ મદદ માત્ર ભૌતિક નહોતી. એમાં કંઈક વિશેષ હતું. એનો સાચો ચિતાર મળી રહે અને એ ગામના ઉત્સાહને પૂરતો ન્યાય મળી રહે એ પણ એ ગામ સાથે સંકળાયેલી આશ્રમને પ્રોત્સાહક એક ઘટના વાંચવી ભાવકને પણ ગમશે એ હેતુથી અહીં છગનભાના જ શબ્દોમાં આપી છે:

> સં. ૧૯૮૦ના મહા વદ ૧૦ તા. ૧૫-૨-૨૪ને શુક્રવારના રોજ મેર્ડા આદરજમાં નવીન બંધાવેલ શ્રી રામજી મંદિરમાં રામમૂર્તિની પધરામણીનો પ્રસંગ હતો. ગામે આશ્રમને આગ્રહભર્યું આમંત્રણ મોકલેલું. આગ્રહને વશ થઈ આશ્રમના લગભગ બધા વિદ્યાર્થીઓ પ્રસંગમાં ભાગ લેવા ગયા. દેવના આ ફિરસ્તાઓને જોઈ હર્ષ અને પ્રેમ કોનામાં ન ઊભરાય? ભાગોળે આખું ગામ હારબંધ ચાલ્યા આવતા પ્રફુલ્લ મુખારવિંદવાળા બાળકોનું સ્વાગત કરવા ઊમટ્યું હતું. સર્વે મંદિરમાં ગયા. ગીતાના પુરુષોત્તમ મહાત્મ્ય નામનો અધ્યાય શરૂ થયો. સર્વે ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા. આદરજવાસી ગીતાઅભ્યાસીઓએ તેમાં સૂર પૂર્યો. અધ્યાય પૂરો થતાં આંગણે આવેલાં બાળકોને શું ભેટ ધરવી તેના વિચારમાં સર્વે પડી ગયા. શ્રી ધનશા ભગતે ટૂંક સમજૂતી આપ્યા બાદ રૂ. ૧૦૧ની ભેટ ધરતાં ન લખી શકાય એટલી ઝડપથી રકમો લખાવાઈ. અડધા કલાકમાં જ સવાસો પાટીદાર ઘરના ગામે રૂ. ૩૮૫૫ની ટિપ લખાવી. પોતે ગીતાના, વેદાંતના શુષ્ક અભ્યાસી નથી પણ નિષ્કામ કર્મમાર્ગી છે એ પુરવાર કરી આપ્યું. આદરજ ગામમાં બીજાં ગામો કરતાં ધનાઢ્યો વધારે વસે છે, અગર ઈશ્વર વધારે સાનુકૂળ છે, અગર વધારે વરસાદ પડે છે એવું કંઈ જ નથી.

આ આદરજ હતું. એના આગેવાનો ધનશા ભગત પ્રત્યેની પ્રીતિના કારણે સ્વામી ધનરાજગિરિના રૂપમાં એમની સમાધિ આશ્રમની ભૂમિ ઉપર રચાય એવી લગભગ હઠના સ્વરૂપની માગણી લઈને આવ્યા હતા. એ ન સંતોષાય તો? કશું સમજાય એવું નહોતું. અને સંસ્થાના સંચાલકો (આદરજના અત્યારે આગંતુક મહાનુભાવોમાં જોઈતારામ જેવા કારોબારીના સભ્યો હતા) કોઈ સંન્યાસીની પાછળ ભક્તિઘેલા

બનીને સમાધિ અને છત્રી રચે એવા ધાર્મિક પણ નહોતા. ધનશા ભગત માટે અપાર આદર હોવા છતાં આદરજવાસીઓની માગણી સંતોષવાની એમની તૈયારી નહોતી. શ્રી જોઈતારામ કારોબારીની મિટિંગમાં કોઈ કોઈ મુદ્દા ઉપર ક્યારેક ઉગ્ર બની જતા. અત્યારે એમની ઉગ્રતાનો પારો ઘણો ઊંચે ચઢ્યો હતો.

લગભગ મડાગાંઠ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પરિણામમાં કંઈ આભ તૂટી પડે એવું નહોતું. આદરજના આગેવાનોની વાત ન માનવામાં આવે તો એ ગામના સંબંધ ઉપર છેદ મુકાઈ જાય. પણ આ કંઈ નાની વાત નહોતી. ધનરાજગિરિસ્વામીની સમાધિની વાત સમય જતાં કોરાણે રહી જાય અને આદરજ ગામ સાથેનો સંબંધ છૂટી ગયેલો રહે આ વાત ભારે કષ્ટદાયક હતી. લાંબી ચર્ચાઓ કે સલાહસૂચન માટે સમય નહોતો. આખરે સમજદારીનું એક ઝરણું ક્યાંકથી ઊતરી આવ્યું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શાણા અને વ્યવહારદક્ષ સંચાલકોએ પોતાની અંગત માન્યતાઓને આડે આવવા દીધા વિના સંસ્થાના હિતમાં ડહાપણભર્યો નિર્ણય લઈને આદરજના આગેવાનોની માગણી આગળ નમતું મૂકીને સ્વામી ધનરાજગિરિની સમાધિ આશ્રમ પરિસરમાં રચવા માટે સંમતિ આપી. આ સંમતિ પાછળ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના સભ્યોની નજર સમક્ષ ધનશા ભગતનું નામ જ હશે.

એ સમયે સર્વ વિદ્યાલય કૅમ્પસનો મુખ્ય દરવાજો રેલવેના પાટા તરફના ખૂણા પર હતો (અત્યારે સદંતર બંધ છે.) એ દરવાજામાં પેસતાં જ ડાબી તરફ સ્વામી ધનરાજગિરિની સમાધિનું નિર્માણ થયું. અને ઉપર એક મનોહર છત્તર (છતરી)ની રચના થયેલી છે.

*

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના થઈ અજ્ઞાનમાં અટવાતા અને કુરૂઢિઓમાં જકડાઈને જીવનને અધોગતિ તરફ લઈ જતા જ્ઞાતિબંધુઓને ઘોર અજ્ઞાનમાંથી પ્રકાશ તરફ દોરી જઈને એમને ઉત્તમ જીવનની લહાણ આપવાના હેતુથી. આ હેતુ માટેનો રામબાણ ઉપાય માત્ર કેળવણી. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કમર કસીને એ કરી રહ્યું હતું. મંડળ જ્યારે અંધશ્રદ્ધા અને કુરૂઢિઓ નિર્મૂળ કરવા અણથક પુરુષાર્થ કરી રહ્યું હોય ત્યારે એની જ ભૂમિ ઉપર—એના જ કૅમ્પસમાં કોઈ જવાબદાર વ્યક્તિને ત્યાં અંધશ્રદ્ધામૂલક પ્રવૃત્તિઓ થતી હોય ત્યારે શું?

ઈ.સ. ૧૯૫૫ પછીના એક વર્ષે તે વખતે રસોડાના કોઠારી તરીકે ફરજ બજાવતા કર્મચારીને ત્યાં ઉપર જણાવ્યો તેવો માહોલ જણાયો. અંધશ્રદ્ધામાં રાચતા માણસને આ સંસ્થામાં ફરજ ઉપર ચાલુ ન રાખી શકાય તેથી મંડળ તરફથી એમને છૂટા કરવા બાબતની જાણ કર્યા પછી બીજો કોઈ માર્ગ ન રહેતાં એમને છૂટા કર્યા અંગેના મંડળના નિર્ણયની જાણ કરી ત્યારે એમણે વળતો જવાબ આપ્યો: "કોઠારની ચાવી મને પોપટભાઈએ સોંપી છે; એ માગશે તો ચાવી એમને સોંપીશ. બાકી હું ચાવી આપવા માગતો નથી!"

કોઠારીના આ જવાબે એમની બરતરફી ઉપર મહોર મારી દીધી. સમસ્યા ન ઊકલી શકે એવી ગંભીર નહોતી. થોડી સમજાવટ અને અંધશ્રદ્ધાના માર્ગેથી પાછા ફરી જવાની ખાતરી સમસ્યાને ઉકેલી નાખવામાં ઉપયોગી નીવડત. કોઠારીના કામ માટે કોઈને ફરિયાદ નહોતી. રસોઇયા, રસોડાના નોકર એમની સૂચના પ્રમાણે વફાદારીપૂર્વક ચાલતા. રસોઈ બાબતમાં પણ વિદ્યાર્થીઓની કોઈ ફરિયાદ નહોતી. બધું સમુંસૂતરું પાર ઉતારી શકાયું હોત પણ એક જવાબે વાતને ડહોળી નાખી હતી. ડહોળી નાખી

હતી એટલું જ નહીં, એના કારણે એક અનિષ્ટ રાજકારણ ઊભું થયું હતું. કોઠારીની બરતરફીની વાત નિમિત્તે સંસ્થામાં પરસ્પરવિરોધી પ્રવાહો શરૂ થયા હતા. કહો કે, બે પક્ષ પડી ગયા હતા. આ બે પક્ષ સંસ્થા પૂરતા મર્યાદિત ન રહ્યા. એ પક્ષો પ્રવાહ બનીને મંડળના સભ્યોમાં વહેતા થયા હતા. એટલું જ નહીં જે સભ્યો સક્રિય હતા એ નવા સભ્યોની નોંધણી કરીને કાર્યાલયમાં સભ્ય ફી ભરીને નવા સભ્યો ઊભા કરીને પોતાના પક્ષને મજબૂત કરવામાં કામે વળગ્યા હતા.

હવે વાત એવી રીતે વણસી હતી કે જરૂર પડ્યે રજૂ કરી શકાય એ માટે સભ્યોનાં નિવેદનો લેવાવાં માંડ્યાં હતાં. જાણે એક બાજુ પોપટભાઈના વલણના માણસો એકઠા થઈ રહ્યા હતા (પોપટભાઈ તો મુંબઈ ખાતે હતા. પોતાના પ્રભાવ અને નામનો ઉપયોગ થઈ રહ્યો છે એ કદાચ એ જાણતા પણ નહીં હોય.)

વાર્ષિક સાધારણ સભાનો દિવસ આવે એ પહેલાં તો સભ્યો દાંત કકરાવીને તૈયાર થઈ ચૂક્યા હતા.

આખરે એ દિવસ આવ્યો.

વાર્ષિક સાધારણ સભા કાયમ શાળાના સેન્ટ્રલ હૉલમાં ભરાતી. માંડ સિત્તેર કે એંશી સભ્યો સભામાં હાજર હોય. પણ આજની સભામાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યાનો અંદાજ આવી ગયો હોય એમ આ સભા આશ્રમના ચોકમાં રાખવામાં આવી હતી. સંકડાશનો પ્રશ્ન ન રહે એ હેતુ હતો.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વાર્ષિક સાધારણ સભામાં આ વર્ષે લગભગ અઢીસોની સંખ્યામાં સભ્યો હાજર હતા. વાતાવરણ ભારેલા અગ્નિ જેવું હતું. ભડકો થાય તો તેને કાબૂમાં લેવાની વાત સભાના પ્રમુખ માટે ચિંતાનો વિષય હતો. સભાના પ્રમુખ શ્રી રામચંદ્ર અમીન હતા. પોતે એક બાહોશ વકીલ હતા. પણ અહીં, આ સ્થિતિમાં એ જરા ઉદ્વિગ્ન હતા.

એજન્ડાનું કામ શરૂ થાય એ પહેલાં પ્રમુખશ્રીની મંજૂરીથી શ્રી શિવાભાઈ પટેલ પ્રાસ્તાવિક વક્તવ્ય આપવા ઊભા થયા. શ્રી શિવાભાઈ અને શ્રી સાંકળભાઈ વીસનગરના મૂર્ધન્ય નેતાઓ. શિવાભાઈ ઇતિહાસના પ્રખર અભ્યાસી. એમનું બોલવાનું આખું, પણ ભારે માર્મિક. અત્યારે આ સભામાં એ લગભગ અર્ધો કલાક બોલ્યા. સારોયે અર્ધો કલાક શિવાભાઈના હૈયામાં પ્રગટીને મુખેથી વહેતી સંવેદનશીલ વાણીનો પ્રભાવ એવો રહ્યો કે સભાના સભ્યોના તપ્ત અને કંઈક રોષથી ઉત્તેજિત ચિત્ત ધીરે ધીરે ઠરતાં ગયાં અને વક્તવ્યને અંતે આખી સભા શાંત વાતાવરણના પ્રભાવ હેઠળ એવી તો મંત્રમુગ્ધ બની રહી કે એજન્ડાના કામ માટે જરાક ગતિરોધ થયો.

એ સભામાં કશી દખલ કે ડખા વગર કામ ચાલ્યું અને સભાનું કામ પૂરું થાય એ પહેલાં શ્રી રામચંદ્ર અમીનસાહેબે એ સભામાં જ સૌના સાંભળતાં મંડળ કાર્યાલયને આદેશ આપ્યો: "જે નિવેદનો લેવાયાં છે એ બધાં એકજથ્થે કરીને મજબૂત કવરમાં પૅક કર્યા પછી સીલ કરવામાં આવે."

પ્રમુખશ્રીની સૂચના પ્રમાણે બધાં નિવદેનો કવરમાં સીલ થયાં અને મંડળ કાર્યાલયમાં એ સચવાયાં. કંઈ આઘુંપાછું ન થયું હોય તો તે આજે પણ સચવાયેલાં હોય.

એક સાધારણ બાબતના કારણે જાહેર સંસ્થામાં સમસ્યા કેવું વિકૃત સ્વરૂપ ધારણ કરે છે એનું જાણે આ એક ઉદાહરણ હતું.

સંસ્થાની પ્રતિષ્ઠાને અકબંધ રાખીને જાણે એક ઝંઝાવાત પસાર થઈ ગયો!

*

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલનને ભારે આંચકો આપનાર એક ઘટના ઈ.સ. ૧૯૬૦-૬૧ના શૈક્ષણિક વર્ષના અંતે અને નવા વર્ષ અગાઉના વેકેશનગાળામાં બની ગઈ. સર્વ વિદ્યાલયના આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈએ સર્વ વિદ્યાલયના આચાર્યપદેથી રાજીનામું આપીને બાવળાના એ.કે. વિદ્યામંદિરના આચાર્યપદ માટેની નિમણૂક લીધી હોવાના સમાચારે સર્વ વિદ્યાલયની દુનિયામાં ખળભળાટ મચાવી દીધો. શ્રી નાથાભાઈ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીજગતમાં ખૂબ પ્રિય. એમણે આમ એકાએક રાજીનામું કેમ આપ્યું? આવો એક પ્રશ્ન ઊભો થયો. જે બનાવમાં ચોખ્ખી સ્પષ્ટતા ન હોય એમાં અનેક તર્ક અને અનેક પ્રકારની વાતો વહેતી થાય. આ ઘટનામાં મુખ્ય વાત એ વહેતી થઈ કે મંડળ સાથેના મતભેદના કારણે નાથાભાઈસાહેબે રાજીનામું આપ્યું છે. નાથાભાઈ વિદ્યાર્થીઆલમમાં પ્રિય હોય એટલે એ વાલીસમાજ અને એને આનુષંગિક પ્રક્રિયારૂપે લોકોમાં પણ એટલા જ લોકપ્રિય થયા હોય. લોકોમાં રોષ પ્રગટ્યો અને નિશાન સંચાલકમંડળ બન્યું. લોકોમાં એક પ્રશ્ન જાગવો જોઈતો હતો—નાથાભાઈ એક ઉત્તમ શિક્ષક હતા. સંસ્થાની પ્રગતિ માટે એમનો સતત પુરુષાર્થ હતો. એમના ચારિત્ર્યમાં કોઈ એબ નહોતી. સંસ્થા અંગેનો એમનો નાણાકીય વ્યવહાર સ્ફટિક જેવો પારદર્શક હતો પછી સંચાલકમંડળ નાથાભાઈએ રાજીનામું આપવું પડે એવું કોઈ વલણ શા માટે દાખવે? સંસ્થા માટે આ ચોખ્ખો ખોટનો ધંધો ગણાય. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલકો નિઃસ્વાર્થ સેવકો તરીકે જાણીતા હતા. તો પછી દોષનો ટોપલો એમના માથે કેમ ઢોળવામાં આવતો હતો? આ ઘટનામાં સમગ્ર મંડળ દોષિત ન હોય એ તર્કથી સમજાય એવું છે, અંશની વાત અલગ છે. એકાદ વ્યક્તિ કારણરૂપ હોઈ શકે. એકાદ વ્યક્તિના કારણે નાથાભાઈ આખી સંસ્થાને નુકસાન પહોંચે એવું પગલું ભરે ખરા? નાથાભાઈ જેવા સુજ્ઞ માણસ એક જ વ્યક્તિના કારણે સંસ્થામાં અશાંતિ પ્રગટે એવું પગલું ન ભરે, એવી રીતે માત્ર એકાદ ઘટનાના કારણે ક્ષણિક આવેશવશ રાજીનામું મૂકે એવું પણ ન બને. સમજી શકાય એવું છે એટલે આ રાજીનામું એ ઠીક ઠીક સમયગાળામાં વ્યાપ્ત સંજોગોનું જ કારણ હોય. આ સમયગાળામાં વિકસતી અને વકરતી પરિસ્થિતિ અને પરિણામે રાજીનામું એ સમગ્ર સ્થિતિ વિશે તો અંતઃપ્રવાહો જેણે નજરે નિહાળ્યા હોય એ જ સાચું કારણ સમજી શકે. વિદ્યાર્થીઓ, વાલીઓ કે લોકો પેલા અંતઃપ્રવાહોથી દૂર હોવાના એટલે કારણના સંપૂર્ણ પરિચયમાં એ ન હોય.

સંચાલકમંડળમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના એક મંત્રી તરફથી કોઈક કોઈક વાર થતી અણગમાભરી તીખી ટીકા થતી હોય એથી નોકરીમાંથી મન ઓસરી જાય એ પણ ખરું. પણ ટીકા કરનાર આ મંત્રી મિટિંગના પ્રસંગ સિવાય કેમ્પસમાં કદી પગ મૂકતા નહોતા. ટીકા કરવા માટેનું માહિતી-ભાથું એમને મળતું હતું ક્યાંથી? મંડળ કાર્યાલય સિવાય બીજો કયો સ્રોત હોઈ શકે?

નાથાભાઈના રાજીનામાના કારણરૂપ આટલી જ વાત નહોતી. સંસ્થામાં કામ કરવામાંથી એમનું મન ઊઠી ગયું એનાં બીજાં કારણો પણ ઓછાં પ્રબળ નથી. સ્ટાફ પરની ત્રણ-ચાર વ્યક્તિઓનો એમને ઓછો ઉપદ્રવ નહોતો. મંડળ કાર્યાલયની વ્યક્તિ સાથે સ્ટાફ પરના બે શિક્ષકો તો ભળેલા હતા. પણ એમનું કશું ઊપજી શકે એમ નહોતું પણ છેલ્લાં બેત્રણ વર્ષથી બીજા એક શિક્ષકે ભારે ઉપાડો લીધો હતો. એણે બે-ત્રણ શિક્ષકોને પાંખમાં લીધા હતા. આ શિક્ષક દ્વારા 'ગુરુપત્ર' નામનું હસ્તલિખિત અઠવાડિક પુસ્તકાલયના ઘોડા પર મૂકવામાં આવતું હતું. એક વખત આ ટોળીમાંના એક શિક્ષકે મર્યાદા વટાવીને નાથાભાઈના અંગત જીવન વિશે એ ગુરુપત્રમાં લખ્યું હતું.

નાથાભાઈએ એક દિવસ આ ગુરુપત્રના સંપાદક શિક્ષકને બોલાવીને કહ્યું હતું: "...ભાઈને આચાર્ય તરીકે ક્યારે લાવો છો?" જે વ્યક્તિ પાસેથી નાથાભાઈનું આ કથન અમે સાંભળ્યું તે અત્યંત વિશ્વસનીય હતી એટલે આ નોંધ અહીં કરી છે.

આ શિક્ષક દ્વારા સંસ્થાની પ્રતિષ્ઠાને ભયંકર હાનિ પહોંચે એવાં કાળાં કામ થતાં હતાં એ નાથાભાઈ કેમ ન જાણતા હોય?

આવા શિક્ષકોને નાથાભાઈ ચલાવી કેમ લેતા હતા? હજુ ગ્રાન્ટ-ઇન-એઇડ કોડનું અસ્તિત્વ નહોતું. ગમે તેટલી સર્વિસ થઈ હોય તોપણ કાયમી શિક્ષકને ત્રણ મહિનાની નોટિસ આપીને છૂટો કરી શકાતો હતો. સ્ટાફ પરથી ત્રણ-ચાર શિક્ષકોને છૂટા કરવા જેવા હતા. એ ન થયું.

મનમાં જે હોય તે ખરું, નાથાભાઈએ રાજીનામું આપી દીધું. એમણે બાવળાની શાળાનો ઑર્ડર લઈ લીધો.

ઉપર કહ્યું તે પ્રમાણે જે પ્રચાર થઈ રહ્યો હતો એથી સંસ્થાસંદર્ભે વાતાવરણ દિવસે દિવસે વધારે ને વધારે બગડતું જતું હતું. સંખ્યાબંધ વિદ્યાર્થીઓ શાળા છોડ્યાનું સર્ટિફિકેટ મેળવીને શાળા છોડવા લાગ્યા. એમને અટકાવે કોણ? આ કામ કરી શકે એવો કોઈ પ્રભાવશાળી શિક્ષક સ્ટાફમાં નહોતો. કોઈ મોટું તોફાન આવવાનું હોય એવાં એંધાણ સ્પષ્ટ જણાતાં હતાં. ઉપાય શો?

આ બધું થયું ત્યારે હું સ્ટાફ પર નહોતો. હૉસ્ટેલમાં રહીને એમ.એ.નો નિયમિત અભ્યાસ કરવા માટે હું ૧૯૫૯નું શૈક્ષણિક વર્ષ પૂરું થતાં રાજીનામું આપી છૂટો થયો હતો. ઉપર વર્ણવી તે પરિસ્થિતિની જાણ તો મને મે વેકેશનમાં પાટણ ખાતે થઈ. એક દિવસ કડીથી શ્રી ભાઈલાલભાઈ મારે ત્યાં પાટણ આવ્યા. એમણે બધી વાત કહી અને પછી જણાવ્યું: "તમે આચાર્યપદ સંભાળો એવી મંડળની ઇચ્છા છે. મંડળનો આ સંદેશો લઈને હું આવ્યો છું."

કૉલેજમાં અધ્યાપક થવા મેં માધ્યમિક શાળા છોડી હતી. અમદાવાદની એક આર્ટ્સ અને ઍજ્યુકેશન કૉલેજનો મેં ઑર્ડર લઈ રાખ્યો હતો. (એમ.એ.નું પરિણામ બાકી હતું પણ મૅનેજમૅન્ટે બી.એડ્.ના પરિણામના આધારે મને ઑર્ડર આપી દીધો હતો. કામ આર્ટ્સ કૉલેજમાં કરવાનું હતું.)

સાહિત્યક્ષેત્રે મારું નામ સારી રીતે જાણીતું થયું હતું. મારાં ચાર પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં હતાં. અમદાવાદ સાહિત્ય માટેનું ઉત્તમ ક્ષેત્ર. લાંબી કારકિર્દી બાકી હતી. મહત્ત્વાકાંક્ષા પ્રબળ હતી એટલે કડી જવા માટેની મારી તૈયારી નહોતી. મેં વિનયપૂર્વક અનિચ્છાનો સંદેશો શ્રી ભાઈલાલભાઈ સાથે મોકલ્યો.

પછી ઘણું બધું થયું. એ બધું લખવાનો અહીં અવકાશ ન હોય. ઉપર જે લખ્યું તે અનિવાર્ય હતું એટલે નોંધ્યું.

આખરે મેં સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું.

શાળાના સત્રના પ્રથમ દિવસે ઑડિટોરિયમમાં પ્રાર્થના સમયે મારો પ્રવેશ વિદ્યાર્થીઓએ તાળીઓથી વધાવી લીધો અને મારા મંગળ પ્રવચન પછી ક્યાંય સુધી વિદ્યાર્થીઓની તાળીઓથી સંસ્કાર ભવન ગાજતું રહ્યું.

આચાર્ય તરીકેનો એક દિવસનો પણ મને અનુભવ ન હોવા છતાં આ પદ મેં સ્વીકાર્યું હતું.

~ ૪૩ ~

ગાંધીનગર શાખાનો ઉદ્‌ભવ, વિકાસ અને શેઠ સી. એમ. હાઈસ્કૂલનો ખાતવિધિ

ઈ.સ. ૧૯૧૯માં કડવા પાટીદાર કેળવણી મંડળ દ્વારા આરંભાયેલા વિદ્યાર્થી આશ્રમ અને તે પછી ૧૯૨૨માં સ્થપાયેલા પાટીદાર વિદ્યાલયનો ઇતિહાસ જેટલો રોમાંચક અને વીરત્વભર્યો છે એટલો જ, પણ ભિન્ન રીતે, રોમાંચક અને સાહસભર્યો ઇતિહાસ ગાંધીનગરમાં સ્થપાયેલી સંસ્થાની શૈક્ષણિક શાખાનો આરંભનો છે.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના ૫૬ વર્ષની જઈફ વયે પહોંચેલા છગનભાના અણથક પુરુષાર્થના પરિણામે થઈ જ્યારે ગાંધીનગરની આ શાખાની સ્થાપના લગભગ ૮૦ વર્ષની વયે પહોંચેલા પુરુષોત્તમદાસ ૨. પટેલ (દાસકાકા)ના એકલ પુરુષાર્થના આધારે થઈ. છગનભાને તો મજબૂત ટેકારૂપ શ્રી નગીનભાઈ વૃજલાલ પટેલની પૂરી સહાય હતી.

ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાની સ્થાપના માટે દાસકાકાએ એકલા હાથે સામે પૂર તરીને લક્ષ્ય સુધી પહોંચવાની મથામણ કરવાની હતી. એ વર્ષોમાં ગાંધીનગરની મુલાકાત લેનાર સૌ કોઈ જાણે છે કે વૃક્ષરાજિથી રળિયામણા ગણાતા ગાંધીનગરમાં એકલ મુસાફર માટે કોઈ સુવિધા ન હતી. છૂટાં-છવાયાં અણવિકસિત સેક્ટરો, સેક્ટર-સેક્ટર વચ્ચે પણ લાંબાં અંતર, એક સ્થળેથી બીજે સ્થળે જવા હાથવગાં ભાડાનાં કોઈ વાહન નહીં, ભૂખ્યાતરસ્યા મુલાકાતી માટે ઝટ ક્યાંય કોઈ હોટલ, રેસ્ટોરાં કે વીશી નજરે પડે નહીં. ગુજરાતના દૂરના ખૂણેથી કચેરીના કામે આવેલો માણસ ગાંધીનગરની આ લેબિરિન્થ (ભુલભુલામણી)માં ભટક્યા કરે પણ માર્ગસૂઝણું એને દોહ્યલું થઈ પડે. ...૮૦ વર્ષના બુઢ્ઢાએ આ ભૂમિમાં એક નમૂનેદાર શાળા સ્થાપવાનું સ્વપ્નું સેવ્યું હતું. દાસકાકા એક એવી સંસ્થા સ્થાપવા માગતા હતા જેમાં તૈયાર થયેલા વિદ્યાર્થીઓ ભલે સાદગીમાં રાચતા હોય પણ બોઘા જેવા ન રહે. નોકરી માટે ઇન્ટરવ્યૂમાં જાય ત્યારે એ બોઘા જેવા ન જણાય, ઊલટું, ચપળ હોવાની છાપ ઊભી કરી શકે. એ શાળામાં ભણતો વિદ્યાર્થી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીમાં પાવરધો હોય અને આઈ.એ.એસ. માટેની પરીક્ષા સહેલાઈથી પસાર કરી શકે...

ગાંધીનગરમાં શિક્ષણ સંસ્થા સ્થાપવાનો વિચાર દાસકાકાએ સૌ પ્રથમ ઈ.સ.૧૯૭૨-૭૩ની વાર્ષિક સાધારણ સભામાં રજૂ કર્યો. એ વખતે આ વિચાર કે યોજના અંગે સભામાં ઝાઝી ચર્ચા ન થઈ. પણ દાસકાકાએ એ વિચાર અને યોજનાને સાકાર કરવા એ દિશામાં પુરુષાર્થ આદર્યો. ઘટતા પ્રયત્ન પછી સરકાર તરફથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે હાઈસ્કૂલ અને છાત્રાલયો માટે ગાંધીનગરના સેક્ટર ૨૩માં ૧૩ એકર જમીન ફાળવવામાં આવી. સંસ્થાની સ્થાપના માટે સૌથી મહત્ત્વનું અને પ્રથમ સોપાન આ હતું. આ પછી બીજા મહત્ત્વના પગલા તરીકે દાસકાકાએ આસપાસના ગ્રામવિસ્તારના આગેવાન ભાઈઓની એક સભા બોલાવી. અને પોતાની યોજનાને આ સભામાં રજૂ કરીને વિસ્તૃતપણે

સમજાવી. આ સભામાં આ વિસ્તારના લોકોના સંપૂર્ણ સહકારની હૈયાધારણ મળ્યા પછી દાસકાકાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના વ્યવસ્થાપક મંડળની તા. ૧૬-૯-૭૩ની સભામાં ગાંધીનગરની આસપાસના વિસ્તારોના આગેવાનોની સભામાં થયેલી ચર્ચા-વિચારણાનો અહેવાલ આપ્યો અને સંસ્થા સ્થાપવાની દિશામાં મંડળ પાસે અપેક્ષિત કાર્યવાહી માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો. પરિણામ સ્વરૂપે આગળની કાર્યવાહી કરવા વ્યવસ્થાપક મંડળ (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ક.પા. કેળવણી ઉ. મંડળની સંયુક્ત બેઠકમાં) તરફથી શ્રી છગનલાલ કાળિદાસ પટેલ અને શ્રી રામદાસ છગનલાલને સત્તા આપવામાં આવી.

ગાંધીનગર અંગે આમ કાર્યસોંપણી થયા પછી જે કંઈ માહિતી પ્રાપ્ત થઈ અને અનુભવના આધારે જે કંઈ માહિતી એકત્ર કરી શકાઈ એના આધારે સંસ્થાના મંત્રીઓએ ઈ.સ. ૧૯૭૪-૭૫ની સાધારણ સભામાં આ પ્રમાણે અત્યંત ટૂંકું નિવેદન કર્યું: "ગાંધીનગરમાં શિક્ષણ સંસ્થાઓ ઊભી કરવાની બાબતમાં કંઈ પ્રગતિ સાધી શકાઈ નથી અને તે લગભગ છોડી દીધા જેવી સ્થિતિમાં છીએ."

આટલા ટૂંકા નિવેદનનો ઉત્તરાર્ધ ઘણું બધું કહી જાય છે. આટલી મોટી પ્રતિષ્ઠા ધરાવતું મંડળ 'લગભગ છોડી દીધા જેવી સ્થિતિ'ની વાત કરે ત્યારે શું સમજવું? જે મંડળ પારાવાર ખોટ કરતી સંસ્થાઓ પણ બેધડક ચલાવી શકતું હોય એ આમ ગાંધીનગર જેવા પાટનગરમાં જ્યાં સરકાર તરફથી ૧૩ એકર જેટલા વિસ્તારની જમીન પ્રાપ્ત થઈ શકી હોય છતાં પણ મેદાનમાંથી ખસી જાય એ શું સૂચવે છે? એક એવા વાતાવરણનો ઘટાટોપ રચાઈ રહ્યો હતો જેના કારણે મંત્રીઓએ આમ કહેવાનું મુનાસિબ માન્યું હોય. શા હતા એ સંજોગો જેના આધારે મંત્રીઓએ આમ કહેવું પડ્યું?

પ્રથમ તો, કડીનાં બંને મંડળોના સભ્યોમાંના કેટલાક ગાંધીનગરમાં મંડળ શાળા કે બીજી શિક્ષણસંસ્થાઓ ખોલે એમાં રાજી ન હતા. કેટલાક એનો ખુલ્લો વિરોધ કરવા લાગ્યા હતા. કારોબારીના સભ્યોમાં પણ કેટલાક ગાંધીનગરમાં શાળા શરૂ કરવા બાબતમાં ઉદાસીન હતા. રાજીપાનો અભાવ, વિરોધ અને ઉદાસીનતાના આ વિવિધ પ્રવાહોમાં વિચારોના જુદા જુદા સૂર સાંભળવા મળતા હતા. જેમાંના કેટલાક આ પ્રકારના હતા:

> ગાંધીનગરમાં શાળા ઊભી કરવી એટલે ગાંધીનગરના સરકારી કર્મચારીઓનાં બાળકો ભણાવવા માટેની એક વ્યવસ્થા ઊભી કરવી.
>
> આપણા વિસ્તારના, આપણા જિલ્લાના અને આપણાં ગામડાંનાં બાળકો ગાંધીનગરમાં શરૂ કરેલી શાળાનો લાભ લઈ શકશે નહીં.
>
> કડીની સંસ્થામાં જ હજુ ઘણું કરવાનું બાકી છે, ઘણી સુવિધાઓ અહીં આપી શકાઈ નથી. કડીની સંસ્થાઓમાં જ ભારે આર્થિક તૂટ રહ્યા કરે છે ત્યાં ગાંધીનગરનો ખર્ચ વેઠવામાં શાણપણ ક્યાં રહ્યું?
>
> કડી માટે ફંડના ઉઘરામણીમાંથી હજુ ઊંચા આવી શકતા નથી. હવે એ પડતું મૂકીને ગાંધીનગર માટે ઝોળી લઈને નીકળવામાં શો મેળ બેસશે?

આવું આવું ઘણું કહેવાતું હતું. એ કહેવા પાછળ એક જ તર્ક ખેંચાયા કરતો હતો – ગાંધીનગરમાં નિશાળ ઉઘાડવી એમાં ડહાપણ નથી. એ નર્યો ખોટનો ધંધો છે.

ગાંધીનગરના સરકારી કર્મચારીઓના લાભાર્થે જ આ સંસ્થા શરૂ કરવા જેવું ગણાશે, અથવા કડી વિસ્તાર કે જિલ્લાનાં બાળકો ગાંધીનગરની શાળાનો લાભ નહીં લઈ શકે એ તર્કમાં કશું વજૂદ નહોતું, કારણ કે ૧૩ એકર જમીનમાંથી અર્ધોઅર્ધ જમીન વિસ્તારમાં છાત્રાલયો પણ બાંધવાનાં હતાં. કડીનાં છાત્રાલયોમાં જેમ ગુજરાતના ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓ ભણવા આવે છે એમ ગાંધીનગરની આ શાળામાં પણ અભ્યાસ માટે બાળકો ગુજરાતના ગમે તે ખૂણામાંથી આવી શકે. એટલે ઉપરોક્ત વાહિયાત તર્કવાળી દલીલો કરનારાઓ તો કોઈ સંકુચિત ભાવનાથી પીડાતા હતા એમ જ કહી શકાય. પણ જે સભ્યો આર્થિક પાસાનો આશ્રય લઈને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા હતા એમની નિષ્ઠા દૂષિત ન હતી. એમની રીતે એમની વાતમાં કંઈક તથ્ય હતું. સંસ્થાના પ્રતિવર્ષના રિપોર્ટ સંસ્થાના દરેક સભ્યને મોકલવામાં આવે છે અને એમાં સંસ્થાના પ્રત્યેક એકમના હિસાબો પણ આપવામાં આવે છે. જ્યારે ગાંધીનગરમાં સંસ્થા શરૂ કરવાની વાત ચાલતી હતી એ વર્ષોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના હસ્તક ચાલતા લગભગ બધા એકમો ખોટમાં ચાલતા હતા. ઈ.સ. ૧૯૭૫-૭૬ના વર્ષની વાત કરીએ તો સંસ્થાઓની ખોટના આંકડા આ પ્રકારે હતા: સાયન્સ કૉલેજ રૂ. ૫૦,૨૬૦, સર્વ વિદ્યાલય પ્રાથમિક વિભાગ રૂ. ૬,૦૩૯, ટૅક્નિકલ હાઈસ્કૂલ ૧૧,૨૮૧, ફાર્મ મિકેનિક વર્ગ રૂ. ૧,૭૫૯, નવીન સર્વ વિદ્યાલય–વડનગર રૂ. ૨૧,૯૧૭, આઈ.એમ.જે. સર્વ વિદ્યાલય–બલોલ રૂ. ૧૨,૪૩૮ આઈ.એમ.જે. સર્વ વિદ્યાલય પ્રાથમિક વિભાગ–૧ રૂ. ૨,૪૮૨ અને પ્રાથમિક વિભાગ–૨ રૂ. ૯૯૦, આમ સંસ્થાની કુલ ખોટ રૂ. ૧,૦૭,૧૬૬ હતી. પ્રતિ વર્ષ લગભગ એક લાખ રૂપિયાની ખોટ વેઠતી સંસ્થાની પીઠ ઉપર ખોટનો નવો બોજો ઉમેરતી વખતે કેટલાક સભ્યો અચકાય અને નકારાત્મક સૂર કાઢે એ સ્વાભાવિક છે. આર્થિક બોજ ઉપાડવાની વાત આવે એટલે એક પ્રકારની ઉદાસીનતા પ્રગટે એ સ્વાભાવિક છે. મંડળના કેટલાક સભ્યો ગાંધીનગરની સંસ્થા શરૂ કરવાની બાબતે આ પ્રકારની ઉદાસીનતાની અસર નીચે આવી ગયા હતા!

પણ દાસકાકા આવા વાતાવરણમાં હિંમત હારે એમ ન હતા. એ કહેતા—'મારા ગુરુ સરદાર હતા. નીડર રહેવું અને ધારેલું કામ ગમે તે ભોગે પાર પાડવા મથવું—એ પાઠ મને સરદાર પાસેથી શીખવા મળ્યો હતો!" એમની કાર્યપદ્ધતિનો ખ્યાલ એમણે અન્ય સંદર્ભે તા. ૧૩-૧૨-૭૫ના રોજ મંડળના મંત્રીશ્રી ઉપર લખેલા એક પત્રમાંથી મળી રહે એમ છે. એમણે એ પત્રમાં લખ્યું હતું: "સંસ્થાનું કામ કરવા માટે મક્કમતા જોઈએ. કામ કરે તેની ટીકા થાય. ટીકાથી બીએ છે તે કામ કરી શકતા નથી. નૂતન વર્ષે મારી આપની પાસે માગણી છે કે મક્કમ બનો અને ટીકાથી ગભરાવાનું છોડી દો."

દાસકાકા ઘણી વાર કહેતા, "હું તો રેતીમાં નાવ ચલાવનાર માણસ છું." એમના આ ઉદ્‌ગારમાં એમની આત્મશ્રદ્ધા, હિંમત અને સાહસવૃત્તિ ચોખ્ખી જણાઈ આવે છે. એમના વ્યક્તિત્વનાં આ પાસાં ગાંધીનગરમાં સંસ્થા સ્થાપવા બાબતમાં સોળે કળાએ ખીલી ઊઠ્યાં હતાં.

જ્યારે એક બાજુ ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થા શરૂ કરવા અંગે વિચારણાઓ ચાલતી હતી ત્યારે બીજી બાજુ એ જ અરસામાં દાસકાકાના સન્માનની વાત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા નિષ્ઠાપૂર્વક વિચારાઈ રહી હતી.

દાસકાકાના સન્માન અંગે વિચારણા કરવા તા. ૨૯-૨-૭૬ના રોજ કડીનાં બંને મંડળોનાં વ્યવસ્થાપક મંડળની સભા મળી હતી. આ સભામાં દાસકાકાના મિત્રો, સ્નેહીઓ અને શુભેચ્છકોને

પણ આમંત્રવામાં આવ્યા હતા. આ સભામાં દાસકાકાના સન્માનાર્થે એક સન્માનથેલી એકત્ર કરવાનો અને સન્માનગ્રંથ પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો. એ માટે શ્રી નટવરલાલ અ. પટેલ (એમ.પી.)ના પ્રમુખપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. ઉપરાંત વિભાગવાર ફંડ સમિતિઓ, ગ્રંથ સમિતિ વગેરેની પણ રચના કરવામાં આવી હતી.

સન્માન ફંડપ્રવૃત્તિનું કામ ચાલુ હતું એ દરમિયાન ૧૯૭૫-૭૬ની વાર્ષિક સાધારણ સભામાં દાસકાકાએ સન્માન થેલીની રકમ તેમ જ જાહેરખબરની આવકમાંથી ખર્ચની રકમ બાદ કરતાં શેષ રહેલી રકમ ગાંધીનગરમાં ઊભી થનાર શાળા નિમિત્તે વાપરવાનું જાહેર કર્યું.

આ જાહેરાતની અસર અંગે એક અભિપ્રાય એવો વહેતો થયો હતો કે દાસકાકાની આ જાહેરાતના કારણે સન્માન થેલી જેટલી છલકાઈ જવી જોઈએ એટલી ન છલકાઈ.

કારણ જે હોય તે ખરું, પણ ગુજરાતના એક લોકનેતા જેમની સેવાઓ સામાજિક, ખેતી, ગ્રામસમાજ, સહકાર અને કેળવણીક્ષેત્રમાં અડધી સદી કરતાં વધારે સમય સુધી સક્રિયપણે મળતી રહી એ લોકસેવકની સન્માનથેલીમાં માત્ર એક લાખ રૂપિયાનું ભરણું થાય એ કેવું? આ ફંડ એકઠું કરવા માટે સંસ્થાના મંત્રીઓ શ્રી ધનાભાઈ હ. પટેલ અને શ્રી માણેકલાલ એમ. પટેલ તેમ જ શ્રી રતિલાલ મ. પટેલ અને ડૉ. ચતુરભાઈ પટેલે સારી એવી જહેમત ઉઠાવી હતી.

ઈ.સ. ૧૯૭૭માં સરકારે ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે ફાળવેલી ૧૩ એકર જમીનમાંથી ફક્ત ૬.૫ એકર જમીનનો કબજો આપ્યો અને બાકીની જમીન રિઝર્વમાં (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે) રાખી. સરકારે આપેલી આ ૬.૫ એકર જમીન એટલે કે, ૨૬,૦૦૦ ચોમીમાંથી ૪૧૪૦ ચોમી જમીનના એક ચોમીના રૂ. ૧૫ પ્રમાણે અને બાકીની ૨૧૮૬૦ ચોમી જમીન મીટર દીઠ રૂ. ૧ ના ટોકન ભાડા પ્રમાણે રકમ ચૂકવવાની હતી. સદર વેચાણ જમીનની કિંમત રૂ. ૬૩,૧૦૦ મંડળે તા. ૨૪-૨-૭૭ના રોજ સરકારમાં ભરી દીધા. એ જ દિવસે જમીનનો કબજો મેળવીને દસ્તાવેજ પણ કરી લીધો. અને સનદ પણ મેળવી લીધી.

૧૩ એકર ફાળવવામાં આવેલી જમીનને બદલે ફક્ત ૬.૫ એકર જમીન મળી એટલે મકાનોના બાંધકામની યોજનામાં થોડો ફેરફાર કરવાની જરૂર પડી. અગાઉ જ્યારે સરકાર તરફથી ૧૩ એકર જમીન ફાળવવામાં આવી ત્યારે વિના વિલંબે જમીનની કિંમત ચૂકવીને કબજો મેળવી શકાયો હોત તો મકાન બાંધકામની યોજનામાં કોઈ ફેરફાર કરવો પડ્યો ન હોત. અગાઉની યોજના પ્રમાણે સાડા છ એકરમાં શૈક્ષણિક મકાનો બાંધવાનાં હતાં અને બીજા સાડા છ એકરના વિભાગમાં છાત્રાલયો, રસોડાં, ગૃહપતિ આવાસો વગેરેનું બાંધકામ કરવાનું હતું. પણ સમયસર જમીન ખરીદવાનું અને સરકારે મૂકેલી શરતોનું પાલન ન થયું. સરકારની શરત એ હતી કે જમીનનો કબજો મેળવ્યા પછી ત્રણ વર્ષમાં જ યોજના પ્રમાણેનાં બાંધકામ કરવાં. આ શરતનું પાલન ન થયું એટલે પૂરા વિસ્તારની જમીન સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ન મળી શકી અને ૬.૫ એકર જમીન રિઝર્વમાં રહી. આવી મહત્ત્વની પૂરી જમીન મંડળ શાથી તરત ન મેળવી શક્યું એના કારણમાં તો અગાઉ કહેવાઈ ગયેલી પેલી ઉદાસીનતા જ હતી. મંડળના સભ્યોએ ગાંધીનગરમાં સંસ્થા સ્થાપવાની વાતને પૂરા ઉત્સાહથી વધાવી લીધી હોત અને ત્વરિત કાર્યવાહી આદરી દીધી હોત તો ૬.૫ એકર જમીન રિઝર્વમાં ન જાત.

અલબત્ત, રિઝર્વમાં ગયેલી જમીનને પાછી મેળવવા માટે મંડળે ઘણો પુરુષાર્થ કરવો પડ્યો. બીજા

શબ્દોમાં કહીએ તો ઘણી દોડધામ કરવી પડી. ઈ.સ. ૧૯૮૪માં દાસકાકાનું અવસાન થયું ત્યાં સુધી એમણે રિઝર્વમાં રહેલી જમીન મેળવવા પ્રયત્ન કર્યો અને તે પછી ગાંધીનગર શાખાના હાલના ચેરમેન શ્રી માણેકલાલ મા. પટેલ, શ્રી નટવરલાલ અ. પટેલ તેમ જ સંસ્થાના અન્ય કાર્યકરો વગેરેએ જમીન મેળવવા મહેનત કરવી પડી. આ કાર્યમાં શ્રી માણેકલાલ મા. પટેલનો પુરુષાર્થ દાદ માગી લે એવો હતો. રિઝર્વમાં રહેલી જમીન સંસ્થાને પાછી મળી ત્યાં સુધી સતત ધૂપછાંવનું વાતાવરણ ચાલુ રહ્યું. આ પ્રક્રિયા દરમિયાન રાજ્યના ચાર ચાર મુખ્યમંત્રીઓનાં શાસન આવી ગયાં. સહાનુભૂતિ સૌની હતી. અમલદારોની નોંધો હકારાત્મક હતી. પણ મંત્રીઓ પક્ષે ક્યાંક સ્વમાનભંગ થયું, ક્યાંક તેનો વધ થયો, ક્યાંક જ્ઞાતિવાદ વચ્ચે આવ્યો તો ક્યાંક રાજકારણ નડી ગયું. પણ અંતે રિઝર્વમાં રહેલી જમીન મંડળને સુપરત થઈ.

૧૯૭૭માં સરકાર તરફથી ૬.૫ એકર જમીનનો કબજો મળ્યો એ પછી મંડળે ઝડપી પ્રગતિ કરવાની જરૂર ઊભી થઈ. એ વર્ષોમાં દાસકાકા મંડળના ઉપપ્રમુખ હતા. પ્રમુખની અનુપસ્થિતિમાં ઉપપ્રમુખે મંડળના પ્રમુખની હેસિયતથી કામ કરવાની જરૂર રહે એ ન્યાયે ગાંધીનગરમાં શાળા સ્થાપવાની દિશામાં હવે દાસકાકાએ ઝડપી કાર્યવાહી શરૂ કરી.

એમણે તા. ૨૪-૪-૭૭ના રોજ ગાંધીનગરની આસપાસનાં ગામો અને તાલુકાના ભાઈઓની એક સભા ગાંધીનગરમાં બોલાવી. એમાં ગાંધીનગરમાં ઊભી કરવામાં આવનાર સંસ્થાઓ વિશે વિસ્તૃત ખ્યાલ આપ્યો. અને અગાઉ આ વિસ્તારોના ભાઈઓની ઈ.સ. ૧૯૭૩માં બોલાવેલી સભામાં વ્યક્ત થયેલી સહકારની ભાવનાની વાત તાજી કરાવી. અને હવે આકાર પામી રહેલી યોજનામાં વેગ આપવા વિનંતી કરી. આ સભામાં કેટલીક પ્રોત્સાહક અને સાનુકૂળ ચર્ચાઓને અંતે ગાંધીનગરમાં સ્થપાનાર સંસ્થાઓ સંબંધી કામકાજ કરવા અને ફંડફાળા માટે એક એડ્‌હૉક કમિટીની રચના કરવામાં આવી. આ રચાયેલી કાર્યવાહક સમિતિમાંથી મંત્રીઓ તરીકે નીચેના સભ્યોને નીમવામાં આવ્યા હતા.

ડૉ. સોમાભાઈ સી. દેસાઈ
શ્રી વિનોદભાઈ આર. પટેલ
શ્રી જેઠાલાલ ફૂલાભાઈ પટેલ
શ્રી બાબુભાઈ રણછોડદાસ પટેલ
શ્રી મોહનભાઈ મા. પટેલ
શ્રી અંબાલાલ સોમનાથ પટેલ

એડ્‌હૉક કમિટીની રચના પછી કમિટીના સભ્યો અને મંત્રીઓએ દાસકાકાની સીધી દેખરેખ નીચે સંસ્થા (શાળા) સ્થાપના સંબંધી કાર્યવાહીમાં આગળ વધવા શાળાના મકાનના ખાતમુહૂર્તની વિચારણા કરી. અને એ પ્રસંગ માટે ૩-૧૧-'૭૭નો દિવસ નક્કી થયો. ખાતમુહૂર્ત શ્રી હીરાલાલ ભગવતીના હસ્તે કરાવવાનું નક્કી થયું અને પ્રમુખસ્થાને ગુજરાત વેપારીમહામંડળ, અમદાવાદના પ્રમુખ શ્રી હસમુખલાલ ચીમનલાલ શાહ અને અતિથિવિશેષ તરીકે શ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસને આમંત્રણ આપવાનો નિર્ણય લેવાયો. આ માટે સૌ મહાનુભાવોની સંમતિ મેળવી લેવાઈ.

ગાંધીનગર વિસ્તારની જમીન હતી તો ફળદ્રુપ, પણ પાટનગરની બાંધણી માટે જે વિસ્તાર એક્વાયર કરવામાં આવ્યો હતો ત્યાં ખેતીનું કામ બંધ થતાં એ જમીન પડતર બની ચૂકી હતી. અને ધીરે ધીરે ઉજ્જડ વગડામાં ફેરવાઈ રહી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળને જે ૬.૫ એકર જમીનનો કબજો સોંપાયો હતો એ જમીનની આ સ્થિતિ હતી: ખેડાયા સિવાય વરસાદના મારાના કારણે જમીન રણકી અને કઠણ બની ચૂકી હતી. એના પર પાર વગરનાં ઝાડવાં અને ઝાંખરાં ઊગી નીકળ્યાં

હતાં. પગમાં વાગે એવા ગોખરુનો પથરાટ પણ ખરો. એ જમીન ઉપર છાયા આપી શકે એવું એક પણ વૃક્ષ ન હતું. ખેતરાઉ જમીન હોવાના કારણે જ કદાચ આમ હશે.

સર્વ વિદ્યાલય જેવી પ્રતિષ્ઠિત સંસ્થા અને ગુજરાતના પાટનગર જેવું સ્થળ. સમારંભ સંસ્થાને શોભે એવો દબદબાભર્યો તો થવો જોઈએ ને!

જ્યારે જ્યારે સર્વ વિદ્યાલય અને ક.પા. કેળવણી ઉત્તેજક મંડળો તરફથી કોઈ પણ પ્રકારના સમારંભ યોજાય ત્યારે એમને સફળ અને શોભાયમાન બનાવવામાં વિદ્યાર્થી આશ્રમના છાત્રો એક મોટું બળ બની રહેતા. અને એમનું પ્રેરક બળ શાળાના આચાર્ય અને ગૃહપતિઓ તેમ જ શિક્ષકો.

આ સમારંભ સર્વ વિદ્યાલયના આચાર્ય, ગૃહપતિઓ અને છાત્રો માટે કસોટીરૂપ હતો. એવા સ્થળે તૈયારીમાં લાગી જવાનું હતું જ્યાં સંસ્થાનાં કોઈ સાધન કે સુવિધા ઉપલબ્ધ ન હતાં. નવેમ્બર મહિનાનો આરંભ તો થયો હતો પણ હજુ ગરમી ઑક્ટોબર જેટલી પ્રખર હતી. જમીન ઉપર ન કોઈ શેડ, ન વૃક્ષછાયા કે ન પાણીની સુવિધા. ...મહેમાનોની સંખ્યાબંધ ગાડીઓનો કાફલો આવે એ ગણતરી રાખવાની હતી. સમારંભમાં આવનારાં ભાઈઓ-બહેનો છૂટથી હરીફરી શકે એટલો વિસ્તાર ઝાડવાં, ઝાંખરાં કાંટા વગેરે દૂર કરીને સાફ કરવાનો હતો.

આગલા દિવસે છાત્રાલયના વિદ્યાર્થીઓ ભોજન વગેરેથી પરવારે એ પછી આ લખનાર, ગૃહપતિઓ અને છાત્રોએ એક ટ્રકમાં જરૂરી સાધનો લઈને નીકળવાનું રાખ્યું હતું. સાધનોમાં ડઝનબંધ કોદાળી, પાવડા અને તબડકાં...ઊભા સાવરણા પણ ખરા. સાંજના નાસ્તા માટે પૂરી, એક મોટા તપેલામાં બટાટાનું શાક, એક કરંડિયો ભરીને વઘારેલાં આખાં મરચાં અને પૂરતા પ્રમાણમાં પાણીનાં કેન...

બપોરે 'છગનભા કી જય'ના ગગનભેદી નારા સાથે પ્રસ્થાન કર્યું ત્યારે જેણે આ દૃશ્ય જોયું તે સૌ છાત્રોનો આ અદમ્ય ઉત્સાહ જોઈ ભાવવિભોર બની ગયા. છાત્રાલય, છાત્ર અને કેળવણીની મહત્તા આવા પ્રસંગોએ ભરપૂરપણે સમજાય છે. આ ધન્ય પળ કદી વીસરી શકાય એવી નથી.

એક પેઢી અગાઉના આ છાત્રો, મોટે ભાગે ખેડૂતોના દીકરા, શરીરે કસાયેલા અને ખડતલ... ભૂમિ ઉપર પહોંચ્યા પછી ટ્રકમાંથી કૂદી કૂદીને સીધા જમીન પર ઊતર્યા. પ્રત્યેક છાત્રની આંખમાં તેજ ચમકતું હતું. આકાશમાંથી ઊતરી રહેલા ઉત્તરા-ચિત્રાના તાપ કરતાંય જાણે વધારે જ્વલંત! ક્યારેક મોસમ પણ પોતાનો પ્રભાવ દાખવવા રૂખ બદલે છે. આ વર્ષે આ મોસમે પણ આંખ કરડી કરી હતી. એક કિંવદંતી ચાલે છે કે ઉત્તરા-ચિત્રાના કપરા તાપને કારણે ખેતરમાં બાજરી વાઢવાનું ત્યજી દઈને તેર જણા સંસાર છોડી ગયા હતા. કદાચ સંસાર ત્યજનારા એ તેર જુવાનોએ જે ગરમીનો અનુભવ કર્યો હશે એના કરતાંય આજની આ ગરમી વધારે કપરી હતી. પણ આ ગરમીએ આપણા આ તરુણ છાત્રો પર કશી અસર ન કરી. જે ઉત્સાહથી અને જે ગતિથી અત્યારે આ ભૂમિ ઉપર કામ ચાલી રહ્યું હતું એનું વર્ણન કરવા કરતાં વાચક એ કલ્પી લે એવું સૂચન અત્યારે વાજબી ગણાશે.

પાંચ વાગ્યા સુધી એકધારું કામ ચાલ્યું. છાત્રોને નાસ્તો આપવાનું અમે વિચાર્યું. આ માટે કામ થોભાવવા ચાર-પાંચ વાર હાકલ કરવી પડી. કામ અટક્યું. સૌ એકત્રિત થયા. એક બાજુ પતરાળાં અને કાગળના ટુકડા વહેંચવાની તૈયારી થતી હતી ત્યાં બીજી બાજુ શાક અને મરચાં સંભાળનારા છાત્રોમાંથી કોઈનો અવાજ આવ્યો: "શાક તો બગડી ગયું લાગે છે!"

એક આંચકા જેવો અનુભવ થયો.

નજીક જઈને શાકનાં બે ફોડવાં સૂંઘી જોયાં. શાક ખરેખર બગડી ગયું હતું. ખાવાલાયક રહ્યું ન હતું. વૈશાખનો ગમે તેવો કપરો તાપ હોય તોપણ આટલા ટૂંકા ગાળામાં વાનગી ન બગડે. પણ ચોમાસાના ભેજવાળા કપરા તાપની વાત જ જુદી છે. ઘામ-બફારો બટાટાના શાકને જલદી સ્પર્શી જાય. મરચાં તપાસ્યાં. એની પણ એ જ સ્થિતિ હતી! અમે મૂંઝવણમાં મુકાયા. ચઢતા લોહીવાળા આ છોકરાઓને આટલી સખત મહેનતના કામ પછી નાસ્તો ન આપી શકીએ એ કેવું? ગાંધીનગરનો ચિતાર અગાઉ અપાયો છે. કોઈ લૉજ કે રેસ્ટોરાંનું અસ્તિત્વ નજીકમાં નહોતું. કદાચ દૂર પણ નહોતું. અમારી મૂંઝવણ કળી જઈને એકબે મોટા વિદ્યાર્થીઓએ કહ્યું: "કંઈ વાંધો નહીં, સાહેબ રોજ નાસ્તો ક્યાં લઈએ છીએ? કડી જઈને જમીશું. અને કકડીને ભૂખ લાગશે તો એકલી પૂરી ક્યાં નથી ખવાતી?"

રમૂજમાં બોલતો હોય એમ એક છાત્રે વિનોદમાં કહ્યું: "નાનપણમાં એકલો રોટલો પણ કરડ્યો છે. પૂરી તો હોંશે હોંશે ખવાશે." "ખાવાની વાત એક કોરાણે મૂકો; ચાલો, પહેલાં કામ પાર પાડી દઈએ. હમણાં મંડપ બાંધવાવાળા આવી પહોંચશે." ધીરગંભીર થઈને ઠરેલ અવાજમાં એક છાત્રે હૈયામાંથી આવતી વાત હોય એમ ઉચ્ચાર કર્યો.

આ ધન્ય પળ હજુ એવી ને એવી યાદ છે. ધન્ય પળ એટલા માટે કે આ એ જ વિદ્યાર્થીસમૂહ હતો જે ભોજનશાળામાં જમવાનો બેલ વાગવામાં થોડો વિલંબ થયો હોય તો ઉપરાપરી વૉર્નિંગ બેલ વગાડ્યા કરે. ભોજન ઉપર બેઠા પછી રોટલી આવતાં કે પીરસવામાં સહેજ વાર થાય તો બૂમાબૂમ કરી મૂકે એ જ વિદ્યાર્થીઓ જમવાની બાબતે અમને નિશ્ચિંત રહેવાનું કહેતા હતા.—ગમે તેટલું મોડું થાય તોપણ કડી જઈને જમીશું!!

છાત્રોની ગમે તેટલી તૈયારી હોય પણ એમને એમ કંઈ ભૂખ્યા રહેવા દેવાય? મનહરભાઈ અને ચતુરભાઈ જેવી ખબરદાર વ્યક્તિઓ સાથમાં હોય અને છાત્રોને ભૂખ્યા કેમ રહેવા દેવાય?

અમે વિદ્યાર્થીઓને કહ્યું: "તમે ચિંતા ન કરો, આપણે ગમે તે વ્યવસ્થા કરીશું."

લગભગ સાડા પાંચ પછીનો સમય થયો હતો. ત્યાં સદ્‌ભાગ્યે આપણી શાળા તેમ જ આશ્રમના એક વખતના વિદ્યાર્થી-છાત્ર શ્રી મોહનભાઈ જે ગાંધીનગરમાં એન્જિનિયર હતા અને ગાંધીનગર માટેની શાખાની એડ્‌હૉક સમિતિના સભ્ય પણ હતા તે સ્થળ ઉપર આવ્યા. એમની સાથે ટુંડાવ ગામના એક બીજા એન્જિનિયર શ્રી માધુભાઈ હતા. એમને ઝટ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એમણે કહ્યું: "કશી ચિંતા કરવાની જરૂર નથી. અમે અબઘડી વ્યવસ્થા કરી દઈએ છીએ."

એ બંને મિત્રો ચતુરભાઈ અને મનહરભાઈને સાથે લઈને કશીક વ્યવસ્થા માટે ગયા. એમણે જેઠાભાઈનો સંપર્ક સાધ્યો કે નહીં એની ખબર નથી પણ થોડી વારમાં એ ધારાસભ્યોની હૉસ્ટેલના રસોડામાં છાત્રોની જમવાની વ્યવસ્થા ગોઠવીને આવ્યા.

જમીન સાફસૂફીનું કાર્ય ધાર્યા કરતાં વધારે સારી રીતે અને ધારણા કરતાં ઘણું વહેલું પૂરું થયું. ધારાસભ્યોના રસોડે છાત્રો સંતોષપૂર્વક જમ્યા અને રાત્રે ટ્રકમાં સૌ કડી પરત થયા.

તા. ૩-૧૧-૭૭ના રોજ રૂડી રીતે અને દબદબાપૂર્વક ખાતમુહૂર્ત સંપન્ન થયું. ધારણા કરતાં મહેમાનોની સંખ્યા ઘણી મોટી હતી. અમદાવાદ, ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાંથી આમજનતાએ પણ સારી એવી સંખ્યામાં હાજરી આપી હતી.

ખાતમુહૂર્ત નવેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં થયું અને દાસકાકાનો ઉત્સાહ એટલો તો

પ્રબળ હતો કે જૂન મહિનામાં તો એ એકીસાથે બાલમંદિર, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાનાં જેટલાં ધોરણ અને જેટલા વર્ગો ખાતા દ્વારા મંજૂર થાય તે, શરૂ કરી દેવા માગતા હતા. આ માટે એમણે મકાનનું કામ શરૂ કરાવી દીધું. આ કાર્યમાં એમને ગાંધીનગરમાં એન્જિનિયર તરીકે વ્યવસાય કરતા જેમનો આગળ ઉલ્લેખ થયો છે તે બે ભાઈઓ, મોહનભાઈ અને માધુભાઈની સહાય સારા પ્રમાણમાં મળવા લાગી. અન્ય કાર્યો અને પ્રવૃત્તિઓમાં વામજના શ્રી અંબાલાલ સોમનાથ પટેલ પણ સહાયરૂપ હતા. ફંડપ્રવૃત્તિ માટે શ્રી ધનાભાઈ વકીલ, શ્રી માણેકલાલ મા. પટેલ, શ્રી નટુભાઈ, શ્રી છગનભાઈ કા. પટેલ અને સંસ્થાના અન્ય કાર્યકરો ખૂબ સક્રિય હતા. એડ્‌હૉક કમિટીના સભ્યો પણ સંસ્થાના કાર્યમાં પોતપોતાની રીતે મદદરૂપ થતા હતા જેમાં ડૉ. સોમાભાઈ સી. દેસાઈ મુખ્ય હતા.

વિશેષ નોંધપાત્ર હકીકત તો એ છે કે આ કાર્ય માટે દાસકાકા સવારે મોટે ભાગે મહેસાણાથી પાલિતાણાવાળી બસમાં આવતા અને સાંજે મહેસાણા પરત થતા. આટલી જઈફ ઉંમરે ભીડવાળી કષ્ટદાયક બસોમાં મુસાફરી કરવામાં એ જરા સરખો પણ કંટાળો અનુભવતા ન હતા. સાથે ખિસ્સામાં રહી શકે એવો નાનકડો ગોળ ડબ્બો, જેમાં ટુકડા કરેલી બે ભાખરી અને શાક હોય, લઈને આવતા. બપોરનું એ એમનું ભોજન. એમના માટે ગાંધીનગરમાં જ કોઈ બંગલામાં (પછીથી તો એમનો પોતાનો પણ બંગલો ગાંધીનગરમાં તૈયાર થયો હતો) રહી શક્યા હોત. ભોજનની વ્યવસ્થા પણ થઈ શકી હોત. મંડળ પોતે પણ એમના માટે આ બધી વ્યવસ્થાઓ કરાવી શક્યું હોત, એ બધું એમના સ્વભાવમાં નહોતું. કોઈ પણ સગવડના એ કદીયે આગ્રહી ન હતા. એમની આ પદ્ધતિનો સિલસિલો ગાંધીનગરની સંસ્થા બધી રીતે સંગીન પાયા ઉપર કામ કરતી થઈ ગઈ એ પછી પણ ચાલુ રહ્યો. દર મંગળવાર અને બુધવારે એમની હાજરી ગાંધીનગરની સંસ્થામાં હોય જ. ઉનાળાના પ્રખર તાપના તેમ જ લગ્નગાળામાં બસોમાં ભારે ભીડના દિવસોમાં પણ એમણે આરંભેલો આ ક્રમ કદી તૂટ્યો ન હતો. ઉપાડેલા કાર્યને પાર પાડવા માટે આર્થિક ચિંતા ઓછી થતી જતી હતી. દાનનાં વચનો અને નાણાં ઠીકઠીક પ્રમાણમાં મળવા લાગ્યાં હતાં. દાનનો આરંભ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીએ રૂ. ૩૧,૦૦૦ આપીને કર્યો હતો. મકાનનું ખાતમુહૂર્ત થયું, એ અગાઉ શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈના પરિવાર તરફથી રૂપિયા બે લાખના દાનનું વચન મળ્યું હતું. જેમાં ઉમેરા સાથે એમના તરફથી બે લાખ અને એકાવન હજાર રૂપિયા મળ્યા હતા. આ દાનના આધારે નવી થનાર શાળાનું નામ દાતાના સૂચનથી 'શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ' રાખવામાં આવ્યું હતું. સંસ્થાના કૅમ્પસ ઉપર હૉસ્ટેલો બાંધવા માટે કલોલની ભારત વિજય મિલ્સ અને મહેન્દ્ર મિલ્સ તરફથી એક એક લાખ રૂપિયા દાનમાં મળ્યા હતા. બીજાં નાનાંમોટાં દાનનો પ્રવાહ તો ચાલુ જ હતો.

ખાતમુહૂર્ત પછી શાળાના મકાનના બાંધકામ અંગે ટેન્ડર કાઢવામાં આવ્યાં. કામ સોંપવામાં આવ્યું. શરૂ પણ થયું. છતાં ગાંધીનગરમાં મજૂરોની ભારે ખેંચને કારણે મજૂરોને એક જ સ્થળે કામ ઉપર ટકાવી રાખવા એ થોડું મુશ્કેલ કામ હતું. મજૂર વિશેની તકલીફને કારણે શાળા શરૂ કરી શકાય એટલું બાંધકામ ધાર્યા સમયમાં પૂરું ન થઈ શક્યું એટલે શાળા શરૂ કરવાનો નિર્ણય પછીના શૈક્ષણિક વર્ષના આરંભ સુધી ઠેલવો પડ્યો.

આ સમયગાળા દરમિયાન મકાન બાંધકામની પ્રવૃત્તિ ઉપર સતત નજર રાખવાની સાથે દાસકાકા

શરૂ થનાર શાળા વિશે ચિંતન કર્યા કરતા હતા. એક આદર્શ શાળાના નિર્માણ માટેનું એમનું સ્વપ્ન હતું. પોતે તો એ બાબતે ચિંતન કરતા રહેતા હતા. પણ સાથે સાથે બીજાઓના વિચાર પણ જાણતા રહેતા હતા. આ વિચાર-ગોષ્ઠિના ભાગરૂપે એક વાર એમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની વ્યવસ્થાપક મંડળની સંયુક્ત બેઠકમાં કયા પ્રકારની શાળા ઉત્તમ શિક્ષણસંસ્થા બની શકે એ વિશે ચર્ચાને આવકારતાં એમણે એક પછી એક એમ સભ્યો પાસેથી એમના વ્યક્તિગત અભિપ્રાય માગ્યા. આ લખનારે વ્યવહારમાં મૂકવાનું મુશ્કેલ બને એવો અભિપ્રાય આપતાં કહ્યું—જો આપણે નિર્ભેળ કેળવણીની જ હિમાયત કરતા હોઈએ તો સૌપ્રથમ હાલ અપાતા શિક્ષણની રીત ત્યજીને શિક્ષણને રોટલાથી અળગું કરવું જોઈએ. અર્થાત્ નોકરી માટે જ શિક્ષણ ન અપાતાં કેળવણી ખાતર જ કેળવણી અપાવી જોઈએ. ઍજ્યુકેશન યુસફૂલ ન રાખતાં લિબરલ બનાવવું જોઈએ. આ માટે સૌપ્રથમ યુનિવર્સિટીની ડિગ્રીને તિલાંજલિ આપવી જોઈએ. આ અભિપ્રાય પછી ચેતવણી ઉચ્ચારી કે સમાજ આ યોજના સાંખી શકશે નહીં અને સંસ્થાને વિદ્યાર્થીઓ નહીં મળે. અલબત્ત, આ એક વિચાર હતો. આપણા સમાજમાં એ વ્યવહારુ નહોતો એટલે એનો અમલ કરવાનો પ્રશ્ન ન હતો.

પણ દાસકાકા પોતેય સરળતાથી અમલમાં ન મૂકી શકાય અથવા અમલમાં મૂકવામાં આવે તો એને પાર પાડવું મુશ્કેલ બને એવું પણ કેટલુંક વિચારતા હતા. એમનો આવો એક વિચાર સરકારી ગ્રાન્ટ ન લેવાનો હતો. આચાર્ય તરીકે સંસ્થાકીય વહીવટના અનુભવના આધારે આ બાબતમાં દાસકાકા સાથે ચર્ચા કરવા હું સક્ષમ હતો. એટલે આમાં રહેલાં ભયસ્થાનોનો નિર્દેશ મેં દાસકાકા આગળ કર્યો. ગ્રાન્ટ ન લેવા પાછળ દાસકાકાનો મુખ્ય હેતુ એ હતો કે સરકારી ગ્રાન્ટ ન લેવામાં સરકારી દખલ (વહીવટમાં)થી મુક્ત રહેવાય. આ ખ્યાલ સામે મેં દાસકાકાને જણાવ્યું કે આપણે ગ્રાન્ટ ભલે ન લઈએ પણ રેકગ્નિશન તો લેવું જ પડે. એ મેળવીએ એટલે ખાતાનો એકએક નિયમ આપણે પાળવો પડે. નિયમ પળાય છે કે નહીં એ ખાતું જોવા માગે. આના કારણે સરકારી દખલ આપોઆપ આવીને ઊભી રહે.

મેં બીજી વાત કરી ખર્ચને પહોંચી વળવાની. આપણે ગ્રાન્ટ ન લઈએ એટલે શાળામાં થતો બધો ખર્ચ આપણે ભોગવવો પડે. શાળા ચલાવવા માટે અનેક પ્રકારનો ખર્ચ કરવો પડે. આચાર્ય, શિક્ષકો, કારકુનો, પટાવાળા, ચોકીદાર, સફાઈકામદાર, માળી વગેરે જે સ્ટાફ ઉપર હોય એમનો પગાર ખર્ચ, અનેક પ્રકારનાં શૈક્ષણિક સાધનો (teaching aids) પુસ્તકાલયમાં વસાવવાં પડતાં પુસ્તકો અને મંગાવવામાં આવતાં સામયિકોનો ખર્ચ, પરીક્ષાના પ્રશ્નપત્રો અને ઉત્તરવહીઓ, સ્ટેશનરી, તાર, ટપાલ, પ્રવાસ... ગણાવતાં પાર ન આવે એટલી ખર્ચની વીગતો છે. આ બધાને પહોંચી વળવા આપણી પાસે આવકનો સોત તે માત્ર ફી. આપણી સંસ્થા એક સામાજિક આદર્શને વરેલી સંસ્થા ગણાય. વ્યાપારી ધોરણે લૂંટ ચલાવતી સંસ્થાઓનો માર્ગ આપણાથી ન લેવાય. વળી ગ્રાન્ટ લેતી શાળાઓમાં તો માધ્યમિક શાળાઓ ફી ભર્યા વિના ભણી શકે. આપણે એક બાજુ ગામડાના મધ્યમ વર્ગના તેમ જ આર્થિક રીતે નબળા વાલીઓનાં બાળકો પણ લાભ લઈ શકે એવી સંસ્થા ચલાવવાની વાતો પણ કરીએ છીએ. ફીનું ઉઘરાણું એની સાથે કેટલું સુસંગત? આ બધા તરફ લક્ષ ન આપીએ અને ફીની આવકની વાત કરીએ. માસિક રૂપિયા ૪૦ અને ૫૦ પ્રમાણે ફી નક્કી કરવાનો હાલ

આપણો ખ્યાલ છે. એક વર્ષમાં સરકારી ધોરણ પ્રમાણે ૪૪+૪+ શિક્ષક નિયામકની ખાસ મંજૂરીની સંખ્યા એ બધું મળીને એક વર્ગની ૫૫ સંખ્યા થાય (અમર્યાદ સંખ્યાની રીત તો પાછલાં વર્ષોમાં અસ્તિત્વમાં આવી) આ સંખ્યાના આધારે વર્ગ દીઠ વધુમાં વધુ આવક માસિક ૩,૦૨૫ રૂપિયા થાય. વર્ગ દીઠ દોઢ શિક્ષકને નિમણૂક આપવી પડે. આવકનો મોટો ભાગ તો પગારમાં જ ખર્ચાઈ જાય. વળી છેલ્લાં કેટલાંક વર્ષોમાં એકાધિક પગારપંચો નિમાયાં. શિક્ષકોના પગાર વધતા જ જાય છે. અહમદી પંચનો રિપોર્ટ આવતાં પગારો આસમાને પહોંચશે. (અહમદી પંચનો રિપોર્ટ તો સરકાર દ્વારા અભરાઈ ઉપર ચઢાવીને કર્મચારીઓની માગણી પ્રમાણે છઠ્ઠા પગારપંચનો અમલ કર્યો અને બેફામ પગારવધારો થયો.)

વળી, મેં દાસકાકાને ભારપૂર્વક કહ્યું: આપણે ગ્રાન્ટ ન લઈએ એટલે સારા શિક્ષકો મેળવવામાં આપણને મુશ્કેલી પડે. ગ્રાન્ટ ન લેતી શાળા બાબતમાં શિક્ષકો જાતજાતના તર્ક કરે. પહેલાં તો એમને નોકરીની સ્થિરતા અને રક્ષણ બાબતમાં સંદેહ કરવાનું મન થાય. વળી હવે તો પેન્શનના ખ્યાલમાં રાચતા શિક્ષકો ગ્રાન્ટ ન લેતી શાળા તરફ કોઈ સંજોગોમાં ન આકર્ષાય.

આવી આવી ઘણી અને ભારપૂર્વકની રજૂઆતો દાસકાકા આગળ કરી. પણ દાસકાકા પોતે જે નિર્ણય કર્યો હતો એમાંથી ડગ્યા નહીં. અને ગ્રાન્ટ સિવાય શાળા શરૂ કરવાના નિર્ણયને વળગી રહ્યા.

અલબત્ત, પાછળથી અનુભવે કેટલીક વાસ્તવિકતા એમને સમજાઈ. માત્ર ફીની આવક ઉપર શાળા નહીં ચલાવી શકાય એવી ખાતરી થતાં એમણે શેઠ સી. એમ. હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી શાળાને સરકારી ગ્રાન્ટ લેતી શાળામાં ફેરવવા માટે પ્રયત્ન શરૂ કર્યા. સરકારી કાર્યપદ્ધતિમાં આવો ફેરફાર કરાવવો કેટલો દૂરગામી છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. સરકારમાં દાસકાકાનો અસરકારક પ્રભાવ ખરો. એમની વાતને મંત્રીઓ કે એમને જાણતા હોય તે અમલદારો ટાળી શકે નહીં, પણ સ્વીકૃતિની મહોર મારવાની હિંમત પણ ન કરે એવો ઘાટ થયો. સરકારમાં અને ખાતામાં દાસકાકાના ઠીક ઠીક આંટાફેરા થવા લાગ્યા, પણ કંઈ ઠેકાણું પડતું ન હતું. શિક્ષણખાતા અને નાણાખાતામાંથી જાતજાતના અનેક નવા ફણગા ઊભા થતા હતા. એમાંનો એક ફણગો આવો હતો વિદ્યાર્થીઓ પાસેથી જે ફી લીધી છે તે સરકારી તિજોરીમાં જમા કરાવી દો તો શાળાને ગ્રાન્ટ લેતી શાળાઓમાં મૂકી શકાય! આ તો સરાસર અન્યાયની વાત હતી. લીધેલી ફી વાલીઓને પરત કરવાની વાત સમજી શકાય પણ સરકારી તિજોરીમાં નાણાં ભરીને એ નાણાં સરકારને આપવાની વાત કેટલી ન્યાયસંગત ગણાય?

દાસકાકાના અવસાન સુધી આ સમસ્યાનો કોઈ નિવેડો ન આવ્યો. છેવટે એ વખતના સંસ્થાના મંત્રી શ્રી માણેકલાલ મા. પટેલે આ પ્રશ્ન હાથ પર લીધો. સમસ્યાને હલ કરવાની એમની કુનેહ જબરી છે. એમણે પ્રયત્નો શરૂ કર્યા. સાથમાં શ્રી નટુભાઈ અને અન્ય મંત્રીઓ તો ખરા. એ વર્ષોમાં સરકારમાં શિક્ષણસચિવ તરીકે શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક હતા. અમલદાર તરીકે બાહોશ વહીવટદાર તરીકે એ ખ્યાત હતા પણ એમનું બીજું એક ઉમદા પાસું વિદ્વાન તરીકેનું હતું. નડિયાદમાં એમનો ઉછેર એટલે સાહિત્યના રંગે રંગાયેલા. એમના પિતાશ્રી શિક્ષક એટલે વારસામાં એ સંસ્કાર પણ ઊતરેલા. એમણે આ પ્રશ્નમાં રસ લીધો. શાળાને ગ્રાન્ટ મળતી થાય એ પ્રશ્ને શ્રી યાજ્ઞિકસાહેબને મળવા શ્રી માણેકલાલભાઈ, શ્રી નટુભાઈ અને હું ગયા હતા. શ્રી યાજ્ઞિકસાહેબ સાથે અમારે થોડી

પ્રાસ્તાવિક વાત થઈ. શ્રી માણેકલાલભાઈએ દાસકાકાના વખતથી ચાલ્યા આવતા આ વણઊકલ્યા પ્રશ્ન અંગે ઝીણવટભરી વિગતો સાથે રજૂઆત કરી. શ્રી યાજ્ઞિકસાહેબ ધ્યાનથી એ સાંભળી રહ્યા. પછી એમણે ત્વરિત પગલું ભરવાનો એમનો હેતુ હોય એવી ગણતરીએ જ કદાચ, એમણે આ અંગેની ફાઇલ મંગાવી. પાનાં ફેરવતા રહ્યા. અગાઉ થયેલા શેરા પણ વાંચતા રહ્યા. છેવટે એમણે અમારી હાજરીમાં જ લંબાણથી લખતા હોય એ રીતે કશીક નોંધ સાથે શેરો કર્યો હોય એવું અમને જણાયું.

કશા નક્કર વચનથી આશ્વાસન આપ્યા વગર એમણે અમને વિદાય આપી. એમના મુખભાવ પરથી અમારે ઘણું સમજી લેવાનું હતું.

અમે એમની ચેમ્બરમાંથી વિદાય લીધી.

અને થોડા દિવસ પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આનંદ અને આશ્ચર્ય વચ્ચે શેઠ સી. એમ. હાઈસ્કૂલ સરકારી ગ્રાન્ટ માટે મંજૂર થયાનો ઠરાવ અમને ખાતા તરફથી મળ્યો.

આશ્ચર્ય એ વાતનું હતું કે લીધેલી ફી સરકારી તિજોરીમાં પરત ભરવાની વાત પડતી મુકાઈ હતી.

દાસકાકાના કેટલાક આગ્રહો પૈકીનો એક આગ્રહ શાળામાં શીખવવા માટેના વિષયો અંગેનો હતો. એમનો આગ્રહ એવો હતો કે શાળામાં ઉચ્ચ ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો વિદ્યાર્થીએ ફરજિયાતપણે લેવા. એના વિકલ્પે ભણવાના વિષયો શાળામાં ભણાવવા જ નહીં. આવું ફરજિયાતપણે લાદો એ કેટલું ન્યાયસંગત અને ઉચિત છે? ઉચ્ચ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી લો; એમ ન કરવું હોય તો શાળા છોડીને જતા રહો એવો કઠોર વ્યવહાર આ શાળામાં શ્રી દાસકાકાની નીતિના કારણે આરંભાયો. સાહિત્યકારો, અર્થશાસ્ત્રીઓ, રાજ્યશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ બની શકે એવી શક્તિ અને રુચિ ધરાવતા વિદ્યાર્થીઓને કાં તો શાળાએ નક્કી કરેલા વિષયો પસંદ કરવા પડતા હતા અથવા શાળા છોડી દેવી પડતી હતી.

આ વ્યવસ્થામાં બાકીના વિષયોનો વિકલ્પ ઉમેરવા અંગે એક રાત્રે કડીમાં કિશોર કુંજના મકાનમાં અગાઉ જે ૧૫મી રૂમ હતી અને હવે જ્યાં મહેમાનગૃહની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી એ સ્થળે શ્રી નટુભાઈ (ભાણાભાઈ) અને મેં દાસકાકા સાથે વિશદતાથી ચર્ચા કરવાનો પ્રયત્ન કર્યો. વિદ્યાર્થીઓ અને વાલીઓની અપેક્ષા વિશે પણ અમે ભારપૂર્વક રજૂઆત કરી. પણ સ્વપ્નદ્રષ્ટા દાસકાકાના ગળે એક પણ વાત ઊતરે એમ ન હતી. એ કદાચ એમની સંસ્થા દેશના શ્રેષ્ઠ ડાક્તરો, શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો અને શ્રેષ્ઠ એન્જિનિયરો પેદા કરે એવા સ્વપ્નમાં રાચતા હતા. સંસ્થામાં એમણે ધાર્યા હતા એ વિષયોનું અધ્યાપન થતું રહ્યું. અલબત્ત, પછીનાં વર્ષોમાં આ વ્યવસ્થામાં ફેરફાર કરવો પડ્યો હતો.

શાળા ઉત્તમ કક્ષાની બને એ લક્ષ્ય દાસકાકાની નજર સમક્ષ હંમેશાં રહેતું. આના કારણે એ ક્યારેક ખાતાના નિયમોની અવગણના કરતા અને એનું ઉલ્લંઘન પણ કરતા. એ વર્ષોમાં પી. ટી. સી. તાલીમ પામેલા શિક્ષકોનું હિત જળવાય એ હેતુથી પ્રાથમિક શાળાઓમાં પી. ટી. સી. શિક્ષકોની જ નિમણૂક ખાતા તરફથી માન્ય ગણાતી. પી. ટી. સી. તાલીમી શિક્ષકોના હિત ખાતર બાળકોના શિક્ષણનો ભોગ લેવાતો હતો એવું દાસકાકાનું સ્પષ્ટ દર્શન હતું. દાસકાકા માનતા હતા કે પ્રાથમિક ધોરણો માટેના ગણિત અને વિજ્ઞાનના નવા અભ્યાસક્રમ આ શિક્ષકોના ગજાબહારના હતા. વળી, જે શિક્ષકો અંગ્રેજી ભણ્યા જ ન હોય એ અંગ્રેજી શી રીતે ભણાવી શકે? એસ. એસ. સી. પાસ થઈને પી. ટી. સી. તાલીમ પામેલા શિક્ષકોમાં પણ મોટે ભાગે અંગ્રેજી વિષય છોડીને એસ. એસ. સી.

થયેલા જોવા મળતા. આ સ્થિતિને કારણે દાસકાકાએ પ્રાથમિક શાળામાં પણ ઉત્તમ શિક્ષકો જ હોવા જોઈએ એ નીતિ સ્વીકારીને એમણે શાળાના પ્રાથમિક વિભાગમાં લગભગ બધી જ જગ્યાઓ ઉપર તાલીમ પામેલા અનુસ્નાતક (એમ.એ., એમ.એસસી.) ઉમેદવારોને નિમણૂક આપી હતી. શાળાનો આરંભ થાય એ પહેલાં જ ઉત્તમ શિક્ષકોની નિમણૂક વિશે શહેરમાં હવા પ્રસરી ચૂકી હતી. એટલે ઈ.સ. ૧૯૭૯ના જૂન માસમાં પ્રવેશ માટે ભારે ધસારો રહ્યો હતો. ધોરણ ૧માં ૭૯, ધો. ૨માં ૯૪, ધો. ૩માં ૯૨, ધો. ૪માં ૮૯, ધો. ૫માં ૯૭, ધો. ૬માં ૯૬, ધો. ૭માં ૯૧ બાળકોએ શાળા શરૂ થતાં સુધીમાં પ્રવેશ મેળવી લીધો હતો. દરેક ધોરણના બબ્બે વર્ગ કરવાની જરૂર ઊભી થઈ હતી. બાલમંદિર, પ્રાથમિક અને માધ્યમિક (ધો. ૮નો ૧ વર્ગ) વર્ગો માટે કુલ ૧૬ શિક્ષક-શિક્ષિકાઓને નિમણૂક આપવામાં આવી હતી. જે પૈકી ૧૩ બી.એડ્.ની તાલીમ પામેલાં હતાં. એક સામટી આટલી મોટી નિમણૂક ખાતાનાં ભવાં અધ્ધર કર્યા વગર રહે ખરી? ખાતા તરફથી વર્ગો અમાન્ય કરવાની ધમકીઓ મળતી રહી. દાસકાકાએ એ ધમકીઓને લક્ષમાં લીધી નહીં. અને શાળા ચાલતી રહી. વધારે લાયકાત ધરાવતા શિક્ષકો (બી.એડ્. તાલીમ પામેલા)ને પી.ટી.સી. સામે ગેરલાયક ઠરાવતી અંધેરભરી પ્રથા ઠીક ઠીક વર્ષો સુધી ચાલતી રહી. કેટલાક સંચાલક મંડળોએ આ પ્રથા દૂર થાય એ માટે હાઈકોર્ટમાં રિટ પિટિશન કરી. એમનો વિજય થયો. ખાતાની અંધ પકડ તો એટલે સુધી રહી કે જેમણે રિટ કરીને ન્યાય મેળવ્યો એ સૌ આ પદ્ધતિથી મુક્ત! બાકીની શાળાઓ પર અગાઉનું બંધન જડબેસલાક. આખરે વગર રિટ કર્યે સૌ શાળાઓને આ જડ નિયમ-પ્રથામાંથી મુક્તિ મળી!

દાસકાકા લોકશાહી વિચારસરણીને વરેલા માણસ. સંસ્થાઓમાં પણ એ પ્રણાલીઓના હિમાયતી. કોઈ શુભ પળે એમણે એક નિર્ણય કર્યો કે શાળાનાં બાળકોના વાલીઓ પણ શાળાના કારોબારમાં રસ લેતા થાય તો સંસ્થાના પારદર્શક વહીવટથી એ સૌ સુપેરે માહિતગાર થાય અને જરૂર પડ્યે સંસ્થાના સંચાલનમાં સહાયરૂપ પણ થાય. પણ સંસ્થાના કારોબારમાં સક્રિયપણે રસ લેવો હોય તો વ્યક્તિએ મંડળના સભ્ય બનવું પડે. આ માટે ૨૫૦ રૂપિયા સભ્ય ફી હતી. દાસકાકાએ બાળકોના પ્રવેશ માટે આવનાર વાલીઓને પોતાની આ યોજનાથી માહિતગાર કરીને એમને મંડળના સભ્ય બનાવવાનું શરૂ કર્યું. કામ તો ચાલ્યું. પણ આવી શુભ પ્રવૃત્તિ અને આવા શુભ આશયની વાલીઓમાં આશ્ચર્ય પમાડે એવી એક ગેરસમજ ઊભી થઈ. ૨૫૦ રૂપિયા લઈને વાલીને સભ્ય બનાવવાની પ્રવૃત્તિ સામે ચણભણાટ શરૂ થયો અને સંસ્થા બદનામ થાય એવો પ્રચાર શરૂ થયો—'સંસ્થા ફરજિયાત ડોનેશન લે છે!' આવું બોલનારા, સાંભળનારા અને પ્રચાર કરનારાને શું કહેવું? કેળવણી મંડળના સભ્યપદની પૂરી રકમની પાવતી આપવામાં આવે છે. સભ્ય તરીકે સંસ્થામાં રસ લેવાનો આગ્રહ કરવામાં આવે છે અને છતાં આવો અપપ્રચાર! કેટલીક સંસ્થાઓ તો લોકોને સભ્ય થતા રોકવા જાતજાતના માર્ગો શોધે છે. એમની માન્યતા એવી હોય છે કે ઝાઝા સભ્ય હોય તો ઝાઝી દખલગીરી થાય. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તો કોઈ પણ જાતિ કે ધર્મ અથવા વર્ગના ભેદભાવ સિવાય સૌને સભ્ય બનવા આવકારતું હતું! વળી ઊભા થયેલા આ અસંતોષમાં હસવા જેવી વાત તો એ હતી કે રૂપિયા ૨૫૦ જેવી રકમને દાનમાં ખપાવવામાં આવતી હતી! વ્યાપારી ધોરણે ચાલતી કેળવણીની સંસ્થાઓમાં પ્રવેશ માટે ડોનેશનરૂપે લેવામાં આવતી હજારો રૂપિયાની રકમની વાતથી રૂ. ૨૫૦ અંગે ઊહાપોહ કરનારા આ લોકો અજાણ હશે?

એક રીતે કહીએ તો દાસકાકા માટે આ કડવો અનુભવ હતો. ગાંધીનગરમાં શાળા ન શરૂ કરવા માટેના જે હિમાયતીઓ હતા એ આ અનુભવને ટીકાનું કેન્દ્ર બનાવી શકે એમ હતા. પણ દાસકાકા આવા કડવા અનુભવોથી સહેજ પણ ચલિત થાય એમ નહોતા. કશો નિર્વેદ પામ્યા વગર એમણે વાલીઓને મંડળના સભ્ય બનાવવાનો આગ્રહ જતો કર્યો. આ દુ:ખદ પીછેહઠમાં પણ એમણે પેલા વાલીઓની ટીકા કરી નથી.

ગાંધીનગરની આ સંસ્થાનું શૂન્યમાંથી સર્જન દાસકાકાએ કર્યું. એમણે આ કામ આરંભ્યું ત્યારે એમની વય ૭૪ વર્ષની હતી. સંસ્થા માટે સરકાર પાસેથી જમીનનો કબજો મળ્યો ત્યારે એમને ૭૭ વર્ષ થયાં હતાં. એમના ૭૮મા વર્ષે જમીન ઉપર શાળા માટે ખાતમુહૂર્ત થયું. અને એમને ૮૦ વર્ષ પૂરાં થવામાં લગભગ ત્રણ માસ બાકી હતા ત્યારે શાળાનો આરંભ થયો. આ કહેવાનો હેતુ એ છે કે નવી સંસ્થા શરૂ કરવાનો ખરેખરો બોજ એમના ઉપર ૮૦મા વર્ષ પછી શરૂ થયો. શાળાનું મકાન હજુ પૂરેપૂરું બંધાયું ન હતું. હૉસ્ટેલનાં મકાન હજુ બાંધવાનાં હતાં. શાળાનો આરંભ હતો એટલે હજુ એનું વહીવટી માળખું નવેસરથી ગોઠવીને સંગીન બનાવવાનું હતું. મકાન બાંધકામ માટે ગાંધીનગરમાં કડિયા-મજૂર એકધારા મળવા મુશ્કેલ હતા. કરકસરથી કામ કરવાનું હતું. સીધી દેખરેખ વગર એ શક્ય નહોતું. શેના વિના ચલાવી લઈ શકાશે એનાં લેખાંજોખાં તો માલિક વગર કોણ કરી શકે? અહીં માલિકના સ્થાને દાસકાકા હતા. મકાનની ગુણવત્તાને આંચ આવવા દીધા સિવાય આ કરવાનું હતું. દાસકાકા આ ઉંમરે જરાય થાક્યા વિના આ બધું કરી રહ્યા હતા. એમના આ કાર્યમાં એ સમયના ગાંધીનગરના શાખાના સંસ્થાના મંત્રી શ્રી અંબાલાલ સો. પટેલ જરૂર પડ્યે સહાયરૂપ બનતા હતા એ નોંધવું રહ્યું. અને મકાન બાંધકામમાં અગાઉ જણાવ્યું છે તેમ શ્રી મોહનભાઈ (વીરતાવાળા) અને શ્રી માધુભાઈ (ટુંડાવવાળા)નાં સલાહસૂચન મળતાં રહેતાં હતાં.

જેમ જેમ વય વધતી જાય તેમ તેમ એની અસર શરીરના સ્વાસ્થ્ય ઉપર થયા વગર કેમ રહે? દાસકાકા ૮૦ વર્ષની વયે એક યુવાનને શરમાવે એટલી ચંચળતાથી સંસ્થાના કામમાં દોડધામ કરતા હતા છતાં ક્યારેક, મનમાં કશુંક ઓછું આવ્યાની લાગણી અનુભવે ત્યારે શરીર સ્વાસ્થ્યની આડશ હેઠળ પેલા નિર્વેદની લાગણી છુપાવી લેતા. જ્યારે મંડળ ઉપર પત્ર લખે ત્યારે મંત્રીજોગ પત્ર લખતા અને નામોલ્લેખ સિવાય હૈયાની લાગણી વ્યક્ત કરતા. આ પ્રકારનો એમનો એક પત્ર અહીં આપ્યો છે જે દાસકાકાને સમજવામાં કદાચ ઉપયોગી થઈ શકે.

મહેસાણા,
તા. ૯-૯-૭૫

ભાઈશ્રી,

આપનો લાગણીભર્યો પત્ર મળ્યો. મને ૭૭ વર્ષ થયાં. શરીર હવે દોડાદોડી કરવાની ના પાડે છે. ભલે હું ઉંમરનો મોટો રહ્યો પણ કુટુંબમાં પણ વડીલ મર્યાદા ના સાચવે તો અપમાનિત થાય. સંસ્થાની બાબતમાં પણ એમ જ. હું કેટલાં વર્ષ જીવવાનો? યુવાન મંત્રીઓએ સંસ્થાની જવાબદારી ઉપાડી લીધી છે તે આનંદની વાત છે. હવે તો હું ઉંમરના કારણે જુનવાણીમાં ખપું. થાય છે કે બિલકુલ ફારેગ થાઉં. પણ નાનપણથી આ સંસ્થા પ્રત્યે પ્રેમ છે તે છૂટતો નથી...

આપનો
પુરુષોત્તમદાસ પટેલના જયહિંદ

જીવનના છેલ્લા વર્ષમાં, એટલે કે, ૧૯૮૩ના ઉત્તરાર્ધ અને ૧૯૮૪ના મે મહિના સુધી (દાસકાકાનું અવસાન ૧૯-૫-૮૪ના રોજ થયું) દાસકાકાની તબિયત નાદુરસ્ત રહ્યા કરી. શરીર ઘણું અશક્ત થઈ ગયું હતું અને ગાંધીનગર કે કડી જવા-આવવાનું મુશ્કેલ બન્યું હતું. આમ છતાં સંસ્થા પ્રત્યેના પ્રબળ પ્રેમને લીધે ફેબ્રુઆરી ૨૫-૨૬, ૧૯૮૪ના દિવસોમાં ઊજવાયેલા સંસ્થાના અમૃતમહોત્સવમાં તા. ૨૫મીના રોજ દાસકાકા ઉપસ્થિત રહ્યા હતા. શરીર સાવ નંખાઈ ગયું હતું. જાતે ચાલી શકવાની શક્તિ રહી ન હતી. અત્યારે મહોત્સવના મંચ ઉપર જર્જરિત દેહે મૂગા પ્રેક્ષકની જેમ બેઠેલા દાસકાકાને જોઈને ગમગીની થયા વિના ન રહે એવું એ પળોનું દૃશ્ય હતું. આવો મોટો ઉત્સવ હોય અને દાસકાકાના પ્રવચનથી સભામંડપ ગાજ્યા વિના કેમ રહે? પણ ત્યારે દાસકાકા મૌન ધારણ કરીને બેઠા હતા. સભામાં વંચાય એ હેતુથી એમણે અગાઉથી એમનું લિખિત વિસ્તૃત પ્રવચન મોકલી આપ્યું હતું. પણ એ પ્રવચન સમારંભમાં પ્રાસંગિક પ્રવચનો સાથે વંચાયું નહીં. સંસ્થામાં એમની આખરી હાજરી વખતે જ આમ બન્યું એનું એમને દુ:ખ થયું હતું એ એમના મારા ઉપરના પત્ર ઉપરથી હું જાણી શક્યો હતો. એ પત્ર એમણે મંડળ કાર્યાલયમાં મંત્રીશ્રી ઉપર નહીં પણ મારા ઉપર અંગત પત્રના રૂપમાં માત્ર બેત્રણ લીટીમાં લખ્યો હતો. એમાં એમણે એમના પ્રવચનસંદર્ભે માત્ર આટલા શબ્દો જ લખ્યા હતા: "મારું પ્રવચન ન ગમ્યું?" એમણે મારા ઉપર આ પત્ર લખ્યો એનું કારણ એ હતું કે સમારંભ વખતે વાંચવાનું પ્રવચન એમણે મારા પર મોકલી આપ્યું હતું જે મેં મંડળ કાર્યાલયમાં વખતસર સોંપ્યું હતું. જે થયું તે થયું, પણ આ નાની સરખી દેખાતી ઘટના દાસકાકાના હૈયાને ઠેસ પહોંચાડી ગઈ હતી! ત્રણ મહિના પછી તો એમનું અવસાન થયું એટલે એમના મનનું સમાધાન કરવાનો કોઈ અવકાશ રહ્યો ન હતો!

દાસકાકાના જીવનના છેલ્લા દિવસો, એમનું ગાંધીનગરની સંસ્થા અંગેનું સ્વપ્નું એમની ધારણા પ્રમાણે સાકાર થયું એટલે અત્યંત સુખદ હતા એમ કહી શકાશે. એમના અવસાનના વર્ષે એમણે સ્થાપેલી શેઠ સી.એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ એના શિક્ષણ, વાતાવરણ અને શિસ્ત માટે ભરપૂર પ્રશંસા પ્રાપ્ત કરી ખ્યાત થઈ ચૂકી હતી. એનો એક વિશેષ એ હતો કે સારા ગાંધીનગરમાં એ કડી સ્કૂલ તરીકે જાણીતી થઈ હતી. રિક્ષાવાળા પણ માત્ર 'કડી સ્કૂલ' કહેવાથી નિર્ધારિત સ્થળે વ્યક્તિને પહોંચાડતા હતા. દાસકાકા માટે સંતોષનું કારણ તો એ હતું કે શાળા પૂર્ણ રીતે વિકસિત થઈ ચૂકી હતી. એમાં માધ્યમિક વિભાગ ૮થી ૧૦ ધોરણના ૬ વર્ગો હતા અને ૩૧૭ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતાં હતાં. પ્રાથમિક વિભાગના ૧થી ૭ ધોરણના ૧૪ વર્ગો હતા અને એમાં ૭૬૮ બાળકો અભ્યાસ કરતાં હતાં. બાલમંદિર (જુનિયર કે. જી. અને સિનિયર કે.જી.)ના બે વર્ગો હતા અને એમાં ૮૦ બાળકો અભ્યાસ કરતાં હતાં. શાળામાં બધાં મળીને કુલ ૧,૧૬૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતાં હતાં. રાચરચીલા (ટેબલખુરશી, સીલિંગ પંખો, કબાટ અને કોટ) સાથેનાં બે છાત્રાલયો હતાં.

દાસકાકાની સંસ્થાની અવિસ્મરણીય સેવાઓને જેટલી અંજલિ આપવામાં આવે એટલી ઓછી છે. કડવા પાટીદાર કેળવણી મંડળના લગભગ છેક ઉગમકાળથી દાસકાકા સંસ્થા સાથે સંકળાયેલા હતા. એમણે પાટીદાર વિદ્યાલયમાં આરંભે શિક્ષક તરીકે સેવાઓ આપી હતી. એ પછી મંત્રી, ઉપપ્રમુખ, ગાંધીનગર શાખાના ચેરમૅન તરીકે સંસ્થાના વિકાસમાં ઉત્કૃષ્ટ ફાળો આપતા રહ્યા. ગાંધીનગર

શાખાનું તો સર્જન જ એમના પુરુષાર્થથી થયું. એમની આવી મહામૂલી સંસ્થાસેવાને બિરદાવવા અને સુયોગ્ય અંજલિ આપવા માટે સંસ્થાએ દાસકાકાની સ્મૃતિ ચિરંજીવ રહે એ માટે બે મહત્ત્વનાં કાર્યો કર્યાં. એક તો સંસ્થાએ સ્વ. દાસકાકાના જીવનચરિત્રરૂપે ડૉ. મંગુભાઈ રા. પટેલ પાસે ગ્રંથ રચાવ્યો. 'કર્મયોગી દાસકાકા' નામના આ ગ્રંથનો લોકાર્પણવિધિ તા. ૨૬-૬-'૯૦ના રોજ તત્કાલીન ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી કરસનદાસ સોનેરીના હસ્તે થયો. મંડળે બીજું મહત્ત્વનું કાર્ય ગાંધીનગર શાખાના કેમ્પસમાં દાસકાકાની અર્ધપ્રતિમાના નિર્માણનું કર્યું. આ અર્ધપ્રતિમાનું અનાવરણ ગુજરાત રાજ્યના તત્કાલીન ગૃહરાજ્ય મંત્રીશ્રી નરહરિ અમીનના હસ્તે તા. ૨૬-૬-૯૦ના રોજ થયું. એક જ દિવસે યોજાયેલા આ બંને સંયુક્ત સમારંભનું પ્રમુખસ્થાન જાણીતા ઉદ્યોગપતિ શ્રી કરસનદાસ કે. પેટલે શોભાવ્યું હતું.

~ ૪૪ ~

કન્યાકેળવણી સંકુલ

ઈ.સ. ૧૯૮૪ના મે મહિનામાં દાસકાકાનું અવસાન થયું. અને ગાંધીનગર શાખામાં એક શૂન્યાવકાશ ઊભો થાય એવી પરિસ્થિતિ સર્જાઈ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી સુપ્રસિદ્ધ સંસ્થાના કોઈ પણ વિભાગમાં કે એના કોઈ પણ અંશમાં શૂન્યાવકાશ સર્જાય એ ખરેખર આશ્ચર્યભરી વાત ગણાય. આ સંસ્થાના આરંભથી સક્ષમ કાર્યકરોની ખોટ કદી વર્તાઈ નથી. હા, એક બાબત પણ સ્પષ્ટ છે કે આ સંસ્થામાં મુખ્ય કાર્યવાહક નાયક તો એક, અન્ય કાર્યકર્તાઓ એક ટીમરૂપે સંસ્થાનું કામ ઉપાડે.

દાસકાકા ૧૯૮૪ સુધી સમગ્ર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના અધિનાયક તો ખરા જ, પણ ગાંધીનગર શાખાના એ એકલ અને અલગ કર્ણધાર. આનું કારણ અગાઉના પ્રકરણમાં ચર્ચાઈ ગયું છે એટલે અહીં એનું પુનરાવર્તન અપ્રસ્તુત છે. એ વખતે ગાંધીનગરના ક્ષેત્રમાં કામ કરનારા કાર્યકર્તાઓમાં એમના જેટલી શક્તિથી સંભાળી શકે એવો એમણે કોઈ તાકાતવાન અનુગામી તૈયાર કર્યો નહોતો. ગાંધીનગર માટે એમણે જે એડ્‌હૉક કારોબારી કમિટી રચી હતી તે માત્ર શ્રી અંબાલાલ સોમનાથ પટેલ સિવાય લગભગ બધા સ્થાનિક કક્ષાના કાર્યકરો હતા. ડૉ. સોમાભાઈ એમના વ્યવસાય અને ઉંમરના કારણે ખભા ઉપર બધી જવાબદારી ઉપાડી શકે એમ નહોતા.

વળી, મહત્ત્વની વાત એ પણ હતી કે ગાંધીનગર શાખાનું કાર્ય ઉત્તમ રીતે દાસકાકા સંભાળી રહ્યા એટલે કડી વિભાગમાં ધ્યાન આવી રહેલા કાર્યકરોને ગાંધીનગર તરફ લક્ષ આપવું પડે એવી કોઈ પરિસ્થિતિ કે જરૂરિયાત ઊભી થઈ નહોતી. પણ દાસકાકાના અવસાન પછી એ જરૂરિયાત એકાએક ઊભી થઈ. એ જરૂરિયાત કંઈ નાનીસૂની નહોતી. સામાન્ય શક્તિના માણસના હાંજા ગગડી જાય એવી વિરાટકાય એ જરૂરિયાત હતી.

પરિસ્થિતિનો ક્યાસ મેળવવાથી આ 'વિરાટકાય' શબ્દોમાં અતિશયોક્તિનું નિરૂપણ નહીં જણાય. છેલ્લા દાયકામાં શિક્ષણક્ષેત્રે અનેક પ્રકારના અભ્યાસક્રમો અભ્યાસમાં સ્થાન મેળવી રહ્યા હતા. રાજ્યના પાટનગરમાં સંસ્થા સ્થાપીને બેઠા પછી, સંસ્થાની પ્રતિષ્ઠા પ્રમાણે અગ્રેસર રહેવું હોય તો એ બધા શૈક્ષણિક એકમો સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પોતાના પરિસરમાં સ્થાપવાં પડે. જે સમય તબક્કાએ આ જવાબદારી ઊભી થઈ ત્યારે કૅમ્પસમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ, જનતકુમાર બાલમંદિર અને બે છાત્રાલયો અસ્તિત્વમાં હતાં. એટલે નજર સામે, હવે જે કરવાનું હતું તે ઘણું મોટું કામ હતું. વિવિધ વિદ્યાશાખાઓ માટે મકાનો, હૉસ્ટેલો, આચાર્ય, રેક્ટર, અન્ય કર્મચારી જેમના માટે ક્વાર્ટર્સ આવશ્યક હોઈ આ બધું રમતમાં ન બને. જંગી નાણાભંડોળ જોઈએ. એ ન હોય તો ઊભું કરવું પડે. જે શિક્ષણ એકમો અને એમનાં સંકુલો ગાંધીનગરમાં સ્થપાય એવો વિકાસ કડીના પરિસરમાં પણ આવશ્યક. આ બેવડો બોજ એ કંઈ નાનીસૂની વાત નથી.

આ બધી વિશાળ જવાબદારીઓ હોવા છતાં એને ઉપાડવાનું કામ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે એ કંઈ અશક્ય નહોતું કે એ એના ગજાબહારનું નહોતું. હા, એ ભગીરથ કાર્ય હતું. એ માટે જરૂર એટલી જ, કે સર્વ વિ.કે. મંડળ કેડ બાંધે.

શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનું કામ મંડળની પોતાની શક્તિના આધારે અર્થાત્ એના કાર્યકરોની શક્તિના જોરે કરવાનું હતું જે થકવે એવું હતું, મુશ્કેલ નહોતું. પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે અત્યંત જરૂરી હતું તે બીજું મહત્ત્વનું કાર્ય હતું. સામે પૂર તરવા જેવું અત્યંત મુશ્કેલ કાર્ય. ખરેખર જે સીધું, સરળ અને કશા અવરોધ વગરનું હોય એવું કાર્ય હતું, પણ એને સરકારમાં બેઠેલા મુખ્ય અને જવાબદાર માણસોએ અશક્ય જેવું બનાવી મૂક્યું હતું. અગાઉના એક પ્રકરણમાં એક હકીકત વિગતે આપી છે કે સરકારે શૈક્ષણિક હેતુ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને ગાંધીનગરમાં ફાળવેલી ૧૩ એકર જમીનમાંથી, સરકારે સૂચવ્યા પ્રમાણેની મુદતમાં ઘટતું કામ ન થયું હોવાના કારણે ૬.૫ એકર જમીનનો કબજો મંડળને ન આપતાં એ જમીન રિઝર્વમાં રાખી હતી.

રિઝર્વમાં રાખી એનો અર્થ એ થયો કે એમાં એ જમીનની સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપવાની જોગવાઈ સચવાયેલી છે. સંજોગો દ્વારા સરકારને વિશ્વાસમાં લઈને મંડળ રિઝર્વમાં રહેલી એ જમીન મેળવી શકે. જે કામ સાવ સરળતાથી ઊકલવું જોઈએ હતું એ માથાના દુખાવારૂપ બની રહ્યું હતું. રિઝર્વમાં મુકાયેલી જમીન એના મૂળભૂત શૈક્ષણિક હેતુ માટે મેળવી લેવા માટે દાસકાકાએ એમના બધા પ્રયત્ન કર્યા. પણ મેળ પડતો નહોતો. સંસ્થાની પશ્ચાદ્‌ભૂ એટલી પ્રતિષ્ઠાયુક્ત અને સમૃદ્ધ હતી તેમ જ એનો લાંબો ઇતિહાસ એટલો યશસ્વી હતો કે જે કામ હકપૂર્વક અને સરળતાથી પાર પડવું જોઈએ એ કેમ સંપન્ન થતું નહોતું એની સૌને નવાઈ હતી અને વિશેષ નવાઈ તો એ હતી કે દાસકાકા જેવા આગેવાન કાર્યકર, બુઝુર્ગ નેતા અને લગભગ બધા રાજકીય પક્ષોના વડીલ જેવું સન્માન્ય સ્થાન ધરાવનાર વ્યક્તિ છતાં એમના પ્રયત્ને લોકસંગ્રહનું કામ થતું નહોતું! એ જમીન મેળવ્યા પછી એમાં શિક્ષણના હેતુ સિવાયની કોઈ પ્રવૃત્તિ થવાની નહોતી એ સરકારી માણસો જાણતા હતા છતાં કામ અટક્યું હતું.

જાણવા પ્રમાણે એક જ અવરોધ હતો. મુખ્યપ્રધાનની સહી થતી નહોતી. એ સિવાય કશી નડતર નહોતી. દાસકાકાના આ અંગેના પુરુષાર્થ દરમિયાન ત્રણ-ત્રણ મુખ્યપ્રધાનો સત્તા ઉપર આવી ચૂક્યા હતા—શ્રી માધવસિંહ સોલંકી, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને શ્રી અમરસિંહ ચૌધરી. આ કાર્ય કેમ થતું નહોતું એ કંઈ છાની કે છૂપી વાત નહોતી. પણ એ રહસ્યનો સ્ફોટ કરવાથી શો ફાયદો? શ્રી અમરસિંહ ચૌધરી મુખ્યપ્રધાન હતા એ વખતે એ કામ થઈ શક્યું હોત પણ કમભાગ્યે એ દરમિયાન દાસકાકાનું અવસાન થઈ ચૂક્યું હતું!

દાસકાકાના અવસાન પછી ઉપરના સંજોગોમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના કાર્યકર્તાઓએ ગાંધીનગરની શાખાના સંચાલનનો સઘળો ભાર પોતાના શિર ઉપર લીધો. તત્કાલીન ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના ઉપપ્રમુખ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી શ્રી ધનાભાઈ હ. પટેલને ગાંધીનગર શાખામાં ખાલી પડેલી ચેરમેનની જગ્યાનો ભાર સોંપવામાં આવ્યો અને એમની સહાયમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીઓ શ્રી માણેકલાલ મા. પટેલ, શ્રી કાલિદાસ ઝીણાભાઈ પટેલ (વામજ) અને શ્રી છગનલાલ કા. પટેલ (કલોલ) રહ્યા.

શ્રી ધનાભાઈ ઘણાં વર્ષોથી સંસ્થાની સેવામાં સક્રિય હતા. સંસ્થાના વિકાસનું સ્વપ્ન એમના હૈયે વસેલું હતું. એ સ્વપ્નને સાકાર કરવા એ સતત ક્રિયાશીલ રહેતા. સંસ્થા માટે દાન મેળવવાની પ્રવૃત્તિ એ એમના વિશેષ રસનો વિષય. સંસ્થાના કોઈ શુભેચ્છક કે દાતાના ચિત્ત ઉપર સંસ્થાના ગૌરવ અને એની જરૂરિયાતની વિસ્તારથી વાત કરી એ ધાર્યો પ્રભાવ નિપજાવી શકતા. પરિણામે દાતા સંસ્થા માટે ઉદારતાથી સખાવત કરતા. દાન મેળવવાની એમની પ્રેમભરી કુનેહ ૧૯૮૨માં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીમિત્રોના આગ્રહથી સંસ્થાના વિકાસ અર્થે અમેરિકાના ખેડેલા પ્રવાસ વખતે ખૂબ સફળ થઈ હતી. ૧૯૮૪માં ચેરમૅનની હેસિયતથી ગાંધીનગર શાખાનો કાર્યભાર સંભાળ્યા પછી એમણે દાસકાકાના સમયમાં આરંભાયેલાં કાર્યો વહેલી તકે અને સારી રીતે પૂર્ણ કરી શકાય એ હેતુથી આર્થિક ફંડ-ફાળા માટે કલોલ અને પછી મુંબઈના દાતાઓનો સંપર્ક કરવાનું આયોજન કર્યું. આના આધારે 'શેઠ શ્રી જનતકુમાર ભગુભાઈ શિશુવિહાર ભવન'નું એક મોટી ઇમારતના રૂપમાં કામ પૂરું થયું. (મોટી ઇમારત એટલા માટે કે જ્યારે સંસ્થાની ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજનો આરંભ થયો ત્યારે એ કૉલેજના વર્ગો, કૉલેજનું સ્વતંત્ર મકાન ન બન્યું ત્યાં સુધી આ ભવનમાં બેસતા હતા.)

ગાંધીનગર શાખાનું કામ સંભાળી લેનાર સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીઓ પૈકી શ્રી કાળિદાસ ઝીણાભાઈ વામજનિવાસી હતા અને શ્રી છનગલાલ કા. પટેલ કલોલમાં રહેતા હતા એટલે રોજબરોજના કાર્યભાર સંભાળવાનું કામ શ્રી માણેકલાલ મા. પટેલ હસ્તક હતું.

શ્રી માણેકલાલ કુશાગ્રબુદ્ધિ ધરાવતા અત્યંત સફળ વહીવટકર્તા હતા. હાથ પર લીધેલું કામ પૂરા ખંત અને ઉત્સાહથી પાર પાડવા માટેની એમની પાસે પ્રશંસનીય શક્તિ હતી.

એક બાજુ શ્રી ધનાભાઈ ગાંધીનગરની સંસ્થામાં સ્થાનિક વ્યવસ્થા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા તો બીજી બાજુ શ્રી માણેકલાલ રોજબરોજનો આંતરિક વહીવટ સંભાળી રહ્યા હતા. તે ઉપરાંત સંસ્થાની રિઝર્વમાં રહેલી જમીન પ્રાપ્ત કરવાનું અત્યંત મહત્ત્વનું કામ હાથ પર લઈને શ્રી નટુભાઈ (ભાણાભાઈ) તેમ જ સહકાર્યકરોને સાથમાં રાખીને ઉકેલવાની મથામણ કરી રહ્યા હતા. આવા સતત પ્રયત્નને અંતે ઈ.સ. ૧૯૮૯ના વર્ષમાં રિઝર્વમાં હતી તે જમીનનો કબજો મેળવી શકાયો. આ કબજો મેળવવામાં શ્રી પ્રવીણ લહેરી I.A.S.નો પણ હાર્દિક સહયોગ સાંપડ્યો હતો.

હવે સંસ્થાના વિકાસને જરૂરી વેગ મળ્યો. જિનિંગ-પ્રેસિંગના ઉદ્યોગ તેમ જ ઑઇલમિલના ઉદ્યોગમાં શ્રી માણેકલાલનું મહત્ત્વનું સ્થાન હતું એટલું જ નહીં કડીમાં નાગરિક સહકારી બૅન્કના સ્થાપકોમાં એ અગ્રેસર હતા. વ્યવસાયની આ અત્યંત અગત્યની ભૂમિકાના કારણે શ્રી માણેકલાલને કડીબહારના જાણીતા ઉદ્યોગપતિઓનો સારો પરિચય હતો. એ ઉદ્યોગપતિઓમાંના એક તેમ જ બૅન્કિંગ ક્ષેત્રમાં જેમનું નામ આગલી હરોળમાં હતું એ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ સાથે સારો મેળ હતો. શ્રી બળદેવભાઈ સર્વ વિદ્યાલયના આરંભકાળના એક વિદ્યાર્થી.

૧૯૮૪માં સંસ્થાના અમૃતમહોત્સવની ઉજવણી પ્રસંગે એમને અતિથિ તરીકે નિમંત્રેલા. મહોત્સવની વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલનની બેઠકમાં એમણે મનનીય પ્રવચન કરેલું. (મહોત્સવના સ્મૃતિગ્રંથમાં એમનું આ પ્રવચન શબ્દશઃ પ્રકાશિત કરેલું છે.) આ પ્રવચનમાં કેટલાક એમના ચિંતનાત્મક વિચારો સાથે સર્વ વિદ્યાલય પ્રત્યેનો પ્રેમભર્યો લગાવ પણ સુંદર રીતે અભિવ્યક્ત થયો હતો.

સંસ્થાના વિકાસ માટે પ્રાપ્ત કરેલી ૬.૫ એકર જમીનમાં એકાધિક શિક્ષણ સંકુલો ઊભાં કરવાં જોઈએ. આ માટે દાનની માતબર સખાવતોની જરૂર પડે. શ્રી માણેકલાલે બળદેવભાઈનો સંપર્ક સાધ્યો. શ્રી બળદેવભાઈ કાળુપુર કૉમર્શિયલ કો. ઑ. બૅન્કના ચૅરમૅન અને શ્રી ગોપાળભાઈ શિવાભાઈ પટેલ વાઇસ ચૅરમૅન એમનો પણ સંસ્થા સાથે ઘરોબો ઘનિષ્ઠ. કાળુપુર બૅન્કના નામે સંસ્થા માટે દાન મેળવવાની શ્રી માણેકલાલે ઉત્તમ તક જોઈ. આ નવનિર્માણ માટે શ્રી માણેકલાલને એક સુંદર અને ફળદ્રુપ વિચાર સ્ફુર્યો. અગાઉ મળેલી ૬.૫ એકર જમીનમાં તો સર્વત્ર પ્રચલિત છે એ પ્રમાણે શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનો આરંભ કર્યો હતો. અર્થાત્ એ સંસ્થાઓમાં સહશિક્ષણની જોગવાઈ હતી. છોકરા-છોકરીઓ સાથે ભણે. પણ છગનભાના કન્યાકેળવણીના સ્વપ્નને બરાબર ઉજાગર કરવું હોય તો આ ૬.૫ એકરના વિસ્તારમાં ફક્ત કન્યાઓ માટે જ વિવિધ શિક્ષણ એકમો કેમ ન ઊભા કરવા? દાતાને પણ આ વિચાર જરૂર ગમે અને પ્રેમ અને ઉમળકાથી એ દાન આપવા પ્રેરાય. શ્રી બળદેવભાઈ છગનભાના સ્વપ્નથી વાકેફ હતા જ. શ્રી માણેકલાલે શ્રી બળદેવભાઈ આગળ પોતાનો આ સંકલ્પ રજૂ કર્યો અને શિક્ષણકાર્ય માટે શક્ય તે સહાયની માગણી કરી.

આ સંસ્થા માટે બળદેવભાઈએ ઝાઝો વિચાર કરવાનો હોય કંઈ? દરખાસ્ત સાંભળી પ્રસન્ન થયા. અને નવા સ્થપાનાર કન્યાશિક્ષણ સંકુલને બૅન્કનું નામ આપવાની શરતે એમણે રૂપિયા અગિયાર લાખ દાનરૂપે આપવાની જાહેરાત કરી. મંડળે દાનનો આભાર સાથે સ્વીકાર કરતાં સંકુલને 'કાળુપુર કૉમર્શિયલ બૅન્ક કન્યાકેળવણી સંકુલ' નામ આપવામાં આવ્યું.

કામનો આરંભ થયો. વિવિધ શૈક્ષણિક એકમો અને છાત્રાલયો સ્થપાતાં ગયાં. આ અંગેના જરૂરી ખર્ચને પહોંચી વળવા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ તરફથી દાનનો પ્રવાહ અસ્ખલિતપણે વહેતો રહ્યો અને સંસ્થાનું કામ કશી રુકાવટ કે અવરોધ વગર ચાલતું રહ્યું. ઈ.સ. ૨૦૧૦ સુધીમાં આ શિક્ષણ સંકુલમાં નીચેના શૈક્ષણિક એકમો સ્થપાઈ ચૂક્યા હતા:

૧. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ
૨. શેઠ શ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ, મુંબઈ સંસ્કારભવન (ઑડિટોરિયમ) (દોઢ હજાર બેઠકવાળું વિશાળ ઑડિટોરિયમ)
૩. કાળુપુર બૅન્ક કમ્પ્યૂટર સાયન્સ સેન્ટર
૪. શ્રીમતી સીતાબહેન નારણદાસ પટેલ (ડાંગરવા–યુ.એસ.એ.) ગર્લ્સ કૉલેજ લાઇબ્રેરી
૫. રાઈબહેન ગોપાળદાસ પટેલ માધ્યમિક ગર્લ્સ ઍન્ડ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ (સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહ)
૬. શ્રીમતી મૃદુલાબહેન ભરતભાઈ પટેલ પ્રાથમિક કન્યાશાળા
૭. શ્રીમતી હીરાબહેન વિઠ્ઠલદાસ પટેલ કન્યા બાલમંદિર
૮. શ્રી બળદેવભાઈ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય
૯. લોદરિયા પરિવાર (સરસાવ) ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય
૧૦. વર્ષાબહેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ) U.S.A. હાયર ઍજ્યુકેશન ઉમિયા કન્યા છાત્રાલય
૧૧. અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય (ઍનેક્સી)
૧૨. નારણદાસ ગોપાળદાસ પેટલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય

~ ૪૫ ~

ફાર્મસી કૉલેજ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ હંમેશાં સમયની માગને લક્ષમાં રાખીને પોતાની શિક્ષણનીતિને આકાર આપતું રહ્યું છે અને એનો લાભ સમાજને અને રાષ્ટ્રને ઇચ્છિત માત્રામાં મળી રહે એ માટે આ મંડળ શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનો પુરુષાર્થ કરતું રહ્યું છે. આરંભમાં એણે કેળવણીના મુખ્ય હેતુ અંતર્ગત રાષ્ટ્રભાવના અને ઉદ્યોગને નજર સમક્ષ રાખ્યાં. સમય જતાં ટેક્નિકલ શિક્ષણની જરૂર જણાતાં સર્વ વિદ્યાલયને વિવિધલક્ષી શાળામાં ફેરવીને ટેક્નિકલ શિક્ષણ તરફ ઝોક દાખવ્યો. રાષ્ટ્રને જ્યારે કુશળ કારીગરોની ખોટ વર્તાઈ ત્યારે એણે જુનિયર ટેક્નિકલ સ્કૂલ સ્થાપી. સમાજનું વલણ પોતાનાં બાળકોને ઇજનેર કે ડૉક્ટર બનાવવા તરફ પ્રબળ બન્યું અને એ વિદ્યા-શાખાઓમાં પ્રવેશ મેળવવા માટે બે વર્ષ માટે વિજ્ઞાન કૉલેજનો અભ્યાસ આવશ્યક બન્યો ત્યારે જિલ્લાનાં બાળકોને એ માર્ગ સુગમ બની રહે તે હેતુથી મંડળે ફક્ત વિજ્ઞાન ફૅકલ્ટીવાળી, જે ભારે ખર્ચાળ અને ખોટનું કારણ બની રહે તેવી વિજ્ઞાન કૉલેજ શરૂ કરી. પ્રાથમિક શિક્ષણક્ષેત્રે શિક્ષકોની તાલીમ માટે જિલ્લામાં એક પણ કૉલેજ નહોતી. આવી કૉલેજમાં પ્રવેશની હાડમારી દૂર કરવા માટે મંડળે અધ્યાપનમંદિર શરૂ કર્યું. જેનો અભ્યાસ છૂટી ગયો હોય અને દિશાદોર વગર કે કુછંદે ચઢીને રખડતા થઈ ગયા હોય અથવા હોટલો, વીશીઓ કે કારખાનાંઓમાં બાળમજૂર તરીકે જીવન વેડફી રહ્યા હોય એવા કિશોરોને જીવનના સાચા માર્ગે લાવવા મંડળે પ્રી વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કર્યું... આવાં આવાં કાર્યો અને પ્રવૃત્તિઓ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળે માત્ર લોકસંગ્રહાર્થે સમાજસેવાનાં કાર્યો કરવામાં રસ દાખવ્યો છે. ઈ.સ. ૧૯૯૫ પૂર્વે મંડળનું ધ્યાન એક એવા ક્ષેત્ર તરફ દોરાયું જેમાં ઘણું કામ કરવાનું જરૂરી હતું. એ ક્ષેત્ર હતું દવાઓના ઉત્પાદનનું ક્ષેત્ર અર્થાત્ ફાર્મસીનું ક્ષેત્ર. આ ક્ષેત્ર સાથે કેળવણીની સંસ્થાને શી નિસબત? એને થોડું દવાઓ ઉત્પન્ન કરવાનો ઉદ્યોગ કરવાનો હતો? એને એ કરવાનું નહોતું પણ એણે જે કરવાનું હોય એ ૧૯૯૫ સુધી નહીંવત્ થયું હતું એ નીચેના વિગતોના વિસ્તારથી બરાબર સમજાશે:

આ સ્થિતિ ૧૯૯૫ની છે—

ભારતમાં ૨૦,૦૦૦ જેટલી કંપનીઓ દવાના ઉત્પાદનમાં રોકાયેલી હતી અને પ્રતિવર્ષ ૬,૦૦૦ કરોડ રૂપિયાની દવાઓ બનાવતી હતી. દવાના ઉત્પાદનનો ઉદ્યોગ કૂદકે ને ભૂસકે વધી રહ્યો હતો. આ ક્ષેત્રમાં કામ કરવા રોકાયેલા (ફાર્માસિસ્ટોની સંખ્યા જરૂર કરતાં ઘણી ઓછી હતી. એ સમયના સંજોગોમાં ઓછામાં ઓછા ૮,૦૦૦ ફાર્માસિસ્ટોની જરૂર હતી ત્યાં માંડ ૫,૦૦૦ની સંખ્યા ઉપલબ્ધ હતી.

આ થઈ દેશમાં ફાર્માસિસ્ટોની તંગીની વાત.

ગુજરાતની સ્થિતિ સાવ નિરાળી અને કંગાળ સ્થિતિમાં હતી. વિધિની વિચિત્રતા કેવી! દેશમાં સૌથી વધારે દવાઓ ઉત્પન્ન કરનારું રાજ્ય અને ફાર્માસિસ્ટોની સૌથી મોટી ખેંચ ગુજરાતમાં!

દેશના ઔષધ ઉદ્યોગમાં ભારતભરમાં આગળ પડતું ગુજરાત રાજ્ય. દેશના કુલ ઉત્પાદનના ૫૦ ટકા જેટલી દવાઓ માત્ર ગુજરાતમાં બને છે. ૧૯૯૫ના અરસામાં ગુજરાતમાં ૨,૧૦૦ જેટલા એકમો લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયાની દવાઓનું ઉત્પાદન કરતા હતા. ગુજરાતના ધમધમતા આ ઉદ્યોગમાં એ સ્થિતિમાં પ્રતિવર્ષ ૨,૧૦૦ જેટલા ફાર્માસિસ્ટોની જરૂર પડે. આ ઉપરાંત ફાર્મસીના ક્ષેત્રમાં સીધા ઉત્પાદન ઉપરાંત અન્ય કાર્યવાહી માટે પણ ફાર્માસિસ્ટો જોઈએ. આ જરૂરિયાત સામે ફાર્મસીની ડિગ્રી આપતી કૉલેજો એ વખતે ગુજરાતમાં માત્ર ચાર હતી. એ ચારેય કૉલેજોની પ્રવેશ ક્ષમતા માત્ર ૧૬૫ બેઠકોની. ગુજરાતને પ્રતિવર્ષ જરૂરિયાત લગભગ ૨,૫૦૦ (૨,૧૦૦+અન્ય) ફાર્માસિસ્ટોની અને ઉપલબ્ધિ પરીક્ષામાં બધા જ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થાય તો ૧૬૫ની! ઔષધ ઉત્પાદનક્ષેત્રે દેશમાં સૌથી સમૃદ્ધ રાજ્ય ગુજરાતની આ સ્થિતિ હતી! એ વર્ષોમાં સમગ્ર દેશમાં ૮૪ ફાર્મસી કૉલેજો હતી અને ઉપર કહ્યું તેમ ગુજરાતમાં ચાર!

આ પરિસ્થિતિમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ ક્ષેત્રમાં કંઈ કર્યા વગર કેમ રહે? એને ખબર હતી, એક અંદાજ કઢાવ્યા મુજબ આરંભમાં ત્રણ કરોડ રૂપિયાના બજેટનો આ પ્રોજેક્ટ થાય એમ હતો. વળી, મંડળને એ પણ જાણ હતી કે ફાર્મસી કૉલેજ સ્થાપ્યા પછી એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો એનો અધિકાર નહોતો (મૅનેજમૅન્ટ ક્વોટાની વાત તો પછી આવવાની હતી. એ વ્યવસ્થા અમલમાં આવી ત્યારેય સર્વ વિદ્યાલય કેળવણી મંડળે એમાં પોતાના હાથ રંગ્યા જ નહોતા. એ ક્વોટાની પ્રવેશબેઠકો પોતાને હસ્તક રાખી જ નથી.)

વિદ્યાર્થીને પ્રવેશ આપવાનો પોતાનો હક્ક ન હોવા છતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આવી ખર્ચાળ કૉલેજ સ્થાપવાનું સાહસ કેમ કર્યું? એ જ તો મંડળનો નીતિગત આચાર! હાનિ-લાભનો વિચાર કર્યા વગર સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી થવું. આ સાહસમાં મંડળે એક બીજો મોટો લાભ જોયો હતો. આ કૉલેજમાંથી ડિગ્રી મેળવીને બહાર પડનાર વિદ્યાર્થીઓને નોકરીની અપરંપાર તકો હતી. અમેરિકા જેવા દેશોમાં ફાર્માસિસ્ટોની મોટી માગ હતી. સમાજના વિદ્યાર્થીઓ માટે આ એક ઉત્તમ તકનો સંજોગ હતો. આ સાહસમાં કાળુપુર કૉમર્શિયલ કો-બૅન્કનો મોટા દાનનો સહયોગ મળી રહ્યો. બૅન્ક વતી શ્રી બળદેવભાઈએ રૂપિયા એકાવન લાખનું દાન જાહેર કર્યું. સંસ્થાના આ સાહસમાં સરકારનો પણ અત્યંત અનુકૂળ સહયોગ સાંપડ્યો હતો. સરકાર તરફથી સેક્ટર ૨૩માં ઘ-૬ રોડના કૉર્નર ઉપર પાંચ એકર જમીન સંસ્થાને મળી હતી. સોનામાં સુગંધ મળ્યા જેવું એ થયું કે જમીન ૨૩મા સેક્ટરમાં સંસ્થાના શિક્ષણ સંકુલોને સંલગ્ન હતી. વચ્ચે ફક્ત જાહેર રસ્તો પસાર થતો હતો એટલું જ.

જમીન મેળવ્યા પછી તા. ૨૯-૪-૯૬ના રોજ ફાર્મસી કૉલેજના મકાનનો ખાતવિધિ શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલના હસ્તે થયો. આ ઉત્સવપ્રસંગે સ્વામીશ્રી સચ્ચિદાનંદજીના આશીર્વાદ પ્રાપ્ત થયા અને એમના તરફથી આ શુભ કાર્ય માટે શુભેચ્છા ફાળો પણ મળ્યો. ફાર્મસી કૉલેજના અને તેના છાત્રાલયોનાં મકાનો માટે, આ ખાતમુહૂર્ત સચવાયું તે અરસામાં રૂ. ૧,૭૫,૯૭,૧૧૧ના દાનનાં વચન મળી ચૂક્યાં હતાં, જે પૈકી રૂ. ૫૧ લાખના મુખ્ય દાતા તરીકે કાળુપુર કૉમર્શિયલ સહકારી બૅન્ક હતી. આ દાનના આધારે કૉલેજનું નામ કાળુપુર કૉમર્શિયલ કો.ઑપ. બૅન્ક ફાર્મસી કૉલેજ રાખવામાં આવ્યું. બૅન્ક તરફથી અગાઉની રૂ. ૫૧ લાખની દાનની રકમમાં બીજા વધારાના ૧૫ લાખ રૂપિયા

દાનમાં આપવામાં આવ્યા. ગુજરાતમાં આ સૌ પહેલી સ્વનિર્ભર (Self-financed) ફાર્મસી કૉલેજ હતી. પ્રથમ વર્ષે કૉલેજના પહેલા વર્ષ માટે ૬૦ બેઠકોની મંજૂરી મળી હતી જે સત્રના આરંભે જ ભરાઈ ગઈ હતી. આ ૬૦ બેઠકો પૈકી ૨૪ વિદ્યાર્થિનીઓએ પ્રવેશ મેળવ્યો હતો.

આ સમયગાળામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બીજી વિદ્યાશાખાઓમાં વિકાસયાત્રા વણથંભી ચાલુ હતી. એ અંગે વિગતે વાત કરીએ એ પહેલાં ફાર્મસી કૉલેજ અંગેની તેમ જ એની આગેકૂચની વાત અહીં કરી લઈએ જેથી એક વિદ્યાશાખાની યાત્રામાં તૂટ ન જણાય.

૧૯૯૮ના જુલાઈ માસમાં સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલના નેતૃત્વ હેઠળ ડૉ. કનુભાઈ ધ. પટેલ, શ્રી નરસિંહભાઈ ક. પટેલ અને હું સંસ્થાના વિકાસ અર્થે આર્થિક સહાય પ્રાપ્ત કરવાના હેતુથી અમેરિકાના પ્રવાસે ગયા હતા. આ પ્રવાસ અંગેની પૂર્વભૂમિકા અને અન્ય વિગતો વિસ્તારપૂર્વક હવે પછીના પ્રકરણમાં આપી છે. અહીં ફક્ત આ પ્રવાસમાં ફાર્મસી કૉલેજ નિમિત્તે જ આશ્ચર્યકારક અને સુખદ અનુભવ થયો તે આપવાનો ઉપક્રમ છે.

અમારા ૧૯૯૮ના અમેરિકાના પ્રવાસમાં એક તબક્કે કૅલિફૉર્નિયામાં સ્વ. ધનાભાઈ હ. પટેલ (તત્કાલીન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના ચેરમૅન)ના ભાણા શ્રી જયંતીભાઈ પટેલને ત્યાં (અરવાઈન શહેરમાં) મુકામ હતો. ઈ.સ. ૧૯૮૨માં સંસ્થાના વિકાસ અર્થે શ્રી ધનાભાઈ અને હું અમેરિકા ગયા હતા ત્યારે કૅલિફૉર્નિયામાં અમારો મુકામ આ જયંતીભાઈને ત્યાં હતો. શ્રી જયંતીભાઈ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી અને વિદ્યાર્થી આશ્રમના છાત્ર. એમણે ૧૯૮૨ના પ્રવાસ વખતે સંસ્થા માટે ફાળો મેળવવામાં ખૂબ મદદ કરેલી. આ વખતે પણ એમની એટલી જ તત્પરતા હતી.

એમણે એક મજાની વાત કરી: "જો તમે ઇચ્છો તો આપણે એક પાર્ટીને મળીએ. અત્યંત ધનાઢ્ય વ્યક્તિ છે. ચીલાચાલુ કરતાં કંઈક જુદું અને સર્જનાત્મક હોય એમાં એમને રસ છે. જો એમના ખ્યાલમાં આપણો પ્રોજેક્ટ બંધ બેસે તો એ અઢળક વરસે અને એમનું મન ન માને તો કશું ન આપે. ખાલી હાથે પાછા આવવાની તૈયારી હોય તો આપણે એમને ત્યાં જઈએ. મારે એમની સાથે ઘણો સારો સંબંધ છે. પણ આવી બાબતમાં માત્ર સંબંધનો પ્રભાવ કંઈ કામ કરે એમ નથી."

આટલી વિગત મેળવ્યા પછી જયંતીભાઈ પાસેથી અને એ પછી કેટલાક સમય બાદ અમને આ ધનાઢ્ય વ્યક્તિની આ જાણકારી મળી: એમનું નામ શ્રી ડાહ્યાભાઈ આર. પટેલ પણ અમેરિકામાં ડેની પટેલ નામથી જાણીતા છે. એમનું વતન મહેસાણા જિલ્લાનું પાંચોટ ગામ પણ બાપદાદા મોસાળ ચડાસણામાં વસ્યા એટલે ચડાસણા એમનું વતન થઈને રહ્યું.

અમે ફોન કરીને એમને ત્યાં ગયા. અમને આવકારવા એ મકાનની બહાર આવ્યા. ભવ્ય હતું એમનું મકાન. પ્રથમ તો એમણે અમને એમના મકાનમાં ખંડે ખંડે ફેરવ્યા. એની ભવ્યતાનું વર્ણન કરવાનો અહીં ઉપક્રમ નથી. છેલ્લે એમના મકાનના ઑડિટોરિયમમાંથી નીકળીને અલગ કહી શકાય એવી ખુલ્લી બેઠકવાળા સ્થળે એમની સાથે બેઠા. ઔષધને લગતા ક્ષેત્રનો એમનો ઉદ્યોગ એટલે બધું રહેવા દઈને શ્રી માણેકલાલભાઈ અને શ્રી નરસિંહભાઈએ સંસ્થાની ફાર્મસી કૉલેજ, એની સિદ્ધિઓ અને એ ક્ષેત્રમાં સંશોધન પરત્વેની યોજના વિશે વિશદતાથી વાત કરી. સંશોધનની વાત આવી ત્યાં શ્રી ડાહ્યાભાઈએ ઊંડાણથી રસ દાખવ્યો. અને એમણે પણ કેટલીક પ્રેરક વાતો અને વિચારો દર્શાવ્યાં. મુલાકાત સફળ થઈ અને એમણે પ્રાથમિક તબક્કે સંશોધનકાર્યના હેતુ માટે રૂપિયા એક કરોડનું દાન આપવાની તૈયારી

બતાવી અને નજીકના ભવિષ્યમાં સ્થપાનાર હીરાબહેન ડાહ્યાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટિકલ બાયોટેક્નોલોજી એન્ડ એડ્વાન્સ્ડ રિસર્ચનાં મૂળ નંખાયાં. અલબત્ત, ફાર્મસી કૉલેજનું રેકૉર્ડ પર યુનિવર્સિટીની ઑફિલિયેટેડ કૉલેજ તરીકે નામ રહ્યું 'કાળુપુર કૉમર્શિયલ બૅન્ક ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ.'

કૉલેજના રિસર્ચ સેન્ટરમાં સંશોધનનું કામ ચાલતું રહે છે. આ સંશોધનકાર્યને પ્રોત્સાહન આપવાના હેતુથી ઈ.સ. ૨૦૦૯ના વર્ષમાં એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા રૂપિયા ૨૦ લાખની ગ્રાન્ટ મળી હતી અને એ હેતુ માટે પ્રતિવર્ષ આ પ્રકારની ગ્રાન્ટ મળતી રહેશે એવી હૈયાધારણ મળી છે.

ઈ.સ. ૨૦૧૦ના વર્ષમાં કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગભાઈ શાહે ડાયાબિટીસ ઉપર રિસર્ચ કરીને ઑલ ઇન્ડિયા ટેક્નિકલ કાઉન્સિલમાં રિપોર્ટ પ્રસ્તુત કર્યો હતો. આ રિસર્ચ પ્રોજેક્ટને ઑલ ઇન્ડિયા ટેક્નિકલ કાઉન્સિલે માન્ય રાખીને શ્રી શાહને રૂ. ૨૩ લાખની ગ્રાન્ટ આપી હતી.

ફાર્મસી કૉલેજ દ્વારા દર વર્ષે ઉદ્યોગોને ઇન્ડસ્ટ્રિયલ પ્રોજેક્ટનું કામ કરી આપવામાં આવે છે જેના કારણે કૉલેજને વાર્ષિક ચારથી પાંચ લાખ રૂપિયાની આવક થાય છે.

એક નોંધ કરવી ઉચિત ગણાશે કે કૉલેજના આરંભના જ વર્ષે ભારતની સર્વ ફાર્મસી કૉલેજોના પ્રિન્સિપાલોમાં કે.બી. ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પરમારને શ્રેષ્ઠ પ્રિન્સિપાલ તરીકેનું બહુમાન મળ્યું હતું જે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ગૌરવને શોભાવનારી એક ઘટના હતી.

~ ૪૬ ~

એમ. બી. એ., એમ. સી. એ. અને અન્ય

ગાંધીનગરમાં ફાર્મસી કૉલેજની સ્થાપના પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે કડી અને ગાંધીનગર ખાતે કેટલાંક નવાં શૈક્ષણિક સાહસો સ્થાપવાનો સિલસિલો ચાલુ રાખ્યો. સમય બદલાયો હતો. સરકારે નવી સ્થપાતી શૈક્ષણિક સંસ્થાઓને ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ તરીકે મંજૂરી આપવાની નીતિ અત્યંત કુંઠિત કરી મૂકી હતી. અસાધારણ જરૂરિયાત સિવાય સરકારે સંસ્થાઓને ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ તરીકે મંજૂરી આપવાનું બંધ કર્યું હતું. પણ વિકલ્પે સ્વનિર્ભર સંસ્થાઓ તરીકે છૂટથી મંજૂરી મળતી હતી. આના કારણે શિક્ષણનું વ્યાપારીકરણ થયું. શિક્ષણસંસ્થાઓ સેવા અર્થે નહીં પણ ધંધાર્થે સ્થપાવા લાગી. આ પરિસ્થિતિમાં માત્ર લોકસંગ્રહાર્થે જ શિક્ષણસંસ્થાઓ ચલાવતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી સંસ્થાઓ માટે શિક્ષણસંસ્થા સ્થાપવી એ એક મોટું સાહસ હતું. સાયન્સ અને ટૅક્નૉલૉજીક્ષેત્રે નવી નવી વિદ્યાશાખાઓ અને નવા નવા અભ્યાસક્રમો અસ્તિત્વમાં આવતા જતા હતા. એમ. બી. એ., એમ. સી. એ., ટૅક્નિકલ શિક્ષણની વિવિધ વિદ્યાશાખાઓની સંસ્થાઓ અને કૉલેજો, શિક્ષકો માટેની તાલીમ કૉલેજો... સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આ બધું કડી અને ગાંધીનગરમાં સ્થાપવાનું હતું. ગંજાવર આર્થિક રોકાણ અને મોટા પ્રમાણમાં આર્થિક ખોટ... આ વિચાર જ સંસ્થાના આરંભ પૂર્વે સંચાલકને હતાશામાં ગરકાવ કરી દે! પણ તત્કાલીન મંત્રી શ્રી માણેકલાલ મા. પટેલ એમ કંઈક હતાશ થાય એમ નહોતા કે હિંમત હારે એમ નહોતા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે કેળવણીના ક્ષેત્રમાં અગ્રેસર રહેવું જ જોઈએ એ એમનું લક્ષ્ય અને એ માટેના પુરુષાર્થનો પાકો નિર્ણય. સંસ્થાએ ઈ.સ. ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષથી બે નવાં સાહસ શરૂ કરવાનો નિર્ણય કર્યો. એ સાહસ હતાં:

૧. એમ. બી. એ. (પૂર્ણકાલીન બે વર્ષનો અભ્યાસક્રમ) અને એમ. બી. એ. (ત્રણ વર્ષનો પાર્ટ ટાઇમ અભ્યાસક્રમ)
૨. એમ. સી. એ. (માસ્ટર ઑફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન) આ ત્રણ વર્ષનો પૂર્ણકાલીન અભ્યાસક્રમ.

આ બંને અભ્યાસક્રમો સ્થાપવા માટે આર્થિક મદદ મેળવવામાં વીસનગરના (મૂળ વતન ગોઠવા, તા. વીસનગર) શ્રી ભોળાભાઈ સી. પટેલ ખૂબ મદદરૂપ થયા. શ્રી ભોળાભાઈ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી અને વિદ્યાર્થી આશ્રમના છાત્ર. વીસનગર સહકારી મજૂરમંડળીના આગેવાન કાર્યકર અને ઉદ્યોગપતિ. રાજકારણમાં વીસનગરના સ્થાનિક અને જિલ્લાના જાણીતા આગેવાન કાર્યકર. એમની પ્રેરણાથી સંસ્થાને માસ્ટર ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન કૉલેજ માટે શ્રી સાંકળચંદ કાળિદાસ પટેલ નામ આપવાની શરતે રૂ. એકાવન લાખનું દાન જાહેર કરવામાં આવ્યું. સંસ્થાએ સ્થપાનાર આ કૉલેજને એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સાયન્સ નામ આપવાનું ઠરાવ્યું.

આ પ્રૉજેક્ટ પાછળ રૂ. દોઢ કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો. સંસ્થાએ આ પ્રૉજેક્ટ વિચારણામાં

લીધો એ વખતે ગુજરાતમાં એમ.બી.એ.ની કુલ ૩૪૦ બેઠકો હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે ગુજરાત સરકારે અને ગુજરાત યુનિવર્સિટીએ ૧૨૦ બેઠકોની ભલામણ કરી હતી જે સંસ્થા માટે ગૌરવભરી સિદ્ધિ ગણાય.

આજે આ કૉલેજ 'એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ' (એમ.બી.એ.) નામથી ગાંધીનગર કૅમ્પસમાં ચાલે છે. ઉપર જણાવેલા બીજા સાહસ – એમ.સી.એ. (માસ્ટર ઑફ કમ્પ્યૂટર ઍપ્લિકેશન) પાછળ રૂ. બે કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો. સંસ્થાએ આ અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય કર્યો ત્યારે ગુજરાતમાં એમ.સી.એ.ની કુલ ૨૪૦ બેઠલો હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટે ગુજરાત સરકાર અને ગુજરાત યુનિવર્સિટીએ ૬૦ બેઠકોની ભલામણ કરી હતી.

આ કૉલેજ માટે પણ શ્રી ભોળાભાઈ ચ. પટેલની પ્રેરણાથી વીસનગર મજૂર સહકારી મંડળી તરફથી રૂ. ૫૧ લાખનું દાન મળ્યું હતું. આ કૉલેજનું નામ પણ દાનની શરતના આધારે એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ રાખવામાં આવ્યું.

આ પ્રકરણના આરંભમાં જણાવ્યું તેમ કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં બીજા શૈક્ષણિક એકમો સ્થાપવાના હતા. આ હેતુથી સંસ્થાએ ભારે આર્થિક જવાબદારીનું વહન કરવાનું હતું. દેશમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શુભેચ્છકો અને દાતાઓ તરફથી દાન મળતાં હતાં. કડીમાં સ્થાનિક, કલોલ, અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ વગેરે સ્થળોએથી સંસ્થાના કાર્યકરો શ્રી માણેકલાલભાઈ, ડૉ. રામભાઈ, શ્રી નટુભાઈ (ભાણાભાઈ) અને હું શુભેચ્છા દાન મેળવવા ગયા હતા. સારું કામ થયું હતું. પણ એ રકમ ખર્ચના પ્રમાણમાં ઘણી ઓછી હતી. ૧૯૮૨માં અમેરિકામાં સ્થાયી થયેલા આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રેમભર્યા અને આગ્રહભર્યા આમંત્રણથી સંસ્થાના મંત્રી શ્રી ધનાભાઈ અને હું અમેરિકા ગયા હતા. ન્યૂજર્સીમાં શ્રી ધનાભાઈનાં દીકરી પ્રભાબહેન અને જમાઈ ભરતકુમારને ત્યાં શિકાગોમાં સરસાવના શ્રી કાલિદાસને ત્યાં, નૉર્થ કેરોલિનમાં સરસાવના અજિતભાઈ આત્મારામને ત્યાં, કૅલિફૉર્નિયામાં મોખાસણના શ્રી નારણભાઈ ભગતને ત્યાં રિવર સાઇડે અને કૅલિફૉર્નિયોમાં નૅશનલ પાર્ક અને ડિઝનીલૅન્ડ વિસ્તારમાં શ્રી ધનાભાઈના ભાણા જયંતીભાઈને ત્યાં ઉપરાંત શિકાગોથી થોડે દૂર રિવર ગ્રોવ અને લેક સમર વિસ્તારમાં સરસાવના ડૉ. સી.કે. પટેલ (એક સમયના સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી, શિક્ષક તેમ જ વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિ અને આર.કે.ના મોટા ભાઈ)ને ત્યાં જુદા જુદા તબક્કાએ મુકામ કરીને અન્ય ઘણા વિદ્યાર્થીઓની સાથે રહીને સંસ્થા માટેના ફંડફાળાનું ઉત્તમ કાર્ય કરી શકાયું હતું. એ દિવસોમાં કેટલા બધા વિદ્યાર્થીભાઈએ સંસ્થાના કાર્યમાં સાથસહકાર આપ્યો હતો! એ દિવસોમાં એક્સ્ચેન્જમાં ડૉલરનો ભાવ રૂ. ૯.૫૦ (સાડા નવ રૂપિયા) હતો.

એ દિવસોનાં મીઠાં સ્મરણો યાદ કરીને કેટલાક વિદ્યાર્થીભાઈઓના ફોન આવતા: "સાહેબ, એક વાર ફરી અમેરિકા આવો. હવે તો અહીં આપણા ભાઈઓ વધારે સારી આર્થિક સ્થિતિમાં છે. એ વખતે કેટલાક ભાઈઓ અમેરિકામાં નવા નવા હતા હવે તો એય ધંધારોજગારમાં જામ્યા છે. ..."

અને એક દિવસ ફોન અથવા સંદેશા મારફતે થતો પ્રેમભર્યો આગ્રહ રૂબરૂ અનુભવવાનો થયો. ઈ.સ. ૧૯૯૭ના ડિસેમ્બર માસમાં જાસલપુરના ભાઈશ્રી માણેકલાલની દીકરીનાં લગ્ન નિમિત્તે કેટલાક મિત્રો અમેરિકાથી આવ્યા હતા. લગભગ સાતેક આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના વૃન્દને એકસાથે આ લગ્નઉત્સવ વખતે મળવાનું થયું. સંસ્થાના ખબર પૂછવામાં એમણે સંસ્થાએ આરંભેલા અને

યોજનામાં વિચારી રાખેલા શૈક્ષણિક એકમો વિશે જાણ્યું અને એ સૌ ખૂબ રાજી થયા. આ બધા મિત્રોએ એક અવાજે અને હૃદયથી લાગણીથી સંસ્થાના કાર્ય માટે અમેરિકા 'પધારવા'નો આગ્રહ કર્યો. નિષ્ઠાપૂર્વકનો અને સચ્ચાઈભર્યો એ ઉમળકો હતો.

આમ બધી રીતે વાતાવરણ અનુકૂળ જણાતાં સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલના નેતૃત્વ નીચે આચાર્ય મોહનભાઈ, ડૉ. કનુભાઈ અને શ્રી નરસિંહભાઈ કે. પટેલનું પ્રતિનિધિમંડળ ઈ.સ. ૧૯૯૮ના જુલાઈ માસમાં અમેરિકા પહોંચ્યું.

અમેરિકામાં પહેલો પડાવ ડીંગુચાના ચોકસીભાઈઓ શ્રી રણછોડભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં ન્યૂયૉર્કમાં હતો. આ બંને ભાઈઓએ સંસ્થાને માતબર દાન આપેલું છે. એમના સારાયે પરિવારને સંસ્થા માટે શુભેચ્છાની ઊંડી લાગણી છે. ન્યૂયૉર્કમાં અમારો મુકામ વારાફરતી આ બંને ભાઈઓને ત્યાં, સ્થળોની મુલાકાતોને અનુકૂળ આવે એ રીતે રહ્યા કરતો હતો. બંને ભાઈઓની તબિયત કંઈક અંશે નાદુરસ્ત રહેતી હોવા છતાં એ ફંડફાળા માટે અમારી સાથે રહેતા હતા. એમ કહેવું વધારે ઉચિત ગણાશે કે એ અમને સાથે રાખીને ફંડ માટેનું કાર્ય કરતા હતા.

ન્યૂયૉર્ક અને તે પછી અન્ય વિસ્તારમાં ડાંગરવાના શ્રી નારણભાઈ કે. પટેલ અમારી સાથે રહ્યા. અત્યંત ઉત્સાહી. અગાઉ એમણે એમના સમાજ માટે ફંડફાળાનું કામ આ વિસ્તારમાં કરેલું એટલે કોને કોને મળવું, ક્યાંથી કેટલી રકમ મળી શકે એમ છે વગેરે અનેક પ્રકારની જાણકારી એમની પાસે હતી. અને એમને આપણી સંસ્થાગત નીતિથી વાકેફ કર્યા કે ક્યાંય અણઘટતું દબાણ કર્યા સિવાય વ્યક્તિ સ્વેચ્છાએ જે રકમ આપે એ પ્રેમ અને આભાર સાથે સ્વીકારવી. આમ છતાં ક્યારેક ક્યારેક નારણભાઈ ઉત્સાહમાં આવીને દાતા ઉપર દબાણ અને આગ્રહ કરતા. સંસ્થા માટે કંઈક કરી છૂટવાની આ પણ એક શુભ નિષ્ઠા! ન્યૂયૉર્ક અને ન્યૂજર્સી પછી અમારો મુકામ શિકાગોમાં હતો. શિકાગોમાં રાત્રે અગિયાર વાગ્યે પહોંચ્યા. એરપૉર્ટ ઉપર શ્રી રમણભાઈ (આર.કે.) અને શ્રી શામળભાઈ અમને લેવા આવ્યા હતા. આર.કે. હૃદયની ગંભીર બીમારીમાંથી થોડા સમય પહેલાં જ ઊભા થયા હતા. હજુ તબિયત ખૂબ સાચવવાની જરૂર હતી. ૧૯૮૨માં આર.કે. એ અમારી સાથે રહીને સંસ્થાના કાર્ય માટે અસાધારણ શ્રમ ઉઠાવ્યો હતો. આ વખતે એમની આ બીમારીની અમને જાણ હતી એટલે માત્ર સલાહસૂચન અથવા જરૂર પડે તો ક્યાંક ફોન કરવા સિવાય કોઈ પણ પ્રકારનો શ્રમ ન ઉઠાવવાની અમે એમને અગાઉથી સૂચના આપી રાખી હતી. છતાં રાત્રે અગિયાર વાગ્યે એ અમારા માટે એરપૉર્ટ પર હાજર હતા!

સાથે ફરવાની અમારી ગમે તેટલી 'મનાઈ' હોવા છતાં શિકાગો વિસ્તારમાં એ અમારી સાથે ફરતા રહ્યા. ઉમળકાથી એ એક જ દલીલ કરતા રહ્યા: "તમારી સાથે રહેવાથી ડૉક્ટર પણ આશ્ચર્ય પામે એ રીતે મારા બ્લડપ્રેશરમાં સુધારો રહ્યા કર્યો છે." એમની વાત સાચી હતી. પ્રેશરની માપણીમાં તો 'જે હોય તે જ આવે.' એમણે આ આધાર પકડી રાખ્યો અને અમારા કાર્યને સરળ અને વધારે ફળદાયી બનાવતા રહ્યા. શિકાગો વિસ્તારના કાર્યમાં સી.કે., (આર.કે.ના મોટા ભાઈ જેમની નોંધ અગાઉ થઈ છે) શામળભાઈ, કંબોઈના મણિલાલ પટેલ વગેરેની સહાય ઘણી ઉપયોગી થઈ. આ વખતે સ્વર્ગસ્થ કાલિદાસની સ્મૃતિ અમારા મનમાં સતત રહ્યા કરી. ૧૯૮૨માં શિકાગોનો અમારો મુકામ કાલિદાસને ત્યાં હતો. એમનાં પત્ની સીતાબહેને અમારી ખૂબ કાળજી રાખી હતી. આ

વખતનો અમારો મુકામ આર.કે.ના ભવ્ય આવાસમાં હતો. એમનાં પત્ની અંજનાબહેન દ્વારા અમને શ્રેષ્ઠ પ્રકારનું આતિથ્ય માણવા મળ્યું હતું.

શિકાગો વિસ્તારનું કામ પૂરું થાય પછી આર.કે.ના ભત્રીજાએ અમને સેન્ટ લૂઈ પહોંચાડ્યા. ત્યાં શ્રી પોપટભાઈ (પીટર) અને શ્રી વિનુભાઈ અમને આવકારવા માટે તૈયાર હતા. આ બંને મિત્રોના ઉત્સાહનો પાર નહોતો. સેન્ટ લૂઈનું કામ પતાવ્યા પછી એમણે કારમાં આખી રાત ડ્રાઇવ કરીને વહેલી સવારે અમને મિસૂરીમાં કૈયલના સોમભાઈ હીરદાસને ત્યાં પહોંચાડ્યા. વચ્ચે લગભગ મધરાતના અરસામાં એક સ્થળે માત્ર ઠંડાં પીણાં પીવાના હેતુથી પંદર-વીસ મિનિટનું રોકાણ કર્યું હતું. આ સિવાય આ બે ભાઈઓ આખી રાત વારાફરતી કાર ડ્રાઇવ કરતા રહ્યા હતા. આવા લાંબા અને અણથક પ્રવાસ પાછળ પોપટભાઈ અને વિનુભાઈનો સંસ્થા પ્રત્યેનો પ્રેમ કારણરૂપ હતો. અહીં એક નોંધ કરી લેવી ઉચિત ગણાશે કે આ પ્રવાસના માર્ગમાં દિવસ આથમતાં પહેલાં શ્રી અશ્વિનભાઈને ત્યાં થોડી મિનિટો રોકાઈને એમની પાસેથી રૂ. ૨૬ લાખનું દાન મેળવ્યું હતું.

જ્યૉર્જિયામાં આવો જ ઉત્સાહભર્યો સથવારો ભાઈ અજિત આત્મારામ પટેલ (સરસાવ)નો મળ્યો હતો. ૧૯૮૨માં અમારો મુકામ અજિતને ત્યાં જ નૉર્થ કેરોલિનામાં હતો. આ વખતે જ્યૉર્જિયામાં ફંડ બાબતે ઘણા મિત્રોનો ઘણો સારો સાથ મળ્યો–જાસલપુરના માણેકલાલ (જેમની પુત્રીનાં લગ્ન વખતે તેમને અને અન્ય કેટલાક મિત્રોને મળવાનું થયું હતું), આત્મારામભાઈ (અજિતના પિતા અને સર્વ વિદ્યાલયના નિવૃત્ત હેડક્લાર્ક) સવિતાબહેન, પુષ્પાબહેન, કોકિલાબહેન (ત્રણે ભાઈ અજિતની બહેનો) આખજના બળદેવભાઈ (જે અમેરિકામાં કુમાર તરીકે ઓળખાય છે) આ સૌ ભાઈબહેનોએ સંસ્થાના વિકાસ અર્થે આર્થિક ફંડફાળાનું સારું કામ કરી આપ્યું.

જ્યૉર્જિયા પછીનો મુકામ કૅલિફૉર્નિયામાં રહ્યો. મુકામ ત્રણ સ્થળનો એક શ્રી જયંતીભાઈને ત્યાં, બીજો વિષ્ણુભાઈને ત્યાં અને ત્રીજો મોખાસણના ચંદુભાઈ અને બાબુભાઈ એ બે ભાઈઓને ત્યાં. જયંતીભાઈને ત્યાં મુકામ સમયે ઉદ્યોગપતિ શ્રી ડાહ્યાભાઈ આર. પટેલની મુલાકાતની વાત અગાઉ થઈ ગઈ છે. ચંદુભાઈ અને વિષ્ણુભાઈ તથા બાબુભાઈના નિવાસ અલગ, પણ ઘણુંખરું અમારો પડાવ વિષ્ણુભાઈને ત્યાં. વિષ્ણુભાઈ અને ચંદુભાઈ કાકા-ભત્રીજા પણ એમની વચ્ચે સગાભાઈ જેવી સ્નેહગાંઠ. ચંદુભાઈ અને બાબુભાઈ સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી એટલે સંસ્થા માટે કામ લેવાનો અમારો હક ચંદુભાઈ અને બાબુભાઈ ઉપર, પણ ક્યારેક તો એમ લાગે કે એ હકનું સૌથી વધારે ભાજન વિષ્ણુભાઈ બની રહ્યા છે. ચંદુભાઈ અને બાબુભાઈ અત્યંત પ્રેમાળ. સંસ્થા માટે કંઈ પણ કરી છૂટવાની એમની તૈયારી. એમના પરિવાર તરફથી સંસ્થાને દાન પણ અઢળક મળ્યું છે એટલે તો સંસ્થાએ અનુગ્રહની અભિવ્યક્તિરૂપે જે પરિસરમાં ફાર્મસી કૉલેજ છે એ પાંચ એકરના પરિસરને 'પટેલ સીતાબહેન અંબાલાલ ત્રિભુવનદાસ પરિવાર (મોખાસણ) ઉચ્ચ શિક્ષણ સંકુલ' એવું નામ આપ્યું છે.

આ સંકુલમાં શિક્ષણ સંસ્થાઓ, હૉસ્ટેલો, ગેસ્ટહાઉસ, મધ્યસ્થ કાર્યાલય અને કાળુપુર કૉમર્શિયલ કો-ઑપ.બેન્કની શાખા એમ કુલ મળીને ૧૩ એકમો સ્થિત છે.

૧૯૯૮નો અમેરિકાનો પ્રવાસ ફક્ત ૨૯ દિવસના ટૂંકા ગાળાનો રહ્યો પણ આટલા ટૂંકા ગાળામાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના સાથ-સહકારથી રૂ. છ કરોડ કરતાં વધારે રકમનું ફંડ એકત્રિત થઈ શક્યું.

અહીં શ્રી માણેકલાલભાઈની સંસ્થાભક્તિની એક લાક્ષણિકતા નોંધવા જેવી છે. આ પ્રવાસ ચાલતો હતો તે વખતે શ્રી માણેકલાલભાઈની પાંચ કરોડના ખર્ચના બજેટવાળી એમની એક જિનિંગ-પ્રેસિંગ ફેક્ટરીનું કામ ગોંડલ-રાજકોટ રોડ ઉપર પૂરવેગમાં ચાલતું હતું. ફેક્ટરીનિર્માણનો આ એવો સમય તબક્કો હતો કે કામની પ્રગતિ ઉપર માલિકની સતત નજર રહ્યા કરે. આ તબક્કે એમણે આર્કિટેક્ટ, એન્જિનિયર કે સુપર વાઇઝરને કંઈક સૂચન કરવાનાં હોય અથવા એ લોકોએ માલિકને કંઈક પૂછવાનું હોય. માલિકની હાજરી અનિવાર્ય હોય એના તરફ લક્ષ આપ્યા સિવાય માત્ર સંસ્થાના કામને પ્રાધાન્ય આપીને શ્રી માણેકલાલભાઈ અમેરિકાના પ્રવાસમાં જોડાયા હતા.

~ ૪૭ ~

સખાવતની હેલી

આ પ્રકરણમાં સંસ્થાના એક પૂર્વ વિદ્યાર્થી દ્વારા સંસ્થાની વિવિધ રૂપે થયેલી અપૂર્વ સેવાની વાત કરવી છે. શ્રી નરસિંહભાઈ કલ્યાણભાઈ સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને વિદ્યાર્થી આશ્રમના પૂર્વ છાત્ર. વિદ્યાર્થી તરીકે મૅટ્રિકની પરીક્ષા પ્રો. સ્વામીનારાયણ સુવર્ણચંદ્રક મેળવીને પસાર કરેલી. મુંબઈ યુનિવર્સિટીની મિકૅનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગની પરીક્ષા પણ સુવર્ણચંદ્રક મેળવીને પસાર કરેલી અને ઇંગ્લૅન્ડમાં લંડન યુનિવર્સિટીની પ્રથમ વર્ગ ઑનર્સ સાથે બી.એસસી.ની ઉપાધિ મેળવેલી.

વ્યાવસાયિક કારકિર્દીમાં પણ એમની સફળતા અસાધારણ હતી. એમણે ગ્રીવ્ઝ-કૉટન (ઇન્ડિયા)માં તેર વર્ષ સુધી મૅનેજરપદે રહીને કંપનીના ઉત્પાદન અને પ્રતિષ્ઠાનો આંક ઘણો ઊંચો આણી આપ્યો. એ પછી ક્લોકનર ઍન્ડ વિન્ડસર (ઇન્ડિયા)ના મૅનેજિંગ ડાયરેક્ટર તરીકે એમની દોરવણી નીચે પ્લાસ્ટિક અંગેના ઉત્પાદન માટેની મશીનરીના પ્રોડક્શનકાર્યના આધારે પ્લાસ્ટિકઉદ્યોગના ક્ષેત્રમાં કંપનીનું નામ કહેવતરૂપ બની રહ્યું. એ જ પ્રમાણમાં નરસિંહભાઈનું નામ પણ એ ક્ષેત્રમાં ગાજતું થયું. આના કારણે કેટલીક પરદેશી કંપનીઓના ભાગીદાર બનવાનો એમને સુયોગ પ્રાપ્ત થયો.

એમણે ઇન્ડિયન પ્લાસ્ટિક્સ ઇન્સ્ટિટ્યૂટ (પ્લાસ્ટિકઉદ્યોગનું શિક્ષણ આપતી સંસ્થા)માં ત્રણ વર્ષ સુધી ચૅરમૅન તરીકે સેવા આપી. આ કાર્યકાળ દરમિયાન એમની પ્રેરણા અને પુરુષાર્થના આધારે ભારતભરમાં આઈ.ટી.આઈ. પૅટર્નનાં ૧૦૦ કરતાં વધારે કેન્દ્રો સ્થપાયાં. આ કેન્દ્રોમાં પ્લાસ્ટિકનાં મશીનો ચલાવવા માટેની તાલીમ આપીને ટૅક્નિશ્યનો તૈયાર કરવામાં આવે છે. આમાંનું એક કેન્દ્ર કડી સર્વ વિદ્યાલયમાં એમના દ્વારા સ્થાપવામાં આવ્યું. આ કાર્યથી નરસિંહભાઈની સંસ્થાસેવાના શ્રીગણેશ થયા.

આ કેન્દ્રની સ્થાપના સર્વ વિદ્યાલયના જ વિદ્યાર્થી શ્રી ભોળાભાઈ ચ. પટેલ દ્વારા વીસનગર મજૂર સહકારી મંડળીની મળેલી આર્થિક સહાયથી થઈ હતી. કેન્દ્રનું નામ શ્રી સાંકળચંદ કાળિદાસ ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, રાખવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૮૮માં આ તાલીમ કેન્દ્રના ઉદ્‌ઘાટ વખતે શ્રી નરસિંહભાઈએ કેન્દ્રને ક્લોકનર ઍન્ડ વિન્ડસર (ઇન્ડિયા) તરફથી રૂપિયા પાંચ લાખનું દાન અપાવ્યું અને તદુપરાંત રૂપિયા પચીસ લાખની પ્લાસ્ટિક ઉત્પાદન માટેની મશીનરી મેળવી આપવાનું વચન આપ્યું. વચન પ્રમાણે એમણે કેન્દ્રને મશીનરી મળે એ વ્યવસ્થા ગોઠવી. આ બધા પ્રકારની સહાયની વિગત એસ.કે.પટેલ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર પ્રકરણમાં વિસ્તારથી આપી છે એટલે અહીં પુનરાવર્તન અસ્થાને છે.

ઈ.સ. ૧૯૮૮થી એમનું ધ્યાન સર્વ વિદ્યાલય તરફ રહ્યા કર્યું. પણ એમણે ક્લોકનર અને વિન્ડસર છોડ્યું અને બાકીના નિજના સર્વ ધંધાની જવાબદારી પોતાના પુત્રોને સોંપી એ પછી જીવનના નિવૃત્તિકાળને ખરેખરા પ્રવૃત્તિકાળમાં ફેરવ્યો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણપ્રવૃત્તિમાં એ સક્રિય બન્યા. મંડળનાં નવાં નવાં સ્થપાતાં શિક્ષણ એકમો-કૉલેજો પૈકી કેટલાંક તો એમના દાનથી

એમના કે એમના પરિવારના નામે સ્થપાયાં. સર્વ વિદ્યાલયના એ વિદ્યાર્થી એટલે ગાંધીનગર શાખાના વિકાસમાં પ્રત્યક્ષપણે સક્રિય હોવા છતાં કડી કૅમ્પસ એમના હૈયે વર્ષોથી વસેલું હતું એટલે એમણે કડી અને ગાંધીનગર બંને સ્થળો ઉપર શિક્ષણ સંસ્થાઓની સ્થાપનામાં આર્થિક સહાય સાથે સક્રિય રસ લીધો. એમના પોતાના કે પરિવારના નામાભિધાન સાથે જે સંસ્થાઓ સ્થપાઈ એ આ પ્રમાણે છે:

કડી કૅમ્પસ

૧. નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ઍન્ડ મૅનેજમેન્ટ (B.C.A., B.B.A.)
૨. નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ઍન્ડ મૅનેજમેન્ટ (M.C.A., M.B.A.)
૩. શ્રી સાંકળચંદ કાળિદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા

ગાંધીનગર કૅમ્પસ

૧. મમતા કમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટર તેમજ ફોટોગ્રાફી-વીડિયોગ્રાફી અને મલ્ટિમીડિયા આર્ટના વર્ગો
૨. શ્રી નરસિંહભાઈ કે. પટેલ વિજ્ઞાનપ્રયોગશાળા
૩. રાઈબહેન નરસિંહભાઈ પટેલ પ્રાથમિક શાળા
૪. રાઈબહેન નરસિંહભાઈ પટેલ મહિલા હૉસ્ટેલ
૫. મમતા આઈ.એ.એસ ટ્રેનિંગ સેન્ટર
૬. સ્કૂલ ઑફ ક્લાસિકલ આર્ટ્સ ઍન્ડ હૉબી
(સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે)
૭. મમતા સ્પૉર્ટ્સ સેન્ટર
૮. વ્યક્તિત્વ વિકાસ માટેના વર્ગો
૯. ઇંગ્લિશ સ્પીકિંગ વર્ગો

આ બધા એકમોની સ્થાપના માટે ઈ.સ. ૨૦૦૨ સુધીમાં શ્રી નરસિંહભાઈ પટેલ તરફથી રૂપિયા સવા કરોડ કરતાં વધારે દાન મળ્યું હતું અને ક્લોકનર ઍન્ડ વિન્ડસર તરફથી અપાવેલા પાંચ લાખ રૂપિયા દાન તેમ જ પ્લાસ્ટિક્સની તાલીમી સંસ્થા તરફથી એમણે શ્રી સાંકળચંદ કાળિદાસ ઉદ્યોગ તાલીમ કેન્દ્રને ૨૫ લાખની મશીનરી મેળવી આપવાના પરોક્ષ દાનને ઉપરોક્ત અંગત દાન સાથે અંતર્ગત ગણતાં માત્ર શ્રી નરસિંહભાઈ ક. પટેલ તરફથી સંસ્થાને રૂ. દોઢ કરોડ કરતાં વધારે દાન મળ્યું છે જે સંસ્થા માટે ગૌરવશાળી અને અનન્ય ઘટના ગણાય. એમાં શ્રી નરસિંહભાઈનો સંસ્થા અને કેળવણી પ્રત્યેનો પ્રેમ તો રસાયેલો છે જ.

શ્રી નરસિંહભાઈ સંસ્થાના વિકાસમાં માત્ર રસ દાખવીને કે દાન આપીને વેગળા રહ્યા નથી. અઠવાડિયામાં બે દિવસ ગાંધીનગર કૅમ્પસ ઉપર હાજરી આપીને સંસ્થામાં અપાતા ઉચ્ચ શિક્ષણના ચૅરમૅનપદે રહીને શિક્ષણના કાર્યને અવલોકીને શિક્ષકો, અધ્યાપકો કે વિદ્યાર્થીઓને ઘટતું માર્ગદર્શન આપતા અથવા સૂચનો કરતા રહ્યા હતા.

વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ સર્વાંગીપણે વિકસે તેમ જ નેતૃત્વના ગુણ એમનામાં ખીલે એ માટે અવારનવાર એ એમનાં વક્તવ્યો કે પ્રવચનો દ્વારા વિદ્યાર્થીઓને લાભ આપતા.

યુવાનો માટે જીવનપાથેયરૂપ એમણે લખેલા લેખોની ચાર પુસ્તિકાઓ સંસ્થા પરિવાર હિતાર્થે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પ્રકાશિત કરી છે.

~ ૪૮ ~

લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ અને વિષ્ણુભાઈ પૂંજાભાઈ મોહનભાઈ પટેલ પૉલિટેક્નિક

સંસ્થાની એક એન્જિનિયરિંગ કૉલેજ હોય એવો એક ખ્યાલ સંસ્થાના કાર્યકરોના ચિત્તમાં સતત પ્રભાવક બનીને એમને એ દિશામાં ધ્યાનસ્થ રાખતો હતો. આ ખ્યાલ વહેલો આકાર પામી શક્યો હોત. એન્જિનિયરિંગ કૉલેજના નિર્માણ માટે શ્રી નરસિંહભાઈ ક. પટેલની દાન આપવાની તૈયારી પણ હતી. પણ પ્રશ્ન કૉલેજ માટે પૂરતા પ્રમાણમાં જમીનનો હતો. સેક્ટર ૨૩માં જેટલી જમીન મળી શકી હતી તે બધી વિવિધ શૈક્ષણિક સંકુલો માટે ઉપયોગમાં લેવાઈ ચૂકી હતી. એન્જિનિયરિંગ કૉલેજ માટે નવી જમીનનું સંપાદન જરૂરી હતું. આ પ્રાપ્ત કરવા માટે મંડળના સરકારમાં સઘન પ્રયાસ ચાલુ હતા. સંસ્થા પ્રત્યે મુખ્યમંત્રીશ્રી તેમ જ સરકારી તંત્રની પૂરી સદ્‌ભાવના હતી. સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલ આ અંગે સતત પ્રયત્નશીલ હતા જ. ઉપરાંત સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓ અને જમીનની સંપાદન માટેની કાર્યવાહી દરમિયાન સરકારમાં મંત્રીઓ હતા તે શ્રી નરોત્તમભાઈ પટેલ અને શ્રી નીતિનભાઈ પટેલ પણ સતત ચેરમૅનશ્રીના સાથમાં હતા જ.

આવા અનુકૂળ સંજોગો હોવા છતાં જ્યાં સુધી જમીન મળે નહીં ત્યાં સુધી એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપનાનો કોઈ ઠરાવ થઈ શકે નહીં. આખરે ૨૦૦૪ના અરસામાં ગાંધીનગરના સેક્ટર ૧૫માં ૪૦,૦૦૦ ચોમી જમીન સંસ્થાને મળી. આ પછી એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપનાના નક્કર પ્રયાસો મંડળ દ્વારા શરૂ થયા.

સંસ્થાના મોટા પ્રોજેક્ટો માટે અમેરિકામાં સ્થાયી થયેલા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો ઘણા સહાયરૂપ બનતા રહ્યા છે. એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપનાના પ્રોજેક્ટ અંગે પણ સંસ્થાએ અમેરિકાના આપણા સદ્‌ભાવી મિત્રોની મુલાકાત લેવાનું વિચાર્યું અને એ હેતુથી સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલ મા. પટેલ અને મંત્રી શ્રી ડૉ. કનુભાઈ ધ. પટેલ અમેરિકા ગયા.

અગાઉની જેમ ડીંગુચાના ચોકસી શ્રી વિઠ્ઠલભાઈ પટેલની સહાય જરૂરી હતી એટલે પ્રથમ ઉતારો શ્રી વિઠ્ઠલભાઈને ત્યાં ન્યૂયૉર્કમાં કર્યો. કાર્યમાં મદદરૂપ થવાના હેતુથી, ૧૯૯૮માં ન્યૂયૉર્ક વિસ્તારમાં સતત સાથે રહ્યા હતા એ ડાંગરવાના શ્રી નારણભાઈ કે. પટેલ પણ આવી પહોંચ્યા. આ વખતે નારણભાઈના ભાણેજ અને વ્યવસાયે એન્જિનિયર ખરણાના યુવાન ભાઈ શ્રી ચિરાગ કનુભાઈ પટેલ પણ નારણભાઈની સાથે આવ્યા હતા.

ઉપરોક્ત મહાનુભાવો નિર્ધારિત કાર્યસંબંધી વિચારણા કરતા હતા એ વખતે એમાંના ભાઈ ચિરાગે કહ્યું: "એક શ્રીમંત અને સખાવતી પાર્ટી ધ્યાનમાં છે, તમે ઇચ્છો તો આપણે એમને મળીએ."

"કોણ છે એ?"

"દશરથભાઈ પટેલ એમનું નામ. ન્યૂજર્સીમાં ચેરી હિલ્સમાં રહે છે. એમના વિચારો ઉમદા છે.

કેળવણી માટે ઉપયોગી નીવડે એવી વ્યક્તિ છે."

ભાઈ ચિરાગની વાતમાં શ્રદ્ધાનો નક્કર રણકો હતો. જે કામ કરવું જ હતું તે અંગેનું સૂચન હતું. આ તબક્કે એક પાર્ટી તરફથી કૉલેજને નામ આપવાની શરતે સાડા ત્રણ કરોડ રૂપિયા દાન તરીકે આપવાની વાત આવી હતી. છેવટનો નિર્ણય બાકી હતો. શ્રી દશરથભાઈને મળવાનું થાય ત્યારે આ વાત એમના ધ્યાન પર લાવવી જોઈએ.

ભાઈ ચિરાગના સૂચનના આધારે શ્રી દશરથભાઈને મળવાનું નક્કી થયું. અને ચેરમૅન શ્રી માણેકલાલભાઈ, ચોકસી શ્રી વિઠ્ઠલભાઈ, ડૉ. કનુભાઈ, શ્રી નારણભાઈ કે. પટેલ, શ્રી નારણભાઈ ગોપાળદાસ પટેલ અને ભાઈશ્રી ચિરાગનું રચાયેલું સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું પ્રતિનિધિમંડળ વિધિવત્ શ્રી દશરથભાઈને એમના નિવાસસ્થાને મળવા ગયું.

પ્રેમભર્યો આવકાર મળ્યો. દશરથભાઈએ દરખાસ્ત અને તે અંગેની ચર્ચામાં ઊંડો રસ દાખવ્યો. એક પાર્ટી તરફથી સાડા ત્રણ કરોડ રૂપિયા દાનરૂપે મળવાની શક્યતા વિશે પણ ચોખવટથી વાત થઈ.

શ્રી દશરથભાઈએ નિખાલસતાથી કહ્યું: 'આ શુભ કાર્યમાં સવા ત્રણ કરોડ રૂપિયા આપવાની અમારી તૈયારી ખરી. સાડા ત્રણ કરોડવાળી વાત પાકી થાય તો તે પણ સારું છે અને એ ન થાય તો અમારી સવાત્રણ કરોડની ઑફર સ્વીકારવા માટેની અમારી ઑફર તમારી સમક્ષ છે એમ સમજજો.'

પેલી પાર્ટી તરફથી જે દિવસે નિર્ણયની જાણ થવાની હતી એ દિવસે આપણા આ સભ્યો બૉસ્ટનમાં હતા. ત્યાં એમને સમાચાર મળ્યા કે સાડા ત્રણ કરોડ રૂપિયાનો મેળ પડે એમ નથી.

આ સમાચાર પછી ન્યૂજર્સીમાં શ્રી દશરથભાઈનો સંપર્ક કરવામાં આવ્યો અને સવા ત્રણ કરોડ રૂપિયાના દાનની વાત પાકી થઈ. કૉલેજને શ્રી દશરથભાઈ, તેમનાં પત્ની લીલાબહેન અને પિતાશ્રી રામદાસનું નામ આપવાનું નક્કી થયું. અને તે ઉપરથી કૉલેજનું નામ શ્રી લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ રાખવામાં આવ્યું. આ સંસ્થા ગાંધીનગરના સેક્ટર ૧૫માં અદ્યતન સગવડો સાથેની ઇમારતોમાં નિર્માણ પામી. અહીં હર્ષ અને આભારની લાગણી સાથે યુવાન એન્જિનિયર ભાઈ ચિરાગ કનુભાઈ પટેલે સંસ્થા પ્રત્યે દાખવેલી પ્રીતિ અંગે નોંધ કરવી ઇષ્ટ જણાય છે. ભાઈ ચિરાગે સંસ્થાને મોટું દાન મળે એમાં સક્રિય રસ દાખવ્યો એ ખરું, પણ એમણે પોતે પણ પોતાના થકી સંસ્થાને રૂપિયા પચીસ લાખનું દાન આપવાની ઇચ્છા વ્યક્ત કરી. સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલભાઈ અને મંત્રી ડૉ. કનુભાઈએ ભાઈ ચિરાગની આ ઑફરની હૃદયપૂર્વક કદર કરી અને પ્રેમપૂર્વક એને વિચારણા કરી કે ભાઈ ચિરાગની કારકિર્દીનો હજુ આરંભ ગણાય. સંસ્થા માત્ર પોતાના જ લાભની વાત કરે એ ઠીક નહીં. હજુ ભવિષ્ય લાંબું છે. આગળ ઘણી તકો આવવાની છે એવી પ્રેમ અને આદરપૂર્વકની લાગણી સાથે હમણાં દાનની વાત ન વિચારવા ભાઈ ચિરાગને સમજાવ્યું. આમ છતાં પ્રતીકરૂપે પણ કંઈક સ્વીકારવા ભાઈ ચિરાગનો આગ્રહ હતો. એટલે એમના તરફથી પાંચ હજાર ડૉલરનું દાન આભાર સાથે સ્વીકારવામાં આવ્યું.

એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના થઈ. એમાં વિવિધ અભ્યાસક્રમોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની ઉપાધિઓની જોગવાઈ થઈ. કૉલેજની શરૂઆત સ્નાતક અને (બી.ઈ.) મિકૅનિકલ, ઇલેક્ટ્રિકલ, ઇલેક્ટ્રૉનિક ઍન્ડ કૉમ્યુનિકેશન, તથા કમ્પ્યૂટર ત્યાર બાદ ઑટોમોબાઇલ, ઇન્ફર્મેશન ટેક્નૉલૉજી તથા સિવિલ એન્જિનિયરિંગ શાખાઓ સ્નાતક અને અનુસ્નાતક સ્તરે ઑટોમોબાઇલ, સિવિલ,

મિકેનિકલ, કમ્પ્યૂટર, અને પાવર સિસ્ટમ એન્જિનિયરિંગ વિષયો ઉમેરાયા. આ ઉપરાંત M.B.A. અને M.C.A.ના અભ્યાસ માટેની વ્યવસ્થા પણ આ કૉલેજમાં થઈ. પણ વિદ્યાર્થીઆલમમાં એક એવો ઘણો મોટો વર્ગ છે જે અભ્યાસ અને મેરિટ (પરીક્ષાના ગણ)ના કારણે ડિગ્રી કોર્સમાં દાખલ ન થઈ શક્યો હોય પણ જેને ટેક્નૉલૉજીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરવો હોય. સમાજની પણ આ એક મોટી માગ ખરી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ દિશામાં વિચાર્યા વગર કેમ રહે? એક દિવસ એ માટેની તકનો પણ ઉદય થયો. અમેરિકાના મેરીલેન્ડમાં વસતા શ્રી વિષ્ણુભાઈ એક વખત ડૉ. કનુભાઈને મળવા એમને ત્યાં ગયા હતા. ભારતમાં આવ્યા હતા એટલે આ એક શુભેચ્છા મુલાકાત હતી. અગાઉ કોઈ ધનાભાઈ વકીલને મળવા જાય ત્યારે વકીલના મુખે સંસ્થાની વાત નીકળે જ. ડૉ. કનુભાઈને આ ગુણ વારસામાં મળેલો છે. ડૉ. કનુભાઈએ સંસ્થા વિશે થયેલી છેલ્લી પ્રગતિ વિશે તો વાત કરી જ પણ વિશેષ કરીને શ્રી દશરથભાઈના દાનથી આકાર પામેલી એન્જિનિયરિંગ કૉલેજની વાત કરી. વિષ્ણુભાઈ આમ તો, દશરથભાઈના સંબંધી પણ ખરા. વિષ્ણુભાઈએ સંસ્થાના વિકાસમાં સારો રસ દાખવ્યો. કનુભાઈ વિષ્ણુભાઈને ગાંધીનગર સંસ્થામાં લઈ ગયા. ચેરમૅન શ્રી માણેકલાલભાઈ સાથે મેળાપ કરાવ્યો. પૉલિટેક્નિકની સ્થાપના અંગેના સંકલ્પની વાત વિષ્ણુભાઈ આગળ મૂકવામાં આવી. વિષ્ણુભાઈએ પૉલિટેક્નિક માટે રૂપિયા એક કરોડનું દાન આપવાની તૈયારી બતાવી. આ ચર્ચા વખતનો માહોલ એવો તો ઉમળકાભર્યો હતો કે ચેરમૅનશ્રીએ વિષ્ણુભાઈની વાત ત્યાં જ સ્વીકારી લીધી અને પૉલિટેક્નિક ઉપર વિષ્ણુભાઈ જે નામ સૂચવે તે સ્વીકારવાની વાત પણ થઈ ગઈ. નામ સૂચવાયું: 'વિષ્ણુભાઈ પૂંજાભાઈ મોહનભાઈ પટેલ પૉલિટેક્નિક'

અને એ નામથી ગાંધીગરના સેક્ટર ૧૫માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પૉલિટેક્નિક અસ્તિત્વમાં આવ્યું. આરંભમાં પૉલિટેક્નિક નીચેના અભ્યાસક્રમો શીખવવાની જોગવાઈ રાખવામાં આવી:

ઈ.સી. એન્જિનિયરિંગ
કમ્પ્યૂટર એન્જિનિયરિંગ
મિકેનિકલ એન્જિનિયરિંગ
ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ

ઈ.સ. ૨૦૧૧થી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ શીખવવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉદ્યોગોની માગ પ્રમાણે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્યનું જ્ઞાન મળે એ હેતુથી સંસ્થામાં મેન્ટરશિપ નામની એક યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને રજાના દિવસો દરમિયાન જુદા જુદા ઉદ્યોગોની મુલાકાતે મોકલવામાં આવે છે જેના આધારે એ ઘણી ઉપયોગી તાલીમ મેળવે છે.

સંસ્થામાં પ્રવેશાર્થીઓનો ભારે ધસારો રહેતો હોવાથી એને પહોંચી વળવા અને વધારેમાં વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ મળે એ હેતુથી પૉલિટેક્નિકને બે પાળીમાં ચલાવવાનું રાખ્યું છે. અત્યારે બે પાળીમાં મળીને લગભગ ૨,૦૦૦ કરતાં વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

~ ૪૯ ~

ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ

વીસમી સદીના લગભગ અંત સુધી પ્રજાના સ્વાસ્થ્ય તેમ જ આરોગ્ય અને તે અંગેની સુખાકારી માટેની સુવિધાઓની આપણે સૌ ભારે તંગીનો અનુભવ કરતા રહ્યા હતા. ગામડાં શું કે શહેર શું, વસ્તીના પ્રમાણમાં ડૉક્ટરોની ભારે અછત હતી. એવી જ રીતે રોગની ચિકિત્સા દરમિયાન ઘટતી સારવાર કરનાર નર્સોનું પ્રમાણ અત્યંત જૂજ હતું. સરકારી દવાખાનાં કે મોટાં ટ્રસ્ટનાં દવાખાનાં સિવાય નર્સનું અસ્તિત્વ ભાગ્યે જ જોવા મળતું. મેડિકલ કે નર્સિંગ કૉલેજો સ્થાપવાનું સરકાર ઉપર દબાણ કોણ કરે? પ્રજાને તો આ અભાવ કોઠે પડી ગયો હતો. ગામડાંનો માણસ તાલુકામથક સુધી લાંબો થાય ત્યારે મોટું દવાખાનું ભાળે અને બધી સુવિધાવાળું દવાખાનું તો એને જિલ્લામથકે જોવા મળે! આ હાડમારીમાં એણે નર્સરી સેવાનું તો સ્વપ્નું જ સેવવાનું રહે.

પ્રજા પોતાના સ્વાસ્થ્ય અંગેનો અધિકાર સમજે અને કશોક હુંકાર દાખવે એ પહેલાં તો સરકારે ગ્રાન્ટવાળી સંસ્થાઓ સ્થાપવા બાબતે હાથ ઊંચા કરી દીધા! છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર હોંશે હોંશે પ્રજાનું કામ કરતી હોય એવા દેખાવ સાથે સ્વનિર્ભર કૉલેજોની મંજૂરી આપવા માંડી છે. ઘણા બધા અભ્યાસક્રમો માટેની સ્વનિર્ભર કૉલેજો બિલાડીના ટોપની જેમ ઊભી થવા લાગી. પણ જેમાં ગજાબહારનો ખર્ચ અને અસાધારણ વ્યવસ્થાની અપેક્ષા હોય એવી મેડિકલ કે નર્સિંગ કૉલેજો સ્થાપવાની કોણ હિંમત કરે?

પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વાત જુદી છે. અગાઉ એણે સમય અને પ્રજાની માગને લક્ષમાં લઈને સાયન્સ કૉલેજ, અધ્યાપનમંદિર વગેરે નિશ્ચિતપણે ખોટમાં ચાલનાર સાહસો માત્ર જનહિતને લક્ષમાં રાખીને ખેડ્યાં હતાં. નર્સિંગ કૉલેજ માટેની જરૂરિયાત મંડળને સમજાઈ હતી અને એ સાહસ એના ગજાબહારનું નહોતું એવું હમણાં હમણાં સ્થાપેલાં કેટલાંક ખર્ચાળ શિક્ષણ એકમો પરથી એને સમજાયું હશે. એટલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે ચેરમૅનશ્રીની સલાહ હેઠળ સાચા સમયે નર્સિંગ કૉલેજ શરૂ કરવાનો સાચો નિર્ણય લીધો. સાચો નિર્ણય એટલા માટે કે નર્સિંગની તાલીમ પામેલા પુરુષ કે સ્ત્રી માટે આપણા દેશમાં અને તેથીયે વધારે અમેરિકામાં ઉજ્જ્વળ કારકિર્દીની તકો છે.

આ માટે મંડળ તરફથી ગુજરાત સરકારમાં અને તે પછી યથાસમયે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલની મંજૂરી માટે સંસ્થા તરફથી પૂરતી તૈયારીઓ કરવાની હતી. આ માટે પૂરતું નાણાભંડોળ જોઈએ.

નર્સિંગ કૉલેજ માટેના ભગીરથ કાર્યનો આરંભ હવે થતો હતો. ગાંધીનગરમાં પ્રાપ્ત બધી જમીનો (સેક્ટર ૨૩ અને સેક્ટર ૧૫માંની)નો સર્વ વિદ્યાલય કેળવણી મંડળની શિક્ષણસંસ્થાઓના સંકુલો માટે પૂરેપૂરો ઉપયોગ થઈ ચૂક્યો હતો. હવે નવી જમીન મેળવવાની હતી. આ માટે સરકારમાં માગણી મૂકી હતી. મકાનો (શિક્ષણ અને વિવિધ લૅબોરેટરીઓનાં) અને હૉસ્ટેલ માટે જરૂરી ફંડ ઊભું કરવાનું હતું.

ફંડ બાબતમાં જે સંજોગો હંમેશાં સંસ્થાના લાભમાં ઊતર્યા છે તે આ વખતે પણ પ્રાપ્ત થયા. સંસ્થાના મંત્રી શ્રી ડૉ. કનુભાઈ એમના પિતાશ્રી ધનાભાઈ વકીલના અવસાન પછી અમેરિકામાં રહેતાં એમનાં ભાઈ-બહેનોને મળવા ગયા હતા. એમનો હેતુ પિતાશ્રીના અવસાન પછી માત્ર કુટુંબમેળો કરીને પિતાશ્રીને ભાવાંજલિ અર્પવાનો હતો. આમ તો, કનુભાઈ જ્યારે અમેરિકા જાય ત્યારે સંસ્થાના દાતાઓની ઔપચારિક મુલાકાત લે. સંસ્થાના ખબરઅંતરથી એમને વાકેફ કરે અને દાતાના સંસ્થા સાથેના સંબંધો તાજા કરે અને એની મીઠાશમાં ઉમેરો કરે. આ વખતે આ બધા શુભેચ્છકોને મળવા જવાનો અવકાશ ઓછો હતો. વળી છાતીમાં દુખાવાની ફરિયાદ રહ્યા કરતી હતી.

એક દિવસ રમણભાઈ (આર.કે.)નો ફોન આવ્યો: "તમે આવો. આપણે મફતલાલ પટેલને મળીએ. નર્સિંગ કૉલેજ માટે આપણને દાન મળી શકે છે."

આર.કે.ના જણાવ્યા પ્રમાણે મફતલાલને મળવા માટે શિકાગો સુધી જવું પડે. ન્યૂજર્સીથી શિકાગોનું અંતર લગભગ સાડા નવસો માઈલ થાય. છાતીનો દુખાવો ભલે શમ્યો, પણ આટલા અંતરની પ્લેનની મુસાફરી કદાચ જોખમકારી પણ નીવડે. સંસ્થાના કામ અર્થે કનુભાઈએ આ જોખમ તરફ લક્ષ ન આપ્યું. સારું એવું ફંડ મળવાની શક્યતા હતી. એટલે આર.કે.નો આગ્રહ હતો. દિવસ અને સમય નક્કી થયાં. જે સમયે પ્લેનના ટેક ઑફ (ઊડવાની)ની તૈયારી થઈ એ વખતે કનુભાઈને છાતીમાં દુખાવાનું સાધારણ સેન્સેશન જણાવ્યું. પણ નિર્ધાર કર્યો જ હતો એટલે કનુભાઈએ એ અસરને ગણકારી નહીં. મુસાફરીમાં વાંધો ન આવ્યો. શ્રી મફતલાલને મળવાનું થયું. ચર્ચા થઈ અને શ્રી મફતલાલે નર્સિંગ કૉલેજ ઉપર નામ આપવાની શરતે સવા કરોડ રૂપિયા આપવાની તૈયારી બતાવી. તદુપરાંત રૂ. એકાવન લાખ હૉસ્ટેલ માટે આપવાની તૈયારી બતાવી એટલું જ નહીં પાછળથી વધારાના ૧૧ લાખ રૂપિયા પણ દાનમાં આપ્યા. આમ શ્રી મફતલાલ વિઠ્ઠલદાસ પટેલ તરફથી નર્સિંગ કૉલેજ અને તેની હૉસ્ટેલ માટે માતબર દાન મળ્યું અને દાતા તરફથી સૂચવવામાં આવેલા નામના આધારે કૉલેજનું નામ 'ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ' નક્કી થયું.

જમીન માટે સરકારમાં રજૂઆત કરીને એ મેળવવાના પ્રયત્ન ચાલુ હતા. આ કાર્યમાં આપણી સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ જે સરકારમાં મંત્રી હતા તે શ્રી નરોત્તમભાઈ અને શ્રી નીતિનભાઈ તેમ જ માનનીય આનંદીબહેનની સહાય ઘણી ઉપયોગી નીવડી. તત્કાલીન માનનીય મુખ્યમંત્રી ઉપર આપણી સંસ્થાની ઘણી ઊજળી છાપ હતી. આ બધા સહાયક સંજોગોના આધારે સંસ્થાના ચેરમૅનશ્રી માણેકલાલના જમીનપ્રાપ્તિ માટેના પ્રયત્ન સફળ થયા અને સંસ્થાને ગાંધીનગરમાં સેક્ટર ૧૨માં સિવિલ હૉસ્પિટલના કૅમ્પસમાં ચાર એકર જમીન કૉલેજના મકાન અને હૉસ્ટેલના બાંધકામ માટે મળી. આ જમીન ટોકન રૂપિયા એકના ભાવ પ્રમાણે ૩૫ વર્ષના લીઝ ઉપર મળી અને એમાં જરૂર પડ્યે લીઝની મુદતમાં વધારો કરી શકાય એવી જોગવાઈ છે. શુભેચ્છાના એક મહત્ અનુગ્રહરૂપે સંસ્થાએ સિવિલ હૉસ્પિટલમાં ચાલતી 'રોગી કલ્યાણ સમિતિ' નામની સંસ્થાને રૂપિયા એક કરોડ દાનમાં આપ્યા.

સંસ્થા તરફથી મંજૂરી અંગેની કાર્યવાહીના ફળરૂપે ગુજરાત સરકાર તરફથી કૉલેજ માટે મંજૂરી મળી ઉપરાંત ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી કૉલેજને પ્રથમ બૅચમાં B.Sc. (નર્સિંગ)ના ડિગ્રી અભ્યાસક્રમ માટે ૫૦ બેઠકોની મંજૂરી મળી.

કૉલેજના આરંભના પ્રથમ દિવસથી જ એમાં બધા પ્રકારની લેબોરેટરીઓ તૈયાર હતી. જેવી કે, નર્સિંગ ફાઉન્ડેશન લેબોરેટરી, કૉમ્યુનિટી હેલ્થ નર્સિંગ લેબોરેટરી, માઇક્રો બાયૉલૉજી લેબોરેટરી, ઍનેટૉમી લેબોરેટરી, ન્યુટ્રિશન લેબોરેટરી, મધર ઍન્ડ ચાઇલ્ડ હેલ્થ નર્સિંગ લેબોરેટરી, ઑડિયો-વીડિયો વિઝ્યુઅલ લેબોરેટરી, કમ્પ્યૂટર લેબોરેટરી...આ લેબોરેટરીઓ ઉપરાંત લાઇબ્રેરી, કૉન્ફરન્સ હૉલ, ઍસેમ્બ્લી હૉલ વગેરે સુવિધાઓ પણ આરંભથી જ તૈયાર હતી.

વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના અનુભવ મળી રહે એટલે સંસ્થાએ શહેરનાં તેમ જ નજીકના વિસ્તારનાં દવાખાનાંઓમાં જઈને વિદ્યાર્થીઓ અભ્યાસનો લાભ મેળવે એ માટે કેટલાંક દવાખાનાંઓ સાથે સમજૂતી કરેલી છે. આના આધારે પ્રથમ તો નર્સિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓ કૅમ્પસની સરકારી સિવિલ હૉસ્પિટલનો લાભ લેશે. આ લાભ વિદ્યાર્થિનીઓને કોઈ પણ પ્રકારની ફી ભર્યા વિના મળી રહેશે. વધારામાં નર્સિંગ કૉલેજનું જોડાણ સાઇકિયાટ્રિક માટે કનોડિયા હૉસ્પિટલ, ભાટ ગાંધીનગર, મેટ્રૉલૉજી માટે ક્રિડની હૉસ્પિટલ, અમદાવાદ, ઍન્કૉલૉજી માટે કૅન્સર હૉસ્પિટલ, અમદાવાદ, ઑર્થોપેડિક વિભાગમાં પેરાપ્લેજિયા માટે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ સાથે જોડાણ કર્યું છે. આ ઉપરાંત પબ્લિક હેલ્થ સેન્ટર, પ્રાઇમરી હેલ્થ સેન્ટર, કૉમ્યુનિટી હેલ્થ સેન્ટર, અડાલજ, દહેગામ, ઉવારસદ, નારદીપુર અને ચાંદખેડાનું જોડાણ મળેલું છે.

આમ સમગ્ર રીતે જોતાં નર્સિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓને લગભગ બધી જાતની વિદ્યાશાખાઓમાં નર્સિંગની તાલીમ મળી રહે એ માટે સંસ્થાએ વ્યવસ્થા કરેલી છે.

કૉલેજનો આરંભ B. Sc. (નર્સિંગ)ની ૫૦ બેઠકોથી થયો હતો. હાલમાં નીચે મુજબના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

૧. B. Sc. (નર્સિંગ) – ૬૦ બેઠકો
૨. M. Sc. (નર્સિંગ) – ૧૮ બેઠકો
૩. G. N. M. (General Nursing Midwifry)
૪. Post Basic B. Sc. (Nursing) – ૩૦ બેઠકો
૫. એ. એન. એમ – ૪૦ બેઠકો

~ ૫૦ ~

કડી સર્વ વિશ્વવિદ્યાલય

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આધારે દરખાસ્તનો ઈ.સ. ૨૦૦૭ના ગુજરાત ઍક્ટ નં ૨૧થી કડી સર્વ વિશ્વવિદ્યાલય નામથી સંસ્થાને સ્વનિર્ભર અને નૉન-ઍફિલિયેટિંગ યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી દ્વારા કમિશનના પત્ર નં F 9/18/2008 (pp-1) 19 March, 2009થી માન્યતા મળી એ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની યશગાથાનું એક સુવર્ણપૃષ્ઠ છે. શિક્ષણક્ષેત્રે સંસ્થાની ઉજ્જ્વળ નોંધ લેવાઈ. એમાં વિશેષ નોંધપાત્ર વાત તો એ હતી કે આ યુનિવર્સિટીની મંજૂરી માટેના વિધેયકને માનનીય શિક્ષણમંત્રીશ્રી આનંદીબહેન પટેલે વિધાનસભામાં રજૂ કર્યું તે વખતે સારાયે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા માનવંતા સભ્યો સમક્ષ માનનીય મંત્રીશ્રીએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, એના સંચાલકો અને ઘટક સંસ્થાઓનો જે પરિચય આપ્યો તે કદાચ વિધાનસભાના ઇતિહાસમાં રજૂ થયેલી એક અપૂર્વ પ્રશસ્તિરૂપ હશે. સંસ્થાનો પરિચય આપતા મંત્રીશ્રીના પ્રવચનનો કેટલાક ભાગ વાચકોની જાણ માટે અહીં આપ્યો છે:

> જ્યારે કડી સર્વ વિદ્યાલયનું નામ પડે એટલે સમગ્ર ગુજરાત, ગુજરાતબહાર વસતા અને ગુજરાતના ગુજરાતીઓ વિશ્વભરમાં જે રહે છે એ બધાને આ કડી સર્વ વિદ્યાલય માટે ખરેખર ગૌરવ થાય એવું આ એક કૅમ્પસ છે અને જ્યારે એ કડી સર્વ વિદ્યાલયની હું વાત કરું છું ત્યારે આ સભાગૃહ નહીં પણ સમગ્ર વિશ્વમાં રહેતા સૌ ગુજરાતીઓને સ્વાભિમાન થાય અને ગૌરવ થાય. જેમના દ્વારા આની શરૂઆત થઈ એવા સ્વ. છગનભાને યાદ કર્યા વિના રહી શકાય નહીં. એની સાથે સાથે દાસકાકા અને વિઠ્ઠલભાઈને પણ યાદ કરવા જોઈએ કે જેમણે સંવત ૧૯૭૬માં ચૈત્ર સુદ બીજ ને સોમવારે કડી મુકામે માત્ર ૬ જ વિદ્યાર્થીઓથી શરૂઆત કરી અને વિદ્યાર્થી આશ્રમ ખુલ્લો મૂક્યો હતો. આજથી બરાબર ૮૮ વર્ષ પહેલાં આવનાર વર્ષોમાં કડવા પાટીદાર સમાજ અને અન્ય સમાજના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટેની તકો ઊભી કરવી પડશે એવા એક આશય સાથે આજથી ૮૮ વર્ષ પહેલાં છગનભાઈ અને સાથીદારોએ આ આશ્રમની શરૂઆત કરી હતી અને આપણે જાણીએ છીએ કે આટલાં વર્ષોમાં આ એક વટવૃક્ષ બની ગયું છે અને માત્ર ૬ જ વિદ્યાર્થીથી શરૂ થયેલ આ વિદ્યાર્થી આશ્રમ આજે ૩૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ સાથે એમાં વિવિધ પ્રકારના અનેક અભ્યાસક્રમો એ ચલાવાઈ રહ્યા છે અને એટલા માટે તેમની યાદ તેમણે જે કંઈ કામ કર્યું છે એમાંથી પ્રેરણા મળે એવું આ પ્રસંગે કહ્યા વિના રહી શકતી નથી.
>
> માનનીય અધ્યક્ષશ્રી, આ જે સંસ્થા બની છે એમાં અનેક પ્રકારના નવા નવા અભ્યાસક્રમો ચાલે છે. પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, બી.એડ્., કૉલેજો, પી.ટી.સી. કૉલેજો, ટૅક્નિકલ કૉલેજો અને છેલ્લે જ્યારે માનનીય મુખ્યમંત્રીક્ષીએ તેમણે એક નવી કૉલેજ શરૂ કરવા માટેની

મંજૂરી આપી એટલે કે, જમીન આપી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેમની પાસે અપેક્ષા રાખી હતી કે તમારે નેનો ટેક્નોલૉજીની શરૂઆત કરવાની છે ત્યારે જરા પણ ખચકાટ કર્યા વિના વિના સંકોચે તેમણે એ વાતને સ્વીકારી લીધી હતી અને આવી નેનો ટેક્નોલૉજીની કૉલેજ શરૂ કરી છે. એટલે આ પ્રસંગે હું તેમને યાદ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ આ કૉલેજ દ્વારા સમાજના ઉત્કર્ષના ઉદ્દેશને વરેલ ઉમદા મંડળ કડી અને ગાંધીનગર ખાતે ૨૫ જેટલી કૉલેજો ચલાવે છે. સર્વ વિદ્યાલયનો પ્રારંભ મેં અગાઉ કહ્યું તેમ ૧૯૧૯ની સાલમાં ઉત્તર ગુજરાતના કડીમાં થયો અને એની સ્થાપના એક ખેડૂત અને ઋષિતુલ્ય પૂ. છગનભાએ ફક્ત ૬ જ વિદ્યાર્થીથી શરૂ કરી. સર્વ વિદ્યાલય શરૂઆતથી પ્રાચીન ગુરુકુળપદ્ધતિની નિવાસી પ્રકારની; એટલે કે, હૉસ્ટેલોવાળી સંસ્થા છે અને તેમાં કન્યાકેળવણીને પણ પ્રોત્સાહન આપ્યું છે. એની શરૂઆત છોકરાઓની શાળા અને કૉલેજથી થઈ હતી. પરંતુ ધીમે ધીમે કન્યાકેળવણીમાં પણ અગ્રેસર છે અને આજે એમના જીવનમાં ઉપયોગમાં આવી શકે એવું વ્યાવસાયિક શિક્ષણ હાલ અપાઈ રહ્યું છે. મને કહેતાં એટલા માટે આનંદ થાય છે કે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ તા. ૨૮-૮-૧૯૨૯માં આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને ત્યાં એમણે લખેલ અને પોતાના ભાષણમાં એમ કહ્યું હતું કે તમારાં બાળકોને અહીં ભણવા મોકલો તો સારી કેળવણી પામશે. તે ઉપરાંત એમણે એ પણ કહ્યું કે આ સંસ્થા પાસે પૈસા નથી તે સારી વાત છે. સમાજ તેને પોષશે. અને આજે મારે કહેવું જોઈએ કે આ સંસ્થાને સમાજ જ પોષી રહ્યો છે. અને હજારો ડોનરો જે આની અંદર અભ્યાસ કરીને વિદ્યાર્થીઓ ગયા છે તેમના દ્વારા આ સંસ્થાને કરોડો રૂપિયાનું ડોનેશન મળી રહ્યું છે. મારે કહેવું છે કે ડોનેશન એમ ને એમ નથી મળતું હોતું. ડોનેશન લેનાર અને સંસ્થા શરૂ કરનાર જે મહાનુભાવો છે–સંસ્થાના ટ્રસ્ટીઓ છે એમના ઉપર સમાજને જ્યારે પૂરેપૂરો ભરોસો હોય અને એમણે જે ઇચ્છા રાખી હોય કે આનું સારું પરિણામ મળે છે તો જ કોઈ ડોનર ડોનેશન આપે. બાકી કોઈ ડોનેશન ન આપે. એટલે આ સંસ્થાના જે ટ્રસ્ટીઓ છે એટલી પ્રામાણિકતાથી વિદ્યાર્થીઓને તૈયાર કરી રહ્યા છે, એટલું જ નહીં, અધ્યાપકોને પૂરો પગાર આપવો, અને તેમને તમામ પ્રકારની સવલતો આપવી, તેની સાથે આ સંસ્થા ચાલી રહી છે. અને એટલા જ માટે આ સંસ્થામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં વસે છે અને વ્યવસાય કરે છે એમની સાથે પણ આ સંસ્થાએ સંબંધો રાખી અને એમનો પણ સહયોગ આની અંદર તેઓ લઈ રહ્યા છે. એ ઉપરાંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ પણ આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને આ સંસ્થાને રાષ્ટ્રીય શિક્ષણ આપનારી અદ્વિતીય સંસ્થા તરીકે બિરદાવી હતી. એ બતાવે છે કે એમના ટ્રસ્ટીઓનું કેટલું સુંદર કામ એ જમાનામાં કરતા હશે જે આજે પણ પરંપરા આ સંસ્થાએ જાળવી રાખી છે અને તેનાથી પણ વધારે ફાલે-ફૂલે અને વધારે સારું શિક્ષણ આપે અને ગુણવત્તાવાળું શિક્ષણ આપે અને આદર્શ નાગરિક તૈયાર થઈને બહાર પડે, સેવાભાવી નાગરિક બહાર પડે તે પ્રકારની વ્યવસ્થા એમના ટ્રસ્ટીઓ કરી રહ્યા છે. અત્યારે ફાર્મસી, એમ. બી. એ., એમ. સી. એ., બી. બી. એ., એન્જિનિયરિંગ, પૉલિટેક્નિક, કૉમર્સ, આર્ટ્સ અને સાયન્સ તેમ જ બી. એડ્. એમ લગભગ તમામ વિદ્યાશાખાઓ આ સંસ્થા ધરાવે છે. ગુજરાતની સૌ પ્રથમ સેલ્ફ-ફાઇનાન્સ્ડ કૉલેજ કે. બી. ઇન્સ્ટિટ્યૂટ

ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ડી.આર.પટેલ સેન્ટર ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટિકલ એન્ડ બાયૉલૉજિકલ, આ સંસ્થાએ સ્થાપેલ છે. સેલ્ફ ફાઇનાન્સ્ડ કૉલેજો મૅનેજમેન્ટ ક્વૉટાની સીટો રાખી શકે છે. પણ આ સંસ્થાએ તેની બધી જ ક્વૉટાની સીટો યુનિવર્સિટી અને સરકારને પાછી સોંપી દીધી છે. તેની તમામ સીટો મૅરિટથી જ ભરાય છે. જ્યારે સંસ્થા શરૂ થાય ત્યારે સ્વાભાવિક છે કે એમની લાગણી એવી હોય છે કે એમને સરકાર ૫૦ ટકા સીટો ભરવા દે જેના કારણે એમને ડોનેશન મળે કે જેનાથી એમની સંસ્થા ચાલે, પરંતુ આ એક એવી સંસ્થા છે કે જેણે વર્ષોથી એમની ફાર્મસીની જેટલી સીટોનો ક્વૉટા છે તે અને ટૅક્નિકલનો જેટલો ક્વૉટા છે તે અને પી.ટી.સી.નો પણ આ બધો જ ક્વૉટા રાજ્ય સરકારને સમર્પિત કરી દીધો છે અને સૌએ સો ટકા રાજ્ય સરકાર ભરે છે. પોતાનો કોઈ ક્વૉટા એમણે પોતાની પાસે રાખલો નથી આ એક શીખવા જેવી બાબત એની અંદર છે. આ સંસ્થાના નાણાકીય વ્યવહારો પ્રામાણિક અને પારદર્શક છે. અને દરેક કર્મચારીને પગાર દર મહિનાની પહેલી તારીખે તેમને બૅંકના ખાતામાં પૂરેપૂરો જમા થઈ જાય છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ઉચ્ચ ગુણવત્તાવાળું તેમ જ ચારિત્ર્યનો વિકાસ થાય તે પ્રકારનું મળે છે અને તેના માટે વાલીઓ આ સંસ્થામાં વિશ્વાસ મૂકે છે અને પોતાનાં બાળક આ સંસ્થામાં ભણે તેવો આગ્રહ પણ રાખે છે. આવી વિશિષ્ટ પ્રકારની આ સંસ્થાએ સેલ્ફ ફાઇનાન્સ્ડ નૉન ઍફિલિયેટિંગ યુનિવર્સિટી માટે સરકારમાં દરખાસ્ત કરેલી છે અને તે દરખાસ્ત આ રાજ્ય સરકારે સ્વીકારેલી છે.

*

હું નથી માનતી કે ગુજરાત રાજ્યમાં કોઈ સંસ્થા આવી રીતે ચાલતી હોય. અધ્યાપકોને પૂરેપૂરા પગાર આપવા. પી.એફ. પણ એમનું કપાય અને ભવિષ્યની એમની તમામ ચિંતા આ સંસ્થા કરે એ બહુ જ વિશિષ્ટ વાત છે. અને એટલા માટે આ સંસ્થાને ખરેખર આપણે સૌએ અભિનંદન આપવાં જોઈએ.

આ સંસ્થાને હું એટલા માટે યાદ કરવા માગું છું કે તેના ચૅરમૅન શ્રી માણેકલાલભાઈ કે જેમની ઉંમર હું માનું છું કે ૮૦ વર્ષ કરતાં પણ વધારે છે. તેમ છતાં એક યુવાન કામ ન કરી શકે એટલા ઉત્સાહથી અને ધગશથી તેઓ કામ કરી રહ્યા છે. તેની સાથે સાથે મનુભાઈ અંબાલાલ પટેલ પણ એ જ રીતે કામ કરી રહ્યા છે. ડૉ. રામભાઈ એમ. પટેલ પણ કામ કરે છે. મારે યાદ કરવું જોઈએ મુરબ્બી શ્રી કેશુભાઈ પટેલ તેમને બધી જ ગુજરાતની મુખ્ય વ્યક્તિઓ જાણે છે. ઓળખે છે એમને પણ હું યાદ કરું છું, કારણ કે એમનું માર્ગદર્શન પણ આ સંસ્થાને મળે છે. ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ સેક્રેટરી છે. શ્રી વલ્લભભાઈ માણેકલાલ પટેલ કે જેઓ સરદારના નામથી ઓળખાય છે તેઓ પણ સેક્રેટરી તરીકે સુંદર કામગીરી બજાવી રહ્યા છે. શ્રી મણિલાલભાઈ કે જેઓ મમ્મી તરીકે ઓળખાય છે તેઓ પણ આમાં છે. શ્રી વિઠ્ઠલદાસ ડોસાભાઈ પણ આમાં છે. શ્રી વિક્રમભાઈ અંબાલાલ પટેલ પણ આમાં છે. આવા બધા હોદ્દેદારો આ કૅમ્પસમાં ખૂબ સુંદર કામગીરી બજાવી રહ્યા છે ત્યારે યુનિવર્સિટી આપવા માટે હું પણ ગૌરવ અનુભવું છું અને આ વિધાનસભા પણ ગૌરવ અનુભવે છે કે આવી સંસ્થાઓ પ્રગતિ કરી શકે, હજારો વિદ્યાર્થીઓને

મદદરૂપ બની શકે એટલા માટે વિશ્વવિદ્યાલયનું સ્વરૂપ આપવું જોઈએ. એટલા માટે કેબિનેટમાં પણ મંજૂરી આપવામાં આવી છે અને આજે આ વિધાનસભામાં એની દરખાસ્ત કરી છે.

*

માનનીય અધ્યક્ષશ્રી, કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરની જ ઘટક કૉલેજોનાં નામો મેં અગાઉ આપી દીધાં છે બધાં જ આની અંદર સમાવેશ થાય છે અને જે વિશ્વવિદ્યાલય બનવાનું જે બિલ છે એ બિલ આપણે અહીં સર્વસંમતિથી પાસ કરીએ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

માનનીય મંત્રીશ્રી દ્વારા એમના પ્રવચનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં નિર્દિષ્ટ ઘટક કૉલેજો નીચે પ્રમાણે છે:

૧. કે.બી.ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એન્ડ ડી.આર. પટેલ સેન્ટર ફૉર એડ્વાન્સડ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટિકલ બાયૉટેક્નૉલૉજી, ગાંધીનગર
૨. એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર
૩. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન, ગાંધીનગર
૪. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ગાંધીનગર
૫. અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૬. શારદબહેન શાન્તિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર
૭. આર.એસ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગર

કડી સર્વ વિશ્વવિદ્યાલયના આરંભે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ ચાલતી આ કૉલેજો છે. યુનિવર્સિટીએ ચલાવવા માટેના માન્ય અભ્યાસક્રમમાં ચલાવતી આ કૉલેજો છે. સમય જતાં આ અભ્યાસક્રમ ચલાવતી કૉલેજોની સંખ્યા, સમયની માગ પ્રમાણે વધતી રહેવાની એટલે યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો વ્યાપ વધવાનો પૂરો સંભવ છે.

હાલમાં યુનિવર્સિટી દ્વારા નીચે પ્રમાણે અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે:

એન્જિનિયરિંગ	:	B.E., M.E.
ફાર્મસી	:	B. Pharm, M. Pharm
કમ્પ્યૂટર	:	B.C.A., PGDCA, M.Sc. (I.T.), M.C.A.
મેનેજમેન્ટ	:	B.B.A., M.B.A.
એજ્યુકેશન	:	B.Ed., M.Ed.
કૉમર્સ	:	B.Com. M.Com.
નર્સિંગ	:	B.Sc. (નર્સિંગ), M.Sc. (નર્સિંગ)
બાયૉટેક્નૉલૉજી	:	M.Sc.
માઇક્રોબાયૉલૉજી	:	M.Sc.
રસાયણશાસ્ત્ર	:	B.Sc., M.Sc.
એમ.ફિલ.	:	એજ્યુકેશન, ઇંગ્લિશ, કમ્પ્યૂટર, ફિઝિકલ એજ્યુકેશન

પીએચ.ડી. : બાયોટેક્નોલોજી, કમ્પ્યૂટર સાયન્સ, ફાર્મસી, એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, નેનો સાયન્સ, મનોવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, કોમર્સ, ફિઝિકલ એજ્યુકેશન, રસાયણશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સમાજકાર્ય, અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત, લાઇબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૬-૨-૨૦૧૨ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના એક્ટમાં સુધારો કરી આપતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ તથા કડી કેમ્પસની સ્વનિર્ભર યોજના હેઠળ સંચાલિત કોલેજો કડી સર્વ વિશ્વવિદ્યાલયની કોન્સ્ટિટ્યૂન્ટ કોલેજો બની ગઈ છે.

વિશ્વવિદ્યાલય ભવન

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ, સેક્ટર–૧૫, ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયનું ભવન બાંધવામાં આવ્યું છે. જેનું નામ 'આઈ.એ.પી. (શેરથા) વિશ્વવિદ્યાલય ભવન આપવામાં આવ્યું છે. આ નામ માટે દાતાશ્રીઓ વિઠ્ઠલભાઈ એ. પટેલ અને શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ તરફથી ૧ લાખ ૭૫ હજાર ડૉલરનું દાન મંડળને આપવામાં આવ્યું હતું.

~૫૧~

સંસ્થાના પદાધિકારી સેવકો, નાયકો અને અધિનાયકો

સંપૂર્ણ લોકશાહી ધોરણે ચાલતી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ–સંસ્થાઓનો ખાસ વિશેષ એ છે કે એની તંત્રવ્યવસ્થા માટે ચૂંટણીનો માર્ગ લેવો પડતો નથી. ચૂંટણી એ તો લોકશાહીની મુખ્ય આધારશિલા પણ અહીં તંત્ર એવું સમુંસૂતરું ચાલતું રહે છે કે એમાં ફેરફાર કરવા માટે કશા ઉધામાનો અવકાશ રહેતો નથી. જેને જે કામ કરવું હોય તે કરવાની તક મળી રહે છે.

બંને મંડળોની વાર્ષિક સાધારણ સભા સંયુક્તપણે ચાલતી હોય એમ જણાય. બંને સભાઓ માટેના દિવસ, સમય અને સ્થાન એક જ. બંનેની, અમુક અપવાદ સિવાય કાર્યસૂચિ (એજન્ડા) પણ લગભગ એક.

સભાનું કામ શાંતિથી ચાલે. કશો બખાળો, હોબાળો કે કશી ધાંધલ-ધમાલ નહીં. સૂચનો થાય, ચર્ચા થાય પણ વાણીની ઉગ્રતા ન જોવા મળે.

આ શાંતિ અને શિસ્તનું કારણ એટલું જ કે વર્ષ દરમિયાન જે કંઈ કાર્ય થયાં હોય તે સર્વ પારદર્શી અને સંપૂર્ણપણે ભ્રષ્ટાચારરહિત હોય. આક્ષેપબાજીનો અવકાશ ન હોય ત્યાં વાણીની ઉગ્રતા શી હોય?

આ બંને સંસ્થાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ જેમના માટે આ ગ્રંથમાં અવારનવાર સંયુક્તપણે સંસ્થા શબ્દ પ્રયોજાયો છે. મોટા ભાગની જાહેર સંસ્થાઓથી એમની કાર્યરીતિમાં જુદી પડે છે એનું કારણ એના કાર્યકર્તાઓનું પ્રભાવક વ્યક્તિત્વ છે. સંસ્થાના સુચારુ સંચાલન માટે કેવા કેવા તપસ્વી જેવા કાર્યકરોનો લાભ સંસ્થાને મળ્યો હતો! આરંભમાં છગનભા, નગીનભાઈ, પોપટભાઈ, તેમ જ બાપુભાઈ ગામીએ સંસ્થાને પગભર કરવા ભારે શ્રમ ઉઠાવ્યો. પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ અને શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીએ કુશળ નેતૃત્વ પૂરું પાડ્યું. એવી જ રીતે શ્રી તુલસીદાસ ગો. પટેલના અનુભવનો લાભ સંસ્થાને મળતો રહ્યો. પછીનાં વર્ષોમાં શ્રી રામચંદ્ર જ. અમીન, પુરુષોત્તમદાસ ૨. પટેલ સંસ્થાની નાવના ખેવૈયા બન્યા. અને પ્રસંગોપાત્ત ખાસ કરીને મંડળની સભાઓ દરમિયાન શ્રી સાંકળચંદ કા. પટેલ અને શ્રી શિવાભાઈ પ્ર. પટેલનું કીમતી માર્ગદર્શન મળતું રહ્યું. એ વર્ષોમાં ગૌશાળા સતત ખોટમાં ચાલતી. વાર્ષિક સાધારણ સભામાં ગૌશાળાનો પ્રશ્ન લાંબી ચર્ચાનું કારણ બનતો. એમાં ખાવડ ગામના જોઈતાભાઈ કિશોરદાસ માર્મિક મુદ્દાઓ ચર્ચાની એરણ ઉપર મૂકતા. આ ચર્ચામાં સાંકળચંદભાઈનું ગૌશાળાને આર્થિક રીતે તરતી રાખવા માટેનું માર્ગદર્શન અત્યંત ઉપયોગી બની રહેતું. એક સભા વખતે તો સંસ્થા પ્રત્યેના અપાર લગાવના કારણે ગૌશાળાને રળતો એકમ કરી આપવા માટે ગૌશાળાની સંપૂર્ણ જવાબદારી પોતે સ્વીકારવાની તૈયારી એમણે બતાવેલી. અહીં કહેવાનો આશય એ છે કે સંસ્થા સંચાલનની ખામીઓ દેખાડવાને બદલે રચનાત્મક સૂચનો અને કાર્ય કરી દેખાડવાની સંસ્થાના એક

કાર્યકર તરીકે એમનામાં ઉત્સાહ હતો. એવી જ રીતે શ્રી શિવાભાઈ પ્ર. પટેલના સંસ્થાની પ્રતિષ્ઠાના એક અનન્ય રખેવાળ તરીકે એમણે દાખવેલા સૌજન્યની નોંધ અહીં પુનરુક્તિનો દોષ વહોરીને પણ કરવા જેવી છે. સંસ્થાના કોઠારીને બરતરફ કરાયાની ઘટના પર સંસ્થાનું વાતાવરણ ભારે કલુષિત બની ચૂક્યું હતું તે હકીકત અગાઉના પ્રકરણમાં કારણસહિત કહેવાઈ છે. વાર્ષિક સાધારણ સભા તોફાની બની રહેવાનાં એંધાણ સ્પષ્ટપણે જોઈ શકાતાં હતાં. પ્રતિવર્ષ સાધારણ સભામાં સભ્યોની જેટલી હાજરી રહેતી એના કરતાં એ વખતે સાડા ત્રણ ગણી સંખ્યા ઉપસ્થિત હતી. સંસ્થાના માથે જાણે એક ઘાત તોળાઈ રહી હતી. પણ અગાઉના પ્રકરણમાં જણાવ્યું છે તે પ્રમાણે વીસનગરના શ્રી શિવાભાઈના પ્રવચનથી ભૂગર્ભમાં હિલાળાતો લાવા ભભૂકતો બહાર ન ફેંકાયો એટલું જ નહીં, લાવાની કશી હલચલનો અણસાર પણ ન આવ્યો. સંસ્થાને શ્રી શિવાભાઈની સેવા ભલે રોજબરોજ ન મળતી હોય પણ એમનું આ પ્રવચન સંસ્થાની શ્રેષ્ઠ સેવા હતી. આ લખનાર એ સભામાં હાજર હતા. સૌની જેમ એમણે પણ મંત્રમુગ્ધ બનીને એ પ્રવચન સાંભળ્યું હતું. વિધિની વક્રતા એ રહી કે પ્રવચનની પ્રત (ટેક્સ્ટ) આજ આપણી પાસે નથી અન્યથા અમેરિકાનો આંતરવિગ્રહ પૂરો થયા પછી (૧૮૬૫)માં અબ્રાહમ લિંકનની ગેટિસ્બર્ગ સ્પીચની જેમ શિવાભાઈની સ્પીચ આપણા ઇતિહાસનું એક અમર પાનું બની રહેત. શિવાભાઈનું એ દિવસનું વક્તવ્ય સંસ્થામાં હંમેશાં આદરપૂર્વક યાદ કરાતું રહેવું જોઈએ.

સંસ્થાના કાર્યકરોની સેવા ક્યારેક વિવિધરૂપે અભિવ્યક્ત થાય છે. ડૉ. માણેકલાલ છ. પટેલ સંસ્થામાં મંત્રીપદે રહી ચૂક્યા હતા. વ્યવસાયે ડૉક્ટર. સંસ્થા માટે રોજબરોજ સમય ફાળવવો મુશ્કેલ. રવિવારે વ્યવસાયની જવાબદારીમાંથી મુક્ત. રવિવારે સવારે વિદ્યાર્થી આશ્રમમાં આવે. વિદ્યાર્થીઓનું આરોગ્ય તપાસે. જરૂર જણાય ત્યારે વિદ્યાર્થીને દવા અથવા ઇંજેક્શન આપે. મેલેરિયાનું વાતાવરણ હોય ત્યારે ડૉ. માણેકલાલની હાજરી વિદ્યાર્થી આશ્રમમાં અચૂક હોય.

પીતાંબર પટેલ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળમાં મંત્રી. સંસ્થા, આશ્રમ અને વિદ્યાર્થીઓના ઘડતર રૂપે સેવા કરવાની રીત એમની અનોખી. એ જાણીતા લેખક, પત્રકાર, રાજકારણમાં પણ સક્રિય. એમને સમયની ખરેખરી ખેંચ ખરી પણ સંસ્થા માટે સમય કાઢીને અમદાવાદથી કડી આવે, હાથમાં થેલી લટકતી હોય. એકાદ જોડ કપડાં એમાં હોય. સેવકરામ એમનું તખલ્લુસ. સાચા અર્થમાં અહીં સેવકરામ બનીને આવે. એમનું એક જ રટણ–આપણા છાત્રાલયનો વિદ્યાર્થી અણઘડ ન હોવો જોઈએ. છાત્રોની ટેવો સારી હોય એ માટેનું એમનું સતત નિરીક્ષણ રહ્યા કરે. રસોડે જમવાનો બેલ વાગે એટલે વિદ્યાર્થીઓ કરતાં પણ વહેલા એ રસોડે પહોંચી જાય. વિદ્યાર્થીઓની એક વ્યાપક ફુટેવ. રસોડે જમવા જાય પણ સાથે પાણીનો લોટો ન હોય. લોટો લીધા વિના માત્ર થાળી અને વાડકો લઈને આવેલા વિદ્યાર્થીને પીતાંબરભાઈ એક ચોક્કસ આજ્ઞા સાથે પાછા કાઢે—'જાઓ, જલપાત્ર લઈને આવો.'

અમદાવાદથી કડી આવવામાં એમને આળસ નહીં. આવે ત્યારે બે દિવસ રોકાય પણ ખરા. એમની ચોકસાઈને લીધે રસોડે જળપાત્ર લઈને જવા ઉપરાંત બોલવા-ચાલવામાં અને કપડાં બાબતમાં છાત્રોની ઘણી ટેવો સુધરી ગઈ હતી. આ પણ એક વિશિષ્ટ કેળવણી હતી. પોતે આશ્રમમાં રહે પણ પોતે એક લેખક છે એનો અણસાર કદી ન આવવા દે.

છગનભાઈ રા. પટેલ (જે ઘણુંખરું છ.રા.વકીલ તરીકે ખ્યાત હતા) અને ધનાભાઈ હ. પટેલ બંને કડીના જાણીતા વકીલ. સંસ્થામાં બંને મંત્રી. કોર્ટનો સમય પૂરો થયા પછી ઘણી વાર સાંજના ફરવાના સમયે બંને સાથે સંસ્થામાં આવે. મંડળ કાર્યાલયમાં બેસે. સંસ્થાની ઝીણવટભરી માહિતીથી વાકેફ રહે. બંને સંસ્થાના અદના સેવકો. શ્રી ધનાભાઈની વાત અન્યત્ર થોડીઘણી થયા કરી છે. શ્રી છગનભાઈ અહીં પ્રથમ વાર નિર્દિષ્ટ થાય છે. ગૃહપતિ કે આચાર્યને પોતાના વહીવટમાં કંઈ મૂંઝવણ કે ગૂંચ હોય તો છગનભાઈ સહાયરૂપ બને. સંસ્થાના કામમાં કોઈ કાયદાકીય અડચણ ઊભી થઈ હોય તો તેને ઉકેલવાનું કામ છગનભાઈનું. ઈ.સ. ૧૯૫૫માં આચાર્યશ્રી નાથાભાઈ તબિયતના કારણે લાંબી રજા ઉપર પંચગની હતા અને આચાર્ય તરીકેનો ચાર્જ શ્રી અંબાલાલ શિ. પટેલ પાસે હતો. શ્રી નાથાભાઈએ શાળામાં વિદ્યાર્થીમંડળની પ્રથા દાખલ કરેલી. પ્રતિવર્ષ શાળામાં વિદ્યાર્થીમંડળની ચૂંટણી થતી. ૧૯૫૫-૫૬ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ સત્રમાં સમય પર ચૂંટણીનાં એંધાણ ન જણાતાં એકાદ બે વિદ્યાર્થીઓએ (આશ્રમના જ તો) આ અંગે ઉપાડો લીધો. વાતાવરણ કથળ્યું અને ઉશ્કેરાટ વધતાં વાતાવરણ હડતાળમાં પરિણમ્યું.

એ દિવસોમાં અમીનસાહેબનો મુકામ સંસ્થામાં હતો. સંસ્થાના એ ઉપપ્રમુખ. શિસ્તના ભારે આગ્રહી. એમણે જાણી લીધું કે હડતાળની આગેવાની આશ્રમના એકબે વિદ્યાર્થીઓની છે અને બીજા બધા વિદ્યાર્થીઓ એમનાથી દોરવાયા છે. સાંજના ભોજન પછીની એક પ્રાર્થના વખતે અમીનસાહેબે આ હડતાળ બાબતમાં પ્રવચન કર્યું. એમણે પ્રવચન દરમિયાન કહ્યું: "એકબે બ્લેકશિપ આ ઉપાડો લઈ રહ્યા છે અને સંસ્થાનું વાતાવરણ બગાડી રહ્યા છે." અમીનસાહેબ એમની વાતમાં સ્પષ્ટ હતા. વિદ્યાર્થીમંડળની ચૂંટણી નથી થવાની એવી તો કોઈ વાત અસ્તિત્વમાં હતી જ નહીં. માત્ર વિલંબ થયો હતો અને ચૂંટણી અંગે કશી જાહેરાત નહોતી થઈ એટલું જ. એટલે વિદ્યાર્થીઓ ગેરમાર્ગે દોરાઈ રહ્યા હતા અને એમને દોરનારા ફક્ત એક અથવા બે જ જણ હતા. અમીનસાહેબે આ એક અથવા બે છાત્રોને અનુલક્ષીને બ્લેકશિપનો પ્રયોગ કર્યો હતો. વિદ્યાર્થીઓની સમજમાં, અણસમજથી અથવા જાણી જોઈને અવળું ભેરવવામાં આવ્યું કે અમીનસાહેબે છાત્રોને બ્લેકશિપ કહ્યા! વાતાવરણ બગડ્યું. અને વિદ્યાર્થીઓ હડતાળના ઉગ્ર પાસારૂપે આશ્રમ છોડીને ઘેર ભાગી જવાની પેરવીમાં તત્પર થયા.

આ પ્રદૂષિત વાતાવરણને સુધારીને સમસ્યાને હલ કરવાનું કામ છગનભાઈ રા. પટેલે હાથમાં લીધું. એમણેય શરૂઆતમાં તો ધાકધમકીનો માર્ગ લીધો. પણ એમાં સફળ નહીં થવાય એવી ખાતરી થતાં, સુલેહકારી વલણ અપનાવીને પ્રશ્ન હલ કર્યો.

આવી સમસ્યાઓ કરતાં શ્રી છગનભાઈની ફાવટ કાયદાકીય રીતોમાં વધારે અસરકારક અને સફળ હતી. એ વર્ષોમાં સંસ્થાની જુદી જુદી શાખાઓની શાળાઓમાં કામ કરતા શિક્ષકોની બદલી સંચાલક મંડળ ગમે તે શાખાની શાળામાં કરી શકતું. ખરેખર તો આનો એકતરફી જ પ્રવાહ રહેતો. અન્ય શાખાઓના શિક્ષકોને શિક્ષારૂપે સર્વ વિદ્યાલયમાં બદલવામાં આવતા. વડનગરની શાળાના એક ઉપદ્રવી શિક્ષકને સર્વ વિદ્યાલયમાં બદલવામાં આવેલા. શિક્ષકે પ્રતિ આરોપો કરતો પત્ર મંડળ ઉપર મોકલ્યો હતો. અને પોતે શાળા અને મંડળ માટે અનિવાર્ય હોય એવું માની લઈને પત્રમાં ગર્ભિત ધમકી ઉચ્ચારતાં લખેલું, 'મારા આ પત્રને રાજીનામું ગણવું હોય તો ગણજો...' અને મંત્રીશ્રી છગનભાઈએ એ પત્રને રાજીનામું ગણી લીધો! મંડળે રાજીનામું મંજૂર કરી દીધું. શિક્ષક માટે છૂટા થવા

સિવાય બીજો કોઈ માર્ગ ન રહ્યો. શિક્ષણાધિકારીની દરમિયાનગીરી પણ કંઈ ઉપયોગી ન થઈ શકી.

એક વખત શાળામાં શિક્ષણાધિકારીની કચેરી તરફથી વાર્ષિક ઇન્સ્પેક્શન ચાલતું હતું તે વખતે હિસાબોની તપાસણી વખતે ચાલતી સામાન્ય વાતચીત દરમિયાન સંસ્થાની વાત નીકળતાં શાળાના હિસાબનીશ શ્રી માધવલાલે સંપૂર્ણ નિખાલસભાવે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના ઐક્ય વિશે વાત કરી. શિક્ષણાધિકારીશ્રીની કચેરીના હિસાબી કારકુને આ વાતના આધારે શાળાનું મકાન થર્ડ પાર્ટીનું ન હોવાની નોંધ કરી અને શાળાને મળતા ભાડાની રકમમાં ઘટતો કામ મૂકવા સૂચન કર્યું. શાળાઓને મળતા ભાડાની ગ્રાન્ટ બાબતમાં નિયમ એવો હતો કે શાળાનું મકાન થર્ડ પાર્ટીનું ન હોય તો મકાન વૅલ્યુએશન સર્ટિફિકેટમાં જે રકમ દર્શાવી હોય એના છ ટકા જેટલી રકમ ભાડા પેટે મળે અને મકાન જો થર્ડ પાર્ટીનું હોય તો વૅલ્યુએશન સર્ટિફિકેટમાં દર્શાવેલી રકમના પંદર ટકા અથવા એક્ઝિક્યુટિવ એન્જિનિયરે જે ભાડું ઠરાવી આપ્યું હોય તે અથવા સંસ્થા જે ભાડું ભરતી હોય તે—આ ત્રણમાંથી જે સૌથી ઓછી રકમ હોય તેટલું ભાડું સંસ્થાને ગ્રાન્ટ તરીકે મળે.

કચેરીના હિસાબી કારકુને કરેલી નોંધના કારણે કચેરી તરફથી ઇન્સ્પેક્શન રિપોર્ટ આવ્યો તેમાં સર્વ વિદ્યાલયના મકાનને સંચાલકમંડળનું મકાન ગણીને સંસ્થાને મળતા ભાડામાં કાપ મૂકવાનો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળને શાળાનું મકાન થર્ડ પાર્ટીનું ગણીને ભાડું મળતું હતું. આ રિપોર્ટથી ભાડામાં મોટો કાપ સૂચવાયો હતો. શાળા ખોટમાં તો ચાલતી હતી જ એમાં આ કાપથી ખોટમાં વધારો થયો.

આ કાપમુક્તિ માટે કાર્યવાહી કરવાનું કામ સંસ્થાના મંત્રીશ્રી છગનભાઈ રા. પટેલની જવાબદારી હેઠળ આવ્યું.

કાયદાની દૃષ્ટિએ સર્વ વિદ્યાલયનું મકાન થર્ડ પાર્ટીનું હતું. મકાન કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળની માલિકીનું હતું. અને એ મંડળે સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ભાડે આપ્યું હતું. સમસ્યાના ઉકેલ માટે આ સાબિત કરવાનું હતું. શ્રી છગનભાઈ કુશળ વકીલ હતા જ. આ સાબિત કરવામાં કશી મુશ્કેલી નહોતી. માત્ર શિક્ષણ નિયામકની કચેરીમાં આ માટે પુરાવા રજૂ કરવાના હતા.

પુરાવા માટે સરળ હકીકત આ હતી: શાળાનું મકાન શેઠ શ્રી મફતલાલ ગગલદાસે તૈયાર કરાવીને માસિક રૂપિયો એક ભાડા પેટે ક.પા.કે.ઉ. મંડળને મળે એ શરતે શેઠે મકાનની સોંપણી ક.પા.કે.ઉ. મંડળને કરી હતી અને ક.પા.કે.ઉ. મંડળે ઉપરોક્ત ભાડાથી મકાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપ્યું હતું. શાળામાં થતી ખોટની પૂરણી ક.પા.કે.ઉ. મંડળ દ્વારા થતી હતી. ક.પા.કે.ઉ. મંડળને ભાડા પેટે વધારે રકમ મળે તો રાહત થાય. ભાડું વધારવા માટેનો માર્ગ ન્યાયની કોર્ટના આશ્રય દ્વારા લીધો. કોર્ટનો ચુકાદો ક.પા.કે.ઉ. મંડળના પક્ષમાં આવ્યો. ભાડું માસિક એક રૂપિયાના બદલે એક હજાર રૂપિયા થયું.

આ ચુકાદાના કારણે શિક્ષણ નિયામકની કચેરીમાં રજૂઆત કરવામાં કશી મુશ્કેલી નહોતી.

સમસ્યાના ઉકેલ માટે સંસ્થાના મંત્રી તરીકે શ્રી છગનભાઈ અને આચાર્યની હેસિયતથી હું શિક્ષણ નિયામકની કચેરીમાં ગયા. અમે ઇન્સ્પેક્શન રિપોર્ટને કૉમ્પ્લાય કરતા પત્રની એક ઍડવાન્સ નકલ કોર્ટના ચુકાદાની નકલ તેમ જ અન્ય ઉપયોગી લિખિત સામગ્રી સાથે રાખી હતી.

શિક્ષણ નિયામકની કચેરીમાં નાયબ નિયામક શ્રી ઇન્દ્ર વસાવડાને મળવાનું થયું. શ્રી ઇન્દ્ર વસાવડા

શિક્ષણખાતાના અમલદાર તો ખરા, પણ એ એક સારા લેખક પણ હતા. એમનો એક વાર્તાસંગ્રહ પ્રગટ થયેલો અને પ્રેમચંદજીના એક પુસ્તકનો એમનો ગુજરાતી અનુવાદ પણ પ્રકાશિત થયેલો. એમની સાથે વિગતે ચર્ચા કરી. સંસ્થાની સમગ્ર કાર્યવાહી અને સમાજમાં એની ઉપયોગિતા વિશે પણ ઠીક ઠીક વાત કરી. બંને સંસ્થાઓના એકત્વની છાપ ગમે તે હોય પણ કોર્ટના ચુકાદાને અતિક્રમીને ખાતું મનફાવતો નિર્ણય શી રીતે લઈ શકે? આખરે શિક્ષણખાતાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળને મળતી ગ્રાન્ટમાં મકાનભાડાના કાપનું સૂચન રદ કરવું પડ્યું.

સંસ્થાના કાર્યકરો કેટલા ગરિમાયુક્ત અને ઉત્કૃષ્ટ કોટિના હતા એ છગનભાઈ રા. પટેલનું દૃષ્ટાંત તરીકે વ્યક્તિત્વ તપાસીએ તોપણ સમજી શકાય એમ છે. શાળાના આચાર્યશ્રી નાથાભાઈએ રાજીનામું આપીને શાળા છોડી એ પછી સંસ્થાનું વાતાવરણ ઘણું ડહોળાયેલું થયું હતું. આચાર્યશ્રીના પગલામાં સૌને સંચાલકમંડળનો જ દોષ દેખાતો હતો. આવા વાતાવરણમાં શાળાના એક વર્ગમાં એક શિક્ષકે, વર્ગમાં ભણતા મંત્રીશ્રી છગનભાઈના પુત્રને પેલી ઘટના સંદર્ભે છગનભાઈને અનુલક્ષીને અણઘટતાં નિંદાત્મક વચન સંભળાવ્યાં. ધોરણ ૮નો વર્ગ. દીકરો હજુ તરુણ વયના આરંભનાં વર્ષોમાં. એ સમસમી ઊઠ્યો. વર્ગમાંથી ઊભો થઈને ટેબલ આગળ આવી પોતાનું દફ્તર પછાડીને ગુસ્સામાં કંઈક બોલીને વર્ગમાંથી ભાગી ગયો.

એ દિવસે સૂર્યાસ્ત સમયે શ્રી છગનભાઈ મારે ત્યાં આવ્યા. વર્ગમાં બનેલી ઘટનાની મને જાણ થઈ હતી. એમનો દીકરો વર્ગમાંથી ભાગી ગયો એ પછીનો રિપોર્ટ મારે જાણવો હતો. હું એમનો સંપર્ક સાધું એ પહેલાં એ પોતે મારે ત્યાં આવ્યા હતા. મેં એમને આવકાર આપ્યો. પછી એમણે વર્ગની ઘટનાને અનુલક્ષીને જ કહ્યું: "મહેન્દ્રનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ લેવા માટે આવ્યો છું."

એમની આ વાતથી મને દુ:ખ સાથે આશ્ચર્ય થયું. શાળા છૂટ્યા પછી શિક્ષકો કૉમન રૂમમાં એકઠા થયા હતા અને મહેન્દ્રના વર્તનને ઉદ્ધત ગણીને એને બરતરફ કરવાની મારી સમક્ષ એમણે માગણી કરી હતી. ચોર કોટવાળને દંડે એવી આ માગણી હતી. શિક્ષકમર્યાદા બહાર જઈને વર્ગમાં મંત્રીના પુત્રને જે કહ્યું તે અક્ષમ્ય હતું એટલું જ નહીં, કુમળા માનસના વિદ્યાર્થીને ભારે ત્રાસજનક આઘાત આપનારું હતું જે ખરેખર શિક્ષાને પાત્ર હતું. મેં છગનભાઈને કહ્યું: "તમે આવું કેમ વિચાર્યું? આ બેહૂદી ઘટનાના ઉદ્‌ભવના મૂળમાં શિક્ષક છે. જે વિચારવાનું છે તે તો આ ઘટના માટે જવાબદાર શિક્ષક માટે વિચારવાનું છ અને તમે દીકરાનું L.C. લેવાનું નક્કી કર્યું?"

છગનભાઈ ગંભીર થઈને બોલ્યા: "શિક્ષક અંગે હમણાં કંઈ વિચારવું નથી. શિક્ષકનું વર્તન બેજવાબદારીભર્યું તો ખરું પણ એથીય વધારે તો અમાનવીય ગણાય એવું છે. અપરંપાર ગેરસમજોમાંથી બગડેલું વાતાવરણ માંડ ઠર્યું છે. શિક્ષક સામે શિક્ષાત્મક પગલાં ભરવાથી વળી વાતાવરણ ડહોળાશે. સંસ્થાના હિતમાં આપણે એવું કંઈ કરવું નથી જેથી વાતાવરણ ફરી બગડે. મહેન્દ્રને તો મેં પિલવાઈની શાળામાં દાખલ કરવાનું વિચારી લીધું છે."

શ્રી છગનભાઈનો L.C. માટે આગ્રહ હતો એટલે એ વખતે હેડક્લાર્ક, જે કૅમ્પસમાં જ રહેતા હતા એમને બોલાવીને શાળા છોડવાનું સર્ટિફિકેટ તૈયાર કરાવીને મેં એમને ભારે હૈયે સોંપ્યું.

આ આખીયે ઘટનામાં શ્રી છગનભાઈએ દાખવેલાં સંયમ અને ગરિમા પ્રશસ્ય હતાં. એમણે આમાં અંગત હાનિ કરતાં સંસ્થાના હિતને પ્રાધાન્ય આપ્યું હતું.

કેટલાક સમય પછી શ્રી છગનભાઈને એમના પુત્રો સાથે અમેરિકામાં સ્થાયી રહેવાનું થયું. શ્રી ધનાભાઈના શિરે ગાંધીનગર શાખાના ચેરમેન તરીકેની જવાબદારી આવી. વળી, મંડળમાં દાસકાકાને થેલી અર્પણ કરવાનો ઠરાવ થયો તે અંગેની કમિટીના પ્રમુખ તરીકેની જવાબદારી પણ એમણે સંભાળવાની હતી એટલે એ માટેના ફંડફાળાના કામમાં એમને વધારે રોકાવાનું થતું હતું. આવાં કારણોને લીધે શ્રી છગનભાઈ અને શ્રી ધનાભાઈની કડી કેમ્પસના કાર્યાલયની સહમુલાકાતો હવે ભૂતકાળ બની રહી. સ્થાનિક કાર્યકરો-ગૃહપતિઓ અને આચાર્યને એમની સાથેની રોજબરોજની ચર્ચાનો લાભ મળતો બંધ થયો. શ્રી છગનભાઈ અને શ્રી ધનાભાઈ સાથેની ચર્ચાનો લાભ બંધ થયો પણ રાત્રિચર્ચાના નવા એક લાભનો ઉદય થયો.

સંસ્થાના મંત્રીઓ ડૉ. રામભાઈ અને ડૉ. મણિભાઈ રાત્રે અવારનવાર સંસ્થા કેમ્પસમાં આવવા લાગ્યા અને એ નિમિત્તે આશ્રમ અને હૉસ્ટેલોના સુચારુ સંચાલન અંગે વિશદતાથી ગૃહપતિઓ સાથે ચર્ચા થવા લાગી. સંસ્થાના ચેરમેન શ્રી માણેકલાલભાઈ તો ક્યાં હાજર નથી હોતા એ પ્રશ્ન છે. એ આ રાત્રિમેળાવડામાં પણ અવકાશે હોય, ગાંધીનગરમાં પણ એ ખરા અને જાણે નિત્યક્રમ હોય એ રીતે સાંજના સમયે ડૉ. રામભાઈને ત્યાં સંસ્થાના વિકાસની ચર્ચા કરતા હોય! એમના વિશે અન્યત્ર વાત પ્રસ્તુત છે. ડૉ. રામભાઈની સંસ્થાભક્તિ વિશિષ્ટ પ્રકારે છે. સંસ્થાના વિદ્યાર્થી હોવાથી સંસ્થા પ્રત્યેનો ભક્તિભાવ એ એક સ્વાભાવિક લાગણી છે. એ લાગણીના કારણે સંસ્થાના વિકાસ અર્થે એ દાન આપતા રહ્યા છે. શાળાના ઑડિટોરિયમનું નામાભિધાન–'ડૉ. રામભાઈ પટેલ સંસ્કાર ભવન' એમના દાનના આધારે થયું છે. 'ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ' અને 'શ્રીમતી ગોમતીબહેન રામભાઈ પટેલ કિંડરગાર્ટન' એમના દાનનાં ફળ છે. ઇંગ્લિશ મીડિયમની માધ્યમિક શાળાના ધો. ૧૨ના વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાનના અભ્યાસમાં પ્રોત્સાહન મળે એ હેતુથી પુરસ્કાર અર્થે એમણે સંસ્થાને એક ટ્રસ્ટ ફંડ પણ આપેલું છે. આ બધું તો ઉપર કહ્યું તેમ સંસ્થાભક્તિનો આવિષ્કાર પણ સંસ્થાના કાર્યકર તરીકે એક અનન્ય મૂકસેવક તરીકેની એમની ઓળખ છે. ઘણાં વર્ષોથી એ સંસ્થામાં મંત્રીપદે છે. સંસ્થાની કોઈ પણ પ્રવૃત્તિ, કોઈ પણ સભા, કોઈ પણ ઉત્સવ એમની હાજરી વિનાનો ન હોય. સંસ્થામાં કાર્યના વેગમાં એમનો ફાળો નોંધપાત્ર ખરો. કેટલોક સમય એ કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં ડાયરેક્ટર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

ડૉ. મણિભાઈ વિદ્યાર્થી આશ્રમના એક વખતના છાત્ર એટલે આશ્રમ જીવનની બધી ગતિવિધિ જાણે. અને વિદ્યાર્થીઓના માનસની એમને ખબર ખરી. એટલે રાત્રે ડૉ. રામભાઈ સાથે આશ્રમમાં આવે ત્યારે આશ્રમમાં રોજિંદી ઘરેડની ઝીણી ઝીણી વિગતોનો તાગ લે અને ગૃહપતિએ ક્યાં ક્યાં સાવધ રહેવું પડે છે એ વિશે પણ પોતે આશ્રમ જીવનમાં નજરે જોયેલી ઘટનાઓના આધારે ગૃહપતિઓને ખબરદાર રાખે. આ એક વિશેષ પ્રકારની અને મહત્ત્વની સેવા એમના તરફથી સંસ્થાને મળે છે.

એવી જ એક અનન્ય કહી શકાય એવી ગૌશાળા અંગેની સેવા શ્રી મનુભાઈ એ. પટેલની છે. અત્યારે તો ગૌશાળા એક જુદું ટ્રસ્ટ છે. પણ એ ટ્રસ્ટમાં પરિવર્તિત થયું એ પહેલાં એ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના એકમ તરીકે ચાલતું હતું. એની સ્થાનિક વ્યવસ્થા માટે ગૌશાળાના સ્થાન ઉપર જ મૅનેજર અને બે રખેવાળો (રબારી)નો વસવાટ હતો અને નિભાવ માટે ખેતી-ઉત્પન્ન લઈ શકાય એવી દોઢસો વીઘા જમીન પણ ખરી. ગાયોની સાચવણી માટે શેડ, પાણીની સારી વ્યવસ્થા.

ગાયોને ભાવતો અને મીઠાશવાળો ખોરાક મળે એ માટે સાયલોપીટ (કૂવા આકારનું ઊંડું બાંધકામ જેમાં મોસમ વખતનું ઘાસ જુદા જુદા થરમાં ધરબવામાં આવે અને દરેક થર ઉપર પ્રમાણસર મીઠાનો પટ આપવામાં આવે) ગૌશાળાની બધા પ્રકારની વ્યવસ્થા સચવાય અને ચાંપતી દેખરેખ રહે એ હેતુથી મૅનેજરની સતત હાજરી હોય. વર્ષો પહેલાં લાંઘણજના શંકરભાઈ મૅનેજર હતા. એમના પછી સોનવડના રામદાસ કેટલાક સમય માટે મૅનેજરપદે હતા. રામદાસ પછી ડરણના જોઈતારામ અને એમની સેવાઓ પછી ડરણના પુરુષોત્તમદાસ પટેલની મૅનેજર તરીકે ગૌશાળાને સેવાઓ મળવા લાગી. શ્રી પુરુષોત્તમદાસને વિદ્યાર્થી આશ્રમના કોઠારી તરીકે જવાબદારી સોંપવામાં આવી એટલે ગૌશાળામાં એમની જગ્યાએ શ્રી કાન્તિલાલ શુક્લની નિમણૂક થઈ. એમનાં સર્વ વિદ્યાલયમાં ભણતાં બાળકોને શાળામાં લઈ જવા-લાવવા માટે બળદથી ખેંચવામાં આવતા એક્કા ઉપર સિગરામની ખાસ વ્યવસ્થા કરી આપવામાં આવી.

ગૌશાળામાં આટઆટલા મૅનેજરોની સેવા લેવામાં આવી, આટઆટલો વૈભવ નિર્માયો છતાં ગૌશાળા સતત ખોટમાં ચાલતી હતી. ખોટમાં કંઈક રાહત થાય એ માટે સંસ્થાના મંત્રીશ્રી માણેકલાલ ગાયોના ખોરાક માટે કડીની ઓઈલમિલોમાં ફોન દ્વારા ખોળના કોથળાનું ઉઘરાણું કરી આપતા અને મંત્રીશ્રી ધનાભાઈ ગાયોના ખોરાક માટે સતત તિથિદાનની નોંધ કરીને એ પ્રકારનું દાન મેળવી આપતા. પણ ગૌશાળાની ખોટ મોટી રહેતી એટલે આ મદદ બહુ મોટો ટેકો કરી શકતી નહીં. ખોટનું મુખ્ય કારણ તો ગાયોના દૂધનું ઉત્પાદન સંતોષકારક નહોતું. આશ્રમ માટે જરૂરી પુરવઠો પહોંચાડી શકાતો નહોતો. એટલે ખૂટતું દૂધ નાની કડીના બે રબારીભાઈઓ પાસેથી મેળવવાનું રહેતું. નાની કડીથી આવતા દૂધની ક્વૉલિટી વારંવાર ઊતરતી કક્ષાની થઈ જતી એટલે વારંવાર રબારીભાઈઓને ચીમકી આપવી પડતી. પણ સરવાળે તો ગૌશાળા વિદ્યાર્થી આશ્રમ માટે પૂરતા પ્રમાણમાં પુરવઠાનો સ્રોત ન બની શકી. આશ્રમ તરફથી ગૌશાળાના દૂધનો જે ભાવ ચૂકવવામાં આવતો હતો એમાં અને બજારભાવમાં ઝાઝો ફેર નહોતો. ગૌશાળાની આ ખોટના કારણે અગાઉ જણાવ્યું તેમ શાંત ચાલતી વાર્ષિક સાધારણ સભામાં એજન્ડા પરની ગૌશાળાની ચર્ચા આરંભાય ત્યારે સભા નિમિત્તે વપરાતા કુલ સમયના પચાસ ટકા કરતાં વધારે સમય ગૌશાળાની ચર્ચા પાછળ જતો.

પણ આખરે ગૌશાળાનો પુણ્યોદય થયો. ગૌશાળા અંગેનો વહીવટ અમદાવાદમાં સ્થાયી થયેલા અને એકાઉન્ટ્સમાં નિપુણ કાંઝના વતની અને મંડળના મંત્રી શ્રી મનુભાઈ એ. પટેલને સોંપવામાં આવ્યો. ઉત્સાહથી તરવરતા મનુભાઈ જરા પણ આળસ રાખ્યા વગર અમદાવાદથી વારંવાર ગૌશાળાએ પહોંચી જતા જાણે એમની નજર પહોંચી અને બધું સમુંસૂતરું થવા લાગ્યું. દૂધનો પુરવઠો વધ્યો. ખોટ ઘટતી ગઈ અને ધીરે ધીરે એ સંસ્થા નફો કરતી થઈ. એને સ્વતંત્ર ટ્રસ્ટમાં ફેરવવામાં આવી. અને ધીરેધીરે એની રોનક બદલાઈ ગઈ. અત્યારે આ ગુજરાત ગૌશાળા એક રળિયામણનું એસ્ટાબ્લિશમેન્ટ બની રહી છે. આ પરિવર્તનના યશના અધિકારી શ્રી મનુભાઈ એ. પટેલ છે એ શબ્દફેરે ફરી કહ્યા વગર રહી શકાતું નથી.

આ ગ્રંથમાં સાયન્સ કૉલેજની વાત એક અલગ પ્રકરણમાં વિગતે કરી છે. એટલે અહીં કૉલેજ અને એની સ્થિતિ વિશે વાત કરવી નથી. જે કહેવું છે તે આ કૉલેજના સંદર્ભે કેળવણી મંડળના વ્યક્તિત્વ વિશે છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળે માત્ર સાયન્સ ફૅકલ્ટી સાથે નર્યા ખોટના ધંધારૂપે સાયન્સ કૉલેજ શરૂ કરી તેની પાછળ મંડળની મનીષા તે તો કૉલેજ અંગેના પ્રકરણમાં દર્શાવ્યું છે.

મંડળ ગમે તેટલું શક્તિશાળી અને શ્રીસંપન્ન હોય તોપણ આટલી મોટી ખોટના ભાર નીચે એ થાકીને હાંફી જાય. ૮ વર્ષ સુધી ભારે ખોટ વેઠ્યા પછી એક વાર્ષિક સાધારણ સભામાં કૉલેજને બંધ કરવા અંગે ચર્ચા થઈ. લગભગ બધા સભ્યો કૉલેજ બંધ કરવાના મતના હતા. કદાચ ઠરાવ પણ થઈ ગયો હોત. પણ નટુભાઈ (ભાણાભાઈ) ઠરાવ થાય એ પહેલાં બોલવા ઊભા થયા. નટુભાઈનું વાક્ચાતુર્ય ભારે. હંમેશાં એ હકારાત્મક (Positive) બાજુની તરફેણ કરે. અત્યારે એ આત્મવિશ્વાસ સાથે કૉલેજ બંધ ન કરવાની વાત કરવા ઊભા થયા હતા. એમની પદ્ધતિ મુજબ પ્રથમ તો એમણે એક અસરકારક ભૂમિકા બાંધી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળની પ્રતિષ્ઠાની વાત કરી. ખોટ ગમે તેટલી મોટી હોય તોપણ તે પૂરવાનું કામ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને સાથમાં ક.પા.કે.ઉ. મંડળના ગજાબહારનું નથી. આપણે દાન મેળવીને એ ખોટ પૂરી કરીશું પણ વિદ્યાર્થીઓના હિતમાં આદરેલા કામને ત્યજી દઈને આપણે નામોશી વહોરવી નથી. પોતે દાન મેળવવા ખૂબ ઉત્સુક હોય અને એ માટે પોતાની પૂરી તૈયારી હોવાની વાત વારંવાર દઢાવી.

કૉલેજ બંધ કરવાનો ઠરાવ ન થયો અને કૉલેજ ચાલુ રહી. પછી તો આ સંસ્થાનો પણ પુણ્યોદય થયો હોય એમ વિકસતી રહી. ખૂબ ફૂલીફાલી. એનો અહેવાલ સાયન્સ કૉલેજવાળા પ્રકરણમાં પ્રસ્તુત છે.

અહીં નટુભાઈ વિશે એક વાત કહેવી ઉચિત ગણાશે કે જ્યારે જ્યારે સંસ્થાના ડેલિગેશનરૂપે સંસ્થાના કાર્ય માટે સરકારમાં અથવા અન્ય સ્થળે જવાનું હોય ત્યારે ઘણુંખરું શ્રી નટુભાઈ સાથમાં રહેતા અને સંસ્થાને એમની શક્તિઓનો લાભ મળતો.

અહીં શ્રી છોટાલાલ મ. પટેલની વિશિષ્ટ પ્રકારની સેવાની નોંધ લેવાનું જરૂરી જણાય છે. એમણે વર્ષો સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં મંત્રી તરીકે સેવા આપી હતી. જ્યારે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને એ પછીનાં કેટલાંક વર્ષો સુધી દેશમાં કડક ધોરણે અનાજના રેશનિંગનો અમલ હતો ત્યારે અનાજના પુરવઠા બાબતે વિદ્યાર્થી આશ્રમ કશી તકલીફમાં ન મુકાય અને જરૂરી પુરવઠામાં કશી ઓછપ ન રહે એ અંગેની સઘળી વ્યવસ્થા સંભાળીને એમણે સંસ્થાને એક મોટી રાહતની સ્થિતિમાં રાખી હતી.

પ્રમુખ, ઉપપ્રમુખ કે મંત્રીપદ પર રહીને જ્યારે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે ત્યારે ભૂતકાળમાં શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરી, પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ, શેઠ શ્રી તુલસીદાસ ગો. પટેલ, શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ, શ્રી પોપટભાઈ ગુ. પટેલ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ, શ્રી દાસકાકા, શ્રી ધનાભાઈ હ. વકીલ, શ્રી માણેકલાલ એમ. પટેલ, શ્રી લક્ષ્મીકાંત ભગુભાઈ, શ્રી એન.કે. પટેલ, શ્રી કેશુભાઈ પટેલ (સિદ્ધપુર) શ્રી ભોળાભાઈ ચ. પટેલ, શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ (વામજ), શ્રી છગનભાઈ કા. પટેલ (કલોલ), શ્રી ખોડાભાઈ શિ. પટેલ (મણિયારી) શ્રી હરગોવિંદભાઈ ધ. પટેલ (મહેસાણા), શ્રી અંબાલાલ સો. પટેલ (વામજ), ડૉ. મંગુભાઈ રા. પટેલ (કંબોઈ-અમદાવાદ) વગેરેએ સંસ્થા માટે પૂરી નિષ્ઠાથી સેવાકાર્ય કર્યું હતું.

સંસ્થાના બંધારણના ઘડતર વખતે શેઠ શ્રી દુર્ગાપ્રસાદ લશ્કરીની સેવાઓ નોંધપાત્ર બની રહી હતી. પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ એક વિખ્યાત ગણિતશાસ્ત્રી હતા. એ પ્રત્યેક રવિવારે સર્વ વિદ્યાલય (પાટીદાર વિદ્યાલય)ના વિદ્યાર્થીઓને ગણિતશાસ્ત્ર શીખવવા માટે સંસ્થામાં આવતા. આ

અનન્ય ગણી શકાય એવી એમની સેવા હતી. વળી સંસ્થાના આર્થિક લાભાર્થે શ્રી પોપટભાઈ સાથે એ બ્રહ્મદેશ (મ્યાનમાર) ગયા હતા. રંગૂનવાસીઓએ એમનો ખૂબ પ્રેમભર્યો સત્કાર કરીને માનપત્ર પણ અર્પણ કર્યું હતું.

સંસ્થાને સમયે સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે. એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. એમની શક્તિપરીક્ષા તો એ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી. એટલે ઈ.સ. ૧૯૮૪માં સર્વ વિદ્યાલયના આચાર્ય નિવૃત્ત થતાં, સિપોરના કેળવણી મંડળને સર્વ વિદ્યાલયના હિત ખાતર વિનવીને મનુભાઈની સેવાઓ મેળવી. આચાર્યોની સેવાઓ એક શિક્ષણ યુનિટ પૂરતી મર્યાદિત ગણીને સંસ્થાના આ ઇતિહાસમાં એમને અલગ સ્થાન આપ્યું નથી. પણ શ્રી મનુભાઈ વયના કારણે સેવાનિવૃત્ત થયા એટલે એમની સેવાઓને સંસ્થાના મંત્રી તરીકે અંકે કરી લીધી. શ્રી મનુભાઈ પાસે કેળવણીકારની દૃષ્ટિ છે. એમની વિચારસરણી સ્વસ્થ છે. ચિંતન સાહિત્યના ચાહક છે. વહીવટ માટેનો ઉત્તમ વિવેક એમની પાસે છે. સંતુલિત સભાસંચાલન એમનો આગવો વિશેષ છે. એજન્ડા પરની સર્વ આઇટમો અંગેની ઝીણામાં ઝીણી વિગતોથી એ એટલા બધા વાકેફ હોય છે કે સભાનું કાર્ય કશા અવરોધ વગર, વેગીલું અને પ્રમુખશ્રીને યશ આપનારું બની રહે છે. આ કાર્ય કૌશલયુક્ત કલા છે એ કોઈ શ્રી મનુભાઈ પાસેથી જાણી શકે.

અત્યારે ડૉ. કનુભાઈ ધ. પટેલ અને વલ્લભભાઈ મા. પટેલ ગાંધીનગર શાખાનાં અનેકવિધ વિકાસકાર્યો સીધી દેખરેખ નીચે સંભાળવા માટે સખત પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. ડૉ. કનુભાઈ પોતાના ચાલુ વ્યવસાયના દિવસોમાંથી પ્રત્યેક શુક્રવાર ફાળવીને આ બધાં કાર્યો માટે ગાંધીનગરના ત્રણેય કૅમ્પસમાં હાજરી આપીને કામને સંભાળે છે. તેમણે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર તરીકે પણ સેવાઓ આપી હતી. આ ઉપરાંત નોંધપાત્ર બાબત એ કે સંસ્થાને આર્થિક સહાય આપતા દાતાઓ સાથેનો સતત સંપર્ક એ એમની આગવી સેવા છે જેની વાત આ ગ્રંથમાં અન્યત્ર થયેલી છે.

કૅમ્પસમાં કર્મચારીઓમાં 'સરદારસાહેબ'ના હુલામણા નામથી આવકાર પામેલા શ્રી વલ્લભભાઈએ ગાંધીનગર શાખાના સેક્ટર ૨૩ની સઘળી સંસ્થાઓના સંચાલનનો ભાર ચૅરમૅન શ્રી માણેકભાઈના શિરેથી પોતાના ખભા ઉપર લઈને ચૅરમૅનશ્રીની જઈફ ઉંમરમાં ઘણી રાહત આપી છે એમ જરૂર કહી શકાય (અલબત્ત, ચૅરમૅનશ્રી એમ કંઈ સાવ વિરક્ત કે નિવૃત્ત થઈ જાય એવા ક્યાં છે? એમની નજર તો ગાંધીનગરનાં બધાં શિક્ષણસંકુલો ઉપર ફરતી જ રહે છે. ૨૩મા સેક્ટરમાં એ નજર ગાડી પાટા પર દોડી રહી છે કે કેમ એટલું જોવા પૂરતી મંડાયેલી રહે છે.) શ્રી વલ્લભભાઈનું કાર્ય એટલું ચોકસાઈપૂર્વકનું છે કે ધાર્યાં પરિણામ મળી રહે છે. શિક્ષકો માટે રિફ્રેશર કોર્સની ગરજ સારનાર કસોટી (પરીક્ષાઓ)ની પ્રથા દેખીતી રીતે અપ્રિય હોવા છતાં શ્રી વલ્લભભાઈએ કશા જ અવરોધ વગર સફળતાપૂર્વક એને સંસ્થામાં અપનાવી છે. જરૂર પડ્યે કઠોર નિર્ણયો લેવાની એમની નીતિ હોવા છતાં એમણે સ્વભાવનું માર્દવ જાળવી રાખ્યું છે. આ સ્વભાવના કારણે એ એક સફળ સંચાલક તરીકે ઊભરી રહ્યા છે. અને અધિકારપૂર્વક પ્રતિષ્ઠા મેળવી રહ્યા છે.

સંસ્થાના સુચારુ સંચાલનમાં મંત્રીશ્રી ખોડાભાઈ પટેલનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે. ગૌશાળા માટે કડીની ઑઇલમિલોમાંથી ગાયોના ખોરાકરૂપે ખોળ મેળવવામાં એમની પ્રવૃત્તિ પ્રશંસાપાત્ર રહી છે. અને સંસ્થામાં કેટલાક શિક્ષણ એકમોના નિર્માણમાં એમનું આર્થિક દાન ઉપયોગી સિદ્ધ થયું છે.

સતત પરિવર્તનશીલ રહેતી ભાતીગળ યુગચેતના વચ્ચે સંસ્થા સતત વિકાસોન્મુખ રહીને એના ઇતિહાસનો સૈકો પૂર્ણ કરવાના આરે છે. ઈ.સ. ૧૯૧૯માં સંસ્થાની સ્થાપના વખતે યુગચેતનાનું જે રૂપ હતું તે આજે એટલે કે, ઈ.સ. ૨૦૧૧માં નથી. બધું બદલાયું છે. એમ કહી શકાય કે આ બદલાવમાં આંગ્લ કવિ ટેનિસનના આ શબ્દો સાચા ઠરતા રહ્યા છે: 'Old Order Changeth yielding to new' આ પ્રક્રિયા માટે એક બીજું સૂત્ર પણ પ્રચલિત છે: 'Other times other manners' આ બદલાવમાં પરંપરાગત મૂલ્યો અને પ્રણાલિકાઓ સઘળું ઉન્મૂલિત થઈ જાય છે. માણસના બાહ્યાભ્યંતર આચાર અને વિચાર આમૂલ પરિવર્તન પામ્યા હોય છે. આવા સંજોગોમાં કોઈ સંસ્થા માટે એની પરંપરાઓને મૂળરૂપે જાળવીને ટકી રહેવાનું કામ દોહ્યલું છે. આ ટકાવ સંસ્થામાં સબળ નેતૃત્વ વિના શક્ય ન બને. સાહિત્યની પરિભાષામાં કહીએ તો આ નેતૃત્વ કરનાર તે નાયક. સંસ્થાઓ નાયકના આધારે સ્થપાય છે, વિકસે છે અને ટકે છે. નાયકના અભાવે સંસ્થાનો અસ્ત પણ થાય. સંસ્થાનો ચઢાવ-ઉતાર આ નાયકને આભારી હોય. ગુજરાતની કેટલીક ઉત્તમ કોટિની શૈક્ષણિક સંસ્થાઓ કોઈ નાયકના આધારે જન્મી અને એના અભાવે રેઢિયાળ બની જતી અથવા અસ્ત પામતી આપણે જોઈ છે. આ ઉદાહરણ એટલાં જાણીતાં છે કે અહીં એમનાં નામ લેવાની જરૂર રહેતી નથી.

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગમે તેવી પલટાતી યુગચેતનાઓ વચ્ચે પણ કેટલાક ખમીરવંતા નાયકો અને અધિનાયકો મળ્યા અને એમના પુરુષાર્થથી સંસ્થા સ્થિર રહીને સતત વિકાસોન્મુખ બની રહી.

અજ્ઞાનના ગાઢ અંધકારમાંથી એક મશાલચી બનીને આપણા સમાજને કેળવણી દ્વારા પ્રકાશ તરફ દોરીને લઈ જનાર પૂજ્ય છગનભા આ ઇતિહાસના પ્રથમ અધિનાયક. આ પદ ઉપરના એમના ઉજ્જ્વળ કાર્ય માટે આરંભનાં પ્રકરણોમાં ઘણું કહેવાયું છે એટલે અહીં પુનઃઉચ્ચારણ કરવાની જરૂર જણાતી નથી. એમના અધિનાયક તરીકેના સ્થાન વિશે બેમત હોઈ શકે નહીં અને કશો સંદેહ પણ ન હોય. ઈ.સ. ૧૯૧૯થી એમના અવસાન સુધી, એટલે કે, ડિસેમ્બર, ૧૯૪૦ એ આપણા એક વીર અધિનાયક.

સંસ્થાના આરંભનાં પાંચ વર્ષ (૧૯૧૯થી ૧૯૨૩) દરમિયાનના સમયમાં શ્રી નગીનભાઈ વૃજલાલ પટેલ છગનભાના સહઅધિનાયક. પાંચ વર્ષ કરતાં ઓછા સમયગાળામાં સંસ્થાની સેવા કરનાર અધિનાયકનું પદ પામે એ થોડું આશ્ચર્યકારક ગણાય ખરું, પણ જેના પુરુષાર્થથી જ સંસ્થાનો ઉગમ હોય એને ક્યાં સ્થાન પર આરૂઢ કરવાથી ન્યાયોચિત પગલું ગણાય? ખુદ છગનભાએ શ્રી નગીનભાઈ છૂટા થયા એ વર્ષના વાર્ષિક નિવેદનમાં, મંડળની સંસ્થાઓની ઉત્પત્તિ શ્રી નગીનભાઈને આભારી હોવાની વાત નિખાલસપણે કહી હતી. છગનભાનું આ એક સત્ય ભાખતું ઉચ્ચારણ હતું એ આ ઇતિહાસનાં આરંભનાં પાનાં વાંચતાં બરાબર સમજાશે. વીરમગામના પ્રખર સુધારક શ્રી પુરુષોત્તમદાસ લલ્લુભાઈની સતત પ્રેરણા અને માર્ગદર્શનથી એક કેળવણી સંસ્થાની સ્થાપનાની ઉત્કટ ઝંખનાથી શ્રી નગીનભાઈએ એક વર્ષ તો આ કાર્ય અંગે ગામડાંઓમાં ખૂબ રખડપટ્ટી કરી હતી. શેરથા ગામના લોકોનો હૂંફભર્યો સહકાર મળવાની ખાતરી સાંપડી હતી. ગામડાંઓની સંકલના અને વસ્તીપ્રમાણનું વિશ્લેષણ કરીને પુરુષોત્તમદાસ લલ્લુભાઈની સલાહ પ્રમાણે કેળવણીની સંસ્થા કડીમાં શરૂ કરવાનું વિચારાયું હતું. ઊંઝાના મેળામાં શ્રી નગીનભાઈ હજુ વધારે જ્ઞાતિભાઈઓને મળવાના હતા અને

કરેલા સંકલ્પના સમર્થનમાં વધારે પુરુષાર્થ કરવાના હતા. આ માટે વગદાર જ્ઞાતિ-આગેવાનો ઊંઝાના મેળામાં આવે એ માટે નગીનભાઈ પત્રો દ્વારા એમને આમંત્રણ પાઠવતા હતા. એવો એક પત્ર એમણે શ્રી છગનભાઈ પીતાંબરદાસને લખ્યો હતો. આથી સ્પષ્ટ છે કે કેળવણીની સંસ્થા સ્થાપવાનો શ્રી નગીનભાઈનો સંકલ્પ હતો અને એ માટે કડી શહેર સ્થળ તરીકે નક્કી હતું. સરઢવની સભામાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ સ્થપાયું એ પછી સંસ્થા અંગેનો સઘળો કાર્યભાર છગનભાએ પોતાના શિરે લીધો અને એમના થકી સંસ્થાનો વિકાસ થયો એટલે એ સંસ્થાના પ્રથમ અધિનાયક ખરા, પણ સહઅધિનાયકનું સ્થાન શ્રી નગીનભાઈને આપવું રહ્યું.

ઈ.સ. ૧૯૪૦થી ૧૯૮૪ સંસ્થાનો મધ્યકાળ. આ મધ્યકાળના બે મહત્ત્વના ભાગ. એક પૂર્વ મધ્યકાળ અને બીજો ઉત્તર મધ્યકાળ. બંને કાળના અધિનાયકો જુદા. પૂર્વ મધ્યકાળ ૧૯૪૦થી ૧૯૭૩. એના અધિનાયક શ્રી રામચંદ્ર જ. અમીન. અને ઉત્તર મધ્યકાળના અધિનાયક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ (દાસકાકા). ઉત્તર મધ્યકાળનો સમયગાળો ૧૯૭૩-૧૯૮૪. સંસ્થાના અન્ય નાયકો અને અધિનાયકોમાં શ્રી રામચંદ્ર જ. અમીનનું સ્થાન નિરાળું. એમણે ઘણાં વર્ષો સુધી; એટલે કે ઈ.સ. ૧૯૪૧થી ૧૯૪૬ સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં પ્રમુખ તરીકે અને ઈ.સ. ૧૯૪૬-૪૭થી ૧૯૭૩-૭૪ સુધી ઉપપ્રમુખ તરીકે તેમ જ ક.પા.કેળવણી ઉત્તેજક મંડળમાં ૧૯૬૭થી ૧૯૭૫ સુધી પ્રમુખ તરીકે અને ૧૯૫૭થી ૧૯૬૪ સુધી ઉપપ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. 'અમીનસાહેબ'ના હુલામણા નામથી એ જાણીતા હતા. એમનું વ્યક્તિત્વ શાંત અને છતાં મુખ ઉપર હંમેશાં પ્રસન્નતાનો ભાવ અંકાયેલો હોય. હરકોઈની વાત ધીરજ અને સહાનુભૂતિપૂર્વક સાંભળે. ગુસ્સે થવાનું તો એમના સ્વભાવમાં જ ન હોય એવું જણાય. ઈ.સ. ૧૯૫૩નું શાળાનું S.S.C.નું પરિણામ સંતોષકારક ન જણાતાં એમણે પોતે પણ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અંગત રસ લેવા માંડ્યો. અવારનવાર વિદ્યાર્થી આશ્રમમાં આવી થોડા દિવસનો મુકામ કરતા. અને ક્યારેક ક્યારેક એસ.એસ.સી.ના વર્ગમાં અંગ્રેજી વિષયનું અધ્યાપન કરતા. વર્ગમાં કાળા પાટિયા ઉપરનું એમનું કામ કોઈ કુશળ અને તાલીમ પામેલા શિક્ષક જેવું રહેતું. ક્યારેક તો રોલ-અપ કાળા પાટિયા ઉપર મહત્ત્વનું લખાણ લખીને ગૃહકાર્યની અભ્યાસ-સામગ્રી વિદ્યાર્થીઓને આપતા. આશ્ચર્યની વાત તો એ હતી કે એ કોઈ સારા જિજ્ઞાસુ વિદ્યાર્થીની જેમ શાળાના સારા શિક્ષકના ચાલુ પાઠ વખતે વર્ગની પાછળની પાટલી પર જઈને બેસતા. એક વખત ગુજરાતી ભાષાના ધ્વનિ-ઘટકો વિશેના (નર્યા ભાષાવિજ્ઞાનના) પાઠમાં એ આરંભથી અંત સુધી પાઠને માણતા બેઠેલા. વ્યવસાયે વકીલ, રાજકારણમાં ૧૯૨૬, ૧૯૨૯ અને ૧૯૩૬માં વડોદરા રાજ્યની ધારાસભામાં એ ચૂંટાયેલા. જિલ્લા પ્રજામંડળના પ્રમુખ તરીકે એમણે સારી કામગીરી બજાવી હતી. 'હિન્દ છોડો' ચળવળમાં એમણે જેલવાસ ભોગવેલો અને ૧૯૪૮માં વડોદરા રાજ્યના પ્રધાનમંડળમાં જાહેર બાંધકામ, રેલવે અને વીજળીખાતાના પ્રધાન તરીકે યશસ્વી કાર્ય કર્યું હતું. આ ઉપરાંત ૧૯૬૭-૧૯૭૧માં એમ.પી. તરીકે સેવાઓ આપી હતી. આ બધું હોવા છતાં સ્વભાવે એ શિક્ષણના માણસ. ઊંઝામાં કન્યાકેળવણી મંડળ અને એની શૈક્ષણિક કે સંસ્થાના વિકાસમાં એમનો મહત્ત્વનો ફાળો હતો. પિલવાઈની કૉલેજની સ્થાપના અને સંચાલનમાં પણ એમનું મહત્ત્વનું યોગદાન હતું.

સંસ્થાના ઉત્તર મધ્યકાળના અધિનાયક શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ (દાસકાકા) એમણે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળમાં ઈ.સ. ૧૯૬૫થી ૧૯૬૬ અને ઈ.સ. ૧૯૭૪ અને ૧૯૭૫માં

ઉપપ્રમુખ તરીકે સેવા આપી તેમ જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં ઈ.સ. ૧૯૭૩થી એમના અવસાન. એટલે કે, ૧૯૮૪ સુધી ઉપપ્રમુખ તરીકે સેવા આપી. આ સેવાઓ સર્વથા ઉપયોગી અને મૂલ્યવાન તો હતી જ પણ એમનું ભગીરથ અને સંસ્થાને ઉજ્જ્વળ યશ અપનાવનારું કાર્ય ગાંધીનગરમાં સેકટર ૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખા સંચાલિત કેટલીક શિક્ષણસંસ્થાઓના નિર્માણનું હતું. ઈ.સ. ૧૯૭૯નાં વર્ષોમાં ગાંધીનગર શહેરમાં ભૌતિક સગવડો જૂજ હોવા છતાં, વેરાન અને ઝાડવાં-ઝાંખરાંવાળી જમીનમાં અને મર્યાદિત આર્થિક જોગવાઈ વચ્ચે નવેસરથી સંસ્થાઓ ઊભી કરવાનું કામ કપરું અને સામે પૂર તરવા જેવું હતું. કૅમ્પસમાં કોઈ નિવાસસ્થાન તો હતું નહીં. આવી પરિસ્થિતિમાં દાસકાકાએ ભારે ભીડવાળી પાલનપુર-ગાંધીનગરવાળી બસમાં આવ-જા કરીને જાતદેખરેખ નીચે શેઠ સી.એમ. હાઈસ્કૂલ, જુનિયર અને સિનિયર કે.જી. સાથેનું બાલમંદિર તેમ જ વિદ્યાર્થીઓના નિવાસ માટે બે હૉસ્ટેલોનું નિર્માણ યુદ્ધના ધોરણે કરીને એમની લગભગ ૮૦ વર્ષની જઈફ ઉંમરે અપાર ઉત્સાહ અને શારીરિક ક્ષમતાનો પરિચય સૌને આપ્યો. શ્રી દાસકાકા વિશે અગાઉનાં પ્રકરણોમાં ઠીક ઠીક કહેવાયું છે, એટલે અહીં તો એમના સંસ્થાના ઉત્તર મધ્યકાળના અધિનાયક તરીકેનો એમનો નિર્દેશ પર્યાપ્ત ગણ્યો છે. આ ઉપરાંત તેમણે ૧૯૬૭-૭૧માં એમ.પી. તરીકે પણ સેવાઓ આપી હતી.

ઈ.સ. ૧૯૮૪ના મે માસમાં દાસકાકાનું અવસાન થયું. ત્યાં સુધી એમણે એકલે હાથે સેક્ટર ૨૩ની સંસ્થાઓની ધુરા સંભાળી. શ્રી ધનાભાઈ હ. પટેલ (વકીલ) હોદ્દેદાર તરીકે સહાયમાં ખરા તેમ જ અંબાલાલ સો. પટેલ (વામજ) પણ ક્યારેક ઉપયોગી થતા. પણ દાસકાકાના અવસાન પછી કૅમ્પસ અને શિક્ષણ સંકુલની બધી જવાબદારી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સાંપ્રત સમયના અધિનાયક શ્રી માણેકલાલ મા. પટેલના ખભા ઉપર આવી. શ્રી માણેકલાલની છગનભા સાથે તુલના થઈ શકે. બંનેના યુગ ભિન્ન. એટલે સમય-સંજોગ પણ ભિન્ન. છતાં બંનેના યજ્ઞકાર્ય પાછળનાં ત્યાગ અને ન્યોછાવરીની ભાવના સરખી છે. સરઢવ નિવાસી છગનલાલ પીતાંબરદાસ પટેલ છગનભા તરીકે સર્વસ્વીકૃત થયા એ પહેલાં એમનામાં આત્મકલ્યાણની તીવ્ર આરત હતી. અધ્યાત્મ ગ્રંથોનું એમનું વાચન, મનન અને નિદિધ્યાસન એક લક્ષ્ય ઉપર કેન્દ્રિત હતું—આત્મકલ્યાણ! આ માટે સંસારનો ત્યાગ કરીને એ સંન્યસ્તગ્રહણ કરવાનો નિર્ણય લઈ ચૂક્યા હતા. પણ સ્વામી કેશવાનંદના સમ્યક્ બોધ પછી કેળવણીની ઉપયોગિતા હૈયે વસી જતાં એમણે પરમ લક્ષ્યને જતું કર્યું અને હવે નજર સમક્ષ કેળવણીના લક્ષ્યનું નિર્માણ કર્યું. જો વિવેકપૂર્વક સમજવામાં આવે તો, આ લક્ષ્યાન્તરમાં કોઈ નાનોસૂનો ત્યાગ નહોતો.

આવું જ લક્ષ્યાન્તર, અલબત્ત, જુદા રૂપે શ્રી માણેકલાલના જીવનમાં જોઈ શકાય છે. છગનભાની માફક શ્રી માણેકલાલે નજર સમક્ષ કેળવણીનું લક્ષ્ય નિર્મ્યું એ પહેલાં એ એક સફળ અને અઢળક ધન ઉપાર્જન કરનારા ઉદ્યોગપતિ બની ચૂક્યા હતા. જે ચિત્ત અર્થોપાર્જનમાં ચોંટ્યું હોય તેને ત્યાંથી ઉખાડીને બીજે રોપવું દુષ્કર ગણાય. એટલે તો શ્રી અને સરસ્વતીનો સંયોગ દુર્લભ હોવાનું આપણાં પુરાણોમાં પણ કહેવાયું છે અને જ્યાં એ સંયોગ રચાયો હોય ત્યાં એના નાયકના ચરિત્રના પ્રબંધો રચાયા છે. શ્રી માણેકલાલે ઉદ્યોગમાં સતત રમમાણ ચિત્તને હસ્તામલકવત્ પોતાના ચિત્તને કેળવણીના કાર્ય તરફ વાળ્યું છે. આનો અર્થ એવો નથી કે એમણે ઉદ્યોગમાંથી નિવૃત્તિ લીધી. પણ લક્ષ્યાન્તરની મોટી વાત તો એ છે કે એમણે કેળવણીના કાર્યને પોતાનું સાધ્ય લક્ષ્ય બનાવીને એના કાર્ય માટે ઘણો સમય ફાળવ્યો

છે. આ સાધનામાં એમણે કેટલો પુરુષાર્થ કર્યો છે અને કેટલો શ્રમ ઉઠાવ્યો છે એની કેટલીક વાત આ પ્રકરણમાંથી અને ઝાઝી વાત આ ગ્રંથના પરિશિષ્ટમાંથી તેમ જ એમના બે ચરિત્રગ્રંથો (૧) કર્મચૂડામણિ માણેકલાલ અને (૨) ધ્રુવતારક માણેકલાલના અભ્યાસ દ્વારા એમના વિશે ઘણું જાણી શકાશે.

શ્રી માણેકલાલે કેળવણીવિષયક કેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે એ આપણે જાણતા નથી. એ એવા માર્ગના યાત્રી છે કે એવા ગ્રંથોનો અભ્યાસ કરવાનો સમય મેળવવો એમના માટે મુશ્કેલ બને. છગનભાએ આવા કેટલા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો? છતાં એમના વિચારો અને કાર્યોમાં એક ઉત્તમ કેળવણીકારનાં દર્શન થતાં હતાં. ઘટનાપરખની પ્રચંડ વિવેકશક્તિ આ ગુણનું પ્રદાન કરે છે. આ વિવેકશક્તિને આપણે કોઠાસૂઝ તરીકે ઓળખીએ છીએ. શ્રી માણેકલાલમાં જન્મજાત આ કોઠાસૂઝ તો ખરી જ, પણ એમના વ્યક્તિત્વમાં બીજું ઘણું બધું ઉમેરાયું છે. એ કોઠાસૂઝને સંમાર્જિત કરવા માટે એમનો બહોળો અનુભવ છે. કેળવણીના ક્ષેત્રના પ્રવાહોનું એમનું ઝીણવટભર્યું નિરીક્ષણ છે. દેશની કેળવણીની સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના શૈક્ષણિક પ્રવાહોથી એ સતત માહિતગાર રહે છે. સરકાર તેમ જ યુનિવર્સિટી દ્વારા પ્રસ્થાપિત થયેલા કાયદા, નિયમો અને પેટાનિયમોની એ એટલા તો માહિતગાર અને જાણકાર છે કે ક્યારેય કોઈ ગૂંચ ઊભી થતાં એ અધિકારીઓને પણ સાચા અર્થઘટન દ્વારા પોતાની વાત સમજાવી શકે છે.

કાર્ડિનલ (ડૉ.) ન્યુમેને પોતાના પુસ્તક 'આઇડિયા ઑફ અ યુનિવર્સિટી'માં Liberal અને Useful Education એવી શિક્ષણની બે વિભાવનાઓની વિશદ રીતે મીમાંસા કરીને વ્યાખ્યાયિત કરી છે. શ્રી માણેકલાલ દ્વારા કેળવણીની આ બંને પ્રકારની વિભાવનાઓને કડી અને ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રસ્થાપિત થયેલી જોઈ શકાશે. સંસ્થાના ચેરમૅન તરીકે શ્રી માણેકલાલનું સઘળું ધ્યાન માત્ર અભ્યાસક્રમ, પરીક્ષા કે પરિણામ ઉપર જ કેન્દ્રિત થયું નથી, પણ એમણે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની ઍસ્થેટિક સમજ વિકસે એ માટે જુદી જુદી કળાઓ માટે સંસ્થાના પરિસરમાં શિક્ષણવ્યવસ્થા રાખી છે. સંગીત, નૃત્ય વગેરે માટે સંસ્થાઓનું નિર્માણ કરીને લાયકાત ધરાવતા શિક્ષકો કે શિક્ષિકાઓ દ્વારા એ કળાઓનું શિક્ષણ અને તાલીમઇચ્છુક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને અપાય છે.

મૅનેજમૅન્ટ ક્વોટાની યોજનાના કારણે મેરિટના ક્રમમાં પ્રવેશને લાયક ઘણા વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની તક ઝૂંટવાઈ જાય છે એ વાત શ્રી માણેકલાલ બરાબર સમજ્યા છે એટલે જ તો એમણે પ્રૉફેશનલ કોર્સિઝમાં પ્રવેશ માટે અલગ ફાળવવામાં આવેલા મૅનેજમૅન્ટ ક્વોટાની બેઠકો વિદ્યાર્થીઓના હિતમાં પ્રવેશ આપનાર કમિટીને સરેન્ડર કરી દીધી છે. સંસ્થા માટે રાખી નથી. શિક્ષણના ક્ષેત્રમાં શ્રી માણેકલાલનું આ એક અનન્ય પગલું છે.

નબળી આર્થિક સ્થિતિ ધરાવતા વાલીઓનાં સંતાનોના લાભાર્થે શ્રી માણેકલાલ જે પ્રૉફેશનલ અભ્યાસક્રમોમાં જોગવાઈ છે તેમાં ફી-વિવર યોજનાનો અમલ કર્યો છે. આ યોજના હેઠળ નિયત પ્રવેશસંખ્યાના દસ ટકા વિદ્યાર્થીઓને મેરિટ તેમ જ આર્થિક રીતે પછાત ધોરણને લક્ષમાં રાખીને સંપૂર્ણ શિક્ષણ માફી અપાય છે.

સરકારી નીતિના આધારે મૂડીના આ લાભ ઉપરાત સંસ્થા તરફથી પણ લાયકાત ધરાવતા ગરીબ વિદ્યાર્થીઓને પણ અર્ધી કે આખી ફી માફીનો લાભ આપવાની ઉદાર નીતિ શ્રી માણેકલાલે અપનાવી છે.

માત્ર સંસ્થા તરફથી જ કેમ? શ્રી માણેકલાલ પોતે પણ ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરતા રહ્યા છે. ગરીબ વિદ્યાર્થીઓના લાભાર્થે એમણે એમનાં માતુશ્રીના નામે રૂ. પાંચ લાખ સંસ્થાને એક ટ્રસ્ટરૂપે સોંપ્યા છે.

સમદૃષ્ટિ અને મનની વિશાળતા એ ઉત્તમ કેળવણીકારમાં પ્રધાન લક્ષણો છે. ઇંગ્લેન્ડ સાથે અમેરિકાની 'No taxation without representation' (ઈ.સ. ૧૭૭૬થી ૧૭૮૨) વખતે ઇંગ્લેન્ડની પાર્લમેન્ટના સભ્ય અને વિચારક એડમંડ બર્કે એના પ્રવચમાં એક બહુ મહત્ત્વની વાત કરી હતી: 'Great empires and little minds go ill togehter' (મોટાં સામ્રાજ્ય અને સંકુચિત નીતિનો મેળ ન બેસે) બર્કની આ વાત તો શ્રી માણેકલાલમાં સ્વભાવગત છે. સર્વ વિદ્યાલય, કડી અને ગાંધીનગરનું શિક્ષણસામ્રાજ્ય પણ નાનુંસૂનું નથી. કડી પરિસરનો ૫૦ એકર, ગાંધીનગરમાં ૨૩મા સેક્ટરમાં ૧૮ એકર (૧૩+૫), ૧૫મા સેક્ટરમાં ૧૦ એકર અને ૧૨મા સેક્ટરમાં ૪ એકરમાં પથરાયેલો વિસ્તાર છે. આ બધા વિસ્તારના શિક્ષણ સંકુલોમાં અનેક શિક્ષણસંસ્થાઓ આવેલી છે જેની વિગત આ પુસ્તકમાં અન્યત્ર છે. વળી કડી સર્વ વિશ્વવિદ્યાલય પણ આ સામ્રાજ્યનો એક ભાગ. સંકુચિત મનોવૃત્તિ આ વિશાળ તંત્રને બેરોકટોક ચાલવા દઈ શકે નહીં. પણ શ્રી માણેકલાલની નીતિની ઉદારતાના કારણે તંત્રમાં ક્યાંય અર્થોપાર્જનની લોલુપતાની આડખીલી નથી એટલે બધું બેરોકટોક અને સમુંસૂતરું ચાલી શકે છે. સંસ્થાની, કર્મચારીઓની કે વિદ્યાર્થીઓની જરૂરિયાતમાં ક્યાંય કશો અવરોધ નથી. સરકારી ધોરણ પ્રમાણે કર્મચારીઓને પૂરતું વેતન, વિદ્યાર્થીઓના અભ્યાસને આંચ ન આવે એ હેતુથી સ્ટાફની સંખ્યામાં કશી ઊણપ નહીં, નિમણૂકમાં કશો વિલંબ નહીં, વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ભરપૂર સાધન-સામગ્રી (teaching aids), સંદર્ભગ્રંથો માટે સમૃદ્ધ પુસ્તકાલય, ઇતર પ્રવૃત્તિઓના બજેટમાં કશી ઓછપ નહીં... આ બધા વૈભવનો આધાર સંસ્થાના તંત્રવાહકની મનોવૃત્તિ ઉપર રહે છે. અહીં આ સંસ્થાના બેડાના ખેવૈયામાં દૃષ્ટિ અને ઉદારતામાં ખામી ક્યાંય શોધી જડે એમ નથી. સંસ્થા માટે દેવું થાય તોપણ એમાંથી સુપેરે દાનનો માર્ગ શોધી લેવાની શ્રી માણેકલાલમાં આવડત છે એટલે દેવું કરીને પણ સંસ્થાનો વિકાસ સાધવાની ખેવના એમનામાં છે. આ ખેવના ઉત્સાહનો એક પ્રકાર જ ગણાય. રસશાસ્ત્રમાં ઉત્સાહ એ વીરરસનો સ્થાયીભાવ છે. એ ન્યાયે શ્રી માણેકલાલ એક વીર પુરુષ છે.

મૂળ વાત છે શ્રી માણેકલાલ એક કેળવણીકાર હોવાની. સાચા કેળવણીકારને કોઈ વર્તુળના પરિઘની મર્યાદા નડતી નથી. એની દૃષ્ટિ એ પરિઘને ઓળંગી જઈને દૂર ક્ષિતિજો સુધી પહોંચે છે એટલે જે પ્રવૃત્તિમાં દૂરગામી પણ, કેળવણીનો હેતુ હોય એ સઘળી પ્રવૃત્તિઓ સાચા કેળવણીકારની ઊંડળમાં સમાય છે. શ્રી માણેકલાલ આવા કેળવણીકાર છે. એમની આ નીતિગત વિભાવનાના કારણે વિવિધ પ્રકારના વર્કશૉપ-શિબિર, સેમિનાર, ગોષ્ઠીઓ, કારકિર્દીના માર્ગદર્શન માટે કોઈ સંસ્થા દ્વારા એક અથવા બે દિવસ માટે (રાત્રિરોકાણ સહિત) થયેલું આયોજન, પાઠ્યપુસ્તક મંડળની પાઠ્યપુસ્તકોના સંપાદન માટેની બેઠકો... આ પ્રકારની બધી પ્રવૃત્તિઓ માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કૅમ્પસ, કડી કે ગાંધીનગરમાં સર્વ પ્રકારની વ્યવસ્થા શ્રી માણેકલાલની જાતદેખરેખ નીચે મળી રહે છે. અને સંસ્થાની ગરિમા તો એ વાતની છે કે સંસ્થાના ચૅરમૅન સંસ્થાની ઉદાર નીતિરૂપે કોઈ પણ પ્રકારનું શુલ્ક સ્વીકારતા નથી.

જ્યારે કેળવણીનું ક્ષેત્ર સૌથી વધારે ભ્રષ્ટ થયું હોવાની વાતમાં કશો સંદેહ ન રહ્યો હોય એવા સંજોગો અને વાતાવરણમાં કોઈ પણ સંસ્થાનું પારદર્શી સંચાલન ડાબા હાથનો ખેલ નથી. જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલન હેઠળ જ્યાં ૪૮,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતાં હોય જ્યાં ૩,૪૦૦ કરતાં વધારે સંખ્યામાં છાત્રાઓ (વિદ્યાર્થિનીઓ) અને ૨,૫૦૦ કરતાં વધારે છાત્રો હૉસ્ટેલો કે છાત્રાલયોમાં નિવાસ કરતાં હોય. જ્યાં સમગ્ર સંચાલન માટે ૨,૬૦૦ કરતાં વધારે કર્મચારીઓ ફરજ બજાવતા હોય એનું સંપૂર્ણપણે પારદર્શી સંચાલન સંસ્થાના ચૅરમૅન શ્રી માણેકલાલ કરે છે.

આ સફળતા પાછળ રહેલી એમની એક સાચા કેળવણીકારની શક્તિ કારણરૂપ છે એ ખરું, પણ તંત્રને વ્યવસ્થિતપણે કામ કરતું રાખવા માટે ચુસ્ત શિસ્તનો આગ્રહ જરૂરી છે. શ્રી માણેકલાલ આવી શિસ્તના અઠંગ આગ્રહી છે. આ માટે શ્રી માણેકલાલના વ્યક્તિત્વમાં એક વિશેષ પ્રતાપ છે. ભાષામાં 'પ્ર' ઉપસર્ગ છે. પ્ર એટલે વિશેષ. માણેકલાલના સ્વભાવમાં જ્યાં શિસ્તનો ભંગ થતો હોય ત્યાં સ્વભાવનો આ વિશેષ તાપ જોવા મળે છે. ફરજમાં બેદરકારી, બિનઆવડત, પ્રમાદ કે ઢીલાશ એવું કંઈક કર્મચારીની ફરજ દરમિયાન જોવા મળે ત્યારે શ્રી માણેકલાલનો પુણ્યપ્રકોપ પ્રગટ્યા વગર રહેતો નથી. આ પુણ્યપ્રકોપમાં જવાબદાર વ્યક્તિ પ્રત્યે એમનો તિરસ્કાર હોતો નથી. એટલે ખરેખર તો એ એક પ્રકારનો પરિસ્થિતિજન્ય પ્રકોપ છે. પરિસ્થિતિ સુધરી જતાં પ્રકોપને કોઈ સ્થાન રહેતું નથી, વ્યક્તિ પ્રત્યેનો ભાવ તો જળવાયેલો હોય જ. જે ક્ષણિક આવેશમાં એ અદૃશ્ય થયેલો દેખાતો હતો એ પૂર્વવત્ પ્રકાશી રહે છે.

આશ્ચર્ય એ થશે કે એમનો આ સ્વભાવ એમની લોકપ્રિયતાનું એક સબળ કારણ બની રહ્યો છે. 'ગુસ્સે થાય છે, પણ મનમાં કંઈ નથી' આ છાપ એમની લોકપ્રિયતાના મૂળમાં રહેલી છે.

કેટલાં બધાં ક્ષેત્રે એ સક્રિય હતા! કડી ઑઇલ મિલ્સ ઍસોસિયેશનના પ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળની કારોબારી સમિતિના સભ્ય, ગુજરાત ગૌશાળાના ટ્રસ્ટી, ઉમિયામાતાજી સંસ્થા, ઊંઝાની કારોબારી સમિતિના સભ્ય, ભાગ્યોદય હૉસ્પિટલના માનદ મંત્રી, ગ્રામોત્થાન અને ગ્રામસ્વરાજ્ય નિર્માણમાં સક્રિય ભાગીદારી, સંકટનિવારણ સોસાયટીના સભ્ય–આ બધાં સ્થાનો અને પદો પર રહીને એમણે સમાજની અમૂલ્ય સેવા કરી. કડી લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે એમણે પૂરમાં ઘર વિનાના થઈ ગયેલા પૂરપીડિતો માટે લગભગ એક હજાર જેટલાં મકાનો બાંધી આપવાની વ્યવસ્થા કરી તે એક અનન્ય સેવા હતી.

એમના અવસાન નિમિત્તે એમની આ બધી સેવાઓને બિરદાવતી અસંખ્ય શ્રદ્ધાંજલિનો એમને અર્પણ થઈ હતી. પણ આ ગ્રંથ કેળવણી મંડળોના ઇતિહાસક્ષેત્રે હોઈ એ બધી શ્રદ્ધાંજલિઓની વિગત આપવાની લાલચ રોકવાનું અનિવાર્ય બને છે. અહીં એમની શિક્ષણસેવાઓ નિમિત્તે મળેલી શ્રદ્ધાંજલિઓમાંથી ફક્ત ત્રણ રજૂ કરી છે.

એમની ઉજ્જ્વળ અને ગૌરવવંતી સેવાઓને અનુલક્ષીને અનેક માનઅકરામ અને ઍવૉર્ડથી વિભૂષિત થયા હતા. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સમાજ ઉત્કર્ષની સેવાઓ માટે પૂજ્ય સચ્ચિદાનંદ સ્વામીના હસ્તે પાટીદાર શ્રેષ્ઠ શિરોમણિ ઍવૉર્ડ, કડી શહેરની સામાજિક શૈક્ષણિક, સાહિત્ય કળા, વ્યાપાર-ઉદ્યોગક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ માટે કડી નગરપાલિકા દ્વારા માનનીય

શ્રીમતી આનંદીબહેન પટેલના વરદ હસ્તે સન્માન એવૉર્ડ, આનર્ત ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આનર્ત એવૉર્ડ. આ એવૉર્ડના એનાયત સમારંભમાં પૂ. સ્વામી સત્યમિત્રાનંદગિરિજી અને પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા અભિવાદન સાથે સન્માન, ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ એવૉર્ડ અને સન્માનપત્ર દ્વારા અભિવાદન, કડી શહેર અને તાલુકાની જનતા તરફથી સન્માનપત્ર, કડીમાં કોમી એકતા અને એખલાસ જાળવી કોમી ભાઈચારાની ભાવના પ્રવર્તાવવા માટે તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહજીના હસ્તે કડી કોટના મેદાનમાં યોજાયેલ જાહેર કાર્યક્રમમાં એમનું સન્માન વગેરે અનેક કાર્યક્રમો દ્વારા એમનું બહુમાન થયું હતું. આ ઉપરાંત દિવ્ય ભાસ્કર દૈનિક દ્વારા ગુજરાતના સો પ્રતિષ્ઠિત મહાનુભાવોના પ્રકાશિત પરિચયગ્રંથમાં એમનું સ્થાન છે.

ફી રેગ્યુલેટરી કમિટીના ચેરપર્સન જસ્ટિસ અભય એચ. મહેતા લખે છે:

તેમની સાથેની પહેલી બે-ત્રણ મુલાકાતોમાં જ મને સમજાઈ ગયું કે તેઓ સાચા અર્થમાં ભેખધારી કેળવણીકાર છે. કમિટીના સભ્ય તરીકે સ્વનિર્ભર સંસ્થાઓના સંચાલકોના પ્રતિનિધિ હોવા છતાં તેઓ વિદ્યાર્થીઓના વાજબી હિતને સર્વોપરી મહત્ત્વ આપે છે. તેમણે વિદ્યાર્થીઓના હિતને હૃદયથી અળગું થવા દીધું નથી, તેવું મારું માનવું છે. માણસમાં ધગશ, આત્મવિશ્વાસ અને આવડત હોય તો તે ક્યાંથી ક્યાં પહોંચી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી માણેકલાલભાઈએ પૂરું પાડ્યું છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પ્રથમ કુલપતિ, અને ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના પૂર્વ સચિવ તેમ જ એમની વિદ્વત્તા માટે ઘણા જાણીતા શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે માણેકલાલભાઈને ભવ્ય અંજલિ આપતાં લખ્યું છે કે: શ્રી માણેકલાલભાઈની વિદાયથી કડી કે ઉત્તર ગુજરાત જ નહીં, સમગ્ર ગુજરાતને ન પુરાય તેવી ખોટ પડી છે. તે એક ઉદ્યોગપતિ હતા, પણ એમણે શિક્ષણજગતમાં જે પહેલ કરી, જે નેતૃત્વ પૂરું પાડ્યું અને જે ઉત્તમ સંસ્થાઓ ગુજરાતને આપી, તે બેનમૂન છે. સદ્નસીબે એમને વારસામાં મળેલું 'કડી સર્વ વિદ્યાલય' એક સૂક્ષ્મ બીજમાંથી મહાન આકાંક્ષાઓ સાથે શરૂ થયેલી અને ઉત્તમ પ્રતિષ્ઠા પામી ચૂકેલી સંસ્થા હતી. માણેકલાલભાઈની વિશેષતા એ હતી કે તેમણે તેનું માળખું, તેનો વ્યાપ અને તેની ગુણવત્તા ત્રણેનો અનન્ય વિકાસ કર્યો. ૧૯૯૨ પછી એક દાયકા બાદ મેં કડીનું સંકુલ જોયું ત્યારે તાજુબ થયો તે જ અરસામાં ગાંધીનગર સંકુલ જોયું જ્યાં શૂન્યમાંથી સર્જન કરવામાં આવ્યું છે. પછી તો આ મહાન સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો. એક દાયકામાં તો શું પણ એક જીવનકાળ દરમિયાન પણ કરવું દુષ્કર એવું કામ માણેકલાલભાઈએ કર્યું.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને ઉચ્ચ કોટિના વિદ્વાન શ્રી પ્રવીણ લહેરીએ માણેકલાલભાઈને આ શબ્દોમાં અજંલિ આપી છે: ગાયકવાડી શાસિત એક નાના નગરમાં જે સંસ્થાનાં બીજ રોપાયાં હતાં તેને ગુજરાત જેવા વિકાસશીલ રાજ્યના પાટનગરમાં વિશ્વવિદ્યાલય સુધી પહોંચાડવામાં જેમનો ભગીરથ પ્રયત્ન રહ્યો છે તેવા શ્રી માણેકકાકાનું નામ ગુજરાતના શિક્ષણજગતમાં ધ્રુવતારક સમાન દિશાસૂચક પ્રકાશપુંજ તરીકે ઝળહળશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સંસ્થા પરિવારમાં 'સરદારસાહેબ' નામથી પ્રેમભર્યો આવકાર પામેલા શ્રી વલ્લભભાઈ મા. પટેલે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઇસ ચેરમેન તરીકેની જવાબદારી સંભાળી લીધા પછી એમણે ચેરમેન શ્રી માણેકલાલભાઈની નીતિ અને રીતિને બરાબર જાળવી રાખીને સેક્ટર ૨૩ની સર્વ શૈક્ષણિક

સંસ્થાઓનું સંચાલન સુચારુ રીતે હાથ ધર્યું હતું. શ્રી વલ્લભભાઈ પાસે શિક્ષણની આગવી સૂઝ છે અને એને અખત્યાર કરવા માટેની એમની પાસે સારી ફાવટ પણ છે. શિક્ષકો એમના વિષયમાં છેલ્લા પ્રવાહો સાથે સુસજ્જ રહે એ માટે એમણે કસોટીની પ્રથા દાખલ કરીને અધ્યાપનકાર્યમાં તાજગી આણી છે. વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસક્રમના માળખામાં બંધાયેલા રહેવાના બદલે સમાજાભિમુખ બનીને પોતે સમાજમાં ઉત્ક્રાંતિ આણે એવી યોજનાઓ એમણે સફળપણે અમલમાં મૂકી છે. શૈક્ષણિક સંસ્થા એક સામાજિક કેન્દ્ર (કૉમ્યુનિટી સેન્ટર) બની રહે એવી શિક્ષણક્ષેત્રે ચાલી આવતી વિભાવનાને એમણે નવું પ્રયોગાત્મક રૂપ આપ્યું છે.

શ્રી વલ્લભભાઈની આ શક્તિઓને પિછાણીને, શ્રી માણેકલાલભાઈના તા. ૧૨ જાન્યુઆરી, ૧૯૧૨ના રોજ અવસાન પછી ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સંસ્થાનાં મંડળોની સંયુક્ત કારોબારી સભાએ સર્વાનુમતિથી એક અવાજે શ્રી વલ્લભભાઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગર તેમ જ ક.પા. કેળવણી ઉત્તેજક મંડળના ચેરમૅનપદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રૅસિડેન્ટના સ્થાને સ્થાપ્યા છે. હવે એ સંસ્થાનું સુકાન એમની પૂરી શક્તિથી સંભાળી રહ્યા છે. અને સ્વ. માણેલલાલભાઈના જે આદર્શો હતા એ બધાને શ્રી વલ્લભભાઈ એક પછી એક સાકાર કરવા લાગ્યા છે. માણેકલાલ માધવલાલ પટેલ મેમોરિયલ સ્કૉલરશિપ યોજના તેમ જ આંગણવાડીઓને દત્તક લેવાનો એમનો સુવિચાર આરંભનાં ફળ છે.

સંસ્થાના ચેરમૅનપદની ધુરા ધારણ કર્યા પછી બે વર્ષના ટૂંકા ગાળામાં એમણે દાખવેલી વહીવટી કુનેહ અને સંસ્થાના વિકાસ અર્થે અખત્યાર કરેલી નીતિના આધારે જરૂર કહી શકાય કે હવે પછીના જૂજ સમયમાં તો એ સંસ્થાના એક સમર્થ અધિનાયક સિદ્ધ થઈ ચૂક્યા હશે.

પરિશિષ્ટ – ૧

વિવિધ ટ્રસ્ટ ફંડ અને સહકારી મંડળી

ક્રમ	ટ્રસ્ટ ફંડનું નામ	ફંડની રકમ રૂ.	વ્યાજ વાપરવાનો હેતુ
૧	સ્વ. કાશીબા ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૨,૫૩૮-૭૦	સ્કૉલરશિપ
૨.	શ્રી સીતાદેવી અંબાલાલ એમ. પટેલ કેળવણી ટ્રસ્ટ ફંડ, કરણનગર	૨,૦૦૦-૦૦	સંસ્થાને ગમે તે
૩.	સ્વ. કમળાબહેન તે રમણલાલ ઉમેદદાસનાં ધર્મપત્ની ટ્રસ્ટ ફંડ, ડીસા	૧,૦૦૧-૦૦	સંસ્થાને ગમે તે
૪.	સૌ જીવીબહેન રામચંદ્રભાઈ અમીન ટ્રસ્ટ ફંડ, ગોઝારિયા	૯,૪૪૨-૫૫	વિદ્યાર્થીઓને લોન/ મદદ
૫.	શ્રી ગંગારામ ફૂલચંદદાસ ટ્રસ્ટ ઉનાવા	૩,૪૬૨-૯૪	વિદ્યાર્થીઓને લોન/ ફંડ મદદ
૬.	શ્રી પટેલ જીવરામ દલસુખરામ ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૧૦,૩૨૦-૦૦	ગરીબ વિદ્યાર્થીને મદદ
૭.	સ્વ. મણિલાલ મૂળાભાઈ અમીન ટ્રસ્ટ ફંડ, બાવળા	૧,૬૦૦-૦૦	સંસ્થાને જે ગમે તે
૮.	શેઠ ચંદુલાલ માધવલાલ સ્મારક પબ્લિક રિલિજિયસ એન્ડ ચેરિટબલ ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૧,૧૦૦-૦૦	સંસ્થાને જે ગમે તે
૯.	બાઈ હરિ તે દ્વારકાદાસ ગિરધરલાલની વિધવા ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૮૦૧-૦૦	ભોજન
૧૦.	બહેન શાંતા તે તુલસીદાસ ગોપાળદાસની દીકરી ટ્રસ્ટ ફંડ, કડી	૮૦૦-૦૦	ભોજન
૧૧.	અંબાઈદાસ રણછોડદાસ ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૫૦-૦૦	ભોજન
૧૨.	બાઈ પાર્વતી તે સ્વ. ગુલાબદાસ જેસંગદાસની વિધવા ટ્રસ્ટ ફંડ, કડી	૪૫૧-૦૦	ભોજન
૧૩.	સ્વ. નારણભાઈ તે તુલસીદાસ ગોપાળદાસના પુત્ર ટ્રસ્ટ ફંડ, કડી	૪૦૦-૦૦	ભોજન

ક્રમ	ટ્રસ્ટ ફંડનું નામ	ફંડની રકમ રૂ.	વ્યાજ વાપરવાનો હેતુ
૧૪.	સ્વ. લીલાબહેન છોટાલાલ પટેલ ટ્રસ્ટ ફંડ, કડી	૫૦૦-૦૦	ભોજન
૧૫.	શ્રી પુરુષોત્તમદાસ ત્રિભોવનદાસ તકતાવાલા ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૨૫૧-૦૦	ભોજન
૧૬.	બાઈ રામબાઈ તે મગનલાલ ઉમેદદાસની વિધવા ટ્રસ્ટ ફંડ, મેડો આદરજ	૩૦૧-૦૦	ભોજન
૧૭.	શ્રી જેઠાલાલ માણેકલાલ તકતાવાલા ટ્રસ્ટ ફંડ કડી	૨૫૧-૦૦	ભોજન
૧૮.	સ્વ. અચીબા તુલસીદાસ ગોપાળદાસનાં બહેન ટ્રસ્ટ ફંડ, કડી	૩૨૫-૦૦	સંસ્થાને ગમે તે
૧૯.	શ્રી મોતીભાઈ ભીખાભાઈ મારફતિયા ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૧૦૦-૦૦	સંસ્થાને ગમે તે
૨૦.	શ્રી માણેકલાલ મોતીચંદ ટ્રસ્ટ ફંડ, કડી	૨૦૧-૦૦	વ્યાયામ ઇનામ
૨૧.	શ્રી પ્રહ્લાદભાઈ ગોપાળદાસ ટ્રસ્ટ ફંડ, કડી	૧૨૫-૦૦	વ્યાયામ ઇનામ
૨૨.	સ્વ. અમૃતલાલ ગોપાળદાસ ટ્રસ્ટ ફંડ, કડી	૨,૦૦૦-૦૦	૧/૨ પુસ્તકો ૧/૨ ભોજન
૨૩.	શ્રી ભૂતપૂર્વ વિદ્યાર્થી ટ્રસ્ટ ફંડ હ. શિવુભાઈ, જોટાણા	૧૦,૦૦૦-૦૦	ગરીબ વિદ્યાર્થીઓને. મદદ ધો. ૮, ૯માં
૨૪.	અક્ષરનિવાસી વિલેશ મણિભાઈ ટ્રસ્ટ ફંડ, કડી	૫,૦૦૧-૦૦	વિદ્યાર્થી આશ્રમમાં પ્રથમ આવનારને ઇનામ
૨૫.	શ્રી માણેકલાલ મફતલાલ પટેલ ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૫,૦૦૦-૦૦	વિદ્યાર્થી આશ્રમમાં વ્યાયામ ઇનામ
૨૬.	સ્વ. જેઠાલાલ છગનલાલ ટ્રસ્ટ ફંડ, અમદાવાદ	૫૧,૦૦૦-૦૦	વિદ્યાર્થી આશ્રમનાં બાળકોને મિષ્ટાન્ન
૨૭.	શ્રી ગોરધનભાઈ બેચરભાઈ પટેલ કેળવણી ટ્રસ્ટ ફંડ, વડોદરા	૯,૦૦૦-૦૦	છાત્રાલયના ઉત્તમ છાત્રને ઇનામ
૨૮.	સ્વ. કોઠારી હીરાભાઈ એ. પટેલ ટ્રસ્ટ ફંડ	૫,૦૦૦-૦૦	વિદ્યાર્થી આશ્રમનાં બાળકોને ઇનામ

દિવાળીબા માધવલાલ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ

સંસ્થાના ચેરમેન માણેકલાલ મા. પટેલ અને તેમના પરિવાર તરફથી કડી અને ગાંધીનગર કેમ્પસમાં અભ્યાસ કરતા ધોરણ ૧થી અનુસ્નાતકકક્ષા સુધીના તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મેરીટ સ્કૉલરશિપ આપવામાં આવે છે. આ ઉપરાંત છાત્રાલય/હૉસ્ટેલમાં અભ્યાસ કરતા આર્થિક મદદની જરૂરિયાતવાળા છાત્ર/છાત્રાઓને પણ આર્થિક મદદ આપવામાં આવે છે.

દાસકાકા પરિવાર ફંડ

આ ફંડના વ્યાજમાંથી તેજસ્વી બાળકોને પ્રેરણારૂપ પારિતોષિક આપવામાં આવે છે. જાહેર પરીક્ષામાં પ્રથમ આવનાર તેમ જ સ્નાતક કક્ષાએ પ્રથમ આવનારને તથા સ્કૂલોમાં રમતોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનારને ઇનામ આપવામાં આવે છે.

વકીલ ધનાભાઈ હ. પટેલ નિવાસી છાત્ર શિક્ષણ વિકાસ ફંડ

આ ફંડના વ્યાજની રકમમાંથી કડી-ગાંધીનગર સંસ્થાઓમાં છાત્રાલયમાં નિવાસ કરી અભ્યાસ કરતાં હોય એવાં છાત્ર-છાત્રાઓને વિવિધ પ્રવૃત્તિઓ માટે પારિતોષિકો આપવામાં આવે છે. આ ઉપરાંત છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના વિકાસ અર્થે પ્રતિવર્ષ આર્થિક સહાય આપી લાયક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

છાત્ર-છાત્રા નિવાસી સહાયક નિધિ

દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલા દાનમાંથી એક કાયમી સહાયક નિધિની સ્થાપના કરવામાં આવી છે. કડી અને ગાંધીનગરની સંસ્થાઓમાં છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં હોય એવાં આર્થિક રીતે સહાયપાત્ર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આ ફંડના વ્યાજમાંથી આર્થિક સહાય આપવામાં આવે છે.

શ્રી વિદ્યાર્થીસહાયક સહકારી મંડળી

સમાજના તેજસ્વી અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણમાં મદદરૂપ બની શકાય તે હેતુથી આ મંડળીની રચના કરવામાં આવી છે. સ્વદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૫,૦૦૦-૦૦ અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૨૦,૦૦૦-૦૦ની મદદ આપવામાં આવે છે.

પરિશિષ્ટ – ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં શૈક્ષણિક સંસ્થાઓ અને છાત્રાલયો

સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી

૧. પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ
(શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સરસ્વતી સદન, મુંબઈ)
- ❖ પ્રમુખ સ્વામી અનુસ્નાતક કેન્દ્ર – કેમેસ્ટ્રી
- ❖ પ્રમુખ સ્વામી અનુસ્નાતક કેન્દ્ર – (ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી) સેલ્ફ ફાઇનાન્સ
- ❖ શ્રીમતી હીરાબહેન બાબુભાઈ પટેલ બાયોટેક્નોલૉજી ડિપાર્ટમેન્ટ
- ❖ શ્રીમતી હીરાબહેન વિઠ્ઠલદાસ હેમદાસ પી. જી. સેન્ટર એન્ડ રિસર્ચ
- ❖ શ્રીમતી સુશીલાબહેન રમણલાલ પટેલ (ડીંગુચાવાળા) લાઇબ્રેરી
- ❖ શ્રીમતી મધુબહેન ભોળાભાઈ પટેલ (ડીંગુચાવાલા) કૉન્ફરન્સ હૉલ
- ❖ શ્રી માણેકલાલ એમ. પટેલ મલ્ટિપરપઝ હૉલ
- ❖ રાઈબહેન ગોપાલદાસ પટેલ સાયન્સ કૉલેજ હૉસ્ટેલ
- ❖ રેવાબહેન વિશ્રામભાઈ શંકરભાઈ પટેલ ભોજનાલય

૨. નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મૅનેજમેન્ટ (M. C. A. / M. B. A.)
- ❖ નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મૅનેજમેન્ટ (B. C. A. / B. B. A. કૉલેજ)
- ❖ કડી નાગરિક સહકારી બૅન્ક, કૉલેજ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કમ્પ્યૂટર ઍપ્લાયન્સિસ (પી. જી. ડી. સી. એ.)
- ❖ મધુબહેન પોપટલાલ પટેલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ સેન્ટર ફૉર પ્રૉફેશનલ સ્ટડીઝ
- ❖ સંતોકબા હાયર એજ્યુકેશન ઉમિયા (M. B. A. / M. C. A.) બૉય્ઝ હૉસ્ટેલ
- ❖ શંભુભાઈ હરગોવનદાસ પટેલ ઉમિયા (B. Ed. / P. T. C.) બૉય્ઝ હૉસ્ટેલ
- ❖ શ્રીમતી માણેકબહેન સી. કે. પટેલ બૉય્ઝ હૉસ્ટેલ

૩. આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ એમ. એડ્. કૉલેજ

૪. શ્રી વનમાળીદાસ ગલશાદાસ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન (બી. એડ્. કૉલેજ)
- ❖ મેનાબહેન આત્મારામ પટેલ (સરસાવ) પ્રાર્થના હૉલ

૫. સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન – મહિલા બી. એડ્. કૉલેજ
- ❖ શકરીબહેન કાળિદાસ માધવલાલ પટેલ (સાલડી) સેમિનાર એન્ડ કૉન્ફરન્સ હૉલ

૬. ડૉ. રામભાઈ એમ. પટેલ પી. ટી. સી. કૉલેજ

૭. મમતા સ્કૂલ ઑફ ઇન્ફરમેશન ટેક્નોલોજી (સરકાર માન્ય કમ્પ્યૂટર અભ્યાસક્રમો)

૮. રા.૨. શેઠ શ્રી પ્રા. મ. વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

- ❖ કાળુપુર બૅંક ઉમિયા વિદ્યાર્થી આશ્રમ

૯. શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ

- ❖ ટેક્નિકલ વિદ્યાર્થી આશ્રમ
  ધ. મો. ટેક્નિકલ વિદ્યાર્થી આશ્રમ

૧૦. શ્રી સાંકળચંદ કાળિદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા
ઉમિયાબહેન સાંકળચંદ પટેલ ઔદ્યોગિક તાલીમ ભવન)

૧૧. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અભ્યાસ પ્રોગ્રામ સેન્ટર

૧૨. (૧) શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરિ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ

(૨) શ્રીમતી શારદાબહેન ધર્માભાઈ પટેલ (ભટાસણ) ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ

(૩) શ્રીમતી ગોમતીબહેન રામભાઈ પટેલ કિંડરગાર્ટન

- ❖ શ્રીમતી ડાહીબહેન નારણદાસ ગોપાળદાસ પટેલ ઇંગ્લિશ મીડિયમ
  હૉસ્ટેલ (હ. દશરથભાઈ અને રમેશભાઈ નારણદાસ પટેલ)

૧૩. મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર

૧૪. શ્રીમતી ઇન્દિરાબહેન નારણભાઈ માણેકલાલ પટેલ શિશુ વિદ્યાવિહાર

૧૫. શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ કૉન્ફરન્સહૉલ

૧૬. કમુબહેન વારિગૃહ

૧૭. શેઠ શ્રી ગોરધનભાઈ કૃષ્ણાલાલ પરીખ ટ્યૂબવેલ

૧૮. શ્રીમતી રમીલાબહેન શામળભાઈ પટેલના સૌજન્યથી મેનાબહેન મંગળદાસ પટેલ મધ્યસ્થ કાર્યાલય

૧૯. ડૉ. જયંતીલાલ એમ. પટેલ અતિથિગૃહ

૨૦. શ્રીમતી ગોમતીબહેન કાળિદાસ પટેલ કમ્પ્યૂટર સેન્ટર

શ્રીમતી ઊર્મિલાબહેન ગોવિંદભાઈ દેસાઈ કન્યાકેળવણી સંકુલ

૨૧. શ્રીમતી ઊર્મિલાબહેન ગોવિંદભાઈ દેસાઈ કન્યા છાત્રાલય

૨૨. શ્રીમતી શકરીબહેન ડાહ્યાભાઈ પ્રહ્લાદભાઈ પટેલ (રાજા ઇન્ડસ્ટ્રીઝ) હાયર ઍજ્યુકેશન ગર્લ્સ હૉસ્ટેલ

૨૩. હરજીવનદાસ અંબાલાલ પટેલ ભોજનાલય

૨૪. ગૌતમભાઈ હરજીવનદાસ પટેલ ભોજનાલય

૨૫. બી. એમ. પટેલ છાત્રા નિવાસ (સોળ ગામ)

સર્વ વિદ્યાલય કેમ્પસ: સેક્ટર-૨૩, ગાંધીનગર

પટેલ સીતાબહેન અંબાલાલ ત્રિભુવનદાસ પરિવાર (મોખાસણ) ઉચ્ચ શિક્ષણસંકુલ

૧. કાળુપુર બેંક ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એન્ડ ડી.આર.પટેલ સેન્ટર ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટિકલ બાયોટેક્નોલૉજી
૨. શ્રી માણેકલાલ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ
   - ❖ એમ.એસસી. બાયોટેક્નોલૉજી
   - ❖ એમ.એસસી. માઇક્રોબાયૉલૉજી
   - ❖ એમ.એસસી. કેમેસ્ટ્રી, બી.એસસી.–કેમેસ્ટ્રી
૩. બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલ (ડીંગુચા)
૪. ગં.સ્વ. ઇચ્છાબહેન કાંતિલાલ પટેલ ઉમિયા કુમાર હૉસ્ટેલ
૫. શ્રી અંબાબહેન કેશવલાલ પટેલ (નારદીપુર) ઉમિયા કુમાર હૉસ્ટેલ
૬. શ્રીમતી મંગુબહેન નારણદાસ પટેલ (ચોકસી) (રાજપુર) ભોજનાલય
૭. શ્રી ગોદડદાસ કસળદાસ પટેલ પરિવાર (ચાણસ્માવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ
૮. પટેલ અમથીબહેન રેવનદાસ શિવદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ
૯. સ્વ. પટેલ ડાહીબહેન ભોળીદાસ અમથીદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ
૧૦. રેવાબહેન મણિલાલ શંકરદાસ પટેલ (સાલડી) કુમાર હૉસ્ટેલ
૧૧. મેનાબહેન મંગળદાસ પટેલ (સરસાવ) મધ્યસ્થ કાર્યાલય
૧૨. જોઈતારામ મંગળદાસ પટેલ (સરસાવ) એન.આર.આઈ. ગેસ્ટહાઉસ

સર્વ વિદ્યાલય હાયર એજ્યુકેશન ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર શિક્ષણ સંકુલ

૧. એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ (એમ.બી.એ.)
૨. એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (એમ.સી.એ.)
૩. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન (બી.બી.એ.)
૪. ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બી.સી.એ.)
૫. અશ્વિનભાઈ અમૃતલાલ પટેલ (પલિયડ) ઇંગ્લિશ-ગુજરાતી મીડિયમ કૉમર્સ કૉલેજ

માણેકલાલ એમ. પટેલ (કડીવાળા) સહશિક્ષણ સંકુલ

૧. શેઠ સી. એમ. સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ (વિજ્ઞાનપ્રવાહ)
૨. શરદબહેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન (બી.એડ્.)
૩. રાજેન્દ્રકુમાર એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ
૪. વકીલ ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (ગણેશપુરા) એમ.એડ્. કૉલેજ
૫. એમ.ફિલ.

૬. શરદબહેન શાંતિભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ
૭. શ્રી વનમાળીદાસ ગલશાંદાસ પટેલ ઇંગ્લિશ મીડિયમ પી.ટી.સી. કૉલેજ
૮. અંબાલાલ વાઘજીભાઈ પટેલ (સિપોરવાળા) એજ્યુકેશન કૉલેજ સેન્ટ્રલ લાઇબ્રેરી
૯. રાઈબહેન ચંદુલાલ પટેલ (મોખાસણ) સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ (સેલ્ફ ફાઇનાન્સ) (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)
૧૦. શ્રી નરસિંહભાઈ કે. પટેલ વિજ્ઞાન પ્રયોગશાળા
૧૧. રાઈબહેન નરસિંહભાઈ પટેલ પ્રાથમિક શાળા
૧૨. જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા
૧૩. વી.એમ. પટેલ કુમાર બાલમંદિર
૧૪. રાઈબહેન નરસિંહભાઈ મહિલા હૉસ્ટેલ
૧૫. હીરાબા ભોજનાલય
૧૬. વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ કુમાર બાલમંદિર
૧૭. શ્રી મહેન્દ્ર મિલ્સ ઉમિયા કુમાર છાત્રાલય
૧૮. શ્રી પુરુષોત્તમભાઈ અને ભીખાભાઈ ઉમિયા કુમાર છાત્રાલય
૧૯. શ્રી રમણભાઈ ડી. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય
૨૦. શ્રી બાબુભાઈ એસ. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય
૨૧. શ્રીમતી કાશીબહેન કેશવલાલ પટેલ (વામજવાળા) ભોજનગૃહ
૨૨. પશીબહેન કાળિદાસ ઉમેદદાસ પટેલ મધ્યસ્થ વારિગૃહ (રાજપુર)

જગદીશભાઈ નટવરલાલ પટેલ (ડાંગરવા) ઇંગ્લિશ મીડિયમ કેમ્પસ

૧. શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ (સામાન્ય પ્રવાહ)
૨. સવિતાબહેન ગોવિંદભાઈ પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ
૩. શિવકોરબા કાળિદાસ પટેલ કિન્ડરગાર્ટન સ્કૂલ (અંગ્રેજી માધ્યમ, કે.જી.)

કાળુપુર બૅંક કન્યાકેળવણી સંકુલ

૧. ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ (શેઠ શ્રી જીવાભાઈ અંબાલાલ પટેલ સરસ્વતી સદન)
૨. શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ (મુંબઈ) સંસ્કાર ભવન (ઑડિટોરિયમ)
૩. કાળુપુર બૅંક કમ્પ્યૂટર સાયન્સ સેન્ટર
૪. શ્રીમતી સીતાબહેન નારણદાસ પટેલ (ડાંગરવા–યુ.એસ.એ.) ગર્લ્સ કૉલેજ લાઇબ્રેરી
૫. રાઈબહેન ગોપાલદાસ પટેલ માધ્યમિક ગર્લ્સ એન્ડ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ઉ. મા. ગર્લ્સ સ્કૂલ. (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)
૬. શ્રીમતી મૃદુલાબહેન ભરતભાઈ પટેલ પ્રાથમિક કન્યાશાળા
૭. શ્રીમતી હીરાબહેન વિઠ્ઠલદાસ પટેલ કન્યા બાલમંદિર

૮. શ્રી બળદેવભાઈ ગોપાલદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય
૯. લોદરિયા પરિવાર (સરસાવ) ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય
૧૦. વર્ષાબહેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ–યુ.એસ.એ.)
હાયર એજ્યુકેશન ઉમિયા કન્યા છાત્રાલય
૧૧. અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય (એનેક્સી)
૧૨. નારણદાસ ગોપાળદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય

રાઈબહેન નરસિંહભાઈ પટેલ લલિતકલા એકેડેમી

૧. મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર
૨. સ્કૂલ ઑફ ક્લાસિકલ આર્ટ્સ એન્ડ હૉબી (સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે)
૩. મમતા સ્પૉર્ટ્સ સેન્ટર
૪. શિવાભાઈ વી. પટેલ સીવણ-ભરતગૂંથણ
૫. વ્યક્તિત્વવિકાસ માટેના વર્ગો
૬. ઇંગ્લિશ સ્પીકિંગના વર્ગો
૭. મમતા કમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટર

*

ટેક્નૉલૉજી કૅમ્પસ
(એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫)

૧. એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી એન્ડ રિસર્ચ
- ❖ શ્રીમતી દક્ષાબહેન વિનોદભાઈ મણિલાલ પટેલ (સરસાવ) એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ ભૂમિદાતા
- ❖ શ્રીમતી કાન્તાબહેન જયંતીભાઈ પટેલ (U.S.A.) ડિપાર્ટમેન્ટ ઑફ M.B.A. & M.C.A. હ. જૉસેફ
- ❖ શ્રીમતી લક્ષ્મીબહેન અંબાલાલ પટેલ (મોખાસણ) કૉલેજ બિલ્ડિંગ બ્લૉક-એ, ફર્સ્ટ ફ્લોર
- ❖ સી.કે. એન્ડ એ.કે. પટેલ (સરસાવ) બૉય્ઝ કૉલેજ
- ❖ શ્રીમતી જયશ્રીબહેન વિનોકદુમાર પટેલ શ્રીમતી શર્મિષ્ઠાબહેન હર્ષદકુમાર પટેલ (મોખાસણ) બૉય્ઝ હૉસ્ટેલ
- ❖ શ્રી બળદેવભાઈ શંકરભાઈ પટેલ (રાજપુર) બૉય્ઝ હૉસ્ટેલ ભોજનાલય
- ❖ શ્રી પ્રહ્લાદભાઈ રણછોડભાઈ પટેલ (સાલડી) બૉય્ઝ હૉસ્ટેલ

૨. વી.પી.એમ.પી. પૉલિટેક્નિક, (સવારની પાળી અને બપોરની પાળી)
૩. કડી સર્વ વિશ્વવિદ્યાલય આઈ.એ.પી. (શેરથા) ભવન
- ❖ એમ. એસસી. આઈ. ટી.

*

નર્સિંગ કૉલેજ કૅમ્પસ
(સિવિલ હૉસ્પિટલ, સેક્ટર-૧૨)

૧. ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ
૨. ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ હૉસ્ટેલ
૩. ચંચળબહેન મફતલાલ પટેલ ઑડિટોરિયમ હૉલ

*

નવીન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, વડનગર
(વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

*

પરિશિષ્ટ – ૩

સર્વ વિદ્યાલયનો વિકાસ: ઘટનાક્રમ

કડી કૅમ્પસ

૧૯૧૯ કેળવણી મંડળની સ્થાપના (તા. ૮-૬-૧૯૧૯)
૧૯૨૦ છાત્રાલય (વિદ્યાર્થી આશ્રમ)ની શરૂઆત (તા. ૨૨-૩-૧૯૨૦)
૧૯૨૨ પાટીદાર વિદ્યાલય (સર્વ વિદ્યાલય)નો આરંભ (તા. ૧-૩-૧૯૨૨)
૧૯૨૩ કડી રેલવેસ્ટેશન સામે સંસ્થા માટે ૯ વીઘા જમીન ખરીદવામાં આવી (તા. ૧૯-૩-૧૯૨૩)
૧૯૨૬ તા. ૪-૧-૧૯૨૬ના રોજ શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડની સંસ્થાની મુલાકાત
૧૯૨૮ ગુજરાત ગૌશાળાની શરૂઆત
૧૯૨૯ મહાત્મા ગાંધીની સંસ્થાની મુલાકાત (તા. ૨૭-૭-૧૯૨૯)
૧૯૩૪ કન્યાકુંજનો આરંભ (તા. ૧૫-૬-૧૯૩૪)
૧૯૩૫ વિદ્યાલયમાં મૅટ્રિકનો વર્ગ શરૂ થયો. (તા. ૧-૪-૧૯૩૫)
૧૯૩૯ શેઠ જી.સી. હાઈસ્કૂલ, પિલવાઈનું સંચાલન હાથ ધર્યું. (તા. ૨૬-૩-૧૯૩૯)
૧૯૪૧ વીસનગરમાં નૂતન સર્વ વિદ્યાલય નામની શાખાનો આરંભ (તા. ૨૦-૧૧-૧૯૪૧)
૧૯૪૨ પિલવાઈના શેઠ મં. ૨. છાત્રાલયનું સંચાલન હાથ ધર્યું.
૧૯૪૨ નવીન સર્વ વિદ્યાલય, વડનગરનું સંચાલન હાથ ધર્યું. (તા. ૧૨-૬-૧૯૪૨)
૧૯૪૨ વિદ્યાર્થી નિવાસ, વીસનગરની સ્થાપના (તા. ૧-૬-૧૯૪૨)
૧૯૪૫ શાળાનો નવા મકાન – શેઠ પ્રાણસુખલાલ મફતલાલ સરસ્વતી સદનમાં પ્રવેશ
૧૯૫૧ ૩૦-૪-૧૯૫૧ના રોજ છગનભાની અર્ધપ્રતિમાનું અનાવરણ (તા. ૩૦-૪-૧૯૫૧)
૧૯૫૨ મિત્રમંડળ સર્વ વિદ્યાલય (હાલ આઈ.એમ.જે. સર્વ વિદ્યાલય)ની સ્થાપના
૧૯૫૬ અધ્યાપનમંદિરની સ્થાપના
૧૯૬૦ સંસ્કાર ભવન (ઑડિટોરિયમ)નું ઉદ્‌ઘાટન (તા. ૨૮-૬-૧૯૬૦)
૧૯૬૦ સર્વ વિદ્યાલયમાં ટેક્નિકલ વિભાગ શરૂ થયો.
૧૯૬૩ ટેક્નિકલ વિભાગનું વર્કશૉપ તૈયાર થયું.
૧૯૬૪ ધ. મો. છાત્રાલય તૈયાર થયું.
૧૯૬૫ પ્રી. વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો આરંભ
૧૯૬૫ વિજ્ઞાન કૉલેજનો આરંભ (તા. ૨૪-૫-૧૯૬૫)
૧૯૬૬ જુનિયર ટેક્નિકલ સ્કૂલનો આરંભ
૧૯૭૦ સર્વ વિદ્યાલયનો ટેક્નિકલ વિભાગ અને જુનિયર ટેક્નિકલ સ્કૂલ સંમિલિત કરીને ટેક્નિકલ હાઈસ્કૂલની સ્થાપના (તા. ૧૨-૬-૧૯૭૦)

૧૯૮૪ શ્રી નાથાલાલ ના. દેસાઈ પ્રાથમિક શાળાનો આરંભ.

૧૯૮૪ દાસ પુસ્તકાલય માટે શેઠ શ્રી હરિવલ્લભદાસ કાળિદાસના નામનું સ્વતંત્ર મકાન તૈયાર થયું.

૧૯૮૪ 'કિશોરકુંજ' શ્રી બી. એમ. પટેલ વિદ્યાર્થીભવનમાં ફેરવાયું.

૧૯૮૪ શ્રીમતી મેનાબહેન મંગળદાસ અતિથિગૃહ (અને મંડળ માટે મધ્યસ્થ કાર્યાલય)ની સુવિધા પ્રાપ્ત થઈ.

૧૯૮૮ શ્રી સાંકળચંદ કાળિદાસ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રનો આરંભ.

૧૯૮૯ સાયન્સ કૉલેજનું નવું નામાભિધાન: પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજ.

૧૯૯૦ શિશુ શાળા-પ્રાથમિક શાળા.

૧૯૯૨ આચાર્યશ્રી નાથાલાલ ના. દેસાઈ પ્રાથમિક શાળા.

૧૯૯૩ પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ હરગોવિંદદાસ પટેલ આર્ટ્સ કૉલેજ (કૉલેજમાં આર્ટ્સ ફેકલ્ટી ઉમેરાતાં નવું નામ)

૧૯૯૬ શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ. (ટેક્નિકલ હાઈસ્કૂલનું નવું નામાભિધાન)

૧૯૯૬ મેઘના નિરંજન શિશુ વિદ્યામંદિર. (બાલમંદિર)

૧૯૯૭ શ્રી અરુણ હરગોવિંદદાસ પટેલ ભોજનાલાય.

૧૯૯૭ શાંતાબહેન કે. પટેલ ઉમા વિદ્યાર્થી આશ્રમ.

૧૯૯૮ પાટીદાર મુદ્રણાલયમાં ઑફેસેટ મશીન તેમ જ અન્ય અદ્યતન સાધનો વસાવ્યાં.

૧૯૯૯ પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજમાં સેન્ટર ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ એન્ડ રિસર્ચ વિભાગનું ઉદ્‌ઘાટન.

૧૯૯૯ કડી નાગરિક સહકારી બૅન્ક પ્રાથમિક શાળા.

૨૦૦૦ શાંતાબહેન માણેકલાલ કેશવલાલ અંગ્રેજી માધ્યમ બાલમંદિર અને પ્રાથમિક શાળા.

૨૦૦૦ રાઈબહેન ગોપાળદાસ પટેલ સાયન્સ કૉલેજ હૉસ્ટેલ.

૨૦૦૦ નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મૅનેજમૅન્ટ.

૨૦૦૧ મમતા સ્કૂલ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી.

૨૦૦૧ બી. સી. એ. કુમાર હૉસ્ટેલ

૨૦૦૧ એમ. બી. એ. કુમાર હૉસ્ટેલ

૨૦૦૧ પી. જી. ડી. સી. એ. કુમાર હૉસ્ટેલ

૨૦૦૦-૨૦૦૧

- નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મૅનેજમૅન્ટ (બી. સી. એ.) કૉલેજ શરૂ
- મમતા સ્કૂલ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલૉજીના મકાનનું ઉદ્‌ઘાટન.
- વિદ્યાર્થી આશ્રમના નવીન મકાનનો ખાતવિધિ.
- નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મૅનેજમૅન્ટના નવીન મકાનનો ખાતવિધિ.
- મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહારના નવીન મકાનનું ઉદ્‌ઘાટન.
- ડૉ. માણેકલાલ છ. પટેલના ૧૦૦મા જન્મદિન નિમિત્તે સંસ્થા તરફથી અભિવાદન.

૨૦૦૧-૨૦૦૨

- એન. કે. પટેલ એમ. સી. એ. કૉલેજનો આરંભ.
- પી. જી. ડી. સી. એ.ના વિવિધ અભ્યાસક્રમો આરંભાયા.
- ઇંગ્લિશ મીડિયમ પ્રી. પ્રાઇમરી અને પ્રાઇમરીના વર્ગો શાંતાબહેન માણેકલાલ પ્રાથમિક શાળામાં શરૂ.
- મમતા સ્કૂલ ઑફ ઇન્ફર્મેશન ટેક્નૉલૉજીમાં ઇ. કૉમર્સ, આર. ડી. બી. એમ. એસ., પ્રોગ્રામિંગ ઍન્ડ નેટવર્ક એન્જિનિયરિંગ અને કમ્પ્યૂટરમાં બી. ઈ. અને ડિપ્લોમા એન્જિનિયરિંગના અભ્યાસક્રમ શરૂ કર્યા.
- ઉચ્ચ શિક્ષણ લેતી બહેનો માટે અલગ હૉસ્ટેલ શરૂ.
- કૅમ્પસની કમ્પાઉન્ડ વૉલ અને પ્રવેશદ્વારનું નિર્માણ.

૨૦૦૨-૨૦૦૩

- સાંકળચંદ ઔદ્યોગિક તાલીમ ભવનના મકાનમાં વધારાના ચાર ઓરડા બાંધવામાં આવ્યા.

૨૦૦૩-૨૦૦૪

- સર્વ વિદ્યાલય પી. ટી. સી. કૉલેજનો આરંભ થયો.
- પી. ટી. સી. કૉલેજ માટે હૉસ્ટેલ બાંધવામાં આવી.
- વિદ્યાર્થીઓના અભ્યાસની ખાસ સુવિધા માટે બે વિશાળ અભ્યાસખંડો બાંધવામાં આવ્યા.
- નરસિંહભાઈ કે. પટેલ કૉલેજ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં બી. બી. એ.નો ડિગ્રી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો.
- કૅમ્પસમાં બધા રોડ આર. સી. સી.ના બન્યા.

૨૦૦૪-૨૦૦૫

- બહેનો માટે બી. એડ્ અને પી. ટી. સી. કૉલેજો માટે હૉસ્ટેલ બાંધવામાં આવી.
- કૅમ્પસની અન્ય કૉલેજોમાં અભ્યાસ કરતી બહેનો માટે પણ હૉસ્ટેલ બાંધવામાં આવી.

૨૦૦૫-૨૦૦૬

- દાસ પુસ્તકાલય ઉપરના પ્રથમ માળે ચૅરમૅન ઑફિસ તથા તેની બાજુમાં મિટિંગ હૉલનું તથા બીજા માળે મધુબહેન પી. પટેલ પી. ટી. સી. કૉલેજ અને સૂરજબા કૉલેજ ઑફ ઍજ્યુકેશનની સંયુક્ત લાઇબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું.
- ઉપરોક્ત મકાનની બાજુમાં ૩૫૦ બહેનો રહી શકે એવું કે. પી. કે. યુ. એમ ગર્લ્સ હૉસ્ટેલનું મકાન તૈયાર કર્યું.
- જૂના પ્રિન્સિપાલ્સ ક્વાર્ટર્સના સ્થાને નવા પ્રિન્સિપાલ્સ ક્વાર્ટર્સ અને વહીવટી કર્મચારી ક્વાર્ટર્સ બાંધવામાં આવ્યાં.

૨૦૦૭-૨૦૦૮

- શ્રીમતી શકરીબહેન ડાહ્યાભાઈ પ્રહ્લાદદાસ પટેલ (રાજા ઇન્ડસ્ટ્રીઝ, કડી) હાયર ઍજ્યુકેશન ગર્લ્સ હૉસ્ટેલનું નિર્માણ થયું.
- અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની સંસ્થાની મુલાકાત (સુનીતાના પિતાશ્રી જે સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી હતા તે ડૉ. પ્રદીપ પંડ્યાની પણ ખાસ ઉપસ્થિતિ)

૨૦૦૮-૨૦૦૯ નીચેનાં બાંધકામ સંપન્ન થયાં:

- ❖ રેવાબહેન વિશ્રામભાઈ ભોજનાલય.
- ❖ શ્રીમતી ઊર્મિલાબહેન જી. દેસાઈ કન્યા છાત્રાલય.
- ❖ શ્રીમતી શકરીબહેન ડાહ્યાભાઈ પ્રહ્લાદદાસ પટેલ (રાજા ઇન્ડસ્ટ્રીઝ) હાયર એજ્યુકેશન ગર્લ્સ હૉસ્ટેલ.
- ❖ કાળુપુર બૅંક વિદ્યાર્થી આશ્રમના ઉત્તર બાજુના વિભાગની રૂમોનું અદ્યતન સ્વરૂપ આપવા માટે રિનોવેશન.

૨૦૦૯-૨૦૧૦

- ❖ શ્રીમતી કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરિ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના મકાન ઉપર ત્રીજા અને ચોથા એમ બે માળનું બાંધકામ કરવામાં આવ્યું.
- ❖ રાઈબહેન નારણદાસ ગોપાળદાસ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ હૉસ્ટેલ નિર્માણ પામી.
- ❖ પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ. જી. સી.) દ્વારા કૉલેજ વિથ પોટેન્શિયલ ફૉર ઍક્સેલન્સ' તરીકેનો રૂપિયા એક કરોડનો ઍવૉર્ડ પ્રાપ્ત થયો.

૨૦૧૦-૨૦૧૧

- ❖ સદર કૉલેજને મર્જ્ડ સ્કીમ યુ. જી. સી. દ્વારા રૂ. ૨૯,૨૬,૬૦૦-૦૦ની ગ્રાન્ટ લાઇબ્રેરી હૉલ, સાધન, પુસ્તકો અને સામયિકો માટે મળી.

૨૦૧૨

- ❖ મધુબહેન પોપટલાલ પટેલ કૉલેજ ઑફ કૉમર્સની સ્થાપના.

૨. ગાંધીનગર કૅમ્પસ

૧૯૭૯ શેઠ ચંદુલાલ માધવલાલ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ
૧૯૭૯ સર્વ વિદ્યાલય બાલમંદિર
૧૯૭૯ સર્વ વિદ્યાલય પ્રાથમિક વિદ્યાલય
૧૯૮૨ શેઠ શ્રી પુરુષોત્તમદાસ ભીખાભાઈ પટેલ હૉસ્ટેલ
૧૯૮૨ મહેન્દ્ર મિલ્સ હૉસ્ટેલ
૧૯૮૯ કાળુપુર કૉમર્શિયલ કો. ઓ. બૅંક આર. જી. કન્યા વિદ્યાલય
૧૯૮૯ કન્યા પ્રાથમિક વિદ્યાલય
૧૯૮૯ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ
૧૯૯૧ ત્રિભોવનદાસ લલ્લુભાઈ પટેલ કન્યા છાત્રાલય
૧૯૯૧ વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ બાલમંદિર
૧૯૯૨ શ્રી બાબુભાઈ એસ. પટેલ અને શ્રી રમણભાઈ ડી. પટેલ છાત્રાલય
૧૯૯૨ કાશીબા કેશવલાલ પટેલ ભોજનાલય
૧૯૯૨ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ

૧૯૯૨ શ્રીમતી મૃદુલાબહેન ભરતભાઈ પટેલ પ્રાથમિક કન્યા શાળા
૧૯૯૨ શ્રીમતી હીરાબહેન વિઠ્ઠલદાસ પટેલ કન્યા બાલમંદિર
૧૯૯૪ શિવાભાઈ વસંતભાઈ પટેલ (ફુદેડા) સીવણવર્ગ
૧૯૯૫ કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ
૧૯૯૭ કે. જી.થી ધો. ૭ સુધી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા
૧૯૯૭ રાઈબહેન ગોપાળદાસ પટેલ ગર્લ્સ એન્ડ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા (આર.જી. ગર્લ્સ હાઈસ્કૂલનું નવું નામાભિધાન)
૧૯૯૭ સવિતાબહેન ગોવિંદભાઈ પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ
૧૯૯૭ એસ. વી. ઇંગ્લિશ મીડિયમ માધ્યમિક શાળા
૧૯૯૭ જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા
૧૯૯૮ એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ
૧૯૯૮ મમતા કમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટર
૧૯૯૮ સાંકળચંદ પટેલ A.M.A. સેન્ટર ફૉર મૅનેજમેન્ટ ડેવલપમેન્ટ
૧૯૯૮ શ્રી એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ
૧૯૯૮ શ્રી સોમાભાઈ ચતુરદાસ પટેલ (ઊંટવા) ઉમા કુમાર છાત્રાલય
૧૯૯૮ શ્રી બળદેવભાઈ ગોપાળદાસ પટેલ (ડીંગુચા) ઉમા કન્યા છાત્રાલય
૧૯૯૮ શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ (મુંબઈ) સંસ્કાર ભવન
૧૯૯૮ લોદરિયા બ્રધર્સ પરિવાર (સરસાવ) ઉમા કન્યા છાત્રાલય
૧૯૯૯ બ્રહ્માણી કૃપા (ડીંગુચા) મેમોરિયલ હૉલ
૧૯૯૯ હાયર એજ્યુકેશન વિજ્ઞાનપ્રવાહ ઉમા કુમાર છાત્રાલય A અને B
૧૯૯૯ બી.બી.એ., એમ.બી.એ. હૉસ્ટેલ-C
૧૯૯૯ ફાર્મસી કૉલેજ હૉસ્ટેલ-D
૧૯૯૯ મંગુબહેન નારણદાસ ચોક્સી (રાજપુર) U.S.A. હૉસ્ટેલ ભોજનાલય
૧૯૯૯ મેનાબહેન મંગળદાસ પટેલ (સરસાવ) મધ્યસ્થ કાર્યાલય અને જોઈતારામ મંગળદાસ પટેલ એન.આર.આઈ. ગેસ્ટહાઉસ
૧૯૯૯ ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન (બી.બી.એ.)
૧૯૯૯ ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (બી.સી.એ.)
૧૯૯૯ મમતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી
૧૯૯૯ મમતા સેન્ટર ફૉર A.M.A.
૧૯૯૯ અશ્વિનભાઈ અમૃતલાલ પટેલ (પલિયડ) ઇંગ્લિશ મીડિયમ કૉમર્સ કૉલેજ
૧૯૯૯ નરોત્તમભાઈ બેચરદાસ પટેલ (પલિયડ) U.S.A. ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય
૧૯૯૯ રાઈબહેન નરસિંહભાઈ લલિતકલા અકેડેમી
૨૦૦૦ હીરાબહેન ડાહ્યાભાઈ ફાઉન્ડેશન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઇન ફાર્માસ્યુટિકલ બાયોટેક્નોલૉજી

૨૦૦૦ ઇંગ્લિશ મીડિયમ ઉમા કુમાર હૉસ્ટેલ

૨૦૦૦ હાયર એજ્યુકેશન વિજ્ઞાનપ્રવાહ કુમાર હૉસ્ટેલ

૨૦૦૦ રાઈબહેન ચંદુલાલ પટેલ (મોખાસણ) સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)

૨૦૦૦ શ્રી નરસિંહભાઈ કે. પટેલ વિજ્ઞાન પ્રયોગશાળા

૨૦૦૦ સર્વ વિદ્યાલય ઉમિયા કુમાર છાત્રાલય

૨૦૦૦ વર્ષાબહેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ) U. S. A. ઉચ્ચ શિક્ષણ ઉમિયા કન્યા છાત્રાલય

૨૦૦૦ અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડિંગુચા) કન્યા છાત્રાલય

૨૦૦૧-૨૦૦૨

- એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ ભવનના ત્રીજા માળનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.
- મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર શરૂ
- સીતાબહેન અં. ત્રિ. પટેલ પરિવાર ઉચ્ચ શિક્ષણ સંકુલમાં સ્વતંત્ર ભોજનાલય નિર્માણ થયું.
- લોદરિયા પરિવાર ઉમિયા કન્યા છાત્રાલયમાં ભૂગર્ભ જળટાંકી તૈયાર કરવામાં આવી.
- સંસ્થાના મુખપત્ર 'સર્વપ્રિય'ના ત્રણ અંક પ્રગટ થયા.

૨૦૦૨-૨૦૦૩

- પી. ટી. સી. અને બી. એડ્.ની તાલીમાર્થી બહેનો માટે છાત્રાલય થયું.
- પી. ટી. સી. અને બી. એડ્.ની તાલીમાર્થી બહેનો માટે ભોજનાલય તૈયાર થયું અને એના ઉપલા માળ રૂપે વાચનાલય અને સાંસ્કૃતિક હૉલનાં નિર્માણ થયાં.
- ઇંગ્લિશ મીડિયમ કૅમ્પસ બિલ્ડિંગના ત્રીજા માળે શરદબહેન શાંતિભાઈ પટેલ પી. ટી. સી. કૉલેજ તેમ જ એ જ નામે બી. એડ્. કૉલેજ માટે અદ્યતન ભવનનું નિર્માણ કરવામાં આવ્યું.
- પી. ટી. સી., બી. એડ્. અને કૉમર્સ કૉલેજ એમ ત્રણ અલગ કૉલેજો શરૂ થઈ.
- ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજના ઉપલા માળે સ્પૉર્ટ્સ હૉલ તૈયાર કરવામાં આવ્યો.
- કૅમ્પસના તમામ રસ્તાઓ સિમેન્ટ કૉન્ક્રીટના બનાવવામાં આવ્યા.

૨૦૦૩-૨૦૦૪

- શ્રીમતી શરદબહેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને શ્રીમતી શરદબહેન શાંતિભાઈ પટેલ પી. ટી. સી. કૉલેજના ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો.

૨૦૦૩-૨૦૦૪

- શ્રી ધનાભાઈ હ. પટેલ (વકીલ)ની સંસ્થાની દીર્ઘકાળની સેવાઓને બિરદાવવા એમનો સન્માનસમારંભ યોજીને સન્માનપત્ર તથા શાલ અર્પણ કરવામાં આવ્યાં.
- નીચેની સંસ્થાઓનાં નામાભિધાન તેમ જ મકાનોના ઉદ્‌ઘાટનનો સંયુક્ત સમારંભ યોજાયો.

  ૧. અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ (ગુજરાતી તેમ જ અંગ્રેજી માધ્યમ)

  ૨. રાજેન્દ્રકુમાર હરજીવનદાસ પટેલ (ઇંગ્લિશ મીડિયમ) કૉલેજ ઑફ એજ્યુકેશન

  ૩. રાઈબહેન નરસિંહભાઈ પટેલ મહિલા હૉસ્ટેલ.

૪. હીરાબા ભોજનાલય.

૫. પશીબહેન કાળિદાસ ઉમેદદાસ મધ્યસ્થ વારિગૃહ.

- અમેરિકામાં 'સર્વ વિદ્યાલય એબ્રોડ' નામે એક સંસ્થાગત ઑર્ગેનાઇઝેશન શરૂ કરવામાં આવ્યું. જેના કો-ઑર્ડિનેટર તરીકે ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી.

૨૦૦૪-૨૦૦૫

- સેક્ટર ૧૫માં લીલાબહેન દશરથભાઈ રામદાસ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી એન્ડ રિસર્ચના મકાનનો ખાતવિધિ સ્વામી શ્રી સચ્ચિદાનંદજી (દંતાલી)ના વરદ હસ્તે થયો.
- વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા સંસ્થા તરફથી બે બસની વ્યવસ્થા કરવામાં આવી.

૨૦૦૫-૨૦૦૬

- શાળાનાં બાળકોને લઈ જવા-લાવવા માટે ચાર બસની વ્યવસ્થા કરવામાં આવી.
- સેક્ટર ૧૫માં ટેક્નૉલૉજી કૅમ્પસમાં એન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરવામાં આવી.
- ઘ-૬ સર્કલ ઉપર 'જ્ઞાનશક્તિ' નામ હેઠળ પૃથ્વીનો ગોળો અને સરસ્વતીમાતાનાં આકર્ષક પ્રતીકો સાથે માર્ગસુશોભન સર્કલનું નિર્માણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખા દ્વારા થયું તે સર્કલશોભાનું ઉદ્‌ઘાટન માનનીય શ્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે થયું.

૨૦૦૬-૨૦૦૭

- સેક્ટર-૧૫માં ટેક્નૉલૉજી કૅમ્પસમાં વી.પી.એમ.પી. પૉલિટેક્નિકનો આરંભ થયો.
- સરકાર તરફથી જિલ્લાની ઉત્તમ ૧૦ શાળાઓની ખોજમાં સંસ્થાની શેઠ સી.એમ. હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી સ્કૂલ તથા આર.જી. માધ્યમિક ગર્લ્સ એન્ડ શ્રીમતી સવિતાબહેન બાબુભાઈ પટેલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ પસંદ થઈ.
- વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે બે બસોનો ઉમેરો થતાં કુલ સંખ્યા ૮ થઈ.
- ગુજરાત રાજ્ય સરકારે વિધાનસભામાં 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' એ નામે યુનિવર્સિટી સ્થાપનાની દરખાસ્તને સર્વસંમતિથી મંજૂર કરી. સંસ્થાને સ્વનિર્ભર યુનિવર્સિટીનો દરજ્જો મળ્યો.

૨૦૦૭-૨૦૦૮

- અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સની સંસ્થા મુલાકાત.
- નર્સિંગ કૉલેજ શરૂ કરવા સરકારે ૧૨મા સેક્ટરમાં આવેલી સિવિલ હૉસ્પિટલના કમ્પાઉન્ડમાં ૧૬,૦૦૦ ચોમી જમીન (૪ એકર) સંસ્થાને રૂપિયા એકના ટોકન ભાડાથી આપી.
- સરકારના વિકાસશીલ અભિગમના પ્રતિભાવરૂપે સંસ્થાએ સિવિલ હૉસ્પિટલમાં ચલાવવામાં આવતી દર્દીઓના કલ્યાણ માટેની 'રોગી કલ્યાણ સમિતિ'ને રૂપિયા એક કરોડ દાન પેટે આપ્યા.
- ચંચળબહેન મફતલાલ નર્સિંગ કૉલેજ તથા હૉસ્ટેલના ભવન નિર્માણ માટે તા. ૧૫-૧૦-૦૭ના રોજ ભૂમિપૂજન સમારોહ યોજાયો.
- અમેરિકાની ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટી સાથે આપણી સંસ્થાઓનું જોડાણ કરવામાં આવ્યું.

૨૦૦૮-૨૦૦૯

- ❖ સેક્ટર ૧૨માં સ્થપાયેલ 'ચંચળબહેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ ઍન્ડ હૉસ્ટેલ'માં અધ્યાપનનો પ્રારંભ ઑગસ્ટ ૨૦૦૮માં થયો અને તા. ૧૬-૧-૨૦૦૯ના રોજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન.
- ❖ ગુજરાત સરકારે શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલને ગાંધીનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે જાહેર કરી.
- ❖ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પીએચ. ડી.ના અભ્યાસક્રમનો પ્રારંભ.

૨૦૦૯-૨૦૧૦

- ❖ એન. આર. આઈ. ગેસ્ટ હાઉસના ગ્રાઉન્ડ ફ્લોર પર કાળુપુર કૉમર્શિયલ બૅંકની શાખાનું રાજ્યસભાના સભ્ય શ્રી સુરેન્દ્રભાઈ એમ. પટેલના હસ્તે ઉદ્‌ઘાટન થયું.
- ❖ કડી સર્વ વિશ્વવિદ્યાલયનો પ્રથમ યુવક મહોત્સવ સંસ્થાની અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે તા ૩૦ સપ્ટે. અને ૧ ઑક્ટો. ૨૦૦૯ દરમિયાન યોજાયો.

૨૦૧૦-૨૦૧૧

- ❖ ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ. જી. સી.) દ્વારા 'કૉલેજ વિથ પૉટેન્શિયલ ફૉર ઍક્સેલન્સ'નો ઍવૉર્ડ કૉલેજના વિકાસ માટે રૂપિયા એક કરોડ સાથે પ્રાપ્ત થયો.
- ❖ સંસ્થાની ફાર્મસી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ગૌરાંગભાઈ શાહે ડાયાબિટીસ ઉપર રિસર્ચ કરીને ઑલ ઇન્ડિયા ટૅક્નિકલ કાઉન્સિલમાં રજૂ કરેલા રિસર્ચ પ્રોજેક્ટને માન્ય રાખીને કાઉન્સિલે પ્રિન્સિપાલ ડૉ. શાહને રૂ. ૨૩,૦૦,૦૦૦ની ગ્રાન્ટ આપી
- ❖ શ્રીમતી ચંચળબહેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજને સંવેદના ફાઉન્ડેશન તરફથી બાળમરણ નિર્મૂળ કરવા માટે Sim-B Simulator નામનું મેડિકલ ટ્રેનિંગ માટેનું સાધન આપણી સંસ્થાને દાનમાં મળ્યું. જે ભારતમાં માત્ર આપણી સંસ્થા પાસે છે. પ્રતિવર્ષ ગુજરાત સરકાર દ્વારા મેડિકલ ઑફિસરો, ડૉક્ટરો, નર્સો, વગેરેને આપણી નર્સિંગ કૉલેજમાં આ સાધન દ્વારા 'Mothers Children Care' તાલીમ અપાય છે.
- ❖ કડી સર્વ વિશ્વવિદ્યાલયના દ્વિમાસિક વૃત્તપત્ર 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત'નો જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૧થી પ્રારંભ.

૨૦૧૨ ગુજરાત સરકાર દ્વારા તા. ૧૬-૨-૨૦૧૨ના રોજ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઍક્ટમાં સુધારો મંજૂર કરી આપતાં કડી કૅમ્પસની સ્વનિર્ભર યોજના હેઠળ સંચાલિત કૉલેજો અને ગાંધીનગરની એલ. ડી. આર. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ કડી સર્વ વિશ્વવિદ્યાલયની કૉન્સ્ટિટ્યુઅન્ટ કૉલેજો બની.

૨૦૧૩ શ્રી માણેકલાલ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસની સ્થાપના.

૩. પિલવાઈ

૧૯૩૯ શેઠ ગિરધરલાલ ચૂનીલાલ હાઈસ્કૂલ (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વ્યવસ્થાપક મંડળના તા. ૨૩-૮-૧૯૬૪ના ઠરાવ અને તે પછીની સાધારણ સભાની બહાલીના આધારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વહીવટમાંથી મુક્ત)

૧૯૪૪ શેઠ મંગળદાસ રણછોડદાસ છાત્રાલય (સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વ્યવસ્થાપક મંડળના તા. ૨૩-૮-૧૯૬૪ના ઠરાવ અને તે પછીની સાધારણ સભાની બહાલીના આધારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વહીવટમાંથી મુક્ત)

૪. વીસનગર

૧૯૪૧ ના.મ. નૂતન સર્વ વિદ્યાલય
(સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની સાધારણ સભાના તા. ૮-૧-૧૯૫૦ના ઠરાવથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના વહીવટમાંથી મુક્ત)

૧૯૪૨ વિદ્યાર્થી નિવાસ (છાત્રાલય)
(કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીની તા. ૧૮-૫-૧૯૮૦ની સાધારણ સભાના ઠરાવથી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડીના વહીવટમાંથી મુક્ત)

૫. વડનગર

૧૯૪૨ નવીન સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ

૧૯૫૦ નવીન સર્વ વિદ્યાલય છાત્રાલય

૬. બલોલ

૧૯૫૨ આઈ.એમ.જે. સર્વ વિદ્યાલય (આરંભનું નામ-મિત્ર મંડળ સર્વ વિદ્યાલય) (હાલ વહીવટ મુક્ત)

૧૯૫૬ આઈ.એમ.જે. સર્વ વિદ્યાલય છાત્રાલય

૧૯૯૦ આઈ.એમ.જે. બાલમંદિર

૭. શેરથા

૧૯૫૩ પ્રગતિ વિદ્યાલય
(ઈ.સ. ૧૯૫૭-૫૮ ના શૈક્ષણિક વર્ષથી પ્રગતિ વિદ્યાલય, શેરથાનો વહીવટ શેરથા કેળવણી મંડળ, શેરથાને સુપરત કરવામાં આવ્યો.)

પરિશિષ્ટ–૪

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી,
૧. પ્રમુખ-ઉપપ્રમુખ તથા ચેરમેનની વર્ષવાર યાદી

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૧૯-	નોંધ: ઈ.સ. ૧૯૨૪ના એપ્રિલમાં બંધારણ મંજૂર થયા પછી પ્રમુખ,	
૧૯૨૦-૨૧	ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી વગેરે હોદ્દાઓ ઉપર સભ્યોને ચૂંટવાનો આરંભ થયો.	
૧૯૨૧-૨૨	૧૯૧૯થી ૧૯૨૪-૧૯૨૫ સુધીનો વહીવટ શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	
૧૯૨૨-૨૩	અને શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલે સંભાળ્યો.	
૧૯૨૩-૨૪		
૧૯૨૪-૨૫		
૧૯૨૫-૨૬	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૨૬-૨૭	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૨૭-૨૮	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૨૮-૨૯	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૨૯-૩૦	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૦-૩૧	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૧-૩૨	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૨-૩૩	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૩-૩૪	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૪-૩૫	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૫-૩૬	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૬-૩૭	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૭-૩૮	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૮-૩૯	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૯-૪૦	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૪૦-૪૧	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૪૧-૪૨	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૪૨-૪૩	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	
૧૯૪૩-૪૪	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૪-૪૫	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	
૧૯૪૫-૪૬	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	
૧૯૪૬-૪૭	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૪૭-૪૮	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૮-૪૯	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૯-૫૦	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૦-૫૧	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૧-૫૨	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૨-૫૩	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૩-૫૪	શેઠ શ્રી દુર્ગાપ્રસાદ શંભુપ્રસાદ લશ્કરી	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૪-૫૫	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૫-૫૬	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૬-૫૭	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૫૭-૫૮	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૮-૫૯	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૯-૬૦	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૦-૬૧	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	
૧૯૬૧-૬૨	શ્રી મણિલાલ હરજીવનદાસ પટેલ	
૧૯૬૨-૬૩	શેઠ શ્રી અંબાલાલ ત્રિ. તકતાવાલા	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૩-૬૪	શેઠ શ્રી અંબાલાલ ત્રિ. તકતાવાલા	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૬૪-૬૫	શેઠ શ્રી અંબાલાલ ત્રિ. તકતાવાલા	શ્રી રામચંદ્ર જ. અમીન, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૬૫-૬૬	શેઠ શ્રી અંબાલાલ ત્રિ. તકતાવાલા	શ્રી રામચંદ્ર જ. અમીન, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૬૬-૬૭	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી અંબાલાલ ત્રિ. તકતાવાલા
૧૯૬૭-૬૮	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૬૮-૬૯	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૬૯-૭૦	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૭૦-૭૧	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૭૧-૭૨	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ, શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૭૨-૭૩	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
૧૯૭૩-૭૪	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૭૪-૭૫	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી છોટાલાલ મ. પટેલ, શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૭૫-૭૬	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૭૬-૭૭	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૭૭-૭૮	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૭૮-૭૯	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૭૯-૮૦	શ્રી પુરુષોત્તમભાઈ ૨. પટેલ	શ્રી છોટાલાલ મ. પટેલ
૧૯૮૦-૮૧	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૧-૮૨	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૨-૮૩	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૩-૮૪	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૪-૮૫	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૫-૮૬	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૬-૮૭	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૭-૮૮	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૮-૮૯	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૮૯-૯૦	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૦-૯૧	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૧-૯૨	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૨-૯૩	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૩-૯૪	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૫૪-૯૫	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૫-૯૬	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૬-૯૭	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૯૭-૯૮	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ
૧૯૯૮-૯૯	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ
૨૦૦૦-૨૦૦૧	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ
૨૦૦૧-૨૦૦૨	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ
૨૦૦૨-૨૦૦૩	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ
૨૦૦૩-૨૦૦૪	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૨૦૦૪-૨૦૦૫	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ
૨૦૦૫-૨૦૦૬	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી ભોળાભાઈ ચ. પટેલ શ્રી ગોપાળદાસ શિવલાલ પટેલ
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૦૬-૨૦૦૭	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી રમણભાઈ કે. પટેલ
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૦૭-૨૦૦૮	શ્રી કેશવલાલ વિ. પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી રમણભાઈ કે. પટેલ
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૦૮-૨૦૦૯	શ્રી કેશવલાલ વિ. પટેલ	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ શ્રી રમણભાઈ કે. પટેલ
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૦૯-૨૦૧૦	શ્રી કેશવલાલ વિ. પટેલ	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૧૦-૨૦૧૧	શ્રી કેશવલાલ વિ. પટેલ	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ	
૨૦૧૧-૨૦૧૨	શ્રી કેશવલાલ વિ. પટેલ (તા. ૧૧-૪-૨૦૧૧ સુધી)	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ શ્રી મોહનલાલ બી. પટેલ
	ચેરમેન: શ્રી માણેકલાલ એમ. પટેલ (તા. ૧૨-૧-૨૦૧૨ સુધી)	
	ચેરમેન: શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૨-૨૦૧૩	શ્રી મોહનલાલ બી. પટેલ	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી, શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ
	ચેરમેન: શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૩-૨૦૧૪	શ્રી મોહનલાલ બી. પટેલ	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી, શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ
	ચેરમેન: શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૪-૨૦૧૫	શ્રી મોહનલાલ બી. પટેલ	શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી, શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ
	ચેરમેન: શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	

કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી:
૨. મંત્રી-સહમંત્રીની વર્ષવાર યાદી

વર્ષ	મંત્રી	સહમંત્રી
૧૯૧૯-૨૦	શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ
૧૯૨૦-૨૧	શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	
૧૯૨૧-૨૨	શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	
૧૯૨૨-૨૩	શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	
૧૯૨૩-૨૪	શ્રી નગીનભાઈ વ્રજલાલ પટેલ	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ
૧૯૨૪-૨૫		
૧૯૨૫-૨૬		
૧૯૨૬-૨૭		
૧૯૨૭-૨૮		
૧૯૨૮-૨૯		
૧૯૨૯-૩૦		
૧૯૩૦-૩૧		
૧૯૩૧-૩૨	શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ	
૧૯૩૨-૩૩	શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ શ્રી કાનજીભાઈ શિવાભાઈ	શ્રી બાપુભાઈ વિ. ગામી
૧૯૩૩-૩૪		
૧૯૩૪-૩૫	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૩૫-૩૬	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૩૬-૩૭	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૩૭-૩૮	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી પોપટલાલ ગુ. પટેલ શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ	
૧૯૩૮-૩૯	શ્રી રામચંદ્ર જ. અમીન શ્રી પોપટલાલ ગુ. પટેલ શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ	

વર્ષ	મંત્રી	સહમંત્રી
૧૯૩૯-૪૦	શ્રી છગનલાલ પીતાંબરદાસ પટેલ	
	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૪૦-૪૧	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
૧૯૪૧-૪૨	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
૧૯૪૨-૪૩	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૪૩-૪૪	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
	શ્રી અંબાલાલ એમ. પટેલ	
૧૯૪૪-૪૫	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
૧૯૪૬-૪૭	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૪૭-૪૮	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલજીભાઈ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	
૧૯૪૮-૪૯	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	
૧૯૪૯-૫૦	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	
૧૯૫૦-૫૧	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	
૧૯૫૧-૫૨	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	
૧૯૫૨-૫૩	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	(મદદનીશ મંત્રી)
૧૯૫૩-૫૪	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	(મદદનીશ મંત્રી)
૧૯૫૪-૫૫	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	(મદદનીશ મંત્રી)
૧૯૫૫-૫૬	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ	(મદદનીશ મંત્રી)

વર્ષ	મંત્રી
૧૯૫૬-૫૭	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ
	શ્રી રામદાસ છગનલાલ પટેલ
૧૯૫૭-૫૮	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પેટલ
૧૯૫૮-૫૯	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૫૯-૬૦	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૬૦-૬૧	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૬૧-૬૨	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	શ્રી ખોડાભાઈ શિવરામ પટેલ
૧૯૬૨-૬૩	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૬૩-૬૪	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી પીતાંબરભાઈ ન. પટેલ
૧૯૬૪-૬૫	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી પીતાંબરભાઈ ન. પટેલ
૧૯૬૫-૬૬	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી પીતાંબરભાઈ ન. પટેલ
૧૯૬૬-૬૭	શ્રી છોટાલાલ મ. પટેલ
	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
૧૯૬૭-૬૮	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૬૮-૬૯	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૬૯-૭૦	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૭૦-૭૧	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૭૧-૭૨	શ્રી મગનલાલ અં. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી રતિલાલ મ. પટેલ

વર્ષ	મંત્રી
૧૯૭૨-૭૩	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી મગનલાલ એ. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૭૩-૭૪	શ્રી મગનલાલ એ. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
૧૯૭૪-૭૫	શ્રી મગનલાલ એ. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
૧૯૭૫-૭૬	શ્રી મગનલાલ એ. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
૧૯૭૬-૭૭	શ્રી મગનલાલ એ. પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
૧૯૭૭-૭૮	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી વિઠ્ઠલભાઈ બે. પટેલ
૧૯૭૮-૭૯	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી વિઠ્ઠલભાઈ બે. પટેલ
૧૯૭૯-૮૦	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી વિઠ્ઠલભાઈ બે. પટેલ
૧૯૮૦-૮૧	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૧-૮૨	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૨-૮૩	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ

વર્ષ	મંત્રી
૧૯૮૩-૮૪	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૪-૮૫	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૫-૮૬	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૬-૮૭	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
૧૯૮૭-૮૮	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
૧૯૮૮-૮૯	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
૧૯૮૯-૯૦	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી છગનલાલ કા. પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
૧૯૯૦-૯૧	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૧-૯૨	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૨-૯૩	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ

વર્ષ	મંત્રી
૧૯૯૩-૯૪	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૪-૯૫	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૫-૯૬	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૬-૯૭	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૭-૯૮	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૮-૯૯	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી કાળિદાસ ઝીણાભાઈ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
૨૦૦૦-૨૦૦૧	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ

વર્ષ	મંત્રી
૨૦૦૧-૨૦૦૨	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૨૦૦૨-૨૦૦૩	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૨૦૦૩-૨૦૦૪	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
૨૦૦૪-૨૦૦૫	શ્રી માણેકલાલ માધવલાલ પટેલ
	શ્રી મણિભાઈ શિ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
૨૦૦૫-૨૦૦૬	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
૨૦૦૬-૨૦૦૭	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
૨૦૦૭-૨૦૦૮	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
૨૦૦૮-૨૦૦૯	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
૨૦૦૯-૨૦૧૦	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
૨૦૧૦-૨૦૧૧	શ્રી ખોડાભાઈ એચ. પટેલ
	શ્રી મનુભાઈ એ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
૨૦૧૧-૨૦૧૨	શ્રી ખોડભાઈ એચ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
	ડૉ. રમણભાઈ જી. પટેલ
૨૦૧૨-૨૦૧૩	શ્રી ખોડભાઈ એચ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
	ડૉ. રમણભાઈ જી. પટેલ
૨૦૧૩-૨૦૧૪	શ્રી ખોડભાઈ એચ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
	ડૉ. રમણભાઈ જી. પટેલ
૨૦૧૩-૨૦૧૪	શ્રી ખોડભાઈ એચ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
	ડૉ. રમણભાઈ જી. પટેલ
૨૦૧૪-૨૦૧૫	શ્રી ખોડભાઈ એચ. પટેલ
	ડૉ. જયંતીભાઈ એમ. પટેલ
	શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ
	ડૉ. રમણભાઈ જી. પટેલ

પરિશિષ્ટ–૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
૧. પ્રમુખ-ઉપપ્રમુખની યાદી
(ઈ.સ. ૧૯૩૫થી મંડળ અસ્તિત્વમાં આવ્યું)

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૩૫-૩૬	નોંધ : આ વર્ષમાં ફક્ત મંત્રીઓ દ્વારા સંસ્થાનો વહીવટ ચલાવવામાં આવ્યો. મંત્રીઓ તરીક–શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ અને શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ હતા.	
૧૯૩૬-૩૭	પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ	
૧૯૩૭-૩૮	પ્રો. જેઠાલાલ ચી. સ્વામીનારાયણ	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૩૮-૩૯	પ્રો. જેઠાલાલ ચી. સ્વામીનારાયણ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૩૯-૪૦	પ્રો. જેઠાલાલ ચી. સ્વામીનારાયણ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૦-૪૧	પ્રો. જેઠાલાલ ચી. સ્વામીનારાયણ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૧-૪૨	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૪૨-૪૩	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૪૩-૪૪	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૪૪-૪૫	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૪૫-૪૬	શ્રી રામચંદ્ર જ. અમીન	શ્રી તુલસીદાસ ગો. પટેલ
૧૯૪૬-૪૭	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૭-૪૮	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૮-૪૯	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૪૯-૫૦	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૦-૫૧	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૧-૫૨	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૨-૫૩	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૩-૫૪	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૪-૫૫	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૫-૫૬	શેઠ શ્રી નવીનચંદ્ર મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૬-૫૭	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૭-૫૮	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૫૮-૫૯	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૫૯-૬૦	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૦-૬૧	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૧-૬૨	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૨-૬૩	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૩-૬૪	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૪-૬૫	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૫-૬૬	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૬-૬૭	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૭-૬૮	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૮-૬૯	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૬૯-૭૦	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૭૦-૭૧	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૭૧-૭૨	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૭૨-૭૩	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
૧૯૭૩-૭૪	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
		શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૪-૭૫	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
		શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૫-૭૬	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી રામચંદ્ર જ. અમીન
		શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૬-૭૭	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૭-૭૮	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૮-૭૯	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૭૯-૮૦	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૮૦-૮૧	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૮૧-૮૨	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૮૨-૮૩	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૮૩-૮૪	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ
૧૯૮૪-૮૫	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૮૫-૮૬	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૮૬-૮૭	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૮૭-૮૮	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૮૮-૮૯	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૮૯-૯૦	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૯૦-૯૧	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૯૧-૯૨	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ શ્રી હરગોવિંદદાસ ધનાભાઈ પટેલ
૧૯૯૨-૯૩	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ
૧૯૯૩-૯૪	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ
૧૯૯૪-૯૫	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ
૧૯૯૫-૯૬	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ
૧૯૯૬-૯૭	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ
૧૯૯૭-૯૮	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી કેશવલાલ વિ. પટેલ શ્રી ભોળાભાઈ સી. પટેલ
૧૯૯૮-૯૯	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી કેશવલાલ વિ. પટેલ શ્રી ભોળાભાઈ સી. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી કેશવલાલ વિ. પટેલ શ્રી ભોળાભાઈ સી. પટેલ
૨૦૦૦-૨૦૦૧	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી કેશવલાલ વિ. પટેલ શ્રી ભોળાભાઈ સી. પટેલ
૨૦૦૧-૨૦૦૨	શેઠ શ્રી અરવિંદપ્રસાદ મફતલાલ	શ્રી કેશવલાલ વિ. પટેલ શ્રી ભોળાભાઈ સી. પટેલ
૨૦૦૨-૨૦૦૩	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૩-૨૦૦૪	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૪-૨૦૦૫	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૫-૨૦૦૬	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૬-૨૦૦૭	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૭-૨૦૦૮	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૮-૨૦૦૯	શ્રી ભોળાભાઈ સી. પટેલ	કેશવલાલ વિ. પટેલ
૨૦૦૯-૨૦૧૦	પદ્મશ્રી ભોળાભાઈ એસ. પટેલ	કેશવલાલ વિ. પટેલ ડૉ. રામભાઈ એમ. પટેલ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૨૦૧૦-૨૦૧૧	પદ્મશ્રી ભોળાભાઈ એસ. પટેલ	કેશવલાલ વિ. પટેલ (તા. ૧૧-૪-૨૦૧૧ સુધી) ડૉ. રામભાઈ એમ. પટેલ
૨૦૧૧-૨૦૧૨	પદ્મશ્રી ભોળાભાઈ એસ. પટેલ	ડૉ. રામભાઈ એમ. પટેલ
૨૦૧૨-૨૦૧૩	પદ્મશ્રી ભોળાભાઈ એસ. પટેલ (તા. ૨૦-૫-૨૦૧૨ સુધી) ડૉ. રામભાઈ એમ. પટેલ	શ્રી મણિભાઈ ઈશ્વરદાસ પટેલ
૨૦૧૩-૨૦૧૪	શ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ	શ્રી મણિભાઈ ઈશ્વરદાસ પટેલ ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૧૪-૨૦૧૫	શ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ	શ્રી મણિભાઈ ઈશ્વરદાસ પટેલ ડૉ. કનુભાઈ ડી. પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
૨. ચેરમેન તથા હાયર એજ્યુ. ચેરમેનની યાદી

વર્ષ ઈ.સ.	ચેરમેન	હાયર એજ્યુ. ચેરમેન
૨૦૦૦-૨૦૦૧	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૧-૨૦૦૨	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૨-૨૦૦૩	શ્રી માણેકલાલ મા. પટેલ	નરસિંહભાઈ કે. પટેલ
૨૦૦૩-૨૦૦૪	શ્રી માણેકલાલ મા. પટેલ	નરસિંહભાઈ કે. પટેલ
૨૦૦૪-૨૦૦૫	શ્રી માણેકલાલ મા. પટેલ	નરસિંહભાઈ કે. પટેલ
૨૦૦૫-૨૦૦૬	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૬-૨૦૦૭	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૭-૨૦૦૮	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૮-૨૦૦૯	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૦૯-૨૦૧૦	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૧૦-૨૦૧૧	શ્રી માણેકલાલ મા. પટેલ	
૨૦૧૧-૨૦૧૨	શ્રી માણેકલાલ મા. પટેલ (તા. ૧૨-૧-૨૦૧૨ સુધી) શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૨-૨૦૧૩	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૩-૨૦૧૪	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	
૨૦૧૪-૨૦૧૫	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
૩. મંત્રીઓ / મદદનીશ મંત્રીઓની યાદી

વર્ષ ઈ.સ.	મંત્રી	મદદનીશ મંત્રી
૧૯૩૫-૩૬	શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૩૬-૩૭	શ્રી અંબાલાલ શિવલાલ પટેલ	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૩૭-૩૮	શ્રી રામચંદ્ર જમનદાસ અમીન	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૩૮-૩૯	શ્રી રામચંદ્ર જમનદાસ અમીન	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૩૯-૪૦	શ્રી રામચંદ્ર જમનદાસ અમીન	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૪૦-૪૧	શ્રી બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી	
૧૯૪૧-૪૨	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
૧૯૪૨-૪૩	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
૧૯૪૩-૪૪	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
	શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ	
૧૯૪૪-૪૫	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
૧૯૪૫-૪૬	શ્રી છગનલાલ રામદાસ પટેલ	
	શ્રી છોટાલાલ મગનલાલ પટેલ	
૧૯૪૬-૪૭	ડૉ. માણેકલાલ છગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી નાથાલાલ નારણદાસ દેસાઈ	
૧૯૪૭-૪૮	ડૉ. માણેકલાલ છગનલાલ પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
	શ્રી છગનભાઈ કાળિદાસ પટેલ	
૧૯૪૮-૪૯	શ્રી છોટાલાલ મ. પટેલ	
૧૯૪૯-૫૦	શ્રી છોટાલાલ મ. પટેલ	
૧૯૫૦-૫૧	શ્રી છોટાલાલ મ. પટેલ	
૧૯૫૧-૫૨	શ્રી છોટાલાલ મ. પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૫૨-૫૩	શ્રી છોટાલાલ મ. પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૫૩-૫૪	શ્રી છોટાલાલ મ. પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૫૪-૫૫	શ્રી છોટાલાલ મ. પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૫૫-૫૬	શ્રી છોટાલાલ મ. પટેલ	શ્રી ભાઈલાલ જીભાઈ પટેલ
૧૯૫૬-૫૭	શ્રી છોટાલાલ મ. પટેલ	
	શ્રી પોપટલાલ ગુ. પટેલ	
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	

વર્ષ ઈ. સ.	મંત્રી
૧૯૫૭-૫૮	શ્રી છોટાલાલ મ. પટેલ
	શ્રી પોપટલાલ ગુ. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૫૮-૫૯	શ્રી છોટાલાલ મ. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૫૯-૬૦	શ્રી છોટાલાલ મ. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૬૦-૬૧	શ્રી છોટાલાલ મ. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૬૧-૬૨	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૬૨-૬૩	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૬૩-૬૪	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
૧૯૬૪-૬૫	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
૧૯૬૫-૬૬	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ
૧૯૬૬-૬૭	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ
૧૯૬૭-૬૮	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ
૧૯૬૮-૬૯	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ

વર્ષ ઈ. સ.	મંત્રી
૧૯૬૯-૭૦	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ
૧૯૭૦-૭૧	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
	શ્રી કાળિદાસ ઝી. પટેલ
૧૯૭૧-૭૨	શ્રી છગનલાલ રા. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી ખોડાભાઈ શિ. પટેલ
૧૯૭૨-૭૩	શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ
	શ્રી છગનલાલ રા. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
૧૯૭૩-૭૪	શ્રી છગનલાલ રા. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
૧૯૭૪-૭૫	શ્રી છગનલાલ રા. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
૧૯૭૫-૭૬	શ્રી છગનલાલ રા. પટેલ
	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
૧૯૭૬-૭૭	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૭૭-૭૮	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૭૮-૭૯	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ

વર્ષ ઈ. સ.	મંત્રી
૧૯૭૯-૮૦	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૦-૮૧	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૧-૮૨	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૨-૮૩	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૩-૮૪	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૪-૮૫	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૫-૮૬	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૬-૮૭	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૭-૮૮	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૮૮-૮૯	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૦-૯૧	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૧-૯૨	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૨-૯૩	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૩-૯૪	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૪-૯૫	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૫-૯૬	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૬-૯૭	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ
	શ્રી માણેકલાલ મા. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
૧૯૯૭-૯૮	શ્રી માણેકલાલ એમ. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ધ. પટેલ
૧૯૯૮-૯૯	શ્રી માણેકલાલ એમ. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ધ. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શ્રી માણેકલાલ એમ. પટેલ
	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ધ. પટેલ
૨૦૦૦-૨૦૦૧	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ધ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

વર્ષ ઈ. સ.	મંત્રી
૨૦૦૧-૨૦૦૨	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૨-૨૦૦૩	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૩-૨૦૦૪	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૪-૨૦૦૫	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૫-૨૦૦૬	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૬-૨૦૦૭	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૭-૨૦૦૮	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ

વર્ષ ઈ. સ.	મંત્રી
૨૦૦૮-૨૦૦૯	ડૉ. રામભાઈ એમ. પટેલ
	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૦૯-૨૦૧૦	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
૨૦૧૦-૨૦૧૧	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
૨૦૧૧-૨૦૧૨	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
૨૦૧૨-૨૦૧૩	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી મહેશભાઈ પી. પટેલ
૨૦૧૩-૨૦૧૪	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી મહેશભાઈ પી. પટેલ
૨૦૧૪-૨૦૧૫	ડૉ. મણિભાઈ એસ. પટેલ
	શ્રી મનુભાઈ જે. પટેલ
	શ્રી મહેશભાઈ પી. પટેલ

૬. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા
૧. પ્રમુખ-ઉપપ્રમુખની યાદી

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૭૯-૮૦	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ (ભારત વિજય મિલ) શેઠ શ્રી મહેન્દ્રભાઈ (મહેન્દ્ર મિલ)
૧૯૮૦-૮૧	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૧-૮૨	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૨-૮૩	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૩-૮૪	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૪-૮૫	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૫-૮૬	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૬-૮૭	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૭-૮૮	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૮-૮૯	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૧૯૮૮-૯૦	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૦-૯૧	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૧-૯૨	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૧૯૯૨-૯૩	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૩-૯૪	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૪-૯૫	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૫-૯૬	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૬-૯૭	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૭-૯૮	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૮-૯૯	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૨૦૦૦-૨૦૦૧	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ શ્રી ગોપાળભાઈ શિ. પટેલ
૨૦૦૧-૨૦૦૨	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૨-૨૦૦૩	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૩-૨૦૦૪	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ

વર્ષ ઈ.સ.	પ્રમુખ	ઉપપ્રમુખ
૨૦૦૪-૨૦૦૫	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૫-૨૦૦૬	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૬-૨૦૦૭	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૭-૨૦૦૮	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૮-૨૦૦૯	શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ	શેઠ શ્રી દિનેશભાઈ શેઠ શ્રી મહેન્દ્રભાઈ
૨૦૦૯-૨૦૧૦	શ્રી રમણભાઈ કે. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૧૦-૨૦૧૧	શ્રી રમણભાઈ કે. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૦૯-૨૦૧૦	શ્રી રમણભાઈ કે. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૧૦-૨૦૧૧	શ્રી રમણભાઈ કે. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૧૧-૨૦૧૨	શ્રી રમણભાઈ કે. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) ડૉ. કનુભાઈ ડી. પટેલ
૨૦૧૨-૨૦૧૩	શ્રી રમણભાઈ કે. પટેલ (તા. ૩-૫-૨૦૧૩ સુધી) ડૉ. કનુભાઈ ડી. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ)
૨૦૧૩-૨૦૧૪	ડૉ. કનુભાઈ ડી. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ)
૨૦૧૪-૨૦૧૫	ડૉ. કનુભાઈ ડી. પટેલ	શેઠ શ્રી દિનેશભાઈ શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાખા
૨. ચેરમેન, વાઈસ ચેરમેન તથા હાયર એજ્યુકેશન ચેરમેનની યાદી

વર્ષ ઈ.સ.	ચેરમેન	વાઈસ ચેરમેન
૧૯૭૯-૮૦	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	
૧૯૮૦-૮૧	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	
૧૯૮૧-૮૨	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	
૧૯૮૨-૮૩	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	
૧૯૮૩-૮૪	શ્રી પુરુષોત્તમદાસ ૨. પટેલ	
૧૯૮૪-૮૫	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૮૫-૮૬	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૮૬-૮૭	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૮૭-૮૮	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૮૮-૮૯	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૮૯-૯૦	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૦-૯૧	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૧-૯૨	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૨-૯૩	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૩-૯૪	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૪-૯૫	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૫-૯૬	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૬-૯૭	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૭-૯૮	વકીલ શ્રી ધનાભાઈ હ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૮-૯૯	શ્રી માણેકલાલ મા. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૧૯૯૯-૨૦૦૦	શ્રી માણેકલાલ મા. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૦-૨૦૦૧	શ્રી માણેકલાલ મા. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૧-૨૦૦૨	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૨-૨૦૦૩	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૩-૨૦૦૪	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ

વર્ષ ઈ.સ.	ચેરમેન	વાઇસ ચેરમેન
૨૦૦૪-૨૦૦૫	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૫-૨૦૦૬	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૬-૨૦૦૭	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૭-૨૦૦૮	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૮-૨૦૦૯	શ્રી માણેકલાલ એમ. પટેલ **હાયર એજ્યુ. ચેરમેન** શ્રી નરસિંહભાઈ કે. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૦૯-૨૦૧૦	શ્રી માણેકલાલ એમ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૧૦-૨૦૧૧	શ્રી માણેકલાલ એમ. પટેલ	શ્રી તનસુખભાઈ પુ. પટેલ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ
૨૦૧૧-૨૦૧૨	શ્રી માણેકલાલ એમ. પટેલ (તા. ૧૨-૧-૨૦૧૨ સુધી) શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૧૨-૨૦૧૩	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	ડૉ. કનુભાઈ ડી. પટેલ શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૧૩-૨૦૧૪	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	ડૉ. કનુભાઈ ડી. પટેલ શ્રી તનસુખભાઈ પુ. પટેલ
૨૦૧૪-૨૦૧૫	શ્રી વલ્લભભાઈ એમ. પટેલ	ડૉ. કનુભાઈ ડી. પટેલ શ્રી તનસુખભાઈ પુ. પટેલ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર શાખા
૩. મંત્રીઓની યાદી

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૧૯૭૯-૮૦	ડૉ. સોમાભાઈ દેસાઈ
	શ્રી મોહનલાલ મા. પટેલ
	શ્રી જેઠાભાઈ ફૂલાભાઈ પટેલ
	શ્રી વિનોદભાઈ રે. પટેલ
	શ્રી બાબુભાઈ ર. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
૧૯૮૦-૮૧	શ્રીમતી ચંદ્રિકાબહેન સી. જાટ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી જેઠાભાઈ ફૂ. પટેલ
૧૯૮૧-૮૨	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી ઈશ્વરભાઈ જી. પટેલ
	શ્રીમતી ચંદ્રિકાબહેન જાટ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
૧૯૮૨-૮૩	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
૧૯૮૩-૮૪	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
૧૯૮૪-૮૫	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
૧૯૮૫-૮૬	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
૧૯૮૬-૮૭	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
૧૯૮૭-૮૮	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૧૯૮૮-૮૯	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
૧૯૮૯-૯૦	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
૧૯૯૦-૯૧	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
૧૯૯૧-૯૨	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૨-૯૩	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૩-૯૪	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા.પટેલ
૧૯૯૪-૯૫	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા.પટેલ

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૧૯૯૫-૯૬	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૬-૯૭	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૭-૯૮	શ્રી માણેકલાલ મા. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૮-૯૯	ડૉ. કનુભાઈ ધ. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૧૯૯૯-૨૦૦૦	ડૉ. કનુભાઈ ધ. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૨૦૦૦-૨૦૦૧	ડૉ. કનુભાઈ ધ. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૨૦૦૧-૨૦૦૨	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૨૦૦૨-૨૦૦૩	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૨૦૦૩-૨૦૦૪	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
૨૦૦૪-૨૦૦૫	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	ડૉ. મંગુભાઈ આર. પટેલ
	લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
૨૦૦૫-૨૦૦૬	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	ડૉ. મંગુભાઈ આર. પટેલ
	લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
૨૦૦૬-૨૦૦૭	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	ડૉ. મંગુભાઈ રા. પટેલ
	લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૨૦૦૭-૨૦૦૮	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	ડૉ. મંગુભાઈ આર. પટેલ
	લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
૨૦૦૮-૨૦૦૯	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	લેફ.કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી ખોડાભાઈ હરજીવનદાસ પટેલ
૨૦૦૯-૨૦૧૦	શ્રી મોહનલાલ બી. પટેલ
	શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી હસમુખભાઈ ગોપાળભાઈ પટેલ
	શ્રી મનુભાઈ બી. પટેલ
૨૦૧૦-૨૦૧૧	ડૉ. કનુભાઈ ડી. પટેલ
	શ્રી મોહનભાઈ બી. પટેલ
	શ્રી અંબાલાલ એસ. પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	લેફ.કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી ખોડાભાઈ હરજીવનદાસ પટેલ

વર્ષ ઈ.સ.	મંત્રીઓ
૨૦૧૧-૨૦૧૨	શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી હસમુખભાઈ ગોપાળભાઈ પટેલ
	શ્રી મનુભાઈ બી. પટેલ
૨૦૧૨-૨૦૧૩	શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી હસમુખભાઈ ગોપાળભાઈ પટેલ
	શ્રી મનુભાઈ બી. પટેલ
૨૦૧૩-૨૦૧૪	શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી લેફ.કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી હસમુખભાઈ ગોપાળભાઈ પટેલ
	શ્રી મનુભાઈ બી. પટેલ
૨૦૧૪-૨૦૧૫	શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ
	ડૉ. ભરતભાઈ એ. પટેલ
	શ્રી અંબાલાલ સો. પટેલ
	શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ
	શ્રી હસમુખભાઈ ગોપાળભાઈ પટેલ
	શ્રી મનુભાઈ બી. પટેલ

પરિશિષ્ટ – ૭

પ્રિય સર્વ વિદ્યાલય સોહે!

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
પ્રાણ થકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે. ...
પ્રિય સર્વ વિદ્યાલય સોહે
લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમાંબરને છાંયે,
હૈયે હૈયાં જ્યાં ડોલે,
પ્રતિદિન નીરખીએ તોયે અમને
નિત્યનૂતન એ ભાસે... પ્રિય.

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે,
જ્યાં પંખીડાં નિત કૂજે,
જ્યાં અરુણરંગી પરભાત તણા ને
સાન્ધ્ય રંગ નિત સોહે... પ્રિય.

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે,
અમ જીવનને અજવાળે,
અમ જીવન તનમનને વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... પ્રિય.

અમ બે'નબંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,
અમ ભાઈ ભાઈ ને એક મને એ
સ્નેહસૂત્રથી બાંધે. ... પ્રિય.

ઉમેદભાઈ

સર્વ વિદ્યાલય રાજે!

(બિહાગ, તીન તાલ)

સુંદર સર્વ વિદ્યાલય રાજે!
શિશુ-અંતર જનનીદર્શનથી
સુખ ભરતી ગાજે. ...સુંદર૰
ભારત-ઉપવન કમનીય કુંજે, ગુર્જરભોમ પ્રકાશે,
ઉત્તરમાં ત્યાં એક ક્યારડે, વિધવિધ ફૂલડાં હાસે... સુંદર૰
કૈંક ઝરણના કલકલનાદે, સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જનઘોષે ઝરણની કિંકિણી બાજે... સુંદર૰
આ મનના કણકણમાં બીજના અંકુર કુમળા હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવં આ ઘટા અડાબીડ ભાસે... સુંદર૰
આ જ કુટિરમાં ટમટમતો જ્યાં દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય મયંક ગગન વિહાસે... સુંદર૰
શાન્ત દાન્ત જીવનની ધાત્રી, ધીરવીર રસ પાજે,
જ્ઞાન શક્તિ ને મંગલદાત્રી, યાત્રી અમ સહુ આજે... સુંદર૰
ફૂલ-પરિમલથી, કલકલનાદે, નવપલ્લવને વાસે,
તારકતેજે ભરતભૂમિને પુલકિત કરશું હાસે... સુંદર૰

અનામી

હો શત શત પ્રણામ!

આ સર્વ વિદ્યાલય
એ કોઈ નગર, મહાનગરમાં
વિદ્યાવિક્રય કરતી
લોખંડ સિમેન્ટ-કૉન્ક્રીટની બનેલી
નિષ્પ્રાણ
ઇમારત નથી.
આ જ્ઞાનાશ્રમ છે
એક કૃષિ-ઋષિનાં સપનાંનો
ઘેઘૂર ગરવો
કબીરવડ છે
જ્ઞાનવડ છે.
અથવા તો
આ ખરતા ખખડતા ખાખરાઓના
ધૂળમાં ઊડતા–આથડતા
ગોટમોટતા વેરાન-ટપ્પામાં પડેલો-જડેલો
પારસમણિ છે-જ્ઞાનમણિ છે
જેના સ્પર્શમાત્રથી બની છે કડી
સોનાની દડી.
આ સંસ્થા એટલે—
વૃક્ષોનાં નિબિડ ઝુંડ વચ્ચે ટોળે વળી ઊભેલાં
નિર્જીવ તોતિંગ મકાનોનો સરવાળો-ગુણાકાર ન
આ તો છે પરંપરિત
જ્ઞાનગંભીર આચાર્યમનીષીઓની
તેજસ્વિની તપોભૂમિ
કર્મભૂમિ.
હે સર્વ-બાંધવો મિત્રો,
આ સંસ્થા આપણે સૌને માટે
વિદ્યાનું આલયમાત્ર નથી
આ તો આપણી સર્વની વાત્સલ્યમયી
જનની છે, જનની!
જેણે આપણો પુનર્જન્મ કરાવ્યો છે
જનમફેરો સાર્થક બનાવ્યો છે.
આપણા સૌના હૈયે કોતરાયું છે એનું જ નામ!
આ જ્ઞાનદાત્રીને હો શત શત પ્રણામ!

રમેશ ત્રિવેદી

સર્વ વિદ્યાલયને

અહો મૈયા મોરી!
(ખંડ શિખરિણી)

અહો મૈયા મોરી!
શુચિ પ્રજ્ઞા તોરી
અનેરા ઓજસ્વી ધવલગિરિ-શા આત્મશિખરે,
જગત્ કલ્યાણાર્થે વિમલ ઋતુલીલા અભિરમે
પરમ રવિનાં તેજ પ્રગટે,
કલકલ કરી નિર્ઝર ઝરે
મહાકલ્યાણી રે!
ઋચાની વાણી રે!
સ્ફુરે હૈયે તારે ગહન ગરવાં ભાવમુકુલો,
રમે ત્યાં ઉલ્લાસો સ્મિત મધુર શિશુફૂલો
નયન નીરખે છાંટ ગહરી,
જનની ઉર તારે પ્રીતભરી
ઉષા-શી દિવ્યાંગે
સદા તારા સંગે
પ્રફુલ્લાવી, કીધી સુરભિભર, આ આત્મકણી તેં;
રચું હૈયે હૈયે પરિમલભરી સ્નેહકથની
સકલ જગ હૈયે સ્મિત તારું;
ચરણરજ તારી શિશ ધરું,
અનેરા આ વર્ષે
મહોલ્લા સે હર્ષે;
વહાવું આનંદે તુજ ચરણમાં કાવ્યઝરણાં;
રહું ઝંખી તારા વિમલ ઉરની દિવ્ય કરુણા.

જાદવભાઈ તુ. પટેલ
રશ્મિભિક્ષુ)

સંસ્થાગીત

અમે કડી સર્વ વિદ્યાલય, ભારતીધામ મહીં ભણનારા,
'સા વિદ્યા યા વિમુક્તયે'નો મંત્ર ઉરે રટનારા...અમે કડી૰

અમે તનગઢને દૃઢ કરનારા,
અમે મન કમલે રસ ભરનારા,
વિમલ હૃદય-દીપ ધરનારા
અમે આત્મતિમિરને હરનારા... અમે કડી૰
અમે ધરતી પર પગ ધરનારા
અમે અતલ ગગનમાં ઊડનારા,
ક્ષણ ક્ષણ કણ કણ ચણનારા
અમે અવલનવલ કંઈ કરનારા... અમે કડી૰

અમે કડી સર્વ વિદ્યાલય ભારતીધામ મહીં ભણનારા
'સા વિદ્યા યા વિમુક્તયે'નો મંત્ર ઉરે રટનારા...અમે કડી૰

અનામી

સ્વ. છગનભાને

(અનુષ્ટુપ)

સંન્યાસો ઊજળા જેથી એવાં રત્નો મહીં તમે
દીક્ષા લેવા ગ્યા'તા ને શારદી યજ્ઞ લૈ ફર્યા.
ધન્ય એ ગુરુને જેણે સોંપ્યા ભા અમને તમો
અને ઊજળી થૈ ગૈ આ પેઢીઓ કૂમીઓ તણી.
આંગ્લશિક્ષા હજી આવી ઊભી'તી નગરે તહીં
ઉમેરી સત્ત્વ પોતીકાં તમે તે શોભતી કરી;
ઢાલ ને તાપ કૈં કષ્ટો અવમાનો સહી કરી
ઝૂંપડી બેસતી શાળા મહાલયે કરી દીધી.
વેદાન્તોથીય ઊંચેરા વિચારે જીવતા છતાં
બાલવૃન્દો તથા ગરવા ગુરુએ સખ્ય તત્પરા.
વિદ્યાના તેજથી ભાગ્યાં અનિષ્ટો કૂમીઓ ગૃહે
અને એ સઘળાં ગૃહો ઓજવંતાં બની રહ્યાં.
કડીને પાદરે વાવ્યું તમે જે બીજ, આજ તે
મહાવૃક્ષ બની જૈ ને પ્રશાખો ધારતું રહ્યું.

આચાર્ય ઈશ્વરભાઈ પટેલ

'ભા'-'અમરજ્યોત'

જ્ઞાનજ્યોત જગાવી
કોણે આ જ્ઞાનજ્યોત જગાવી!
જનહિત વસ્યું'તું હૈયે
જ્ઞાનગંગા વહાવી,
અજ્ઞાનતાનાં તિમિર વિદારી
પ્રેમળ જ્યોત જગાવી. કોણે આ...
ગામેગામ જનોના હૈયે
જ્ઞાનકિરણ ફેલાવી,
બાળલગ્ન, કારજ-શા સઘળા
બદરિવાજો ભગાવી. કોણે આ...
ઘર ઘર ટહેલી, કાંકરે કાંકરે
પાળ કોણે બંધાવી,
કર ભલા તો ભલા હોગાનું
સૂત્ર ભલું પ્રસરાવી. કોણે આ...
'ભા' 'મા' સૌના ઘેર હતાં
પણ 'મા'ની યાદ ભુલાવી,
કોણે પુત્ર ગણી સોડે લઈ
કુશળતા પ્રગટાવી. કોણે આ...
હેમાળા હૈયા હિંડોળે
અમને રોજ હિંડોળી,
રેશમ-શી આંગળીઓ કોની
દિલનાં દુઃખ હરતી'તી. કોણે આ...
ઉઘરાણાની ટહેલ થેલીમાં
ફળ ખાવાનાં લાવી,
લે 'ચતુર' લે 'હેમંત' મારા
ખુશ કરે ખવડાવી... કોણે આ...
સાદી રહેણી સારી કહેણી
સાદું જીવન જીવી,
'ભા' તો આ હૃદયે વસિયા છે
અમર બની રે દીવા. કોણે આ...

પ્રેમજીભાઈ પી. પટેલ

ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં, પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

ગુજરાતખ્યાત વિદ્યાસંસ્થા 'સર્વ વિદ્યાલય' કડીના ભૂતપૂર્વ ભાવનાશીલ આદર્શ આચાર્ય શ્રી મોહનલાલ બી. પટેલે આલેખેલો, 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી' અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનો સંક્ષિપ્ત ઇતિહાસ નબળી આંખે પણ એકાગ્રચિત્તે રસપૂર્વક વાંચી ગયો અને એના એ શ્રદ્ધેય આલેખનથી પરમ સંતોષની લાગણી થઈ. મને લાગે છે કે શ્રી મોહનલાલની કલમ સિવાય જાગર્તિનો આવો ઇતિહાસ આલેખવાની કોઈની શક્તિ નથી, કારણ કે એ કેવળ 'હવા તુમ ધીરે બહો'—જેવા લલિત સાહિત્યના જ સર્જક નથી પણ તેમને સર્જાઈ ગયેલા ઇતિહાસની પૂરી જાણકારી છે અને સર્જાતા સાંપ્રત ઇતિહાસના તેઓ તટસ્થ દ્રષ્ટા અને સંસ્થાનાં શુભ કાર્યોને સંકોરનાર પણ છે.

આ ઇતિહાસ વાંચતાં મને, ગંગોત્રીમાંથી પ્રગટતી વિશાળ ગંગાનો અને કબીરવડના જટાજૂટમાંથી પ્રસ્ફુટતા અનેક સંકુલ કબીરવડોનો અહેસાસ થયો. વડના એક નાનકડા બીજમાં કેટલી બધી વિરાટ શક્તિ ભંડારાયેલી છે તેનો આ રોમહર્ષણ ઇતિહાસ છે. એ ઇતિહાસ ભૂતકાળનું તો સ્મરણ-તર્પણ કરે છે પણ વર્તમાનને સંસ્કારી-સંકોરી, ઉજ્જ્વલ ભાવિ માટે ઉદ્‌બોધન પણ કરે છે. આ ઇતિહાસ તો છે, સંસ્કૃતિઓના વિશ્વપ્રસિદ્ધ ઇતિહાસકાર ટૉયેન્બીના ચૅલેન્જ રિસ્પૉન્સની સ-દૃષ્ટાંત કથા અને એનું ભાષ્યવિવરણ.

આ ઇતિહાસ વાંચતાં બીજું સત્ય એ પણ સમજાશે કે સ્વામી શ્રી કેશવાનંદસ્વામી અને પૂ. છગનભાના પુણ્યપ્રતાપે આપણી સંસ્થાઓને શુદ્ધ ચારિત્ર્યશીલ ને પારદર્શક વ્યક્તિત્વ ધરાવતા અનેક સેવાભાવી સ્વયંસેવકો મળી રહ્યા છે. ભૌતિકવાદથી ખદબદતા આ જમાનામાં આ તો મોટામાં મોટી ચારિત્ર્યસંપદા છે.

ડૉ. રણજિત પટેલ
(અનામી)